બ્રહ્મનિષ્ઠ
સંતોની
વાતો

શાસ્ત્રી સ્વામીશ્રી ધર્મવલ્લભદાસજી

(સંક્ષિપ્ત પરિચય)

આલેખન : **પ્રો. પ્રતાપસિંહ ત. પરમાર**

બહાઉદ્દીન વિનયન કોલેજ, જૂનાગઢ.

અમરેલી જિલ્લાનું તોરી ગામ ! ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્યાશ્રિત નુયાયીઓનું ગામ ! ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય – શ્રીજી મહારાજને પ્રાપ્ત ા માટેનાં આવાં સદ્ધર્મો ધરાવતાં વિરલ ગામોમાં પણ મૂઠી ઊંચેરું ગામ ! ીનિષ્ઠા અને સંતસેવામાં આજે પણ અગ્રગણ્ય ગામ !

એક સૈકાથીયે વધુ વર્ષો પહેલાં, આ ગામમાં અરજણભાઇ નામના હરિભક્ત . તેમનાં ધર્મપત્નીનું નામ સંતોકબાઇ. બંને સંપૂર્ણપણે ધાર્મિક વૃત્તિનાં ! ભગવાન સ્વામિનારાયણમાં દૃઢ શ્રદ્ધાવાળાં ! ધર્મનિયમમાં અડગ નિશ્ચયવાળાં ! પરમ કાંતિક ભક્ત ! ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો ગામમાં પધારે ત્યારે એમની વા અનુપમ હોય ! પોતાને ઘેર એ સંતોની પધરામણી પણ અચૂક કરાવે. જેવાં તજનપ્રિય અને લાગણીવાળાં, એવાં જ ઉદાર ! સમસ્ત ગામમાં વોરાપરિવારનું ા દંપતી સત્સંગ માટે ઉદાહરણરૂપ ગણાય !

આવાં આ ધર્મનિષ્ઠ દંપતીને ત્યાં વિ. સં. ૧૯૯૯માં એક પુત્રનો જન્મ થયો. ોસાળના પીઠવાજાળ ગામમાં જન્મેલા એ બાળકનું નામ 'કેશવભાઈ' રાખ્યું. ાપના સંસ્કારને કારણે એ બાળકમાં પણ ધર્મવૃત્તિ અનાયાસ પાંગરી અને મશ: વિકસતી રહી. પોતાના પિતાની આંગળી પકડીને નિયમિત મંદિરે જતા એ ાળકનો પછીથી તો નિયમિત દેવદર્શને જવાનો નિયમ થઇ ગયો. એમાંયે મંદિરે ાધુ પધાર્યા હોય ત્યારે સતત તેમની સેવામાં રહેવું એ તો કેશવભાઈનું જ કામ ! ંતોના સંગમાં એમને કુદરતી રીતે જ આનંદ આવે ! એમાંયે સંતોની નિર્મળ ાણીમાં એ બાળકને વૃદ્ધોથીયે વિશેષ રસ પડે. કિશોરાવસ્થામાં પહોંચતાં તો એની સમજણ પણ પુખ્ત વ્યક્તિ જેટલી થઇ ગઇ ! સંતો પણ એમનાં રસરુચિ

ભગવાનમા લાગેલા જોઇ ખૂબ રાજી થાય ! સંસારનાં સુખોની આસક્તિ કરતાં એને સંતોનુ આકર્ષણ વધારે રહેતું ! ભગવાન કે સંતની સેવાપૂજાનો પ્રસંગ કે લાભ હોય તો બીજાં હજાર કામ મૂકી દે. સાંસારિક ઉત્સવ કે પ્રસંગ હોય તો પણ છોડી દે ! સંતોના ઉપદેશ સાંભળીને પોતે પણ ભગવાં પહેરીને સતત ભગવદ્ભજનમાં લાગી જવાય તો કેવુ ?–એવો વિચાર એમના કુમળા મનમાં અવારનવાર જાગીને શમી જતો.

એક વાર જૂનાગઢથી સ્વામીશ્રી ભક્તિતનયદાસજી તોરી પધાર્યા. સ્વામીનુ વ્યક્તિત્વ જ નિરાળું ! જોતાં જ આકર્ષણ થાય એવો ભવ્ય તેજસ્વી દેહ ! મીઠી સ્નેહભરી વાણી ! મન ભરી દે એવો ભાવભર્યો આવકાર ! આ બાળક કેશવજી પણ એમના સાધુત્વથી આકર્ષાયા, "આવા સંત સાથે રહીએ તો ભગવાન સહેજે મળી જાય " – એવું એ મનમાં ને મનમાં વિચારે પણ ખરા, પરંતુ પોતાને એમની સાથે જવા કોણ દે ? ભયથી તે કંઇ બોલે નહિ, પણ મનમાં ને મનમાં આવા સંકલ્પ કર્યે રાખે.

સ્વામીશ્રી ભક્તિતનયદાસજી પણ આ બાળકની ધાર્મિક વૃત્તિ જોઇ આનંદ પામ્યા. એમને પણ કેશવજીભાઇનું સરલ વ્યક્તિત્વ ગમ્યું. પોતાની પાસે પ્રેમથી બોલાવી, એની ભક્તિને બિરદાવી સ્વામીએ એને આશીર્વાદ આપ્યા. થોડા દિવસ સ્વામીની નિકટતા અને સાહચર્ય પ્રાપ્ત થતાં ઘણા સમયથી ઘોળાઇ રહેલો વિચાર દૃઢ થઇ ગયો. એક્વાર હિંમત કરીને એમણે પોતાના પિતાશ્રીને પૂછી નાખ્યું :

" હું પણ સ્વામી ભેગો જાઉ ? "

પિતાનો જીવ વિચારમાં ઊંડો ઊતરી ગયો. પોતાનો બાળક ભગવાનને શરણે જવા સ્વયં તૈયાર થયો છે એ જાણી એનો અંતરાત્મા હરખાયો ! પણ પોતાનું મન એને છોડવા તૈયાર થતું ન હતું. આ વાત એમણે પોતાનાં ધર્મપત્નીને પણ કરી, પરંતુ સંસાર છોડવા પોતાના બાળકને કઇ માનું હૈયું રજા આપે ? ભગવાનની સેવામાં પોતાનું બાળક જાય એથી આ ધાર્મિક વૃત્તિવાળાં દંપતીને આનંદ જરૂર થયો, પરંતુ સાંસારિક મોહ જલદીથી રજા આપવા તૈયાર ન હતો. તેઓ પુત્રને તરત જવાબ આપી શક્યાં નહિ.

સ્વામી શ્રી ભક્તિતનયદાસજી ગામમાં થોડા દિવસ રોકાયા એટલા દિવસમાં કેશવભાઇ તો સ્વામીના પાકા શિષ્ય બની ગયા. સવારથી સાંજ સુધીમાં અનેકવાર મંદિરે આવીને સ્વામીને કામ અંગે પૂછી જાય. નાનાંમોટાં કામ પતાવી દે અને નવરાશમાં સ્વામીની વાતો સાંભળે. કેશવભાઇની સેવા અને લગનીથી સ્વામી પણ ખૂબ રાજી થાય ! એમને આ બાળકના સંસ્કાર કંઇક વિશિષ્ટ લાગ્યા. અને આથી જ જૂનાગઢ જતાં પહેલાં એક દિવસે સ્વામીએ અરજણભાઇને કહ્યું પણ ખરું :

"અરજણભાઇ ! આ કેશવ ખૂબ ભક્તિભાવવાળો છોકરો છે. આવા બાળકનો જન્મ કોઇ પુણ્યના બળ વિના થાય નહિ, તમે ખરેખર ભાગ્યશાળી છો. અને બાળક પણ ખૂબ ભાગ્યશાળી જણાય છે. તમે રજા આપો તો એને હું મારી સાથે લઇ જાઉં. અમારી સાથે રહીને એ ભગવાનની સેવાપૂજા કરશે, એનાં ભાગ્ય હશે તો ત્યાગી બનીને સત્સંગની અનેરી સેવા કરશે. એનું ભાવી ઉજળું જણાય છે. એ પોતે પોતાનું તો ઠીક, અન્ય અનેક આત્માઓનું પણ કલ્યાણ કરશે."

સ્વામીનાં વચન અને આગ્રહને આ દંપતી ઉલ્લંઘી શક્યું નહિ. દ્વિધા પણ દૂર થઇ. સ્વામી ભક્તિતનયદાસજી જેવા સંતના આશીર્વાદથી એ અવશ્ય સંસારસાગર તરી જશે, એવી ઊંડી શ્રદ્ધાથી બંનેએ કેશવભાઇને સ્વામી સાથે જવા રજા આપી. એ બાળકને મન પણ તે દિવસે સોનાનો સૂરજ ઊગ્યો હોય એટલો આનંદ થયો.

'ભગત' તરીકે સ્વામી સાથે જૂનાગઢ આવ્યા બાદ કેશવભગત અજોડ સેવાવૃત્તિ અને અનન્ય ભક્તિભાવથી સ્વામીના પ્રિય શિષ્ય બની રહ્યા. જૂનાગઢ મંદિરના આદિ મહંત શ્રી ગુણાતીતાનંદ સ્વામીના શિષ્યોમાં 'ધ્યાની સ્વામી' નું વ્યક્તિત્વ જુદું જ હતું. એમના મુખ્ય શિષ્ય પુરાણી સ્વામી હરિદાસજી હતા. આ સ્વામી હરિદાસજી એટલે ભક્તિતનયદાસજીના ગુરુ ! આમ પ્રબળ ગુરુપરંપરામાં સ્વામી ભક્તિતનયદાસજીનું નામ અગ્રગણ્ય સંતોમાં સ્થાન પામતું. 'કેશવભગત' એવા મહાન ગુરુપરંપરાના સંતની સેવામાં લાગી ગયા. તેમણે એટલા ભાવપૂર્વક દેવ અને ગુરુની સેવા કરી કે ઘર તો જાણે સાવ ભુલાઇ જ ગયું ! સ્વામીને પણ કેશવજીભાઇની સંપૂર્ણ નિષ્ઠાથી ખૂબ આનંદ થતો. કિશોર વયના બાળકમાં આવી ભગવદ્‌ભક્તિ અને સંતસેવાનું બળ જોઇ સૌ કોઇ એમના સંસ્કારને બિરદાવતું ! એમનાં માતાપિતા પણ અવારનવાર જૂનાગઢ આવતાં અને પોતાના પુત્રને દિલ દઇ

ને દેવ તથા સંતોની સેવામાં જોડાયેલો જોઈને આનંદ પામતાં. "હવે એનો મોક્ષ બગાડવો નથી." – એવો મનોમન નિર્ણય કરીને તેઓએ ભક્તિતનયદાસજી સ્વામીને ખૂબ ભાવપૂર્વક પુત્રની ઈચ્છા પ્રમાણે કરવા વિનંતી પણ કરી !

એવામાં વિ. સં. ૧૯૮૧ માં વડતાલ મંદિરનો શતવાર્ષિક મહોત્સવ આવ્યો. વડતાલ એટલે સંપ્રદાયની ગાદીનું અને સ્વયં શ્રીજીમહારાજનું પ્રિય સ્થાન ! ત્યાંના વાર્ષિક પાટોત્સવમાં પણ હજારો હરિભક્તો આવે તો પછી આ તો શતવાર્ષિક પાટોત્સવ ! એટલે દરેકને મન વિશેષ ઉત્સવ અને આનંદનું ટાણું ! મોટી સંખ્યામાં સંતો, પાર્ષદો અને હરિભક્તો આ ઉત્સવમાં સામેલ થવા વડતાલ પહોંચી ગયા.

સ્વામી ભક્તિતનયદાસજીએ પણ વિચાર કર્યો કે 'વડતાલના શતવાર્ષિક પાટોત્સવ જેવો ઉત્તમ પ્રસંગ છે. વળી, કેશવભગતની ઈચ્છા સાધુ થઈને ભગવાનની સેવામાં લાગી જવાની છે. તો આવો સમય પછી ક્યારે આવશે. ?"

આથી તેમણે કેશવભગતને વાત કરી. સાધુ થવા માટે મનથી ક્યારનાયે ઝંખી રહેલા આ ભગતને તો જાણે ભાવતું 'તું ને વૈદ્યે બતાવ્યું ! એમણે તો તરત 'હા' પાડી દીધી ! માતાપિતાની સંમતિ તો હતી જ, છતાં ફરી જાણ કરી અને સૌ વડતાલ પહોંચ્યા, અને વિ. સં. ૧૯૮૧ના કાર્તિક સુદ દ્વાદશીના શુભ દિવસે, વડતાલના શતવાર્ષિક પાટોત્સવના ઉત્સવ દરમિયાન જ, આચાર્ય મહારાજથી શ્રીપતિપ્રસાદજી મહારાજના વરદ હસ્તે કેશવભગતે ભગવાનશ્રી સ્વામિનારાયણનું શરણ સ્વીકાર્યું અને ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. ગુરુએ એમનું 'ધર્મવલ્લભદાસ' એવું રૂડું નામ ધરાવ્યું.

સ્વામી ભક્તિતનયદાસજી અને સ્વામી હરિપ્રસાદદાસજી (બાપલા સ્વામી) સત્સંગમાં ખૂબ સન્માન્ય સંત ગણાતા. સત્સંગીઓમાં એમનું માન ઘણું ! વળી બંને સંતો સાથે જ હોય ! સત્સંગમાં એ 'જોડી' ખૂબ પ્રસિદ્ધ ! વળી, નિર્માની, નિર્મોહી અને વચનસિદ્ધ સંતો ! એટલે સૌને એમનું આકર્ષણ રહે ! પોતાને ગામ પધારવા અનેક હરિભક્તો એમને આગ્રહ કરે, એટલું જ નહિ, આગ્રહપૂર્વક તેમને પોતાને ગામ લઈ પણ જાય ! એમની સાથે સ્વામી ધર્મવલ્લભદાસજી પણ અનેક ગામ ફર્યા અને અનેક હરિભક્તોના સંસર્ગમાં આવ્યા. સ્વામી સાથે ગામડાં ફરે, સ્વામીની કથાવાર્તા સાંભળે અને જરૂર પડે પોતે પણ કથાવાર્તા કરે !

સ્વામી ધર્મવલ્લભદાસજીને વાંચનનો ખૂબ શોખ. પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કરેલો, વાચનભૂખને કારણે સંપ્રદાયનાં લગભગ બધાં પુસ્તકો વાંચી નાખ્યાં, પરંતુ સંસ્કૃત આવડે નહિ. વળી સંપ્રદાયનાં ઘણાં પુસ્તકો સંસ્કૃતમાં ! આથી તેમને સંસ્કૃત શીખવાની ઈચ્છા થઈ. એ વખતે જૂનાગઢ મંદિરમાં બ્રહ્મચારી શાસ્ત્રી સ્વામીશ્રી બાલકૃષ્ણાનંદજી સંસ્કૃતના અજોડ વિદ્વાન હતા. એટલું જ નહિ, સંપ્રદાયના સંતો સંસ્કૃત અભ્યાસ કરે અને એમાં પારંગત થાય એવી માન્યતા પણ ધરાવતા ! પોતાની આ માન્યતાને તેઓ કાર્યાન્વિત પણ કરતા, કોઈ પણ ઉત્સાહી ભગત કે સાધુને સંસ્કૃતનો અભ્યાસ કરવો હોય તો પોતે પૂરતો સમય આપે ! નિયમિત સંસ્કૃત પાઠ સમજાવે, પાઠ આપે અને બીજા દિવસે તૈયાર કરીને આવવાનું કહ્યું હોય એ પાઠ લે પણ ખરા ! આવા સંસ્કૃતપ્રેમી બ્રહ્મચારી મંદિરમાં જ હોવાથી, સ્વામી ધર્મવલ્લભદાસજીએ પોતાના ગુરુની અનુમતિ અને આજ્ઞાથી બ્રહ્મચારી મહારાજ પાસે સંસ્કૃતનો અભ્યાસ શરૂ કર્યો. બ્રહ્મચારી મહારાજની ખંત અને સ્વામીનો ઉત્સાહ – બંને ભેગાં થતાં અભ્યાસ પદ્ધતિસર આગળ આવ્યો. પ્રાથમિક અભ્યાસ બરાબર પૂર્ણ કર્યો એટલે બ્રહ્મચારી મહારાજે જ આ ઉત્સાહી સાધુને કાશી મોકલી સંસ્કૃતનો પરિપૂર્ણ અભ્યાસ કરાવવા સ્વામી ભક્તિતનયદાસજીને ભલામણ કરી.

પોતાનો શિષ્ય વિદ્વાન બને એવી કોને આકાંક્ષા ન હોય ? બ્રહ્મચારી મહારાજની ભલામણ અનુસાર સ્વામી ભક્તિતનયદાસજીએ પોતાના આ શિષ્યને કાશી અભ્યાસ કરવા જવાની બધી વ્યવસ્થા ગોઠવી આપી.

આમ સ્વામી ધર્મવલ્લભદાસજી કાશી પહોંચ્યા. ત્યાં સંસ્કૃતનું વાતાવરણ, સંસ્કૃત ગ્રંથાલય અને સંસ્કૃતના પંડિતો જોઈ એમને તો જાણે સ્વર્ગ મળી ગયું ! આમેય અનાસક્ત વ્યક્તિત્વ હતું, સંસ્કૃતવિદ્યાનો અભ્યાસ એ એકમાત્ર ધ્યેય હતું અને એમાં અભ્યાસને અનુકૂળ ક્ષેત્ર મળી ગયું એટલે સ્વામીનો અભ્યાસ નિર્વિઘ્ને ચાલવા લાગ્યો. વિવિધ શાસ્ત્રોનો પદ્ધતિસર અભ્યાસ શરૂ થતાં, તેઓ એકચિત્ત થઈને શાસ્ત્રાભ્યાસ કરવા લાગ્યા. જૂનાગઢથી ગુરુનું પણ પૂરતું પ્રોત્સાહન મળતું હતું. આમ, સૌના સંકલ્પને સ્વામીએ પરિપૂર્ણ કરી દીધો. કાશીમાં દશેક વર્ષ સુધી અભ્યાસ કરી સંસ્કૃત ભાષા, સાહિત્ય અને શાસ્ત્રોમાં પ્રભુત્વ પ્રાપ્ત કરી સ્વામી જૂનાગઢ પાછા આવ્યા અને શાસ્ત્રીની ઉપાધિથી વિભૂષિત આ સંત પછી 'શાસ્ત્રી' તરીકે જ ઓળખાવા લાગ્યા.

જૂનાગઢ આવ્યા બાદ ફરી ગુરુની સેવામાં લાગી ગયા. ગુરુની પણ અવસ્થા થઇ હોવાથી તેમની વ્યક્તિગત સેવા ઉપરાંત ગામડાં ફરવાની પણ જવાબદારી હતી જ. જોકે દરમિયાનમાં સ્વામી ભક્તિતનયદાસજીને શાસ્ત્રી સ્વામી ઉપરાંત 'મુનિસ્વામી' અને 'ધર્મસ્વરૂપદાસજી' નામે અન્ય બે શિષ્યો પણ હતા સૌ સાથે મળીને રાધારમણ દેવ તથા ગુરુની સેવામાં લાગી ગયા હતા.

શાસ્ત્રી ધર્મવલ્લભદાસજી સંસ્કૃતમાં નિષ્ણાત એટલે મંદિરના ઘણા સંતો અને પાર્ષદો સંસ્કૃત ભણવા ઇચ્છા વ્યક્ત કરે, વળી ભણાવવાનો પોતાને પણ ખૂબ શોખ એટલે આવનારને ખૂબ ભાવથી શીખવે. એમણે અનેક સંતપાર્ષદોને સંસ્કૃત તરફ વાળ્યા હતા અને સંસ્કૃતમાં પારંગત બનાવ્યા હતા. આમ, જૂનાગઢ મંદિરમાં બ્રહ્મચારી સ્વામી બાલકૃષ્ણાનંદજીએ શરૂ કરેલી સંસ્કૃત અભ્યાસની સરણીને શાસ્ત્રી સ્વામીએ જાળવી રાખી, એટલું જ નહિ, રસપૂર્વક એનો વિકાસ પણ કર્યો.

એવામાં વિ. સં. ૨૦૦૪ ની સાલમાં જૂનાગઢના વિદ્વાન કર્મનિષ્ઠ શાસ્ત્રી સ્વામી શ્રી ધર્મજીવનદાસજીએ રાજકોટમાં " શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ" ની સ્થાપના કરી, શાસ્ત્રી સ્વામીશ્રી ધર્મજીવનદાસજી પ્રત્યે શાસ્ત્રી ધર્મવલ્લભદાસજીને પ્રથમથી જ આકર્ષણ ! શાસ્ત્રી સ્વામી સંસ્કૃતના પહેલા પાઠો, બહુ વર્ષો પહેલા, શાસ્ત્રી ધર્મજીવનદાસજી પાસે ભણેલા. શાસ્ત્રી ધર્મજીવનદાસજી ઉનાનું મંદિર બનાવતા હતા ત્યારે ત્યાં રહીને મંદિરનિર્માણની સેવા સાથે શાસ્ત્રી ધર્મવલ્લભદાસજી એમની પાસે સંસ્કૃતના પ્રાથમિક પાઠો ભણેલા. એમણે જ શાસ્ત્રોમાં સંસ્કૃત પરત્વે અભિરુચિ જાગૃત કરેલી ! આ અહોભાવ શાસ્ત્રીના મનમાં હતો જ, એવામાં શાસ્ત્રી ધર્મજીવનદાસજીએ રાજકોટમાં સમાજસેવા અને નાના બાળકોમાં સંસ્કારસિંચનની ઉદાત્ત ભાવનાથી 'ગુરુકુલ'ની સ્થાપના કરી, શાસ્ત્રી ધર્મવલ્લભદાસજીને શાસ્ત્રી મહારાજનું આ કાર્ય સ્પર્શી ગયું ! જ્ઞાન અને ભક્તિ ઉપરાંત નિષ્કામ કર્મ દ્વારા સત્સંગસેવાનો અલભ્ય લાભ મેળવવાના શુભ હેતુથી શાસ્ત્રી ધર્મવલ્લભદાસજી 'ગુરુ કુલ' ના મહાન સત્સંગસેવાયજ્ઞમાં પ્રારંભથી જ જોડાઇ ગયા.

ગુરુકુલમાં શાસ્ત્રી સ્વામી શ્રી ધર્મવલ્લભદાસજીને અનુકૂળ વાતાવરણ મળી ગયું. વર્ષો વર્ષ વિદ્યાર્થીઓની સંખ્યા વધતી ગઇ. એમ શાસ્ત્રી સ્વામી પણ વિદ્યાર્થીઓમાં ઓતપ્રોત થઇ ગયા. ધર્મના ચાર આધાર સ્થંભ જેવા કોઠારી

હરિજીવનદાસજી, પુરાણી પ્રેમપ્રકાશદાસજી, અને પુરાણી ભગવતજીવનદાસજી સાથે જ શાસ્ત્રી ધર્મજીવનદાસજીના આ નવા ભવ્ય કાર્યમાં શાસ્ત્રી ધર્મવલ્લભદાસજી પણ એવા જ એક અંગરૂપ બની રહ્યા હતા. ગુરુકુલના પ્રારંભમાં જેમણે સર્વસ્વ છોડીને નિ:સ્વાર્થભાવે સેવાકાર્ય કર્યું છે, એમાં શાસ્ત્રી ધર્મવલ્લભદાસજીનો ફાળો વિસરી શકાય એમ નથી.

પોતાના ગુરુકુલનિવાસ દરમિયાન શાસ્ત્રી ધર્મવલ્લભદાસજીએ અન્ય સેવાકાર્યો સાથે એક વિશિષ્ટ પ્રવૃત્તિ વિચારી. એમણે વિચાર્યું કે આપણા સંપ્રદાયનાં અનેક ઉદાત્ત, ઉપકારક અને ઉપયોગી બાબતો, કથાઓ કે પ્રસંગો હજુ ગ્રંથસ્થ થયા નથી. જેમણે પોતાના રક્તપ્રસ્વેદથી આ સંપ્રદાયને ટકાવી રાખ્યો છે એવા નંદપંક્તિના સંતો વિશે સંપ્રદાયમાં કંઇ સાહિત્ય ન હતું. સત્સંગીઓ પાસે એમના વિશે આધારભૂત માહિતીનો અભાવ હતો. એ જ રીતે, સંપ્રદાય અને સત્સંગીની સેવા કરનાર અનેક શૂરા, નિષ્કામ, નિ:સ્પૃહ હરિભક્તોની અનન્ય સેવાનાં અનેક ઉદાહરણો સંતોની જિહ્વા દ્વારા કથાવાર્તામાં પ્રગટ થતાં, પણ સમય જતાં એ વિલુપ્ત થવાનો ભય હતો, આથી શાસ્ત્રી ધર્મવલ્લભદાસજીએ હવે શાસ્ત્રવાચનને બદલે સંપ્રદાય–લેખન પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું, યોગાનુયોગ, ગુરુકુલમાંથી 'સદ્‌વિદ્યા' માસિક પણ પ્રગટ થતું હતું. પ્રત્યેક મહિને એક કથા પ્રકટ થાય એ રીતે શાસ્ત્રી સ્વામીએ પ્રથમ 'આદર્શ સંતગાથા' દ્વારા સંપ્રદાયના મુખ્ય મુખ્ય, આધારસ્થંભ સમા સંતોના જીવન વિશે માહિતી એકત્ર કરીને પ્રસિદ્ધ કરી અને ત્યારબાદ સંપ્રદાયના આદર્શ ભક્તોની જીવનગાથાઓ પ્રસિદ્ધ કરી સંપ્રદાયમાં એને ખૂબ આવકાર પણ મળ્યો. સૌએ એ કથાઓ સહર્ષ અપનાવી પણ ખરી.

આજે આ પુસ્તક દ્વારા એ જ સંતગાથાઓ આપના હાથમાં મૂકવાનો પ્રયાસ એમના શિષ્ય સ્વામી પ્રેમજીવનદાસજીએ કરીને એ સાહિત્યને સાચવી લીધું છે.

આમ, રાજકોટ ગુરુકુલમાં શાસ્ત્રીજીએ અનન્ય અને નિષ્કામ ભાવે સેવા આપી. સતત દશેક વર્ષ ભાવપૂર્વક સેવા કર્યા બાદ, પોતાની તબિયત અસ્વસ્થ રહેતાં તેઓ સં ૨૦૧૪માં જૂનાગઢ શ્રી રાધારમણદેવની સેવામાં આવ્યા.

જૂનાગઢનિવાસ દરમિયાન પણ તેઓશ્રીએ સંસ્કૃતના શિક્ષણકાર્ય પરત્વે પુન: એવો જ રસ દર્શાવી ફરી સંતોપાર્ષદોને ભણાવવાનું કાર્ય હાથ ધર્યું. જૂનાગઢ આવ્યા બાદ શાસ્ત્રીજીને શારીરિક સ્વાસ્થ્ય હમેશાં પરેશાન કરતું રહ્યું એટલે અન્ય પ્રવૃત્તિઓથી પર રહેવું પડયું પરંતુ સંસ્કૃત અધ્યાપનનું કાર્ય તેમણે કદાપિ છોડયું નહિ. આ દરમિયાનમાં તેમને શિષ્ય પણ મળ્યા, એક સ્વામી પ્રેમજીવનદાસજી. સ્વામી "પ્રેમજીવનદાસજી" ખૂબ સેવાવૃત્તિવાળાં હોવાથી એમણે ગુરુસેવાને વ્રત બનાવી લીધું અને કથળતી જતી તબિયતવાળા પોતાના આ ગુરુની સેવામાં ભાવપૂર્વક જોડાયેલા રહ્યા.

પછી તો દોઢેક દશકા સુધી શાસ્ત્રી સ્વામીએ આ રીતે સંસ્કૃતશિક્ષણ અને શારીરિક ઉપાધિ સાથે જીવનવ્યવહાર ચલાવ્યો. અત્યંત નિરભિમાની સ્વભાવ, અપ્રતીમ વિદ્યાનુરાગ, નિષ્કામ સેવાવૃત્તિ, નિર્મળ નિષ્કલંક સદાચારમય જીવન, સદા પરોપકારપૂર્ણ વૃત્તિ, પરમાત્મા પરત્વે અડગ નિષ્ઠા, દૃઢ અને અનન્ય ભક્તિભાવ, સુદૃઢ વૈરાગ્ય, અને સૌથી વધુ આકર્ષક સૌમ્ય વ્યક્તિત્વ ને સ્નેહપૂર્ણ વ્યવહાર આદિ ગુણોથી પૂ. શાસ્ત્રીજીએ મંદિરમાં સૌનાં દિલ જીતી લીધાં હતાં. અને આથી જ જ્યારે, વિ. સં. ૨૦૩૧ ના ફાગણ વદી ૩ ને રવિવાર તા. ૩૦-૩-૧૯૭૫ ના દિવસે શાસ્ત્રી સ્વામીશ્રી ધર્મવલ્લભદાસજી ભગવાનશ્રી સ્વામિનારાયણના નામનું રટણ કરતાં કરતાં બ્રહ્મધામવાસી બન્યા ત્યારે અનેક સંતો, પાર્ષદો અને હરિભક્તો ઉદ્વિગ્ન બની ગયા. જીવનના આરંભકાળથી જ પ્રભુપ્રેમ ધરાવતો આ મહાત્મા પ્રભુના ધામમાં પહોંચી ગયો. વર્ષો પહેલાં સંસારનો મોહ મૂકી દેનાર આ પુણ્યાત્માએ આ સંસારનો પણ ત્યાગ કરી દીધો. આવા વિરલ ગુણવાન અને ગુણરૂપ સંતો જ આપણા સંપ્રદાયનું ભૂષણ છે. આવી સરલ, સુભગ, સંનિષ્ઠ વિભૂતિને હૃદયપૂર્વક પ્રણામ........'

પ્રો. પ્રતાપસિંહ ત. પરમાર
ના જયશ્રી સ્વામિનારાયણ

સી/૪ 'રામનિવાસ'
જૂનાગઢ.

અનુક્રમણિકા

સંતમહિમા

કલ્યાણકારી અનંત દિવ્યગુણવિભૂષિત દયાસાગર પરમાત્માના પરમ એકાંતિક સંતો મહાદયાળુ હોય છે. એમની નિઃસ્વાર્થ ઉદારદયાથી કૈંક પામર, પતિત અને ક્રૂર સ્વભાવના માનવીઓ પણ પુણ્યાત્મા બની જાય છે. અને ભવસાગરની અસંખ્ય આપત્તિઓ તથા માનસિક મલીનતાઓ દૂર કરી પોતાના ચાલુ જીવનમાં શાશ્વત સુખશાંતિનો અખંડ અનુભવ કરે છે.

રાગ-દ્વેષથી રહિત, શત્રુ, મિત્ર વગેરેમાં સમાન ભાવના રાખી સર્વનું હિત કરનારા, અપકારનો બદલો ઉપકારથી આપનાર અને અતિશય દુર્લભ એવા પરમાત્માનો સુલભ રીતે સાક્ષાત્કાર કરાવનારા **બ્રહ્મદર્શી મહાપુરુષોને સંત** કહેવામાં આવે છે. સંતોના વિશિષ્ટ પરોપકારો અને એમના દિવ્ય સદ્‌ગુણોને લીધે સંસારમાં સંતોનું સ્થાન સર્વથી ઊંચું છે. વિદ્વાન કે મૂર્ખ, રંક કે રાજા, અથવા કોઈપણ વરિષ્ઠ સત્તાધારી પુરુષો તથા દેવતાઓ પણ પરબ્રહ્મનિષ્ઠ નિષ્કામ કર્મયોગી એવા સાચા સંત પુરુષોને પોતાથી અતિ અધિક માનીને એમનાં ચરણમાં નતમસ્તક બને છે. અને એમના સમાગમથી પાપ, તાપ તથા ઘોર અજ્ઞાનથી મુક્ત થાય છે.

ભગવાન સ્વામિનારાયણે પોતાના આશ્રિતોના મોક્ષ માટે ઘણા ઘણા ઉત્તમ ઉપાયો અને મનનીય સિદ્ધાન્તો સુંદર રીતે સમજાવ્યા છે; તેમાં સંતોનો મહિમા, લક્ષણો અને એમની દુર્લભતા તથા એમનાથી તત્કાળ થતા લાભોનું સૌથી વિશેષ મહત્ત્વ બતાવ્યું છે, તે આપણે વિચારીએ.

" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એજ વાર્તા છે જે 'ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે. અને ભગવાનના સાધુ છે તે તો ભવ બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. તે ભગવાન કે ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ એ જીવને એથી ઉપરાંત કોઈ કલ્યાણ નથી, એજ પરમ કલ્યાણ છે. અને ભગવાનના સંતની સેવા બહુ મોટા પુણ્યવાળાને મળે છે. "

(વચ. મ. ૫૯)

" પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીરથી પૃથક્ માને અને તેને વિષે અખંડ ભગવાન વિરાજમાન છે, એમ સમજે તો તે સંત થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ તે અણુમાત્ર છેટે નથી. અને એવી રીતનો સંત હોય તે તો જેવો શ્વેતદ્વીપમાં મુક્ત છે તે સરખો છે અને એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે "મને સાક્ષાત્ ભગવાનનું દર્શન થયું. " (વચ. સા. ૧૦)

" શ્રીજી મહારાજ સર્વે હરિભક્તો પ્રત્યે બોલ્યા જે, અમારા અંતરનો જે સિદ્ધાન્ત છે તે કહીએ છીએ જે–જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું, તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઇ જગતમાં સુખદાયી નથી. માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાન ને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખવી જોઇએ. " (વચ. ગ.અં. ૭)

" પછી શ્રીજી મહારાજે એમ વાર્તા કરી જે, ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય ? તે ઈંદ્રિયો, અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની ક્રિયા તેને દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ ને ભગવાન સંબંધી ક્રિયાનેજ કરે ને પંચ વર્તમાનમાં દૃઢ રહેતા હોય ને પોતાને બ્રહ્મરૂપ માને – જેને કલ્યાણનો ખપ હોય એવા જે પુરુષ તેણે એવા સંતની સેવા કરવી." (ગ.અં. ૨૬)

" શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઈત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જયાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય. " (વ.ગ.અં. ૨૭)

" સ્ત્રી, પુત્ર ને ધનાદિક પદાર્થ તો જે જે યોનીમાં જાય છે તે સર્વેમાં મળે છે, પણ બ્રહ્મવેત્તા સંતનો સંગ ને શ્રી વાસુદેવ ભગવાનનું સાક્ષાત્ દર્શન ને ચિંતન તે તો અતિશય દુર્લભ છે. " (વ.ગ.મ. ૪૮)

" સંતના દ્રોહનું સર્વ કરતાં અધિક પાપ કહ્યું છે. " (વચ.ગ. અંત્ય ૩૫)

૧ : શ્રી રાઘવાનંદ સ્વામી

• પૂર્વાશ્રમનો પરિચય :

રાજકોટથી ભાવનગર જતાં રાજમાર્ગ (હાઈવેરોડ) પાસે રાજકોટથી ૧૬ માઈલ દૂર સરધાર ગામ છે. ત્યાં સદ્ગુરુ રામાનંદ સ્વામી રહેતા અને સદાવ્રત આપતા. શ્રીજી મહારાજ પણ હરવખત સરધાર પધારતા. એ સરધારથી ૬ માઈલ દૂર એક નાનું સરખું **ગોલીડા** ગામ છે. ત્યાં રાજગોર બ્રાહ્મણ રાણો, ભીમ, વશરામ અને રાઘવ આ ચાર ભાઈઓ રહેતા હતા. તેઓ બાળવયથી ઘણા જ ધાર્મિક વૃત્તિવાળા હતા. એમના પિતા રામજી મહારાજ ભારે શ્રદ્ધાળુ અને વિશ્વાસી હતા. મોક્ષના ખરા ખપથી તેઓ ખૂબજ ભક્તિભાવ સાથે જપ, તપ, તીર્થયાત્રા વગેરેમાં જીવન ગાળતા હતા. એક વખત તેઓ ભારે હિંમત અને શૂરવીરતાથી જગન્નાથપુરીમાં શ્રી જગન્નાથજી પ્રભુનાં દર્શન કરી, ત્યાંથી દંડવત કરતા કરતા દ્વારકાપુરીમાં શ્રી રણછોડજીનાં દર્શન કરવા ગયેલા. એમના આ મહાપરિશ્રમની વાત સાંભળીને મોટા મોટા દરબારો, શેઠિયાઓ તથા કેટલાક સંત-મહાત્માઓ પણ એમને ધન્યવાદ આપવા ગોલીડા ગયેલા. રામાનંદ સ્વામી પણ એમની શ્રદ્ધા અને પ્રભુ તરફ અનન્ય નિષ્ઠા જોઈને ઘણા રાજી થયા, એટલું જ નહિ પરંતુ મોક્ષની તીવ્ર ઈચ્છાવાળા એ રામજી મહારાજને દર્શન દેવા સરધારથી ચાલીને પોતે ગોલીડા ગયેલા અને ઘણો જ્ઞાનોપદેશ આપી એમના કેટલાક સંશયો દૂર કર્યા અને કહ્યું કે " રામજી મહારાજ ! પ્રગટ ભગવાન મળ્યા વિના કલ્યાણ થવું એ ઘણું કઠિન છે. " ત્યારે તેમણે કહ્યું: " આજ કલિયુગમાં પ્રગટ ભગવાન ક્યાંથી હોય ? " પછી રામાનંદ સ્વામીએ એમને કેટલીક સમજવા જેવી રહસ્યમય વાતો કરી પણ રામજી મહારાજને કાંઈ માનવામાં આવ્યું નહિ, ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું " અત્યારે તમને અમારી વાત મનાતી નથી પણ તમારા પુત્રો સાચા ભક્તો થશે, તે તમારું કલ્યાણ કરશે." પછી રામાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીની બેપાંચ વખત કથાવાર્તા સાંભળીને એમના મોટા પુત્ર રાણાનું સત્સંગ તરફ વલણ થયું. પછી મુક્તાનંદ સ્વામીની સાધુતા અને નિર્માનીપણું જોઈને તથા એમની વિદ્વત્તાપૂર્ણ મનોહર મધુર વાણી સાંભળીને ચારેય ભાઈઓ સત્સંગી થયા. અને સરધારમાં સ્વામિનારાયણ ભગવાનનાં અનેક ઐશ્વર્યો નજરે જોઈને રામજી મહારાજ પોતે અને એમના પુત્રો ભારે બળિયા એકાંતિક ભક્તો થયા હતા.

રામજી મહારાજ અને એમના રાણો વગેરે ચારેય પુત્રો પ્રથમથી ઘણા આસ્તિક હતા, એટલે દરેક સંત-સાધુ ભેખધારીને ખૂબ માનતા અને આદરથી સેવા સત્કાર કરતા. મોટા મોટા જટાધારી ખાખી બાવાઓને છૂટથી ગાંજો-ભાંગ પણ આપતા. પરંતુ જ્યારે મુક્તાનંદ સ્વામીની કથાવાર્તાથી જાણ્યું કે **साधु चरित शुभ सरिस कपासु** સંત તુલસીદાસજી કહે છે-સંતોનું શુભ ચરિત્ર કપાસ-રૂઈની પેઠે સ્વચ્છ અને ઉજ્જવલ હોય છે. જેમ રૂ અનેક કષ્ટો સહી વસ્ત્રરૂપ બની બધાને સહાયક બને છે, તેમ સંતો નિઃસ્વાર્થપણે હમેશાં સર્વનું પરમ હિત કરે છે.

सठ सुधरहिं सतसंगति पाई, पारस परस कुधातु सुहाई જેમ પારસમણિના સ્પર્શથી લોઢું પણ સોનું બની જાય છે, તેમ સંત પુરુષોના સમાગમથી નીચ મનુષ્ય પણ સુધરી જાય છે. આ રીતે સાધુ, અસાધુનાં લક્ષણો જાણ્યાં તથા પોતાના આંતરિક દોષો, જગતની આસક્તિ અને આશા-તૃષ્ણાના પ્રબળ વેગો તથા આવેશોનું યથાર્થ ભાન થયું ત્યારે એમને ચોક્કસ થયું કે, વ્યસનો, દુર્ગુણો તથા આંતરિક દોષો ટાળી નિર્મળ બન્યા સિવાય કદી પણ મોક્ષ થઈ શકે નહિ. નિર્વ્યસની, નિઃસ્વાર્થી અને પરમ સંતોષી, ચારિત્રશીલ અને ભગવત્પરાયણ ગુરુના સતત સમાગમ વિના અહં-મમત્વની ગ્રંથિ ગળતી નથી. જેના જીવનમાં સરલતા, શાંતિ, સહિષ્ણુપણું, ઉદારવૃત્તિ અને નિષ્કામ સેવાભાવના નથી એ પોતાના શિષ્યોને ભવબંધનથી કદી પણ છોડાવી શકે નહિ. સ્વામિનારાયણના સાધુઓનો યોગ ન થયો હોત તો આપણું જીવન સંસ્કારી અને ધર્મનિષ્ઠ બનત નહિ. જેનામાં માનવતા ન હોય, જેનું જીવન વૈભવ-વિલાસમાં ફસાયેલું હોય, જેનું મન સદા વિકારોથી ભરપૂર હોય; મોટે ભાગે અત્યાર સુધી એવા ગમ વગરના ગુરુઓની સેવા કરી તેથી અંતઃકરણ નિર્મળ થયું નહિ. અરે, કેટલાક ભેખધારીઓએ તો સાવ અસત્ય બોલી દંભ અને કપટથી આપણને ખૂબ છેતર્યા; છે. અને સ્વામિનારાયણ ભગવાન અને એમના સંતોની કૃપાથી આપણા કામાદિક દોષો નાશ પામી ગયા; અને મનમાં અખંડ પ્રભુનું સ્મરણ થાય છે. કાળ, કર્મ અને માયાનો ભય ટળી ગયો. સાવ નિર્ભય બની ગયા, કોઈ પ્રકારનો જરા પણ ભય રહ્યો નહિ. મહામોટો લાભ થયો છે. આપણા જેવું કોઈ ભાગ્યશાળી નથી. આ જાતના સદ્વિચારો તથા ભજનભક્તિમાં તલ્લીન બની રામજી મહારાજનું કુટુંબ અખંડ આનંદ માણી રહ્યું હતું. પોતે કરેલાં

દાનપુણ્ય, જપતપ અને તીર્થયાત્રાના ફળરૂપે પ્રગટપ્રભુ સ્વામિનારાયણ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કરીને રામજી મહારાજ ટૂંક સમયમાં અક્ષરવાસી થયા હતા. અતિશ્રદ્ધાળુ ધર્મનિષ્ઠ ભક્તોનું પ્રભુ આ રીતે અવશ્ય કલ્યાણ કરે છે.

જનકલ્યાણની ભાવના અને સ્વામિનારાયણ પ્રભુએ આપેલો વર :

રાણો, ભીમ, વશરામ, અને રાઘવ આ ચાર ભાઈઓમાં રાણાભાઈ ઘણા શૂરવીર અને જ્ઞાની ભક્ત હતા. કુટુંબમાં અને ગામમાં દરેક ધર્મનિયમમાં બળવાન બને તથા પ્રભુના સાચા ભક્તો થાય એવા હેતુથી તેઓ શ્રીજી મહારાજનાં ઐશ્વર્ય–પ્રતાપની વાતો સૌ કોઈને ક્યાંજ કરતા. ન્યાય–નીતિ, સદાચાર, પરોપકાર અને ભક્તિપ્રધાન એમનું ઉત્તમ જીવન જોઈ ગામલોકોને સત્સંગ તરફ ખૂબ ગુણબુદ્ધિ થયેલી. ચારેય ભાઈઓમાં ધર્મનિષ્ઠા અને પ્રભુનું ભારે દૃઢ બળ જોઈને સૌ કોઈ એમનું કહ્યું કરતા, તેથી ઘણા લોકો સદાચારી અને પવિત્ર બન્યા હતા. તથા કેટલાક સત્સંગી પણ થયા હતા.

એક વખત ભગવાન સ્વામિનારાયણ સૌરાષ્ટ્ર પ્રદેશમાં વિચરણ કરી ગઢડા તરફ જતાં માર્ગમાં વિશ્રાંતિ લેવા માટે ગોલીડા ગામમાં પધાર્યા. સંતો, પાર્ષદો તથા કાઠી ઘોડેસ્વારો સહિત રાણા રાજગોરને ઘેર ઊતર્યા. એમણે ભારે પ્રેમભાવથી ઉત્તમ રસોઈ તૈયાર કરાવી બધાને ખૂબ આગ્રહથી જમાડ્યા. પછી બપોર વચ્ચે બે કલાક આરામ લઈ સ્વામિનારાયણ પ્રભુ ચાલવાનો વિચાર કરતા હતા, ત્યાં ગામના સત્સંગીઓએ આવીને વિનંતિ કરી કે, – 'અમારે ઘેર આપની પધરામણી કરાવવી છે.' મહારાજે હા કહી એટલે સહુએ ઘેર પધરાવી ભેટો ધરી પૂજા કરી. પછી મહારાજ ત્યાંથી ચાલ્યા ત્યારે સૌ સત્સંગીઓ વળાવવા આવ્યા. એ વખતે ચારેય ભાઈઓએ વિચાર કરી રાણાભાઈએ પ્રાર્થના કરી કે, – "મહારાજ ! અમારા ગામમાં કે સીમમાં અંત વખતે કોઈને યમદૂતો લેવા ન આવે એવો વર આપો." ત્યારે મહારાજે એમની જનકલ્યાણની પ્રબળ ભાવના જોઈ પ્રસન્ન થઈને વર આપ્યો.

ભગવન્નિષ્ઠાના મહાબળથી યમદૂતોને ભગાડયા

ચારેય ભાઈઓના સદ્દવર્તનના પ્રભાવથી ગોલીડા ગામના ઘણા લોકો સદાચારી અને ધર્મમાં પ્રીતિવાળા થયા હતા પરંતુ આખા ગામમાં એક દુરાચારી માણસ એવો હતો કે, તે અનેક કુકર્મોમાં ફસાયેલો હતો. તેને સત્સંગની કાંઈપણ અસર થઈ નહિ, જીવનભર પાપ કરતો જ રહ્યો. અંત વખતે તે પાપીને યમપુરીમાં લઈ જવા માટે ઘણા યમદૂતો આવ્યા. ગોલીડાના સીમાડામાં આવતાં યમદૂતો અટક્યા અને કહેવા લાગ્યા: "આ ગામમાં તો સ્વામિનારાયણ ભગવાને વર આપ્યો છે તેથી આપણાથી સીમાડામાં નહિ પેસાય, તો ગામમાં શી રીતે જવાય ?" ત્યારે કેટલાક જમ બોલ્યા કે, 'સ્વામિનારાયણના ભક્ત હોય, ધર્મનિયમ પાળતા હોય ત્યાં ન જવું; આ તો પૂરો પાપી માણસ છે માટે ચાલો." એમ કહી થોડાક જમ ગામ તરફ ચાલ્યા ને બીજા સીમાડા બહાર ઊભા રહ્યા.

ચારેય ભાઈઓ એ વખતે પોતાના ખેતરમાં ખેતીકામ કરી રહ્યા હતા. ત્યાં એમણે ગામ તરફ આવતું ભયંકર જમનું ટોળું ભગવત ઈચ્છાથી જોયું. પછી શું બનાવ બન્યો એ આપણે એ ભક્તોના સમકાલીન સંત નિષ્કુળાનંદ સ્વામી વિરચિત ભક્તચિંતામણિ'ની ભવ્ય વાણીથી જાણીએ.

એક સત્સંગી ગોલીડું ગામ, ભજે સ્વામિનારાયણ નામ,
સંત સાચા જાણે સ્વામિતણા, ગણે બીજાને કપટી ઘણા.
એવું ગામ બધું ગુણવાન, સુણો વાત હેતે દઈ કાન,
તેમાં એક કુસંગી અભાગી, ફસ્યો ફેલમાં ન શક્યો ત્યાગી.
તેને લેવા આવ્યા જમરાણ, ધાયા કિંકર લઈ ધમસાણ,
તિયાં ભક્ત રહે ભાઈ ચાર, રાજગુરુ બ્રાહ્મણ ઉદાર.
ભીમ વશરામ રાઘવ રાણો, ચારે ભક્ત પ્રભુના પ્રમાણો,
તેણે દીઠું જમદળ જયારે, મને વિચાર્યું મળી ચારે.
આપણે શ્રી મહારાજના છીએ, એ જીવ જમને કેમ દઈએ,
પ્રભુ પ્રતાપ ઉરમાં ધરી, ચાલો સહજાનંદજી સંભારી.
જયારે વાળીએ જમને પાછા, ત્યારે આપણે સત્સંગી સાચા,

એમ પરિયાણી ભાઇ ચાર, આવ્યા જમને આડા તે વાર.
કહે પાપી પાછા વળો તમે, ગરવા ગામમાં નહિ દઇએ અમે,
કહે જમ જાળવ્ય ઘર તારું, આખા ગામનું નહિ થાય વારું.
કહે ભક્ત આ સર્વે સ્વામીના, પ્રભુ પ્રગટ બહુનામીના,
કહે જમ એ જેદું સઘળું એને લીધા વિના નવ વળું,
કહે જમ જાળવ્ય ઘર તારું, આખા ગામનું નહિ થાય વારું.
કહે ભક્ત ખાશો માર જયારે, પાપી ભાગશો તમે તે વારે,
ત્યારે જમ કહે જા તારે ઘેર, એમ કહીને ઉગામ્યો કર.
ત્યારે ભીમ રાણો ભડ ભારી, કૃતાંત દાંતમાં ડાંગ મારી,
થયો કડાકો વસમી વીતિ, જમ ભક્તને ન શક્યા જીતિ.
પામ્યા ભય ભાગ્યા જમરાણ, આતો જન દિસે છે જોરાણ,
ભક્ત તમે સાચા સાચા સ્વામી, અમે જાઇએ છીએ હાર પામી.
એમ જન જીત્યા જમ સાથે, કરી સાય સેવકની નાથે,
જેને બળ બહુનામીતણું, માન્યું પોતાને સેવકપણું.
તેથી જાણો કોણ ન જિતાય, આ લોક પરલોકને માંય,
એનું આશ્ચર્ય કાંઇ મ જાણો, આપ્યો પરચો એ પરમાણો.

(પ્રક. ૧૩૬)

આ પ્રમાણે ચારેય ભાઈઓએ સ્વામિનારાયણ પ્રભુના પ્રતાપથી યમદૂતોને ભગાડી મૂક્યા, તેથી ગામ લોકો અત્યંત આશ્ચર્ય પામ્યા અને સૌ સ્વામિનારાયણ પ્રભુના ગુણગાન ગાવા લાગ્યા. મહાસતી સાવિત્રીદેવીએ પતિવ્રતાધર્મના પ્રભાવથી પોતાના પતિ સત્યવાનનું યમથી રક્ષણ કર્યું હતું. સત્યવાનને યમરાજા પોતે લેવા ગયા હતા, છતાં તેઓ હાર ખાઇને પાછા ગયા હતાં. મહાપાપી અજામેલને લેવા યમદૂતો આવ્યા, તેને ભગવાનના પાર્ષદોએ આવીને પાછા વાળ્યા હતા. એનો જીવ યમદૂતોને લેવા દીધો નહિ. ભાગવતના ષષ્ઠ સ્કંધની આ કથા ખૂબજ જાણિતી છે. આ રીતે ભગવાન સ્વામિનારાયણના અનન્ય ભક્તો એવા એ ચારેય ભાઈઓએ ભગવાનના બળથી યમદૂતોને ગામમાં પેસવા દીધા નહિ. આમ પ્રભુના સાચા ભક્તો સદા નિર્ભય હોય છે. કાળ, કર્મ અને માયાના બંધનથી મુક્ત થયેલા મહાપુરુષો પ્રભુકૃપાથી અનંત પતિત ને પામર પ્રાણીઓને ભવ પાર કરી સદા સુખિયા કરે છે.

રાણાભાઇ વગેરે ચારેય ભાઇઓમાં પરસ્પર ખૂબ સંપ હતો. એકબીજાથી વધે એવી એમની ધર્મનિષ્ઠા અને ભક્તિભાવના હતી. સંસારવ્યવહારમાં રહેવા છતાં એમને સંસારસંબંધી આસક્તિ કે કોઇ પ્રકારનું બંધન હતું નહિ. પ્રભુના કેફમાં અલમસ્ત બનીને તેઓ બધા પૂરી લગનીથી અખંડ ભગવત્પરાયણ બની ગયા હતા. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એજ એમના જીવનનું મુખ્ય ધ્યેય હતું. તેથી હરવખત તેઓ બધા એ સંબંધી ચર્ચા–વિચારણા–જ્ઞાનગોષ્ઠી કર્યા જ કરતા હતા. વશરામ અને રાઘવ આ બે ભાઇઓ હજુ વિવાહિત થયા ન હતા. બંનેય લોક વ્યવહારમાં બહુ રસ લેતા નહિ. માતાપિતા અને લોકો તથા સંબંધીજનો હરવખત વિવાહસંબંધી વાતો કરતા તે એમને ગમતી નહિ. એમનું હૃદય વૈરાગ્યના રંગથી રંગાઇ ગયું હતું. જયારે ચોતરફથી વિવાહપ્રસંગની વાતો આગ્રહપૂર્વક થવા લાગી ત્યારે બંનેય ભાઇઓએ પોતાનાં માતુશ્રીને કહ્યું કે " અમારે બંનેયને સાધુ થઇ જવું છે માટે રજા આપો. " એમનાં માતુશ્રીને પુત્રોની એ વાત ગમી નહિ. એટલે કહ્યું " હવે હું વૃદ્ધ થઇ છું. તમારે વૃદ્ધપણામાં મારી સેવા કરવી જોઇએ. માટે હું સાધુ થવાની તમને રજા નહિ આપું. મારી સેવા કોણ કરે ?" બંનેય ભાઇઓએ ડોશીમાને ખૂબ સમજાવ્યાં પણ એમણે સાધુ થવાની હા પાડી નહિ. પછી મોટા પુત્ર રાણાભાઇએ આગ્રહથી કહ્યું કે, " માતાજી ! તમારી સેવા હું કરીશ, માટે એ બંનેય નાના ભાઇઓને સાધુ થવાની હા પાડો. બંનેય ભાઇઓ સાધુ થાય એ તો આપણા કુટુંબનું મહાન સદ્‌ભાગ્ય ગણાય. શ્રીજી મહારાજ આપણા ઉપર ખૂબ ખૂબ રાજી થશે. અને આ બંનેય સત્સંગની સેવા કરશે તેનું ઘણુંજ પુણ્ય થશે. આપણું આખું કુટુંબ ધન્ય બની જાશે." આ પ્રમાણે રાણાભાઇના કહેવાથી ડોશીમાએ રાજી થઇને સાધુ થવાની રજા આપી એટલે ચારેય ભાઇઓ ઘણાજ રાજી થયા. પછી તરત જ ગઢડા ગયા. ત્યાં શ્રીજીમહારાજનાં દર્શન કરી રાણાભાઇએ વશરામ તથા રાઘવને સાધુ કરવાની પ્રાર્થના કરી. મહારાજે અત્યંત પ્રસન્ન થઇને બંનેય ભાઇઓને સાધુ–દીક્ષા આપી ભગવાં વસ્ત્રો પહેરાવ્યાં. વશરામનું **વિશ્વાત્માનંદ** નામ રાખ્યું અને રાઘવનું **રાઘવાનંદ સ્વામી** એવું નામ રાખ્યું. રાઘવાનંદ સ્વામી ભારે શૂરવીર સંત હતા. શ્રીજી આજ્ઞાથી તેમણે સત્સંગનો ખૂબ પ્રચાર કરેલો.

રાઘવાનંદ સ્વામી સાધુ થયા પછી કેટલાંક વર્ષો વીત્યા બાદ, રાણાભાઇને પ્રથમથી દર્શન દઇને શ્રીજી મહારાજે કહ્યું કે, " આજથી આઠમે દિવસે અમે તમને

ધામમાં તેડી જશું માટે તૈયાર રહેજો." પછી રાણાભાઇએ સગા-સ્નેહીઓ તથા ગામલોકોને વાત કરી કે, 'હું અમુક દિવસે ભગવાનના ધામમાં જવાનો છું. જેને મારી સાથે આવવું હોય તેને હું અક્ષરધામમાં તેડી જઇશ.' તેમની આ ભારે અદ્ભુત વાત સાંભળીને સૌ લોકો નવાઇ પામી તેમના સામું જોઇ રહ્યા પણ કોઇએ સાથે જવાની હા પાડી નહિ. એ વખતે એમનાં માતુશ્રી બોલ્યાં કે, " રાણા ! તું કહેતો હતો કે, હું તારી સેવા કરીશ પણ તું તો મારા પહેલાં ચાલ્યો; હવે મારું શું થશે ?" ત્યારે રાણે કહ્યું – "માજી ! આ લોકમાં શું માલ છે તે તમે અહીં રહેવાની ઇચ્છા કરો છો ? મારી સાથે ચાલો, હું તમને અક્ષરધામમાં તેડી જાઉં. બધું દુ:ખ મટી જશે અને મહાસુખિયાં થઇ જશો." ડોશીમા પણ પ્રભુનાં ભક્ત હતાં, ખૂબ દાનપુણ્ય ને ભજનભક્તિ કર્યાં હતાં, એટલે હા પાડી. ત્યારે રાણે કહ્યું. "માજી ! હું તમને મારા બારમાને દિવસે તેડવા આવીશ ને ધામમાં લઇ જઇશ. માટે મારા બારમાને દિવસે નાત જમતી હોય ત્યારે તમે ઊભાં થઇને કહેજો કે, આજે રાત્રિના બાર બજે હું દેહ ત્યાગ કરીશ. મારો પુત્ર રાણો મને પ્રભુના ધામમાં તેડી જશે. માટે રાણાના બારમા ભેળું મારું બારમું થઇ ગયું એમ તમે સૌ જાણજો."

પછી આઠમે દિવસે રાત્રિએ રાણાભાઇએ સહુ સત્સંગીઓ તથા સગાં – સ્નેહીઓને તેડાવ્યાં ને કહ્યું કે 'જેને પ્રભુના ધામમાં આવવું હોય તે ચાલો મારી સાથે તેડી જાઉં.' કોઇની હિંમત ચાલી નહિ. મરવું કોઇને સારું લાગે ? પછી તેનો ભત્રિજો એકાંતિક ભક્ત હતો તે બોલ્યો કે 'કાકા ! હું તમારી સાથે આવું છું; મને તેડી જાઓ." પછી અનેક સંત-પાર્ષદો સાથે વિમાન લઇને શ્રીજી મહારાજ રાણા ભક્તને તેડવા પધાર્યા તેવાં દર્શન કેટલાક મુમુક્ષુઓને થયાં. પછી રાણો અને તેનો ભત્રિજો સૌને જય સ્વામિનારાયણ કહીને શ્રીજી મહાપ્રભુની સાથે અક્ષરધામમાં ચાલ્યા ગયા. આ ભારે અદ્ભુત બનાવ નજરે જોઇને બધા લોકો અતિશય આશ્ચર્ય પામ્યા અને સ્વામિનારાયણ મહાપ્રભુના અલૌકિક ઐશ્વર્ય પ્રતાપની વાતો કરવા લાગ્યા.

•

પછી લોકરિવાજ મુજબ રાણાભાઇનું બારમું કુટુંબની આબરુ પ્રમાણે ખૂબ ઉદારતાથી કરેલું. નાતનાં આગેવાન સારાં સારાં માણસો આવ્યાં હતાં. જયારે નાત જમવા બેઠી ત્યારે રાણાભાઇનાં માતુશ્રી પ્રભુમાં દૃઢ વિશ્વાસ રાખી ઊભાં થઇને

બોલ્યાં– "આજ અરધી રાત્રિએ હું પ્રભુના ધામમાં જઇશ, સ્વામિનારાયણ ભગવાન રાણાને સાથે લઇને મને તેડવા આવશે." ડોશીમાની વાત સાંભળીને કેટલાક લોકો હાંસી–મશ્કરી કરવા લાગ્યા. 'અલ્યા ! આ ડોશી તો ભીષ્મપિતા જેવી થઇ કે શું ? તે કહે છે આજ અરધી રાત્રિએ દેહ છોડીશ. શું મરવું કોઇના હાથમાં છે ? મોટા મોટા સંત મહાત્માઓ પણ પોતાની મરજી પ્રમાણે દેહ છોડી શકતા નથી, તો આ ડોશી તે વળી શા હિસાબમાં? ભલેને એ મનફાવે તેમ બકે, એ કાંઇ બનવાનું નથી. હરતાંફરતાં ને સાવ સાજાંતાજાં ડોશી એમ કાંઇ ચાલ્યાં જાય ખરાં ?" એમ સહુના મનમાં હતું; છતાં શું બનાવ બને છે, એ જોવાના કુતૂહલથી નાતના લોકો રોકાયા ને રાતના ડોશીમા પાસે બેઠા. બરાબર રાત્રિના બાર બજ્યાના સમયે દિવ્ય તેજમાં અચાનક સ્વામિનારાયણ પ્રભુ વિમાન લઇને રાણા સાથે પધાર્યા, એવાં સૌને દર્શન થયાં. એ વખતે ડોશીમા બોલ્યાં કે, "જુઓ, આ મારા પ્રભુ અને રાણો મને તેડવા આવ્યા છે, હું તેની સાથે પ્રભુના અક્ષરધામમાં જાઉં છું." એમ કહી ડોશીમાએ તરત જ દેહ છોડી દીધો. લોકો તો એ અતિમહત્વનો પ્રતાપ જોઇને આભા જ બની ગયા. અને કેટલાક સત્સંગી પણ થયા. આ વાત નિષ્કુળાનંદ સ્વામીએ ટૂંકમાં આમ લખી છે.

જેને આવવું હોય જરૂર, ચાલો તેડી જાઉં બ્રહ્મપુર;
એમ સહુને કહે વળિ વળિ, સહુ સામુ જોઇ રહે સાંભળી;
પછી માત સુતે માની વાત, કહે અમે આવશું સંગાત;
પછી તજ્યું રાણે જયારે અંગ, માત સુત લઇ ચાલ્યો સંગ;

હવે રાઘવાનંદ સ્વામીની જાણવા જેવી ખૂબ મહત્ત્વની વાતોનું મનન ચિંતન કરીએ.:

રાઘવાનંદ સ્વામી ઘણાજ વ્યવહારકુશળ, વિવેકી અને શૂરવીર સંત હતા. પ્રથમ સંપ્રદાયના સ્થાપનાકાળમાં સંતોએ ખૂબ જ કષ્ટો વેઠી અપમાન–તિરસ્કાર સહન કરીને સત્સંગનો પ્રચાર કર્યો હતો. ગામ બહાર વન–વગડામાં કે કોઇના ખેતર–વાડીના ઝાડ નીચે ઉતારા રાખી, સંતોએ ભારે કાળજીથી ઉપદેશ આપી લોકોનાં જીવન પવિત્ર કર્યાં હતાં. ક્યારેય કંટાળ્યા વિના રાત્રિ–દિવસ કથાવાર્તા કરીને પ્રબળ રીતે સત્સંગનો પ્રચાર કરનારા સંતોમાં રાઘવાનંદ સ્વામીનું નામ પ્રથમ

પંક્તિમાં હતું. તેઓ શરીરે પહાડી, સ્વરૂપવાન અને ઘણા જ વાતડાહ્યા હતા. તેઓ મોટે ભાગે ગામના ચોરામાં કે કોઇ દેવાલયમાં ઉતારો રાખતા, અને કથાકીર્તન અને સુંદર વાતોથી લોકોનાં દિલ જીતી લઇ નીડરપણે સત્સંગનો પ્રચાર કરતા હતા. એમની વાણીમાં એટલી બધી મીઠાશ, વિવેક તથા વ્યાવહારિક આવડત હતી કે, જેથી તેઓ સર્વના આદરપાત્ર બની ધાર્યું કાર્ય કરવામાં સફળ થતા. શ્રીજી મહારાજે પોતે રાઘવાનંદ સ્વામીની પ્રશંસા કરીને એક વાત કરેલી. તે જરા રમૂજી દાખલો આપણે જોઇએ.

"માર્ગમાં શ્રીજી મહારાજને લાડુ જમાડયા."

એક દિવસ ગઢપુરમાં શ્રીજી મહારાજ સભામાં બેઠા હતા, ત્યાં રાઘવાનંદ સ્વામી મહારાજને પગે લાગીને સભામાં બેઠા. તેમને જોઇને શ્રીજી મહારાજ મુક્તાનંદ સ્વામીને વાત કરવા લાગ્યા. " સ્વામી ! વાણી બોલવામાં બહુ ફેર છે. એક વાણી સાંભળીને સૌ રાજી થાય, એક વાણીમાં અમૃત રહેલું છે ને એકમાં ઝેર હોય છે. " એમ કહીને મહારાજ રાઘવાનંદ સ્વામીની પ્રશંસા કરીને વાત કરવા લાગ્યા.

સ્વામી ! રાઘવાનંદ સ્વામી અને અમે પંદરવીશ સ્વાર તથા વીશેક બીજા માણસો ગઢડાથી નીકળ્યા. રસ્તામાં એક સોખડા ગામ આવ્યું. બધાને તરસ લાગી હતી. ઘોડાં પણ તરસ્યાં થયાં હતાં. અમે એક વડની છાયામાં બેઠા. અમારી સાથે એક ત્રિકમ કરીને દાદા ખાચરનો ખવાસ હતો, તેને પાણી લેવા મોકલ્યો. તે કૂવા ઉપર બાઇઓ પાણી ભરતી હતી ત્યાં ગયો ને જાણે કે હું દરબારી નોકર છું તેવા ખોટા ઘમંડમાં બોલ્યો–"મારા બાપની વહુ પાણી આપો." તેનું એવું તોછડું વચન સાંભળીને બાઇઓ ગાળો દેવા મંડી, પણ કોઇએ પાણી આપ્યું નહિ. પછી અમે રાઘવાનંદ સ્વામીને ત્યાં મોકલ્યા. ત્યારે સ્વામીએ દૂર ઊભા રહી કહેવરાવ્યું કે, "આ માજીને કહો કે, અમારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન છે, તે અહીં આવ્યા છે ને બહુ તરસ્યા થયા છે. ઘોડાં પણ તરસ્યાં થયાં છે. રસ્તામાં ક્યાંય પાણી મળ્યું નથી. તેથી તમારી પાસે ઘડો ને દોરડું માગીએ છીએ. તમે દયા કરીને આપો. તમે પરદુ:ખભંજક અને દયાળુ છો." આ રીતે સ્વામીની મધુર વાણી સાંભળીને

[redacted] (જેતપુરવાળા)

ગુરૂ:- કોઠારી સ્વામીશ્રી ઘનશ્યામચરણદાસજી

બાઇઓએ કહ્યું–"તમારાં ઘોડાં અહીં લાવો. અમે બબે ચાર–ચાર ઘડા પાણી રેડીશું તે ઘોડાં પીશે અને તમે પણ પાણી પીવો." પછી અમે પાણી પીધુ અને ઘોડાંને પણ પાયું. આમ વાણી બોલવામાં કેટલો ફેર છે ? માટે કઠણ વચન બોલવું નહિ.

ફરીથી મહારાજ મુક્તાનંદ સ્વામીને વાત કરવા લાગ્યા. "સ્વામી ! પછી અમે રાઘવાનંદ સ્વામીને કહ્યું કે, – "તમે બધાને પાણી પાઇને તરસ તો મટાડી પણ ભૂખ લાગી છે, તેનું કેમ થશે ?" ત્યારે સુરાખાચર બોલ્યા –"શું અહીં આકાશમાંથી પડે છે તે સ્વામી ભૂખ મટાડે ?" ત્યારે રાઘવાનંદ સ્વામી બોલ્યા કે, "તમે અહીયાં બેસો તો હું તમારા પ્રતાપથી અહી લાડુ જમાડું." ત્યારે મહારાજે કહ્યું 'બહુ સારું તમે જાઓ. અમે અહીં બેસશું.'

પછી થોડે દૂર ગરાસિયાનું એક ગામ હતું, ત્યાં સ્વામી ગયા. ગરાસિયાઓનો ચોરામાં ડાયરો ભરાઇને બેઠો હતો. ત્યાં જઇ સ્વામીએ માથે મોંઢે ઓઢીને પોક મેલી. તે સાંભળીને બધા ગરાસિયા બોલ્યા કે, "મહારાજ, તમે શા માટે રડો છો ?" ત્યારે સ્વામીએ વાત કરી. "હું દ્વારકા જતો હતો ત્યારે મારાં માતુશ્રી જતી વખતેજ મરી ગયાં. ત્યારે ખડખંભાળી તથા આંબલિયાના બધા ગરાસિયાઓએ, કોઇએ અધમણ, કોઇએ પંદર શેર, દશ શેર લોટ, ગોળ–ઘી આપીને મારાં માનાં કાંધિયા જમાડયા હતા. પરંતુ મારા કમનસીબે દ્વારકામાંથી આવતાં માર્ગમાં મારા બાપ મરી ગયા છે ને કાલે સવારે કાંધિયા જમાડવાના છે, પણ કોઇ વાતનું ઠેકાણું નથી. આપ બધા રાજામાણસ છો. મારા બાપના કાંધિયા જમ્યા વિના જાય નહિ, તે માટે યાચના કરવા આવ્યો છું. માટે તમે જેમ કરો તે ખરું." આ પ્રમાણે રાઘવાનંદ સ્વામીનાં વચન સાંભળીને, કોઇએ અધમણ, પંદર શેર કે દશ શેર લોટ, ખાંડ, ઘી લાવી આપ્યું. તે એક ગાડામાં ભરી જયાં અમે બધા બેઠા હતા ત્યાં આવ્યા. પછી સામાન ઉતારી લઇને ગાડું પાછું વાળ્યું. એ વખતે અમે કહ્યું, " સુરા ખાચર ! લો, સ્વામીએ તો આકાશમાંથી પાડે તેમજ કર્યું." પછી શ્રીજી મહારાજ તથા સંત–પાર્ષદો સુંદર લાડુ બનાવીને જમ્યા. આ પ્રમાણે શ્રીજી મહારાજે વાણીના ગુણ–દોષ સંબંધી વાત કરી તે સાંભળીને સભામાં બેઠેલા સર્વે સંતહરિભક્તો રાજી થયા. (અદ્‌ભુતાનંદ સ્વામીની વાતોનો સાર) આમ કરવામાં સ્વામીનો હેતુ એ હતો કે, જીવનભર કેવળ વૈભવવિલાસમાં અઢળક સંપત્તિ ખરચી નાખતા લોકોની અલ્પ

વસ્તુ પણ જો પ્રભુના ઉપયોગમાં આવે તો તેનું સારું થાય અને પોતે રુચિ પ્રમાણે સમયસરની સેવા કરી શ્રીજીપ્રસન્નતા મેળવી ગણાય.

ડાયરાને રામરામ કર્યા.

રાઘવાનંદ સ્વામી પોતાના મંડળના સંતો સાથે ગુજરાત, ભાલ, ઝાલાવાડ અને કાઠિયાવાડ વગેરે પ્રદેશોમાં સત્સંગપ્રચાર માટે ફરતા. તેઓ હસમુખા અને આનંદી સ્વભાવના હતા, એટલે જે કોઇ મળે તેમને પોતે પ્રેમથી બોલાવી આનંદકારક વિવેકભરી વાતો કરતા, તેથી અજાણ્યા લોકો સાથે પણ એમને ઓળખાણ થતાં વાર લાગતી નહિ. એક વખત રાઘવાનંદ સ્વામી ઝાલાવાડ પ્રદેશના શિયાણી ગામમાં ગયેલા. ત્યાં સત્સંગીનાં બે ઘર હતાં. બે દિવસ તેમને કથા–વાર્તાથી સંતોષ પમાડી સ્વામી ત્યાંથી ચાલ્યા. ગામ વચ્ચે પોતે ચોરા નજીક આવ્યા ત્યાં ચોરામાં દરબારોનો મોટો ડાયરો ભરાઇને બેઠો હતો. માથે મોટાં મોટાં પાઘડાંવાળા ચારપાંચ દરબારો ફાળિયાથી ગોઠણ બાંધી લાંબી નાળવાળા હોકા ગડગડાવી રહ્યા હતા. એક બાજુ ગોર મહારાજ કથા વાંચતા હતા. અને ડાયરામાંથી થોડી થોડી વારને અંતરે હરે ! હરે ! એવા મધુર હોકારા થઇ રહ્યા હતા. ચોરા પાસે આવી સ્વામીએ ખૂબ ઊંચા અવાજથી ડાયરાને 'રામ રામ' કર્યા. ત્યારે ડાયરાના દરબારોએ પણ સામેથી 'રામ રામ મહારાજ ! રામ રામ' એમ કહી 'પધારો પધારો મહારાજ ! ચોરા ઉપર પધારો.' આમ સ્વામીને આમંત્રણ આપ્યું; ત્યારે સ્વામીએ ચોરાનાં પગથિયાં ચડતાં પૂછ્યું – "દરબારો ! શું વંચાય છે ?" તેઓએ કહ્યું 'મહારાજ ! માળ વંચાય છે માળ.' સ્વામીએ કહ્યું – "માળ તો બાર છે–ઘંટમાળ ઘુઘરમાળ, તોરણમાળ, રેંટમાળ, દીપમાળ, ફૂલમાળ, વરમાળ, કંઠમાળ, વીરમાળ, સંતમાળ, ભક્તમાળ અને છેવટનો સાલેમાળ." દરબારો કહે, " વાહ રે મહારાજ ! વાહ ! તમે તો ઘડાકાબંધ બાર માળ ગણી કાઢ્યા, અમે તો ભક્તમાળ એકજ જાણતા હતા. આપ ભારે જ્ઞાની મહાત્મા પુરુષ જણાઓ છો. અમારું ભલું થાય એવો કાંઇક ઉપદેશ આપો." પછી સ્વામીએ પૂર્વના ક્ષત્રિય રાજાઓ કેવા પરોપકારી, ધર્મવાળા, ટેકીલા અને ન્યાયનીતિથી પ્રભુનું હિત કરનારા હતા, તેનાં સુંદર આખ્યાનો કહી સંભળાવ્યાં અને છેવટમાં કહ્યું કે, "ધર્મ અને પરોપકાર પ્રભુને બહુજ વહાલા છે, તેથી પ્રભુ હરવખત લોકોના ભલા માટે આ

દુનિયામાં દયા કરીને પધારે છે. અત્યારે અમારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન બોલતા ચાલતા સાક્ષાત્ પ્રગટ પરમાત્મા છે. તેમના પ્રતાપથી હજારો મનુષ્યો આજ કળીકાળમાં પણ સતયુગના જેવા ધર્મ પાળે છે. તેઓ હજારો માણસોનાં અંતઃકરણ પવિત્ર બનાવીને દરેકનું કલ્યાણ કરી રહ્યા છે. તમો કોઇ વખતે જરૂરથી એમનાં દર્શન કરીને ખરી ખાતરી કરી શકો છો." આ રીતે રાઘવાનંદ સ્વામીએ ઘણીવાર સુધી સદુપદેશ આપ્યો તેથી બધા દરબારો અને ગામલોકો ઘણો જ સંતોષ પામ્યા. પછી સ્વામી તરત જ ત્યાંથી બીજા ગામ તરફ ગયા. પરંતુ સ્વામીની પ્રભાવશાળી આનંદભરી ઉપદેશવાણી સાંભળીને દરબારો ઘણાજ પ્રભાવિત થયા અને સૌને સંપ્રદાય તરફ સદ્‌ભાવ પ્રગટ થયો.

ગામધણી દરબારશ્રી હરિસિંહજીભાઇ ખૂબ ધર્મપ્રેમી અને મુમુક્ષુ હતા. એમને સ્વામીની વાતો સાંભળીને સત્સંગ તરફ ઘણોજ સદ્‌ભાવ થયો; પરંતુ એમણે પ્રથમ દ્વેષી લોકોએ કરેલી કેટલીક નિંદાભરેલી વાતો સાંભળેલી, એટલે સત્ય વાત શું છે તે બરાબર નક્કી કરવા માટે પોતાના ગામના વિદ્વાન વિપ્ર શિવરામ ભટ્ટને ગઢડા મોકલ્યા. એમણે ગઢડા જઇ ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કર્યાં અને વિદ્વાન સંતોને મળી અનેક શાસ્ત્રીય પ્રશ્નો પૂછી સંપ્રદાયની સંપૂર્ણ માહિતી મેળવી અને પોતાને અપ્રાપ્ય અલૌકિક વસ્તુ મળી છે એમ મનાયું તેથી પોતે સ્વામિનારાયણ પ્રભુના શિષ્ય થયા. પછી શિયાણી જઇ એમણે દરબાર હરિસિંહજીને પોતે અનુભવેલી વાતો કરી, તેથી તેઓ પણ સત્સંગી થયા અને શ્રીજીમહારાજને પોતાને ગામ પધરાવ્યા અને ગામમાં ઘણો સત્સંગ થયો. (જુઓ સત્સંગિજી. દ્વિ. પ્ર. અ. ૩૭) આ રીતે રાઘવાનંદ સ્વામીના ફક્ત એક વખતના સમાગમથી શિયાણી ગામના લોકોનું સત્સંગ તરફ વલણ થયું. આમ સ્વામીના બળવાન ઉપદેશથી સત્સંગનો ઘણો પ્રચાર થયો હતો.

સ્વામીનું બાબરિયાવાડમાં વિચરણ

સૌરાષ્ટ્રના દક્ષિણ તરફના વિભાગમાં સમુદ્રકિનારાની પાસે એક બાબરિયાવાડ પ્રદેશ છે. તેમાં મુખ્ય ૪૨ ગામ છે. બાબરિયા અટકના કાઠી દરબારોનાં એ ગિરાસનાં ગામ હતાં, તેમાં મોટે ભાગે આહીર લોકોની વસતિ વધારે

પ્રમાણમાં છે. આહીર કોમ ભારે શૂરવીર, શરીરે ખૂબજ ખડતલ અને વ્યવહારમાં દગા–પ્રપંચથી રહિત ઘણી જ વફાદાર હોય છે. જૂનાગઢના રાજા રા'નવઘણની રક્ષા કરવામાં અને તેમને જૂનાગઢની ગાદી મેળવી આપવામાં આહીર જ્ઞાતિના હજારો બહાદૂર યુવાનોએ જંગી લડાઇ ખેલી ભારે મોટો ભોગ આપેલો. પ્રાચીન ઈતિહાસમાં આ બીના ઘણી મહત્ત્વની મનાય છે. રા'નવઘણે ગાદીનશીન થયા પછી આહીર લોકોનું બહુ સન્માન કરી કીમતી ઈનામો તથા જુદે જુદે સ્થળે જમીન આપેલી. એ વખતે બાબરિયાવાડના માથાસાટે જંગ ખેલનાર કેસરીસિંહ જેવા બહાદૂર આહીર યુવાનોને ભેરાય, રામપરા, કોવાયા, બારપટોળી, જોલાપર અને વાવેરા વગેરે ૯ ગામોમાં પુષ્કળ જમીન ઈનામ તરીકે બક્ષિસ આપેલી. આ હેતુથી ૯ ગામના આહીરોનું એમની જ્ઞાતિમાં વિશેષ મહત્ત્વ અને અત્યાર સુધી આગવું સ્થાન રહ્યું છે.

વાસ્તવિક રીતે જોઈએ તો સમગ્ર ભારતમાં ઘણા પ્રાચીન સમયથી રસપૂર્વક ગાયો–ભેંસોનું પાલન કરી કર્મથી પવિત્ર જીવન જીવનારી આહીર જ્ઞાતિમાં ધર્મ તરફ સદ્ભાવ અને સંત–મહાત્માઓમાં પૂજ્ય બુદ્ધિ તથા સેવાભાવ જોવા મળે છે. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ વસુદેવ – દેવકીથી મથુરામાં થયો; પણ એ પ્રભુ ગોકુળમાં આહીર નંદ–યશોદાને ઘેર કેટલા લાડ–કોડે ઉછરીને મોટા થયા ? ગોપ – ગોપીઓનો સર્વોત્કૃષ્ટ પ્રેમ, લોકમાં અને શાસ્ત્રોમાં પણ ખૂબ મુક્તકંઠે ગવાય છે. બિનસંસ્કારી, અભણ અને સાવ જડ જેવી જણાતી આહીરની કન્યાઓએ એટલે ગોપીઓએ પ્રભુપ્રેમથી કેટલું મોટું ગૌરવ પ્રાપ્ત કર્યું એ દરેકને માટે નમુનારૂપ અને ખાસ અનુકરણીય છે. આ પ્રમાણે પ્રાચીન કાળથી આહીર લોકોનાં હૃદયના ઊંડાણમાં રહેલી ધર્મભાવના નિહાળી, તેને જાગૃત કરવા માટે રાઘવાનંદ સ્વામીએ બાબરિયાવાડના ગામડે ગામડે ફરી ત્રાંબાનું સોનું બનાવે તેમ અથાક પરિશ્રમથી આખી જ્ઞાતિને સંસ્કારી બનાવી, એકાંતિક ભક્તો પેદા કર્યા. એ અતિ મહત્ત્વનો ઈતિહાસ જોઈએ.

આહીરોમાં પેસી ગયેલો અનાચાર

રાઘવાનંદ સ્વામી કાઠિયાવાડ અને સોરઠમાં ફરતા ફરતા બાબરિયાવાડ પ્રદેશમાં ગયા. બીજા પ્રદેશો કરતાં ત્યાંના લોકોની સ્થિતિ ઘણી દયાજનક હતી. હોકા, બીડી, તમાકુ અને અફીણ વગેરે વ્યસનો એટલાં બધાં જોર કરી ગયાં હતાં કે, તે

વિના કોઈને ઘડીભર પણ ચાલતું નહિ. ઠેર ઠેર ભૂત-પ્રેત અને હુરાપુરાની વહેમભરી માન્યતાથી ભુવા લોકો દોરાધાગા બાંધી, ડાકલાંના ભારે દેકારા બોલાવી, દેવીના નામે ખૂબ માલમલીદા ઉડાવતા હતા. માણસ જીવનભર વહેમ કે ભ્રમણામાં ફસાયેલા રહે અને ભૂવાભારાડીની પાછળ દોડ્યા કરે, એવાં કેટલાંય ધતિંગો કરી એ લોકો સાવ જૂઠી વાતોની ડિંગો હાંક્યા જ કરતા હતા. આથી ગામડાના ભોળા લોકો ભૂવાઓની વાતો સાચી માની ભ્રમણામાં ભારે ગૂંચવાઈ ગયા હતા.

કોઈ કોઈ સ્થળે ભૂત, ભૈરવ અને વીરની મલીન ભયંકર સાધનાવાળા કેટલાક બાવા લોકો સિદ્ધિ-ચમત્કારોના ભય બતાવી જોર-જુલમ કે ત્રાગાંતોફાનો મચાવીને પણ લોકોના ધરાર ગુરુઓ થઈ મોટા અડ્ડા જમાવીને બેઠા હતા. ચોતરફના લોકોમાં એમની એવી ધાક બેસી ગઈ હતી કે, કોઈનું દેન ન હતું કે એમના વિરુદ્ધ કોઈ એક શબ્દ પણ બોલી શકે. આમ માથાભારે થઈ ગયેલા પામર માણસો મેલી વિદ્યાના બળથી જાણે કે અમે મોટા સંતમહાત્મા છીએ એવા ઘમંડમાં નિર્ભય થઈ, ભોળા લોકોને ખૂબ જ ડરાવી, ધમકાવી, હેરાન-પરેશાન કરી મનમાન્યા પૈસા પડાવી લેતા હતા. આ રીતે બાબરિયાવાડના ભોળા અને વિશ્વાસી માણસો દરેક રીતે અધઃપતનના ગર્તમાં ધકેલાઈ ગયા હતા. એમની ઉન્નતિનાં દ્વાર બંધ થઈ ગયાં હતાં.

"વિષય, વ્યસન ને વહેમ એ પ્રભુ ભજવા દે કેમ ?" આ કહેવત પ્રમાણે વહેમ અને વ્યસનોથી લોકો સાવ ભાન ભૂલી તામસી સ્વભાવના બની ગયા હતા. પરસ્પર ક્લેશ, કંકાશ ને વેર-ઝેરના એટલા બધા જોરદાર ઝઘડા વધી પડ્યા હતા કે, ગામે ગામ ખૂનખરાબીનાં મોટાં તોફાનો, થયાં જ કરતાં હતાં. દરેકની આવી દયાજનક દશા જોઈને રાઘવાનંદ સ્વામીનું હૃદય કકળી ઊઠ્યું. "દયાળુ દિલના આહીરોની આ સ્થિતિ !! આ આહીરો નાળિયેર વધેરે તેમ પોતાની જ કોમના માણસોનાં ખૂન કરતાં જરાય ડરતા નથી !! ભારે ગજબની વાત છે. !!

"અજ્ઞાન અને વહેમના ભયંકર વાતાવરણથી આ લોકોને બહાર કાઢી એમનું ભલું કરવું જોઈએ."

આવો બળવાન શુભસંકલ્પ કરી સ્વામી ચોતરફ ફરીને અવિરતપણે લોકોને સદુપદેશ આપવા લાગ્યા.

બારપટોળી, ક્રોવાયા, રામપુરા, ભેરાય, જોલાપર અને વાવેરા વગેરે ગામડાઓમાં સ્વામી ફર્યા અને જેમ જેમ લોકના પરિચયમાં આવતા ગયા, તેમ તેમ સ્વામીએ આહીરોના રીત-રિવાજ-લોકાચાર તથા કેટલીક નિંદનીય પ્રથાઓ જોઇ. આથી એમના મનમાં ઘણું દુ:ખ થયું. હમેશાં બંનેય વખત ફક્ત બાજરાનો રોટલો અને દૂધ ખાનારી આહીર કોમમાં કોઇ કોઇ પ્રસંગે દારૂ-માંસ ખાવા-પીવાની પ્રથા પડી ગઇ હતી. ગરાસદાર, આહીરો અને કાઠી દરબારોએ બંનેયના પરસ્પરના લાંબા સમયના સહવાસથી, તથા કાઠી દરબારોની સાથે હમેશાં ડાયરામાં બેસવું, કાવા-કસુંબા પીવા અને એક બીજાના લગ્નપ્રસંગોમાં જવું આવવું, ઇત્યાદિ કારણોથી **આહીરોમાં દેવીના નૈવેદ્યમાં ધરાવેલું માંસ પ્રસાદ તરીકે ખાવાની પ્રથા પણ પેસી ગઇ હતી.**

રામપરા ગામમાં **આઇ સુવાય** નામે આહીરોની દેવી છે. ત્યાં એક વખત આસો સુદ દશેરાને દિવસે દેવીના નૈવેદ્ય નિમિત્તે આહીરની નાતનો મોટો મેળાવડો હતો. દેવીના નૈવેદ્યમાં અઢાર પાડા મારીને માંસ ધરાવેલું હતું. પછી જ્યારે નાતમાં માંસનો પ્રસાદ વહેંચવા લાગ્યા ત્યારે પ્રસાદ ખૂટી ગયો. ધાર્યા કરતાં માણસો બહુ વધારે આવેલાં તેથી પ્રસાદ દરેકને મળી શક્યો નહિ. આથી કેટલાક આગેવાન આહીરો પોતાનું અપમાન થયું, તેમ માની ત્યાંથી રિસાઇને તરતજ ચાલી નીકળ્યા તેથી કજિયો થતાં કેટલાંક ખૂન થઇ ગયાં હતાં. આવા દુરાચારના હલકાઇ ભરેલા કેટલાય પ્રસંગો સ્વામીના જાણવામાં આવ્યા. પછી તો સ્વામી ભારે હિંમતથી કૃત-નિશ્ચયી બની, કટિબદ્ધ થઇને પ્રબળ રીતે એ લોકોમાં ધર્મપ્રચાર કરવા લાગ્યા.

સ્વામીની ઉપદેશ આપવાની શ્રેષ્ઠ પદ્ધતિ.

હમેશાં રાત્રિ-દિવસ કામ-ધંધામાં જોડાયેલા અથવા ખેતી કે પશુપાલન વગેરેથી જીવનનિર્વાહ ચલાવતા લોકોમાં સમજશક્તિ ઘણી ઓછી હોય છે, તેમાં પણ સાવ અભણ, મૂઢ ને બિનસંસ્કારી આહીરની જાડી કોમને ઉપદેશ આપવો તે ધારીએ

તેવું સહેલું કામ ન હતું. અતિશય કપરું કામ હતું. **"ખાખરો ફૂઠ ને આહીર મૂઠ"** આ કહેવત એમની સમજશક્તિનો અભાવ અને જડતા બતાવે છે. જેમાં વિવેક ને સરલતા ન હોય તેમાં સારા સંસ્કારો પાડવા એતો કોઇ સમર્થ સત્પુરુષનુ કામ છે. સ્વામીને આહીરોનુ હિક્કડપણું અને જડતાનો અનુભવ થઇ ચૂક્યો હતો છતાં સ્વામી ભારે ધીરજ, વિવેક અને અતૂટ શ્રદ્ધાથી બાબરિયાવાડનાં ગામડાઓમાં ફરી દરેકને આગ્રહથી ઉપદેશ આપવા લાગ્યા.

ગામમાં, સીમમાં કે ચોરામાં જે કોઇ મળે તેને પ્રેમથી માનપૂર્વક બોલાવી હેતથી પાસે બેસાડી તેને સારું લાગે, ગુણ આવે અને તરત જ સમજાય તેવાં લોકભોગ્ય સુંદર દૃષ્ટાંતો આપી સ્વામી જ્ઞાનોપદેશ આપતા. એટલે લોકો ભાવથી એમની વાતો સાંભળતા હતા. અને પોતાનાં સગાં-સ્નેહીઓને પણ ઉપદેશ સાંભળવા બોલાવી લાવતા. ત્યારે સ્વામી પણ સૌનું ખૂબ સન્માન કરી કોઇની નિંદા કે ગૌણતા કર્યા વિના ભારે વિવેકથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો મહિમા સમજાવી એથી થતા અનેક લાભોનું હૃદયગ્રાહી વર્ણન કરતા. તથા પૂર્વે થયેલા ભક્તો, સંતો અને રાજાઓએ કેવી રીતે ભક્તિ કરી, પરોપકારનાં કાર્યો કર્યા તથા ભગવાન અને સંત-મહાત્માઓની કૃપાથી, એમના આશીર્વાદથી તથા એમના સેવાસમાગમથી કેવા કેવા લોકો સુધર્યા તથા તેમનાં દુ:ખ, રોગ કે કર્મપીડાઓ નાશ પામી ગઇ; આવા અગણિત નાનામોટા દૃષ્ટાંતદાખલા આપી સ્વામી ભારે રસદાયી સર્વોપયોગી વાતો કરતા હતા.

આમ સર્વદેશી સામાન્ય વાતોથી જયારે સૌનું સ્વામી તરફ આકર્ષણ થયું, પ્રેમભાવ અને પૂજ્યબુદ્ધિ જાગ્રત થઇ ત્યારે હોકા, બીડી, અફીણ વગેરે વ્યસનોથી શરીર કેટલું નબળું પડે છે, કેવા કેવા જીવલેણ રોગો થાય છે, બુદ્ધિની કેટલી ખરાબી થાય છે, અને આખી જિંદગીમાં કેટલું બધું સાવ ખોટું ખરચ, પૈસાની પાયમાલી, સમયની બરબાદી વ્યસનોમાં થાય છે, તેનું વિસ્તારથી ખૂબ સરસ રીતે અસરકારક વર્ણન કરી, સ્વામી લોકોનાં વ્યસનો છોડાવવા લાગ્યા. સ્વામીની બળવાન વાતોથી સૌને ખાતરી થઇ કે "ખરેખર વ્યસનો આપણને વળગ્યાં નથી, આપણેજ મૂર્ખાઇથી વ્યસનોને વળગી પડયા છીએ. કોઇ આપણું નુકસાન કરી જાય અથવા આપણું ધન ચોરી જાય તો, આપણે તેની સાથે સંબંધ છોડી દઇએ અને જિંદગીભર તેની સાથે

વેરભાવ થઇ જાય; પરંતુ આપણાં જ વ્યસનો આપણી પાયમાલી કરે છે, આપણને દુઃખના દરિયામાં નાખે છે, તે આપણે જોતાજ નથી." આ રીતનાં સ્વામીનાં અનેક બોધવચનો યાદ કરી લોકો સ્વામીનો ઉપકાર માની પ્રશંસા કરવા લાગ્યા. અને અનેક મનુષ્યો વ્યસનો છોડી સંસ્કારી બન્યા તથા સ્વામીની આજ્ઞા માની સામાન્ય ધર્મના કેટલાક નિયમોનું પાલન કરવા લાગ્યા. આ રીતે સ્વામીના અસરકારક ઉપદેશથી, લોકોમાં સમજશક્તિ આવી અને કેટલાક દૈવી મનુષ્યો ચુસ્ત સત્સંગી થયા; ત્યાર પછી સ્વામી ખુલ્લા શબ્દોમાં ભૂવા અથવા બાવાના દોરા અને ડાકલાનું જોરદાર રીતે ખંડન કરવા લાગ્યા. તથા મલીન દેવ-દેવીઓના નિમિત્તે કે બીજા કોઇ બાના નીચે થતી હિંસા તથા માંસભક્ષણ વગેરે ભ્રષ્ટાચારોનું કડક શબ્દોમાં ખંડન કરી લોકોના આચારવિચાર પવિત્ર બનાવ્યા. જે આહીરો ચોમાસામાં વર્ષાદ વિના કદી નહાતા નહિ, તે હમેશાં સવારમાં નાહીને ભગવાનની પૂજા કરવા લાગ્યા. "રાઘવાનંદ સ્વામીએ કરાવેલા સત્સંગીઓમાં ક્યાંય દોરો કે ડાકલું નહિ" એવી એ જમાનામાં કહેવત પડી ગઇ હતી. સ્વામીના સમાગમથી કોઇ પણ કામણટૂમણથી ડરે કે દબાય નહિ તથા પરચા-ચમત્કારમાં ખેંચાય નહિ તેવા ભારે દૃઢ નિષ્ઠાવાન સત્સંગીઓ થયા હતા. ક્યા ગામમાં કઇ રીતે સત્સંગ થયો તેના જાણવા યોગ્ય કેટલાક પ્રસંગો જોઇએ.

રાઘવાનંદ સ્વામી બાબરિયાવાડના ગામડાંઓમાં ફરતા ફરતા **વાવેરા** ગામ પધાર્યા. ગામ વચ્ચે ચોરામાં બોરિયા કાઠી દરબાર મૂળુભાઇ સાતઆઠ માણસો સાથે બેઠા હતા. દૂરથી સ્વામીને જોઇ મૂળુ બોરિયો કાઠી કોમની સ્વાભાવિક ટેવ પ્રમાણે હાંસી-મશ્કરી કરવા લાગ્યો. પરંતુ સ્વામી કોઇથી શરમાય, દબાય કે ડરે તેવા ન હતા. તેથી ચોરા પાસે જઇ જોરથી 'રામ રામ' કહીને ઊભા રહ્યા. ત્યારે મુળુ બોરિયાએ રોષથી કરડી નજર કરીને કહ્યું કે "મહારાજ ! અમે એમ સાંભળ્યું છે કે, તમે દેવીની નિંદા કરો છો, અને ભૂવાભગત હોય તેને પણ માનતા નથી. માતાજી અને માતાજીના ભુવા શું ખોટા છે ?" પ્રશ્ન સાંભળી સ્વામી ચોરા ઉપર ગયા અને શાંતિથી બેસી કહેવા લાગ્યા. 'દરબાર ! અમે કોઇપણ દેવ-દેવીની નિંદા કરતા નથી પણ દેવીને નામે જે બકરાં, પાડાં વગેરેની હિંસા થાય છે તેનો નિષેધ કરીએ છીએ. દેવી તો સૌની માતાજી કહેવાય. મા હોય એ બહુજ દયાળુ હોય; એ કોઇનું જરાપણ દુઃખ દેખી શકે નહિ. નિરપરાધી જીવતાં પ્રાણીઓને મારી-કાપી દેવીને ભોગ ધરાવવાનું કોઇ શાસ્ત્રમાં લખ્યું નથી. કમોતે મરવું એ કોઇને ગમતું નથી. જીવ-પ્રાણી

માત્ર ઉપર દયા રાખી તેનું રક્ષણ કરનારો માણસ જો ઘાતકી બને તો તેને કેવો જાણવો ? દરબાર ! આપ તો ક્ષત્રિય છો. જે પોતાના શરીરનો પણ ભોગ આપીને બીજાનું રક્ષણ કરે તે ખરો ક્ષત્રિય કહેવાય છે. ક્ષત્રિયોના આવા અસાધારણ ગુણોને લીધે ઋષિમુનિઓએ તેમને સર્વનું રક્ષણ કરવા માટે રાજા બનાવ્યા છે.

દરબાર ! ખાસ ધ્યાનમાં લેવા જેવી એક વાત કહું, સાંભળો. કેટલાક જંગલમાં રહેતા દેવીભક્તો એવી માનતા કરતા હોય છે કે "જો માતાજી મારું કામ સિદ્ધ કરશે તો હું લીલું નાળિયેર (જીવતો માણસ) માતાજીને ચડાવીશ." હવે ભાગ્યયોગે કદાચ આપણે જંગલમાં ગયા અને પેલા માનતાવાળા દેવીભક્તના હાથમાં આવી ગયા હોઈએ, તો આપણને કેટલું દુઃખ થાય, કેટલો બધો ભય, ત્રાસ તથા વલોપાત અનુભવીએ ? ત્યાંથી ભાગી છૂટવા માટે અનેક ઉપાયો શોધીએ, અને કેટલાય કાલાવાલા કરીએ ? આ રીતે જેમ આપણને મૃત્યુથી દુઃખ થાય છે, તેમ દરેક પ્રાણીમાત્રને પણ દુઃખ થાય જ, એવો સદ્‌વિચાર કરીને કોઈને દુઃખ થાય તેવું કોઈ પણ કાર્ય કરવું નહિ એ મનુષ્યનું મુખ્ય કર્તવ્ય છે. **સૌનું સારું કરે તે સજ્જન અને અપરાધી કે શત્રુનું પણ ભલું કરે તે સંતપુરુષ કહેવાય છે.** માતા પોતાના પ્યારા બાળકનો રોગ દૂર કરવા ઔષધો પાય છે; ત્યારે હઠીલું બાળક માતાને ગાળો દે, મારવાનો પ્રયાસ કરે; એમ કેટલાય ધમપછાડા કરે છતાં માતા એ બધું ધીરજથી સહન કરી બાળકને નીરોગી બનાવે છે. સાચા મમત્વવાળી માતા જેમ બાળકના શરીરનું સર્વ પ્રકારે રક્ષણ-પોષણ કરે છે; તેમ સંતમહાત્માઓ માયાજાળમાં ફસાયેલા જીવાત્માઓને અતિશય દયાપૂર્વક જ્ઞાનામૃતનું પાન કરાવે છે. તેથી પવિત્ર, જ્ઞાની તથા બળવાન બનેલા મનુષ્યો માયાજાળ તોડી ફરીથી તેના બંધનમાં ન આવે તેવા ભારે સાવધ, શૂરવીર, સુખી અને સંતોષી નીવડે છે. પરંતુ સાધુ – સંતોનું આ મહા કાર્ય ઓછી સમજવાળા માણસોના ધ્યાનમાં આવતું નથી, એટલે એ બિચારા ગેરસમજથી અમારા જેવા સાધુઓ તરફ ખૂબ રોષ બતાવીને કઠોર વાણીના પ્રહારો કરતા રહે છે ! પણ ભગવાનના સાચા સાધુઓ ક્ષમા રાખી બધું સહન કરી લઈને, સર્વનું ભલું કરવા માટે હમેશાં પૃથ્વી ઉપર વિચરણ કરતાજ રહે છે."

સ્વામીની પ્રભાવશાળી ગંભીર વાણી સાંભળીને ચોરામાં ભેળા થઇ ગયેલા

સર્વ મનુષ્યો ઘણા જ રાજી થઇને સ્વામીને પગે લાગવા મંડયા. પરંતુ મૂળુ બોરિયાનો રોષ હજુ શાંત થયો ન હતો, એટલે એમણે કહ્યું "અમારી માતાજીના અહીં બે મોટા ભુવા છે, જો એ તમારી વાત કબૂલ રાખે તો હું તમારો શિષ્ય થાઉં." સ્વામીએ કહ્યું "એમને અહી બોલાવો, આપણે વાતચીત કરીએ." ત્યારે મૂળુભાઇએ કહ્યું, 'આપણે ત્યાં જઇએ એ ઠીક થશે. હું ત્યાં જાઉં છું. ખબર મોકલું એટલે તમે આવજો' એમ કહી તે ભૂવા પાસે ગયા અને તેમને સમજાવ્યું કે દેવી, ડાકલાં અને ભૂવાઓનું ખંડન કરે છે, એ સ્વામિનારાયણના સાધુ રાઘવાનંદ કહેવાય છે. તે અહીં આવ્યા છે. ભારે બળિયા સાધુ છે. એમણે ચોરામાં એવી સરસ વાતો કરી કે, આપણે કાંઇપણ બોલીજ ન શકીએ. જો તમે કાંઇ ચમત્કાર નહિ દેખાડો, તો લોકો એમના ચેલા થઇ જશે. મેં તો કહી જ દીધું કે, અમારા મોટા ભુવા તમારી વાત કબૂલ રાખે તો હું તમારો શિષ્ય થાઉં. માટે તમે માતાજીને સંભારી બરાબર ડાકલાં બજાવી એવી જોરદાર ધુધકારી મારો અને એવો ભયંકર દેખાવ કરો કે જેથી ભલભલાનાં પણ પાણી ઊતરી જાય. જો જરાય મોળા પડયા તો તમારી કોડીની કીમત થઇ જશે. રાઘવાનંદ કાંઇ જેવો તેવો બાવલિયો નથી. માટે પૂરી તૈયારી કરો, એ અબઘડી અહીયાં તેમને મળવા આવશે."

મૂળુભાઇની વાતથી આવેશમાં આવી ભૂવા લોકોએ પોતાની મંડલીને તત્કાળ તૈયાર કરી. પછી દેવી આગળ ધૂપ-ધુમાડા કરી ડાકલાં અને ઢોલક બજાવી જોરજોરથી ધૂધકારી મારીને બે મોટા ભૂવા ધૂણવા લાગ્યા. લોખંડની બેવડી મોટી સાંકળો પોતાના વાંસામાં, જાણે જોરજોરથી મારતા હોય તેમ યુક્તિથી પછાડતા અને સળગતા કાકડા ભારે ઝડપથી પોતાના મોઢામાં નાખી ઓલવી નાખતા. ભૂવાઓ જોરજોરથી ઊછળી દેકારા, પડકારા મારીને એવા ધૂણવા લાગ્યા કે, જેથી જોનારા લોકો પણ ભય પામીને ધ્રૂજવા લાગ્યા. 'અરે ! આજે આ ભૂવાઓ શું કરી નાખશે ? ખરેખર આજે માતાજી કોપાયમાન થયાં લાગે છે. નક્કી આજે કોઇકનું નખોદ નીકળી જશે' લોકો આમ વાતો કરે છે ત્યાં રાઘવાનંદ સ્વામી પોતાના શિષ્યસંતો સાથે ત્યાં આવી પહોંચ્યા. માતેલા સાંઢ જેમ અચાનક આખડી પડે અને સામસામી ભયંકર ત્રાડો મારે તેમ માતાજીનું નામ લઇ લઇને લોકોને ડરાવી રહેલા ભૂવાઓ ઉપર સ્વામીએ ઇષ્ટદેવનું સ્મરણ કરી પોતાની અમીદૃષ્ટિ ફેંકી. ભૂવાઓ ઉપર સ્વામીની દૃષ્ટિ પડી કે તરતજ તે બંનેય ભુવાઓ ધૂણતા બંધ થઇ સાવ મૌન થઇને

બેસી ગયા. દાવાનળ ઉપર જેમ વરસાદ થાય અને બધો અગ્નિ તત્કાળ શાંત થઇ જાય તેમ સર્વત્ર શાંતિ વ્યાપી ગઇ. આશ્ચર્યમુગ્ધ થયેલા લોકો એકબીજાના સામું વારંવાર જોવા લાગ્યા. કોઇ કાંઇપણ બોલતું નથી. આવી શાંતિમય તક જોઇને સ્વામી સૌને ઉપદેશ આપવા લાગ્યા. અહિંસા ધર્મનું રહસ્ય અને સદાચારનું ખૂબ ખૂબ મહત્ત્વ સમજાવીને સ્વામીએ પૂછ્યું – "કેમ દેવીભક્તો ! અમારી વાતમાં તમને શંકા થતી હોય તો કહેજો. કાંઇ પૂછવું હોય તો જરૂર પૂછજો. અમે પણ માતાજીને માનીએ છીએ અને તેમને ખીર-પૂરી જમાડીએ છીએ. " સ્વામીએ આ પ્રમાણે કહ્યું છતાં કોઇ કાંઇ બોલ્યા નહિ. પછી સ્વામી સૌને 'જય સ્વામિનારાયણ' કહી સ્વામિનારાયણ ભગવાનની જય બોલાવીને ગામને ચોરે ગયા.

સ્વામી ગયા પછી ગુસ્સે થયેલા મૂળુ બોરીચાએ ભૂવાઓને કહ્યું 'અરે ! તમારા મોઢામાં જીભ છે કે નથી ? તમારી રૂબરૂમાં સ્વામીએ પોતાના મતનું જોરદાર રીતે પ્રતિપાદન કર્યું, છતાં તમે કાંઇપણ બોલ્યા જ નહિ.' ભૂવાઓએ કહ્યું 'બાપુ, સ્વામીએ અમારા સામું જોયું કે તરત જ અમારી શક્તિ હરાઇ ગઇ હતી. ધૂણવાનો અને બોલવાનો ઘણો ઘણો દાખડો કર્યો, તો પણ કાંઇ બોલી શકાયું જ નહિ. માટીના પૂતળાની જેમ અમારાં શરીર સાવ તાકાતહીન બની ગયાં, એમાં અમે શું કરી શકીએ ? મોટા સંત-મહાત્માઓ આગળ કોઇનું ચાલે નહિ. કારણ કે એમને ભગવાનનું બળ હોય. સૌથી મોટા જગત્કર્તા ભગવાન છે. ભગવાન પાસે કોઇપણ દેવ કે દેવીનું ચાલે નહિ. મોટી સત્તા આગળ નાની સત્તાવાળાએ નમી દેવું પડે, એમાં કાંઇ નવાઇની વાત નથી. માટે બાપુ ! આમ ગુસ્સે ન થાઓ. નાના કે ખંડિયા રાજાઓએ જગતમાં સુખશાંતિથી રહેવું હોય તો મોટી સત્તાની શરણાગતિ સ્વીકારવી જ પડે. આ આપ સૌના અનુભવની વાત છે. માટે અમારો કાંઇ વાંક ગુનો નહિ ગણીને શાંતિ રાખો ને રાજી રહો.'

આ બનાવની અસર મૂળુભાઇ ઉપર અજબ રીતે થઇ, એમના જીવનનું પરિવર્તન થઇ ગયું. સ્વામીની અદ્‌ભુત યોગશક્તિ અને એમનું સ્વામિનારાયણ પ્રભુની નિષ્ઠાનું અલૌકિક બળ જોઇને, મૂળુભાઇનું હૃદય રંગાઇ ગયું. તેઓએ સ્વામી પાસે જઇ દીનભાવે સ્વામીનું શિષ્યત્વ સ્વીકાર્યું અને સ્વામિનારાયણ પ્રભુના અનન્ય આશ્રિત થયા. દારુ-માંસનો ભક્ષણ કરનારો અને પોતાની પાશવી વૃત્તિઓનું પોષણ

કરવામાં પાવરધો ગણાતો એક ક્રૂર માણસ સંતના સમાગમથી પરમ સાત્વિક નિર્માની ભક્ત બની ગયો. અને પોતાના ગામમાં સાધુઓને વારંવાર તેડી લાવી સત્સંગનો પ્રચાર કર્યો. તેથી અનેક લોકો સત્સંગી થયા.

બારપટોળી ગામના સુપ્રસિદ્ધ સત્સંગી આહીર કાળુ વાવડિયા તથા લોમા વાવડિયા હતા. એમણે શ્રીજીઆજ્ઞાથી ભટવદર ગામમાં દાદાખાચરનું સગપણ કર્યું તથા કન્યાપક્ષ તરફથી વિવાહકાર્યમાં મુખ્ય રહી, કન્યાના પિતા દરબાર નાગપાળ વરૂને કાંઇપણ ખરચ કરવા દીધું નહિ, જાનનું બધું ખરચ પોતે આપી દીધું હતું. તે એકાંતિક ભક્ત કાળુ વાવડિયા પ્રથમ વાવેરામાં રહેતા. તેઓ બોરિચા મૂળુ ભક્તના સહવાસથી કૃપાનંદ સ્વામીની વાતો સાંભળીને ચુસ્ત સત્સંગી થયા હતા. પછી તેઓ વાવેરાથી બારપટોળી રહેવા આવ્યા. નિયમ, નિશ્ચય અને પક્ષ તથા સર્વોત્તમ સેવાભાવનાથી તેઓ સર્વશ્રેષ્ઠ સત્સંગી કહેવાયા.

– માતાજી –

રામપરા ગામમાં આહીરોની દેવી **આઈ સુવાય** માતા છે. તેને પ્રથમ બધા આહીરો કુળદેવી તરીકે ખૂબ ભાવથી માનતા હતા. દેવીને કોઇ કોઇ વાર પૂર્વે માંસનું નૈવેદ્ય ધરાતું અને આહીરો દેવની માંસની પ્રસાદી પણ જમતા હતા. એક વખત નોરતાના સમયમાં દશેરાના દિવસે આહીરોનો મોટો મેળો ભરાયો હતો. માતાજી આગળ **અઢાર પાડા મારીને** માંસનું નિવેદ (નૈવેદ્ય) કરવામાં આવ્યું હતું. જ્યારે નાતમાં માંસનો પ્રસાદ વહેંચાયો ત્યારે વધારે પ્રમાણમાં માણસો આવેલાં તેથી કેટલાકને પ્રસાદ મળ્યો નહિ. આથી અંદરોઅંદર બોલાચાલી થતાં કેટલાક આહીરોનાં ખૂન થયાં, કેટલાક રિસાયને ચાલ્યા ગયા. આ પ્રસંગ આપણે પ્રથમ વાંચી ગયા છીએ. તેવી આહીરોની દયાજનક સ્થિતિ જોઇને રાઘવાનંદ સ્વામી બાબરિયાવાડ પ્રદેશનાં ગામડાંઓમાં ચોતરફ ફરી લોકોને સદાચારી બનાવી રહ્યા હતા. હોકા, બીડી, અફીણ વગેરે વ્યસનો દોરા–ધાગા, ડાકલાં તથા દેવી આગળ થતી હિંસાનો ખુલ્લી રીતે નિષેધ કરી અહિંસાધર્મનો પ્રચાર કરવામાં સ્વામીને અનેક મુશ્કેલીઓ સહન કરવી પડતી હતી. કારણ કે આહીર કોમ ખૂબજ ખમીરવંતી હોય છે. પોતાનું જરા પણ જો માન ઘવાય તો તત્કાળ જુસ્સામાં આવી ઝઘડી પડી ખૂન જેવું ભયંકર દુષ્ટ

કૃત્ય કરતાં વાર લગાડે નહિ. હાલના સુધરેલા જમાનામાં પણ તે તરફ ખૂનના પ્રસંગો બન્યા કરે છે. આવી નીડર કોમને સંસ્કારી બનાવવામાં સ્વામીએ ભારે હિંમત, ધીરજ અને વિવેકથી સંપૂર્ણ સફળતા મેળવી હતી.

વાવેરા ગામના ભૂવા લોકો સ્વામીના પ્રભાવથી શાંત થઇ ગયા, કાંઇ પણ કરી શક્યા નહિ. આ બનાવની વાત સાંભળીને દેવીભક્તો બધા ભૂવા-ડાકલિયા વધારે રોષે ભરાયા. સ્વામી તરફ વેરવૃત્તિ રાખી એમના સર્વહિતાવહ ધર્મપ્રચારના કાર્યોમાં વિવિધ ઉપાધિઓ કરવામાં ખામી રાખતા નહિ. એ અરસામાં સ્વામી રામપરા ગામમાં પધાર્યા અને સર્વને સદ્બોધ આપવા લાગ્યા. ગામલોકો રાત્રિએ સ્વામીની કથાવાર્તા સાંભળવા માટે બહોળા પ્રમાણમાં આવવા મંડયા. હમેશાં રાત્રિના બાર બાર બજ્યા સુધી બધા માણસો સ્વામીની અમૃતવાણી શાંતિથી સાંભળતા હતા. બધાની સાથે ત્યાંના મુખ્ય ભૂવાઓ પણ ચર્ચા કરવાની ઇચ્છાથી સ્વામીની વાતો સાંભળવા આવવા લાગ્યા. સ્વામીની વાતો કરવાની શૈલી એટલી બધી શ્રેષ્ઠ હતી કે જેથી દરેકના મનનું સમાધાન થઇ જતું, ધારેલા પ્રશ્નોના ઉત્તરો તથા શંકાનું સમાધાન સ્વામીની વાતોમાંજ આવી જતું હતું. કોઇને કાંઇ પૂછવાપણું રહેતું જ નહિ.

– માતાજી ખીર ખાતાં થયાં –

સ્વામીની વિશિષ્ટ પ્રકારની સાધુતા, વિવેકભરી પ્રભાવશાળી કથા-વાર્તા અને સર્વ ગામલોકોનું સ્વામી તરફ વિશેષ આકર્ષણ – આ બધું જોઇને ભૂવાલોકો કાંઇ પણ કહી શકે, કે કરી શકે તેમ રહ્યું નહિ. ત્યારે બધા ભૂવાઓએ મળી ખાનગીમાં મનધારી યુક્તિ ગોઠવી. પછી સ્વામી પાસે આવી કહ્યું કે, – " જો અમારી માતાજી અમારા કોઇ ભૂવામાં આવીને કહે કે, 'અમને માંસનું નૈવેદ્ય ધરાવશો નહિ' તો અમે તમને સાચા સાધુ માનીએ. " ત્યારે સ્વામીએ હિંમતથી કહ્યું – " ભલે, બહુ સારું. આજ રાત્રિએ તમે બધા ભૂવા તથા સર્વ દેવીભક્તો સાથે મળી માતાજીની આરાધના કરો. જરૂર માતાજી કોઇમાં પ્રવેશ કરી સાધુની વાત સત્ય છે, એમ કહે તો તમારે અમે કહીએ તે પ્રમાણે વર્તવું."

પછી સર્વ દેવીઉપાસકો રાત્રિએ આઇ સુવાય માતાજી પાસે બેસી ધૂપ, દીપ,

પૂજન-પ્રાર્થના વગેરે કરી દેવીની આરાધના કરવા લાગ્યા. બે ત્રણ કલાક આરાધના કરી પણ કોઈમાં દેવીનો પ્રવેશ થયો નહિ. એટલે ભૂવાઓ એકદમ ગુસ્સે થઈને જેમ તેમ બકવાદ કરવા લાગ્યા. જ્યારે ભૂવાઓ રાઘવાનંદ સ્વામીની નિંદા કરવા મંડ્યા, ત્યારે જે મુખ્ય મોટો ભૂવો હતો તેમાં માતાજીએ પ્રવેશ કર્યો. એટલે તે જોરજોરથી ધુપકારી મારીને ધૂણવા લાગ્યો. બીજા ભુવાઓએ પૂછ્યું, "તમે કોણ છો ?" ત્યારે ધૂણતાં ધૂણતાં કહેવા લાગ્યો, "હું તમારી માતા આઈ સુવાય છું. તમે સાધુની નિંદા કરવા મંડયા તે મારાથી સહન થઈ શક્યું નહિ, એટલે હું તમને સાચી વાત કહેવા આવી છું. ક્યારેય ભગવાનના સાચા ભક્તો સંતસાધુઓની નિંદા કરવી નહિ. અને આજથી મને સૌ ખીરનાં નિવેદ કરજો. જે કોઈ મારે નામે પશુની હિંસા કરશે તેના કુળનો નાશ થઈ જશે." આ પ્રમાણે પોતાની માતાજીની રોષભરી વાણી સાંભળીને બધા દેવીભક્તો અત્યંત નવાઈ પામ્યા. ગામલોકો આ વાત જાણીને ખૂબ આશ્ચર્ય પામ્યા. સર્વ મનુષ્યો સ્વામીની પ્રશંસા કરવા લાગ્યા. આ અતિશય આશ્ચર્યજનક બનાવ બન્યા પછી બાબરિયાવાડ પ્રદેશનાં ૪૨ ગામના સત્સંગી, બીનસત્સંગી તમામ આહીરોમાંથી દારૂમાંસની પ્રથા સાવ નાબૂદ થઈ તે અત્યાર સુધી બરાબર જળવાઈ રહી છે.

સ્વામીનો વર અને કોવાયાનો સત્સંગ

જોલાપર ગામમાં એક ઉમેદગર નામે અતીત બાવો રહેતો હતો. તે મંત્ર-જંત્ર તથા કામણ-ટૂમણ બહુજ જાણતો. મૂઠચોટ અને મલીન વિદ્યાના જોરથી તે લોકોને ડરાવી મરજી મુજબ હેરાન કરતો. માટીના ઘોડા તથા તેના ઉપર માટીના સ્વાર બનાવી, તેને મેલી વિદ્યાના મંત્રોથી સામસામા લડાવતો. આથી ગામડાના ભોળા અને વિશ્વાસુ માણસો ભારે નવાઈ પામતા અને તેના ચેલા થતા.

કોવાયા ગામના રાઘા ભક્ત જોલાપર રહેવા ગયેલા. ત્યારે તેઓ નાની વયમાં ઉમેદગર બાવાનો ચમત્કાર જોઈને તેના હજુરી શિષ્ય થયા હતા. પરંતુ રાઘા ભક્તનાં લગ્ન બારપટોળીના કાળુ વાવડિયાની ભાણેજ અને ખીમા વાઘની દીકરી સાથે થયાં હતાં. તેઓ પરણીને જ્યારે ઘેર આવ્યાં, ત્યારે તેના ગુરુ ઉમેદગર બાવાએ કહેવરાવ્યું કે, – "તે બાઈને મારે પગે લગાડવા મોકલો." પછી ગુરુને પગે લાગવા જવાનું બાઈને કહ્યું. ત્યારે તે બાઈ તો ચુસ્ત સત્સંગી હતાં. તે બોલ્યાં,

"અમે તો સ્વામિનારાયણનાં સત્સંગી છીએ; માટે તેને પગે લાગવા નહિ જઇએ. એવા પાખંડીધુતારા બાવાને અમે પગે ન લાગીએ." આ વાતની જ્યારે બાવાને ખબર પડી, ત્યારે તે ક્રોધના ઉગ્ર આવેશમાં આવીને બોલ્યો : " તે બાઇને તો હું ચકલી કરીને ઉડાડી મેલીશ. " રાઘા ભક્તે આ વાત જાણી ત્યારે તેમને બાવાનો અભાવ આવ્યો. પછી પોતે વિચાર કર્યો. " આવા ઘમંડી પામર ગુરુથી આપણું કલ્યાણ થાય નહિ. **જે પોતે અભિમાન અને અજ્ઞાનથી ભરપૂર હોય તે બીજાનું ભલું કરી શકે જ નહિ.** કોઇ પવિત્ર સંત–મહાત્મા મળી જાય તો સારું. પણ હવે આ બાવાનો સંગ નથી રાખવો. " પોતે મુમુક્ષુ હતા એટલે એક પવિત્ર બ્રાહ્મણને પૂછ્યું. " જીવનું કલ્યાણ થાય તેવો ઉત્તમ ઉપાય બતાવો.' ત્યારે તેણે કહ્યું: 'ગિરનાર પર્વત ઉપર જાઓ. ત્યાં કોઇ સિદ્ધપુરુષ મળી જશે. તેના સેવાસમાગમથી તમારું કલ્યાણ થશે.' પછી રાઘા ભક્ત ગિરનારની યાત્રાએ ગયા. અનેક સ્થળે ફર્યા, પણ શાંતિ પમાડે તેવા કોઇ સિદ્ધ મળ્યા નહિ. ફરીથી કોઇ બીજા બ્રાહ્મણને પૂછ્યું કે, – 'કલ્યાણ થાય તેવું બતાવો.' તેણે કહ્યું – 'બદરીનારાયણ જાઓ તો જરૂર કલ્યાણ થાય' પછી બદરીનારાયણ જવાનો વિચાર કરીને તેઓ ઘેર આવ્યા. એક દિવસ પોતાનાં નજીકનાં સગાં વાવેરા ગામમાં હતાં ત્યાં મળવા ગયા. તેમના સંબંધીઓએ તેમને વિચારમગ્ન જોઇને કહ્યું કે, "તમારે ક્યાંય જવાનો સંકલ્પ છે ?' રાઘાભક્તે કહ્યું કે, 'મારે તો કલ્યાણ થાય ત્યાં જાવું છે. અત્યારે બદરીનારાયણ જાવાનો વિચાર કરું છું." સંબંધીઓ સત્સંગી હતા. તેમણે કહ્યું – "જો અમારું માનો તો તમારે ક્યાંય જવું પડે તેમ નથી. ઘેર બેઠાં ગંગાજી અને બદરીનારાયણની યાત્રાથી અધિક લાભ થાય તેવા સ્વામિનારાયણના પ્રતાપી સાધુ રાઘવાનંદ સ્વામી અહીં પધાર્યા છે. તેમનાં ભાવથી દર્શન કરનારાનાં પાપો બળી જાય એવા એ સમર્થ સંત છે " પછી રાઘા ભક્તે સ્વામીનાં દર્શન કર્યાં અને જ્ઞાનોપદેશ સાંભળ્યો. તેથી તેના અંતરમાં શાંતિ થઇ ગઇ. પછી ચાર દિવસ સુધી સ્વામીને રસોઇ જમાડીને સમાગમ કર્યો. છેવટે સ્વામી પાસે કંઠી બંધાવી પાકા સત્સંગી થઈને ઘેર આવ્યા.

રાઘા ભક્ત સત્સંગી થયા તે વાત સાંભળીને તેના ગુરુ ઉમેદગર બાવાએ તેને પોતાની પાસે બોલાવીને કહ્યું – "તું મારો હજુરી શિષ્ય હતો. તે મારો મટીને સ્વામિનારાયણનો ચેલો થઇ ગયો ? મને ખબર પણ પડવા દીધી નહિ. માટે હવે

ધ્યાન રાખજે, હું તને થોડા દિવસમાં ઉડાડી મેલીશ." ત્યારે રાઘા ભક્તે કહ્યું – "તારા જેવાં શિયાળિયાં મને શું કરનારાં છે ? તારાથી થાય તે કરી લેજે. મારા ધણી મોટા છે." ત્યારે બાવો ક્રોધ કરીને બોલ્યો: " જા, તને એકેય દિકરો નહિ થાય. તું નિર્વંશિયો જાઇશ. " ક્રોધિષ્ઠ બાવાની કુત્સિતવાણી સાંભળી રાઘા ભક્તે કાંઇ પણ ગણકાર્યું નહિ. કારણ કે પોતે ભગવાનના બળથી નિર્ભય હતા ગુરુદૃષ્ટિ અને શાસ્ત્રદૃષ્ટિથી તેમની વિવેકની આંખ ખૂલી ગઇ હતી. કાચ અને કંચનને પારખવાની પરીક્ષામાં તેઓ ગુરુકૃપાથી પૂર્ણ સફળ થયા હતા. એટલે નકલી વસ્તુઓ તથા મિથ્યા જ્ઞાનમાં લોભાય–લલચાય નહિ તેવા સ્થિતપ્રજ્ઞ અને ધૈર્યશાળી બન્યા હતા.

થોડા દિવસો થયા ત્યાં રાઘવાનંદ સ્વામી ગામડામાં ફરતા ફરતા **જોલાપર** આવ્યા. ત્યારે રાઘા ભક્તે બાવાની બધી વાત સ્વામીને કહી સંભળાવી. ત્યારે સ્વામી અત્યંત પ્રસન્ન થઇને બોલ્યા – " રાઘા ભક્ત ! જેમ ચક્રવર્તી રાજાના ખાસ અંગત માનીતા મનુષ્યને, કશી ચિંતા કે કોઇનો ભય હોય નહિ; તેમ પ્રભુના ભક્તોએ સદા નીડર રહી અખંડ આનંદમાં રહેવું. **જેની પાસે સત્યજ્ઞાન રૂપી ધન હોય અને પ્રભુની ઓળખાણ હોય તે સદાય સુખી સાચો સમ્રાટ છે.** તમે અમારા વચનમાં પૂરો વિશ્વાસ રાખી, આ ગામ છોડી કોવાયા જાવ. ત્યાં તમે ખૂબ સુખી થશો. અને તમને શ્રીજી મહારાજની કૃપાથી પાંચ દીકરા થશે, તેમાં એક દિકરો દૂધથી દાઝીને ગુજરી જશે. " પછી તેઓ કોવાયા ગયા, ત્યાં તેમને સ્વામીના વચન પ્રમાણે પાંચ દિકરા થયા. તેમાં મોટા નાજાભાઇ હતા, તેમણે બાળવયમાં શ્રીજી મહારાજનાં દર્શન કર્યાં હતાં; બીજા ત્રણ ભાઇઓનાં નામ જોધાભાઇ, પૂંજાભાઇ અને વિસામણ હતાં. અને પાંચમો ભાઇ રમતાં રમતાં ગરમ દૂધના મોટા દોણાં સાથે અથડાતાં દોણું તેના ઉપર નમી ગયું એટલે તે દૂધથી દાઝીને ગુજરી ગયો. બધા ભાઇઓના પરિવારમાં અત્યાર સુધી ઉત્તમ કોટિના ભક્તો થતા રહ્યા છે.

રાઘા ભક્તના મોટા પુત્ર નાજાભાઇ પણ એકાંતિક ભક્ત હતા. તેમના પુત્ર દેસુર ભક્ત પણ ભારે શૂરવીર સત્સંગી હતા. બ્રહ્માનંદ સ્વામીના બધા છંદો તેમને કંઠસ્થ હતા. છંદો બોલવાની એમની શૈલી અને છટા ભલભલા ચારણબારોટને શરમાવે તેવી શ્રેષ્ઠ હતી. પહાડી શરીર, સુમધુર કંઠ અને દૂરદૂર સુધી સંભળાય તેવો

તેમનો બુલંદ અવાજ સાંભળીને લોકો કહેતા કે કોઇ મોટા કવિ આવ્યા લાગે છે. તેઓ હમેશાં સવાર–સાંજ પ્રભાતિયાં તથા કીર્તનો ખૂબ ભાવથી બોલતા. એક વખત બીમારીની અશક્તિથી થોડા દિવસ કીર્તનો બોલ્યા નહિ. તેથી શ્રીજી મહારાજે તેમને દર્શન દઇને કહ્યું " ભગતનાં ઘર સૂનાં કેમ છે ?" ત્યાર પછી દેસુર ભક્ત એંસી વર્ષની અવસ્થાએ પણ રોજ કલાક દોઢ કલાક કીર્તનો ગાતા. વિક્રમ સં. ૧૯૮૬ની સાલમાં લેખકના પૂજ્ય ગુરુ સદ્‌ગુરુ સ્વામી ભક્તિતનયદાસજીનો કોવાયા ફરવાનો વારો હતો. તે વખતે મારી ૧૫ વર્ષની અવસ્થામાં હું એ દેસુર ભક્ત પાસે બ્રહ્માનંદ સ્વામીના છંદો શીખ્યો હતો તથા તેમની પાસેથી રાઘવાનંદ સ્વામીની બધી વાતો વિસ્તારથી સાંભળી હતી તથા ૨૫ નંદસંતોનાં દર્શન કરનારા અમારા ગુરુના ગુરુ સ. પુરાણી હરિદાસજી સ્વામી પણ આહીરોના ગુરુ કહેવાતા હતા. આ રીતે પરંપરાથી ખૂબ ખાતરી કરેલી વાતો લખી છે. આ સૂચન કરવાનો હેતુ એજ છે કે, કેટલીક વાતો કોઇ ગ્રંથોમાં કે પ્રસિદ્ધમાં નથી તેથી કોઇને શંકા થાય તેનું આ સપ્રમાણ સમાધાન છે.

* * *

" ભગવાનના ભક્ત સંત અને ભગવાનના અવતાર તે કુરાજી થાય એવું કાંઇક કર્મ થઇ જાય તો આને આ દેહે મૃત્યુલોકમાં યમપુરીના જેવું દુ:ખ ભોગવે અને ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય એવું કર્મ કરે તો આને આ દેહે પરમપદ પામ્યા જેવું સુખ ભોગવે. અને ભગવાન ને ભગવાનના સંતને કુરાજી કરે ને તેણે જો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય તો પણ તેનો નાશ થઇ જાય ને નરકમાં પડવું પડે. અને ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એવું કર્મ કર્યું હોય ને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તો પણ તે ભૂંડા કર્મનો નાશ થઇ જાય ને પરમપદને પામે. " (વ.ગ. મ. ૪૫)

૨ : શ્રી વિજ્ઞાનાનંદ સ્વામી

સંગીતવિદ્યાકુશલ શાસ્ત્રજ્ઞ સ્વામી

સૌરાષ્ટ્રની રળિયામણી ભૂમિ શૂરવીરોની ભૂમિ કે જે, ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની ક્રીડાભૂમિ તરીકે મનાય છે; જ્યાં રેવતાચલ, પ્રાચી, માધવપુર અને સુદામાપુરી જેવાં સુપ્રસિદ્ધ તીર્થો મોક્ષભાગી મનુષ્યોને હંમેશાં આત્મશાંતિ આપી રહ્યાં છે; તે ભૂમિમાં પુરાણ–ઈતિહાસ પ્રસિદ્ધ પ્રભાસક્ષેત્ર આવેલું છે કે જે, શ્રીકૃષ્ણપ્રભુના દેહોત્સર્ગના પવિત્ર પ્રદેશ તરીકે પ્રખ્યાત છે. જ્યાં હિરણ્યા, સરસ્વતી અને કપિલા આ ત્રણ નદીઓનો ત્રિવેણી સંગમ, તથા અગ્નિકુંડ (વડવાનલ) નામનો સમુદ્ર અને પાશુપત શૈવસંપ્રદાયના, કેન્દ્રભૂત દ્વાદશ જ્યોતિર્લિંગોમાં સર્વપ્રથમ મનાયેલ શ્રી સોમનાથ મહાદેવનું ભારતપ્રસિદ્ધ જ્યાં તીર્થધામ છે; એવા પ્રખ્યાત ને પવિત્ર તીર્થની પાસે પાટણ નામનું ગામ આવેલું છે કે જે, લોકોમાં પ્રભાસપાટણ નામે ઓળખાય છે.

એ પુનિત **પાટણ** ગામમાં સાધુ–સંતોમાં આદરભાવવાળું, કર્મકાંડી, અને ભક્તિમાન અતિ પવિત્ર એવું એક બ્રાહ્મણ કુટુંબ રહેતું હતું. તેમાં ગણેશ ભટ્ટ નામે એક સુપ્રતિષ્ઠિત વેદશાસ્ત્રસંપન્ન ધુરંધર વિદ્વાન હતા. તેઓ પોતાના ઈષ્ટદેવ સોમનાથ મહાદેવની ભક્તિ, બ્રાહ્મણોચિત કર્મકાંડ અને વિદ્યાવિતરણમાં પોતાનો સમય સાર્થક કરતા હતા. ગણેશ ભટ્ટને સુલક્ષણી પતિપરાયણ ધનબા નામનાં એક પત્ની હતાં. ગણેશ ભટ્ટનું ઘર સાધનસંપન્ન અને લક્ષ્મીજીની મહેરવાળું હતું. બંનેય દયા, પ્રેમ, પરોપકાર તથા વાત્સલ્યાદિક અનેક સદ્ગુણથી સમલંકૃત હોઈ સર્વના આદરસત્કારનાં પાત્ર બન્યાં હતાં. યોગ્ય સમયે આ દંપતીને બે પુત્રો અને એક સુશીલ પુત્રી એમ ત્રણ સંતાન થયાં હતાં. મોટા પુત્રનું નામ સોમેશ્વર, વચેટ પુત્રી જયાગૌરી અને નાના પુત્રનું નામ ગોવિંદરામ હતું. ત્રણેય સંતાનોમાંથી નાના પુત્ર ગોવિંદરામ કોઈ યોગભ્રષ્ટ યોગી જેવા હતા. તેમનો જન્મ **શૂચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે** એ પ્રભુ કૃષ્ણચંદ્રે ગીતામાં કહેલ આદેશ પ્રમાણે પવિત્ર બ્રાહ્મણકુળ અને સાધનસંપન્ન ઘરમાં વિક્રમ સં. ૧૮૫૦ મહા સુદ વસંતપંચમીના માંગલિક પર્વના પુનિત દિને શુભ યોગમાં થયો હતો. ગણેશ ભટ્ટે આઠમે વર્ષે શાસ્ત્રીય વિધિપૂર્વક ગોવિંદરામને યજ્ઞોપવીત સંસ્કાર કરાવી, વિદ્યારંભ કરાવ્યો. ગોવિંદરામે પોતાના પિતા પાસે જ કર્મકાંડ અને વેદશાસ્ત્રોનો બધો અભ્યાસ પૂર્વસંસ્કારના

બળથી અલ્પસમયમાં પરિપૂર્ણ કર્યો. કુટુંબી જનોમાં વિવાહસંબંધી ચર્ચા થતાં, ગોવિંદરામે સંસારવ્યવહારમાં તીવ્ર ઉદાસીનતા જણાવી અને તેમાં નહિ જોડાવા સ્પષ્ટ ના કહી. ઉત્કટ વૈરાગ્ય હોવાથી એમણે પ્રથમથી જ સંસારવ્યવહારમાં ચિત્ત દીધું જ નહિ. ઈશ્વરભક્તિ અને શાસ્ત્રચિંતનમાં જ તેઓ સમય વ્યતીત કરવા લાગ્યા. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ તથા શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણીધાન વગેરે યોગશાસ્ત્રમાં કહેલા મોક્ષોપયોગી યમનિયમાદિ મૂળભૂત સદ્‌ગુણો તેમનામાં નૈસર્ગિક રીતે જ હતા. પોતાના મનમાં સંતસમાગમની તીવ્ર અભિલાષા જાગૃત થતાં ઘરકુટુંબથી અલગ સોમનાથ મહાદેવના મંદિર પાસે નિવાસ રાખ્યો, અને સાચા સદ્‌ગુરુની શોધમાં તત્પર રહેવા લાગ્યા.

બ્રહ્મનિષ્ઠ ગુરુની શોધ

ગોવિંદરામનું હૃદય પ્રભુમય બની ગયું હતું. જગતની કોઇ પણ વસ્તુમાં એનું મન લોભાતું નહિ. રાત્રિદિવસ જપ, તપ સાથે શાસ્ત્રપઠન કરવું એમાં જ એમનું મન પરોવાયેલું રહેતું. બીજી કોઇ વસ્તુ એમને ગમતી નહિ. "પ્રભુના પ્યારા પરમહંસ કે કોઇ સંતમહાત્મા મળી જાય તો ભવસાગરનો ફેરો ટળી જાય" એવી ઝંખનામાં તેઓ વિવેકદૃષ્ટિથી સંતમહાત્માઓનાં દર્શન, સેવાસમાગમનો હરવખત લાભ લેતા. જેને જે બાબતની ખરી ઝંખના હોય, સાચી તાલાવેલી લાગે અને ખરો ખપ જાગે તો અવશ્ય તેને તે વસ્તુની પ્રાપ્તિ થાય છે. આ ન્યાયે ભગવાન સ્વામિનારાયણના અગ્રગણ્ય મહાસમર્થ સંત સ્વામી શ્રી મુક્તાનંદજી સંતમંડળ સાથે તીર્થયાત્રા કરતા કરતા પ્રભાસક્ષેત્રમાં પધાર્યા. તેઓએ નદીકિનારે વૃક્ષ નીચે નિવાસ કર્યો. ગોવિંદરામ પ્રતિદિન પ્રાતઃકાળમાં નિત્યવિધિ કરવા ત્રિવેણીસંગમ ઉપર જતા. સ્નાન કર્યા પછી સંધ્યાગાયત્રી વગેરે ત્યાં જ કરતા હતા. જપ કરતાં કરતાં એમણે દૂરથી ભગવાં વસ્ત્રો જોયાં. એટલે વિચાર કર્યો "કોઇ સ્વામીજી પધાર્યા છે. માટે તેમનાં દર્શન કરતો જાઉં" પછી નિત્યનિયમથી પરવારી, દર્શન માટે સ્વામીજીની નિકટ આવી નમસ્કાર કર્યા. સ્વામીનાં દર્શનમાત્રથી જ તેમનું મન શાંત અને સંકલ્પરહિત બની ગયું. થોડી શાસ્ત્રચર્ચા થતાં ગોવિંદરામનું અંતઃકરણ સ્વામીજી તરફ આકર્ષિત થવા લાગ્યું. આથી એમને વિશ્વાસ આવ્યો કે, સેવા–સમાગમ કરવા જેવા આ કોઇ સમર્થ મહાપુરુષ છે.

ગોવિંદરામે પરિચય પૂછ્યાં સ્વામીજીએ કહ્યું: "અમારા ગુરુ સ્વામિનારાયણ એ પોતે અત્યારે પ્રગટ ભગવાન છે, અનંત જીવોનો ઉદ્ધાર કરવા દયા કરીને તેઓ પૃથ્વી પર પધાર્યા છે, તેઓ અષ્ટાંગયોગની સાધના કર્યા વિના, પામર કે પાપી મનુષ્યોને પણ તત્કાળ સમાધિ કરાવવી વગેરે આશ્ચર્યકારક ઐશ્વર્યોથી અનેક જીવાત્માઓને પોતાની ભગવાનપણાની ઓળખાણ કરાવતા હાલમાં સરધાર વગેરે ગામો તરફ વિચરે છે. અમે તેમના સાધુઓ છીએ. તીર્થયાત્રા નિમિત્તે અહીં આવ્યા છીએ. થોડા સમયમાં જ અમારા ગુરુ ભગવાન સ્વામિનારાયણ જેતપુર પધારવાના છે. ત્યાં અમો તેમનાં દર્શન કરવા જઈશું."

મુક્તાનંદસ્વામી સંતો સહિત ત્રણ દિવસ પ્રભાસક્ષેત્રમાં રહ્યા ત્યાં સુધી ગોવિંદરામ સ્વામીનાં દર્શન કરવા હમેશાં આવતા અને મોક્ષદાયી મનનીય ઉપદેશ સાંભળી તેઓ જીવનની ધન્યતા અનુભવતા હતા. પ્રગટ પ્રભુના ઐશ્વર્ય–પ્રતાપ અને માહાત્મ્યની વાતો સાંભળી પ્રથમ તો ગોવિંદરામનું મન સંકલ્પ–વિકલ્પને હિલોળે ચડ્યું કે, "તે પ્રભુ હશે કે નહિ ? તેમનાં દર્શન કરવા જેતપુર જવું કે નહિ ?" પરંતુ મુક્તાનંદ સ્વામીની પ્રભાવશાળી સાધુતા જોઈને તથા શાસ્ત્રના રહસ્યપૂર્ણ સંશયોચ્છેદી એમની પ્રગલ્ભ મધુરવાણી સાંભળી ગોવિંદરામને સ્વામીને વિષે અત્યંત પૂજ્યભાવ સાથે આત્મબુદ્ધિ થઈ ગઈ એટલે નિ:સંશય થઈ ખૂબ જ સંતોષ પામ્યા અને શ્રીહરિનાં દર્શન કરવાનો દૃઢ નિર્ણય કર્યો.

ગૃહત્યાગ અને સાધુદીક્ષા

વિક્રમ સં. ૧૮૭૦ ફાગણ સુદ ૧૧ ના મંગળ દિવસે મુક્તાનંદ સ્વામીની સાથે ગોવિંદરામે પાટણથી પ્રસ્થાન કર્યું અને સ્વામીની સાથે લોજ ગામે આવી કેટલાક દિવસો ત્યાં રહ્યા. તે સમય દરમિયાન તેમણે સ્વામી પાસે સંગીતનો અભ્યાસ શરૂ કર્યો. પછી શ્રીહરિ જેતપુર પધાર્યા છે તેવા સમાચાર મળ્યા કે તરત જ સ્વામીની સાથે ગોવિંદરામ શ્રીહરિનાં દર્શન કરવા જેતપુર પહોંચ્યા. એ વખતે શ્રીહરિ સભામાં બિરાજેલ હતા, તેમનાં દર્શન કરવા પાસે ગયા કે તત્કાળ ગોવિંદરામને સમાધિ થઈ ગઈ. અક્ષરધામમાં અતિશય શીતળ, શાંત, તેજના સમૂહની મધ્યે અસંખ્ય અક્ષરમુક્તોથી સેવાયેલા તથા અનંત ઈશ્વરો વડે સ્તુતિ કરાયેલા સર્વાધીશ ભગવાન શ્રીસ્વામિનારાયણ પ્રભુનાં દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં. આમ વિના સાધને

તત્કાળ સમાધિ થઇ અને તેમાં પ્રભુનાં શાશ્વત સુખનો પ્રત્યક્ષ અનુભવ થયો તેથી ગોવિંદરામને 'સ્વામિનારાયણ એ પરબ્રહ્મ પરમાત્મા છે' આવા સર્વોપરિપણાનો અતિ દૃઢ નિશ્ચય થઇ ગયો. પછી શ્રીહરિએ કૃપા કરી તેમને સમાધિમાંથી જાગૃત કર્યા, ત્યારે તેઓ શ્રીહરિની સ્તુતિ-પ્રાર્થના કરતા કહેવા લાગ્યા કે, 'અપરિમિત શક્તિ-સામર્થ્યપૂર્ણ આપશ્રીએ મને મહાદુર્લભ સર્વશ્રેષ્ઠ સુખનો અનુભવ કરાવ્યો, એથી હું કૃતકૃત્ય અને ધન્ય બની ગયો છું. હવે મને કોઇ પ્રકારની અપેક્ષા કે ઇચ્છા રહી નથી. માટે હે દયાળુ ! હવે વિશેષ કૃપા કરી મને સાધુદીક્ષા આપી આપની સેવામાં રાખો. ત્યારે શ્રીજી મહારાજે થોડા દિવસ સ્વામીની સાથે શ્વેત કપડે રહી તેમની સેવા કરવાનો આદેશ આપ્યો. પછી ગોવિંદરામ શ્વેતકપડે મુક્તાનંદ સ્વામીની સેવામાં રહ્યા અને સાથોસાથ સંગીતવિદ્યાનો અભ્યાસ સ્વામી પાસે ચાલુ રાખ્યો. થોડા મહિના બાદ સં. ૧૮૭૧ કાર્તિક સુદ ૧૧ના દિને માંગરોળ ગામે શ્રીજી મહારાજે તેમને વિધિપૂર્વક સાધુદીક્ષા આપી **વિજ્ઞાનાનંદ** સ્વામી એવું નામ રાખ્યું.

શાસ્ત્રીય સંગીતનો અભ્યાસ અને ગ્રંથલેખનની સેવા

વિજ્ઞાનાનંદ સ્વામી ઘેરથી સંસ્કૃતવિદ્યાનો સારો અભ્યાસ કરીને આવ્યા હતા. ત્યાગી થયા પછી સંગીતવિદ્યાનો શાસ્ત્રીય અભ્યાસ મુક્તાનંદ સ્વામી પાસે શિષ્ય તરીકે રહીને ઘણા સમય સુધી કર્યો હતો. એથી તેઓ ગાનવિદ્યામાં ઘણા કુશળ બન્યા હતા. સારા સંગીતકાર તરીકેની તેમની ખ્યાતિ હતી. એમનો કંઠ પહાડી છતાં મધુર હતો. કીર્તનો ગાવાની એમની ઢબ અત્યંત આકર્ષક હતી. સ્વરની મીઠાશ અને વાણીની સ્પષ્ટતા જોઇ એમનું ગાયન સાંભળવાની સૌ કોઇને લાલસા રહેતી. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી વગેરે મોટા નંદ સંતોનાં નવીન નવીન કીર્તનો તેઓ હરવખત સભામાં ગાતા. શ્રીજીના સમયમાં એવી પ્રથા હતી કે હમેશાં સવાર-સાંજની સભામાં પ્રથમ સારંગી, સિતાર, સરોદો, ઇસરાજ, દિલરૂબા વગેરે વાજિંત્રો સાથે શાસ્ત્રીય સંગીત અને સુગમ સંગીતની પદ્ધતિથી કીર્તનો ગવાય, ધૂન થાય. પછી મોટા સંતો કથાવાર્તા કરે. આ રીતે પ્રતિદિનના ક્રમ પ્રમાણે નાના મોટા દરેક ગવૈયા સંતો સભામાં શ્રીજી મહારાજની આગળ કીર્તનો ગાતા, તેમાં ગવૈયા વિજ્ઞાનાનંદ સ્વામી હરવખત પ્રેમાર્દ્ર હૃદયથી મૂર્તિમાં તલ્લીન થઇને ખૂબ શ્રદ્ધાથી કીર્તનો ગાતા હતા. તેથી કેટલીક વાર શ્રીજી મહારાજ પ્રસન્ન થઇ તેમને

પ્રેમથી ભેટી પ્રસાદીની વસ્તુઓ આપતા.

વિજ્ઞાનાનંદ સ્વામી જેમ શ્રેષ્ઠ વિદ્વાન ને ઉત્તમ સંગીતકાર હતા તેમ તેઓ એક સારા લહિયા પણ હતા. લહિયા તરીકે એમણે ગ્રંથલેખનની ઘણી ઉપયોગી સેવા કરેલી. સંતશિરોમણિ મહામુનિ મુક્તાનંદ સ્વામીની પ્રથમથીજ એવી રુચિ હતી કે, સંપ્રદાયના સાહિત્યનાં સર્જન અને વિકાસ હમેશાં થતાં રહે. આ હેતુથી સ્વામી પોતે વેદશાસ્ત્રના રહસ્યથી ભરપૂર સર્વગ્રાહ્ય સુંદર કીર્તનો તથા નવા ગ્રંથોની રચના કર્યા કરતા. "શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી ને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તેજ દેહપર્યંત કર્યાજ કરજો ને તમારે દેહ રહે ત્યાં સુધી તમને એજ આજ્ઞા છે." (વ.ચ.ગ.મ. ૫૮). આ રીતે પોતાની રુચિ અને શ્રીજી મહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી સંસ્કૃત પ્રાકૃત નવા ગ્રંથો તથા કીર્તનો બનાવતા; તેને લખવા-શોધવા ગ્રંથોની પ્રતો લખી લખીને બીજાને આપવી તથા સૌ કોઈને સ્વામી વગેરે નંદ સંતનાં કીર્તનોના ખરડા લખી આપવા, વગેરે લેખનકાર્યથી એક સારા સેવાભાવી લહિયા તરીકે અતિશય ઉપયોગી અમૂલ્ય સેવા કરીને વિજ્ઞાનાનંદ સ્વામીએ મોટા નંદ સંતો અને શ્રીજીની ઘણી જ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. વિજ્ઞાનાનંદ સ્વામીના હસ્તાક્ષરેથી લખાયેલાં કેટલાંક પુસ્તકો વડતાલ ગાદીના પૂજ્ય આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજીમહારાજ સંસ્થાપિત "પુરાતત્ત્વસંશોધન ખાતા" માં સુરક્ષિત છે.

સ્વામીનું શ્રેષ્ઠ વર્તન.

વિજ્ઞાનાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામી પાસે રહી પોતાના સેવાભાવી સદ્વર્તનથી સંસ્કૃત અને સંગીતવિદ્યાનો ઊંડો અભ્યાસ કરી એક સારા અનુભવી યોગ્ય વિદ્વાન તરીકે તૈયાર થયા. અને કથાવાર્તા કરવાની પણ કુશળતા મેળવી હતી. સ્વામીની સાથે મોટે ભાગે ગામડાં ફરતાં ફરતાં પોતે વિદ્યાભ્યાસ કર્યો હતો એથી મુક્તાનંદ સ્વામીની સાધુતાપૂર્ણ પ્રભાવશાળી સદ્વર્તનની છાપ વિજ્ઞાનાનંદ સ્વામી ઉપર પડી હતી. તેથી તેઓ વિદ્વાન અને શ્રેષ્ઠસંગીતજ્ઞ હોવા છતાં પણ, બરાબર સમજતા હતા કે, **કેવળ વિદ્વત્તા અગર લૌકિક શ્રેષ્ઠગુણોથી પ્રભુ પ્રસન્ન થતા નથી.** પરંતુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને પ્રભુભક્તિથી જીવન જ્યારે રંગાઈ જાય, અને પોતાની આદર્શ સાધુતા જોઈને અથવા ઉપદેશ સાંભળીને પામર પ્રાણીઓ પણ દુર્ગુણો છોડી

ધર્મનિષ્ઠ બની પ્રભુમય જીવન જીવતા થઇ જાય ત્યારે સાચી સાધુતા મેળવી ગણાય. એવી **સાધુતા વિના કેવળ વિદ્વત્તા અથવા કોઈ શ્રેષ્ઠગુણોથી માયા પાર થઈ શકાતું નથી.** પ્રભુના પદની પ્રાપ્તિ તો તપ, ત્યાગપૂર્વક ઈષ્ટદેવની અતિ દૃઢ સર્વોપરી નિષ્ઠા સાથે ધ્યાનભજન અને આજ્ઞાઉપાસનાના યથાર્થ પાલનથી થાય છે.

સ્વામીની આવી દૃઢ નિષ્ઠા હોવાથી, શ્રીજી મહારાજ સંતોને વારંવાર જે જે કડકમાં કડક આજ્ઞાઓ કરતા હતા, તેનું પોતે શૂરવીરપણે પાલન કરતા હતા, તેમાંના કેટલાક ધર્મનિયમોનાં પ્રકરણો આ પ્રમાણે હતાં : "ભિક્ષા માગી લાવી તેને પાણીમાં ધોઇ કાચા લોટના ગોળા વાળી જમી લેવા અથવા લોટ પાણીમાં ડોઇ તે પી જવો (૧) શેરડીમાંથી કે દૂધમાંથી થાય તેવી કોઈપણ રસકસવાળી વસ્તુ ખાવીપીવી નહિ. (૨) શિયાળાની કડકડતી ઠંડીમાં ગામથી દૂર સીમ કે વન-વગડામાં ફક્ત એક કોપીનભર ખુલ્લે શરીરે રહેવું. (૩) સન્માન થાય ત્યાંથી ચાલી નીકળવું. (૪) અપમાન થાય ત્યાં વધારે રહેવું. (૫) એક જીવને વર્તમાન ધરાવ્યા પછી જ અનાજ લેવું. ઈત્યાદિ જુદે જુદે વખતે બદલાતાં ધર્મનિયમોનાં પ્રકરણોની કઠિન પરીક્ષામાં વિજ્ઞાનાનંદ સ્વામી સફળતાપૂર્વક આગળ વધી પોતાની ત્યાગપ્રધાન સાધુતા કેળવતા હતા. એમના જીવનનું એકજ પ્રધાન ધ્યેય હતું કે, કોઈની સાથે સ્પર્ધા અગર ઈર્ષા કર્યા વિના સેવા અને સ્મરણમાં સમયનો સદુપયોગ કરી ઈષ્ટદેવની આજ્ઞામાં દૃઢપણે વર્તવું, પણ ધર્મના નિયમોમાં સ્વલ્પ જેટલો પણ ફેર પડવા દેવો નહિ. આ ધ્યેય પ્રમાણે સ્વામી જીવનભર એક સરખી રીતે શાંત ને સરલપણે વર્ત્યા હતા.

સ્વામીની સત્સંગપ્રચારની પ્રબળ ભાવના

સાધુ પુરુષો અને અન્ય મનુષ્યોમાં એજ મોટો ફેર હોય છે કે, મનુષ્યો હમેશાં પોતાનીજ ઉન્નતિ અગર ભલું કરે છે. પરંતુ સાધુ પુરુષો તો, પોતાનું કલ્યાણ સાધી બીજા અનેક મનુષ્યોના કલ્યાણ માટે જીવનભર મુશ્કેલીઓ સહન કરીને પણ પ્રબળ પ્રયાસ કરતા હોય છે. **साध्नोति स्वपरकार्याणि इति साधुः સાધુ શબ્દનો અર્થ જ એ છે કે, જે પોતાનું અને બીજાનું મોક્ષરૂપી કાર્ય સિદ્ધ કરે.** આ ન્યાયે શ્રીજીના સર્વજીવહિતાવહ સિદ્ધાન્ત પ્રમાણે વિજ્ઞાનાનંદ

સ્વામીના હૃદયમાં સત્સંગપ્રચારની પ્રબળ ભાવના હતી. સંગીતવિદ્યામાં કુશળતા મેળવવાનો એમનો મુખ્ય હેતુ એ જ હતો કે, એ દ્વારા લોકોને આકર્ષી ભગવત સન્મુખ કરી શકાય.

શ્રીજીના સમયમાં સર્વસંતોનું એજ મુખ્ય ધ્યેય ને કાર્ય હતું કે, **પોતે સર્વ રીતે યોગ્ય બનવું અને અનેક સંસારી જીવોને સદ્‌બોધ આપી ભગવતસન્મુખ કરવા.** શ્રીજી મહારાજ એવા યોગ્યતાવાળા સાધુઓનાં મંડળો બાંધી તેમને દેશદેશાંતરમાં સત્સંગપ્રચાર કરવા માટે ઘણે દૂર દૂર સુધી હર વખત મોકલતા. આ રીતે વિજ્ઞાનાનંદ સ્વામીની વિશેષ યોગ્યતા જોઇ, તેમનામાં સ્વરૂપનિષ્ઠાનું બળ અને સત્સંગપ્રચારની ઉત્કટ અભિલાષા નિહાળીને શ્રીજીએ તેમને જંગલી ને પહાડી પ્રદેશ તરફ ફરવા જવાની આજ્ઞા કરેલી. શ્રીજીઆજ્ઞા શિરોમાન્ય રાખી સ્વામીએ નિમાડ, ખાનદેશ, ઝાડીદેશ, જંબુસરબારાં અને રાજસ્થાન–મારવાડ વગેર પ્રદેશમાં વિચરી લોકોના વિરોધ, વૈર અને તિરસ્કારો સહન કરીને ત્યાં સત્સંગ કરાવ્યો અને કેટલેક સ્થળે મંદિરો પણ બંધાવ્યાં. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિ ગ્રંથ બનાવ્યો ત્યારે વિજ્ઞાનાનંદ સ્વામી પાસે એ દૂર પ્રદેશોના સત્સંગીઓનાં નામનો સંગ્રહ હતો તે તેમની પાસેથી માગી લીધો હતો. હાલમાં પણ દર વર્ષે એ દૂર દેશમાં વડતાલના સંતો ફરવા જાય છે.

જ્યાં ગુજરાતી ભાષામાં કોઇ સમજે નહિ એવા સાવ અજાણ્યા ઝાડ–પહાડવાળા વિકટ પ્રદેશોમાં પગે ચાલીને ફરવું અને એમની ગામઠી ભાષામાં અસરકારક ઉપદેશ આપવો એ કેટલું અઘરું કામ છે, છતાં સ્વામી ભારે ઉત્સાહથી એ કાર્ય કરતા. મરાઠી, મારવાડી અને હિંદી વગેરે વિવિધ ભાષાઓમાં કુશળતા મેળવી એમાં વ્યાખ્યાન–પ્રવચન કરવું એ અત્યંત તીવ્ર બુદ્ધિવાળા માણસનું કામ છે. આ ઉપરથી સ્વામી કેટલા શક્તિશાળી હતા તેનો ખ્યાલ આવે છે. આવા શક્તિશાળી મહાપુરુષ લોકોનાં અપમાન સહન કરે અને હરવખત બબ્બે ત્રણત્રણ દિવસ ભૂખ્યા રહીને પણ છછ મહિના સુધી એકધારા પગપાળા ફરી લોકોને ધર્મનું તત્ત્વ સમજાવવામાં પોતાની બધી શક્તિ ખરચી નાખે, એ એમની જીવાત્માઓ ઉપર કેટલી મોટી નિઃસ્વાર્થ દયા કહેવાય ? સર્વોદયની ભાવનાવાળા, સર્વનું હિત અને

કલ્યાણ કરનારા આવા મહાપુરુષોનાં દર્શનસેવા સમાગમથી અવશ્ય અનેક મનુષ્યોનો ઉદ્ધાર થાય છે.

સ્વામીનું નિર્માનીપણું અને સ્વખ્યાતિનો અભાવ.

શ્રીજી મહારાજને હાથે દીક્ષા પામેલા એક હજાર ઉપરાંત નંદ સંતો હતા. તેમાં સૌની પાછળ વિજ્ઞાનાનંદ સ્વામી રહ્યા હતા. સં. ૧૯૪૧ની સાલ સુધી તેઓ હયાત હતા. તેથી શ્રીજીદીક્ષિત નંદ સંત તરીકે તેમનો ખૂબ મહિમા સમજીને અનેક સાધુ–સત્સંગીઓ તેમનાં દર્શન કરવા આવતા; અને એમણે નજરે જોયેલી શ્રીજી મહારાજની જૂની જૂની અદ્‌ભુત વાતો સાંભળી સહુ રાજી થતા. આ રીતે સ્વામીની પ્રસિદ્ધિ હતી અને એમના તરફ સૌને અતિશય આદરભાવ હતો. પોતે વિદ્વાન તથા ગવૈયા હોવા ઉપરાંત જ્યોતિષ અને આયુર્વેદના પણ સારા જાણકાર હતા – એ એમના જીવનપ્રસંગોમાંથી આપણે જાણીશું.

બેઉ વિજ્ઞાનાનંદ સુનામ રે, તેમાં એક તો જ્ઞાની અકામ રે,
બીજા મંડાલાધીશ પુરાણી રે, વળી ગાનવિદ્યા શુભ જાણી રે."

(નંદનામમાળા)

"વિજ્ઞાનાનંદ સ્વામી વિદુષજનમણિ, હું હતો તેહ પાસ."

(હરિલીલામૃત ૧:૩)

આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે હરિલીલામૃત ગ્રંથની રચના વખતે વિદ્વાનોમાં મણિરૂપ એવા વિજ્ઞાનાનંદ સ્વામીને સલાહ લેવા માટે બોલાવ્યા; ભૂમાનંદ સ્વામી કહે છે. ત્યારે હું પણ સ્વામીની સાથે જ હતો. આ રીતે વિજ્ઞાનાનંદ સ્વામી પોતાના વિશિષ્ટ સદ્‌ગુણોથી અગ્રગણ્ય હતા. એમનું ભજનભક્તિનું અંગ, શ્રીજીના સ્વરૂપની સર્વોપરિ નિષ્ઠા અને આદર્શ સાધુતા – સ્વામીના આ ગુણો તો દરેકને અનુકરણીય બોધપાઠ આપે તેવા સર્વોચ્ચ પ્રકારના હતા. સ્વામીએ ઘણા સત્સંગીઓને આશીર્વાદ આપી, તેમનાં વિઘ્નો તથા દુઃખો દૂર કરી તેમને પરમસુખિયા કર્યા હતા. તેથી તેમને બધા લોકો ઈશ્વરની પેઠે માનતા હતા.

આ પ્રમાણે વિજ્ઞાનાનંદ સ્વામી સર્વ સદ્‌ગુણસંપન્ન, સાધુતાના શ્રેષ્ઠ ભૂષણરૂપ અને ઘણાજ પ્રતિષ્ઠિત હોવા છતાં પણ એમનામાં વિનય-વિવેક અને અતિશય નિર્માનીપણું હતું. રંચ જેટલું અભિમાન કે ગર્વ હતો નહિ. નાનામાં નાના સાધુ કે સત્સંગી આગળ પણ સ્વામી નમ્રભાવ રાખી સર્વની સાથે ખૂબ જ સરળપણે વર્તતા હતા. 'હું આવો ગુણિયલ અગર મોટો છું' આવો એમના મનમાં જરાપણ ખ્યાલ હતો નહિ. તેમજ 'સમાજમાં હું પ્રસિદ્ધ થાઉં કે આગળ આવું' આવી પણ એમને બિલકુલ ઇચ્છા હતી નહિ.

સ્વામીનો ખાસ એવો સિદ્ધાંત હતો કે "અમે સાધુ છીએ. અમારામાં કાંઇ નથી; અમારામાં જે કાંઇ શ્રેષ્ઠપણું જણાતું હોય તે બધું કેવળ પ્રભુની દયાથી મળેલું હોય છે, માટે તમે સૌ, પ્રભુમાં જોડાઓ અને એ પ્રભુનો મહિમા-મોટપ સમજી એમના ગુણોનું ગાન કરો, પણ કોઇ સંત-સાધુ કે ભક્તોની પાછળ ગાંડા-ઘેલા થઇ પ્રભુને ભૂલી જશો નહિ. જો કેવળ ગુરુની પ્રશંસા કરવામાં કે એમની પૂજા-પ્રતિષ્ઠા વધારવામાં જ આપણો સમય જતો હોય, અગર સંપત્તિ ખરચાતી હોય, તો કદાચ ગુરુ રાજી થાય પરંતુ જેના હાથમાં બધું છે એ ગુરુના પણ મહાગુરુ સર્વાધીશ પરમાત્મા કુરાજી થાય, તો એ ગુરુજી અને વિવેકહિન તેના શિષ્ય-ચેલાઓ આ લોકની માયાજાળથી કદી પણ બહાર નીકળી શકે નહિ., ને મોક્ષ એક બાજુ રહી જાય. સોળવલા સોના જેવો આત્મા છે તે માયાના આવરણથી આઠવલા સોના જેવો અશુદ્ધ થઇ જાય છે. તેને ફરીથી સોળવલો કરવા માટે સોનાને જેમ અગ્નિની આકરી ભઠ્ઠીમાં નાખી શુદ્ધ કરાય છે; તેમ ગુરુ છે તે જ્ઞાનરૂપી અગ્નિથી જીવાત્માને વિશુદ્ધ બનાવી પ્રભુમાં જોડે છે. **ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुतेऽर्जुन ।**

આ રીતે મોક્ષરૂપી મોટું કાર્ય કરવામાં ગુરુ છે એ સાચા હિતેચ્છુની પેઠે મમત્વથી પુષ્કળ સહાય-સૂચના કરતા રહે છે. માટે શાસ્ત્રોમાં ગુરુનાં દર્શન, સેવા-સમાગમ કરવાનો મહિમા કહેલો છે. પણ તેથી બધું ગુરુકૃપાથી જ થાય છે એમ માની પ્રભુને ગૌણ કરી ગુરુની જ પૂજા-સેવા કરવા મંડી પડાય અને ગુરુને પ્રભુ જેવા કે પ્રભુથી અધિક માની પ્રસાદ પાણી અને આદર સત્કારમાંજ આનંદ મનાય પણ પ્રભુનાં ધ્યાન, ભજન કે પ્રભુની આજ્ઞારૂપ યમ-નિયમ, વ્રત-ટેક પાલન

કરવામાં જરાય સમયનો ભોગ આપી શકાય નહિ ને એક બીજાના મહિમા-મોટપ કહેવામાં કેટલોય સમય ચાલ્યો જાય એમાં શી રીતે મોક્ષ મળે ? તે દરેક મોક્ષભાગીએ ખૂબખૂબ વિચારવું જોઈએ. **ગુરુ ગમે તેવા સમર્થ કે સમાધિનિષ્ઠ હોય તોપણ પ્રભુની આજ્ઞામય સદાચારરૂપ ધર્મનું પાલન અને પ્રભુનું ધ્યાન-ભજન કરાવ્યા વિના પોતાના બળથી કદીપણ કોઈનો મોક્ષ કરી શકેજ નહિ** એ નિર્વિવાદ સોએ સો ટકા સત્ય સિદ્ધાંત છે, એમાં લેશમાત્ર સંશય નથી.

પોતાની સાધારણ સ્થિતિ હોય, અથવા ઉચ્ચકોટિની સ્થિતિ હોય અને મોટાં કાર્યો કરવાની પ્રબળ શક્તિ હોય, આવા શ્રેષ્ઠ કે પૂજ્ય મનાયેલા મહાપુરુષોની લોકો જ્યારે પ્રશંસા કરવા માંડે તથા ઝાઝા માણસો માનવા-પૂજવા લાગે ત્યારે તેને પોતાની સ્થિતિ અગર આચરણનું મોટે ભાગે ભાન રહેતું નથી. તેથી એ શિષ્યોના કામાદિ દોષો દૂર કરી તેને પ્રભુમાં જોડી શક્તા નથી, કારણ કે, **માન-મોટપ મેળવવાની ઈચ્છા, પ્રખ્યાત થવાની લાલસા અને પૂજાવાની ભાવના,** આ બાબતો એવી છે કે ભલભલા ભક્તો, સંતો કે સિદ્ધપુરુષોને પણ પામર બનાવી રાખમાં રોળે છે, જેના અનેક દાખલા સુજ્ઞજનોથી અજાણ્યા હોતા નથી. આ પ્રમાણે સ્વામીનો દૃઢ સિદ્ધાંત હતો કે, જે દરેક મુમુક્ષુએ પ્રતિદિન ખ્યાલમાં રાખવા જેવો અતિ ઉપયોગી છે.

સ્વામીની આધ્યાત્મિક સ્થિતિ.

પરમ પૂજ્ય સદ્ગુરુ શ્રી વિજ્ઞાનાનંદ સ્વામીને વિષે જેમ લૌકિક શ્રેષ્ઠ ગુણો હતા, એજ રીતે એમનામાં આધ્યાત્મિક ગુણો પણ ઉચ્ચ કોટિના હતા. એમણે ત્યાગ-વૈરાગ્યપ્રધાન જીવન ગાળી, જપ-તપ, ધ્યાન-ભજન અને મોક્ષોપયોગી વિવિધ વ્રતો-ચાંદ્રાયણો વગેરે ઘણાં સાધન કર્યાં હતાં. અને વિશેષપણે તો ધીરેધીરે ધ્યાનનો અભ્યાસ કરતાં કરતાં તેઓ રાત્રીના આઠ આઠ કલાક સુધી અખંડ ધ્યાનમાં બેસી શ્રીજીની મૂર્તિનું દિવ્ય સુખ અનુભવતા હતા. છતાં પણ યોગશાસ્ત્રની રીતે તેઓ શરીરશુદ્ધિ માટે અષ્ટાંગયોગની કેટલીક સરળ ક્રિયાઓ કરતા. તથા ચિત્તશુદ્ધિ અને મનની સ્થિરતા માટે કરાતા અનેક પ્રકારના પ્રાણાયામની પ્રક્રિયાના પણ તેઓ ઉત્તમ જાણકાર હતા.

પરંતુ એમણે જે સમાધિ સુધીની સ્થિતિ પ્રાપ્ત કરી હતી તે તો શ્રીજી મહારાજની પ્રેરણા પ્રમાણે હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં કે સુતાં-બેઠાં, એમ સર્વ ક્રિયામાં મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખી નામસ્મરણ કરવું, એકાંતમાં સ્થિરચિત્તે બેસી પ્રથમ એક કલાક, પછી બે કલાક મૌન રહી માળા ફેરવવી, પછી માળા વિના મૌન થઇ આંખો મીચી માનસિક જપ કરવો, આ રીતે મન સંકલ્પરહિત થાય ત્યાં સુધી હમેશાં વહેલી સવારે અને રાત્રિના બબ્બે ચારચાર કલાક સુધી માળા તથા માનસિક જપ કર્યા કરવો, મનની સ્થિરતા અને ચિત્તની શુદ્ધિ થયા પછી પ્રભુનું ધ્યાન કરવું. આ રીતે ક્રમથી કરેલું ધ્યાન તેને ધ્યાનયોગ કહે છે. એ ધ્યાનયોગથી સરલતાપૂર્વક પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન થાય છે. આમ રાજયોગની પદ્ધતિ પ્રમાણે સ્વામીએ હમેશાં આઠઆઠ કલાક સુધી અખંડ ધ્યાનયોગનો અભ્યાસ કરી મૂર્તિનો સાક્ષાત્કાર કર્યો હતો.

શ્રીજી મહારાજના સમયમાં કેટલાક સંતો હઠયોગ તથા અષ્ટાંગયોગની બધી ક્રિયાઓ યથાર્થ રીતે જાણતા અને એ દ્વારા પોતે સમાધિમાં જઇ શકતા અને બીજાને પણ સમાધિ કરાવી શકતા. પરંતુ હઠયોગની ક્રિયાઓ શીખવામાં અને તેને સિદ્ધ કરવામાં ઘણો લાંબો સમય જોઇએ, અને તે પણ સારા યોગાભ્યાસી ગુરુના માર્ગદર્શન વિના સમાધિ સુધી પહોંચવું અશક્ય હોય છે. તેથી પ્રથમના સંતો **યમ અને નિયમનું સંપૂર્ણ રીતે પાલન કરી,** મૌનવ્રત રાખી રાજયોગની રીતે સિદ્ધાસન, પદ્માસન કે સ્વસ્તિકાસન વગેરેમાં સ્થિર બેસીને જપ-માળા વગેરેથી આરંભ કરી માનસિક જપ કરતા. અને ધીરે ધીરે ધારણા તથા ધ્યાનનો અભ્યાસ વધારતા રહી સમાધિદશા સિદ્ધ કરતા. એટલે ધ્યાનયોગ દ્વારા શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર પ્રત્યક્ષ દર્શન કરી શકે તેવી અસંપ્રજ્ઞાત સમાધિની બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરતા હતા. શ્રીજીદીક્ષિત નંદસંતો અને એ નંદસંતોને મળેલા એકાંતિક સંતો પણ મોટે ભાગે ધ્યાનના અભ્યાસીઓ હતા.

શ્રીજી અને મોટા સંતોએ પ્રથમથી જ સંપ્રદાયની પ્રથા-રીતભાત એટલી બધી સરલ, સર્વગ્રાહ્ય છતાં શાસ્ત્રસિદ્ધ બનાવી છે કે જેથી ઓછીવત્તી દરેક સ્થિતિના જીવાત્માઓ જો તે પ્રમાણે વર્તે તો અવશ્ય તેનું આત્યંતિક કલ્યાણ થાય. "હમેશાં સવાર-સાંજ ધૂન-કીર્તન સાથે કથાવાર્તા કરવી-સાંભળવી, અને હમેશાં દિવસમાં

પાંચવખત માનસીપૂજા કરવી" આ પ્રથા કેટલી બધી વૈજ્ઞાનિક અને મહત્ત્વપૂર્ણ છે ? મહિમાપૂર્વક થતી પાંચ વખતની માનસીપૂજા દ્વારા ભગવત્સંબંધ થાય છે, તેથી મન શુદ્ધ, સ્થિર અને શાંત બને છે અને મૂર્તિધારણાપૂર્વક ધ્યાન કરવાની શક્તિ કેળવાય છે. પ્રતિદિન આદર, સત્કાર અને નિરંતર સાવધાનતાથી જો આ પ્રથાનું પૂર્ણ રીતે પાલન થાય તો સામાન્ય માણસ પણ કૃતકૃત્ય બની ઘણી મોટી સફળતા મેળવી શકે છે.

પ્રથમના સમયમાં અખિલ સત્સંગમાં સર્વત્ર ત્યાગી-ગૃહી નરનારીઓ હૃદયના સાચા ભાવ સાથે પોતાનાં ધન્ય ભાગ્ય માની અતિ ઉત્સાહથી ચુસ્તરીતે કથાવાર્તા, ધ્યાનભજનની પ્રથાનું પાલન કરતા. તેથી એ વખતે ઠેર ઠેર બ્રહ્મસ્થિતિવાળા મહાપુરુષોની સત્સંગમાં ખોટ નહતી. આપણા સૌના પૂર્વજો પ્રથમથી એમ કહી દેતા કે "હું અમુક દિવસે ધામમાં જઈશ. અથવા મને શ્રીજી ને સંતોનાં દર્શન થાય છે, જય સ્વામિનારાયણ !!" એમ સાવધાનતાથી બોલીને અક્ષરધામમાં ચાલ્યા જતા. હજુ પણ કોઈ કોઈ સ્થળે એમ જોવા-સાંભળવા મળે છે. સત્સંગની આ મહાન સિદ્ધિ કે સફળતાનું ગૌરવ આપણા મનમાં કેટલું છે ? જગતમાં આજે **હજારો અબજોના ખરચે ચંદ્રલોકમાં જવાની નિષ્ફળ સિદ્ધિ મેળવી,** છતાં લોકો તેનું અભિમાન રાખી ગૌરવ અનુભવે છે ! પરંતુ એ વિદેશીઓએ પોતાના સ્વાર્થ ખાતર વિશ્વભરનું તંત્ર કેટલું બધું ત્રાસદાયી, કલુષિત, અશાંત અને **માનવભક્ષી બનાવી મૂક્યું છે તેનો વિચાર વિજ્ઞાનના ગાંડા ઘોડા પાછળ દોડી રહેલા સુશિક્ષિત ભારતીય જનોને પણ નથી. કારણ કે ભારતીય સંસ્કૃતિ કેટલી નિર્ભય, સુખદાયી અને સર્વજનહિતાવહ છે** તેનો તુલનાત્મક અભ્યાસ દરેકે છોડી દીધો છે; એટલે અંધશ્રદ્ધાળુની પેઠે સુજ્ઞજનો પણ મહાભયંકર ભૂલો કરી ચોતરફ આંધળી દોટો દઈ રહ્યા છે. એજ રીતે સંપ્રદાયનું તંત્ર જયારથી વ્યવહારપ્રધાન બન્યું ત્યારથી સત્સંગના સર્વજનહિતાવહ સર્વોત્તમ સિદ્ધાંતો અને મોક્ષદાયી-પ્રથાનું મહત્ત્વ કે જ્ઞાન-ભાન સત્સંગના નેતાઓને રહ્યું જ નહિ, એટલે આજે **ટૂંક સમયમાં જ વિશ્વમાં અજોડ કહી શકાય એવા સંપ્રદાયની દયાપાત્ર દશા થઈ રહી છે !!**

હવે સ્વામીની અદ્‌ભુત શક્તિનો પરિચય આપતા એમના જીવનપ્રસંગોમાંથી જિજ્ઞાસુઓની જાણ માટે થોડા પ્રસંગો આલેખીએ.

શ્રીગામનો સત્સંગ અને સ્વામીની અંતર્યામી શક્તિ

શ્રીજીમહારાજની આજ્ઞાથી વિજ્ઞાનાનંદ સ્વામી દૂર પ્રદેશોમાં વિચરી લોકોને જ્ઞાનદાન આપી એમના જીવનમાં શુભ સંસ્કારોનું સિંચન કરતા હતા. લોકો સદાચારી બની માનવશરીરનું મહત્ત્વ સમજે અને કેવળ આ લોકના વૈભવ-વિલાસ મેળવવામાં જ સુખ છે એ ગેરસમજ દૂર કરી, મૃત્યુ પછી પણ સુખી થઇ શકાય એવું જ્ઞાન મેળવે; તથા સંપ, પરોપકાર અને પરમાત્માની ભક્તિ કરવામાં સમય અને શક્તિનો સદુપયોગ કરતા રહી સાચો સંતોષ અનુભવે તથા જીવનનાં બધાં કાર્યો યશસ્વી નીવડે અને મનુષ્ય અવતાર ધન્ય બની જાય. આ રીતનો સ્વામીનો ઉપદેશ સાંભળી લોકોના દીલમાં ધર્મભાવના જાગ્રત થતી હતી, એટલે તેઓ શાસ્ત્રનું રહસ્ય અને ધર્મનું તત્ત્વ સમજવામાં, શ્રદ્ધાળુ બની સત્સંગના ધર્મનિયમો ધારણ કરતા હતા. કારણ કે, સ્વામીની ઉપદેશશૈલી ઘણી આકર્ષક હતી; તેમાં એમની વિદ્વત્તા તથા સંગીતવિદ્યા સહાયરૂપ થતી, તેથી એમની કથાવાર્તાથી દરેક લોક ખૂબ જ સંતોષ પામી સ્વામીના શિષ્યો થતા હતા.

એક વખત સ્વામી પોતાના મંડળ સાથે જંબુસરબારાંના **શ્રીગામ** નામના ગામે પધાર્યા. ગામમાં પ્રવેશ કર્યો ત્યાં ચોરે બેઠેલા એક દ્વેષી બાવાની પ્રેરણાથી કેટલાક ગામલોકો બોલી ઊઠ્યા કે, "સ્વામિનારાયણના મુંડિયા (સાધુ) આવ્યા, ગામ બહાર કાઢી મૂકીએ, નહિતર ગામ બગાડી (હોકો બીડી છોડી પૂજાપાઠ કરે તેવા ભગતડા કરે તે) દેશે." સ્વામીને કાને આ શબ્દો અથડાયા. સ્વામી તરત જ સંતોએ સહિત રસ્તા પાસેની એક ખાલી જગ્યામાં ચતુરતાથી બેસી ગયા અને વાજિંત્ર વગાડી ભારે હલકથી ગાવાનું શરૂ કરી દીધું. સંગીત સાંભળવા લોકો એકઠા થયા અને પરસ્પર વાતો કરવા લાગ્યા કે "સ્વામીજી ઘણું જ સરસ ગાય છે; આપણે એમને ચોરામાં લઇ જઇ ત્યાં ઉતારો કરાવીએ; રાત્રે એમનું સંગીત સાંભળીશું." પછી તે લોકોએ આગ્રહથી સ્વામીને તેડી જઇ ચોરામાં ઉતારો આપ્યો. રાત્રે ગામલોકો ગાયન સાંભળવા એકત્રિત થયા. સ્વામીએ મોડી રાત્રિ સુધી

ભજન–કીર્તનો ગાઈને સંગીતના મધુર આલાપથી માનવમેદનીને મુગ્ધ બનાવી દીધી. પછી સુંદર દૃષ્ટાંતદાખલા સાથે શાસ્ત્રીય પ્રવચન કર્યું. આકર્ષક સંગીત અને વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનથી ગામલોકો ઘણા જ પ્રભાવિત થયા. આમ પ્રતિદિન સંતસમાગમના પવિત્ર પ્રસંગથી મુમુક્ષુ લોકો પ્રભુભક્તિના પ્યાસી બનવા લાગ્યા. ધીરે ધીરે સત્સંગની પ્રવૃત્તિ વૃદ્ધિ પામતાં લગભગ આખું ગામ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવા લાગ્યું. સ્વામી એ વખતે ઘણા સમય સુધી શ્રીગામમાં રહ્યા હતા.

સ્વામી વડતાલ આવ્યા બાદ કેટલોક સમય વિત્યા પછી શ્રીગામના સત્સંગીઓએ વડતાલ આવી સ્વામીને પ્રાર્થના કરી કે, "આપ શ્રીગામ પધારી ત્યાં મંદિર કરો." તેથી સ્વામી સંતમંડળ સાથે શ્રીગામ પધાર્યા અને જમીન મેળવી મંદિરનું ચણતર કામ શરૂ કર્યું. સ્વામી જેટલા દિવસ ત્યાં રહ્યા ત્યાં સુધી હમેશાં સવાર–સાંજ બંનેય વખતે અમરસિંહજી રજપૂતની વાડીએ સ્નાન કરવા જતા. સંતો જાય એટલે અમરસિંહજી કોસ છોડી સ્વામીને ડોલથી પાણી સિંચી સ્નાન કરાવતા અને પોતાની વાડીમાંથી ઠાકોરજીના થાળ માટે રીંગણાં, મરચાં વગેરે બકાલુ લાવી સ્વામીને હમેશાં આપતા. અમરસિંહજીની એ સેવા મંદિર પૂરું થયું ત્યાં સુધી સતત એકધારી ચાલુ રહી. તેમની એ સેવાથી સ્વામી તેમના ઉપર ઘણા જ રાજી થયેલા હતા.

મંદિર તૈયાર થયું એટલે મૂર્તિપ્રતિષ્ઠા વગેરે વિધિ સમાપ્ત કરી સ્વામીએ વડતાલ જવાની તૈયારી કરી. છેલ્લી વાર મળવા માટે સર્વ સત્સંગીઓને પોતા પાસે રાત્રે બોલાવ્યા. સત્સંગીઓની સભા થઈ એટલે સ્વામી સૌને ભલામણ કરવા લાગ્યા, "ઘણે દાખડે મંદિર તૈયાર થયું છે, માટે હવે સૌ હમેશાં મંદિરમાં આવી દેવદર્શન, ધૂનકીર્તન અને કથાવાર્તા કરજો અને એકબીજા ખૂબ સંપ રાખી ધર્મનિયમ પાળવામાં ખૂબ બળિયા રહેજો !!" આ રીતે સ્વામી વાત કરી રહ્યા હતા, ત્યાં અમરસિંહજી વાડીએ જવાની રજા માગવા સ્વામી પાસે આવ્યા ને કહ્યું, "સ્વામીજી, આજે રીંગણાં ઉતારી વહેલી સવારે શહેરમાં પહોંચાડવાનાં છે. માટે રજા લઉં છું. આપ રાજી રહેશો." સ્વામીએ કહ્યું, "અમરસિંહજી, બેસો. તમારી ભાવભરી સેવાથી હું તમારા ઉપર ઘણો જ રાજી થયો છું. **કાલે સવારે તમારે રીંગણાં વેચવાનું કે કોશ હાંકવાનું નહિ રહે. શ્રીજીમહારાજ બધું સારું કરશે.**

માટે સભામાં બેસો તમારે હવે ક્યાંઈ જવું નહિ પડે." સ્વામીની આ વાત સાંભળી સભામાં બેઠેલા બેચાર ઉતાવળિયા યુવકોએ કહ્યું, "સ્વામીજી એ કોશ નહિ હાંકે અને રીંગણાં નહિ વેચે તો ખાશે શું ? એક રાતમાં ભગવાન શું સારું કરી દેવાના છે ?" ત્યારે આવેશમાં આવી સ્વામી બોલ્યા, "હું ભગવાન સ્વામિનારાયણનો સાધુ છું; મારામાં તે અખંડ રહેલા છે. આ તમે શું તર્ક-વિતર્ક કરી રહ્યા છો? હું તો વહેલી સવારે ચાલ્યો જઇશ પણ તમે બધા તેની ધામધૂમ જોશો. ફક્ત આઠ કલાક આડા છે ! જો જો સવારે શું થાય છે." એમ કહી શાંત થઇ સ્વામીએ બધા સત્સંગીઓને ઘેર જવાની આજ્ઞા આપી. સૌ પોતપોતાને ઘેર ગયા અને સ્વામી વહેલી સવારે ત્યાંથી વડતાલ તરફ ગયા.

સ્વામીએ કહ્યું હતું તે પ્રમાણે એજ રાત્રિના અગિઆર વાગે શ્રીગામના ઠાકોરશ્રી અને એમનાં રાણી વિચાર કરવા લાગ્યાં કે "આપણી પાસે મિલકત ઘણી જ છે પણ કાંઇ સંતાન નહિ હોવાથી કોણ સંભાળ રાખે ? વૃદ્ધ અવસ્થામાં જાતે કાંઇ થઇ શકે નહિ. આપણાં બંનેયનાં દૂરનાં સગાં છે, તેમાં પણ અણબનાવ જેવું છે. પરંતુ આપણો દૂરનો સગો અમરસિંહ છે, તે આપણી જમીન ખેડે છે. તેણે આપણી ઘણી વાર સેવા પણ કરી છે. તે સ્વભાવથી પણ આપણા બંનેયને અનુકૂળ આવે તેમ છે. માટે આપણે તેને જ દત્તકવિધાન કરી ઉત્તરાધિકારી કરી દઇએ, જેથી સગાં – વહાલાંની કોઇ ઉપાધિ આપણને નડે નહિ." આમ બંનેય અમરસિંહને ખોળે લેવા સહમત થયાં અને વિચાર કર્યો કે, "હવે જરાપણ વિલંબ કર્યા વિના જોશીને બોલાવી મુહૂર્ત જોવરાવી આવતી કાલના પ્રાત:કાળમાં જ બધો વિધિ કરી લઇએ." પછી તરત જ રાત્રિના બાર બજે જોશીને બોલાવી મુહૂર્ત પૂછતાં, બીજે જ દિવસે વસંત પંચમી હોવાથી પ્રાત:કાળમાં જ સારું મુહૂર્ત છે એમ નક્કી થયું.

પછી ઠાકોરશ્રીએ કારભારીઓને બોલાવી તત્કાળ બધી સાધનસામગ્રી તૈયાર કરાવી. શાક, બકાલુ વગેરે વહેલી સવારે અમરસિંહજીની વાડીએથી જ લાવવામાં આવ્યું. વહેલી સવારે મુખ્ય અધિકારીઓને મોકલી ઠાકોરશ્રીએ અમરસિંહજીને પોતાના દરબારમાં બોલાવી લીધા. પ્રાત:કાળમાં જ વેદજ્ઞ બ્રાહ્મણો વિધિ કરવા લાગ્યા. ગામના આગેવાન શેઠિયાઓ, પટેલિયાઓ, કેટલાંક સગાં-વહાલાં તથા કારભારીઓ વગેરે પ્રતિષ્ઠિત ગામ લોકોની હાજરીમાં ખૂબ ધામધૂમથી દત્તવિધાન પૂર્ણ

થયું. અમરસિંહજીને ઠાકોરશ્રીની સર્વ સંપત્તિના ઉત્તરાધિકારી ઘોષિત કર્યા, અને તે દિવસે ગામના બ્રાહ્મણોથી લઇને ઢેડ-ભંગી સુદ્ધાં તમામ લોકોને મિષ્ટાન્ન જમાડીને ખૂબ પ્રસન્ન કર્યા. હવે અમરસિંહજી સાધારણ ગરીબ રજપૂત નહિ રહેતાં શ્રીગામના માલિક દરબાર બની ગયા.

આમ અચાનક થયેલ આશ્ચર્યજનક બનાવથી ગામ લોકો તથા દરબારનાં સગાંવહાલાં નવાઇ પામ્યાં. સ્વામીનું વચન બરાબર સત્ય થયું તેથી સત્સંગીઓ સ્વામી ઉપરની ઘણી જ ઉત્કટ શ્રદ્ધાથી યુવકોને કહેવા લાગ્યા કે, "જુઓ, રાત્રે તમે સ્વામીજીના વચનમાં વિશ્વાસ કરતા ન હતા પણ સ્વામી તો વચનસિદ્ધ મહાપુરુષ છે. ભગવાન એમનામાં અખંડ રહેલા છે, તેથી એમણે અંતર્યામીપણે આગળથી જ બધું કહી દીધું. **પ્રભુના સાક્ષાત્કારવાળા સંતપુરુષની વાણીમાં એટલું બધું દૃઢ બળ રહેલું હોય છે કે, તે જે બોલે તે સત્ય થાય છે. એમનો સંકલ્પ, વર અથવા આશીર્વાદ અવશ્ય સફળ થાય છે."** પછી યુવકોને પણ સ્વામીનો મહિમા સમજાયો અને એમના સમર્થપણા ઉપર પૂર્ણ શ્રદ્ધા બેઠી. કારણ કે, જે વાત કદી પણ બનવા સંભવ ન હતી તે સ્વામીની કૃપાથી તત્કાળ બની. ઈશ્વરી પ્રેરણા વિના આવું કાર્ય તત્કાળ બની શકે નહિ એમ સૌ કહેવા લાગ્યા.

માણસની બુદ્ધિમાં સત્ત્વ, રજ અને તમ, આ ત્રણેય ગુણોના વેગો વારાફરતી આવ્યા જ કરે છે. જ્યારે તમોગુણનો તીવ્ર વેગ આવે છે ત્યારે માણસ સગા ભાઇ કે બાપને મારવા તૈયાર થાય છે. એજ રીતે જ્યારે સત્ત્વગુણની વિશેષ વૃદ્ધિ થાય છે ત્યારે માણસ હજારોનાં દાનપુણ્ય વ્રત, તપ વગેરે કરી નાખે છે. આ રીતે સારી નરસી બુદ્ધિ પ્રમાણે માણસ શુભ કે અશુભ કર્મ કરે છે. સત્પુરુષના સંકલ્પથી કે એમની દયાદૃષ્ટિથી અથવા આશીર્વાદથી બુદ્ધિ સત્ત્વપ્રધાન, તેજસ્વી અને સ્થિર થાય છે; તેના અનેક દાખલા મળે છે. વિજ્ઞાનાનંદ સ્વામીએ પોતાના મનમાં તીવ્ર શુભસંકલ્પ કરેલો કે, "હે શ્રીજી પ્રભુ ! તમો સર્વનિયંતા છો, બધું તમારા હાથમાં છે. આ અમરસિંહ સાચો ભક્ત છે. તેણે મંદિરની અને અમારી ખૂબ ખૂબ સેવા કરી છે. માટે એને ગમે તે ઉપાયે તત્કાળ સુખી કરો એવી અમારી વારંવાર પ્રાર્થના છે." આ પ્રમાણે સ્વામીની હાર્દિક ઈચ્છા મુજબ શ્રીજીમહારાજે શ્રીગામના ઠાકોરના મનમાં રાત્રિના અગિયાર વાગે અચાનક તાત્કાલિક શુભ સંકલ્પ ઉત્પન્ન કર્યો. તેણે

કોઈની સલાહસંમતિ લીધા વિના રાતોરાત તૈયારી કરી, સવારના આઠ વાગે દત્તક વિધાન કરી જ નાખ્યું. આ ભક્તાધીન ભગવાનની કૃપાનો સર્વોત્તમ દાખલો છે. શ્રીજીનાં વચનામૃતો પણ આમાં સંમત છે. "શ્રીજી મહારાજ બોલ્યા જે અતિશય જે મોટા પુરુષ હોય તેનો જે ઉપર રાજીપો (વર–આશીર્વાદ) થાય તેના ગમે તેવા મલીન સંસ્કાર હોય તો નાશ પામે છે અને **મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય.** અને ગમે તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રૂડાં થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય." (વચ.પ્ર. ૫૮) "સનકાદિકને કોપાયમાન કર્યા તો દેશકાળાદિક શુભ હતા તો પણ જયવિજય પડી ગયા." (વચ.મ.૨૭). "પ્રહ્લાદજી દૈત્ય હતા તેણે નારદજીનો ઉપદેશ ગ્રહણ કર્યો તો પરમ ભાગવત સંત કહેવાણા. માટે જે ઉપર મોટા પુરુષ રાજી થાય તે જીવ દૈવી થઈ જાય છે." (વચ.વડ.૧૫).

દરબાર અમરસિંહજી ઠાકોરશ્રીના ઉત્તરાધિકારી બન્યા પછી ચૈત્ર માસના સમૈયા ઉપર શ્રીગામના સત્સંગીઓનો સંઘ લઈને વડતાલ આવ્યા. ત્યાં દેવદર્શન, ગોમતીસ્નાન વગેરે કરી ઠાકોરજીને થાળ અને સર્વ ત્યાગીઓને ઉત્તમ રસોઈ આપી જમાડ્યા. અને ફરીથી વિજ્ઞાનાનંદ સ્વામીને આગ્રહપૂર્વક શ્રીગામ તેડી ગયા. દરબાર વગેરે સર્વ સત્સંગીઓએ સ્વામીની ખૂબ સેવા કરી એમને પ્રસન્ન કર્યા. સ્વામીની કથાવાર્તા સાંભળી બધા સત્સંગીઓ ધર્મનિયમની દૃઢ ટેકવાળા બનતા હતા; દરબાર અમરસિંહજી આદિ હરિભક્તો સ્વામીનો મહિમા સમજી બીજા લોકો પાસે સ્વામીની પ્રશંસા કરતા તે સ્વામીને ગમતું નહિ, એટલે તેઓ બધાને કહેતા કે. "અનંત આશ્ચર્યમય શક્તિ–સામર્થ્ય–પ્રતાપ આપણા ઈષ્ટદેવ સર્વોપરિ મહાપ્રભુ શ્રીજી મહારાજની મૂર્તિમાં રહેલા છે. માટે ઈષ્ટદેવનો મહિમા બરાબર સમજવો. જો ખરેખરો સાચો મહિમા આપણે સમજ્યા હોઈએ તો શ્રીજીની જરાપણ આજ્ઞા લોપાય નહિ. **પ્રભુ અંતર્યામી છે, એ ખાલી વાતોથી નહિ રીઝે, વર્તનથી જ રીઝે છે.** આ રીતે સ્વામી શ્રીજીમહારાજના સિદ્ધાંત પ્રમાણે સત્સંગનો પ્રચાર અને પુષ્ટિ કરતા હતા.

સ્વામીનું આત્મબળ અને પ્રેતનો ઉદ્ધાર

એક વખત શ્રી વિજ્ઞાનાનંદ સ્વામી સમંડળ સત્સંગ પ્રચાર માટે નિમાડ દેશમાં

પધાર્યા. પહાડ અને જંગલવાળા નિમાડ પ્રદેશમાં સર્વપ્રથમ સત્સંગપ્રચાર કરનાર સ્વામીજી હતા. તેમણે અતિવિકટ અને ભયાનક માર્ગોથી સાહસિક પ્રવાસ ખેડી તે દૂર પ્રદેશમાં પગપાળા વિચરી લોકોને ઇષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વરૂપનો સર્વોપરિ નિશ્ચય કરાવ્યો. આમ સત્સંગપ્રચાર કરતા કરતા સ્વામીશ્રી કુક્ષી ગામે પહોંચ્યા. કેટલોક સમય ત્યાં રહી સીરવી (રજપૂત) તેમજ કણબી લોકોમાં સારો સત્સંગ કરાવ્યો. ભક્તચિંતામણિ પ્રકરણ ૧૨૬ માં નિમાડ દેશના હરિભક્તોના સ્વભાવનું સુંદર ચિત્રણ વૈરાગ્યમૂર્તિ સ. નિષ્કુળાનંદ સ્વામીએ આબેહૂબ ચિતરેલું છે. તેવા મૂઢ લોકોમાં વિજ્ઞાનાનંદ સ્વામીએ સત્સંગના સંસ્કારોનું સિંચન કર્યું તે અદ્યાપિ – પર્યંત તેવા શુદ્ધ અને ભોળા હૃદયમાં નિર્મળ પ્રેમનાં દર્શન થાય છે.

તે **કુક્ષી** ગામનો ધનાજી સીરવી (રજપૂત) સ્વામી પાસે આવી કહેવા લાગ્યો કે, "સ્વામીજી ! મારું દુ:ખ દૂર થાય તો હું તમારો ભક્ત બનું." સ્વામીએ કહ્યું: "કોઇ કામનાથી (ઇચ્છા) સત્સંગ ન કરવો. જીવના કલ્યાણ માટે સત્સંગ કરવો જોઇએ. સુખદુ:ખ પૂર્વકર્મોના પરિપાકરૂપે પ્રત્યેક પ્રાણીને પ્રાપ્ત થયા કરે છે. દુ:ખથી નહિ ગભરાતાં પ્રાયશ્ચિત્તરૂપે દુ:ખોને ભોગવી શુદ્ધ થવું જોઇએ." ત્યારે ધનાજીએ કહ્યું કે, "સ્વામીજી ! એવું દુ:ખ નથી પણ મેં થોડા વખત ઉપર એક વાડી સસ્તામાં મળતી હોવાથી ખરીદ કરી, પરંતુ વાડીમાં મેં પ્રથમ પ્રવેશ કર્યો તેવો જ એક અતિ વિકરાળ મહા ભયંકર મોટા શરીરવાળો પ્રેત મારી સામે ધસી આવ્યો. મને પાડી નાખી જમીન ઉપર ચક્રની માફક ફેરવ્યો તેથી મારું શરીર ઘણું જ જખમી થઇ ગયું. તેની પીડાથી બે માસ ખાટલો ભોગવી સાજો થયો પણ તેના ઘા હજુ મારા શરીરમાં પીડા કરે છે. આટલું જાણવા છતાં હું મમત્વથી પરવશ થઇ ફરીથી તે વાડીએ ગયો. ત્યાં પ્રથમની પેઠે તે પ્રેત મારી સામે દોડી આવ્યો. એ ભૂત મને વાડીમાં પેસવા દેતો નથી. માટે આપ તેને ત્યાંથી કાઢી મૂકો તો સારું. ઘણાય ફકીર, જતી ને ભૂવા ડાકલિયા તેને ત્યાંથી કાઢી મૂકવામાં નિષ્ફળ નીવડ્યા છે. તમે સંત છો માટે તમારે શરણે આવ્યો છું તો મારી રક્ષા કરો."

આ પ્રમાણે ધનાજીની વાત સાંભળી સ્વામીએ તેમને કહ્યું કે, "સાંજના ઠાકોરજીને લઇ તમારી વાડીના કૂવે સ્નાન કરવા જઇશું. પછી સાંજના સંતોસહિત સ્વામીશ્રી 'સ્વામિનારાયણ' મહામંત્રનો જપ કરતા કરતા ધનાજી સાથે વાડીમાં

પ્રવેશ કરે છે ત્યાં પેલો પ્રેત એટલે ભૂત સામો દોડતો આવતો દેખાયો. એટલે સ્વામીજીએ ઊંચા અવાજે હાકોટો માર્યો કે, "ત્યાંજ થંભી જા. ખબરદાર ! આગળ આવ્યો તો." આથી તે ભૂત જડની પેઠે ત્યાં જ ઊભો રહી ગયો. "કેમ આવી નારકી યોનિમાં પડયો છે ?" એમ બોલી સ્વામીશ્રીએ કમંડળમાંથી ઠાકોરજીનું પ્રસાદીનું પાણી લઇ તેના ઉપર છાંટયું. પ્રેતાત્મા શુદ્ધ થઇ કહેવા લાગ્યો :-

"સ્વામીજી ! આ વાડી મારી જાતમહેનતથી મેળવેલી છે. કૂવો કરાવી ઝાડ રોપાવ્યાં. આનંદથી રહેતો હતો. પણ મારી સ્ત્રી અને એક પુત્ર હતો તે રાત્રે ઘરમાં ભરનિદ્રામાં સૂતાં હતાં. હું વાડીએ સૂતો હતો. અચાનક ઘર સળગી ઊઠ્યું. તેમાં મારી સ્ત્રી, પુત્ર અને ઢોર હતાં તે બળી ગયાં. મને ખબર મળતાં અકસ્માતના આઘાતથી મુંઝાઇને આ કૂવામાં પડી મેં મારા જીવનો અંત આણ્યો. આપઘાતના પાપથી હું ભૂતપ્રેતની યોનિમાં પડયો છું. આપ મહાસમર્થ પુરુષ છો, મારો મોક્ષ કરો."

પછી સ્વામીશ્રીએ તેના કૂવાના જળથી ઠાકોરજીને સ્નાન કરાવ્યું. અને સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરતાં કરતાં પ્રસાદીનું જળ તે પ્રેતાત્મા ઉપર છાંટી કહ્યું કે, "ઉત્તર દિશામાં રહેલા બદરિકાશ્રમમાં જા, તપ કર, તારું કલ્યાણ થશે." આમ સ્વામીના વચનથી તે ભૂત તરત જ સ્વામીને નમસ્કાર કરી ઉત્તર દિશા તરફ ચાલ્યું ગયું. વાડી ઉપદ્રવથી રહિત બની તેથી ધનાજી રજપૂત ઘણા જ રાજી થયા. અને સત્સંગના ધર્મનિયમો સ્વીકારી ચુસ્ત સત્સંગી થયા અને સાળા, સીગાણા, વાલીપુર વગેરે ગામોમાં સ્વામીને લઇ જઇ પરચા-ચમત્કારની વાતો કરી સત્સંગપ્રચાર કરવામાં સારો સાથ આપ્યો હતો. **વાલીપુરમાં** સ્વામીએ મંદિર કરાવ્યું તેમાં તથા **ધરગામમાં** એક શિખરનું મંદિર કરાવી શ્રીજી પાસેથી નર ભગવાનની મૂર્તિ લાવી સ્વામીએ તે મંદિરમાં પધરાવી છે. તેમાં પણ ધનાજીએ અને વાલીપુરના દેવાજી સીરવીએ ઘણી જ સેવા કરેલી.

સ્વામીશ્રીની કૃપા અને દેવાજીની બ્રહ્મસ્થિતિ.

નિમાડ પ્રદેશમાં વાલીપુર ગામના દેવાજી સીરવી (રજપૂત) ઉત્તમ કોટિના સત્સંગી થઇ ગયા. તેમને વિજ્ઞાનાનંદ સ્વામીએ સદ્બોધ આપી ફેલફીતુરો છોડાવી

સત્સંગ કરાવેલો. દેવાજીએ સ્વામીને કહેલું કે, "જેમ અમને વ્યસનો વ્હાલાં છે, સંસાર સારો લાગે છે, અને સંપત્તિ સુખદાયક મનાઈ ગઈ છે, તેમ પ્રભુ અને એમના સંતો વ્હાલા લાગે, સત્સંગમાં પ્રીતિ થાય તથા પ્રભુ સુખદાયક છે એમ મનાય અને એ પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન થાય, એવી આપશ્રી મોટી કૃપા કરો તો, સંસારસાગરમાં ડૂબેલા ને માયાજાળમાં ધૂંચવાયેલા મારા જેવા માણસનો મોક્ષ થાય." ત્યારે સ્વામીએ કહેલું કે, **"પુરુષ પ્રયત્ન અને ઈશ્વર કૃપા,"** એ બંનેય બાબત જોઈએ. "ખરેખર હું માયારૂપી કીચડમાં ખૂંપી ગયો છું, કોઈ કાઢશે નહિ તો મારું મરણ થશે." આટલું જો માણસને ભાન હોય તો તે બહાર નીકળવાનો અવશ્ય પ્રયત્ન કરે. પરંતુ મોટા ભાગના લોકો દેડકાની પેઠે માયાના કીચડમાં જ આનંદ માનતા હોય છે એ શી રીતે બહાર નીકળી શકે ? જળમાં ડૂબેલો માણસ જેમ કોઈનો હાથ પકડીને કે આપેલું દોરડું ઝાલીને બહાર નીકળે છે, એ રીતે પ્રભુરૂપી દોરડાને ખૂબ જ મજબૂત રીતે વળગી પડવું જોઈએ–એમની સાથે જોડાઈ જવું જોઈએ. જેમ લોખંડનો ટૂકડો લાકડા સાથે જડયો હોય તો તે પાણીમાં ડૂબે નહિ. તેમ પ્રભુની આજ્ઞા–ઉપાસનામાં બરાબર સાવધાન રહી, ધ્યાનભજનદ્વારા પ્રભુની સાથે જોડાઈ જવાથી સર્વ દોષો, આસક્તિ અને વાસનાની નિવૃત્તિ થાય છે. **કામાદિ દોષો અને આસક્તિ ટળ્યા વિના મોક્ષમાર્ગનું કોઈ પણ કાર્ય સિદ્ધ થઈ શક્તું નથી.** માટે માન, હઠ અને ઈર્ષ્યાનો ત્યાગ કરી, નિયમ, નિશ્ચય અને પક્ષ એ ત્રણમાં ખૂબજ દૃઢતા રાખી ગુણ, વિનય અને સેવાથી એકાંતિક મહાપુરુષોની પ્રસન્નતા પ્રાપ્ત કરવી. આ પ્રમાણે શાસ્ત્રો અને સત્પુરુષોનો નિશ્ચિત સિદ્ધાંત છે તે પોતાના જીવનમાં ઓતપ્રોત કરી દેવો." આ રીતે દેવાજીની જિજ્ઞાસા પ્રમાણે સ્વામીએ એમને ઘણો ઉત્તમ જ્ઞાનોપદેશ આપી શ્રીજીના સ્વરૂપનો સર્વોપરિ નિશ્ચય કરાવ્યો હતો. અને કેટલોક સમય એમને પોતાની સાથે રાખીને ધ્યાનભજનનો અભ્યાસ કરાવી અતિ ઉત્તમ નિર્વિકલ્પ સ્થિતિ પ્રાપ્ત કરાવી હતી. દેવાજીએ પણ અતિશય મહિમાપૂર્વક ઊંડી શ્રદ્ધા અને દૃઢ નિષ્ઠાથી પોતાનું જીવન પ્રભુમય બનાવી દીધું હતું. આથી શ્રીજી મહારાજ તેમને ઘણીવાર પ્રત્યક્ષ દર્શન આપતા. વડતાલથી સંતોનું મંડળ નિમાડ દેશમાં ફરવા જવા તૈયાર થાય, ત્યારે શ્રીજી દેવાજી ભક્તને દર્શન દઈ કહેતા કે, અમુક દિવસે સાધુઓ આવશે. દેવાજી ભક્ત તે પ્રમાણે ગામે ગામ ફરી સાધુઓ માટે ઉતારા વગેરેની તૈયારી આગળથી જ કરાવી રાખતા.

ગાય દેખતી થઈ

સ્વામી નિમાડ દેશમાં વિચરી જાયફ્રણ, વિયફ્રણ, મહેશ્વર વગેરે ગામડાંઓમાં સત્સંગ કરાવી **ઘેગધ** ગામે પધાર્યા. ત્યાં ફરસરામ કણબીને ઘેર ઊતર્યા. પટેલ તથા ગામ લોકો સ્વામીનો સમાગમ કરી ધર્મનું રહસ્ય સમજતા હતા. પટેલને ઘેર એક ખૂબ દેખાવડી દુધાળ ગાય હતી, જેનું દૂધ સંતોના ઉપયોગમાં આવતું. પટેલે સ્વામીને કહ્યું કે, "સ્વામીજી ! આ ગાય ત્રણ વર્ષથી બિલકુલ આંધળી થઇ ગઇ છે. ઘાસ–પાણી, ખાણ વગેરે ખીલા ઉપર જ કરવું પડે છે." આટલી વાત સાંભળી સ્વામીશ્રી તરત જ ઠાકોરજીની પ્રસાદીનું જળ લઇ ગાય પાસે જઇ બોલ્યા: "દેખતી થા. કેમ દેખતી નથી ? દેખતી થા." એમ કહી બેત્રણ વખત ગાયની આંખમાં પ્રસાદીનું જળ છાંટ્યું. તરત જ ગાય દેખતી થઇ ગઇ, વાછરડા પાસે જઇ ચાટવા લાગી. બીજે દિવસે પણ સ્વામીએ ગાયની આંખમાં જળ છાંટ્યું; ગાય બરાબર દેખતી થઇ ગઇ. ફરસરામ પટેલ અને ગામલોકો આ બનાવથી અત્યંત આશ્ચર્ય પામ્યા.

સ્વામીશ્રીનું નિષ્ઠાબળ અને ઈષ્ટદેવનો દૃઢ વિશ્વાસ

એક વખત પ.પૂ. વિજ્ઞાનાનંદ સ્વામી સત્સંગપ્રચાર માટે વિચરણ કરતા કરતા ઝાડી દેશમાં આવેલા **સીતાપુર** ગામે પધાર્યા. સ્વામીશ્રીના સદ્‌ગુણો અને વિદ્વતાથી આકર્ષાઇને અનેક મુમુક્ષુ જીવાત્માઓએ પ્રગટ પરમાત્મા શ્રી સહજાનંદ સ્વામીનો સમાશ્રય કર્યો. એ વખતે સ્વામીશ્રીએ અનેક પ્રકારનાં દુ:ખ, દારિદ્રય અને રોગાદિથી પીડાતા કેટલાક લોકો ઉપર કૃપા કરી તેમને સુખી કર્યા હતા. આથી સ્વામીના સમર્થપણાની વાતો ચોતરફ થવા લાગી. તે ગામના દરબાર બીમાર હતા તેમને પણ સ્વામીશ્રીના પરચાચમત્કારની વાતો સાંભળી એમનાં દર્શન કરવાની તીવ્ર ઈચ્છા થઇ. એટલે ખાનગી કારભારીને મોકલી સ્વામીશ્રીને પોતાના દરબારમાં પધારવા વિનંતિ કરાવી. દરબારની પ્રાર્થના સ્વીકારી સ્વામી ભક્તસમુદાયની સાથે દરબારમાં પધાર્યા.

દરબારશ્રી રામસિંહજી વિશેષ બીમાર હતા. પલંગમાંથી બેઠા થઇ શક્તા ન

હતા, તેથી સૂતા સૂતા હાથ જોડી નમસ્કાર કર્યા. સ્વામીશ્રીનાં દર્શનથી એમણે ઘણી શાંતિ થઇ. પછી એમણે કહ્યું – "સ્વામીજી ! મારા શરીરમાં અનેક ભયંકર રોગો છે. તેની પીડા પણ અસહ્ય છે. શરીરમાં અતિશય અશક્તિ થઇ ગઇ છે એથી પથારીમાંથી બેઠો પણ થઇ શક્તો નથી. સારા સારા વૈદ્યો અને જ્યોતિષીઓએ નિર્ણય કરી મને આખરીનામું આપી દીધું છે. મારા મનમાં પણ એજ ઝંખના સતત થયા કરે છે કે, હવે હું થોડાજ દિવસનો મહેમાન છું; જીવવાની કંઇ આશા જણાતી નથી. પરંતુ મારું કોઇ મોટું ભાગ્ય પ્રાપ્ત થયું કે, જેથી અંત સમયમાં આપના જેવા સત્પુરુષનાં ઘેર બેઠાં દર્શન થયાં."

આ રીતે રામસિંહજીની વાત સાંભળી સ્વામીશ્રી પોતાના મનમાં ઇષ્ટદેવનું સ્મરણ કરી તેમને કહેવા લાગ્યા, "જો તમો સત્સંગના ધર્મનિયમો સ્વીકારી પરમાત્મા શ્રીસ્વામિનારાયણ ભગવાનની ભક્તિ કરો તો, મારા ઇષ્ટદેવની કૃપાથી હું તમને નવું જીવન આપું. સર્વકર્તાહર્તા ભગવાન છે પરંતુ એ પ્રભુ સાચા ભક્તની અભિલાષા અવશ્ય પૂર્ણ કરે છે." દરબારને સ્વામીના વચનમાં વિશ્વાસ આવ્યો એટલે તત્કાળ સ્વામીએ આપેલું જળ હાથમાં લઇ આજ્ઞા પ્રમાણે વર્તવાની પ્રતિજ્ઞા કરી. સ્વામીએ તરત જ પોતાની ઝોળીમાંથી દવાનું પડીકું લઇ ઠાકોરજીના પ્રસાદીના જળમાં મેળવી, મહામંત્રનો જપ કરતા કરતા દરબારને આપી તે પી જવા કહ્યું. દરબાર દવા પી ગયા અને સ્વામીના કહ્યા મુજબ 'સ્વામિનારાયણ' મહામંત્રનો જપ કરવા લાગ્યા.

ભગવાનને અખંડ ધારી રહેલા સત્પુરુષના સંકલ્પથી, એમનાં દર્શન કે દૃષ્ટિથી તથા એમના સ્પર્શ અથવા આશીર્વાદથી તત્કાળ ભયંકર રોગો, દુઃખ, દારિદ્રય દૂર થયાના કેટલાય પ્રસંગો પુરાણ, કુરાન, બાઇબલ વગેરે માન્ય ગ્રંથોમાંથી જાણવા મળે છે. એ રીતે સ્વામીશ્રીએ પોતાના તીવ્ર સંકલ્પ અને સ્પર્શમાત્રથી દરબારને જીવલેણ મહા ભયંકર અનેક દર્દોમાંથી તત્કાળ મુક્ત કરી દીધા. એમના શરીરમાં અચાનક એવી અજબ ચેતનાશક્તિનો સંચાર થયો કે, જેથી તેઓ તત્કાળ પલંગમાંથી પોતાની મેળે બેઠા થઇ નીચે ઊતરી સ્વામીશ્રીનાં ચરણમાં આળોટવા લાગ્યા. પછી સ્વામીનાં ચરણનો સ્પર્શ કરી પ્રેમથી પગે લાગી સ્વામીને કહેવા લાગ્યા કે, "મારી સંપત્તિ, ધન, ધામ અને વસ્તુ પદાર્થોમાંથી તમે જે કહો તે આપના ચરણમાં અર્પણ કરું" ત્યારે સ્વામીએ કહ્યું " દરબાર ! અમો સ્વામિનારાયણ પ્રભુના ત્યાગી સાધુ

છીએ. માયામય પદાર્થો, ધન વગેરે અમે અંગીકાર કરતા નથી. અનંત આત્માઓને ભગવત્સન્મુખ કરવા એજ અમારું પવિત્ર કર્તવ્ય છે. અમો તમારી પાસેથી એટલું જ માગી લઈએ છીએ કે, હવે પછી તમો સંસારવ્યવહારમાં લુબ્ધ નહિ થતાં સાવધાનતાથી પ્રભુની ભક્તિ કરી લેજો. મારા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ મહાપ્રભુજીની તમારા ઉપર ઘણીજ મોટી મહેર થઈ છે. માટે એ ઉપકાર કદી ભૂલશો નહિ." આ રીતે દરબારને પોતાની કૃપાદૃષ્ટિથી સાજા કરી સ્વામી ઉતારે પધાર્યા. અને દરબારના આગ્રહને વશ થઈ ત્યાં કેટલાક દિવસ રહ્યા અને કથાવાર્તા કરી ઘણો સત્સંગ કરાવ્યો. દરબારશ્રી રામસિંહજીએ ચુસ્ત રીતે શૂરવીરપણે ધર્મનિષ્ઠ બની મહિમાપૂર્વક ભજન, ભક્તિ કરેલી તેથી અંતસમયે વિજ્ઞાનાનંદ સ્વામીને સાથે લઈ શ્રીજી મહારાજ તેમને દિવ્ય દર્શન દઈને અક્ષર ધામમાં તેડી ગયા હતા.

ભયંકર ભૂતનો ઉદ્ધાર

પ્રથમના સમયમાં સત્સંગપ્રચાર કરવા દેશ–દેશાંતરમાં વિચરણ કરતા ભગવાન સ્વામિનારાયણના સાધુઓ ઉપર કેટલાક બિનસંસ્કારી બાવાઓ, તેમજ વામમાર્ગી જેવા અનાચારી પંથના અનુયાયીઓ તરફથી અનેક પ્રકારના અમાનુષિક અત્યાચારો થતા હતા, છતાં એ બધુ સાધુઓ સહન કરી જીવાત્માઓના ઉદ્ધારનું શુભ કાર્ય કરે જતા હતા. અજ્ઞાની, અડબંગી અને દ્વેષી લોકો કંઠીમાળા તોડી નાખતા, શિખાસૂત્ર કાપી નાખતા, મૂર્તિઓ તથા તુંબડાં–પત્તર ભાંગી નાખતા, એટલું જ નહિ પણ વૃદ્ધ તથા તપસ્વી સાધુઓને પણ નિર્દય રીતે માર મારતા હતા. આ વાત ભગવાન સ્વામિનારાયણ પાસે ભક્તજનોએ દુઃખિત હૃદયે જ્યારે વારંવાર ચર્ચી, ત્યારે શ્રીહરિએ સાધુઓને આજ્ઞા કરી કે, "કોઈપણ બાહ્યચિહ્ન રાખ્યા વગર એકાએકી દેશ–દેશાંતરમાં વિચરણ કરી ધર્મનો પ્રચાર કરો." આ આજ્ઞા પ્રમાણે પરમ પૂજ્ય સ. વિજ્ઞાનાનંદસ્વામી દૂર પ્રદેશોના અજાણ્યા ગામડાઓમાં અનેક સ્થળે વિવિધ મુશ્કેલીઓ, ઉપદ્રવો, અપમાન, તિરસ્કાર અને હાંસીમશ્કરી સહન કરી લઈ ભૂખ–તરસ, ઊંઘ–ઉજાગરા, ટાઢ, તડકા, વગેરેનાં હમેશાં કઠિન કષ્ટો વેઠી એકાએકી વિચરણ કરતા કરતા **રાજસ્થાનમાં આવેલ શિરોહી** નામના ગામે પધાર્યા.

સૂર્યાસ્તસમયે ગામના સીમાડામાં સ્વામીએ પ્રવેશ કર્યો. રાત્રિ રહેવા સ્થાન

જોવા લાગ્યા, ત્યાં એક અતિ જીર્ણ દેરી જોઇ. ફરતો બગીચો અને વડનું એક વિશાળ વૃક્ષ હતું. ત્યાં રાત્રિ વ્યતીત કરવાની ઇચ્છાથી સ્વામીએ અંદર પ્રવેશ કર્યો. તેવામાં દેરીમાંથી દીવો કરી પૂજારી બહાર આવ્યા. પૂજારીએ સ્વામીને ગામમાં જવા કહ્યું. પરંતુ સ્વામીએ ત્યાંજ રાત રહેવા જણાવ્યું. પૂજારીએ કહ્યું, "સ્વામીજી ! આ દેવમંદિર નથી પણ પ્રેતમંદિર છે. અહીયાં એક માનવભક્ષી ભયંકર ભૂત રહે છે. તેણે ગામપરગામના કેટલાય મનુષ્યોને મારી નાખ્યા છે. સંધ્યાથી સૂર્યોદય સુધી આ માર્ગે ચાલવામાં પૂરેપૂરો મરણનો ભય રહે છે. માટે આ સ્થાનમાં રાત્રિ નહિ રહેતાં આપ ગામમાં ચાલો." સ્વામીએ કહ્યું કે, 'પૂજારીજી ! આપ ગામમાં જાઓ. અમે તો વડના વૃક્ષ નીચે રાત્રિ વ્યતીત કરીશું.'

પછી સ્વામીશ્રીએ બગીચાની અંદર જઇ વડના વૃક્ષ નીચે આસન કર્યું. આરતી, સ્તુતિ પ્રાર્થના કર્યા પછી પ્રગટ પ્રભુ શ્રીહરિની દિવ્ય મૂર્તિ અંતરમાં ધારી, સ્વામી ધ્યાન કરવા લાગ્યા. ધ્યાન કરતાં કરતાં સમાધિસ્થ થઇ ગયા. અમાવાસ્યાની અંધારી ભયંકર મધ્યરાત્રિના સમયે એ નિર્જનપ્રદેશમાં કાળા અંજનના પહાડ જેવી આકૃતિવાળો ભયંકર ભૂત કેટલાંક ભૂતોની જમાત સાથે પ્રલયકાળ સમી ચિત્કારીઓ કરતો સ્વામીશ્રી તરફ ધસવા લાગ્યો. ભયંકર ઉલ્કાપાત મચાવી મૂક્યો. પણ અગ્નિ સમાન તેજસ્વી જણાતા સ્વામીશ્રીના શરીરનો સ્પર્શ કરી શક્યો નહિ. લગભગ રાત્રિના ત્રણેક બજયાના સમયે સ્વામી સમાધિમાંથી જાગૃત થયા. સામે દૃષ્ટિ કરી ત્યાં અતિશય ભયંકર શરીરધારી ભૂત તેની જમાત સાથે ઊભેલો જોયો. ઇષ્ટદેવ સ્વામિનારાયણ પ્રભુનું સ્મરણ કરી, તેના ઉપર દૃષ્ટિપાત કરતાંની સાથે જ તત્કાળ તેની નિર્દય પૈશાચિક વૃત્તિ નષ્ટ થઇ ગઇ અને થર થર કંપતો હાથ જોડી સામે ઊભો ઊભો ઊંચા અવાજથી રુદન કરી "મારો ઉદ્ધાર કરો, મારો ઉદ્ધાર કરો" એમ બોલવા લાગ્યો. ત્યારે સ્વામીશ્રીએ વિચાર્યું કે "આપણા યોગમાં આવેલા શુદ્ધ કે અશુદ્ધ જીવાત્માઓના ઉદ્ધારનો પ્રબળ સંકલ્પ કરી અનંત અક્ષરમુક્તોની સાથે શ્રીહરિ આ પૃથ્વી ઉપર પધાર્યા છે, હું સ્વામિનારાયણનો સાધુ છું, મારે તેના ઉદ્ધાર માટે શ્રીહરિની ઇચ્છાથી આ સ્થાનમાં આવવાનું થયું છે." આમ નિશ્ચય કરી સ્વામીએ એ ભૂતને પૂછ્યું કે, "તું શા કારણથી આવી પ્રેતયોનિને પામ્યો છે ?"

ત્યારે તે સ્વામીની કૃપાદૃષ્ટિથી શુદ્ધ થઇ પૂર્વભવના જ્ઞાનનો પામેલો પ્રેત

સ્વામીને કહેવા લાગ્યો : "હું શિરોહી ગામમાં રહેતો, વેપાર–ધંધો કરતો, દેશ–પ્રદેશમાં મારી કેટલીક પેઢીયો ચાલતી, મારી પાસે પુષ્કળ ધનસંપત્તિ હતી, પણ મેં કોઇ શુભકાર્ય કે દાનપુણ્ય કર્યું ન હતું. મારે કોઇ સંતાન ન હતું. જેથી રાત્રિદિવસ ચિંતા રહ્યા કરતી હતી. ખોટી ચિંતામાં સમય નિર્ગમન કરતાં કરતાં હું વૃદ્ધ થયો, વેપાર – ધંધો બંધ થયો અને શારીરિક શક્તિ ક્ષીણ થઇ ગઇ. આ તક્નો લાભ લેવા મારાં સગાંવહાલાં ગામના આગેવાનો સાથે મળી ગયાં. મને મારી નાખી ધન–સંપત્તિ લૂંટી લેવા પ્રયત્ન કરવા લાગ્યાં. એક દિવસ અર્ધરાત્રિએ અકસ્માત બધાં મળી ઘરમાં ઘૂસી મારે ગળે ફાંસો દીધો. તેમના ઉપર મને ઘણો જ રોષ થયો, પણ નિઃસહાય અને નિરૂપાય હોવાથી તેમણે મને મારી નાખ્યો. મારા મૃત શરીરને મારા જ ઘરમાં ખાડો ખોદી દાટી દીધું. સંપત્તિની પ્રબળ વાસના અને લોકોના ઘાતકી કૃત્ય તરફ વૈરવૃત્તિથી હું ભયંકર ભૂતયોનિમાં પડયો છું. આ નારકીય યોનિમાં હું ઘણોજ દુઃખી થઇ રહ્યો છું. આપ મહા સમર્થ છો માટે મારો ઉદ્ધાર કરો." આ રીતે પ્રેતની દીન વાણી સાંભળી સ્વામીશ્રીએ તુંબડામાંથી જળ લઇ સ્વામિનારાયણ મહામંત્રનું ઉચ્ચારણ કરી સામે ઊભેલા ભૂત–પ્રેતના ટોળા ઉપર છાંટ્યું. અને ઉત્તર દિશામાં આવેલ તપોભૂમિ બદરિકાશ્રમમાં જઇ તપ કરવાની આજ્ઞા આપી. તરત જ બધાં ભૂતપ્રેતો સ્વામીને નમસ્કાર કરી ઉત્તર દિશામાં ચાલ્યાં ગયાં.

સ્વામીશ્રીએ વડના વૃક્ષ નીચે નિવાસ રાખી શિરોહી ગામમાંથી ભિક્ષા માગી લાવી, જે કોઇ વટેમાર્ગુ નીકળે તેને જ્ઞાનોપદેશ કરવા લાગ્યા. શિરોહીના લોકોને જ્યારે ખ્યાલ આવ્યો કે, આ સ્વામીજી તો પેલી માનવભક્ષી ભૂતની દેરીએ રહે છે, ત્યારે બધા લોકો મહાન આશ્ચર્ય પામ્યા. અને કેટલાક તો ત્યાં જઇ સ્વામી સાથે રોકાઇને જાતઅનુભવ મેળવી ચોક્કસ કરી ગયા કે સ્વામીના પ્રતાપથી બધાં ભૂતપ્રેતોનો ઉદ્ધાર થઇ ગયો છે. પછી ગામના ભાવિક લોકોના આગ્રહથી સ્વામી શિરોહી ગામમાં ગયા. ત્યાં કેટલાક દિવસ રહી જ્ઞાનોપદેશ આપી ઘણો સત્સંગ કરાવ્યો હતો. એમના નામનો ઉલ્લેખ વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીએ **ભક્તચિંતામણિ** પ્રકરણ ૧૨૦માં કરેલો છે. અદ્યાપિપર્યંત શિરોહીમાં સત્સંગ ચાલ્યો આવે છે.

મંદિરનિર્માણની સેવા અને સુરત મંદિરની મહંતાઈ :

સ. વિજ્ઞાનાનંદ સ્વામીએ દેશદેશાંતરમાં ઘણાં વર્ષો સુધી વિચરી અનેક મુશ્કેલીઓ સહન કરીને જેમ સત્સંગનો પ્રચાર કર્યો હતો એજ રીતે એમણે ગામડાંઓમાં નાનાં-મોટાં મંદિરો બનાવવામાં પણ ખૂબ જ પરિશ્રમ કરેલો. પ્રથમના સમયમાં નવાં મંદિરો બાંધવામાં નંદ સંતો અને એમના શિષ્ય સાધુઓએ અંગમહેનત કરીને જે સેવાઓ કરેલી એ સંપ્રદાયના ઈતિહાસમાં અતિ મહત્ત્વનું એક નોંધપાત્ર કાર્ય છે.

વડોદરામાં શિખરબંધ મંદિર થયું, તેમાં સ. ગુ. પવિત્રાનંદ સ્વામી, સ. ગુ. ભૂમાનંદ સ્વામી અને સ. ગુ. વિજ્ઞાનાનંદ સ્વામી એ ત્રણેય મોટા સદ્‌ગુરુઓ પોતાના મંડળના સંતો સહિત સેવાકાર્યમાં રોકાયેલા અને સર્વ પ્રકારે સેવા કરી સુંદર મંદિર તૈયાર કર્યું. એ યાદી માટે મંદિર બનાવનાર કુશળ કારીગરોએ જ ત્રણેય મહાપુરુષોને સામા બેસાડી તેઓશ્રીની પથ્થરની મૂર્તિઓ બનાવી પ્રદક્ષિણાના થાંભલાઓ ઉપર બેસાડેલી છે. સં. ૧૯૩૨ની સાલમાં ઉક્ત ત્રણેય સદ્‌ગુરુઓએ રાજ્યનો સહકાર સાધી ભારે મોટી ધામધૂમથી મૂર્તિપ્રતિષ્ઠાનો મહોત્સવ શાંતમૂર્તિ આચાર્યશ્રી ભગવતપ્રસાદજી મહારાજ હસ્તક ઉજવ્યો હતો.

સ્વામીશ્રીની ઘણી વૃદ્ધ અવસ્થા હતી. એમને કોઈ પ્રકારની ઈચ્છા ન હતી છતાં **સત્સંગની સમજપૂર્વક સંપૂર્ણ સંભાળ રાખનાર, અને સુયોગ્ય વ્યક્તિઓની યોગ્ય યોજનામાં કુશળ** આચાર્યવર્ય શ્રી વિહારીલાલજી મહારાજે આગ્રહથી વિજ્ઞાનાનંદ સ્વામીને સુરતમંદિરના મહંતપદે નીમ્યા હતા. સં. ૧૯૩૮ થી ૧૯૪૧ સુધી ચાર વર્ષપર્યંત સુરતમાં રહી સ્વામીએ મંદિરની ઘણી સેવાઓ કરેલી. એમના સમયમાં સત્સંગનો અતિ ઉત્કર્ષ થયેલો; તેથી સ્થાનિક સત્સંગીઓ તથા ગવૈયા સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના સાથ-સહકારથી બાઈઓનું બે માળનું વિશાળ મંદિર નવેસરથી કરાવ્યું તથા શિખરબંધ મંદિર તૈયાર હતું તેમાં ધર્મ-ભક્તિ, હરિકૃષ્ણ મહારાજની મૂર્તિસ્થાપનાનું કામ કેટલાંક કારણોથી બાકી હતું તે આચાર્યશ્રી વગેરેને યોગ્ય રીતે સમજાવી સં. ૧૯૩૮ ફાગણ સુદ ૨ ના રોજ બહુ મોટી ધામધૂમથી આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ હસ્તક સ્વામીશ્રીએ

મૂર્તિપ્રતિષ્ઠાનો મહોત્સવ ઉદારતાથી ઉજવ્યો હતો. આ રીતે સ્વામીશ્રીએ પોતાની તપત્યાગપ્રધાન સાધુતા, વિદ્વત્તા અને સંગીતમય કીર્તનભક્તિની ભવ્ય ભાવનાથી સુરતના સત્સંગની પુષ્ટિ અને પ્રખ્યાતિમાં પ્રથમ નંબર મેળવ્યો હતો.

સ્વામીશ્રીની પ્રખ્યાતિથી આકર્ષાઈને સુરત શહેરના અગ્રેસર વૈષ્ણવો અને જૈનો વગેરે શેઠિયાઓ પણ મંદિરમાં દર્શન કરવા આવતા હતા. એક વખત કેટલાક જૈન શેઠિયાઓ મંદિરમાં આવ્યા. દર્શન કરી સ્વામીની વાતો સાંભળી તેઓ ઘણા ખુશ થયા. તેઓ ચાલ્યા ત્યારે શિખરના એક ભાગમાં પીપળાનો નાનો છોડ ઊગેલો, તે જોઈને, એક ભાઈએ સ્વામીની બુદ્ધિની પરીક્ષા કરવાના હેતુથી કહ્યું કે, – "સ્વામીજી ! વૈષ્ણવ શાસ્ત્રો પીપળાને વિષ્ણુનું સ્વરૂપ માને છે. આ શિખર ઉપર ઊગેલા પીપળાના છોડને તોડવાથી વિષ્ણુના સ્વરૂપનો નાશ કરવા જેવું ગણાય. તથા લીલા છોડને તોડવાથી જીવહિંસા થઈ કહેવાય. છોડ મોટો થાય તો દેવાલયને નુકસાન કરે. આવી સ્થિતિમાં આપ બેમાંથી કોનો નાશ કરો ?" સ્વામીએ તરત જ પ્રત્યુત્તર આપ્યો કે, "આપ સર્વ વિવેકી અને ઘણા સમજુ સજ્જનો છો માટે મારી વાત બરાબર ધ્યાનમાં લેશો. ગોરજી એ આપના પૂજ્ય સાધુઓ છે. શરીરની સારી નરસી સ્થિતિ અનુસાર ધારો કે કદાચ ગોરજીના માથામાં ગુમડું થાય ને તેમાં જીવડા પડે. હવે જો તેમાંથી જીવડા કઢાવી નાખીએ તો જીવહિંસા થાય છે. અને ગોરજીના મસ્તકને કાંઈ કરીએ તો મનુષ્યહિંસા થાય. આવી સ્થિતિમાં આપ શું કરો ?" ત્યારે તેમણે કહ્યું, "મહારાજ ! જીવ-જંતુ હોય તે કાઢી નખાય પણ ગોરજીને કાંઈ કરાય નહિ." ત્યારે સ્વામીએ કહ્યું, "જેમ તમે કહો છો તેમ અમારે પણ છોડને જ ઉખેડી નાખવો પડે." આવી શાંતિપૂર્ણ બુદ્ધિગમ્ય સ્વામીની વિવેકવાણી સાંભળી તે લોકો સ્વામીની પ્રશંસા કરતા કરતા ચાલ્યા ગયા.

આ પ્રમાણે પરમ પૂજ્ય સ. ગુ. વિજ્ઞાનાનંદ સ્વામીએ સં. ૧૮૭૧ માં શ્રીજી પાસે સાધુદીક્ષા લઈ સં. ૧૯૪૧ ની સાલ સુધી ૭૧ વર્ષો પર્યંત દેશદેશાંતરમાં વિચરી સત્સંગની સેવામાં જીવન સમર્પણ કરી દીધું હતું. સુરતમાં છેલ્લી અવસ્થામાં પણ ધ્યાનભજનપરાયણ બની એક જ વખત અલ્પ ફલાહાર લઈ તપશ્ચર્યામય જીવનયાપન કરતા સં. ૧૯૪૧ જેઠ વદ ૧૨ ના પ્રાતઃકાળમાં પ્રતાપ જણાવી સૌને 'જય સ્વામિનારાયણ' કહી ૯૧ વર્ષની વયે અક્ષરવાસી

થયા. સ્વામીના અક્ષરધામગમન નિમિત્તે સુરતના પ્રેમી ભક્તોએ કથા-પારાયણ, રસોઈઓ વગેરે ઘણી પ્રશંસનીય સેવાઓ કરેલી. કારણ કે, સ્વામીના આશીર્વાદથી કેટલાંયનાં દુઃખ-દારિદ્રય દૂર થયેલાં તથા કેટલાક સત્સંગીઓને પુત્રપ્રાપ્તિ, અને રોગનિવૃત્તિ વગેરે લાભો થયેલા હતા. એટલે સર્વ સત્સંગીઓ સ્વામીને વિશે ઈશ્વરના જેવી પૂજ્યબુદ્ધિ રાખતા હતા.

સ્વામીની શિષ્યપરંપરા

સ્વામી પ્રથમ દૂર પ્રદેશોમાં ફરતા ત્યારે તેમની સાથે જોડ તરીકે બે નંદસંતો ફરવા જતા. પછી કેટલાક શિષ્યો થયેલા તેમાં મુખ્ય પુરાણી જ્ઞાનવલ્લભદાસજી તથા ગવૈયા સ્વામી હરિકૃષ્ણદાસજી વગેરે હતા. હરિકૃષ્ણદાસજી સ્વામી શાંત પ્રકૃતિના પરમ ભગવદીય અતિશય નિર્માની સંત હતા. તેઓ વિજ્ઞાનાનંદ સ્વામી પાસે સંગીતવિદ્યા શીખ્યા હતા. એમના શિષ્ય સ. ગુ. શાસ્ત્રીશ્રી શ્વેતવૈકુંઠદાસજી, ગવૈયા સ્વામી ભક્તિજીવનદાસજી અને સ. શાસ્ત્રી ગોપીનાથદાસજી વગેરે અત્યંત પ્રસિદ્ધ છે. તેમાં સુપ્રતિષ્ઠિત-૧. સ. ગુ. શાસ્ત્રીશ્રી શ્વેતવૈકુંઠદાસજી એક પરમ ભગવન્નિષ્ઠ શ્રેષ્ઠ કોટિના વિદ્વાન સંત હતા. જેમણે ૭૫ વર્ષની વયે હરિલીલાકલ્પતરુ, હરિલીલાપ્રદીપ, હરિસંભવકાવ્ય અને ગોપાલાનંદ સ્વામીકૃત દશોપનિષદ-ભાષ્ય વગેરે સંસ્કૃતના મહાગ્રંથોનાં ભાષાંતરો કાશીમાં રહી ભારે પરિશ્રમ લઈને કર્યાં છે. સાથે કાશીમંદિરની ઘણી સેવા કરી કરાવી છે. તેઓશ્રીમાં વિજ્ઞાનાનંદ સ્વામીની સેવાભાવના પ્રત્યક્ષ જોવા મળે છે. સ્વામી રઘુવીરદાસજી શાસ્ત્રીની શિષ્યપરંપરામાં છે. સ.. શાસ્ત્રીશ્રી ગોપીનાથદાસજીએ પરંપરાથી ચોક્કસ રીતે જાણેલી હકીકતો અમોને લખી મોકલી તે બદલ તેઓશ્રીનો અત્યંત આભાર માનું છું.

* * *

આમુખ

આપણા સંપ્રદાયમાં સર્વાંતર્યામી, સર્વોપરિ શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુની આજ્ઞારૂપી આકરી ભઠ્ઠીમાં સિદ્ધ થયેલા **શુદ્ધ કાંચન સમા એકથી એક શ્રેષ્ઠ સંતો થઈ ગયેલા છે** કે, જેમણે તપ–ત્યાગપ્રધાન પરોપકારમય ભક્તિનિષ્ઠ જીવન જીવી **અગણિત આત્માઓનો ઉદ્ધાર કર્યો હતો.**

ભગવાન સ્વામિનારાયણના સમકાલીન એ બ્રહ્મનિષ્ઠ સંતોનાં–સેવા, સમાગમ અને સહવાસથી અનેક **મુમુક્ષુઓ બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરી પ્રભુના સાક્ષાત્કારને પામ્યા હતા; એ એમના મહાપ્રયાસની અમૂલ્ય સિદ્ધિ હતી.**

શ્રીજીદીક્ષિત નંદસંતોની વાણીમાં એવું અદ્‌ભુત આકર્ષણ હતું કે, એક વખત જે એમનાં દર્શન કરે કે ઉપદેશ સાંભળે તે મનુષ્યો સર્વ દુર્ગુણો, વ્યસનો તથા ક્રૂર સ્વભાવ–પ્રકૃતિનો ત્યાગ કરી, જીવનભર એમની આજ્ઞા પ્રમાણે વર્તવાનું મહાબળ મેળવી **પ્રમાણિક અને પવિત્ર જીવન જીવતા. આવું એમનું પ્રભાવશાલી અલૌકિક વ્યક્તિત્વ હતું.**

આળસ, પ્રમાદ અને દીર્ઘસૂત્રીપણાનો ત્યાગ કરી ભારે હિંમત અને ખરા ખંતથી રાત્રિદિવસ દેશદેશાંતરમાં લાંબા સમય સુધી પગપાળા વિચરી એ સમર્થ સંતોએ અજ્ઞાની, અડબંગ અને દ્વેષી લોકોનાં અસહ્ય અપમાનો, તિરસ્કારો તથા કુટિલ ક્લેશો કે જીવલેણ મુશ્કેલીઓ સહન કરીને પણ એમણે નિ:સ્વાર્થપણે સર્વલોકોનું જે હિત કર્યું **તે સંતોના જીવનનો અજોડ ઈતિહાસ સર્વને માટે હમેશાં ગર્વ લેવા જેવો અને મુમુક્ષુઓને તો સદાને માટે અનેક રીતે માર્ગદર્શન રૂપ છે.**

પૂર્વાશ્રમની માહિતી

અદ્‌ભુતાનંદ સ્વામીના પૂર્વાશ્રમની પ્રામાણિક માહિતી એમની હસ્તલિખિત

વાતોમાંથી, અન્ય નંદસંતોનાં પુસ્તકોમાંથી અને વૃદ્ધ સંતહરિભક્તો પાસેથી સાંભળીને તથા એમનાં **ગામ અને કુટુંબનો રૂબરૂ જાતે પરિચય મેળવી** ઘણી જ શોધ-ખોળ કર્યા પછી લખી છે.

"અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો"

સ્વામીના શિષ્ય પુરાણી ઘનશ્યામચરણદાસજીએ લખેલી છે. પુરાણીશ્રીએ સ્વામીની પાંચ વર્ષ સુધી જાતે સેવા કરેલી, ત્યારે હરવખત પ્રસંગોપાત સ્વામીએ જેજે વાતો કરેલી તે સ્વામીની હયાતીમાં જ લખેલી. એ વાતોની હસ્તલિખિત પ્રતો વડતાલ, અમદાવાદ, જૂનાગઢ વગેરે સ્થળે કેટલાક સંતહરિભક્તો પાસે છે. સં. ૧૯૭૯ ની સાલમાં **૧૨૮ પૃષ્ઠ સુધી એ વાતોની છપાયેલી અધૂરી નાની ચોપડી પણ જોવા મળે છે.** હવે પૂર્વાશ્રમની માહિતી મેળવીએ.

સુરેન્દ્રનગર જિલ્લાના ઝાલાવાડ પ્રદેશમાં લખતરથી અમદાવાદ તરફ જતાં રાજમાર્ગ (રોડ) પાસેજ લખતરથી બે ગાઉ (ચારમાઈલ) દૂર કડુ ગામ આવેલું છે. ત્યાં સદ્‌ગુરુ અદ્‌ભુતાનંદ સ્વામીનો જન્મ થયો હતો. ગઢડાથી વડતાલ જતાં આવતાં શ્રીજીમહારાજ કેટલીક વાર કડુ પધાર્યા હતા. કડુ ગામના પાદરમાં તળાવ છે તેમાં સંતોએ સહિત શ્રીજીમહારાજ નાહેલા છે. તળાવને કિનારે શ્રીજી સભા કરીને બિરાજેલા તે સ્થળે ઓટો કરી, જે પથ્થર ઉપર બેસી શ્રીજીએ સ્નાન કરેલ તે પ્રસાદીનો પથ્થર ઓટા ઉપર પધરાવેલો છે. તથા તળાવના કાંઠા ઉપર જૂના વખતથી હનુમાનજીનું મંદિર છે તે પ્રસાદીનું છે. **એસ.ટી. ની એક્સપ્રેસ બસ સિવાયની બસો ત્યાં ઊભી રહે છે. બસમાં બેઠાં બેઠાં પણ તળાવ અને ઓટાનાં દર્શન થઈ શકે છે.** કડુ ગામની સીમમાં ગોથરા નામે તળાવ છે તે પ્રસાદીનું છે, ત્યાં ઓટો છે. ગામમાં હાલ ફક્ત પાંચસો માણસની વસ્તી છે. પ્રથમ પાટીદારો તથા ક્ષત્રિય દરબારોનો સત્સંગ હતો ત્યારે ગામમાં પાકું મંદિર કરેલું, પરંતુ અત્યારે કડુમાં એક પણ સત્સંગી નથી. તેથી મંદિરમાં ચરણારવિંદ સહિત મૂર્તિ છે તે અપૂજ્ય રહે છે. જીર્ણોદ્ધાર નહિ થાય તો મંદિર પડવાની તૈયારીમાં છે, મંદિરનો લેખ મૂળી મંદિરના કોઠારમાં છે અને કડુની આજુબાજુ લખતર તથા લીલાપર જેવા સુપ્રસિદ્ધ સત્સંગીઓનાં ગામ છે, છતાં એક મહાન સમર્થ સંતપુરુષની યાદી તરીકે તૈયાર મંદિર છે તે રહેશે નહિ એવી પરિસ્થિતિ છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણના ખાસ કૃપાપાત્ર ત્યાગીશિષ્યોમાં મુક્તાનંદ-સ્વામી, ગોપાલાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, શુકાનંદસ્વામી, અદ્દભુતાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી વગેરે પ્રથમ પંક્તિના સંતો હતા. તેમાં **સદ્દગુરુ અદ્દભુતાનંદ સ્વામીનું એક વિશિષ્ટ પ્રકારનું ગૌરવભર્યું સ્થાન હતું.**

અદ્દભુતાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ **કલ્યાણદાસ** હતું. જ્ઞાતિએ કડવા પાટીદાર, અટક મૂળમાં બરાબર એવું દલસાણિયા છે કે દશલાણિયા ? તેઓ ચાર ભાઈઓ અને ત્રણ બહેનો હતાં. પિતાનું નામ સંઘા પટેલ અને માતાનું નામ દેવુબાઈ હતું.

રામાનંદસ્વામી તથા શ્રીજી મહારાજના પ્રાથમિક પ્રસંગો

માંચા ખાચર શ્રીજીમહારાજને પોતાનું વૃતાંત કહેતાં કહે છે કે, "સંવત ૧૮૫૨ની સાલમાં (રામાનંદ સ્વામીએ) અન્નકોટ મારે ત્યાં (કારિયાણીમાં) કર્યો. તે અન્નકોટ ઉપર અદ્દભુતાનંદ સ્વામી (પૂર્વાશ્રમના કલ્યાણદાસ) તથા એમના કાકા (નામ મળી શક્યું નથી) ત્યાં આવ્યા હતા. તેમને રામાનંદ સ્વામીએ પોતાના શિષ્ય કર્યા." (અદ્દભુતાનંદ સ્વામીની વાતો ૨૩)

શ્રીજીના ગુરુ રામાનંદસ્વામી સં. ૧૮૫૮ ના માગશર સુદ ૧૩ ના રોજ અક્ષરવાસી થયા, પછી શ્રીજી મહારાજે માંગરોળ ગામમાં સં. ૧૮૫૯ ના શ્રાવણ વદ ૮ જન્માષ્ટમીનો સમૈયો કર્યો હતો. તેમાં દેશદેશાંતરના સત્સંગીઓને કંકોતરીઓ લખીને તેડાવેલા, ત્યારે અદ્દભુતાનંદ સ્વામી ઘેર હતા, ત્યાંથી માંગરોળ દર્શન કરવા આવેલા એમ તેઓ પોતાની વાતોમાં કહે છે. "અદ્દભુતાનંદ સ્વામી કહે હું પણ ત્યાં જાતો હવો. ત્યાં સર્વે ભક્તો આઠમનો ઉપવાસ કરી જાગરણ કરતા. અષ્ટ પટરાણીઓ સહિત બાઈભાઈ સર્વેને શ્રીજીમહારાજ પોતે કૃષ્ણરૂપે પોતાનું દર્શન જન્મસમયથી (સવારના) ચાર વાગતાં સુધી દેતા હવા. પછી હતા તેવે સ્વરૂપે થાતા હવા. (અદ્દભુતાનંદ સ્વામીની વાતો ૨૩)

શ્રીજી મહારાજ અમદાવાદથી ચાલ્યા તે સંત સર્વેને લઇને ગામ મેથાણ થઇને ગામ કડુ આવીને તળાવ ઉપર બેઠા ને પટેલ કલ્યાણભાઇને ખબર કરી. તે મહારાજશ્રી સારુ ગાડું જોડી આવ્યા. તે ગાડામાં મહારાજ તથા મુક્તાનંદ સ્વામી આદિક બેઠા ને ત્યાંથી ગામ **કેસરિયા** આવ્યા ને ત્યાં રાત રહ્યા. તે રાત્રિએ કલ્યાણભાઇ કહે જે, "મહારાજ ! મને વર્તમાન ધરાવો. ત્યારે મહારાજ કહે, "વર્તમાન નથી ધરાવવાં." ત્યારે કલ્યાણભાઇ કહે જે, "રામાનંદ સ્વામીનાં વર્તમાન ધાર્યા છે." ત્યારે મહારાજ કહે જે, "શો મંત્ર છે ?" ત્યારે કલ્યાણભાઇ કહે જે, 'રામકૃષ્ણગોવિંદ હરે નારાયણ' એવું ભજન છે. **ત્યારે મહારાજે કલ્યાણદાસ તથા ડાંગરવાના ડુંગરજીને વર્તમાન ધરાવીને કહ્યું જે, "આજથી 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' ભજન કરજ્યો,** (આ સમય સં. ૧૮૬૧નો હતો.) એમ કહીને ચાલ્યા ને ત્યાંથી મહારાજ ગામ કારિયાણી આવ્યા ને ત્યાં અન્નકોટના સમૈયાનો ભારે ઉત્સવ કર્યો ને સમૈયા ઉપર ગામ ગઢડાના એભલ ખાચર એમના સંબંધી થાય તે સારુ એમની દીકરીઓ ઉત્સવ ઉપર બેજણ આવ્યાં હતાં તેમને પણ મહારાજે પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો ને પછી ત્યાંથી ચાલ્યા તે ગામ લોજ આવ્યા. (અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો ૨૭)

મામાનો સત્સંગ

ઝાલાવાડ પ્રદેશમાં ધ્રાંગધરા પાસે મેથાણ ગામના અજા પટેલ કલ્યાણદાસના મામા થતા. અજા પટેલ ધ્રાંગધરા રાજ્યમાં રાજાના ખાસ માનીતા, લોકમાં પ્રતિષ્ઠિત અને ચુસ્ત સત્સંગી હતા. મેથાણમાં દરબારશ્રી પૂંજાજીભાઇ, કાકાભાઇ તથા મુક્તાનંદ સ્વામીના વિદ્યાર્થી વિદ્વાન વિપ્ર એકાંતિક ભક્ત ગોવિંદરામભાઇ અને અજા પટેલ વગેર ભક્તજનોની ભાવનાથી શ્રીજીમહારાજ અને સંતો મેથાણમાં હરવખત પધારતા, તેથી મેથાણમાં ઘણો સારો સત્સંગ હતો અને કેટલાક મુમુક્ષુઓ વૈરાગ્યથી સાધુદીક્ષા લઇ શ્રીજી મહારાજના સેવાયજ્ઞમાં જોડાયા હતા.

અજા પટેલનાં બહેન દેવુબાઇ ઘણી જ દ્દઢતાવાળાં, અતિ બળિયાં સત્સંગી હતાં. તેમનાં લગ્ન કડુ ગામનાં સંઘા પટેલ સાથે કરેલાં. દેવુબાઇના સાસરાપક્ષમાં

કોઈપણ સત્સંગી હતાં નહિ. છતાં દેવુબાઈ હમેશાં વહેલાં ઊઠી ભજનભક્તિ કરતાં, પણ તે એમના પતિને બિલકુલ ગમતું નહિ. દેવુબાઈ કોઈપણ ઉપાયે સ્વામિનારાયણનો આશ્રય છોડી દે તેને માટે એમના પતિએ દેવુબાઈને ઘણાં ઘણાં કષ્ટો આપેલાં. પોતાના પતિના અતિ ક્રોધી હઠીલા સ્વભાવને લીધે દેવુબાઈને જીવનભર ભારે ભારે મુશ્કેલીઓ સહન કરવી પડેલી. છતાં પણ એમણે પોતાના પુત્રોમાં સત્સંગના શુભ સંસ્કારો પાડવામાં કાંઈ ખામી રાખી ન હતી. દેવુબાઈની સહનશક્તિ અને ભજનસ્મરણના ફળરૂપે એમના જે ચાર પુત્રો થયા તે અતિ ઉચ્ચ કોટિના ભક્તો થયા; તેમાં પણ મોટા પુત્ર કલ્યાણદાસ (આપણા અદ્ભુતાનંદ સ્વામી) તો મહાન રૂપગુણવાળા અનન્ય ભક્ત થયા. કલ્યાણદાસ મેથાણમાં પોતાના મામા અજા પટેલને ઘેર ઘણું રહેલા. તેથી શ્રીજીમહારાજ અને મુક્તાનંદ સ્વામી વગેરે મોટા સંતોના સેવાસમાગમનો વારંવાર લાભ લઈ એમણે સત્સંગમાં દૃઢ આત્મબુદ્ધિ કેળવી હતી. અને પોતાના ભાઈઓનાં પણ જીવન સત્સંગપરાયણ બનાવી દીધાં હતાં.

કલ્યાણદાસના પિતાને સત્સંગ તરફ ખૂબ અણગમો હતો. અને એમનો સ્વભાવ ઘણો તામસી હતો. તેથી કલ્યાણદાસ અને એમની માતા તથા ભાઈઓએ ધર્મનિયમ પાળવામાં અને સંતોનાં સેવા–સમાગમ, દર્શન વગેરે કરવામાં ઘણી મુશ્કેલી સહન કરવી પડતી હતી. છતાં તેઓ બધા ખૂબ ધીરજ, શાંતિ અને વિવેક રાખી મક્કમતાથી સ્વધર્મનિષ્ઠ રહેતાં હતાં. દરેક બાબતમાં હમેશાં મુશ્કેલીઓ સહન કરી પૂરેપૂરી રીતે ધર્મનું પાલન કરવું એ મહા કઠિન વાત છે. બહારની ઉપાધિઓ સહન કરવી એ જરા સહેલી છે. પરંતુ ઘરમાં બધી બાબતમાં રોકટોક સાથે હમેશાં તિરસ્કાર થાય તથા હરઘડી કટુવચન સાંભળવાં પડે, તો પણ, શૂરવીર થઈને પોતાની ટેક નીભાવે, એ ભારે આત્મબળનું કામ છે. કલ્યાણદાસ ખૂબ શાંત રહી અવારનવાર ઘણી ઘણી કનડગત સહન કરતા તેનો એક દાખલો આપણે જોઈએ.

એક વખત ધર્મપ્રચાર માટે દેશદેશાંતરમાં ફરતા સ્વામિનારાયણના સાધુઓ કડુ ગામને પાદર નીકળ્યા. સાધુઓએ ગામલોકોને કલ્યાણદાસના સમાચાર પૂછ્યા. સાધુઓનું નામ સાંભળી તેઓ તરત જ દર્શન કરવા આવ્યા. સાધુઓને જવાની ઉતાવળ હતી એટલે તેઓ ચાલી નીકળ્યા. સાધુઓમાં કેટલાક વૃદ્ધસંતો પણ હતા.

તેમને જોઇ કલ્યાણદાસ બોલ્યા 'સ્વામી, થોડીવાર ઊભા રહો, હું ગાડું જોડી લાવું.' સાધુઓએ ના પાડી છતાં તેઓ અતિ આગ્રહથી ગાડું લાવ્યા. અને સાધુઓને ગાડામાં બેસાડી સામે ગામ મૂકી આવ્યા. સાંજે કલ્યાણદાસના પિતાએ આ વાત જાણી ત્યારે તેમણે અતિશય ક્રોધના આવેશમાં આવી કલ્યાણદાસના વાંસામાં સોટીથી અસહ્ય માર માર્યો. આ પ્રસંગ એટલો બધો પ્રસિદ્ધ ત્રાસદાયી અને દયાજનક બનેલો કે, જેને આજે પોણા બસો વર્ષ વીતી ગયાં છતાં કડુ ગામના લોકો આજે પણ એ વાત પ્રથમ કરે છે. એ અમે (લેખકે) ત્યાનાં ગામલોકોના પરિચયથી જાણ્યું.

મહાપ્રભુ સહજાનંદ સ્વામીના પત્રના "આદિ" શબ્દથી

સાધુદીક્ષા

કલ્યાણદાસના પિતા સંઘા પટેલ વ્યવહારે સુખી અને લોકમાં આબરૂદાર ગણાતા હતા; તેથી તેઓ અજા પટેલ જેવા સંપત્તિવાળા સુપ્રતિષ્ઠિત પટેલના બનેવી બની શક્યા હતા. આ કારણથી કલ્યાણદાસ બાળવયથી જ મામા અને પિતાના સુખી ઘરમાં ખૂબ લાડ કોડે ઊછરેલા. અતિશય સ્વરૂપવાન યુવાન હતા. છતાં જે દિવસ તેઓ પરણીને ઘેર આવ્યા એ જ દિવસે શ્રીજી મહારાજનો પત્ર વાંચી તરત જ ઘર છોડી સાધુ થવા માટે ચાલી નીકળ્યા હતા. આ અદ્‌ભુત પ્રસંગ જાણવા માટે થોડો ઇતિહાસ તપાસીએ.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં એ ખૂબ જાણીતી વાત છે કે, સહજાનંદ સ્વામીના ફક્ત એક કાગળથી અઢાર મોટા મોટા ધનાઢ્ય સદ્‌ગૃહસ્થો તથા ગામધણી દરબારો તત્કાળ ઘરબારનો ત્યાગ કરી ભગવી દીક્ષા લઇને કચ્છ-ભૂજમાં સહજાનંદસ્વામીની સેવામાં હાજર થયા હતા. આ વાતનું મૂળ કારણ એવું હતું કે, કચ્છ-ભૂજના રહીશ સુંદરજીભાઇ તથા હીરજીભાઇ એ બે ભાઇ ચુસ્ત સત્સંગી હતા. તેમાં સુંદરજીભાઇ તો ભૂજના રાજાના ખાનગી કારભારી તરીકે રાજ્યનો કારભાર કરતા. એક વખત રાજકુમારના લગ્નપ્રસંગે ક્ષત્રિયોના જૂના રિવાજ મુજબ સુંદરજીભાઇ **ખાંડું** (વરને બદલે તલવાર) લઇને જાન સાથે સૌરાષ્ટ્રમાં આવ્યા. માર્ગમાં ગોંડલ પાસે બંધિયા

ગામને પાદર જાન આવી; ત્યાં તેમને સમાચાર મળ્યા કે, સહજાનંદ સ્વામી અહીં બિરાજે છે. પછી પોતે મૂળુભાઇના દરબારગઢમાં દર્શન કરવા ગયા. સુંદરજીભાઇ દંડવત પ્રણામ કરવા લાગ્યા, તે જોઇ મહારાજે પૂછ્યું **'કોણ એ ?'** ત્યારે તેમણે કહ્યું 'આપનો દાસ.' મહારાજે ફરી ફરીને ત્રણવાર પૂછ્યું તેનો ઉત્તર એમણે **'આપનો દાસ'** એમ આપ્યો ! ત્યારે મહારાજે કહ્યું : 'દાસનું લક્ષણ શું ?' સુંદરજીભાઇએ કહ્યું **'કહે તેમ કરે તે દાસ.'** ત્યારે મહારાજે કહ્યું : **"આ મૂછોના મોટા મોટા થોભા પડાવી, ભગવાં વસ્ત્ર પહેરી અણવાણે પગે કાશીની યાત્રા કરી આવો."** સુંદરજીભાઇએ તત્કાળ વાળંદને બોલાવી મૂંડન કરાવ્યું. પછી ભગવી દીક્ષા લઇ ઉઘાડે પગે કાશીની યાત્રા કરવા ચાલતા થયા.

પછી મહારાજે તરત જ મુક્તાનંદસ્વામીને પૂછ્યું : 'કેમ સ્વામી ! અમે ઠીક કર્યું ને ?' મુક્તાનંદ સ્વામી બોલ્યા : 'કૃપાનાથ ! આપ જે કરતા હો તે બરાબર હોય. એમાં અમારી દૃષ્ટિ પહોંચે નહિ. પરંતુ એટલું છે કે, ગુજરાત અને કાઠિયાવાડમાં ચોતરફ સાધુઓને અનેક ઉપદ્રવો સહેવા પડે છે; પણ કચ્છ-ભૂજ તરફ ખૂબ શાંતિ રહે છે. કારણ કે, ત્યાંના કારભારી સત્સંગી; પણ આપે તો તેમને પણ સાધુ કર્યા, એટલે હવે શાંતિથી રહેવાનું કોઇ સ્થળ રહ્યું નહિ." ત્યારે મહારાજે કહ્યું : "સ્વામી ! અમને પ્રથમ વાત કરી હોત તો આમ ન કરત." પછી મહારાજે તરત જ માણસ મોકલી સુંદરજીભાઇને બોલાવ્યા. તેઓ પાછા આવી દંડવત પ્રણામ કરવા લાગ્યા. ત્યારે મહારાજે પૂછ્યું : 'કોણ આવ્યું ?' ત્યારે ભગવાં વસ્ત્રધારી સુંદરજી ભાઇએ કહ્યું 'આપનો દાસ.' ત્યારે મહારાજે કહ્યું : 'ભગવી દીક્ષા ઉતારી જે કામ કરવા આવ્યા છો તે કરો.' પછી સુંદરજીભાઇએ દીક્ષા ઉતારી રાજસી પોષાક પહેરી લીધો. પરંતુ પોતાના મનમાં કાંઇક ગર્વ આવી ગયો; એટલે ચાલતી વેળાએ પગે લાગી તેમણે કહ્યું : 'મહારાજ ! કોઇની આવી પરીક્ષા લેશો નહિ. મારા વિના આવું કોઇથી ન બની શકે.' મહારાજે તેના ઉત્તરમાં મંદ હાસ્ય કરીને કહ્યું : **'સુંદરજીભાઇ ! એવું કાંઇ નહિ. અમે તો આવાં કામ કાગળથી કરીએ.'**

પછી બંધિયાથી મહારાજ હાલાર પ્રદેશમાં જામનગર તરફ **ભાદરા** ગામ પધાર્યા. ત્યાંથી જેતલપુર ગોવિંદસ્વામી ઉપર એક પત્ર લખ્યો. બીજો પત્ર

સુંદરજીભાઈનો ગર્વ ટાળવા તથા પોતાના ભક્તોની પરીક્ષા કરવા માટે ગામધણી દરબારો વગેરે એકાંતિક ભક્તો ઉપર પત્ર લખ્યો.

બીજો પત્ર લખિયો લઈ,
વર્ણ થોડે વાત ઘણી કઈ;
માંચા સુરા સોમલા અલૈયા,
મૂળુ નાજા માતરા મામૈયા;
અજા જીવા વીરદાસ વળી,
લાધા કાળા કમળશી મળી
એહ સર્વે તજી ઘરબાર,
થાજયો પરમહંસ નિરધાર.
(ભક્તચિંતામણી પ્ર. ૫૪)

આ પ્રમાણે વિ. સં. ૧૮૬૩ ના આસો માસમાં આ પત્ર લખી ભાદરામાં દીવાળી કરી મહારાજ સં. ૧૮૬૪ ની સાલમાં કચ્છ–ભૂજ પધાર્યા અને આજ્ઞાંકિત શિષ્યો ઉપર જે પત્ર લખ્યો હતો તે પ્રથમ કારિયાણીના માંચા ખાચર ઉપર ખેપિયા મારફત મોકલ્યો. માંચા ખાચર સીમમાં પોતાના ખેતરમાં બારકોશી મોટી વાડી ગળાવી રહ્યા હતા; ત્યાં શ્રીજીનો (સ્ટેન્ડિંગ ઓર્ડર) પત્ર મળ્યો. તેઓ પત્ર વાંચી કુંભારને ત્યાંથી ગેરુ મંગાવી ભગવાં વસ્ત્રો પહેરી તત્કાળ ચાલી નીકળ્યા. અને આજુબાજુના બીજા ગામના દરબારોને ખેપિયા મારફત સમાચાર આપી સારંગપુરમાં ભેગા કર્યા. પછી **શિયાણી** ગામમાં સહુએ મળી જેતલપુર જવું એમ નક્કી કર્યું.

પછી મેથાણના અજા પટેલ ઉપર ખેપિયા મારફત શ્રીજીનો પત્ર મોકલ્યો. અજા પટેલ એ વખતે ધ્રાંગધ્રા રાજય તરફથી **સરવાર** ગામની સીમમાં ઢાળ કરવા (આ ખેતરમાં આટલું અનાજ પાકશે તેવું પ્રમાણિક અનુમાન) ગયા હતા; ત્યાં ખેતરમાં સહજાનંદસ્વામીનો પત્ર વાંચી ઘેર નહિ જતાં તરત જ પવનવેગી ઘોડી ઉપર બેસી કોઈને કાંઇ પણ ભલામણ કર્યા વિના ચાલતા થયા. માર્ગમાં **કડુગામ** આવ્યું. ત્યાં પોતાના ભાણેજ કલ્યાણદાસને ઘેર મળવા ગયા અને વાત કરી કે, 'શ્રીજી મહારાજનો આ પ્રમાણે કાગળ છે. માટે હું સાધુ થવા

જાઉં છું.' કલ્યાણદાસે કહ્યું : **'મને કાગળ વાંચવા આપો.'** એટલે અજા પટેલે તે કાગળ આપ્યો. પત્રમાં લખ્યું હતું કે, "માંચા, સુરા, સોમલા આદિ ભક્તજનો ઘરમાં હો કે સીમમાં, જ્યાં હો ત્યાંથી ખાવું-પીવું પણ બંધ રાખી, ઊભા હો ત્યાંથી તત્કાળ ચાલી નીકળજયો. કર્મયોગી તથા સાંખ્યયોગી હરિજન જેને નીકળાય તે સંસારનો ત્યાગ કરી નીકળજયો. **અમારું ગમતું છે.** ને રાજાનો કુંવર હોય તો તેને એમ કહેવું જે તમે ઘેર રહો, એમ કરતાં નિસરે તો એની ઉપાધિ અમે ભોગવશું."

કાગળમાં બધાં નામની પાછળ આદિ શબ્દ લખ્યો હતો, તેમાં હું પણ આવી ગયો એમ માની કલ્યાણદાસે કહ્યું : "આદિ શબ્દમાં તો હું પણ આવી શકું. માટે મારે પણ તમારી સાથે જ આવવું છે." કલ્યાણદાસ પોતાના મામા અજા પટેલની આગેવાની નીચે **ગઈ રાત્રિએ જ પરણીને હજુ તો ઘેર માંડ માંડ પહોંચ્યા હતા, પંદર ગાઉનો પંથ કરી ઘેર આવીને એમણે ખાધું-પીધું પણ ન હતું ત્યાં મામા પાસેથી શ્રીજીમહારાજનો પત્ર વાંચી મીંઢળબંધા યુવાન કલ્યાણદાસ સાધુ થવા મામા સાથે જ ચાલી નીકળ્યા.** એમના મામા અને સગાં-સ્નેહીઓએ એમને અનેક રીતે સમજાવ્યા. બહુ બહુ કાલાવાલા કર્યાં, છતાં તેઓ કોઈની મહોબતમાં લેવાયા નહિ. વળી, વિવાહ પહેલાં જ કલ્યાણદાસનાં માતાપિતા ગુજરી ગયાં હતાં. એટલે એ મોટી જવાબદારીથી તેઓ છૂટા થઈ ગયા હતા.

પછી અજા પટેલ પોતાની કીમતી ઘોડી ભાણેજને ઘેર મૂકી, પોતે અને કલ્યાણદાસ એ બંનેય કડુથી પગે ચાલીને શિયાણી ગામ ગયા. ત્યાં માંચા ખાચર વગેરે પત્રમાં લખેલા બધા ભક્તો આવી ગયા હતા. શ્રીજીના પત્રમાં લખેલા ભક્તોમાંથી જેમણે ભગવાં વસ્ત્રો પહેર્યાં ન હતાં તે સર્વેએ દાઢી-મૂછો તથા ચોટલી સહિત મૂંડન (હજામત) કરાવ્યું. પછી ભગવાં વસ્ત્રો તથા અલફી પહેરી પરમહંસ બની જેતલપુરને માર્ગે ચાલતા થયા. એ નવા બનેલા પરમહંસો જયારે જેતલપુર (અમદાવાદ પાસે) પહોંચ્યા ત્યારે તેમને **'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથના કર્તા આધારાનંદ સ્વામી** (કવિતામાં સિદ્ધાનંદ) પ્રથમ મળ્યા. આ પ્રસંગ સ્વામીએ પોતે નજરે જોઈ જાતે એ શ્રીજીનો પત્ર વાંચીને ઉલ્લેખ ગ્રંથમાં કર્યો છે.

परमहंस होके काशी जाना,
अैसे पत्र लिखे भगवाना;
पत्र सुनी हरिजन जो जेहु,
नाम लिखे ते पत्रमें तेहु. २१
घर छोडी शियाल गाम आये,
चोटि तिहां सबकि मुंडाये;
अलफि रंगी सब कोटमें डारे,
परमहंस भये अति मतवारे. २२
जेतलपुर पीछे गाम सो आये,
देखत हम आश्र्चर्य हि पाये;
हमकुं कहे हम जावत काशी,
अग्या अैसी दिने अविनाशी. २३
हमकुं पत्र सो आइ दिखाये
पत्र हम हि शिर पर चढाये;
जेतलपुर काशीसें भारी,
हम देखे द्रढ उर विचारी. २४

સ્વામી રામદાસજી જેતલપુરમાં રહેતા હતા. તેઓ રામાનંદ સ્વામીના વયોવૃદ્ધ શિષ્ય હતા. શ્રીજી મહારાજના ગુરુભાઇ થાય તેથી ભાઇ રામદાસ સ્વામી એવા નામથી તેઓ પ્રસિદ્ધ હતા. તેઓ યોગાભ્યાસી સમાધિનિષ્ઠ સમર્થ સંત હતા. શ્રીજી મહારાજ ત્યાગીઓ સંબંધી કોઇ વ્યવહાર તેમની સલાહ લીધા વિના કરતા નહિ. પત્રથી નવા બનેલા સંતો-જે દિવસે જેતલપુર પહોંચવાના હતા તેની આગલી રાત્રિએ શ્રીજી મહારાજે રામદાસ સ્વામીને સમાધિમાં કહેલું કે, “કાલે નવા પરમહંસો આવશે. અને તેમને કાશીની યાત્રા કરી ભૂજ આવવા લખ્યું હતું પરંતુ હવે કાશી નહિ જતાં તમો તેમને સાથે લઇને ભૂજ આવજો.” આ સંદેશ પ્રમાણે જયારે નવા પરમહંસો જેતલપુર આવ્યા ત્યારે તેમને સમજાવી સ્વામી ભાઇ રામદાસજી સૌને સાથે લઇ જેતલપુરથી પગે ચાલી લાંબો પંથ કાપી વિકટ રણ ઊતરી ભૂજ ગયા.

શ્રીજીના પત્રથી બનેલા સંતો જે દિવસે ભૂજ પહોંચવાના હતા તે દિવસે શ્રીજી મહારાજે સવારની સભામાં કથાવાર્તા થઇ રહી ત્યારે આગળથી અંતર્યામી-પણે વાત કરી કે, “આજે નવા પરમહંસની મંડળી આવે છે, માટે બસો માણસ

જમે તેટલી શીરાપુરીની રસોઇ બનાવો અને શહેર બહાર ગંગારામ જેઠીના અખાડામાં ઠંડા પાણીનાં માટલાં ભરાવો." આ રીતે તૈયારી કરાવી. પછી સુંદરજીભાઇ, હીરજીભાઇ, ગંગારામભાઇ વગેરે સર્વ સત્સંગી અને સંતોએ સહિત શ્રીજીમહારાજ વાજતે ગાજતે સામૈયું લઇને સામા ગયા અને ત્યાં સભા કરીને ધૂનકીર્તન કરવા લાગ્યા. થોડીવાર થઇ ત્યાં નવા પરમહંસોને આવતા જોઇ દૂરથી જ શ્રીજીમહારાજે બધાને દંડવત પ્રણામ કર્યા. પછી તે બધા સભા પાસે આવી અતિશય આનંદથી શ્રીજી મહારાજને દંડવત પ્રમાણ કરવા લાગ્યા. એટલે મહારાજ ઊભા થયા અને એક એક્નાં નામ લઇ ખૂબ હર્ષથી બાથમાં લઇ બધાને ભેટ્યા અને સૌને સભામાં બેસાર્યા.

પછી મહારાજ બોલ્યા : "આ કલ્યાણદાસ આદિ ત્રણ જણનાં કાગળમાં ક્યાં નામ હતાં તે આવ્યા છે ?" ત્યારે કલ્યાણદાસે કહ્યું જે, "હે મહારાજ ! તમોએ કાગળમાં એમ લખ્યું હતું જે, કર્મયોગી તથા સાંખ્યયોગી હરિજન સર્વ નીસરજો. અમારું ગમતું છે." માટે તમારું ગમતું મૂકીને સંસારમાં શું સુખ લેવા રહીએ ?" ત્યારે મહારાજે કહ્યું : "ભલે આવ્યા. અમારા આંખ માથા પર, ભલે આવ્યા. અમારા આંખ માથા પર." એમ ત્રણ વખત બોલ્યા અને પછી કહ્યું કે, "તમે ઘેર ભિક્ષા માગી લાવો તો રાખીએ, નહિ તો નહિ રાખીએ. કેમ જે જલંધર યોગીએ ગોપીચંદ રાજાને તેમની રાણીઓ પાસે ભિક્ષા માગી લાવ્યા ત્યારે રાખ્યા હતા." ત્યારે કલ્યાણદાસ બોલ્યા કે, **'ઠીક મહારાજ, તેમ કરીએ તો રાખશો ?'** આ પ્રમાણે કલ્યાણદાસનો ખપ જોઇ તેમને સેવામાં રાખ્યા. પછી મંદિરે આવી શ્રીજી મહારાજે કલ્યાણદાસને પોતાની પાસે બોલાવી **એમને હાથે જે વિવાહ પ્રસંગનું મીંઢળ બાંધ્યું હતું તે પોતે છોડયું** અને તરત સાધુઓ પાસેથી ભગવાં કપડાં માગી લઇને શ્રીજી મહારાજે તેમને ભગવાં કપડાં પહેરાવી સાધુદીક્ષા આપી. પછી બોલ્યા કે "તમે ભારે અદ્‌ભુત કામ કર્યું માટે તમારું **અદ્‌ભુતાનંદ** એવું નામ પાડીયે છીએ. પછી અદ્‌ભુતાનંદસ્વામીને તેમને ઘેર ભિક્ષા માગવા મોકલ્યા, એટલે તેઓ પોતાના ગામમાં જઇને ભિક્ષા માગી લાવ્યા તથા પોતે પરણ્યા હતા તે મેથાણ ગામમાં જઇને પણ ભિક્ષા માગી આવ્યા.

આ રીતે કલ્યાણદાસ પરણીને ઘેર આવ્યા એ જ ઘડીએ સાધુ થવા ચાલી

નીકળ્યા. પોતાનાં પત્નીને મળવા કે વાતચીત કરવા પણ રોકાયા નહિ. તેમ બીજી કોઈ બાબતમાં લોભાયા લલચાયા નહિ તે બધું જોઈએ એમનાં યુવાન પત્ની એટલાં બધાં આશ્ચર્ય પામી પ્રભાવિત થયાં કે જેથી એમના હૃદયમાં તીવ્ર વૈરાગ્ય પેદા થયો, એટલે તરત જ એમણે પણ જીવનભર બ્રહ્મચર્ય પાળી પ્રભુભક્તિ કરવાની પ્રતિજ્ઞા લીધી અને જિંદગીપર્યંત ભજનસ્મરણ કર્યું.

શ્રીજીમહારાજ એ વખતે સત્સંગીઓના સદ્‌ભાવભર્યા અતિ આગ્રહથી નવા પરમહંસો સાથે દોઢ–બે માસ સુધી ભૂજમાં રોકાયા હતા. બધા સત્સંગીઓએ નિત્ય નવી રસોઈઓ આપી ખૂબ સેવા કરેલી. પછી મહારાજે સત્સંગની પુષ્ટિ માટે નવા પરમહંસોને ઘણા આદરસત્કાર સાથે પાછા ઘેર મોકલ્યા, અને કેટલાક સાધુ તરીકે શ્રીજી સેવામાં કાયમ રહ્યા હતા.

श्रीहरि कहे समझ है जैती,
सत्संग करे तुम पाये तेति;
युं कहि काशीके सवांग जेतो,
श्रीहरि सो उतराये तेतो. ३१

खटवांग आदि जेते भूपा,
ताकुं वसन धराये अनूपा;
नवानगर कि पाघ मगाये,
जरिदार सबहि रहाये. ३२

सबके शिरपर हरि हाथ बंधाये,
अंगरखे सुरवाल पहिराये;
दुजे वसन जेहि चैये जेता,
सबहि देवत भये तेता. ३३

रामदासजी भाई जेता,
सकर हरिजनसें भगाये तेता;
संत हरिजनकुं दिने सबहि,
हरि सकर जेवे प्रथम तबहि. ३४

(આધારાનંદમુનિ કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર પુર. ૧૨–તરંગ ૨૬)

અદ્ભુતાનંદ સ્વામી ભૂજથી આવી વડતાલ હતા. ત્યાં એમના ભાઇ **વજાભાઇ** કડુથી ગાડું જોડી સ્વામીને ઘેર તેડી જવા આવ્યા. અદ્ભુતાનંદ સ્વામીએ તેમને બે-પાંચ દિવસ રોકાવાનું કહ્યું. પછી તો સવાર-સાંજ અને રાત્રિ-દિવસ સ્વામીએ જ્ઞાનવૈરાગ્યની એવી અસરકારક ભગવત્કથાવાર્તા કરી કે જે સાંભળીને વજાભાઇનું પણ હૃદય રંગાઇ ગયું; એટલે તેઓએ ગામમાં જઇ ગાડું બળદ વેચી નાખ્યા અને જે પૈસા આવ્યા તેની સાધુઓને રસોઇ આપી દીધી. પછી પોતે સાધુ થઇ ગયા. તેમનું નામ **નિષ્કામાનંદ સ્વામી** હતું.

પંદરવીસ દિવસ વીતી ગયા છતાં વજાભાઇ ઘેર પાછા આવ્યા નહિ એટલે બીજા ભાઇઓ ઘેર હતા તેમણે વિચાર કર્યો કે, ગાડું બળદ લઇને ગયા છે તેથી મંદિરની સેવા કરવા રોકાયા હશે. સેવાનું કામ પૂરું થશે એટલે ઘેર આવશે. આમ રાહ જોતાં બેત્રણ માસ વીતી ગયા. પછી ત્રીજા ભાઇ વીઠ્ઠલભાઇએ કહ્યું : "હું વડતાલ દર્શન કરી આવું અને વજાભાઇ કેમ રોકાઇ ગયા તે જાણી તેમને તેડતો આવું." પછી વીઠ્ઠલભાઇ વડતાલ ગયા. દેવદર્શન અને ગોમતીસ્નાન કરી તેઓ અદ્ભુતાનંદ સ્વામીનાં દર્શન કરવા ગયા અને ત્યાં બધા સમાચાર જાણ્યા. સ્વામીએ એમને પણ સેવાનિમિત્તે થોડાદિવસ રોકાવાનું કહીને શાંત કર્યા. મંદિરમાં તો એક પછી એક સેવાનાં કાર્યો ચાલુજ હોય. વીઠ્ઠલભાઇના મનમાં થયું કે, "આવો સેવાનો લાભ આપણે ક્યારેય લીધો નથી માટે થોડા દિવસ રોકાઇએ." આમ ધારી તેઓ રોકાયા અને સેવામાં જોડાઇ ગયા, પરંતુ સ્વામીની યોજના એમનું હૃદય રંગવાની હતી તે એ જાણી શક્યા નહિ. સંતો ચાર બજે વહેલા ઊઠી ધ્યાન-ભજન કરે, પ્રભાતિયાં, કીર્તનો અને પ્રકરણો બોલે, તથા પૂજા-પાઠ, સ્તુતિ-પ્રાર્થના અને મંત્રજપમાં તલ્લીન બની જાય. સભામાં કથાવાર્તા થાય. આમ રાત્રિ-દિવસ જ્યાં જુવે ત્યાં ભગવત્પરાયણ દિવ્ય વાતાવરણ દૃષ્ટિગોચર થતું હતું. એક બાજુ અદ્ભુતાનંદ સ્વામી હરવખત એમને પાસે બેસાડી ત્યાગવૈરાગ્યની બળવાન વાતો કર્યા જ કરતા હતા. પરિણામ એ આવ્યું કે **વિવેકી વીઠ્ઠલભાઇ** પણ સંસારને અસાર-દુઃખ રૂપ સમજી, સત્સંગના મહિમા-મોટપનું ગૌરવ બરાબર જાણી સાધુ થઇ ગયા. તેમનું નામ (નાના) **ચૈતન્યાનંદ સ્વામી** હતું.

"ભાઇ મોટેરા તેડવા આવ્યા, વાતુ કરીને વૈરાગ્ય ઉપજાવ્યા;

તેને સાધુ કર્યા અવિનાશે, રાખ્યા ચૈતન્યાનંદ સ્વામી પાસે."

(સ્વામી માધવદાસકૃત હરિકૃષ્ણલીલામૃતસાગર, અ. ૬૬/૧૬)

અર્થ : અદ્‌ભુતાનંદ સ્વામીને એમના મોટાભાઇ તેડવા આવ્યા પણ સ્વામીએ ખૂબ બળવાન વાતો કરી તેથી વૈરાગ્ય થઇ ગયો. પછી શ્રીજીએ તેમને દીક્ષા આપી ચૈતન્યાનંદ નામ પાડી સ્વામી પાસે રાખ્યા.

નિષ્કામાનંદ સ્વામી અને ચૈતન્યાનંદ સ્વામી એ બંનેય અદ્‌ભુતાનંદ સ્વામીના મંડળમાં જ રહેતા ને એમની સાથે ફરવા જતા, એમ **અદ્‌ભુતાનંદ સ્વામીની વાતોમાંથી તથા સ્વામીની શિષ્યપરંપરાના આદર્શવાળા, સત્સંગમાં સુપ્રસિદ્ધ સર્વશ્રેષ્ઠ વિદ્વાન, વડતાલના શાસ્ત્રી હરિજીવનદાસ સ્વામી જેવા વૃદ્ધ સંત પાસેથી ચોક્કસ રીતે સપ્રમાણ જાણવા મળ્યું છે.**

આ પ્રમાણે ત્રણ ભાઇઓ સાધુ થઇ ગયા એ બીના જાણીને ઘેર જે ચોથાભાઇ કુબેરદાસ હતા તે ઘણા ઉદાસ થઇ ગયા. એમને પણ પ્રભુમાં પ્રેમ હતો. બાળપણથી બધા ભાઇઓમાં પરસ્પર ખૂબ ખૂબ હેત હતું. જીવનનો અત્યંત આનંદ માણેલો. એટલે કુબેરદાસને ઘર સાવ સૂનું લાગવા માંડ્યું. એમને નિદ્રા પણ આવી નહિ. બીજે દિવસે વહેલી સવારે સાધુ થઇ જવાના સંકલ્પથી ગઢડા તરફ ચાલતા થયા. તેના સમાચાર વાયુવેગે ફેલાઇ ગયા, તેથી કુબેરદાસનાં ત્રણ બહેનો જે જુદે જુદે ગામડે પોતપોતાને ઘેર હતાં તે સૌ કડુમાં ભેળાં થઇ મહારાજ પાસે આવ્યાં.

મહારાજને તેમણે વિનંતિ કરી કે "અમારા કુટુંબમાં હવે નજીકનો કોઇ પુરુષ નથી. અમારા ત્રણ ભાઇઓ તો સાધુ થઇ ગયા. પણ એક ભાઇ ઘેર હતા તેથી લોકવ્યવહારે અમારે ઠીક હતું. કુબેરદાસ સાધુ થઇ જાય એટલે અમારે કોઇ પ્રકારનો આધાર આશરો રહે નહિ. અને જેનો વંશ ન હોય તેનું જગતમાં સારું ન કહેવાય. માટે આપ કૃપા કરી કુબેરદાસને ઘેર મોકલો અને **એમના વંશમાં સત્સંગ કાયમ રહે એવા આશીર્વાદ આપો."** આ પ્રમાણે બહેનોની પ્રાર્થનાથી રાજી

થઈને શ્રીજી મહારાજે કુબેરદાસને ઘેર મોકલ્યા અને 'તમારા વંશમાં સત્સંગ તથા સુખશાંતિ કાયમ રહેશે' એવો વર આપ્યો.

શ્રીજીઆજ્ઞાથી કુબેરદાસ ઘેર આવ્યા. તેના પુત્ર ક્લાભાઈ થયા અને તેમના જીવરાજભાઈ થયા. એ જીવરાજભાઈ પોતાનુ વતનનુ કડુ કામ છોડી વીરમગામ પાસે ખાખરિયા પ્રદેશમાં ધરમપુર ગામ વસ્યું ત્યારે, સં. ૧૯૬૨ ની સાલમાં ત્યાં રહેવા ગયા. એમના પુત્ર લાલજીભાઈ ઘણા સારા પ્રસિદ્ધ સત્સંગી હતા. તેઓ અક્ષરવાસી થયા. એ લાલજીભાઈના બે પુત્રો પરશોત્તમભાઈ અને ધનજીભાઈ હાલમાં છે તે ધરમપુરમાં રહે છે અને એમના કુટુંબમાં મહિમાપૂર્વકનો સારો સત્સંગ છે.

સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ અને સંતસેવાના પ્રસંગો

૧. જેતલપુરમાં ભણવા મોકલ્યા ને છ માસ કાવડ માગી

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ પોતાના ત્યાગી શિષ્યસમુદાયને સંસ્કૃતવિદ્યા અને સંગીતવિદ્યા શીખવા માટે ઘણી સારી સગવડ કરી આપી હતી, તથા કેટલાક તીવ્ર બુદ્ધિશાળી સંતોને તો સુપ્રસિદ્ધ વિદ્વાનો પાસે મોકલીને પણ **શ્રીજીએ સંપ્રદાયના સાધુઓને આદર્શ સાધુની સાથે શ્રેષ્ઠ વિદ્વાનો બનાવ્યા હતા.** જેના દાખલા સંપ્રદાયના સાહિત્યમાં મોજૂદ છે. શ્રીજી પ્રભુ દર વર્ષે મોટા ઉત્સવસમૈયા જુદે જુદે સ્થળે વારંવાર કરતા. તેમાં સર્વ સંતહરિભક્તો ઘણા મોટા પ્રમાણમાં એકત્રિત થતા. આવા પ્રસંગોમાં ભણનારા સંતોનો વિદ્યાભ્યાસ કાયમ બરાબર એક સરખો ચાલે, કોઈ વિક્ષેપ વિઘ્ન આવે નહિ એવી ખાસ કાળજીથી ભણનારા સંતો, લહિયા અને સંગીત શીખતા અને એ ત્રણેય માટે ઉતારાની જુદી સગવડ શ્રીજી કરાવી આપતા. શ્રીજી મહારાજ તેમની આવી સંભાળ રાખતા, એમ પ્રસાદાનંદ સ્વામીએ લખેલું છે. આ રીત પ્રમાણે મુક્તાનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી આદિ ૨૦ સંતોને શ્રીજીએ અમદાવાદ પાસેના જેતલપુર ગામે સંસ્કૃત ભણવા મોકલ્યા હતા એમ અદ્‌ભુતાનંદ સ્વામીએ પોતે કહેલું છે.

"મુક્તાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામી એ આદિક વીસ સાધુને શ્રીજીએ જેતલપુર ભણવા સારુ મોકલ્યા. તે ત્યાં આવીને **આશજીભાઈની** ખડકીને મેડે ઊતર્યા. ને તે દિવસે સંત કાવડ માગતા તેથી દાળ, ચોખા ને લોટ માગી લાવે ને સંત જમીને પછી વગડામાં જાય. કારણ કે **ગામમાં રહેવાની બંધી તેથી વગડે ઝાડવાં હેઠે રહે.** ચૈતન્યાનંદસ્વામી નિરંતર કાવડ માગવા જતા. તેમની દાઢ દુ:ખવા આવી તેથી કાવડ માગવા ન ગયા. ત્યારે **સ્વામી રામદાસભાઈએ** અદ્‌ભુતાનંદ સ્વામીને સંતના મહિમાની વાત કરી. પછી ચૈતન્યાનંદ સ્વામી કહે 'જે મારી દાઢ દુ:ખે છે તેથી હું કાવડ નહિ માગું.' ત્યારે સ્વામી તેમને કહે, 'હું કાવડ માગીશ.' ત્યારે રામદાસભાઈ કહે જે 'તમને તો શ્રીજીએ ભણવા સારુ મોકલ્યા છે તે ભણો.' ત્યારે મેં કહ્યું જે, **'ભણીને પણ સંતની સેવા કરીશું ત્યારે બુદ્ધિ પામશું.'** ત્યારે રામદાસભાઈ કહે જે 'ઘણું સારું, તમે માગજો,' એમ રાજી થઈને મને (અદ્‌ભુતાનંદ સ્વામીને) આજ્ઞા આપી તેથી જેતલપુરમાં છ મહિના મેં કાવડ માગી, તેથી સંતો ને મહારાજ મારી ઉપર ઘણા રાજી થયા ને પગે વાળો નીકળ્યો હતો તે પણ મટી ગયો. " (અદ્‌ભુ. વાતો ૧૫૨)

૨. સુરતમાં ૧૫૦ સાધુઓની સ્વામીએ કરેલી સેવા

એક વખત મુક્તાનંદસ્વામી ૧૫૦ સાધુઓ સાથે લઈ સુરત ગયા. ત્યાં એક વાડીમાં ઊતર્યા. ગામમાં ભિક્ષાવૃત્તિ કરી આવી ભજનભક્તિ અને કથાવાર્તા કરી મુમુક્ષુઓને ખૂબ શાંતિ પમાડતા. તે વખતે સુરત શહેરમાં રોગનો ઉપદ્રવ હતો. તેથી બધા સાધુઓ બીમાર થઈ ગયા. અદ્‌ભુતાનંદ સ્વામી એક જ સાજા હતા. તે બધા સંતોની સેવા કરતા. કાંઈ રાબરોટલો જોઈએ તે ગામમાં બ્રાહ્મણ સાંખ્યયોગી બાઈઓ હતાં તેમને સ્વામી કહેવરાવી દેતા, તેથી તે કરીને મોકલાવી આપતાં. એક કૂવો હતો. તેનું થાળું બંધ કરી સ્વામી તેમાં ઉના પાણીની બે ત્રણ દેગડીઓ રેડી તેમાં બીજું ટાઢું પાણી નાખી માંદા સંતોને અદ્‌ભુતાનંદ સ્વામી પોતે નવરાવતા, જમાડતા તથા કપડાં ધોવાં, પગ દબાવવા વગેરે સેવા કરતા. બીમારી વધારે હતી તેથી ત્રણ સાધુઓ તો ધામમાં ચાલ્યા ગયેલા. અખિલબ્રહ્માંડેશ્વરાનંદ, ત્રિવિક્રમાનંદ અને પ્રભવાનંદ આ ત્રણ સંતો ઐશ્વર્ય પ્રતાપ બતાવી, **'આ મહારાજ તેડવા પધાર્યા છે' એમ બોલી ધામમાં ગયેલા.**

(અદ્‌ભુ. વાતોને આધારે વાત ૧૭૮)

૩. ગઢપુરથી વડોદરા ચરણારવિંદ આપવા ગયા

મુક્તાનંદસ્વામી વડોદરામાં પંડિતોની સભા જીત્યા તે સમાચાર લઇ નાથભક્ત ગઢપુર આવ્યા. મહારાજ બહુ રાજી થયા, પછી મોટીબાને બોલાવીને કહ્યું કે, 'મુક્તાનંદ સ્વામી વડોદરાની સભા જીત્યા ને સ્વામિનારાયણ ભગવાનનું પંડિતોની સભામાં પ્રતિપાદન કર્યું, માટે આજે સાકર વહેંચવી જોઇએ.' તે સાંભળી મોટીબાએ બધાને સાકર વહેંચી. પછી મહારાજે અત્યંત ઉત્સાહથી બસો જોડ ચરણાવિંદ કાગળ ઉપર પાડી આપીને અદ્‌ભુતાનંદ સ્વામીને કહ્યું "સ્વામી ! તમે આ ચરણારવિંદ લઇને નાથભક્ત જોડે વડોદરા જાઓ, મુક્તાનંદ સ્વામીને આપજો." પછી સ્વામી તરત જ વડોદરા ગયા અને ચરણારવિંદ મુક્તાનંદ સ્વામીને આપ્યાં. મુક્તાનંદ સ્વામીએ ચાર જોડ ચરણારવિંદ અદ્‌ભુતાનંદ સ્વામીને આપ્યાં. અને બીજાં પોતા સાથે ૫૦ સાધુઓ હતા તેમને તથા હરિભક્તોને આપ્યાં. (અદ્‌ભુ. વાત ૧૦૪ને આધારે)

૪. ગઢડામાં શિખરબંધ મંદિરની સેવા

ગઢડામાં શિખરબંધ મંદિર કરવાનું નક્કી થયું ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, "હવે મંદિરનું કામકાજ કરવા આગેવાન કોને કરશું ?" ત્યારે અખંડાનંદ સ્વામીએ કહ્યું 'અદ્‌ભુતાનંદ સ્વામીને તાવ આવ્યો હતો તેથી તે જૂનાગઢ નથી ગયા, અહીં રહ્યા છે.' પછી મહારાજે અદ્‌ભુતાનંદ સ્વામીને સભામાં બોલાવીને કહ્યું: 'સ્વામી ! તમે આ મંદિરનું કામ આગેવાન થઇને કરાવો.' ત્યારે સ્વામીએ કહ્યું: 'મારું કહ્યું કોણ માને ?' ત્યારે મહારાજે કહ્યું જે 'તમારું કહ્યું કરે તે અહીં રહે ને ના કરે તે દેશમાં ફરવા જાય.' આ પ્રમાણે મહારાજે કહ્યું તે સાંભળીને સૌ સંતપાર્ષદોએ કહ્યું 'હે મહારાજ ! અદ્‌ભુતાનંદ સ્વામી જેમ કહેશે તેમ અમે કરશું' (અદ્‌ભુ. વાત ૧૮૭)

ગઢડામાં મંદિર કોઠલા સુધી તૈયાર થયેલું પણ દ્વેષી લોકોની છાની પ્રેરણાથી ભાવનગર રાજ્ય તરફથી ઘણી મોટી ઉપાધિ હતી તેથી શ્રીજી મહારાજે રાત્રિના ગોપીનાથજી આદિ દેવની મૂર્તિઓ સ્થાપિત કરી; દાદાખાચર, મોટીબા અને સર્વ સંતો રાતોરાત કારિયાણી જતા રહ્યા. નિત્યાનંદ સ્વામી અને અદ્‌ભુતાનંદ સ્વામી એ બંનેયને આજ્ઞા કરેલી કે 'તમે અહીં રહી સવારે મુકુંદાનંદ બ્રહ્મચારી પાસે આરતી

ઉતરાવી કારિયાણી આવજો. બ્રહ્મચારીએ વહેલી આરતી કરી. નિત્યાનંદ સ્વામીએ જોરથી શંખ વગાડયો. પછી અદ્‌ભુતાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી છાશ અને ખુરમા જમીને વહેલી સવારે ચાલીને કારિયાણી ગયા. મહારાજ રાજી થયા ને મોટીબાને કહ્યું "આ નિત્યાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામી તમારે ઘેર ઠાકોરજી પધરાવીને આવ્યા. આજ એમને થાળની પ્રસાદી આપજો." (અદ્‌ભુ. વાત ૧૯૦)

સ્વામીની સત્સંગપ્રચારની અદ્વિતીય સેવા

શ્રીજીમહારાજ અદ્‌ભુતાનંદ સ્વામીને જ્યાં મોકલતા ત્યાં તેઓ અત્યંત ઉત્સાહથી જતા. પોતાનો ગમે તેવો તિરસ્કાર થાય, અપમાન થાય કે ગમે તેવી કઠિનમાં કઠિન મુશ્કેલી સહન કરવી પડે, અથવા ભૂખ, તરસ, ઊંઘ, ઉજાગરા વેઠી લાંબો પંથ કાપવાનો હોય છતાં જરા પણ કંટાળ્યા સિવાય સ્વામી એ બધું ભારે ધીરજથી સહન કરીને સત્સંગપ્રચારની સફળ સેવા કરતા હતા. પ્રથમથી તે છેવટ સુધી આખી જિંદગી ખૂબ ખૂબ કાળજીથી સ્વામીએ સત્સંગની નોંધપાત્ર સર્વશ્રેષ્ઠ સેવા કરેલી, તેના થોડા દાખલા એમની વાતોમાંથી જોઈએ.

૧. વસો ગામમાં સત્સંગ

"વડતાલમાં અદ્‌ભુતાનંદ સ્વામીએ પ્રસંગોપાત શ્રીજી મહારાજને વાત કરેલ કે, આ વસો ગામ છે, તેમાંથી મને એક દિવસે **કસિયાજીભાઈએ સિપાઈ મોકલીને બાર ફેરા ગામમાંથી બહાર કઢાવી મૂક્યો, છતાં તેરમી ફેરા આવીને હું ધર્મશાળામાં ઊતર્યો;** ત્યારે વળી સિપાઈએ આવીને કહ્યું કે, "એ સ્વામિનારાયણ કે મુંડિયે ? તુમકો લાજ નહિ હૈ ?" ત્યારે મેં કહ્યું – **"લાજ હોય તો લંગોટી શીદ વાળીએ."** તેવા સમયમાં એક સુરદાસ કાકા મહાદેવજીનાં દર્શન કરવા આવ્યા, તેમણે કહ્યું "અત્યારે સાધુ કયાં જાય ? જા, બાપાને કહે જે કે સાધુ નહિ જાય." ત્યારે હું ત્યાં રહ્યો. બીજે દિવસે એમની (કસિયાજીભાઈની) હવેલીએ ભિક્ષા માગી, ત્યારે દાળ, ભાત, રોટલી આપી તે હું રામસરોવર ઉપર જઈને જમ્યો. એવું એ ગામ કઠણ, તેમાં તમે મુક્તાનંદ સ્વામીને ત્યાં મોકલ્યા. કાછિયાની એક ઓરડી હતી તેમાં સ્વામી ઊતર્યા. હમેશાં મધુર વાણીથી ગાયન કરે.

તેને સાંભળીને કસિયાજીભાઈના પીતરાઈ અમીન તળસીભાઈ દાદાભાઈ તથા વાંસજીભાઈ એ બેય મુમુક્ષુ હતા; કોઈ સંતસાધુ ગામમાં આવે તો તેઓ તેમની પાસે બેસવા જતા, આવી રુચિવાળા હતા, તેથી તે બંનેય મુક્તાનંદસ્વામી ઓરડીમાં ગાયન કરતા તે સાંભળવા આવ્યા. અને ધીરે ધીરે તેઓ સત્સંગી થયા.

(અ. ભુ. વાતો ૨૧૫)

૨. સ્વામીએ કચ્છમાં સત્સંગ કરાવ્યો

અદ્‌ભુતાનંદસ્વામી તથા કાનડાનંદસ્વામી એ બેય કચ્છમાં ફરતા ફરતા ધૂફી ગામમાં ગરાસિયાને ચોરે રાત રહ્યા. ગરાસિયાઓએ બાજરાનો લોટ અને મીઠું આપ્યું. તે જમ્યા ને ત્યાં રાત રહી સવારે ત્યાંથી મહારાજનાં દર્શન કરવા **તેરાગામ** આવ્યા. મહારાજે સમાચાર પૂછ્યા કે, 'કયે ગામ રાત રહ્યા હતા ?' ત્યારે સ્વામીએ કહ્યુ 'ધૂફી ગામ રાત રહ્યા હતા.' ત્યારે મહારાજે કહ્યું 'ખાવાનું કંઈ મળ્યું હતું ?' સ્વામીએ કહ્યું, "બાજરાનો લોટ અને મીઠું આપ્યું હતું." ત્યારે મહારાજે કહ્યું 'એમનું સારું થશે.' પછી તરત જ તે ગરાસિયાનાં છ ગામ ભૂજના રાજાએ કબજે કર્યાં હતાં. તે છૂટાં કરી આપ્યાં. પછી તે ગરાસિયા સત્સંગી થયા.

૩. તેરા ગામના તળાવે સ્વામીને માર માર્યો

અદ્‌ભુતાનંદ સ્વામી સાંજના તેરા ગામને તળાવે નહાવા ગયા ત્યારે તે ગામના કોઈ દ્વેષી લોકોએ સ્વામીનાં ભગવાં કપડાં આંચકી લઈને ફાડી નાખ્યાં અને સ્વામીને માર માર્યો. આ વાતની શ્રીજી મહારાજને ખબર પડી એટલે દરબારમાં જઈ દરબાર પાસે તે લોકોને ઠપકો અપાવ્યો. અને સમૈયો તેરામાં કરવો હતો પણ આ બનાવ બન્યો તેથી એ સમૈયો મહારાજે **કાળા તળાવ** નામના ગામમાં કર્યો.

(અદ્‌ભુ. વાતો ૩૨)

૪. કાનમ દેશમાં સત્સંગ કરાવ્યો

એકાએક મહારાજે મને ફરવા મોકલેલો તે હું ફરતો ફરતો કાનમમાં ગામ વેમાપડી ગયો. ત્યાં એક વડ નીચે રહ્યા. તે ગામમાં પટેલ ભક્તિભાઈને મેં સત્સંગ

કરાવ્યો અને તેથી બધું ગામ સત્સંગી થયું ને ચોરંદાના અમીન બેચરભાઈને સત્સંગ કરાવ્યો. ત્યાં ઘણા સત્સંગી થયા. તે સર્વે મળીને મને કહે જે 'મહારાજને અહીં તેડી લાવો, અમે બનતી સેવા કરીશું.' પછી હું શ્રીજીને તેડવા ગઢડે આવ્યો. શ્રીજી કહે જે, 'આ મુક્તાનંદ સ્વામીને તેડી જાઓ.' એટલે હું સ્વામીને તેડીને વેમાપડી આવ્યો ને હરિભક્તોને કહ્યું જે, 'સ્વામીની સર્વે પ્રકારે શ્રીજીની પેઠે પૂજા કરો, તેથી શ્રીજી બહુ રાજી થશે.' પછી હરિભક્તોએ વડે હિંડોળો બાંધ્યો ને મુક્તાનંદ સ્વામીને ભારે ભારે વસ્ત્ર ને ઘરેણાં પહેરાવીને (શ્રીજીએ ખાસ આજ્ઞા કરી હતી) હિંડોળે ઝુલાવ્યા. એવી રીતે અઢાર દિવસ સ્વામીની સેવા કરી. ત્યાં કંડારીના હરિભક્તો ત્રિકમભાઈ વગેરે આવ્યા હતા. સ્વામીનાં દર્શનથી તેમનાં સર્વે પાપ બળી ગયાં ને તે સત્સંગી થયા ને કાનમમાં બહુ સત્સંગ થયો. પછી અમે ત્યાંથી ગઢડે આવ્યા ને શ્રીજીએ સ્વામીને સર્વે વાત પૂછી ને સ્વામીએ વિસ્તારથી વાત કહી. તે સાંભળીને શ્રીજી બહુ રાજી થયા.

(અદ્‌ભુ. વાત ૧૬૫)

૫. વિજાપુરનાં વજીબાને સત્સંગ કરાવ્યો

જેતલપુરમાં મહારાજ સભા કરીને વિરાજમાન થયા તે સમે વિજાપુરના હરિભક્ત આવીને ઊભા હતા. તેમાં ભાઈનું નામ કલ્યાણભાઈ ને બાઈનું નામ **વજીબા** હતું. તેને જોઈને મહારાજ મુક્તાનંદ સ્વામીને કહે જે, 'હે સ્વામી, અમને અદ્‌ભુતાનંદ સ્વામીએ સત્સંગ કરાવ્યો છે. અમે પ્રકરણ ફેરવ્યું હતું જે એક ગામમાં એક રાત રહેવું. ત્યારે ફરતા ફરતા અદ્‌ભુતાનંદ સ્વામી વિજાપુરમાં ગયા ને **આ હરિભક્ત કોશ ફેરવતા હતા. તેમની કેડે ફરીને સત્સંગ કરાવ્યો છે.** ને જેવી સંતદાસજીએ તમારી આગળ નિશ્ચયની વાત કરી હતી, તેવી જ વાત કરી આ અદ્‌ભુતાનંદ સ્વામીએ તેમને નિશ્ચય કરાવેલો છે, જે સ્વામિનારાયણ વિના ચતુર્ભુજ બીજો કોઈ ભગવાન આવે તો પણ માનવો નહિ. એવો નિશ્ચય કરાવી બે દિવસ ત્યાં રહીને સ્વામી અહીં આવ્યા ને અમે બાવાનો વેશ કરીને તેમની પરીક્ષા લીધી.

૬. બોટાદના હમીર ખાચરને નિશ્ચય કરાવ્યો

બોટાદના હમીર ખાચરે મહારાજને સર્વે સંતસહિત પોતાને ઘેર તેડીને

કુબાશનીનો સમૈયો કરાવ્યો, અને વળી સંતને રસોઇઓ ઘણીવાર આપીને મહારાજને ઘણીવાર તેડયા, પણ મહારાજ ભગવાન છે એવો નિશ્ચય થયો નહિ ને **મહારાજને મોટા પુરુષ જાણીને પગે લાગે પણ ભગવાન જાણીને કોઈ દિવસ દંડવત કરે નહિ.** ઘણા સદ્‌ગુરુઓએ મહારાજનો નિશ્ચય કરાવવા સારુ ઘણી વાતો કરી પણ તેમને ઘેડ્ય બેઠી નહિ. અદ્‌ભુતાનંદ સ્વામી કહે, હું ફરતો ફરતો બોટાદ જઈને તેમના દરબારમાં ઊતર્યો ને ત્યાં રાત રહીને બીજે દિવસે સવારમાં નાહી ધોઈને દરબારમાં એક ઓરડી હતી, ત્યાં સાધુ હમેશાં ઊતરતા ત્યાં બેસીને મહારાજની માનસી પૂજા કરી. તે સમયે હમીર ખાચર આવીને મારા સામે બેઠા. તે સમયે જે મારી પાસે મહારાજની પ્રસાદીનું વસ્ત્ર હતું તે મેં ઘણા સ્નેહથી આંખે અડાડ્યું તથા માથે અડાડ્યું તે જોઇ દરબાર મને કહે જે 'આ શું છે ?' ત્યારે મેં કહ્યું જે, 'જે છે તે ઠીક છે.' ત્યારે દરબાર કહે જે 'ના મને કહો.' તેમ હઠ લીધી તેથી મેં તેમને વાત કરી જે, "હે દરબાર ! તમારે તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ ને સર્વ અવતારના અવતારિ ને સર્વના કારણ ને જગતકર્તા એવા મહારાજ છે. તેમનાં દર્શનસ્પર્શનો હમેશાં યોગ છે. અને અમે તો આ રીતને વશ તેથી પરદેશમાં જવું પડે તે કહે ત્યારે અવાય. ત્યારે વર્ષ દહાડે તથા છ મહિને દર્શન થાય. તેથી આ મહારાજની પ્રસાદીનું વસ્ત્ર પાસે રાખી મૂક્યું છે. તેનાં દર્શન કરી પ્રત્યક્ષનાં દર્શન થાય એવો આનંદ માનીએ છીએ." તે વાત સાંભળીને દરબારને અંતરમાં સત્વગુણ, તેથી ઘેડ્ય બેસી ગઇ ને કહે જે, 'સ્વામી, હું તો મૂરખનો મૂરખ રહ્યો. **આજ દિવસ સુધી કાંઈ પણ સમજ્યો નહિ ને આજે આપની વાતથી ઘેડય બેઠી. પછી પોતે છાશપો પીધા વિના** (સવારે જમ્યા વિના) **મહારાજને દર્શને ગયા ને દંડવત કર્યા.** મહારાજ તત્કાળ ઊઠ્યા ને મળ્યા ને મહારાજે કહ્યું જે 'આ શું થયું ?' ત્યારે તે કહે જે, 'મહારાજ, કરનારે કર્યું' ત્યારે મહારાજ કહે, 'કોણે કર્યું ?' 'ને કોણ સાધુ છે ?' ત્યારે હમીર ખાચર કહે જે, 'અદ્‌ભુતાનંદ સ્વામીએ કર્યું' ત્યારે મહારાજ કહે જે **અદ્‌ભુતાનંદ સ્વામીએ તો મહા અદ્‌ભુત કામ કર્યું' તે પોતાનું નામ સાર્થક કર્યું. કેમ જે નિશ્ચયની વાત અતિ અટપટી છે.** (અદ. ભૂ. વાતો ૧૪૨)

૭. નર્મદાકિનારાના ગામોમાં સત્સંગ અને દીવાનજીની દુર્ગતિ

એક સમયે હું ફરતો ફરતો નર્મદા ઊતરીને **રાજના દેશના ગામ ભદામ**

ગયો. ત્યાં એક પાટીદારને બે દીકરા હતા. એકનું નામ દલાભાઇ હતું. તેને મેં વાતો કરીને સત્સંગી કર્યા. બીજે દિવસે એકાદશીનો ઉપવાસ હતો ને બારસને દિવસે તે હરિભક્તે મને શેર ખીચડી લાવી આપી ને કુંભારના ઘેરથી હાંડલી લાવી દીધી. પછી હું નદીના કાંઠે ખીચડી રાંધતો હતો, ખીચડી પૂરી ચડી પણ નહોતી ત્યાં નાંદોદ રાજ્યનો દીવાન નામે ગણેશજી પાટીદાર હતો, તે તેની હવેલીના ગોખમાં બેઠો હતો, તેને ગામના નરસીદાસ બાવાએ ચડાવેલો કે, 'આપણા બેઠાં છતાં સ્વામિનારાયણનું ટીખળ આપણા ગામમાં પેસે છે તે જુઓ; પેલો મૂંડિયો ખીચડી રાંધે છે.' તેમ બાવાએ કહ્યું. ત્યારે દીવાનજીએ એક સિપાઇને હુકમ કર્યો જે, 'પેલા મૂંડિયાને હાંકી કાઢો.' ત્યારે સિપાઇએ મને ગામમાંથી ચાલ્યા જવા કહ્યું. આથી મેં કહ્યું, જે 'ખીચડી ચડે છે તે જમીને હું જઇશ. તમારા ગામમાં પેસીશ નહિ.' પછી દીવાને અતિ ક્રોધાયમાન થઇને સિપાઇને કહ્યું જે 'હમણાં ને હમણાં કાઢી મેલ, નહિ તો હું તને નોકરીમાંથી કાઢી મૂકીશ.' ત્યારે સિપાઇએ આવીને મને કહ્યું. ત્યારે મેં કહ્યું જે 'હાંડલી ફોડીશ નહિ ને ખીચડી, ચડે એટલે લઇ જજે, ને મારા સારુ તમારો રોટલો જાય છે, તો હું આ ચાલ્યો." એમ કહી હું **ચીત્રાવડી** ગયો. ત્યાં ભીખાભાઇ નામે એક પાટીદાર હતા, તેને ઘેર જઇને માગ્યું. ત્યારે તેણે એક શેર બાજરીનો લોટ આપ્યો. તેની બાટીઓ કરીને ખાધી, તેથી હે હરે ! તેનું તમે ઘણું સારું કર્યું, ને તેને સાત દીકરા આપ્યા અને ભદામના દીવાને મને કાઢ્યો. તેની બુદ્ધિ તમે ફેરવી તેથી રાત્રે સિપાઇને બોલાવીને કહે જે 'પેલા હરિભાઇને બાંધીને મારો.' તે હરિભાઇ દીવાનના સમોવડિયા એક પટેલનો દિકરો હતો તેને સિપાઇએ માર માર્યો. તે લોહીલુહાણ થયો. પછી તે છોકરાને ખાટલામાં ઘાલી તેરસને દિવસે નાંદોદના રાજાની પાસે લઇ ગયા. રાજાએ તેની તપાસ કરી, દીવાન પર ક્રોધ કરી કહ્યું કે, 'આવાં ને આવાં કેટલાં કામ કરો છો ?' દીવાન ફરી ગયો ને કહે જે 'મેં તો પેલા સ્વામિનારાયણના સત્સંગીના છોકરા હરિભાઇને મારવા સારુ મોકલ્યો હતો ને તેં આને કેમ માર્યો ?' એમ સિપાઇને કહ્યું. ત્યારે રાજાએ દીવાનને બંધીખાને નાખ્યો ને તેની હવેલી ખોદી તેમાંથી રાજ્યનું ઘણું ધન નીકળ્યું. દીવાન કેદમાં મરી ગયો અને એમનાં ઘરનાં ઘણાં માણસો હતાં તે પણ બેત્રણ વર્ષમાં મરી ગયાં. હે મહારાજ ! મારા અંતરમાં તો તેનું બગડે તેવો સંકલ્પ પણ ન હતો; પરંતુ તમે સાધુના અપરાધ ખમી શક્યા નહિ. **એમ શ્રીજીને અદ્‌ભુતાનંદ સ્વામીએ પોતાનાં સુખદુ:ખની વાત કરી.** (વાત ૧૮૫)

૮. વડતાલમાં રાયણ નીચે ઊતર્યા

એક દિવસ વડતાલમાં મંદિરની પછવાડે શ્રીહરિ સભા કરીને વિરાજમાન હતા, ને સર્વે સંતને સુખદુઃખની વાત પૂછતા હતા. ત્યારે અદ્દ્ભુતાનંદ સ્વામી કહે જે પ્રથમ મને મહારાજે પૂછ્યું જે, 'હે સ્વામી ! તમે પહેલાં આ ગામમાં વીશ સાધુ લઈને આવ્યા હતા; ત્યારે કેવું પ્રકરણ હતું. ?' ત્યારે મેં કહ્યું જે, 'અહીંથી આથમણી પાસે એક કૂવો છે, ત્યાં એક રાયણ છે. ત્યાં અગણોતેરાની સાલમાં શિયાળામાં વીશ સાધુ રહ્યા હતા ને રાયણ હેઠે ઊતર્યા હતા. તે વખતે માવઠું થયું તેથી ટાઢ પણ વધી ને કેટલાંક વાંદરાં તથા મોર મરી ગયાં ને અમારાં શરીર ફાટી ગયાં ને લોહી ચૂવે ને ખાવાનું નહિ ને ઓઢવાને આકાશ ને પાથરવાને પૃથ્વી. તેથી પહોર દહાડો ચડે ત્યારે ઊઠી તળાવમાં નહાવા સારુ જઈએ ને પાણીમાં પગ મેલીએ ત્યારે પગ ઠરી જાય એવું પાણી અને ફળફૂલ કાંઈ મળે નહિ તેથી શરીરમાં હાડકાં ને ચામડી રહ્યાં. એવી રીતનાં દુઃખની વાત મહારાજને (અદ્દ્ભુતાનંદ સ્વામીએ) કહી. (અદ્દ્ભુ. વાતો ૧૮૩)

શ્રીજીએ સર્વોપરિપણાની વાત કરવા કરેલી આજ્ઞા અને સ્વામીની શાસ્ત્રીય સર્વોપરિ નિષ્ઠા

મોક્ષમાર્ગનાં અનેક સાધનોમાં મનની સ્થિરતા કરવી એટલે ઇષ્ટસ્વરૂપમાં નિષ્ઠા કેળવવી, એ અતિ મહત્વનું મુખ્ય સાધન છે. પોતાના ઇષ્ટદેવ પરમાત્માના સ્વરૂપના નિશ્ચયમાં કદી ફેરફાર ન થાય એવી અચળ સ્થિતિને સ્વરૂપનિષ્ઠા કહે છે. શાસ્ત્રમાં સ્વરૂપનિષ્ઠાની અત્યંત આવશ્યકતા બતાવેલી છે. કેમકે નિષ્ઠાવાળા ભક્તો ઉપરજ પ્રભુ પ્રસન્ન થાય છે. જેની સ્થિતિ દૃઢ ન હોય, જેના વિચારો મક્કમ ન હોય એ મનુષ્યની કશી કિંમત નથી. એટલે નિષ્ઠા વિનાનું જીવન એ મીઠા વગરના ભોજન જેવું નકારું બની જાય છે. નિષ્ઠાના બળથી જ મોક્ષાર્થી માયાના અનંત બંધનો ભેદી નિર્બંધ બને છે. માટે ઇષ્ટદેવની સર્વોપરી ઉપાસના કરીને સ્વરૂપનિષ્ઠાનું બળ મેળવવું એ અતિ અગત્યની બાબત છે. આ સિદ્ધાંત આપણે શ્રીજી મહાપ્રભુના સ્વમુખના શબ્દોમાં સમજીએ.

"જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું પણ ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે "સર્વોપરિ ને સદા દિવ્ય સાકાર મૂર્તિ અને સર્વ અવતારનું અવતારિ એવું જે ભગવાનનું સ્વરૂપ છે તેજ મને પ્રાપ્ત થયું છે..... હમણાં સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રનાં વચનમાં પણ રહેતો હશે, તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જયારે દેહ મૂકશે ત્યારે કાંતો બ્રહ્માના લોકમાં જશે ને કાંતો કોઇક બીજા દેવતાના લોકમાં જશે પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને (અક્ષરધામ) વિષે નહિ જાય. તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારિ એવું જાણવું." (વચ. મ. ૯) બુદ્ધિમાનને તો ભગવત્સ્વરૂપનું બળ અતિશય રાખ્યું જોઇએ.... ને જેને સર્વથી ભગવત્સ્વરૂપનું બળ અધિક હોય એજ એકાંતિક ભક્ત કહેવાય અને તેજ પાકો સત્સંગી કહેવાય." (વચ. મ. ૯)

"પોતાના ઈષ્ટદેવ એવા જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણપરમાત્મા તેને સર્વથી પર અને અતિ શુદ્ધ સ્વરૂપ અને સદા દિવ્ય સાકારમૂર્તિ સમઝે અને તે પોતાનો આત્મા તથા તે પરમાત્મા તેના શુદ્ધ સ્વરૂપની પ્રતિપાદન કરનારી વાર્તા તેને પોતે કરે અને બીજાથી સાંભળે." (વચ. પ્ર. ૪૭) "જીવને જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા હોય તેટલો જ આત્મા અનાત્માનો વિવેક થાય છે પણ ઈષ્ટદેવના બળ વિના તો કોઇ સાધન સિદ્ધ થતાં નથી. માટે બીજાં સાધનનાં બળને તજીને એક્લું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું." (વચ. પ્ર. ૫૬)

આ રીતે શ્રીજીમહારાજ અને મોટા સંતો આત્યંતિક ક્લ્યાણ માટે શુદ્ધ સર્વોપરી ઉપાસના કરીને સ્વરૂપનિષ્ઠાનું બળ દિનપ્રતિદિન વૃદ્ધિ પમાડવાની આગ્રહપૂર્વક આજ્ઞા કરે છે, તે ખાસ લક્ષમાં લઇ સાવધાન બની દેહ છતાં જ એવી સમજણ પ્રાપ્ત કરવી જોઇએ કે, જેથી આજથી જ આપણને એવો સંપૂર્ણ મહાવિશ્વાસ આવે કે હું દેહને અંતે અવશ્ય શ્રીજીપ્રભુના અક્ષરધામમાં જવાનો છું. આવું બળ આપણે અદ્‌ભુતાનંદ સ્વામીના પ્રસંગોમાંથી મેળવીએ.

"અદ્‌ભુતાનંદ સ્વામી કહે, એક દિવસ ગઢપુરમાં વાસુદેવનારાયણના ઓરડાની

ઓસરીએ શ્રીજી મહારાજ સભા કરીને વિરાજમાન થયા હતા તે સમે હું દેશમાંથી ફરીને ચૈતન્યાનંદ સ્વામી, ઉદારાનંદ સ્વામી તથા નિષ્કામાનંદ સ્વામી એ આદિક બાર સંતોએ સહિત આવ્યો ને મહારાજનાં દર્શન કરી સભામાં બેઠો તે સમયે મહારાજે મને દેશના સમાચાર પૂછ્યા ને કહ્યું જે હે 'અદ્‌ભુતાનંદ સ્વામી ! તમે દેશમાં હરિભક્તો આગળ ભગવાનની વાતો કરો છો ત્યારે અમને કેવા કહો છો ?' ત્યારે સ્વામી કહે જે 'દત્ત, કપીલ, રામકૃષ્ણ એવા કહીએ છીએ.' ત્યારે મહારાજ કહે, "સ્વામી ! દેશમાં ફર્યાનું શું કામ ? કેમ જે કોઇ પુરુષે અડધા પૈસાનો મૂળો લઇને સવારમાં ખાધો હોય ને પછી ભાતભાતનાં પક્વાન જમે તો પણ મૂળાનો ઓડકાર ઉપર આવે; તેમ **તમને સર્વ અવતારના અવતારિ સર્વેના કારણ જે સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ એવો હું તમને મળ્યો છું – તે એવી મારા સંબંધી નિશ્ચયની વાત બીજાને કેમ કહેતા નથી?** જે તમારા અંતરમાં આ વાત ભરેલી રહે છે." એમ મહારાજે મને કહ્યું ત્યારે મેં મહારાજને કહ્યું જે 'હે મહારાજ ! કુંભારના ચાકની પેઠે કહેવાનો વેગ તો અંતરમાં આવે છે, કે કહીએ પણ આજ્ઞા આડી આવે છે તેથી કહી શકાતું નથી.' ત્યારે મહારાજ કહે – **આજથી રાજાથી રંક સુધી પ્રત્યક્ષ પુરુષોત્તમ મહારાજ છે એવી વાત કરજો."**

(અદ્‌ભુ. વાતો)

"એક વખત વડતાલમાં સાધુની ધર્મશાળામાં ઉગમણી બાજુ કોઠો છે તે ઉપર ચંદની બાંધેલી હતી, તેની નીચે શ્રીજી મહારાજ સંતપાર્ષદોએ સહિત વિરાજમાન હતા. તે સમયે વડોદરાના શોભારામ શાસ્ત્રીજીએ સંતોને એવો પ્રશ્ન પૂછ્યો કે, 'તમારે ઉપાસના મુખ્ય કેની છે ? જો તમે એમ કહો કે અમારે તો સ્વામિનારાયણની ઉપાસના છે, તો તમે તમારા મંદિરમાં લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ, નરનારાયણ એ આદિકની મૂર્તિઓ સ્થાપન કરી છે, તે જોતાં તો મુખ્ય સ્વામિનારાયણની ઉપાસના જણાતી નથી પણ સૌની ઉપાસના જણાય છે.'

ત્યારે તેનો ઉત્તર અદ્‌ભુતાનંદ સ્વામી કરવા લાગ્યા કે, 'શાસ્ત્રીજી ! અમારે તો મુખ્ય સ્વામિનારાયણની ઉપાસના છે. અને જે મૂર્તિઓ પધરાવી છે તે બાબત તો એમ સમજીએ છીએ કે, શ્રીકૃષ્ણ ભગવાન દ્વિભુજ હતા છતાં રુક્મિણીને મૂર્ચ્છા

આવી ત્યારે શ્રીકૃષ્ણપ્રભુએ ચતુર્ભુજરૂપે દર્શન દીધું. અક્રૂરજીને જળના ધરામાં ચતુર્ભુજરૂપે દર્શન દીધું. પ્રભાસમાં ઉદ્ધવજીને પીપળાના વૃક્ષ નીચે યાદવાસ્થળી કરીને બેઠા તે સમયે ચતુર્ભુજપણું ઉદ્ધવજીને તથા મૈત્રેય ઋષિને દેખાડ્યું. તથા બ્રહ્માને, અનેક દેવોને ચતુર્ભુજ રૂપ દેખાડ્યું અને પોતે તો દ્વિભુજ હતા. એવી રીતે શ્રીકૃષ્ણ ભગવાને ચતુર્ભુજ રૂપે સમય સમય વિષે દર્શન દીધાં, તે સમયની મૂર્તિઓ રણછોડજી આદિકની સ્થાપના કરી છે. માટે ઉપાસનામાં કાંઇ ભેદ થયો એમ કહેવાય નહિ.'

આ રીતે સહજાનંદસ્વામીએ માંગરોળ ગામમાં પ્રથમ પોતે રહ્યા ત્યારે અનેક રૂપે લોકોને દર્શન આપી પોતાનો ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો હતો. કોઇને લક્ષ્મીનારાયણ રૂપે દર્શન દીધાં. કોઇને શ્રીકૃષ્ણ કે રામચંદ્રજીરૂપે દર્શન દીધાં. એવી રીતે ચોવીશ અવતાર રૂપે પોતે દર્શન દીધાં હતાં. આ સિવાય જે દેવના જે ઉપાસકો હતા તેને પણ તે તે રૂપે દર્શન દીધાં હતાં. આ પ્રમાણે અમારા મંદિરોમાં જે સમયે સ્વામિનારાયણ પ્રભુએ જેવાં દર્શન દીધાં હતાં તે સમયની મૂર્તિઓ સ્થાપન કરી છે. માટે અમારા સંપ્રદાયમાં સર્વ મૂર્તિઓ સ્વામિનારાયણની જ છે, તેથી અમારે મુખ્ય સ્વામિનારાયણની જ ઉપાસના છે પણ બીજા કોઇની તમારે સમજવી નહિ." આ રીતે સ્વામીએ ઉત્તર કર્યો તે સાંભળીને મોટા મોટા સદ્‌ગુરુઓ રાજી થયા અને શ્રીજી મહારાજે રાજી થઇને અદ્‌ભુતાનંદ સ્વામીની છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

(અદ્‌ભુ. વાતો)

એક દિવસ શ્રીજી મહારાજ લક્ષ્મીનારાયણ દેવના મંદિરની સન્મુખ લીમડા નીચે સભા કરીને વિરાજમાન હતા તે સમયે વડોદરાના શોભારામ શાસ્ત્રીએ અદ્‌ભુતાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે "તમે તમારા ઇષ્ટદેવ સ્વામિનારાયણને સર્વ અવતારથી મોટા કહો છો તે કેવી સમજણથી કહો છો તે અમને સમજાવો." ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું કે, "પૂર્વે જે ભક્તો થયા છે અને પૂર્વે જે ભગવાનના અવતારો થયા છે, તેમાં જે ભક્તોને જે ભગવાનનો મેળાપ થયો છે, તે ભક્તોએ પોતાને મળેલા ભગવાનને નાના જાણ્યા નથી. પ્રહ્‌લાદજીએ નરસિંહજીને સર્વોપરિ જાણીને સ્તુતિ-પ્રાર્થના કરેલી છે પણ નાના જાણ્યા નથી. નારદજીએ નરનારાયણને જગતકર્તા જાણ્યા હતા પણ નાના જાણ્યા ન હતા. ભરતજીએ પોતાના ભાઇ

રામચંદ્રજીને સર્વોત્તમ જાણીને, પોતાની માતાએ પોતાને રાજ્ય આપવા માટે રામ તથા લક્ષ્મણજીને વનવાસ આપ્યો હતો, તેથી ભરતે પોતાની માતાનું મોઢું ન જોયું – અને કહ્યું કે, 'મારા ઈષ્ટદેવ રામચંદ્રજી તેમને વનમાં મોકલ્યા તે માટે એ મારી માતા નથી; એ તો મારી શત્રુ છે.' એમ જાણીને તેનું મોઢું ન જોયું. રાજ્યગાદી ઉપર બેસવા પણ ન ગયા; પણ સીધા વનમાં રામચંદ્રજી પાસે ગયા. જો તેમણે નાના જાણ્યા હોત તો રાજ્યનો ત્યાગ થાત નહિ. હનુમાનજીએ પણ વર માગવાનું કહ્યું – ત્યારે દાસપણું માગ્યું અને પોતાના ઈષ્ટદેવના કામમાં આવે એવી વસ્તુ ન માગી પણ આંકડાનાં પુષ્પો ને સિંદૂર માગ્યાં.

એવી જ રીતે શ્રીકૃષ્ણઅવતારના ભક્તો ગોપગોપીઓ તથા ઉદ્ધવજી, અક્રૂરજી, ઋષિપત્નીઓ અને પાંડવો વગેરે ભક્તોએ શ્રીકૃષ્ણપ્રભુને નાના જાણ્યા ન હતા. વ્યાસજીએ શ્રીકૃષ્ણને સર્વોપરિ જાણીને પોતાના ગ્રંથોમાં વર્ણવ્યા છે. એ જ રીતે શ્રીસ્વામિનારાયણ ભગવાનના ઉપાસક અમો અગણિત સાધુસત્સંગીઓ બાઈભાઈઓ સર્વે છીએ. તે સર્વે એમ સમજીએ છીએ, જે સર્વે અવતારના અવતારિ ને સર્વના કારણ જગતકર્તા એવા સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ તે આ જ છે. અને **બીજા અવતારો જેવાં તો એમના મુક્તોએ ઐશ્વર્ય જણાવ્યાં છે. એવી એમની મોટપ જોઈને સર્વેથી એમને અમે મોટા કહીએ છીએ.** તથા બીજી રીતે પણ તેઓ ઐશ્વર્ય–પ્રતાપ બહુ જણાવે છે, તે એક સોટી, લાલપીળાં બે ઠેબાં કરીને, એક સંતને આપી તેથી અનેકને સમાધિ થાય ને ઊઠાડે ત્યારે ઊઠે. એવાં તો અગણિત ઐશ્વર્ય જોઈને એમને અમે મોટા માનીએ છીએ. **એમને શરણે આવેલા મુમુક્ષુઓના અંતરમાંથી એમણે સ્ત્રીનો ભાવ કાઢી નાખ્યો અને સ્ત્રીઓના અંતરમાંથી પુરુષનો ભાવ કાઢી નાખ્યો. આવાં અનેક ઐશ્વર્ય–પ્રતાપ–ચમત્કાર જોઈને અમે પૂર્વના અવતારનાં ઐશ્વર્ય અને આ અવતારનાં ઐશ્વર્ય પ્રતાપ મેળવીને જોતાં અમને બહુ જ અધિકપણું જણાણું, તેથી આ સ્વામિનારાયણને સર્વઅવતારથી સર્વોપરિ અધિક મોટા કહીએ છીએ.** આ વાત ઝીણી બુદ્ધિએ કરીને વિચારીએ તો સમજ્યામાં આવે અને એમ ન વિચારીએ તો તત્કાળ ન સમજાય એવી આ વાત ઝીણી છે. એવી રીતે સદ્‌ગુરુ

અદ્‌ભુતાનંદે સ્વામીએ ઉત્તર કર્યો તે સાંભળીને શ્રીજી મહારાજ પોતે તથા સર્વ સંત, હરિભક્તો અને શોભારામ શાસ્ત્રી ઘણા રાજી થયા.

(અદ્‌ભુતાનંદ સ્વામીની વાતોનો સાર)

સ્વામીનો ખાનદેશનો અદ્‌ભુત પ્રવાસ

એક વખત શ્રીજીમહારાજે અદ્‌ભુતાનંદસ્વામીને બોલાવીને કહ્યું કે, "તમે ખાનદેશમાં ધર્મપ્રચાર કરવા જાઓ. ત્યાં લોકોને સદુપદેશ આપી સત્સંગ કરાવજો." આ વાત સાંભળી સાઠ પરમહંસો શ્રીજીઆજ્ઞા સ્વીકારીને સ્વામીની સાથે પગપાળા ચાલી નીકળ્યા. ભરૂચને પાદર નર્મદા ઊતરી (સુરત) માંડવી થઈને ફરતા ફરતા ખાનદેશમાં **માલેગામ** આવ્યા.

એ વખતે શ્રીજી મહારાજની એવી કડક આજ્ઞા હતી કે, દરેક સાધુએ એક અલફી અને કૌપીનભર જ રહેવું. બીજું કાંઇ પણ વસ્ત્ર રાખવું નહિ. શિયાળાની સખ્ત ઠંડીમાં ચોતરફ ફરવાનું હતું, છતાં પણ ઓઢવાનું કાંઈપણ રાખવાનું નહિ. આખી રાત્રિ વન-વગડામાં રહી ઠંડી સહન કરવાની અને સવારે નદીના અતિ ઠંડા પાણીથી નહાવાનું. તેથી સાધુઓના હાથ-પગની ચામડી ફાટીને લોહી નીકળતું હતું. ભિક્ષા માગીને કાચું-પાકુ જે અન્ન મળે તે એક વખત જમવાનું. કોઇ કોઇ વાર ભિક્ષા ન મળે ત્યારે સાધુઓને બબે ત્રણત્રણ દિવસના ઉપવાસ પણ થતા. કાંઈ ન મળે ત્યારે સંતો વૃક્ષો તથા વેલીઓનાં લીલાં પાન ખાઈને કેટલાક દિવસો ચલાવી લેતા. આમ અતિ આકરી તપશ્ચર્યાથી સંતોનાં શરીર હાડપિંજર જેવાં બની ગયાં હતાં. બરાબર એ જ સમયે કોઇ સત્સંગી સાથે મહારાજનો પત્ર આવ્યો. તેમાં લખેલું કે 'જેમ છે' તેમ વેશ રાખજો, અને જે કહેવું છે તે પછી કહેશું.' આવું સાંભળીને પોચા મનવાળા હતા તે રાત્રિના વહેલા ઊઠીને ચાલ્યા ગયા. સાઠ સંતો હતા તેમાંથી ફક્ત સાત સંતો રહ્યા.

લખ્યો પત્ર માંહી બહુ મર્મ, વાંચી સૌને પડયો અતિ ભર્મ;
લખ્યો કાગળમાં એમ લેશ, જેમ છે તેમ રાખજો વેશ. ૨૨
પણ કહેવું છે તે પછી કહેશું, તમે અમે ભેળા જયારે થાશું;
એવું સુણી પોચા મનવાળા, રાતોરાત ઊઠી જતાં ભાળ્યા. ૨૩

પછે સાઠમાંથી સાત રહ્યા, અદ્‌ભુતાનંદ આંહીથી ગયા;
માલેગામ નદીને કાંઠે, અનુર ઝાડમાં શિવાલય ઓથે, ૨૪

(સ્વામી માધવદાસજીકૃત શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર અ. ૬૬)

સાત સંતો રહ્યા. તેઓ દરેક જુદા જુદા ગામડાંઓમાં ફરવા ગયા. કારણ કે, એ વખતે એકલા ફરવાની આજ્ઞા હતી, તેથી સાથે રહી શકાય નહિ. અદ્‌ભુતાનંદ સ્વામી માલેગામમાં નદીના કિનારે અનુરના વૃક્ષમાં શિવાલય છે, તેમાં ત્રણ દિવસ રહ્યા. પછી ત્યાંથી એકાએક ચાલી નીકળ્યા. તે **કુંજબારી** નામે એક મોટું શહેર આવ્યું.

કુંજબારી શહેરમાં રાજ્યનું બંધન તોડયું.

કુંજબારી શહેરના પાદરમાં એક નદી વહેતી હતી. તેના કિનારા ઉપર રાજાની હવેલી હતી, તેમાં બ્રાહ્મણ રાજા નારસીગરાવજી હવેલીની બારીમાંથી સૃષ્ટિસૌંદર્ય જોઇ રહ્યા હતા. તેવામાં અદ્‌ભુતાનંદ સ્વામી નદીમાં પાણી પીને દરવાજા બહાર ઓટલા ઉપર બેઠા, તે રાજાએ નજરે જોયું. રાજા ધાર્મિક અને સાધુસંતોને વિષે પૂજ્ય બુદ્ધિવાળા હતા. તેમને સ્વામીનું પ્રભાવશાળી તપસ્વી શરીર જોઇને વિચાર થયો કે, 'આ કોઇ સમર્થ સંતમહાત્મા પધાર્યા જણાય છે, માટે એમને આપણે ઘેર બોલાવી સેવા–સમાગમનો લાભ લઇએ.' પછી રાજાએ પોતાના ચાકરને મોકલી સ્વામીને કહેવરાવ્યું કે, 'અહીં વાઘની બીક લાગે છે અને સાંજનો સમય પણ થવા આવ્યો છે માટે શહેરમાં પધારો.' ત્યારે સ્વામીએ કહ્યું "જ્યાં સ્ત્રીઓને જવા આવવાનો પ્રસંગ હોય ત્યાં રહેવાની અમારા ગુરુની આજ્ઞા નથી." પછી રાજાએ પોતાના ગુરુને નહાવાની ધર્મશાળા હતી કે જેમાં કોઇ સ્ત્રીનો પ્રવેશ ન હતો ત્યાં સ્વામીને ઉતારો આપ્યો.

થોડીવાર થઇ ત્યાં રાજાના ગુરુ શાસ્ત્રો ભણેલા વિદ્વાન બાવાજી નહાવા માટે ત્યાં આવ્યા. તેઓ નહાઇ ધોઇ સ્વામી પાસે આવીને બેઠા. પછી તેમણે સ્વામીને બધી માહિતી પૂછી. ત્યારે સ્વામીએ પોતાનું તથા સંપ્રદાયસંબંધી બધું વૃત્તાંત કહી સંભળાવ્યું. પછી તેમણે સ્વામી પાસે મહારાજની વાતોની ચોપડી હતી તે જોઇને કહ્યું–'આ શાનું પુસ્તક છે ?' ત્યારે સ્વામીએ કહ્યું કે, 'એમાં તો છ શાસ્ત્રો તથા

અઢાર પુરાણની વાતો છે.' તે સાંભળી તેના અંતરમાં બીક લાગી કે આટલી નાની ચોપડીમાં સર્વશાસ્ત્રો તથા પુરાણોની વાતો સમાણી છે, ત્યારે તો આ બહુ મોટા વિદ્વાન હશે ! માટે જો મને પ્રશ્ન પૂછશે તો ઉત્તર નહિ થાય. માટે મને જો આજ્ઞા કરે તો હું આંહીથી ઊઠી જાઉ.' પછી સ્વામીએ અંતર્યામીપણે તેમની મરજી જાણીને તેમને કહ્યું કે, 'બાવાજી, તમારા મનમાં ઊઠવાનો સંકલ્પ હોય તો ભલે ખુશીથી જાઓ." પછી તેમણે વિનય અને નમ્રતાથી કહ્યું 'આપ તો કોઇ ઈશ્વરમૂર્તિ સમાન સમર્થ મહાપુરુષ છો. મારા અંતરની વાત આપે કહી બતાવી !' એમ કહી પગે લાગી તેઓ પોતાને ઉતારે ગયા.

રાજગુરુ બાવાજીએ રાજાને સ્વામીનો ખૂબ મહિમા કહ્યો અને ઘેર પધરામણી કરવા કહ્યું. ગુરુની વાત રાજાએ માન્ય રાખી અને સ્વામીને પોતાની કચેરીમાં પધરાવી ખુરસી ઉપર બેસાર્યા. રાજા પોતે તથા આખી સભા ઊભી થઈને સ્વામીનો સત્કાર કર્યો. પછી પાંચસો રૂપિયા તથા ફળફૂલ, સાકર આદિ ભેટ મેલી ચંદનપુષ્પથી સ્વામીની પૂજા કરી પગે લાગી રાજા આસન ઉપર બેઠા. પછી સ્વામીએ કહ્યું કે, "અમે તો સ્વામિનારાયણના સાધુ છીએ તે સ્ત્રી, દ્રવ્ય વગેરે ભારે વસ્તુ–પદાર્થો સ્વીકાર કરતા નથી." ત્યારે રાજાએ કહ્યું–'આપના જેવા સંતનાં દર્શન તો મહાદુર્લભ છે, આપની ખુશી પડે તેમ આ રૂપિયાનો ઉપયોગ કરો" – પછી સ્વામીએ તે રૂપિયા બ્રાહ્મણોને અપાવી દીધા અને સાકર તથા ફળફૂલ હતાં તે પ્રસાદીનાં કરીને રાજા તથા તેના બે કુંવરોને આપ્યાં. પછી રાજાએ કહ્યું "મારી રાણીને દર્શન દો." ત્યારે સ્વામીએ કહ્યું – 'અમારા ગુરુની આજ્ઞા નથી.' તે વાત સાંભળી રાજા તથા કારભારીઓને ઘણો જ આદરભાવ વધ્યો ને બહુ ભાર પડયો. પછી બ્રાહ્મણોને ત્યાં જમીને સ્વામી ઉતારે આવી સૂઇ ગયા.

એક દિવસ રાજાએ પોતાના ગુરુ આગળ વાત કરી કે, "આ સંતમહાત્મા સ્ત્રી, દ્રવ્ય વગેરે કોઇ વસ્તુમાં લોભાતા નથી, ભારે ત્યાગી પુરુષ છે." ત્યારે એમના ગુરુ એ કહ્યું "કોઇ ખાનદાન કુટુંબના ભાગ્યશાળી પુરુષ છે, નહિતર આવા રૂપગુણ હોય નહિ. તમારી કન્યા છે તે એમને પરણાવો અને એક ગામની રાજગાદી એમને આપો." ગુરુની વાત રાજાને બહુ જ ગમી ગઇ એટલે તરત જ જોષી પાસે મુહૂર્ત જોવડાવ્યું. દશમે દિવસે મુહૂર્ત સારું આવ્યું. ગુરુએ રાજાને કહ્યું – "જો આ વાતની

સંતને જાણ થશે તો જતા રહેશે. માટે ચોકી પહેરો રાખો." પછી તે પ્રમાણે રાજાએ બે પોલીસો ચોકી કરવા રાખ્યા. નહાવા જાય; ગામમાં જમવા જાય, ત્યાં પાછળ પાછળ સિપાઈઓ ફર્યા કરે. એ પ્રમાણે પાંચ દિવસ વીતી ગયા. છઠ્ઠે દિવસે રાજાના બે કુંવરો સ્વામી પાસે આવીને બેઠા. તેને સ્વામીએ પૂછ્યું કે, 'તમારા પિતાશ્રી અને ગુરુજી કંઇ વાત કરે છે ?' ત્યારે તેમણે કહ્યું "મહારાજ, તમને અમારાં બહેન પરણાવીશું અને એક ગામની રાજગાદી આપશ્રીને સોંપશું. અમે બધું રાજકુટુંબ આપનાં શિષ્યો થઈને રહેશું એવો વિચાર અમારા પિતા અને ગુરુજીએ કર્યો છે. તમે અચાનક જાતા ન રહો તે સારુ ખાનગી રીતે તમારી દેખરેખમાં બે સિપાઈઓ રાખ્યા છે." આ વાત સાંભળીને સ્વામીએ પોતાના મનમાં વિચાર કર્યો કે, 'ઘરનું બંધન છોડીને મહામહેનતથી સાધુ થયો ને મીંઢળ પણ મહારાજે છોડયું હતું અને આ તો ભારે કઠિન બંધન છે. જો જરાય લલચાયા તો જિંદગી બરબાદ થઇ જશે, હશે શું કરવું ? હે પ્રભુ ! આમાંથી બચાવજો." પછી તો સ્વામી આંખો મીંચીને હૃદયમાં મૂર્તિ ધારીને 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' એમ અખંડ ભજન કરવા લાગ્યા. આમ ચોવીશ કલાક ધ્યાન-ભજન કર્યું. પછી બીજે દિવસે રાત્રિના ત્રણ બજે વહેલા ઊઠી સિપાઈઓને સૂતા મેલી લાગ જોઈને ચાલી નીકળ્યા. થોડે દૂર ગયા ત્યાં નદીનું એક મોટું કોતર આવ્યું તેમાં સંતાઇ ગયા. પછી સવાર થયું ત્યારે જાહેર થયું કે, 'પરમહંસ ભાગી ગયા,' ત્યારે રાજાએ ચોતરફ ઘોડેસ્વારો દોડાવ્યા ને આજ્ઞા કરી કે 'જ્યાં હોય ત્યાંથી સંતને અહીં' બોલાવી લાવો, પછી કોઇ બે ગાઉ, કોઇ ચાર ગાઉ જઈને બધા સ્વારો પાછા આવ્યા અને રાજાને કહ્યું કે, 'સંતમહાત્મા ક્યાંઇ મળ્યા નહિ. અલોપ થાય તેમ જાતા રહ્યા છે.'

સંઘવા શહેરમાં સત્સંગપ્રચાર

જ્યારે કોઇ પ્રકારનો ભય ન રહ્યો ત્યારે સ્વામી નદીના ઊંડા કોતરમાંથી બહાર નીકળી, પૂજા રાખવાનો ખલકો બગલમાં રાખી, ફક્ત એક કોપીનભેર ઝડપથી ચાલ્યા, તે સંઘવા શહેરની પોઠ અનાજ નાખવા કુંજબારી આવેલી તેની સાથે એકાદ ગાઉ ચાલ્યા. પછી તો તેનો સાથ છોડી પોતાના હૃદયમાં મહારાજની મૂર્તિ ધારીને એવા ઉતાવળા ચાલ્યા કે, ક્યાંય વિસામો લીધા વિના સંઘવા શહેર પાક્કા ચાળીસ ગાઉ દૂર હતું ત્યાં સાંજે પહોંચી ગયા. એ વખતે શહેરનો દરવાજો બંધ હતો. અને

ચોકીવાળાએ રોક્યા તેથી દરવાજા પાસે શિવજીનું દેવાલય હતું તેના ઓટા ઉપર સ્વામી બેઠા. એક સાથે ઝડપથી ચાલીને આવેલા તેથી સ્વામીના પગ થાકીને થાંભલા જેવા થઇ ગયા હતા. પોતાના હાથથી પગને ચોળી ચોળીને વાળ્યા ત્યારે સ્વામી નીચે બેસી શક્યા. બરાબર એ વખતે ગામમાંથી બે બ્રાહ્મણો દરવાજાની બારી ખોલીને શિવનાં દર્શન કરવા આવ્યા. તેમણે સ્વામીને શાંતિથી બેઠેલા જોયા. પછી પાસે આવી તેમણે પૂછ્યું 'મહારાજ ! ક્યાંથી પધારો છો ?' ત્યારે સ્વામીએ કહ્યું 'હું આજે કુંજબારીથી આવું છું.' ત્યારે તેમણે કહ્યું. 'રસ્તો ઘણો દૂર છે. આજે અમારી પોઠ ત્યાંથી ઊપડવાની હતી.' ત્યારે સ્વામીએ કહ્યું 'તમારી પોઠ આજે ઊપડી તેની સાથે હું એક ગાઉ ચાલ્યો. પછી તો અતિ ઉતાવળો ચાલ્યો તે અહીં પહોંચ્યો ત્યાં દરવાજા બંધ થઇ ગયેલા તેથી અહી બેઠો છું.' ત્યારે તે બ્રાહ્મણોએ કહ્યું 'તમે બહુ ચાલ્યા તે ભૂખ્યા પણ હશો.' ત્યારે સ્વામી બોલ્યા કે, 'ભાઇ ! ભૂખ્યા અને તરસ્યા બંને છીએ.' ત્યારે તેમણે કહ્યું: 'અમે જમવાનું લાવીએ.' એમ કહી તે બ્રાહ્મણો ઘેર જઇને થાળીમાં ખીચડી અને પાણીનો લોટો લઇને આવ્યા. પછી તેમણે કહ્યું 'તમે જમો ત્યાં સુધી અમે રોકાઇ શકીએ તેમ નથી કારણ કે, હવે દરવાજાની બારી બંધ થઇ જશે.' ત્યારે સ્વામીએ કહ્યું: 'ખીચડી આ ધોયેલા ઓટા ઉપર મૂકો અને આ તુંબડીમાં પાણી રેડીને તમે જાઓ, હું પછીથી જમીશ.' પછી બ્રાહ્મણોએ કહ્યું: 'તમે જમીને અહીં રાત્રિ રહેજો, સવારે અમે તમને શહેરમાં લઇ જશું.' પછી તેઓ ગયા અને સ્વામી શિવાલયના ઓટલા પર સૂઇ રહ્યા. સવારે બ્રાહ્મણો આવી સ્વામીને શહેરમાં તેડી ગયા. ત્યાં સ્વામી કેટલોક સમય રહ્યા અને મુમુક્ષુઓને જ્ઞાનોપદેશ આપી સત્સંગપ્રચાર કર્યો.

મેથી ગામમાં ધન-સ્ત્રીનું મહાબંધન ભેદ્યું

સ્વામી સંઘવા શહેરથી ફરતા ફરતા ફરીથી માલેગામ આવ્યા. ત્યાં ત્રણ દિવસ રહી ધર્મપ્રચાર કર્યો. પછી ત્યાંથી ધુળિયાની પાસે **મેથી** ગામ આવ્યા. ત્યાં ગામની પાસે નદીમાં સ્નાન, પૂજાપાઠ કરી સ્વામી બેઠા હતા ત્યાં, ગામમાંથી એક અતીત બાવાજી નદીમાં સ્નાન કરવા આવેલા, તેમણે પાસે આવી સ્વામીને કહ્યું "મહાત્માજી ! આપ મારે ઘેર જમવા પધારો." સ્વામીએ પૂછ્યું 'તમે કેવા છો ?' ત્યારે તેમણે કહ્યું "હું અતીત બાવાજી છું પણ અમારે ઘેર બ્રાહ્મણ રસોયો છે તે

રસોઇ કરે અને અમે જમીએ છીએ. આપની કૃપાથી હું વ્યવહારે ખૂબ સુખી છું." પછી સ્વામી તેમને ઘેર જમવા ગયા. હાથપગ ધોઇ સ્વામી પાટલા ઉપર બેસી શ્રીજીનું સ્મરણ કરતા કરતા જમવા લાગ્યા; ત્યારે તે અતીત બાવાજીએ પોતાની બે દીકરીઓ કુંવારી હતી તેમને દૂરથી સ્વામીને દેખાડ્યા. બનેય કન્યાઓ સ્વામીનું ખૂબ સુંદર રૂપ જોઇને ઘણી જ રાજી થઇ અને પોતાના પિતાને કહ્યું – 'અમારા લાયક આ વર છે.' અતીત બાવાજી ખૂબ ધનવાન હતા. તેમને દીકરો ન હતો. બે દીકરીઓ હતી. એટલે તેમને દીકરીઓ ઉપર અતિશય હેત હતું, તેથી ઘરજમાઇ થઇને રહે તેવા વરને ખોળતા હતા. ભાગ્યજોગે અચાનક સ્વામીનો ભેટો થયો અને આકર્ષક રૂપ જોઇ કન્યાઓ ખૂબ જ ખુશ થઇ. આથી બાવાજી ઘણો સંતોષ પામ્યા અને એમણે વિચાર કર્યો કે, "પ્રભુકૃપાથી ઘેર બેઠાં જોઇએ તેવા જમાઇ મળ્યા છે, પણ જો હું વ્યાવહારિક રીતે વિચાર કરી વિલંબ કરીશ તો આ મહાત્માજી જતા રહેશે. જો તત્કાળ આમને હું મારી સંપત્તિ સહિત કન્યાઓ આપું તો આ જરૂર અહીં રહી જશે. આવી કન્યાઓ અને રૂપિયા બે લાખની સંપત્તિમાં કોણ ન લોભાય ? માટે સાક્ષીએ સહિત લેખ કરી આમને આપી જ દઉં; જેથી એમને પૂરેપૂરો વિશ્વાસ આવે અને ચોક્કસ અહીંયા જ રોકાઇ જાય." પછી તરત જ એમણે એક કાગળમાં લેખ કર્યો, તેમાં લખ્યું કે, 'સાઠ હજાર રોકડા રૂપિયા અને મારી બે કન્યાઓ આપું છું – તેમાં સાઠ હજાર રૂપિયા છે તે જમાઇ મારે ઘેર ઘર-જમાઇ થઇને રહે એટલે અત્યારથી જ આપું, અને મારી હયાતી બાદ મારી સર્વ મિલક્ત એમની છે." આવો લેખ કરી ગામલોકોની સહી કરાવીને સ્વામીના હાથમાં આપ્યો.

પછી સ્વામીએ લેખ વાંચી વિચાર કર્યો કે "અહો ! દૈવની માયાનું કેટલું બધું પ્રબળપણું છે ? હજુ તો રાજયનું બંધન મુશ્કેલીથી તોડીને ચાલ્યો આવું છું, ત્યાં આ બીજું બંધન આવ્યું. પરંતુ ભગવાનની મૂર્તિ ભૂલીને કોઇ માયિક વસ્તુ–પદાર્થમાં જો બંધાઇએ તો ઘોર નરકમાં પડી ચૂક્યા જેવું છે, **જગતની કોઈ પણ વસ્તુમાં સાર અથવા સુખ છે જ નહિ.** જેટલું સારું દેખાય છે તે બધું તો અવશ્ય અનેક દુઃખનું કારણ હોય છે; માટે એનાથી દૂર રહીએ એમાં જ સાચું સુખ સમાયેલું છે." આમ જ્ઞાનદૃષ્ટિથી જોઇ વિચારી સ્વામીએ કહ્યું – "બાવાજી ! આ કાગળ આપની પાસે રાખો, હું ઉતારે જઇ આવું." એમ કહીને સ્વામી મેથી ગામથી

ચાલી નીકળ્યા. બાવાજીના મનમાં તો એ એમજ હતું કે, 'આવી સુખ-સમૃદ્ધિવાળું ઘર મૂકીને ક્યાંય જશે નહિ. ભલે ઉતારે જઇ આવે; થોડીવારમાં પાછા આવશે.' આમ ધારી એ તો શાંતિથી રાહ જોઇને બેઠા પણ **निष्पृहस्य तृणं जगत्**- આ કહેવત પ્રમાણે પ્રભુના શાશ્વત આનંદના યથાર્થ અનુભવી સ્વામીશ્રી, જગતની તુચ્છ વસ્તુમાં શી રીતે લોભાય ? સર્પે પીધેલા દૂધમાં, નજરે જોનારને કદી સ્નેહ થાય ખરો ? આ રીતે માયિક સુખના તલસ્પર્શી જ્ઞાતા અદ્‌ભુતાનંદ સ્વામી ફરતા ફરતા ઉજ્જૈન શહેરમાં આવ્યા. ઉજ્જૈન એ સાત પુરી માંહેનું એક પ્રસિદ્ધ તીર્થસ્થળ છે. ત્યાં બાર જ્યોતિર્લિંગ માંહેના મહાકાલેશ્વર મહાદેવજીનું પ્રાચીન મંદિર છે. સ્વામીએ ક્ષિપ્રા નદીમાં સ્નાન કરી મહાકાલેશ્વરનાં દર્શન કર્યાં અને શહેરમાં ભિક્ષાવૃત્તિ કરી આવી, જમીને શાંતિથી ધર્મશાળામાં રહ્યા. પછી સ્વામીએ વિચાર કર્યો કે, "હવે શ્રીજીમહારાજનાં દર્શન કરવા જઇએ તો ઠીક, નહિતર ક્યાંઇક બંધાઇ જવાશે." પછી બે દિવસ મુમુક્ષુઓને ઉપદેશ આપી સ્વામી ત્યાંથી ચાલી નીકળ્યા.

બુરાનપુરમાં બીજા સંતો મળ્યા

સ્વામી ખાનદેશમાં ફરતા ફરતા બુરાનપુર આવ્યા, ત્યાં નરનારાયણાનંદ સ્વામી, કૃષ્ણાનંદસ્વામી અને પૂર્ણાનંદસ્વામી એ ત્રણ સંતો મળ્યા. પછી ચારેય સંતોએ ભેગા મળી પરસ્પર શ્રીજીના મહિમામોટપની ખૂબ વાતો કરી ઘણો સંતોષ પામ્યા.

શ્રીજી મહારાજની આજ્ઞાથી પ્રેમાનંદ સ્વામી શાસ્ત્રીય સંગીતનો વિશિષ્ટ અભ્યાસ કરવા માટે બુરાનપુરમાં તાપીદાસ બાવાજીના અખાડામાં રહ્યા હતા તે પણ મળ્યા. ચારેય સંતોએ વિચાર કર્યો કે "આપણે પ્રેમાનંદ સ્વામીને સાથે લઇ જઇએ તો ઠીક." પછી રાત્રિએ પ્રેમાનંદ સ્વામીને બોલાવીને અદ્‌ભુતાનંદ સ્વામીએ પોતાને રાજ્ય, સ્ત્રી ધન આદિકનાં ઘણાં બંધનો આવ્યાં તે સંબંધી વિસ્તારપૂર્વક વાતો કરી. ત્યારે પ્રેમાનંદ સ્વામીએ પોતાના અંતરની વાત કહી કે, 'સ્વામી ! મારા મનમાં કોઇ કોઇ વાર વિચાર થઇ આવે છે કે અહીં રહીએ. પરંતુ તમારી વાત સાંભળીને, હવે મારા મનમાં પણ શ્રીજી મહારાજનાં દર્શન કરવાનો સંકલ્પ થયો છે; માટે આપણે

સૌ સંતો અહીંથી સાથે જ ચાલીએ." પછી પાંચેય સંતો બુરાનપુરથી ચાલી નીકળ્યા, તે સો ગાઉ સુધી સાથે ચાલ્યા. પછી દરેક સંત એકાએકી જુદા જુદા ચાલી નીકળ્યા, કારણ કે, એ વખતે મહરાજની આજ્ઞા ભેળું રહેવાની ન હતી. **પ્રભુના સાક્ષાત્કારને પામેલા અને દર્શનમાત્રથી પણ જીવાત્માઓનું કલ્યાણ કરનારા સમર્થ સંતો ચોતરફ રહે તો સદ્ધર્મનો વિશેષ પ્રચાર થાય,** એ શ્રીજી મહાપ્રભુનો શુભ હેતુ હતો; તેથી એ વખતે કેટલોક સમય સંતોને એકલા ફરવાની આજ્ઞા આપી હતી.

લોયામાં શ્રીજી મહારાજનાં દર્શન

સ્વામી બુરાનપુરથી ગામડાંઓમાં ફરતા ફરતા ચરોતર પ્રદેશમાં **ગાના** ગામને સીમાડે આવ્યા, ત્યાં એક કૌઠીના ઝાડ નીચે વિશ્રાંતિ લેવા બેઠા. પોતાને છ ઉપવાસ થયેલા, તેથી કૌઠીનાં કૌઠાં પાડયાં પણ તે ખૂબ ખાટાં લાગ્યાં. એટલે ખાઇ શક્યા નહિ. પછી ભિક્ષા લેવાના વિચારથી ગાના ગામની ભાગોળે ગયા; ત્યાં એક પાટીદાર સામો મળ્યો, તેણે સ્વામિનારાયણના સાધુ જાણીને દ્વેષભાવથી સ્વામીનો તિરસ્કાર કર્યો અને ગામમાં પેસવા દીધા નહિ. પછી સ્વામી ત્યાંથી નડિયાદ ગયા. ત્યાં પણ કોઇએ ભિક્ષા આપી નહિ. પછી પીપલગ થઇને સ્વામી ડભાણ આવ્યા, ત્યાં પોતાને આઠ ઉપવાસ થયા હતા. આઠમા ઉપવાસના અંતે સ્વામીએ ડભાણમાં શાંતિથી ભોજન કર્યું અને ત્યાં ચાર દિવસ રહી લાંબા પ્રવાસનો થાક ઉતાર્યો. પછી બુધેજ, ક્રમિયાળ, ધોલેરા, અને ચોકડી વગેરે કેટલાંય ગામોમાં ભૂખતરસ તથા અનેક અગવડતાઓ સહન કરી લઇ લોકોને જ્ઞાનોપદેશ આપતા આપતા સ્વામી લોયા પાસે નાગડકા ગામની સીમમાં આવીને ત્યાં રહ્યા, કારણ કે એ વખતે આજ્ઞા વિના દર્શન કરવા જવાની પણ મનાઇ હતી.

સ્વામીએ કોઇ દ્વારા મહારાજને સમાચાર મોકલ્યા કે, "આપશ્રીએ વડતાલથી મને ખાનદેશમાં ફરવા મોકલ્યો હતો; તે પ્રમાણે હું ત્યાં જઇને અહીં આવ્યો છું. આપની આજ્ઞા હોય તો દર્શન કરવા આવું, નહિતર પાછો પરદેશમાં ફરવા ચાલ્યો જાઉં." આ રીતે સ્વામીના સમાચાર સાંભળી મહારાજે કહેવરાવ્યું "ભલે, બહુ સારું, તમે ખુશીથી અહીં અમારાં દર્શન કરવા આવો." પછી સ્વામીને ઘણા દિવસથી

મહારાજનાં દર્શન થયેલાં નહિ, તેથી હર્ષપૂર્વક અત્યંત ઉત્સાહથી સ્વામી લોયામાં સુરાખાચારના દરબારમાં દર્શન કરવા ગયા.

સ્વામીને દરબારમાં આવતા દૂરથી જોઇ મહારાજ તત્કાળ ઢોલિયા ઉપરથી ઊભા થઇ સ્વામી સામા જઇ ઘણા જ સ્નેહથી સ્વામીને બાથમાં લઇને ભેટ્યા ને સ્વામીને પોતાની બાથમાં રાખી ઓરડાની ઓસરી ઉપર લઇ જઇ પોતાના ઢોલિયા પાસે બેસાર્યા. પછી પરદેશની સર્વ હકીક્ત પૂછ્વા લાગ્યા; ત્યારે સ્વામીએ પોતાને જે રીતે બંધનો આવ્યાં તથા સુખદુ:ખના પ્રસંગો બન્યા હતા તે બધી વાત મહારાજને કહી સંભળાવી. પોતે અંતર્યામી છે એટલે સર્વે વાત જાણતા જ હતા પણ બીજાને સંભળવવા માટે સ્વામી પાસે સભામાં બધી વાતો કહેવરાવી. પછી શ્રીજીમહારાજે પોતે સભામાં કહ્યું **"આ સાધુ તો બહુ મોટા છે, મુક્તાનંદ સ્વામી જેવા છે.** જે માયાએ બ્રહ્મા અને શિવજીની લાજ લીધી તથા ઇંદ્ર, ચંદ્ર, બૃહસ્પતિ, સૌભરી, નારદજી, દુર્વાસા ઇત્યાદિક અનેક ઋષિમુનિઓની લાજ લીધી એવી મહાબળવાન માયા છે. તે માયાને લાત મારીને આ અદ્‌ભુતાનંદ સ્વામી અહીં આવ્યા છે. માટે એમનો વૈરાગ્ય તો એવો શોભે છે કે, જેમ લડાઇ થઇ હોય તેમાં શૂરવીરોએ છાતીમાં ઘા લીધા હોય ને તે જેમ શોભે તેમ શોભે છે. પછી સ્વામીને સભામાં ઊભા કરીને મહારાજે સર્વેને કહ્યું કે, **"આમનાં દર્શન કરો, આમનાં દર્શન કરો. એમનાં દર્શન અમારાં દર્શન તુલ્ય છે."** પછી સ્વામીને નીચે બેસાર્યા અને મહારાજ થાળ જમવા પધાર્યા. જમી રહ્યા પછી મહારાજે સ્વામીને પોતાની પ્રસાદી આપીને જમાડ્યા.

(અદ્‌ભુ. વાતોનો સાર)

પ્રભુદર્શનની લગની

કોઇ પણ કાર્યની સિદ્ધિ અથવા ધ્યેયની પ્રાપ્તિ, મનમાં પૂરી લગની લાગ્યા વિના થઇ શક્તી નથી. જ્યારે કોઇ પણ બાબતની હૃદયમાં લગની લાગે છે ત્યારે અનેક મુશ્કેલીઓ, વિઘ્નો કે મહાદુ:ખો તેને જરા પણ રોકી શકતાં નથી. "મનની વૃત્તિઓ સ્વાભાવિક રીતે સંપૂર્ણપણે પરમેશ્વરમાં જોડાએલી રહે અને હૃદયમાં ઇષ્ટદેવની અખંડ ધૂન લાગી રહે, તથા ઇંદ્રિયો, અંત:કરણનું ખેંચાણ સતત પ્રભુ તરફ જ રહે, આવી સ્થિતિને લગની કહેવાય છે. નાનું બાળક જેમ પોતાની માતાને

મળવા આતુર રહે છે, તેમ ભગવાનના એકાંતિક ભક્તો અગર સંતો હમેશાં પ્રભુદર્શનના પ્યાસી હોય છે. ભક્તોને જ્યારે પ્રભુનાં દર્શન થાય છે ત્યારે તેઓ એમ માને છે કે, મને બધીજ સુખસંપત્તિ મળી ગઇ. કારણ કે પ્રભુદર્શનથી એમના મનમાં અલૌકિક આનંદનો અનુભવ થાય છે. અનુભવથી પ્રાપ્ત થયેલુ આત્મસંતોષનું સુખ એ ચિરસ્થાયી સર્વશ્રેષ્ઠ સુખ મનાયેલું છે. આવું શાશ્વત સુખ સંતોના હૃદયમાં રહેલું હોય છે. એથી એ સંતો કદાચ મહા દુ:ખથી ઘેરાયેલા હોય છતાં પણ સદા સુખી રહે છે.

શ્રીજી સમયના મોટા સંતો, શ્રીજીમહારાજને વિષે અતિશય પ્રીતિવાળા હતા, છતાં ઈષ્ટદેવ મહાપ્રભુ શ્રીસહજાનંદસ્વામીની આજ્ઞા શિરોમાન્ય રાખી, તેઓ દેશપરદેશમાં જ્યાં મોકલે ત્યાં ઉત્સાહથી જતા, પરંતુ એમને હમેશાં શ્રીજીનાં દર્શનની અતિશય લાલસા રહેતી હતી. સંતો ગમે તેટલા દૂર ફરવા ગયા હોય, તો પણ ચાર–છ મહિને તો તેઓ દૂરથી ચાલીને ફક્ત દર્શન માટે જ ગઢપુર આવતા; કેમ કે એ સંતોને શ્રીજી સાથે એવી લગની લાગી હતી કે, જેથી તેઓ શ્રીજીદર્શન વિના ઝાઝો સમય રહી શકતા નહિ.

લગની લાગી રે મારે લગની લાગી,
સખી શામળિયા સંગાથે
મારે લગની લાગી.
મુક્તાનંદ કહે પળ એક
ન્યારા ન મેલું વાલો,
શિરને સાટે ક્યાંથી મળે નંદનો
લાલો............... લગની લાગી.

જેનાં ચરણમાં જીવનસમર્પણ કર્યું હતું અને જેને જીવનપ્રાણ માન્યા હતા એ વહાલા પ્રભુનાં દર્શન વિના સંતો શી રીતે રહી શકે ? વહાલાનાં દર્શન એ તો અમૃતથી પણ અધિક સુખદાયી હોય છે.

એક વખત મુક્તાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામી આદિ પોણોસો સાધુઓ ગુજરાત દેશમાં ફરી શરદપૂર્ણિમા ઉપર શ્રીજી મહારાજનાં દર્શન કરવા જતા

હતા. એ વખતે અદ્‌ભુતાનંદ સ્વામીના જમણા પગમાં વાળો નીકળેલો તેથી ચાલી શકાય તેમ ન હતું. છતાં તેઓ શ્રીજીદર્શનની ઉત્કંઠાથી ધીરે ધીરે ચાલી ભાલમાં ચોકડી ગામ પહોંચ્યા. ત્યાં રાત્રિ રહી સવારે સૌ સંતો ચાલવા તૈયાર થયા. અદ્‌ભુતાનંદ સ્વામી આગલે દિવસે ચાલેલા તેથી પગમાં સોજો ચડી ગયેલો ને ખૂબ દુખાવો થતો હતો. એટલે મુક્તાનંદસ્વામીએ કહ્યું "તમે અહીં રોકાઓ, સાધુ–સત્સંગીઓ તમારી સેવા કરશે." ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું – "સ્વામી ! જો એક લાકડી મંગાવી આપો તો ખોડંગતો ખોડંગતો ધીરે ધીરે ચાલું." પછી લાકડી મંગાવી દીધી, તેથી સ્વામી લાકડીને ટેકે ધીરે ધીરે ચાલી કુંડળ આવ્યા. ત્યાં અમરા પટગરનાં પત્ની રાઈબાઈ બહુ જ ભાવિક સત્સંગી હતાં, તેમણે પોતાનું ગાડું જોડાવી આપ્યું, તેમાં અદ્‌ભુતાનંદસ્વામી અને મુક્તાનંદસ્વામી એ બંનેય બેઠા. બીજા સંતો માર્ગે ચાલ્યા જતા હતા. તેમણે ગઢપુર જઈ મહારાજને સમાચાર કહ્યા કે, "મુક્તાનંદસ્વામી, અદ્‌ભુતાનંદસ્વામી વગેરે સાઠેક જેટલા સંતો આપનાં દર્શન કરવા ગઢપુર આવી રહ્યા છે."

એ વખતે સભામાં કાઠી દરબારોએ શ્રીજી મહારાજને એવો પ્રશ્ન પૂછેલો કે, "ભગવાનમાં જેને બહુ લગની લાગી હોય તેનાં કેવાં લક્ષણ હોય ?" તેનો ઉત્તર મહારાજે કરેલો નહિ. પરંતુ પોતે ઘોડેસ્વાર થઈ એક ગાઉ સંતો સામા ગયા. મુક્તાનંદસ્વામી તથા અદ્‌ભુતાનંદસ્વામી મહારાજને જોઈ ગાડેથી ઊતરી પગે લાગ્યા. પછી મહારાજની આજ્ઞાથી તેઓ બંનેય ગાડામાં બેઠા. મહારાજ ગાડા પાસે ઘોડી રાખીને ચાલતાં ચાલતાં વાત કરવા લાગ્યા કે, – "સ્વામી ! આજ કાઠીભક્તોએ પ્રશ્ન પૂછ્યો કે, 'ભગવાનમાં જેને લગની લાગી હોય તેનાં કેવાં લક્ષણ હોય ?" ત્યારે મુક્તાનંદસ્વામી કહેવા લાગ્યા કે, "આ અદ્‌ભુતાનંદ સ્વામીને પગે વાળો નીકળ્યો છે તેથી ચાલી શકાતું નથી. અમે કહ્યું તમે ચોકડી ગામમાં રોકાઈ જાઓ. હરિભક્તોને બધી ભલામણ કરી દઈએ." ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું "બહુ દિવસથી મહારાજનાં દર્શન થયાં નથી તેથી મારા અંતરમાં એવી તાલાવેલી લાગી છે, તે હવે મારાથી દર્શન વિના રહી શકાશેજ નહિ." પછી ત્યાંથી અમે ધીરે ધીરે ચાલી કુંડળ આવ્યા. ત્યાંથી ગાડે બેસી અહીં આવ્યા અને આપનાં દર્શન થયાં. ત્યારે મહારાજે કહ્યું "જેનાં આવાં લક્ષણ હોય, ત્યારે જાણવું કે એમને ભગવાનમાં બરાબર લગની લાગી છે." પછી સૌ ઉતારે આવ્યા; અને મહારાજે થાળ જમી

મુક્તાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામીને પ્રસાદી આપી.

(અદ્‌ભુ. વાતો ૨૦૯ નો સાર)

પ્રસાદીનો મહિમા

સ્વામીને જેમ શ્રીજીમહારાજનાં દર્શનની લગની લાગી હતી એ જ રીતે એમને પ્રસાદીનો પણ અતિશય મહિમા હતો. શ્રીજી મહારાજનાં દર્શન તો પાસે હોય ત્યારે દિવસમાં અનેક વાર થાય પણ પ્રસાદી તો ક્યારેક જ મળે. સત્સંગીઓ તરફથી સંતોને રસોઇ હોય ત્યારે શ્રીજીમહારાજ પંક્તિમાં વારંવાર ફરીને ભારે પ્રેમભાવથી સંતોને જમાડતા. પ્રેમાળ માતા જેમ પોતાના એકનાએક પુત્રને અતિ વહાલથી પીરસીને જમાડે, એ રીતે શ્રીજી મહાપ્રભુ ત્યાગી સંતોને પોતાના હાથની પ્રસાદી અંતરના ભાવથી ખૂબ ખૂબ હેતથી જમાડતા. સંતો પણ અતિશય મહિમા સમજીને શ્રીજીના મહાપ્રસાદને પોતાનાં અહોભાગ્ય માની ઉમંગથી આરોગતા અને એથી. કૃતકૃત્ય બની આત્મસંતોષનું અખંડ સુખ અનુભવતા હતા.

એક વખત અદ્‌ભુતાનંદ સ્વામી ગઢપુરમાં હતા, પરંતુ એમને તાવ આવતો હતો એટલે લક્ષ્મીવાડીમાં રહેતા હતા. શ્રીજીના સમયમાં માંદા તથા કેટલાક વૃદ્ધ સંતો લક્ષ્મીવાડીએ રહેતા. સ્વામીને તાવ ઊતરે એટલે વાડીએથી દરબારમાં શ્રીજીનાં દર્શન કરવા આવે. મહારાજ સવાર, સાંજ સભામાં પોતે વાતો કરતા હોય, તે સાંભળીને, સ્વામી સંકલ્પ કરતા કે, "અરે ! આ તાવ ક્યાંથી આવ્યો ! મહારાજ બહુ જ સરસ વાતો કરે છે ! સાંભળવા આવી શકાતું નથી." એ વખતે હરિભક્તો તરફથી રસોઇઓ ચાલતી હતી. તેથી મહારાજ કેડ બાંધી સાધુની પંક્તિમાં લાડુ પીરસતા હતા, તે જોઈને સ્વામીના મનમાં સંકલ્પ થયો કે, "આ તાવે તો મહારાજની પ્રસાદી પણ ખાવા દીધી નહિ. જો સૌની સાથે પંક્તિમાં બેસીએ તો મહારાજ ઠપકો આપે." આવી બીકથી પાંચ દિવસ સુધી મહારાજને પંક્તિમાં પીરસતા જોયા પણ સ્વામી જમવા બેઠા નહિ. પણ પોતાના મનમાં પ્રસાદી જમવાની અતિશય પ્રબળ ઈચ્છા રહ્યાજ કરતી હતી. છેવટ સ્વામીએ નિર્ણય કર્યો કે, "આજે પંક્તિમાં અવશ્ય જમવા બેસવું છે અને મહારાજ જે ઠપકો આપે તે સહન કરી લેવો." આમ સંકલ્પ કરી વાડીએથી સ્વામી દાદાખાચરના દરબારમાં આવ્યા,

ત્યાં તો દરબારમાં સાધુઓને જમવાની પંક્તિ થઇ ગઇ હતી. અને મહારાજ કેડ બાંધી પીરસવાની તૈયારી કરતા હતા. અદ્‌ભુતાનંદ સ્વામી તરતજ સાધુની પંક્તિમાં જમવા બેસી ગયા. મહારાજ લાડુ પીરસવા લાગ્યા. પંક્તિમાં ફરતા ફરતા મહારાજ અદ્‌ભુતાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે એમને ચાર લાડુ પીરસ્યા. ફરીથી આવ્યા ત્યારે બે લાડુ આપ્યા તે પણ સ્વામી જમી ગયા. ત્રીજીવાર ફરતા ફરતા મહારાજે કહ્યું – "લ્યો લાડુ." ત્યારે સ્વામીએ "ના" પાડી. ત્યારે મહારાજે કહ્યું: 'તમારી આંખો બે લાડુ માગે છે.' એમ કહી સ્વામીને બે લાડુ પીરસ્યા. ચોથી વાર મહારાજ પંક્તિમાં કહેતા જાય કે 'બે લાડુ લે તેને ચરણારવિંદ આપીએ.' એટલે સ્વામીએ એ બે લાડુ લીધા. પાંચમી વાર મહારાજ કહેતા જાય કે, એક લાડુ લે તેને એક ચરણારવિંદ આપીએ, અને 'બે લાડુ લે તેને બે ચરણારવિંદ આપીએ.' એમ સાધુઓને ચરણારવિંદ આપતા આપતા મહારાજ અદ્‌ભુતાનંદ સ્વામી પાસે આવીને બોલ્યા 'આ માંદો એક લાડુ લે તો બે ચરણારવિંદ આપીએ.' ત્યારે સ્વામીએ એક લાડુ લીધો. પછી છઠ્ઠી વાર પંક્તિમાં પીરસતાં મહારાજ કહેતા જાય કે, 'એક લાડુ લે તેને બે ચરણારવિંદ આપવાં.' અદ્‌ભુતાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે કહ્યું, 'જો આ માંદો એક લાડુ લે તો બે ચરણારવિંદ આપવાં અને માથે બે હાથ મૂકવા.' ત્યારે સ્વામીએ એક લાડુ લીધો અને મહારાજ ત્યાં ઊભા હતા ત્યાં તો લાડુ જમી ગયા. એટલે મહારાજે એક પછી એક એમ બંને ચરણારવિંદ સ્વામીના મસ્તક ઉપર મૂક્યા પછી કહ્યું. 'હાથ એંઠા છે તે ધોઇને માથા ઉપર મૂકશું.' ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું કે, 'એંઠાને એઠાં હાથ માથ ઉપર મૂકો, ધર્મના કામમાં ઢીલ નહિ.' ત્યારે મહારાજ હસવા લાગ્યા. પછી મહારાજે ઘીથી ભરેલા બે હાથ સ્વામીના માથા ઉપર મૂક્યા, તે જોઇને રઘુવીરજી મહારાજ પડખે ઊભા હતા તે બહુ જ હસવા લાગ્યા. મહારાજ પણ હસતા હસતા હાથ ધોઇને ઓસરીની કોર ઉપર બેઠા.

સ. ગુ. અદ્‌ભુતાનંદ સ્વામીનો ત્યાગ, વૈરાગ્ય તથા એમની અલૌકિક સ્થિતિ ન જાણતા હોય તેને એમ થાય કે, તેઓ આ રીતે શ્રીજીપ્રસાદીના લાડુ જમ્યા, એ કોઇ બહુ મહત્વની વાત ન કહેવાય. ઉપલક દૃષ્ટિએ જોઇએ તો આ વાત સામાન્ય જણાય, પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી તલસ્પર્શી તપાસ થાય તો તેનું ખરું મહત્વ સમજાય. સ્વામી ભારે તપસ્વી હતા. હમેશાં સાવ સાદું ભોજન જમતા.

કોઇ ગમે તેવો આગ્રહ કરે તોપણ મિષ્ટાન્ન તો જમતા જ નહિ. પોતે જિતેન્દ્રિય મહા સમર્થ સંતપુરુષ હતા, તેમાં રસના ઇન્દ્રિય ઉપર તો એમણે ખાસ કાબુ મેળવ્યો હતો. એટલે એમને ખાવા-પીવાની કોઇ વસ્તુમાં આસક્તિ કે લોલુપતા ન હતી. અનેક મહા મુશ્કેલીઓમાંથી પસાર થયેલા **શ્રીજીપ્રશંસિત સિદ્ધપુરુષ હતા.** એમની દૃષ્ટિ મિષ્ટાન્ન તરફ ન હતી. જીભ કે મનને વશ થઇને તેઓ સ્વાદ ખાતર પ્રસાદી જમતા ન હતા. પ્રભુની પ્રસાદી ભવબ્રહ્મા જેવા દેવોને પણ મહા દુર્લભ છે, એમ શાસ્ત્રો સાક્ષી પૂરે છે. આવો અતિશય મહિમા સમજી તેઓ **લૌકિક આસક્તિથી પર થઈને પ્રસાદીમાં દિવ્યતા નિહાળીને જમતા હતા.**

ધોળેરા મંદિરની મહંતાઈ

એક વખત વડતાલમાં શ્રીજી મહારાજ સભા કરીને બેઠા હતા, એ વખતે મહારાજે અદ્‌ભુતાનંદ સ્વામી સામું જોઇને કહ્યું કે, "સ્વામી ! ધોળેરા મંદિરના કોઇ મહંત થતા નથી માટે તમે ત્યાંના મહંત થાઓ." ત્યારે સ્વામીએ હા પાડી, તેથી મહારાજ તેમના ઉપર બહુ રાજી થયા અને ટોપીએ સહિત પોતે મોળિયું બાંધ્યું હતું તે અદ્‌ભુતાનંદ સ્વામીને માથે મૂક્યું તથા બુરાનપુરી એક શેલું સ્વામીને ઓઢાડ્યું અને પોતાની પૂજાના શાલિગ્રામ સ્વામીને આપ્યા, આ રીતે રાજી થઇને મહારાજે ધોળેરાની મહંતાઈમાં સ્વામીને ત્રણ વસ્તુઓ આપી. જયારે અદ્‌ભુતાનંદ સ્વામીએ ધોળેરાની મહંતાઇની હા પાડી ત્યારે ભાઇ આત્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી અને ત્યાગાનંદ સ્વામી વગેરે વીસ સાધુઓએ ધોળેરા જવાની હા પાડી. પછી બીજે દિવસે મહારાજે સ્વામીને પોતાની પ્રસાદીનો થાળ જમાડી હાર પહેરાવ્યો અને સ્વામીને હેતથી મળી ધોળેરા મોકલ્યા.

(અદ્‌ભુ. વાતો ૧૯૨ સાર)

શ્રીજીએ ગાડું બળદ આપ્યા અને મંદિરની ભલામણ કરી

સ્વામી તૈયાર થઇને ધોળેરા જતા હતા. એ વખતે નિત્યાનંદસ્વામીએ સ્વામીને કહ્યું "સ્વામી ! આ તમારા દેશનો બળદ છે તે મહારાજ પાસે માગો." ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું – 'મહારાજ ! આ બળદ ભાલ દેશનો છે તે

ભાલમાં પોસાય, ત્યાં પાણીની બહુ ખેંચ છે એટલે પુંજાભાઈને કહીને બીજો બળદ લેવરાવીશું." ત્યારે મહારાજે કહ્યું 'એક બળદથી ગાડું ચાલે નહિ.' ત્યારે સ્વામીએ ફરીથી કહ્યું, "બીજો બળદ લેવરાવીશું." તોપણ મહારાજે ફરીથી એમજ કહ્યું ત્યારે સ્વામીએ જાણ્યું કે, શ્રીજીની ઈચ્છા નથી. પછી પગે લાગી રજા માગી ત્યારે મહારાજે કહ્યું: 'સ્વામી ! ગાંફ સુધી ભેળા ચાલો.' ત્યારે સ્વામીએ હા પાડી. પછી મહારાજ તથા સૌ સંતો ગાંફ ગયા ને ત્યાં રાત રહ્યા. સવારે સ્વામી ધોળેરા જતી વખતે પગે લાગવા ગયા ત્યારે મહારાજે કહ્યું: "તમારે ધોળેરામાં બે ગાઉ દૂરથી પાણી લાવવાનું. ત્યાં પાણીનું ઘણું દુ:ખ છે, માટે આ અમારો વાલજી ખેડુ, ગાડી, અને ગાંડો તથા પારેવો આ અમારા બે બળદ એ સર્વે તમને આપ્યા, તે તમે લઈ જાઓ. દરરોજ પાણી લાવીને પીજો અને **નિષ્કામાનંદસ્વામી**ને ઠાકોરજીની સેવામાં રાખજો. **ઉદારાનંદ** ઠાકોરજીનો થાળ કરે, **ચૈતન્યાનંદસ્વામી** મંદિર સાચવે ને તમે મંદિરના મહંત. બીજા સંતો ફરવા જશે." એમ કહી મહારાજે ખેડુ ગાડી અને બે બળદ આપ્યા. પછી સ્વામી ધોળેરા ગયા.

(અદ્‌ભુ. વાતો ૧૯૫નો સાર)

વારણામાં હનુમાનજી પધરાવ્યા અને ઐશ્વર્ય મૂક્યું :

સ્વામીશ્રી જ્યારે ધોળેરા મંદિરના મહંત હતા તે વખતે, સ્વામી ભાલ પ્રદેશના વારણા ગામમાં પધારતા. ત્યાં કૃષ્ણારામ ભટ્ટ અને ઠક્કર નારણ પદમશીભાઈ વગેરે સત્સંગીઓ ખૂબ પ્રેમભાવથી સ્વામીના સેવા-સમાગમનો લાભ લેતા. તેઓ બધા વ્યવહારે ઘણા દુર્બળ હતા, છતાં પણ હરવખત વડતાલથી ગઢડા-જૂનાગઢ જતા આવતા સાધુ બ્રહ્મચારીઓની સેવા-ચાકરી ઘણા ભાવથી કરતા હતા. પ્રથમના સમયમાં દરેક મંદિરના સંતો પગે ચાલીને સમૈયા-ઉત્સવોમાં હર વખત દર્શન કરવા જતા. પગે ચાલીને તીર્થયાત્રા કરવાનો બહુ જ મહિમા હતો, તેથી રસ્તાના ગામડાંઓમાં સાધુઓને વિશ્રાંતિ લેવા માટે રોકાવાનું થતું. દરેક સ્થળે સત્સંગીઓ તીર્થવાસી સંતોનો ખૂબ મહિમા સમજી આદરથી સેવા-સત્કાર કરતા. પરંતુ અચાનક આવતા પાંચ, પંદર કે પચીસ-પચાસ માણસોના સંઘની વારંવાર સંભાળ લેવી એ ઓછી શ્રદ્ધાવાળા અગર વ્યવહારે દુર્બળ સ્થિતિવાળાને ઘણું મુશ્કેલ પડે, પણ તે બાબતમાં વારણાના સત્સંગીઓની શ્રેષ્ઠ સેવાભાવના જોઈને સ્વામી તેમના ઉપર

ઘણા રાજી થયા. અને કહ્યું કે "ઉત્સવ-સમૈયામાં દર્શન કરવા જતા આવતા સાધુઓની સેવા-ચાકરી કરવામાં તમને હરકત પડે છે, માટે એક હનુમાનજીની સારી મૂર્તિ તૈયાર કરાવો તો અમે પધરાવી આપીએ, તેથી તમારી બધી મુશ્કેલી દૂર થઇ જશે."

પછી સત્સંગીઓએ સ્વામીની આજ્ઞા પ્રમાણે મૂર્તિ તૈયાર કરાવી અને પ્રતિષ્ઠાનું નક્કી થયું. એ વખતે વડતાલની ગાદીના આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ વિદ્યમાન હતા. તેઓશ્રી સં. ૧૯૩૯ના ચૈત્ર માસમાં વડતાલથી ગઢડા જતાં રસ્તામાં વારણા ગામમાં હનુમાનજીની મૂર્તિપ્રતિષ્ઠા માટે રોકાયા. સ્વામીશ્રીનું શરીર એ વખતે ઘણું જ અશક્ત થઇ ગયું હતું; છતાં ભગવત્પ્રસાદજી મહારાજના અતિ આગ્રહથી સ્વામીને નાની ઢોલણીમાં સુવડાવી તે ઢોલણી શિગરામમાં મૂકી આચાર્યશ્રી સાથે સ્વામીને વારણા લાવ્યા હતા. શિગરામમાંથી સ્વામીની ઢોલણી ઊચકી લઇને હનુમાનજીની મૂર્તિ આગળ લઇ જતા. મૂર્તિ ઘણી જ સુંદર રૂપકડી તૈયાર થયેલી જોઇને સ્વામી બહુ જ રાજી થયા, અને કહ્યું કે **"અહો ! મૂર્તિ તો ભારે સુંદર થઇ છે."** આટલું બોલતાંની સાથે જ મૂર્તિમાં ઐશ્વર્ય દાખલ થઇ ગયું. પછી મૂર્તિને ત્યાંથી પ્રતિષ્ઠા કરવાના સ્થાનમાં લઇ જવાના ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ મૂર્તિ ત્યાંથી જરા પણ ખસી નહિ. છેવટ સ્વામીની ઢોલણી ફરીથી ત્યાં લાવવી પડી. સ્વામી ઢોલણીમાં બેઠા થઇને બોલ્યા: "અરે બળિયા દેવ ! આટલા બધા ભગવાનના ભક્તો તમારી સેવા કરવા ટાંપી રહ્યા છે, તો હવે તમારે કેટલીક પરીક્ષા લેવી છે ?" સ્વામી આટલું બોલ્યા પછી બેત્રણ સત્સંગીઓએ મૂર્તિને ઉપાડી લઇ પ્રતિષ્ઠા કરવાના સ્થાનમાં પધરાવી દીધી. આચાર્ય હસ્તક બધો વૈદિક વિધિ કર્યા પછી સ્વામીએ હનુમાનજીની આરતી ઉતારી, તે વખતે જાણે હનુમાનજી પ્રત્યક્ષ પધાર્યા હોય તેમ મૂર્તિ અતિશય તેજસ્વી જણાવા લાગી. આરતી કર્યા પછી તરત જ સ્વામી અત્યંત પ્રસન્નતાથી હનુમાનજીની મૂર્તિને બાથ ભરી મળવા ગયા; ત્યારે આચાર્યમહારાજે કહ્યું "સ્વામી ! તમે મળશો અને બહુ ચમત્કાર મૂકશો તો સારંગપુર કોણ જશે ?" ત્યારે સ્વામીએ કહ્યું: "અહીંના સત્સંગીઓને તીર્થવાસીઓની બહુ જ સેવા કરવી પડે છે. માટે તેમને પૂરી મદદ કરે તેવા સેવાભાવી ભાઇ કરી આપવા છે. સારંગપુરના મોટાભાઇ અને અહીંના નાનાભાઇ" એમ કહી સ્વામી હનુમાનજીની મૂર્તિને બાથ ભરીને ભેટયા, ત્યારે મૂર્તિમાંથી દિવ્ય તેજ નીસર્યું અને

પ્રકાશમાં મૂર્તિ હસતી હોય તેવાં સૌને ક્ષણવાર અદ્‌ભુત દિવ્ય દર્શન થયાં. આવું ઐશ્વર્ય પ્રત્યક્ષ જોઇને સર્વ સંત હરિભક્તો અત્યંત નવાઇ પામી સ્વામીશ્રીનો વિશેષ મહિમા સમજવા લાગ્યા. સ્વામીશ્રીએ સ્થાપન કરેલા એ વારણા ગામના હનુમાનજી બહુ ચમત્કારી છે. એમના ચમત્કારની ઘણી સરસ જાણવા જેવી અનેક વાતો છે.

સ. ગુ. અદ્‌ભુતાનંદ સ્વામી ધોળેરામાં કેટલું રહ્યા અને ત્યાં શું શું કાર્યો કર્યાં તથા એમના આશીર્વાદથી કોણ સુખ-શાંતિ પામ્યા ? એમણે શું શું ચમત્કારો જણાવ્યા અને કેટલાં મંદિરો કર્યાં ? અને પ્રથમ દ્વેષી લોકોએ સ્વામીને ભયંકર ઝેર આપેલું તેથી અંતિમ અવસ્થામાં ઘણીજ મુશ્કેલી રહેતી, તેમાં આણંદ વગેરેના સત્સંગીઓએ ઘણી સારી સેવા કરેલી. તથા આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ સ્વામીનો કેવો મહિમા સમજતા વગેરે કેટલાક **મહત્ત્વના પ્રસંગોની પૂરી માહિતી મેળવ્યા પછી લખવામાં આવશે.** સ્વામી સં. ૧૯૩૯ના કાર્તિક સુદ ૪ ના રોજ વડતાલમાં અક્ષરવાસી થયા હતા.

સ્વામીના શિષ્યોમાં ઉદારાનંદસ્વામી (કાનમ દેશમાં કરેણાના હતા. સં. ૧૯૩૯ ફાગણમાં અક્ષરવાસ), નાના ચૈતન્યાનંદસ્વામી (૧૯૨૭ અષાઢ માસમાં અક્ષરવાસ), નાનાપુરુષાનંદ સ્વામી, નિષ્કામાનંદસ્વામી અને છેલ્લા શિષ્ય પુરાણી ઘનશ્યામચરણદાસજી વગેરે હતા. એમણે સ્વામીની વાતો લખી છે. એ પુરાણીના શિષ્ય સત્સંગસન્માન્ય-સાધુગુણસંપન્ન **સુપ્રતિષ્ઠિત અક્ષરનિવાસી સમર્થ વિદ્વાન પરમ પૂજ્ય સ. શાસ્ત્રી શ્રી હરિજીવનદાસજી સ્વામી** કે જેમણે ઘણો મોટો પરિશ્રમ કરી સત્સંગસાહિત્યની નોંધપાત્ર મહાન સેવા કરી છે. એમનું સમગ્ર જીવન સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાન્તો પ્રમાણે વિશ્વભરમાં સંપ્રદાયની મહત્તા, વિશિષ્ટતા અને ગૌરવ સદા જળવાઇ રહે તેવાં અનેક શુભકાર્યોમાં શ્રેષ્ઠતમ રીતે સફળ થયા છે. ધન્ય છે આવા મહાપુરુષને. વડીલ ગુરુના આદર્શ ગુણોનું સંપૂર્ણ રીતે પાલન કરનાર, વિશુદ્ધ ચારિત્રવાન અને સ્વધર્મનિષ્ઠ આવા સંતો એ જ સત્સંગની અણમૂલી સાચી મૂડી છે. હવે, આપણે સ. ગુ. અદ્‌ભુતાનંદ સ્વામી અને લોધિકા દરબાર શ્રી અભયસિંહજીના સંવાદવાળા સંસ્કૃત ગ્રંથ **હરિલીલાપ્રદીપ**ના બે શ્લોકોથી સ્વામીના સ્તુત્ય ગુણોનું સંસ્મરણ કરી લેખ સમાપ્ત કરીએ.

प्रत्याहतेन्द्रिय उदारयशाः प्रशान्तो,
घ्यानेन मीलितदृगुज्झितसर्वकार्यः ।
आकुतिचित्तिचपलत्वविजितोऽध्दा,
कृष्णांघ्रिपंकजदृढलग्नमनास्तपस्वी ॥ ४-१० ॥

साक्षाद्हरिं हृदि च दृक्पुरः आत्मनाथं,
यो वीक्षते सततमार्त्तिहरोऽखिलानाम् ।
अष्टांगयोगनिपुणो मृदुचित्त ऊर्ध्वरेता
अकिंचन उदारमनोज्ञवाक् च ॥ १२ ॥

પંચ વિષયોથી પાછી વાળેલી છે ઈન્દ્રિયો જેમણે એવા મહા યશસ્વી, અતિ શાંત સ્વભાવવાળા, શ્રીહરિના ધ્યાનમાં તલ્લીન થયેલા, વ્યવહારસંબંધી કાર્યોથી દૂર રહેનારા, કર્મઈન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોની ચંચળતાથી રહિત, ભગવાનના ચરણકમળમાં દૃઢ આસક્ત મનવાળા અને મહા તપસ્વી એવા અદ્દ્ભુતાનંદ સ્વામીનાં દર્શન કર્યાં.

૧-જે આત્માના નિયંતા પ્રત્યક્ષ શ્રીહરિને પોતાના હૃદયમાં અને દૃષ્ટિની આગળ નિરંતર જુએ છે, તથા સર્વ પ્રાણીઓનાં દુઃખને દૂર કરનારા, અષ્ટાંગયોગની ક્રિયાઓમાં પ્રવીણ, દયાળુ, નૈષ્ઠિક બ્રહ્મચારી, અને લૌકિક સંપત્તિના સંગ્રહથી રહિત તથા ગંભીર અને મનોહર વાણી બોલનારા એવા સ. ગુ. અદ્દ્ભુતાનંદ સ્વામીના દરબારે દર્શન કર્યાં.

* * *

૪ : પરમચૈતન્યાનંદ સ્વામી

વિમર્ષ અને પરિચય

ઝાલાવાડ પ્રદેશમાં લીંબડી પાસે **શિયાણી** નામનું એક ગામ છે. ત્યાં શ્રીજી મહારાજના સમયથી જ સત્સંગ થયેલો. શિયાણીના રાજા હરિસિંહજી એક શ્રેષ્ઠ મુમુક્ષુ હતા. એમણે ઘણા લોકો પાસેથી સાંભળેલું કે, "અત્યારે ઘોર કળીકાળમાં સ્વામિનારાયણ એ પોતે સાક્ષાત્ પરમાત્માનો અવતાર છે. એમનાં ફક્ત દર્શન-માત્રથી કેટલાક રાજાઓ તથા સારા સારા વિદ્વાનો પણ એમના શિષ્યો બની જાય છે. માટે જરૂર એ કોઇ સમર્થ મહાપુરુષ હોવા જોઈએ."

આમ વિચાર કરી એમણે ખરી ખાતરી કરવા માટે પોતાના ગામના વિદ્વાન વિપ્ર શિવરામ ભટ્ટને શ્રીજી મહારાજ પાસે ગઢડા મોકલ્યા. કુશળ વિદ્વાન શિવરામ ભટ્ટ ગઢડા ગયા અને શ્રીજી મહારાજને અઢાર પ્રશ્નો પૂછ્યા. મહારાજે તેના સંતોષકારક ઉત્તરો આપ્યા. તે સાંભળી તથા સંતહરિભક્તોનું અતિપવિત્ર ઉચ્ચ કોટિનું વર્તન જોઇને શિવરામ ભટ્ટ શ્રીજીના આશ્રિત થયા, અને ઘેર જઈને રાજા હરિસિંહજીને સત્સંગી કર્યા. (જુઓ સત્સંગીજીવન પ્ર.૨-૩૭).

પછી કેટલાક સમય બાદ એ શિવરામ ભટ્ટ પોતે સ્ત્રી-પુત્રાદિ કુટુંબનો ત્યાગ કરી, શ્રીજી મહારાજ પાસે ત્યાગાશ્રમની દીક્ષા લઈ, **અખંડાનંદ** બ્રહ્મચારી એ નામથી પ્રસિદ્ધ થયા. એ અખંડાનંદજીએ 'ભક્તચિંતામણિ' જેવો સંસ્કૃતમાં **હરિચરિત્ર** નામનો ઘણો ઉત્તમ મોટો ગ્રંથ બનાવ્યો છે. (વ્યવહારપ્રધાન **બનાવી દીધેલો સંપ્રદાય** જો કદાચ સૌના સદ્‌ભાગ્યે ફરીથી પ્રથમની પેઠે **સાહિત્ય-પ્રધાન** બને તો એ ગ્રંથરત્ન 'હરિચરિત્ર' અવશ્ય છપાય).

શ્રીજી મહારાજને ભાદરા ગામથી એક ખૂબ જ મહત્વનો પત્ર પોતાના ચુનંદા ધનાઢ્ય ગૃહસ્થ શિષ્યો ઉપર લખ્યો હતો તેમાં "માંચા, સુરા, સોમલા, અલૈયા, લાધા, કાળા, કમળશી મળી. એહ સર્વે તજી ઘરબાર, થાજયો પરમહંસ નીરધાર." (ભક્ત ચિં. ૫૪) એ શ્રીજીનો સ્ટેન્ડીગ ઓર્ડર સમાન પત્ર વાંચીને માંચા ખાચર, અજા પટેલ વગેરે મોટા મોટા ધનાઢ્ય અઢાર સદ્‌ગૃહસ્થો તત્કાળ સાધુદીક્ષા લઈ,

જેતલપુરમાં સ્વામી રામદાસભાઈને મળી ભૂજમાં શ્રીજીનાં દર્શન કરવા ગયા હતા. આમાં લાધા એવું જે નામ છે તે શિયાણીના લાધા શેઠ હતા. "ભીમો વોરો શેઠ સત્સંગી સારા, શિયાણીમાં વાસ તે રાખનારા." (હરિલીલામૃત ૧-૪) ભીમજી શેઠ તથા લાધાશેઠ એ સુપ્રસિદ્ધ સત્સંગી શિયાણીના હતા.

બીજા એક શ્રીજીદીક્ષિત રામદાસ નામના સાધુ હતા તે શ્રીજી આજ્ઞાથી ગઢડામાં રહી માંદા સંતોની સેવા કરતા. તેઓ શ્રીજી સ્વધામ પધાર્યા પછી તેમને ગુણાતીતાનંદ સ્વામી સાથે સ્નેહ હોવાથી જીવનભર જૂનાગઢમાં રહેતા તે પણ શિયાણી ગામના હતા. આ રીતે શિયાણી ગામના પ્રખ્યાત સુખી કુટુંબના કેટલાક મુમુક્ષુઓએ ત્યાગાશ્રમની દીક્ષા લઈ સંપ્રદાયની મહાન સેવા કરી હતી. સ્વામી શ્રી પરમચૈતન્યાનંદજી પોતે શિયાણી ગામના રાજકુટુંબના જ એક મોક્ષભાગી દૈવી પુરુષ હતા. અહીં આપણે એમના ત્યાગાશ્રમના જીવનનું અવલોકન કરીએ.

શિયાણી ગામના જે હરિસિંહજી રાજા હતા તેમના પાંચ છ પેઢી દૂરના ભાયાત એક હમજીભાઈ ક્ષત્રિય હતા. તેમના નાના ભાઈ અજીતસિંહજી હતા. તેઓ બાળપણથી સંસ્કારી, ધર્મપ્રિય તથા ઘણા સદ્‌ભાવનાવાળા હતા. કથાશ્રવણ કરવા જવું તીર્થયાત્રાઓ કરવી તથા દાનપુણ્ય કરવું તેમાં તેમને ખૂબજ રુચિ હતી. અજીતસિંહજીમાં આવા સદ્‌ગુણો અને ધર્મનિયમમાં વિશેષ શ્રદ્ધાળુપણું જોઈને એમના મોટાભાઈ તેમને વ્યવહાર સંબંધી કોઈ કાર્યમાં જોડતા નહિ. અજીતસિંહજી પણ દિનપ્રતિદિન વિશેષરૂપે પ્રભુની ભજનભક્તિ અને શાસ્ત્રચિંતનમાં સમયનો બરાબર સદુપયોગ કરતા હતા. અને સંબંધીઓએ વારંવાર ખૂબ આગ્રહ કરવા છતાં તેઓ અવિવાહિત રહ્યા હતા. પોતાના ભાગની ગીરાસની જે જમીન હતી તે પણ તેમણે મોટાભાઈને સોંપી દીધી હતી. તીર્થોમાં ફરી સંત-મહાત્માઓના સેવા-સમાગમમાં જ તેઓ સમયની સફળતા કરી રહ્યા હતા.

એક વખત અજીતસિંહજીભાઈ દ્વારકાની યાત્રા કરવા ઘેરથી નીકળ્યા. દ્વારકામાં શ્રી રણછોડજીનાં દર્શન કરી, જૂનાગઢ થઈને તેઓ સોમનાથનાં દર્શન કરવા પ્રભાસ-પાટણ ગયા. ત્યાંથી પગરસ્તે ઘર તરફ જતાં માર્ગમાં તેમણે સાંભળ્યું કે, "સોરઠ પ્રદેશમાં ખાસ દર્શન કરવા જેવા રામાનંદ સ્વામી નામના એક મહાત્મા પુરુષ

છે. તથા હાલમાં એમના આશ્રમમાં એક યોગાભ્યાસી મહાપ્રતાપી બ્રહ્મચારી તીર્થયાત્રા કરતા કરતા આવ્યા છે. તે તો ખાસ દર્શન કરવા જેવા છે." પછી અજીતસિંહજી રામાનંદ સ્વામીની શોધ-ખોળ કરતા પૂછતા પૂછતા લોજગામ આવ્યા. ત્યાં એમણે જાણ્યું કે, "રામાનંદ સ્વામી તો કચ્છ-ભૂજ ગયા છે, પણ એમના મુખ્ય શિષ્ય મુક્તાનંદ સ્વામી પણ દર્શન કરવા જેવા મહાપુરુષ છે તે અહીં છે."

આ રીતે ગામલોકો પાસેથી માહિતી મેળવી અજીતસિંહજી રામાનંદ સ્વામીના આશ્રમમાં ગયા. એ વખતે આશ્રમમાં કથાપ્રવચનનો સમય હોવાથી મોટી સભા થઇ હતી. અને મુક્તાનંદ સ્વામી તુલસીકૃત રામાયણની કથા કરતા હતા. સ્વામીની પ્રભાવશાલી પ્રવચનપદ્ધતિથી સર્વ શ્રોતાજનો પ્રભુમાં તલ્લીન થઇ એકાગ્રતાથી કથા સાંભળી રહ્યા હતા. અજીતસિંહજી પ્રણામ કરી સૌની સાથે સભામાં બેસી કથાશ્રવણ કરવા લાગ્યા. થોડીવાર કથામૃતનું પાન કર્યું, ત્યાં એમના હૃદયમાં પરમ શાંતિ થઇ ગઇ એટલે તેઓ ત્યાં રોકાયા અને આખો દિવસ કથાશ્રવણ તથા સંતસમાગમમાં વીતાવવા લાગ્યા.

સાત વર્ષ સુધી સમગ્ર ભારતની લાંબી તીર્થયાત્રા કરીને લોજ પધારેલા ભગવાન સ્વામિનારાયણ એ વખતે નીલકંઠ બ્રહ્મચારી એ નામથી ઓળખાતા હતા. આશ્રમના સર્વ સાધુઓ નીલકંઠ બ્રહ્મચારી પાસે યોગની જુદી જુદી ક્રિયાઓ શીખતા તેમાં તેઓ કોઇ કોઇ વાર સંતોને અલૌકિક પ્રતાપ બતાવતા તથા કેટલાકને સમાધિ પણ કરાવતા હતા. અજીતસિંહજી નીલકંઠ બ્રહ્મચારીમાં દિવ્યતા જોઇ એ પવિત્ર વાતાવરણથી રંગાઇ ગયા અને સદાને માટે ત્યાગીજીવન ગાળવાના દૃઢ નિશ્ચયથી સંસારનો ત્યાગ કરી સંતોની સેવા કરવા લાગ્યા અને કચ્છ-ભૂજથી જ્યારે રામાનંદ સ્વામી આવ્યા ત્યારે અજીતસિંહજીએ રામાનંદ સ્વામી પાસે ભાગવતી સાધુદીક્ષા લીધી. સ્વામીએ એમનું **પરમચૈતન્યાનંદ** એવું નામ રાખ્યું.

પરમચૈતન્યાનંદ સ્વામીને શ્રીજીમહારાજના સ્વરૂપની અનન્ય નિષ્ઠા હતી. તથા તેઓ શ્રીજીનો ખૂબ જ મહિમા સમજતા હતા. કારણ કે, એમણે પ્રથમથી જ શ્રીજીનાં અનેક અદ્‌ભૂત ઐશ્વર્યો પ્રત્યક્ષ જોયેલાં એટલે તેઓ સર્વોપરિ સ્વરૂપનિષ્ઠાના બળથી માહાત્મ્યજ્ઞાનપૂર્વક ઇષ્ટદેવનો મહિમા-મોટપ બરાબર સમજી શ્રીજીની આજ્ઞા

ઉપાસનામાં કોઇપણ પ્રકારની ખામી રહી ન જાય એવી ઉત્તમ રુચિવાળા હતા. અને પોતાની રુચિ તથા સમજણ પ્રમાણે સર્વ સાધુ-સત્સંગીઓને તેઓ શ્રીજી મહારાજનો મહિમા આગ્રહપૂર્વક કહેતા. શ્રીજીનાં ઐશ્વર્ય-પ્રતાપની વાતો બળવાન શબ્દોમાં અસરકારક રીતે કહેવામાં તેઓ ઘણા કુશળ હતા. એમના એ વિશિષ્ટ સદ્‌ગુણથી તેમની શ્રેષ્ઠ સંતોમાં ગણના થતી હતી. અને તેથી જ દેશાંતરથી શ્રીજીનાં દર્શન કરવા હમેશાં આવતા સત્સંગીઓને કથા-વાર્તા કરવા માટે રાખેલા મુખ્ય સાત સંતોમાં પરમચૈતન્યાનંદ સ્વામીની ગણના કરેલી છે. (જુઓ સ. જી. ૩-૨)

રામાનંદ સ્વામી અક્ષરવાસી થયા પછી એમના દીક્ષિત જે સાધુઓ હતા તે પણ ટૂંક સમયમાં અક્ષરવાસી થયા. રામાનંદ સ્વામીના દીક્ષિત ફક્ત બાર સાધુઓ શ્રીજી સાથે રહ્યા હતા. તે સાધુઓ શ્રીજી મહારાજના ગુરુભાઇ થતા હોવાથી બાર ગુરુભાઇઓ કહેવાતા હતા. શ્રીજીમહારાજ પોતે પણ **બાર ગુરુભાઇઓ આવો.** એમ કહેતા.

સાધુ બાર ભાયા આવો બહાર,
ત્યારે આવ્યા તે કરીને પ્યાર;
બાર ભાયાને મહારાજે કઇ,
તમે એક એક શિષ્ય લઇ.
(હરિકૃષ્ણચરિત્રામૃતસાગર ૩૧-૨૧)

પરમચૈતન્યાનંદ સ્વામી પણ શ્રીજીના ગુરુભાઇ હતા. તેથી સૌ સંતો એમને વિષે વિશેષ પૂજ્યભાવ રાખતા અને એમનો સમાગમ કરી શ્રીજી મહારાજનાં ઐશ્વર્યપ્રતાપ તથા લીલાચરિત્રોની વાતો એમની પાસેથી સૌ સંતો સાંભળતા. આ રીતે પરમચૈતન્યાનંદ સ્વામીની ગણના મુખ્ય સંતોમાં થતી હતી.

માણસ માત્રનો એવો સ્વભાવ છે કે, જ્યારે તેની લોકોમાં પ્રતિષ્ઠા વધે અને સૌ કોઇ તેમના તરફ આદરભાવ બતાવે ત્યારે તેના મનમાં અભિમાનનો અંકુર પેદા થાય છે. જો પૂરી સાવધાનતા ન રહે તો એ માનરૂપી મહા દોષનો અંકુર હૃદયમાં વિકાસ પામી માણસને અવશ્ય અભિમાની બનાવી દે છે. અભિમાન જેવો કોઇ

પ્રબળ દોષ નથી. સર્વ સદ્‌ગુણો કેવળ એક અભિમાનથી જ તત્કાળ નિષ્ફળ જેવા બની જાય છે.

"સાધન સર્વે માન બગાડે પળ વિષે, જેમ ભળિયું પયસાકરમાં અહિ ઝેર જો." (મુક્તાનંદ સ્વામી.) પરમચૈતન્યાનંદસ્વામી તેજસ્વી પ્રકૃતિવાળા, અગ્રેસર અને વળી શ્રીજીના ગુરુભાઇ હતા એટલે સૌ એમના તરફ આદરભાવ રાખતા, તેથી એમનામાં રહેલા માનના બીજને ધીરે ધીરે પોષણ મળ્યું અને એ માન બીજ અંકુરિત થયું. પછી તો એમની રીતભાત અને પ્રકૃતિમાં માન દેખાવા લાગ્યું. **જેનામાં કોઈપણ પ્રકારનું માન હોય તેમનામાંથી સરલતા અને દીનતા ચાલી જાય છે.** તથા તેમનાં સ્વભાવ–પ્રકૃતિ, ક્રિયા અને વિચારો સૌથી વિલક્ષણ પ્રકારનાં બની જાય છે. આ રીતે સ્વામીની પ્રકૃતિમાં પણ કેટલાક નાના મોટા પ્રસંગો બનવા લાગ્યા કે, જેથી શ્રીજીમહારાજને સ્વામી તરફ જરા અરુચિ થઇ.

એક વખત શ્રીજી મહારાજ સંત પાર્ષદોસહિત ગઢપુરથી અમદાવાદ જઈ રહ્યા હતા. ગઢપુરથી સારંગપુર, સુંદરિયાણા, વાગડ, કંથારિયા અને શિયાણી થઈને ભાલ પ્રદેશમાં તાવી ગામ પધાર્યા. ત્યાંના ભાવિક દરબારોની સેવા સ્વીકારી તેમને જ્ઞાનોપદેશથી પાવન કર્યા. પછી ત્યાં વાળંદને બોલાવી શ્રીજી મહારાજ ક્ષૌર (હજામત) કરાવવા બેઠા પણ વાળંદ કુશળ નહિ હોવાથી મહારાજ તરત જ ઊઠી ચાલતા થઇ ગયા. એ જોઈને દરબાર શ્રીજાલમસિંહજી પોતાની પવનવેગી ઘોડી દોડાવીને નજીકના દેવળિયા ગામથી વાળંદ લઈ આવ્યા. દરબારને આવતા જોઇ મહારાજે તાવી ગામથી થોડે દૂર તળાવ પાસે પીપળા નીચે ગાડુ ઊભું રાખ્યું. પછી મહારાજ ત્યાં ક્ષૌર કરાવવા બેઠા.

એ વખતે મહારાજ પાસે મુક્તાનંદસ્વામી નીચે બેઠા હતા. ત્યાં પૂર્ણાનંદ સ્વામી અને પરમચૈતન્યાનંદસ્વામી આવ્યા. તે બંનેય એક પાબળી પાથરીને બેઠા. શ્રીજીમહારાજ પોતે મુક્તાનંદસ્વામી ઉપર સૌથી વિશેષ પ્રેમભાવ રાખતા અને ગુરુતુલ્ય માનતા હતા. આવા મોટા સંત નીચે બેઠા હતા એટલે તેમની આગળ તો નીચે બેસવું એ જ યોગ્ય કહેવાય. પરંતુ એ બંનેય પાબળી પાથરીને બેઠા. આવું

તેમનું વિનય-વિવેક વિનાનું વર્તન જોઇને તત્કાળ શ્રીજી મહારાજ સ્પષ્ટ શબ્દોમાં બોલ્યા કે "કોઇ કહેશો કે, માન કેવું હશે ? તો જુઓ, આ પ્રત્યક્ષ માનની મૂર્તિઓ અહીં બેઠી છે."

"કોઇ કેશો માન કેવું હશે,
આ જુઓ માનની મૂર્તિ વસે.
મુક્તાનંદસ્વામી બેઠા હેઠા,
તેની આગળ ધાબળી નાખી બેઠા;
એક પૂર્ણાનંદ પરમચૈતન્યાનંદ
એ બે માનની મૂર્તિયું કે સુખકંદ."

(સ. માધવદાસસ્વામીકૃત-શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર ૧૧૧)

શ્રીજીમહારાજને માન જરા પણ ગમતું નહિ. માનવાળા તરફ પોતાને અતિશય અભાવ-અણગમો રહેતો, તેથી માની માણસ તેઓને દીઠો પણ ગમતો નહિ. "શ્રીજીમહારાજે વાર્તા કરી જે, "ક્રોધી, ઇર્ષ્યાવાળો, કપટી અને માની એ ચાર પ્રકારનાં જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તોપણ તે સાથે અમારે બને નહિ." (વચ. ગ. પ્ર. પ્ર. ૭૬) "જેને ભગવાનને પ્રસન્ન કરવા હોય તેને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા કોઇ શ્રેષ્ઠ ગુણ હોય તેને અભિમાને કરીને અટંટ થવું નહિ." (વચ. ગ. પ્ર. પ્ર. ૫૬) "અમારી આગળ જે કોઇ ભગવાનના ભક્તનું ઘસાતું બોલે તે તો અમને દીઠોજ ગમે નહિ" (વચ. ગ. અત્યં. ૨૧) "જેને ભગવાન કે ભગવાનના ભક્ત સંગાથે આંટી પડી જાય છે તે તો અમને દીઠો પણ ગમતો નથી ને તે ઉપરથી રીસ પણ કોઇ દિવસ ઊતરતી નથી." (વચ.ગ.મ.૬૩) "મોરે તો અમારે કામી ઉપર બહુ અભાવ રહેતો અને હવે તો ક્રોધ, માન, ઇર્ષ્યા એ ત્રણ જેમાં હોય તે ઉપર બહુ અભાવ રહે છે" (વચ. લો. ૧૪) "કામી ઉપર તો સંત દયા કરે પણ માની ઉપર ન કરે. તે માનમાંથી ઇર્ષ્યા ને ક્રોધ ઉપજે છે, માટે માન મોટો દોષ છે, અને માને કરીને સત્સંગમાંથી પડી જાય છે." (વચ. ગ. અત્યં. ૨૭) "ભગવાન કે ભગવાનના ભક્ત તે આગળ કોઇ પ્રકારનું માન રાખવું નહિ કેમ જે માન છે તે તો ક્રોધ, મત્સર, ઇર્ષ્યા ને દ્રોહ એનો આધાર છે અને માની હોય તેની ભક્તિ પણ આસુરી કહેવાય." (વચ. વડ. ૧૧) "જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને કોઇ પ્રકારનું માન રાખવું નહિ."

(વચ. ગ. અંત્ય. ૧૨) "ભગવાનનો ભક્ત હોય તેને વિચારનું બળ રાખીને કોઇ પ્રકારનું માન ઉદય થવા દેવું નહિ." (વચ. ગ. પ્ર. ૫૬) 'નિર્માની ભક્ત તે સર્વથી શ્રેષ્ઠ છે. xxx સાધુને તો ગમે તેટલી પૂજા પ્રતિષ્ઠા થતી હોય પણ બાળકની પેઠે માનરહિત વર્તવું." (વચ. ગ. પ્ર. ૫૬) "જીવનો તો એવો સ્વભાવ છે જે 'જેમાં પોતાને માન જડે તે જ કરવું સારું લાગે' પણ માન વિના એકલી તો ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગે નહિ. ભગવાનનો ભક્ત હોય તોપણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી અને જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે. માન વિના કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ તો રતનજી તથા મિયાંજી જેવા કોઇક જ કરતા હશે, પણ સર્વેથી તો માનનો સ્વાદ મૂકી શકાતો નથી. પછી તે ઉપર મુક્તાનંદ સ્વામીએ તુલસીદાસની સાખી કહી જે –

કનક તજ્યો કામિની તજ્યો, તજ્યો ધાતુકો સંગ;
તુલસી લઘુ ભોજન કરી, જીવે માનકે રંગ.

એ સાખીને સાંભળીને શ્રીજી મહારાજ બોલ્યા જે, જેવો જીવને માનમાંથી સ્વાદ આવે છે, તેવો તો કોઇ પદાર્થમાંથી આવતો નથી. માટે માન તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં અતિશય મોટો જાણવો" (વચ. ગ. મ. ૪૧) ઉપર્યુક્ત બધાં વચનામૃતો પૂરેપૂરા ઊંડા અભ્યાસપૂર્વક વાંચી નિરંતર અવશ્ય મનન કરવા યોગ્ય છે. કારણ કે જ્ઞાન, ધ્યાનની મોટી મોટી સિદ્ધિઓ પ્રાપ્ત કરવા છતાં જે દોષો ટળવા મહા કઠિન છે, તે માન વગેરે દોષો શ્રીજી મહાપ્રભુએ વચનામૃતમાં બતાવેલી વિચારસરણીથી સરલતાપૂર્વક વહેલી તકે દૂર થાય છે.

શ્રીજી મહારાજ કહે છે કે, "માને કરીને સત્સંગમાંથી પડી જાય છે." આ વચન પ્રમાણે પરમચૈતન્યાનંદસ્વામી, માનભંગ થવાથી સત્સંગ છોડી જતા રહ્યા હતા તે પ્રસંગ આપણે વિચારીએ. શ્રીજીમહારાજ જેની જેટલી યોગ્યતા હોય તેનું તેટલું સન્માન–કદર કરતા. લાંબા સમય સુધી એક સરખી રીતે ટકી રહે તેવી સ્થિર યોગ્યતાવાળા ભક્તો કે સંતોને તેઓ પોતાના પ્રાણ સમાન વહાલા માનતા અને તેમનું અનેક રીતે વારંવાર સન્માન કરતા હતા. ત્યારે બીજી બાજુ માન, ઈર્ષ્યા, દંભ વગેરે દોષવાળા સાધુ કે સત્સંગી ગમે તેવા ભક્ત, વિદ્વાન, ગુણવાન અગર મોટા હોય છતાં પણ તેનો તત્કાળ ત્યાગ કરી દેતા હતા. તેની જરા પણ મહોબત કે શરમ રાખતા નહિ. નિર્વિકલ્પાનંદ સ્વામી શક્તિશાળી વિદ્વાન હતા. ભગવાનાનંદ (કીડી

સખી) સ્વામી અતિશય આકર્ષક મધુર કંઠવાળા ભારે નામી ગવૈયા હતા, પરંતુ અભિમાની હોવાથી શ્રીજીમહારાજે તેનો ત્યાગ કર્યો હતો.

શ્રીજીઆજ્ઞાથી સાધુઓનાં મંડળો દેશપરદેશમાં જેને જ્યાં મોકલવામાં આવતાં ત્યાં દૂર દૂર પ્રદેશમાં ફરવા જતાં, અને છ મહિને અગર વર્ષ દહાડે ઉત્સવ-સમૈયા (સંમેલન) ઉપર પહેલેથી જયાં ચોક્કસ થયેલું હોય તે સ્થળે શ્રીજીનાં દર્શન કરવા આવતાં. ચોતરફ ફરી સત્સંગીઓના સંઘે સહિત સંતો અતિશય પ્રેમાતુર બની જયારે દર્શન કરવા આવતા ત્યારે શ્રીજીમહારાજ પણ માણકી ઘોડી ઉપર બેસી એ સંતોની સામા ચાલીને તેમને દર્શન દેવા જતા. આવી શ્રીજી મહાપ્રભુની એ બ્રહ્મનિષ્ઠ સંતો ઉપર પરમ કૃપા હતી.

શ્રીજીમહારાજના સમયમાં એવી વ્યવસ્થિત પ્રથા હતી કે, જે સંત-હરિભક્તોના મોટા સંઘો સમૈયા ઉપર આવતા તે જે ગામમાં સમૈયો હોય તેની આજુબાજુના બેપાંચ ગાઉ દૂરના કોઈ સ્થાન કે ગામમાં ટીમણ (નાસ્તો) વગેરે કરી થોડી વિશ્રાંતિ લે, અને બે જણ સૌથી પહેલા જઈ સમાચાર આપતા કે અમુક ગામનો આટલા માણસોનો સંઘ લગભગ અમુક વખતે આવશે. આ જાતની પ્રથાથી દરેકને ઉતારા-પાણી, પાગરણ, જમવા વગેરેની સગવડ કરી આપવામાં ખૂબ શાંતિ રહેતી અને કોઈ અથડામણ અગર ખોટો બગાડ થતો નહિ.

એક વખત સમૈયા ઉપર સંતો ગઢપુર આવતા હતા, તે સમાચાર સાંભળી શ્રીજીમહારાજ તરત જ માણકી ઉપર બેસી સામા ગયા. ઘેલા નદીને સામે કિનારે થોડે દૂર ગયા. ત્યાં સૌ ભેગા થઈ ગયા. બધા સંતો શ્રીજીને દંડવત પ્રણામ કરવા લાગ્યા. શ્રીજી સંતોને બાથમાં લઈ પ્રેમથી ભેટતા હતા, એ વખતે પરમચૈતન્યાનંદ સ્વામી પોતાના મંડળના આઠ-દશ સાધુઓ સાથે જરા પાછળથી આવ્યા અને દંડવત કરવા લાગ્યા. તે મહારાજે જોયું છતાં મહારાજ તે તરફ ગયા નહિ તેમજ 'રાખો' એમ પણ કહ્યું નહિ. એટલું જ નહિ પણ તેઓ દંડવત કરતા રહ્યા અને મહારાજ તો તત્કાળ ત્યાંથી ચાલી નીકળ્યા. નાનામોટા બધા સંતોને મળ્યા વિના મહારાજ ક્યારેય દૂર જતા નહિ. આજે એક આગેવાન મોટા સંતને મળ્યા વિના ચાલી નીકળ્યા તે જરા ન ગમે તેમ થયું. પણ ઈષ્ટદેવની રુચિને પારખનારા બધા

સંતો પણ શ્રીજીની પાછળ ચાલતા થયા. આ બધું જોઈને પરમચૈતન્યાનંદસ્વામીને બહુ જ માઠું લાગ્યું. ઘણા જ ચિંતાતુર થઇ ઉદાસ થઇ ગયા. અને પોતાના મનમાં બધું રહસ્ય સમજી લઇ મૌન રહી ગઢપુર તરફ નહિ જતાં બીજા ગામ તરફ ચાલી નીકળ્યા. તેમના શિષ્યો જે બધા સાધુઓ હતા તે પણ સ્વામીની પાછળ ચાલ્યા. થોડે દૂર જઇ નીચે બેસી સ્વામીએ પોતાના શિષ્યોને કહ્યું, "સાધુરામ ! તમે બધા મારી પાછળ શા માટે આવો છો ? તમે સ્વામિનારાયણને ભગવાન માનીને સાધુ થયા છો, મોક્ષ મેળવવા માટે સાધુ થયા છો. મારે માટે સાધુ નથી થયા અને મોક્ષ તો આજ સ્વામિનારાયણ વિના કોઇ કરી શકે તેમ નથી. એમની આજ્ઞા પ્રમાણે રહેશો એટલે ચોક્કસ તમારો મોક્ષ થશે, માટે તમે બધા શ્રીજીમહારાજ પાસે જાઓ. હું તો માનને લીધે જાઉં છું. માનરૂપી મહાશત્રુએ મને વશ કરી મારા માથે વિજય મેળવ્યો છે. હવે હું થોડા દહાડા શ્રીજીથી દૂર રહી એ માનને જીતવાનો પ્રયત્ન કરીશ. પછી શ્રીજીની કૃપાદૃષ્ટિ થશે તો હું પાછો એમને શરણે આવીશ. **તમે કાચી સમજણવાળા જો મારી સાથે આવશો અને સંપ્રદાયનું વાંકું બોલશો અગર અવગુણ લેશો તો જરૂર તમારા જીવનું ભૂંડું થશે. માટે અત્યારેજ તમે શ્રીજી મહારાજ પાસે જાઓ."** આ રીતે સ્વામીએ સાચો ઉપદેશ આપી (પુરાણી) લક્ષ્માણાનંદ, બલભદ્રાનંદ વગેરે દસેય શિષ્યોને શ્રીજી મહારાજ પાસે મોકલ્યા અને સ્વામી પોતે એકલા દેશાંતરમાં વિચરણ કરવા ચાલી નીકળ્યા. પછી સ્વામીના શિષ્યો જે સાધુઓ હતા તે ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં આવી શ્રીજીમહારાજને દંડવત પ્રણામ કરી સૌ સંતોની સાથે સભામાં બેઠા અને પરમચૈતન્યાનંદસ્વામીએ જે હિત વચનો કહ્યાં હતાં તે બધી વાત એ સંતોએ શ્રીજીમહારાજને કહી બતાવી. ત્યારે મહારાજ બોલ્યા કે, "સંતો ! જુઓ, સ્વામીને અમારો દૃઢ નિશ્ચય તથા શ્રદ્ધા-વિશ્વાસ કેટલાં બધાં અટલ છે ? બેમાં શ્રેષ્ઠ કોણ ? ગયા તે કે રહ્યા એ ? તમે ગુરુની આજ્ઞા માનીને અહીં આવ્યા તે સારું કર્યું."

આ રીતે પરમચૈતન્યાનંદસ્વામી માનભંગ થવાથી સત્સંગ બહાર જતા રહ્યા, પરંતુ એમના મનમાં શ્રીજીમહારાજનો ખૂબ જ મહિમા અને દૃઢ નિશ્ચય હતો એટલે તેઓ હમેશાં સ્નાન, ધ્યાન, પૂજા-પાઠ કરી આખો દિવસ 'સ્વામિનારાયણ' નામનો જપ કર્યા કરતા. અને કોઇ મુમુક્ષુ પોતા પાસે આવે તો સદુપદેશ સાથે

સ્વામિનારાયણ પ્રભુના ઐશ્વર્યપ્રતાપની વાતો કરતા. ગઢપુરથી ચાલી કોઇ ગામમાં નહિ રોકાતાં ધરમપુર-વાંસદાના ગીચ જંગલમાં કોઇ એકાંત સ્થાનમાં નિવાસ કરીને કેટલોક સમય ત્યાં શાંતિથી મનની વિશુદ્ધિ માટે તેમણે ભજનસ્મરણ કર્યું.

સ્વામી હમેશાં સાધુ-સત્સંગીઓના સંગમાં, ભજનભક્તિમય પવિત્ર વાતાવરણ વચ્ચે રહેલા હતા; એટલે પોતાને કોઇ ગામ કે કોઇ સુંદર સગવડવાળા સ્થાનમાં પણ રહેવાનું ગમ્યું નહિ. કારણ કે ક્યાંય સ્વામિનારાયણનું નામ સંભળાયું નહિ. તેમજ કોઇ સાધુસત્સંગીનાં દર્શન પણ થયાં નહિ. ધરમપુરની ઝાડી જેવા દૂરના એકાંતવાસમાં ફળફૂલ, કંદમૂળ ખાઇ, ખૂબ પશ્ચાત્તાપ કરી વિચારપૂર્વક કઠિન તપશ્ચર્યા સાથે અખંડ ભજનસ્મરણ કર્યું. આમ સ્વામીએ પોતાના મનની સાથે ખૂબ મહત્ત્વના વિચારો કરી આત્મશુદ્ધિ કરી, અને માન વગેરે દુર્ગુણોથી થતું નુકસાન તથા નિર્માનીપણું આદિ સદ્ગુણોથી થતા લાભની ગુણવત્તાનું તલસ્પર્શી ચિંતન કર્યું. અને **"મોક્ષમાર્ગમાં સૌથી પહેલાં નિર્માનીપણું ગ્રહણ કર્યા વિના કોઈ પણ સફળતા પ્રાપ્ત થતી નથી"** એવો ચોક્કસ નિર્ણય કર્યો.

આ પ્રમાણે સ્વામીએ જપ તપ સાથે પોતાના આંતર્દોષોને જીતવા માટે અનેક પ્રબળ પ્રયત્નો કર્યા. ત્યાર પછી ધરમપુર શહેરમાં ગયા. ત્યાંનાં ધર્મનિષ્ઠ રાણી કુશળકુંવરબાઇ પોતાની જાતદેખરેખથી રાજ્યનો બધો વહીવટ કરતાં હતાં. સાધુ-બ્રાહ્મણો અને ગરીબો માટે એ રાણીએ એક સારું સદાવ્રત બંધાવ્યું હતું. તેમાં કાયમ અન્નદાન આપતાં હતાં. અને જે કોઇ સંત-મહાત્માઓ આવે તેમને એક સારી ધર્મશાળામાં ઉતારો આપતાં. સ્વામી પણ એ ધર્મશાળામાં ઊતર્યા.

રાણીને એવો નિયમ હતો કે, પૂનમ, અમાસ, એકાદશી વગેરે પવિત્ર દિવસોમાં સંત-મહાત્માઓનાં દર્શન કરવાં. એ નિયમ પ્રમાણે એક દિવસ રાણી કુશળકુંવરબાઇ પોતે સંધ્યાઆરતી પછી રાત્રિએ પોતાના અંગરક્ષક માણસો સાથે પુરુષના વેશમાં ધર્મશાળામાં આવ્યાં. પછી ફાનસ લઇ બે માણસો આગળ ચાલ્યા. રાણી એક પછી એક મહાત્માઓને પગે લાગી ચરણસ્પર્શ કરવા લાગ્યાં. આ દૃશ્ય જોઇ સ્વામીએ બીજા મહાત્માને પૂછ્યું. 'આ કોણ છે ?' ત્યારે તેમણે કહ્યું.: 'એ પોતે રાણીસાહેબ છે.' પછી રાણી જ્યારે નજીક આવ્યાં, ત્યારે સ્વામીએ કહ્યું, "જો આપ

પુરુષના વેશમાં કોઇ સ્ત્રી હો તો મને અડશો નહિ. હું કોઇ પણ સ્ત્રીવર્ગને અડતો નથી. કારણ કે અમારા ગુરુ સ્વામિનારાયણ પ્રભુની એવી આજ્ઞા છે." આવા શબ્દો સાંભળી રાણી ઘણું આશ્ચર્ય પામ્યાં. પછી તેઓ દૂરથી નમસ્કાર કરી આગળ ચાલ્યાં ગયાં. અને માણસો મારફત સ્વામીનું નામ વગેરે માહિતી મેળવી દરબારગઢમાં ગયાં.

બીજે દિવસે રાણીએ પોતાના ખાનગી કારભારીને સ્વામી પાસે મોકલ્યા. તેમણે વિનંતિ કરી કે, "આપ દરબારગઢમાં પધારો. અમારાં રાણીસાહેબને આપનાં દર્શન કરી આપના મુખની વાણી સાંભળવી છે." ત્યારે સ્વામીએ કહ્યું. "હું પુરુષોને ઉપદેશ આપું છું, પણ સ્ત્રીઓ સન્મુખ બેસી ઉપદેશ કરતો નથી. પુરુષો સાંભળતા હોય અને સ્ત્રીઓ દૃષ્ટિ આગળ ન દેખાય તેમ આડો પડદો રાખી દૂરથી ઉપદેશ સાંભળે, તેમ કરી શકો તો આવું." પછી સ્વામીના કહ્યા પ્રમાણે વ્યવસ્થા કરી. કારભારીઓ અતિ આગ્રહથી સ્વામીને દરબારગઢમાં તેડી ગયા. ત્યાં કારભારીમંડળ તથા રાજકુટુંબ સાથે મર્યાદા મુજબ બેસી રાણીએ ખૂબ સદ્ભાવથી કેટલાક દિવસ સ્વામીના ઉપદેશામૃતનું પાન કર્યું.

રાણીને જે જે શંકાઓ હતી તથા બીજી નવી નવી જે જે શંકાઓ થઇ તે બધાનું સમાધાન તેમણે કારભારી દ્વારા પ્રશ્નો પુછાવીને મેળવ્યું. પછી સ્વામિનારાયણ પ્રભુના જીવનસંબંધી તથા તેમના સિદ્ધાંત બાબતના કેટલાક પ્રશ્નો પુછાવી યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કર્યું. સ્વામીએ નીતિ તથા સદાચારપ્રધાન ધર્મનિયમની દૃઢતા કરાવી, શ્રીજી મહારાજના ઐશ્વર્યપ્રતાપની પ્રભાવશાળી કથાવાર્તાથી કુશળ કુંવરબાઇને સર્વોપરિ દૃઢ નિશ્ચય કરાવ્યો. તથા 'જગત મિથ્યા અને બ્રહ્મ સત્ય' એ સનાતન વૈદિક સિદ્ધાંતની રહસ્યમય મોક્ષદાયી જ્ઞાનચર્ચાથી રાણીનું વર્તન મુક્ત પુરુષના જેવું નિર્લેપ બનાવી દીધું, જેનો પુરાવો વચનામૃત આપે છે. "જેમ ધરમપુરમાં કુશળકુંવર હતાં તે અમારાં દર્શન કરતાં જતાં હતાં અને દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારતાં." (વચ.સા.૨)

આ રીતે સ્વામીએ રાણીને ભગવત્પરાયણ કર્યાં તેથી રાજ્યના ગુરુ કહેવાયા. એટલે રાજકુમાર વિજયદેવ તથા સર્વ કારભારીવર્ગ સ્વામીનું ખૂબ સન્માન કરવા લાગ્યા. સ્વામી રાજાના બગીચામાં એકાંત સ્થાનમાં રહેતા અને કોઇ કોઇ વાર જૂની

રીત પ્રમાણે રાજકુમાર વિજયદેવ સાથે હાથી ઉપર બેસી ફરવા જતા. એક વખત રાજકુમાર સાથે હાથી ઉપર બેસી સ્વામી ફરવા નીકળેલા. એ વખતે સ્વામિનારાયણના બે સાધુઓને માર્ગમાં સામા આવતા જોયા. એટલે સ્વામીએ નમ્રતાપૂર્વક હાથ જોડી હાથી ઉપરથી સાધુઓને નમસ્કાર કર્યા. સાધુઓએ પણ સ્વામીને બરાબર ઓળખી લીધા એટલે સામા નમસ્કાર કર્યા. હાથી ચાલ્યો ગયો; સાધુઓ ગામ તરફ ગયા.

સાધુઓને વિચાર થયો કે, 'આપણે આ પ્રદેશમાં ધર્મપ્રચાર માટે આવ્યા છીએ, તો અહીં થોડું રોકાઇ સ્વામીને મહારાજનાં દર્શન કરવા તેડી જઇએ. પરંતુ પહેલાં, સ્વામી અહીં ક્યાંથી ? અને અહીં શું કરે છે તે માહિતી મેળવીએ.' પછી કોઇને પૂછ્યું 'આ હાથી ઉપર બેઠા હતા તે કોણ છે ?' ત્યારે તેણે કહ્યું – 'એ તો રાજકુમાર અને એમના ગુરુ મહારાજ હતા. આ સામેના રાજાના બગીચામાં તેઓ રહે છે.' પછી સાધુઓ રાજાના બગીચામાં જઇ પરમચૈતન્યાનંદસ્વામીને મળ્યા. સ્વામીએ સાધુઓને પોતા પાસે ઉતારો આપી ભોજન વગેરેથી યોગ્ય સન્માન કર્યું. પછી સાધુઓએ રાજ્યના ગુરુ તરીકેની સ્વામીની પ્રતિષ્ઠા અને બધાનો સ્વામી તરફ પૂજ્યભાવ તથા સ્વામીની શ્રીજીમહારાજના સ્વરૂપની અનન્યનિષ્ઠા વગેરે પ્રત્યક્ષપણે અનુભવ્યું. પછી એકાંતમાં બેસી સાધુઓએ શ્રીજીપ્રભુનાં દર્શન કરવા માટે આવવાની આગ્રહ સાથે સ્વામીને વાત કરી. પણ કાંઇ મેળ પડ્યો નહિ. પછી સાધુઓ ત્યાંથી ગઢપુર આવ્યા, ત્યારે તેમણે શ્રીજીમહારાજને વિગતવાર બધી વાત કહી સંભળાવી.

પછી જ્યારે સભા થઇ ત્યારે તેમાં શ્રીજીમહારાજે વાત કરી કે, "પરમચૈતન્યાનંદ સ્વામી ધરમપુર રાજ્યના ગુરુ થઇને ત્યાં રહે છે. રાણી કુશળકુંવર બાઇને ચુસ્ત સત્સંગી બનાવી અમારા સ્વરૂપનો સર્વોપરિ દૃઢ નિશ્ચય કરાવ્યો છે. પોતે અહીંથી માનરૂપી દોષને લીધે અપમાનિત થઇને તત્કાળ ચાલી નીકળ્યા હતા. છતાં પોતાના શિષ્ય સાધુઓને અમારો મહિમા કહી પાછા મોકલ્યા હતા. પછી પોતે ઘણો ઘણો પશ્ચાત્તાપ કરી જપતપ સાથે સદ્‌વિચારોથી અભિમાનને મૂળમાંથી ઉખેડી નાખવા માટે અત્યારે શાંતિથી અમારું અખંડ ધ્યાનભજન કરે છે. આ બે સાધુઓ ત્યાં ગયા હતા તે બધું નજરે જોઇને આવે છે."

"આપણે હવે એમને અહીં તેડી લાવવા છે. માટે મુક્તાનંદસ્વામી ! તમે ત્યાં જઇ પરમચૈતન્યાનંદસ્વામીને તેડી લાવો. હાથી કીચડમાં ખૂપી ગયો હોય તો તેને હાથી જ કાઢી શકે, બીજો કોઇ હાથીને બહાર કાઢી શકે નહિ. તેથી તમારા સિવાય એ કાર્ય બની શકે તેમ નથી." આ પ્રમાણે શ્રીજીમહારાજની આજ્ઞાથી મુક્તાનંદસ્વામી પોતાના સાધુઓ લઇને ધરમપુર ગયા.

મુક્તાનંદસ્વામી જે દિવસે ધરમપુર પહોંચ્યા ત્યારે પણ દૈવ ઇચ્છાથી એમ જ બન્યું કે, પરમચૈતન્યાનંદસ્વામી રાજકુમાર સાથે હાથીએ બેસી ફરવા નીકળેલા. એટલે તેમણે રસ્તામાં ચાલ્યા આવતા મુક્તાનંદસ્વામીને દૂરથી જોયા. આથી એમણે તરત જ માવતને કહ્યું 'હાથી ઊભો રાખી અહીં જુકાડો. આ સામા ચાલ્યા આવે છે તે અમારા ગુરુ છે.' પછી હાથી ત્યાં જુકાડ્યો. હાથીના હોદા ઉપરથી નીચે ઊતરી પરમચૈતન્યાનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને દંડવત પ્રણામ કર્યા અને અતિશય દિલગીર થઇ પોતાની ભૂલ બદલ મુક્તાનંદસ્વામીનાં ચરણમાં આંસુ વહાવી ક્ષમાપ્રાર્થના કરી. મુક્તાનંદસ્વામી તેમને શ્રીજીનાં આશીર્વચનો કહી અત્યંત હર્ષથી બાથમાં લઇને ભેટ્યા. આથી પરમચૈતન્યાનંદસ્વામીના મનમાં પરમ શાંતિ થઇ ગઇ.

પછી રાજાના બગીચામાં સ્વામીની સાથે મુક્તાનંદ સ્વામીનો ઉતારો રાખ્યો. બીજે દિવસે દરબારગઢમાં ગયા. ત્યાં તે દિવસે મુક્તાનંદ સ્વામીના સન્માન નિમિત્તે ખાસ સભા રાખવામાં આવી હતી. એ મોટી સભામાં પરમચૈતન્યાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીની અસાધારણ સાધુતાનો ખૂબ મહિમા કહ્યો અને કહ્યું કે "એ મારા પણ ગુરુ છે. હું એમની કથાવાર્તા સાંભળીને ત્યાગી થયેલો છું. એ એક મહાસમર્થ મહાત્મા પુરુષ છે. તેઓ અહીં એક મહિના સુધી રોકાશે માટે એમના ઉપદેશામૃતનો અમૂલ્ય લાભ લેતાં ભૂલવું નહિ. આવી તક ફરીથી ક્યારેય મળશે નહિ."

શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને ખાસ આજ્ઞા કરી હતી કે 'તમારે ધરમપુરમાં એક માસ રહી હમેશાં એક કલાક કુશળકુંવરબાઇને વાતો કરવી. આ આજ્ઞા પ્રમાણે મુક્તાનંદ સ્વામી હમેશાં દરબારગઢમાં જઇ વાતો કરતા અને રાણી આડે ચક નાખી પરમશ્રદ્ધાથી વાતો સાંભળતાં. એક માસ પછી મુક્તાનંદસ્વામી ધરમપુરથી પરમચૈતન્યાનંદસ્વામીને સાથે લઇ ગઢપુર શ્રીજી મહારાજનાં દર્શન કરવા

આવ્યા હતા. જ્યારે સ્વામી પાસે આવ્યા ત્યારે શ્રીજી મહારાજ ઊભા થઈ પરમચૈતન્યાનંદસ્વામીને હાર પહેરાવી ખૂબ પ્રેમથી ભેટ્યા અને સ્વામીના વર્તન તથા કાર્યની યોગ્ય પ્રશંસા કરી દરેક સંતને સ્વામીના પ્રેરણાદાયી જીવનમાંથી બોધપાઠ લેવા ભલામણ કરી હતી.

પ્રભુ દયાસિંધુ કહેવાય છે એટલે એ મહાદયાળુ છે. તે પોતાના ભક્તોનું સદા ભલું જ કરે છે. પરંતુ ભલું કરવામાં જે વખતે જે રીત ગ્રહણ કરવી ઘટે તે પણ પોતે દયાદૃષ્ટિથી જ સ્વીકારે છે. કિંમતી કપડું મેલું થયું હોય તો સોડા નાખી બાફવું ધોકાવવું વગેરે કપડાને સ્વચ્છ બનાવવા માટે કરવું પડે છે. વહાલું બાળક બીમાર થાય તો દૂધસાકર નહિ પાતાં કડવો લીંબડો પરાણે પાય ને સમજુ માતા વહેલી તકે બાળકને નીરોગી બનાવે છે. આ બધું સ્નેહ હોવાથી જ થોડું કઠોરપણું કરીને પણ સ્નેહીઓ કરે છે. તેમ **પ્રભુ આપણને નિર્દોષ, નિર્વિકારી અને નિર્વાસનિક બનાવવા માટે, કડવાં ઔષધ જેવી કસોટીમાં કસે છે. માટે પ્રભુની પ્રત્યેક ક્રિયા કલ્યાણકારી જ છે એમ દૃઢ વિશ્વાસથી સમજવું જોઈએ.** પરમચૈતન્યાનંદસ્વામી અત્યંત યોગ્ય મહાપુરુષ હતા પણ બધા ગુણોને ભસ્મીભૂત કરનાર માનને વશ થયા તેથી તેની શુદ્ધિ માટે શ્રીજીએ તેમનો તિરસ્કાર કર્યો તે પણ શ્રીજીની દયાદૃષ્ટિ જ હતી. અને એ દયાદૃષ્ટિને સ્વામી બરાબર સમજ્યા હતા. કારણ કે, પોતાને માહાત્મ્યજ્ઞાનસહિત શ્રીજીનો દૃઢ નિશ્ચય હતો. અને તેથી જ તેમણે પશ્ચાત્તાપપૂર્વક માન દૂર કર્યું અને રાજ્યગુરુનું શ્રેષ્ઠ પદ મેળવ્યું હતું છતાં તેને છોડી શ્રીજીના શરણમાં આવ્યા અને જીવનભર સંપ્રદાયમાં રહી ત્યાગપૂર્ણ તપશ્ચર્યામય શ્રીજીની ભક્તિ કરી.

* * *

૫ : સદ્‌ગુરુ સિદ્ધાનંદસ્વામી

આમુખ

ભગવત્પરાયણ બ્રહ્મનિષ્ઠ સંતમહાત્માઓની સ્થિતિ અલૌકિક, આદર્શરૂપ અને અનુકરણીય હોય છે. પરોપકારી અને જીવાત્માના પરમ હિતૈષી સંતપુરુષો નિષ્કામ ભાવથી સર્વ લોકોનુ ભલુ થાય એવી શુભ પ્રવૃત્તિઓ કરતા હોય છે. એથી અનેક મુમુક્ષુઓ એમનાં દર્શન, સેવા-સમાગમથી માયિક દૃષ્ટિ દૂર કરી, જ્ઞાનદૃષ્ટિ મેળવી દિવ્ય દૃષ્ટિવાળા બને છે.

ગુરુદૃષ્ટિ અને શાસ્ત્રદૃષ્ટિથી જોવું, જાણવું, સાંભળવું અને આચરણમાં મૂકવું આવી જ્યારે મનુષ્યની સમજણ થાય છે ત્યારે ધીરે ધીરે તેની માયિક દૃષ્ટિ દૂર થવા લાગે છે. શ્રદ્ધાપૂર્વક દીર્ઘકાળ સુધી જ્યારે સાચા સંતોનો સમાગમ થાય છે, ત્યારે મહાપ્રયાસથી જ્ઞાનદૃષ્ટિ કેળવવાનું બળ મળે છે. જ્યારે જ્ઞાનદૃષ્ટિ પરિપક્વ થાય છે, ત્યારે માણસના હૃદયમાં રહેલ માયિક વસ્તુપદાર્થોનાં મોહ-મમત્વ, આસક્તિ વગેરે વિકારો નષ્ટ થાય છે.

દરેક માણસના મનમાં રહેલ વધુ પડતી ધનની ઇચ્છા, વૈભવવિલાસની તૃષ્ણા અને માનમોટાઇ મેળવવાની આશા આવી અનેક બાબતોની ભાંજગડમાં માનવજીવનનો જે અમૂલ્ય સમય તદ્દન વ્યર્થપણે વીતી જાય છે, તેનો ખરો ખ્યાલ આવે છે. અને વિકારોને વશ બની માણસ કેટલું મોટું નુકશાન વહોરી લે છે, તથા અનંત જન્મ સુધી લક્ષચોરાસીમાં કેટલાં મોટાં કષ્ટો ભોગવે છે તેનું યથાર્થ ભાન થાય છે. આ રીતે સાચા સંતપુરુષના સહવાસથી લોકો શાશ્વત સુખશાંતિનો રાજમાર્ગ પ્રાપ્ત કરી સદા સુખી થઇ શકે છે. આવું મોક્ષદાયી માર્ગદર્શન સંત મહાત્માઓનાં જીવનચરિત્રોનું સતત મનનચિંતન કરવાથી મળે છે.

ભગવાન સ્વામિનારાયણના વિશાળ ત્યાગી શિષ્યસમુદાયમાં મોક્ષમાર્ગના મહારથી સમા, જ્ઞાન-ધ્યાનના અખંડ અભ્યાસી અનેક સંતો હતા. કારણ કે, સર્વ શાસ્ત્રોનું રહસ્ય અને સર્વ પ્રકારની સાધનાઓનું ફળ પ્રભુનું ધ્યાન કરવું એજ છે.

आलोडय सर्वशास्त्राणि, विचार्य च पुनः पुनः ।
इदमेकं सुनिष्पन्नं, ध्येयो नारायणः सदा ॥

જપતપ તથા વિવિધ નિયમોથી અંતઃકરણ શુદ્ધ, શાંત અને બળવાન બનાવી દરેકે પ્રભુના ધ્યાનનો અખંડ અભ્યાસ કરવો જોઈએ. એ શ્રીજીમહારાજની રુચિ પ્રમાણે શ્રીજીદીક્ષિત સર્વ નંદસંતો ધ્યાનનો ખાસ અભ્યાસ કરતા. તેમાં કેટલાક સંતો તો વિશિષ્ટ પ્રકારે રાત્રિ-દિવસ ધ્યાનપરાયણ રહી સમાધિની સ્થિતિ પ્રાપ્ત કરી પ્રભુનાં સાક્ષાત્ દર્શન કરતા હતા. આવા **ધ્યાનનિષ્ઠ સંતોમાં ગઢપુરવાસી સચ્ચિદાનંદસ્વામીના શિષ્ય સિદ્ધાનંદ સ્વામીનું સ્થાન પ્રથમ પંક્તિમાં હતું.** આપણે અહીં એમના ધ્યાનનિષ્ઠ જીવનનું સૂક્ષ્મ રીતે અવલોકન કરી ધ્યાની બનવાનું બળ મેળવીએ.

પૂર્વાશ્રમનો પરિચય

ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લામાં એક શમી તાલુકો છે. ત્યાં જૈનધર્મનું શંખેશ્વર નામનું ઘણું જ સુપ્રસિદ્ધ તીર્થ છે. એ શંખેશ્વર અને શમી વચ્ચે મુંજપુર નામનું ગામ આવે છે. તે શમી-મુંજપુર કહેવાય છે. મુંજપુરથી એક ગાઉ દૂર લોટેશ્વર મહાદેવનું સ્થાન પણ ઘણું પ્રસિદ્ધ છે. દર વર્ષે ત્યાં મોટો મેળો ભરાય છે. વીરમગામથી શમી જવા માટે શંખેશ્વર થઈને જે બસ જાય છે, તેમાં લગભગ વીરમગામથી ઉત્તરમાં ત્રીશ માઈલ દૂર મુંજપુર ગામ આવે છે. ગામમાં ત્રણ હજારની વસ્તી છે. પ્રથમ બ્રાહ્મણોની ઘણી વસ્તી હતી. હાલમાં પણ મુંજપુરમાં બ્રાહ્મણોનાં સાઠ ઘર છે. ગામના પાદરમાં મુંજેશ્વર મહાદેવનું ખડકીબંધ પ્રાચીન દેવાલય છે. તેને બધા બ્રાહ્મણો ઘણા ભાવથી પૂજે છે. મૂળી પાસે મુંજપુર છે તે પરમારનું મુંજપુર કહેવાય છે. અને ભગતના સાયલા પાસે મુંજપુર છે તે જડિયાનું મુંજપુર કહેવાય છે. આમ ત્રણ મુંજપુર છે.

સિદ્ધાનંદસ્વામીનું પૂર્વાશ્રમનું ગામ (શમી) મુંજપુર હતું. તેઓ જ્ઞાતિએ લેઉવા કણબી અને નામ સંધાભાઈ હતું. તેઓ બાળવયથી જ મોક્ષની ઈચ્છાથી ભજન-ભક્તિમય જીવન ગાળતા હતા. પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન થાય - આવી

ઈચ્છાથી તેઓ સાધુ–મહાત્માઓનો સમાગમ, કથાશ્રવણ તથા જપતપ, વ્રતો વગેરે ખૂબજ શ્રદ્ધાથી કરતા હતા. આમ પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન માટે અનેક ઉપાયો કરવા છતાં જ્યારે એમને પ્રભુનાં દર્શન થયાં નહિ ત્યારે પોતે વિચાર કર્યો કે, "આ દેહથી જો પ્રભુનાં દર્શન ન થાય તો જીવવું એ વ્યર્થ છે. કેવળ શરીરના ભરણ-પોષણમાં જિંદગી વીતી જાય એ કાંઇ મનુષ્યજન્મની સાર્થક્તા નથી. પશુપક્ષીઓની પેઠે બુદ્ધિજીવી મનુષ્ય પણ માયિક વસ્તુપદાર્થો મેળવવામાં કે વૈભવવિલાસ ભોગવવામાં જ જો આનંદ માને તો એ પ્રભુનો ગુનેગાર બને છે. અને અનંત જન્મ સુધી ફરીથી તેને આવો માનવદેહ મળતો નથી. માટે હવે પ્રભુનાં દર્શન ન થાય તો આ દેહ રાખવો નથી." આ રીતે નિશ્ચિત કરી તીવ્ર શ્રદ્ધા સાથે દૃઢ સંકલ્પથી અન્નજળનો ત્યાગ કરી ગામના પાદરમાં મુંજેશ્વર મહાદેવમાં બેસી એકાગ્રવૃત્તિથી શ્વાસોચ્છ્વાસે 'રામ' નામનો જપ કરવા લાગ્યા.

દેહગેહાદિક સર્વ માયિક વસ્તુઓને તૃણ સમાન તુચ્છ સમજી, બધો મોહ, મમત્વ છોડી દઈ અતિ તીવ્ર શ્રદ્ધાથી જ્યારે પ્રભુનું સ્મરણ થાય છે, ત્યારે પ્રભુને ભક્તાધીન બની ગમે તે પ્રકારે ભક્તને અવશ્ય દર્શન દેવાં પડે છે. આ ન્યાયે પ્રભુઇચ્છાથી રાત્રિએ આકાશવાણી થઇ કે, "હે ભક્ત ! તું શા માટે મરવા તૈયાર થયો છે ? અત્યારે પૃથ્વી ઉપર પ્રગટ ભગવાન વિચરે છે. કાઠિયાવાડમાં ગઢડા ગામમાં સ્વામિનારાયણ ભગવાન છે. તેનાં દર્શન કરવાથી તારો મોક્ષ થશે."

આ રીતે ત્રણ વખત આકાશવાણી થઈ, પણ કાંઇ નજરે જોવામાં આવ્યું નહિ, એથી સંધા ભક્તને એમ થયું કે, આ તો મારા મનની ઝંખના લાગે છે. આમ ધારી તેઓ ભજનસ્મરણ કરવા લાગ્યા. ત્યાં તરત જ સંઘાભક્તને સ્વામિનારાયણના બે સાધુઓનાં દર્શન થયાં. સાધુઓએ કહ્યું.– "શા માટે ભૂખ્યો તરસ્યો મરે છે ? કાઠિયાવાડમાં ગઢડા ગામમાં અત્યારે પ્રગટ ભગવાન સ્વામિનારાયણ બિરાજે છે. તું ત્યાં જા." આમ કહી સાધુઓએ સંધા ભક્તને સુખડીની પ્રસાદી આપી તે એમણે ખાધી. આ રીતે પાકી ખાતરી કરાવીને સંતો અદૃશ્ય થઇ ગયા.

પછી સવારે સંઘા ભક્તે પોતાના કુટુંબીઓ તથા કેટલાક હેતુ-મિત્રોને રાત્રિએ જે પોતાને અનુભવ થયો હતો તે વાત કહી સંભળાવી. ત્યારે બધા લોકો ઘણું આશ્ચર્ય પામ્યા. કેટલાક મુમુક્ષુઓ તો ગઢડા દર્શન કરવા તૈયાર થયા. પછી સંઘા ભક્ત ૨૫ માણસોનો સંઘ લઇ ગઢડા આવ્યા. ત્યાં શ્રીજી મહારાજનાં દર્શન કરી દરેકે પાંચ પાંચ રૂપિયા ભેટ મૂક્યા. સંઘા ભક્ત પાસે ત્રીશ રૂપિયા હતા તે એમણે શ્રીજીના ચરણમાં ભેટ મૂકી દીધા. શ્રીજી અને સંતોનાં દર્શન કરી સંઘના સર્વ માણસો ઘણા રાજી થયા. બે દિવસ રોકાયા પછી સૌ ચાલવા તૈયાર થયા ત્યારે સંઘા ભક્તે કહ્યું: "મારે અહીં રોકાવું છે ! હમણાં આવવું નથી." સંઘના માણસોએ મહારાજને ખૂબ અરજ કરીને કહ્યું: "જો આ ન આવે તો અમારે ગામમાં મોઢું દેખાડવા જેવું પણ ન રહે અને એમના બાપને શું જવાબ આપવો ?" પછી મહારાજે સંઘા ભક્તને પંદર રૂપિયા પાછા આપ્યા અને ઘેર જવા આજ્ઞા કરી એટલે સૌ ઘેર આવ્યા. મુંજપુર આવ્યા પછી સંઘા ભક્ત ચાર દિવસ ઘેર રહ્યા. એક દિવસ એમણે પોતાના કાકાને વાત કરી કે, "કાકા, મને બોલતા ચાલતા પ્રગટ ભગવાન મળ્યા." ત્યારે તેમના કાકાએ કહ્યું **"જો ખરેખર તને પ્રગટ ભગવાન મળ્યા હોય તો તું ઘેર પાછો શા માટે આવ્યો ?"** પોતાના કાકાની વાણીનો મર્મ સમજી કોઇને પૂછ્યા સિવાય તરતજ સંઘા ભક્ત ગઢડા તરફ ચાલતા થઇ ગયા.

સમાધિનિષ્ઠ સેવાભાવી ગુરુનો મેળાપ

સંઘા ભક્ત ફરીથી જ્યારે ગઢડા આવ્યા ત્યારે તેમને સૌથી પ્રથમ સચ્ચિદાનંદ સ્વામી મળ્યા. તેમણે એમને સાથે તેડી જઇ શ્રીજી મહારાજનાં દર્શન કરાવ્યાં અને સંઘા ભક્તને પોતાની પાસે સેવા કરવા રાખ્યા. સચ્ચિદાનંદ સ્વામી રાત્રિદિવસ મહાપરિશ્રમથી તપશ્ચર્યા કરી અખંડ પ્રભુના ધ્યાન-ભજનપરાયણ રહી સમાધિદશાને પામેલા સર્વશ્રેષ્ઠ સંત પુરુષ હતા. એમનામાં એક મહાન વિશેષતા એ હતી કે, તેઓ નિવૃત્તિમાર્ગવાળા ત્યાગાશ્રમમાં રહેલા હતા, તોપણ પ્રવૃત્તિમાર્ગની કઠિનમાં કઠિન ક્રિયાઓ-ખેતી વગેરેનાં બધાં કામકાજ પ્રભુપ્રસન્નતા માટે ખૂબજ પ્રેમ અને કાળજીથી કરતા હતા. છતાં પણ સર્વ ક્રિયામાં પ્રભુનું અખંડ સ્મરણ કરતા. કદી પણ પ્રભુની મૂર્તિનું વિસ્મરણ થતું નહિ. એમના મનની વૃત્તિઓ અત્યંત

સ્નેહથી સર્વદા શ્રીજી સાથે જોડાએલી જ રહેતી હતી. શ્રીજી શિક્ષાપત્રીમાં કહે છે કે,

> कृष्णसेवापरैः प्रीत्या, भवितव्यं च तैः सदा ॥५८॥
> प्रोक्तास्ते निर्गुणा भक्ता निर्गुणस्य हरेर्यतः ।
> सम्बन्धात्तत्क्रियाः सर्वाः भवन्त्येव हि निर्गुणाः ॥५९॥
> तत्र ब्रह्मात्मना कृष्णसेवामुक्तिश्च गम्यताम् ॥१२१॥

"આત્મનિવેદી ભક્તોએ સર્વકાળને વિષે પ્રેમથી ભગવાનની સેવાપરાયણ થવું (૫૮). માયિક ત્રણ ગુણથી રહિત એવા ભગવાનના સંબંધથી તે આત્મનિવેદી ભક્તોની સર્વ ક્રિયાઓ નિર્ગુણ થાય છે. માટે આત્મનિવેદી ભક્તોને નિર્ગુણ કહ્યા છે. (૫૯) પ્રભુના ધામમાં બ્રહ્મરૂપે કરીને જે ભગવાનની સેવાભક્તિ કરવી તે અમે મુક્તિ માની છે એમ અમારા આશ્રિતોએ જાણવું." (૧૨૧)

આ રીતે કેવળ નિષ્ક્રિય બેસી રહી ફક્ત ધ્યાનભજન કરવું તેને શ્રીજી ઉત્તમ ગણતા નથી, પરંતુ ધર્મનિયમમાં સાવધાન રહી ભગવાનના સંબંધવાળી પરોપકારમય સેવાઓ કરતા રહી નવધા ભક્તિ કરવી તેને જ સર્વોત્તમ માને છે. અને એવા ભક્તો ઉપર અતિશય પ્રસન્ન થયાના અનેક દાખલા મળે છે. વચનામૃતમાં પણ ઘણા સ્થળે શ્રીજીપ્રભુએ ભગવાનના સંબંધવાળી અને અનેક આત્માઓનું કલ્યાણ કરનારી સેવાભક્તિને જ સર્વશ્રેષ્ઠ બતાવી છે. "જે નિવૃત્તિધર્મવાળા ત્યાગી ભગવાનની ભક્તિએ યુક્ત છે તેને તો પરમેશ્વરે કહ્યા એવા જે નિયમ તેને વિષે રહીને ભગવાન ને ભગવાનના ભક્ત સંબંધી જે પ્રવૃત્તિમાર્ગ તેને વિષે સાવધાન થઈને જોડાવું અને એ જે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું એનું નામ જ ભક્તિ છે. અને એવી પ્રવૃત્તિવાળા જે ત્યાગી છે તેની બરાબર નિવૃત્તિમાર્ગવાળો જે કેવળ આત્મનિષ્ઠ ત્યાગી તે થઈ શકતો નથી." (વચ. ૧. ૧૭)

મોટે ભાગે એવું જોવામાં આવે છે કે, એકાંતમાં બેસી કેવળ ભગવાનનું ધ્યાન ભજન કે જપતપ કરનારા મુમુક્ષુઓમાં પણ ધીરે ધીરે આળસ, નિદ્રા અને વ્યસન વગેરે દોષો પેસી જાય છે. તથા વ્યવહારસંબંધી થોડી અથડામણમાં અગર સુખદુઃખના પ્રસંગોમાં તેઓ હતાશ બને છે અને વિઘ્નો દૂર કરી ક્લેશમય

વાતાવરણને શાંત કરવામાં સફળ થતા નથી, ત્યારે સેવામાં આવતી અનેક પ્રકારની મુશ્કેલીઓથી ઘડાએલા ભક્તો કે સંતો પોતાનું તથા બીજા અનંતનું ભલું કરી મોક્ષ સાધી શકે છે. આવા શુભ હેતુથી શ્રીજી મહારાજે સેવાપ્રધાન ભક્તિમાર્ગની સ્થાપના કરીને પોતાના આશ્રિતોનું સ્થાન આ લોકમાં સર્વ રીતે ગૌરવભર્યું, તેજસ્વી અને પ્રેરણારૂપ બને તેનો પૂરો વિચાર કર્યો છે. શ્રીહરિના આ સિદ્ધાંત પ્રમાણે બ્રહ્મનિષ્ઠ એવા આપણા પૂર્વજ સંત–હરિભક્તોની આદર્શ નિષ્કામ સેવાભાવના જોઇને ભલભલા પ્રતિષ્ઠિત સજ્જનોએ નતમસ્તક બની ખૂબ જ પ્રશંસા કરેલી છે.

ભગવત્સંબંધી સેવાનું ગૌરવ : સેવાથી સમાધિ

સ. ગુ. સચ્ચિદાનંદસ્વામીએ સંઘા ભક્તને પોતાની પાસે રાખી ત્યાગવૈરાગ્ય સંબંધી ખૂબ વાતો કરી ભગવાનમાં પ્રેમભાવ વિશેષ વૃદ્ધિ પામે તેવો જ્ઞાનોપદેશ કર્યો તથા શ્રીજીમહારાજના સ્વરૂપનો અત્યંત મહિમા કહી સર્વોપરિ દૃઢ નિશ્ચય કરાવ્યો. પછી સ્વામીએ તેમને ધીરે ધીરે શ્રીજીના સિદ્ધાંતની રહસ્યરૂપ કેટલીક વાતો સમજાવી. તેમાં મુખ્ય બાબત સ્વામીએ એ કહી કે –"આ લોકમાં માણસ સમજણો થાય ત્યારથી મરતાં સુધી એ શરીરસુખ માટે તથા પોતાના માતાપિતા, સ્ત્રી, પુત્રપરિવારના પોષણ અર્થે રાત્રિ–દિવસ મમત્વથી તનતોડ મહેનત કરીને અનેક પ્રકારના કામધંધા, નોકરી વગેરે કરવામાં ક્યારેય નવરો થતો નથી. પરંતુ જે શરીર અને કુટુંબ અર્થે જિંદગીભર મહામહેનત કરેલી હોય, હજારો અને લાખો રૂપિયા વાપર્યા હોય એજ શરીર તથા કુટુંબપરિવાર વૃદ્ધપણામાં દરેક માણસને અત્યંત દુઃખદાયી થઇ પડે છે. એટલે એમને અર્થે જે કાંઇ કર્યું તે બધું અંતે સાવ મહત્વ વિનાનું નિવડે છે. આ સૌ કોઇના અનુભવમાં આવેલ સમજાય તેવી વાત છે. માટે ડાહ્યા મનુષ્યે સમજી વિચારીને અંતે જેનું પરિણામ સારું નથી તેનો પૂરો ખ્યાલ રાખી પ્રથમથી જ **ભગવાન અને ભગવાનના ભક્તોના સંબંધવાળી સેવાભક્તિમાં પોતાના દેહને જોડી દેવો.** પ્રભુ કે એમના ભક્તોમાં જો આપણને સાચું હેત હોય, ખરો પ્રેમભાવ હોય, તો જરૂર આપણે દેહથી તેમની સેવામાં જોડાઇ જઇએ. પોતાના કુટુંબપરિવારમાં હેત છે તો આઠદશ બાળબચ્ચાં વગેરેનાં મળમૂત્ર સાફ કરવામાં પણ જરાય સૂગ અગર કંટાળો આવતો નથી. પ્રેમ અને મમત્વથી બધું જ સૌ કોઇ કરે છે. **જેવો સ્નેહ શરીરમાં છે, જેવું મમત્વ કુટુંબપરિવારનું છે તેવો સ્નેહ તથા મમત્વ પ્રભુ તથા**

એમના એકાંતિક સંતહરિભક્તોમાં થયા સિવાય મોક્ષ પ્રાપ્ત થવો મહા દુર્લભ છે. આમ સમજીને હું સર્વ ક્રિયામાં નિરંતર પ્રભુના અખંડ સ્મરણ સાથે ભગવાનના સંબંધવાળું બાગબગીચાનું કામ કરું છું. સંઘા ભક્ત, તમે અમારી આજ્ઞાથી ખેતીકામ કરશો તો અમારા આશીર્વાદ મળશે અને શ્રીજીમહારાજ પણ વેળાસર તમારા ઉપર રાજી થશે." આ પ્રમાણે સચ્ચિદાનંદસ્વામીની રુચિ જાણી લઈને સંઘા ભક્ત સ્વામીની સાથે રાધાવાડીમાં સેવા કરવા લાગ્યા.

સચ્ચિદાનંદસ્વામી સંઘા ભક્તને ખેતીના કામની સાથે ધ્યાન-ભજનનો અભ્યાસ કરાવતા તથા ગમે તે કામ કરાવે તેમાં 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' એમ જરા ઊંચા અવાજથી બોલીને ભજન કરાવતા. કામકાજ કરવામાં આપણું મોઢું તો સાવ નવરું જ હોય છે. જો કામકાજ કરતાં ભજન કરવાની ટેવ ન પાડીએ તો બીજું નકામું બોલવાની ખરાબ ટેવ પડી જ જાય એ સો ટકા સત્ય છે. માટે ખૂબ ખૂબ કાળજી રાખીને દરેક કામ કરતાં સાથોસાથ ભજન કરવાનું ભૂલવુંજ નહિ. આખા શરીરમાં મુખ ઉત્તમ છે, પણ તે સાવ નવરું છે. માટે તેને ભજન રૂપી સર્વોત્તમ કામથી જોડી રાખવું. નહિતર એ વધારે નવરું રહેવાથી જરૂર બીજો બક્વાદ કરતાં શીખી જાય છે. મુખથી બીજા સાંભળે તેમ ભજન કરવું, અંતઃકરણમાં પ્રભુનું ચિંતન કરવું અને મનની બધી વૃત્તિઓ મૂર્તિ તરફ જોડતાં રહીને કામકાજ કરવાની ટેવ બરાબર કેળવવી. આ રીતે સ્વામીના ઉપદેશ પ્રમાણે સંઘા ભક્ત સો કોશ કાઢે ત્યાં સુધી શ્રીજી મહારાજના એક ચરણાવિંદનું ધ્યાન-ચિંતન કરતા અને બીજા સો કોશ કાઢે ત્યારે બીજા ચરણનું ધ્યાન કરતા. આ રીતે સર્વ ક્રિયામાં મૂર્તિનાં જુદા જુદાં દરેક અંગોનું ચિંતન, ધ્યાન-ભજન કરતાં કરતાં તેમને સમાધિ થવા લાગી.

સચ્ચિદાનંદ સ્વામી રાધાવાડીએથી ફળફૂલ, શાકભાજી વગેરે લઈ સંઘા ભક્તને સવારમાં મહારાજ પાસે મોકલતા; ત્યારે તેઓ અત્યંત હર્ષથી પ્રભુના પ્રેમમાં મસ્ત બની માર્ગમાં આવતાં વિચાર કરતા કે, – "મહારાજ મને પૂછશે તમે ગુલાબનાં કેટલાં પુષ્પો લાવ્યા છો ? તથા બીજાં ફળફૂલ કેટલાં લાવ્યા છો ? ત્યારે હું મારા વહાલા પ્રભુનાં દર્શન કરતાં કરતાં કહીશ કે આટલાં ગુલાબનાં પુષ્પ અને આટલાં બીજાં ફળફૂલ લાવ્યો છું. શ્રીજી પ્રભુ પુષ્પોની સુંગધ લેશે, ફળો જમશે, પોતાના સખા ભક્તો-સંતો વગેરેને પ્રસાદી આપશે, પ્રભુ સંતહરિભક્તો સાથે વાતો કરશે. આ

બધી દિવ્ય લીલાનાં મને દર્શન થશે અને મને પણ શ્રીજીપ્રભુનો પ્રસાદ મળશે. અહો ! મારા જેવો કોણ ભાગ્યશાળી ગણાય !!" આ રીતે પ્રેમથી પ્રભુનું ચિંતન કરતા ફળફૂલ લઈને તેઓ જ્યારે દાદાખાચરના દરબારમાં જાય તે વખતે શ્રીજી મહારાજ સામે ઓસરીમાં બિરાજમાન હોય, તે એમને આવતા જોઈને તેમના મનના સંકલ્પો જાણી લઈને છેટેથી પૂછે કે, 'સંઘા ભક્ત, શું શું ફળફૂલ લાવ્યા છો ? ગુલાબનાં કેટલાં પુષ્પો છે ?' શ્રીજીની મધુરવાણી સાંભળી હર્ષઘેલા બની તેઓ જે જે ફળફૂલ લાવ્યા હોય તે ગણી બતાવી શ્રીજીના ચરણમાં સમર્પણ કરી દેતા. આમ હરવખત એમના અંતરની વાત કહી બતાવી શ્રીજી મહારાજ તેમના ઉપર અત્યંત પ્રસન્નતા દર્શાવતા હતા.

એક વખત શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં બિરાજમાન હતા. બ્રહ્માનંદ સ્વામી પાસે બેઠા હતા. તે સમયે સંઘા ભક્ત વાડીએથી આવ્યા અને ઝાડ ઉપર પાકેલાં ત્રણ મોટાં જામફળ મહારાજને આપ્યાં. તરત જ મહારાજ ચપ્પુ લઈ પોતાને હાથે સુધારીને જામફળ જમવા લાગ્યા. જામફળ ખૂબ જ સ્વાદિષ્ટ હતાં એટલે અંદરનો બીનો જે ગોળો રહ્યો તે પણ જમવા સારુ શ્રીજીપ્રભુએ મોઢે અડાડ્યો ત્યાં તો બ્રહ્માનંદ સ્વામી સખાભાવથી ઊંચા અવાજે ઉતાવળા થઈને બોલ્યા કે – 'અરે મહાપુરુષ ! એકલા ખાઓ છો તે પેટમાં દુ:ખશે.' એમ કહી મહારાજના હાથમાંથી બીનો ગોળો લઈ પોતે જમવા લાગ્યા. ત્યારે સંઘા ભક્તે કહ્યું, "સ્વામી ! મને પણ પ્રસાદી આપો ને ?" ત્યારે સ્વામી બોલ્યા, "તમે તો આંખો મીંચી ધ્યાનમાં ખૂબ પ્રસાદ જમો છો. હવે અહીં શીદ આડા આવો છો." આ રીતે સંઘા ભક્ત કેરી, દાડમ, અંજીર ઈત્યાદિ સ્વાદિષ્ટ સુંદર વનપાક ફળો અતિશય પ્રેમથી શ્રીજી પ્રભુને હરવખત જમાડતા હતા.

અખંડવૃત્તિના અભ્યાસમાં કસોટી અને મૂર્તિનો સાક્ષાત્કાર

એક વખત અષાઢ માસની નિયમ ની એકાદશીના દિવસે શ્રીજી મહારાજ સર્વ સાધુ પાળા તથા હરિભક્તોને નિયમ આપતા હતા. ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ એવું નિયમ રાખ્યું કે, ચાતુર્માસના ચારેય મહિના સુધી રાત્રિદિવસ સૂવું નહિ અને રાત્રિએ પલાંઠી વાળી બરાબર ટટ્ટાર સીધા બેસી ચોટલીને દોરીથી ખપેડા સાથે બાંધી

બંનેય સાથળ ઉપર પથ્થરા મૂકી ધ્યાન-ભજન કરવું. આ રીતે પોતાના ગુરુના અતિશય કઠિન નિયમો સાંભળી સંઘા ભક્તના મનમાં સંકલ્પ થયો કે, "મહારાજને પૂછીને હું પણ સૌથી કઠિન નિયમ હોય તે રાખું." પરંતુ શરમને લીધે કાંઇ પૂછી શક્યા નહિ. એટલે શ્રીજીમહારાજ અંતર્યામીપણે સભામાં વાત કરવા લાગ્યા કે - "ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી તે સૌથી કઠિન નિયમ છે. જો એક દિવસ સવારમાં ઊઠી રાત્રિએ સૂઇએ ત્યાં સુધી ભગવાનના સ્વરૂપમાં કોઇ મુમુક્ષુ અખંડવૃત્તિ રાખે તો તેને જીવનપર્યંત અખંડવૃત્તિ રહે." મહારાજની આ વાત સાંભળીને સંઘા ભક્તે પોતાના મનમાં એ નિયમ રાખ્યો.

બીજા દિવસે સવારમાં વહેલા ઊઠ્યા ત્યારથી બરાબર સાવધાનતાથી મૂર્તિમાં વૃત્તિ રાખીને ઘેલા નદીમાં સ્નાન કરી, પૂજાવિધિ કરી લઇ સૌની સાથે સભામાં કથાવાર્તા સાંભળવા બેસી ગયા પણ આ બધી ક્રિયામાં તૈલધારાની પેઠે એમણે મૂર્તિમાં અખંડવૃત્તિ રાખી. કથાવાર્તા સમાપ્ત થઇ એટલે શ્રીજીપ્રભુ પોતાને ઉતારે પધાર્યા અને સૌ સાધુ પાળા રસોઇ વગેરે કામકાજમાં જોડાયા.

શ્રીજીમહારાજની હયાતીમાં ગઢડામાં દરેક સાધુ પાળા તથા દેશવિદેશમાંથી હમેશાં દર્શન કરવા આવતા અનેક સત્સંગીઓ એ બધા દાદાખાચરના દરબારમાં પ્રથમ એક રસોડે જમતા હતા. ભોજન, વાસણો અને પથારી-પાગરણ, ઉતારા વગેરે તમામ વ્યવસ્થા દાદાખાચર તથા જીવુબા અને લાડુબા ખૂબ જ કાળજીથી રખાવતાં. આ ઘણા મોટા બોજાની વ્યવસ્થામાં દાદાખાચર નવરા થઇ શકતા નહિ. તે જોઇ વિચારી શ્રીજીમહારાજે સાધુ તથા પાળાનાં અમુક જુદાં રસોડાં કરી આપ્યાં અને લોટ ઘંટીથી હાથે દળી, જાતે દાળરોટલા બનાવીને જમી લેવું; આવી ગોઠવણ કરેલી હતી.

સંઘા ભક્ત સભામાંથી ઊઠ્યા એટલે પાળાએ એમને લોટ બાંધવા બેસાડ્યા પણ એમની વૃત્તિ તો મૂર્તિમાં જોડાએલી હતી તેથી લોટ બાંધતાં પાણી જમીન ઉપર ઢોળાઇ ગયું અને લોટમાં પણ પાણી વધારે પડી ગયું. આ જોઇને બીજા પાળાએ ગુસ્સે થઇને કહ્યું – "અલ્યા દેખતો નથી કે શું ? પાણી નીચે ઢોળાય ને બગાડ થાય છે તે જો તો ખરો, આંખો મીંચીને કાંઇ કામ ન થાય." પછી પાળાએ

તેમને ત્યાંથી ઉઠાડીને ઘંટીએ દળવા બેસાડયા. પણ એ તો મૂર્તિમાં વૃત્તિ રાખી ઘંટીના ગાળામાં આંધળા માણસની પેઠે અટકળે બાજરી ઓરતા હતા તેથી બાજરી ચોતરફ વેરાવા લાગી. એ જોઈને પાળા બોલ્યા કે, 'આ નવા ભગતને કાંઇ આવડતું નથી. ધ્યાન દઈને કાંઇ કામ કરતો નથી. એનુ મન બરાબર ઠેકાણે નથી. માટે બીજા ઓરે અને એ ઘંટી તાણે (ચલાવે) એમ કરો;' પછી તો તેઓએ મૂર્તિ ધારીને એવી ઘંટી ચલાવી તે બપોર સુધી દળતાં થાકયા જ નહિ. પુષ્કળ લોટ એકલાએ જ દળી નાખ્યો. પછી જમતાં જમતાં પણ કોઇના તરફ જોયા સિવાય મૂર્તિમાં મન જોડીને જમ્યા.

સેવાભાવી અગર નવા હોય તેમને સૌ કામ ચીંધે એ રીતે સંઘા ભક્ત જમી રહ્યા કે તરત જ શ્રીજીના હજુરી પાર્ષદ હમીરજીએ કહ્યું – "તમે આ મહારાજનાં કપડાં છે તે ઘેલા નદીમાં ધોઇ આવો. અને મહારાજને દાતણ કરવા સારુ બાવળની સારી લીલી સોટીઓ લેતા આવજો." આ સાંભળી તેઓ ઘેલે ગયા અને મૂર્તિમાં મનની વૃત્તિ રાખીને ધીરે ધીરે કપડાં ધોયાં. પછી બાવળની સોટીઓ કાપવામાં તથા સારીનરસી જોવામાં રખેને મૂર્તિ ભૂલી જવાશે તો ? એવી બીકને લીધે ખરેખરા સાવધાન બની પ્રથમ મૂર્તિમાં વૃત્તિને ખૂબ સ્થિર કરી, પછી દાતણની સોટીઓ કાપી લઈને દરબારમાં આવ્યા અને ખૂબ આનંદ પામી મહારાજનાં દર્શન કર્યાં. આ રીતે રાત્રિએ સૂતા ત્યાંસુધી ખૂબ ખૂબ કાળજીથી ધ્યાન દઇ મૂર્તિમાં મનની બધી વૃત્તિઓ અખંડ જોડી રાખી. પછી બીજા દિવસે પ્રાતઃકાળમાં ઊઠ્યા ત્યારથી સ્વાભાવિકરીતે શ્રીજીમહારાજની મૂર્તિમાં તેમની અખંડ વૃત્તિ રહેવા લાગી તે જીવનપર્યંત એ અખંડ વૃત્તિ સદાય સ્થિર રહી. આ રીતે સંઘા ભક્તે ભારે પરિશ્રમથી મરકણા મન ઉપર જોરદાર કાબુ રાખી એક ક્ષણવાર પણ તેને કયાંઇ નહિ જવા દઈ, તેની વિવિધ વૃત્તિઓ ઉપર વિજય મેળવી મૂર્તિનો સાક્ષાત્કાર કર્યો હતો.

વડતાલમાં સેવા કરવા રહ્યા

એક વખત શ્રીજીમહારાજ ગઢપુરમાં બિરાજતા હતા, તે સમયે વડતાલથી આનંદાનંદસ્વામી આવ્યા. મહારાજને પગે લાગીને બોલ્યા કે, "મહારાજ ! ઉત્સવ-સમૈયામાં ગાડુંબળદ સાચવે એવો એક પાળો અમને આપો." મહારાજે

પૂછ્યું 'આનંદસ્વામી સાથે જાય એવો કોઇ પાળો છે ?' ત્યારે સાધુઓએ કહ્યું 'બધું કામકાજ કરે એવો એક પાળો સચ્ચિદાનંદસ્વામી પાસે છે.' પછી મહારાજે તેને બોલાવીને આજ્ઞા કરી કે, 'તમે આનંદસ્વામી સાથે વડતાલ સેવા કરવા જાઓ.' ત્યારે સંઘા ભક્તે સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું – 'સ્વામી, મને વડતાલથી વહેલો તેડાવી લેજો.' ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું – 'બહુ સારું. જાઓ. વહેલા તેડાવી લઈશ.' પછી તે આનંદસ્વામી સાથે વડતાલ ગયા. સ્વામીએ તેમને ગાડુ–બળદ સોંપ્યાં એટલે તેઓ સમૈયામાં ઉપયોગી સાધન–સામગ્રી ભેગી કરવી વગેરે સેવા કરવા લાગ્યા.

આનંદસ્વામીએ પૂરી તૈયારી કરી, ત્યાં શ્રીજી મહારાજ સંતો, પાર્ષદો અને હરિભક્તો સાથે વડતાલ પધાર્યા અને ભારે ધામધૂમથી સમૈયો થયો. પછી વડતાલથી ચાલ્યા ત્યારે મહારાજે આનંદસ્વામીને કહ્યું કે, "અમારી સાથે એક ગાડુ જાખડા સુધી મોકલો." આનંદસ્વામીએ સંઘા ભક્તને મોકલ્યા. મહારાજ જાખડા પહોંચ્યા એટલે તેમને પાછા વાળ્યા. ત્યારે સંઘા ભક્ત ગાડેથી ઊતરી પગે લાગીને બોલ્યા – 'મહારાજ ! મને ગઢડા વહેલો તેડાવી લેજો.' મહારાજે કહ્યું – "બહુ સારું; હવે તમે પાછા વળો" એમ કહીને મહારાજ ચાલતા થયા. એટલે સંઘા ભક્ત તો ત્યાં જ ગાડુ ઊભું રાખીને મહારાજની પાછળ પાછળ ચાલવા લાગ્યા. એટલે મહારાજે ફરીથી કહ્યું, "પાછા વળો, પાછા વળો." તે સાંભળી તેઓ થોડી વાર ઊભા રહેતા, પણ મહારાજ ચાલે એટલે પાછળ પાછળ ચાલતા થાય. એમ ઘણીવાર મહારાજે તેમને ઊભા રાખ્યા તોપણ ગાડું માર્ગમાં ઊભું મૂકીને અઢી ગાઉ સુધી મહારાજની પાછળ પાછળ ગયા. પછી મહારાજે ફરીથી ઘોડી ઊભી રાખીને કહ્યું – "હવે અહીંથી પાછા વળો, આગળ આવશો નહિ." આમ કહી મહારાજે બહુ આગ્રહથી તેમને પાછા વાળ્યા, ત્યારે તેઓ પાછા વડતાલ ગયા. આવું અત્યંત હેત તેમને શ્રીજી મહારાજને વિષે હતું.

રામપ્રતાપભાઈની ગાડી ચલાવવા રહ્યા અને સાધુદીક્ષા

શ્રીજીમહારાજના મોટાભાઇ રામપ્રતાપભાઇ માટે ગઢપુરમાં એક જુદી માફાવાળી ગાડી રાખી હતી. તે ગાડીમાં બેસી લક્ષ્મીવાડી, રાધાવાવ, નારાયણ ધરો

વગેરે સ્થળે તેઓ ફરવા જતા તથા બહારગામ જવું હોય ત્યારે તેનો ઉપયોગ કરતા. મહારાજે સંતોને પૂછ્યું – "રામપ્રતાપભાઈની ગાડી હાંકે એવો કોઈ શાંત પ્રકૃતિનો પાળો છે ?" ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું કે, "તમે વડતાલ આનંદ સ્વામી પાસે જે પાળો મોકલ્યો છે તે મોટાભાઈની ગાડી હાંકે તેવો છે." પછી મહારાજે પત્ર લખાવી તેને તેડવા માટે વડતાલ એક માણસ મોકલ્યો.

મહારાજે મોકલેલ માણસે વડતાલ જઈ એક કાગળ આનંદાનંદસ્વામીને અને એક કાગળ સંઘા ભક્તને આપ્યો. મહારાજનો પત્ર વાંચી સંઘા ભક્ત અત્યંત રાજી થયા. અને તરત જ તેમણે આનંદસ્વામીને કહ્યું "મહારાજે મને તેડાવ્યો છે માટે મને વેળાસર ગઢડા મોકલો." ત્યારે આનંદ સ્વામીએ કહ્યું "તારે એટલી બધી શી ઉતાવળ છે ? તું શાંતિથી અહીં કામ સેવા કર; ધીરે રહીને સગવડ કરી આપીશું." પરંતુ જેને ગઢપુરમાંજ શ્રીજીની સેવામાં રહેવાની અત્યંત તીવ્ર ઇચ્છા હતી, તથા 'મને શ્રીજી ક્યારે બોલાવશે, ક્યારે બોલાવશે.' એમ રાત્રિદિવસ જે તલસી રહ્યા હતા તે સંઘા ભક્ત શ્રીજીપ્રભુનો પત્ર વાંચી એક ઘડી પણ વડતાલમાં શી રીતે રહી શકે ? એટલે તેઓ તો વારંવાર આનંદસ્વામીને કહેવા લાગ્યા કે, "મને જલદી શ્રીજી મહારાજ પાસે જવાની રજા આપો." પછી આનંદ સ્વામીએ એક સારા ભોમિયા માણસની સાથે તેમને ગઢડા મોકલ્યા.

ગઢપુર જવાની તક મળી એથી સંઘા ભક્ત ભારે રાજી થયા અને કમાનમાંથી જેમ તીર છૂટે તેમ તેઓ અતિ ઉતાવળી ગતિથી ગઢપુરને માર્ગે ચાલતા થઈ ગયા. પ્રભુદર્શનના આનંદમાં હું ચાલું છું કે દોડું છું એવું પણ જેને ભાન રહ્યું નથી એવા સંઘા ભક્ત આગળ ને આગળ દોડયા જતા હતા. સાથેનો ભોમિયો દોડે તોપણ તેમને પહોંચી શકતો ન હતો એટલે તેણે ઊંચા અવાજે કહ્યું "અલ્યા, તું દોડ્યોજ જાય છે, તે તારા ટાંટિયા ભરાઈ જશે. ધીરે ચાલ ધીરે. ત્યાં ક્યાં તારી માશીનું ઘર છે તે ઊનાં ધીગોળ પાઈને થાક ઉતારશે." આમ તેના શબ્દો સાંભળવા છતાં પણ તેઓ તો પ્રેમવિહ્વળ બનીને ભારે ઝડપથી ચાલ્યા જતા હતા. આનંદ સ્વામીએ ભોમિયો પણ ભારે કાળજીવાળો મજબૂત માણસ મોકલ્યો હતો, તેથી તે સ્વામીની ભલામણ પ્રમાણે સંઘા ભક્તને પોતાની દૃષ્ટિથી અળગા પડવા દેતો ન હતો. માર્ગમાં એક રાત રહી બીજા દિવસે ગઢડા પહોંચી ગયા.

શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં સામી ઓસરીએ બિરાજમાન હતા, તે દૂરથી સંઘા ભક્તને આવતા જોઈને બોલ્યા "ભક્તરાજ ! તમે બહુ ઉતાવળા દોડતા આવ્યા છો તેથી ખૂબ થાકી ગયા હશો. જરા ઊભા રહો." એમ કહી મહારાજે જીવુબાને કહ્યું: "અમે ઘીગોળની તાંસળી ઊની કરાવી રાખી છે તે જલદી લાવો." જીવુબા તરત જ તાજા ઘીગોળથી ભરેલી તાંસળી લાવ્યાં. મહારાજે સંઘા ભક્તને કહ્યું: "તમે ઊભા ઊભા આ ઘીગોળ પીધા પછી જ અમને પગે લાગજો." પછી તેઓ કાઠિયાવાડી સુગંધીમાન તાજા ઘીથી ભરેલી તાંસળી મોઢે માંડી ખાવા લાગ્યા, ત્યાં પેલો સાથેનો ભોમિયો માણસ થોડો પાછળ હતો તે આવી પહોંચ્યો. સંઘા ભક્ત તેને જોઈને બોલ્યા "અલ્યા, તું કહેતો હતોને કે ધીરે ચાલ, ત્યાં ક્યાં તારી માશીનું ઘર છે તે ઘીગોળ પાશે ? પણ તું જોઈ લે. આ મારા માસાએ આગળથી જ તૈયાર કરી રાખેલ કેવું મજાનું ઘી પાયું !" પછી મહારાજે તે ભોમિયાને પણ ગરમ ઘીગોળની એક તાંસળી પાઈને રાજી કર્યો. આ રીતે ભક્તવત્સલ, દીનબંધુ પ્રભુ પોતાના અનન્ય ભક્તોના સર્વ સંકલ્પો પૂરા કરે છે.

એક વખત ગઢાળીથી આંબા શેઠ શ્રીજી મહારાજને તેડવા સારુ ગઢપુર આવ્યા. તેમણે પ્રાર્થના કરી કહ્યું, "મહારાજ ! સર્વ સાધુ, પાળા, બ્રહ્મચારી, કાઠી દરબારો તથા અયોધ્યાવાસી સહિત આપ ગઢાળી પધારો. અમારે રસોઈ આપવી છે." પછી બીજા દિવસે બધાને લઈ મહારાજ ગઢાળી પધાર્યા. ત્યાં ગરાસિયાને ઓરડે ઊતર્યા અને ત્યાં રસોઈ જમીને રાત્રિ રોકાયા. બીજા દિવસે આંબા શેઠની રસોઈ જમીને સૌ તૈયાર થયા, ત્યારે ભંડારીએ મુક્તાનંદસ્વામીને કહ્યું "રામપ્રતાપભાઈની ગાડી હાંકનાર પાળો કાલે જમવા આવ્યો ન હતો. અને આજે પણ તે જમવા આવ્યો નથી. પછી તેમને બોલાવીને જમવા બેસાર્યા. ભંડારી તેમને ખૂબ સારી રીતે પીરસીને ગયા, ત્યાં બાજુ પર બે કૂતરા પરસ્પર બાઝવા લાગ્યા. સંઘા ભક્તે વિચાર્યું કે, "બીચારાં આ કૂતરાં ભૂખ્યાં હશે એટલે ખાવા માટે ઝઘડો કરે છે." પછી પોતાને પીરસેલું ભોજન બંનેય કૂતરાંને અરધું અરધું ખવરાવી દઈને પોતે ભૂખ્યા ઊઠી ગયા.

જમ્યા પછી આંબા શેઠને ઘેર એમની ફળીમાં આંબલી નીચે સંત હરિભક્તોની સભા થઈ, તેમાં આંબા શેઠે શ્રીજી અને સર્વ સંતોની ખૂબ ભાવથી

પૂજા કરી, વસ્ત્રો ઓઢાડયાં. તે સભામાં સંઘા ભક્ત મહારાજને પગે લાગવા ગયા. ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને વાત કરી કે, "આ રામપ્રતાપભાઈની ગાડી હાંકનારો પાળો કાલે જમવા આવ્યો ન હતો. અને આજે તે પાછળથી જમવા બેઠો, ત્યાં બાજુ પર કૂતરાં બાઝવા લાગ્યાં એટલે તેણે પોતાને પીરસેલું ભોજન કૂતરાંને ખવરાવી દીધું અને પોતે ભૂખ્યા રહ્યા." મહારાજ ! કૃપાનાથ ! આવા ધ્યાનભજનની રુચિવાળા પાળાને ગાડીબળદ સોંપવા કરતાં તો તેને સાધુ બનાવી દેતા હો તો વધારે સારું." ત્યારે મહારાજે પ્રસન્ન થઈને કહ્યું –'બોલાવો ત્યારે એ પાળાને ! પછી તે આવ્યા એટલે મહારાજે તે સંઘા ભક્તને સાધુદીક્ષા આપી અને **સિદ્ધાનંદ સ્વામી** આવું નામ રાખ્યું અને તેમને સચ્ચિદાનંદ સ્વામીને સોંપ્યા.

પ્રભુમય જીવન

સાધુદીક્ષા લીધા પછી સિદ્ધાનંદસ્વામી પોતાના ગુરુ સચ્ચિદાનંદ સ્વામી સાથે હમેશાં રાધાવાડીએ રહેવા લાગ્યા અને શરીરની બિલકુલ પરવા કર્યા વિના ગુરુની રુચિ તથા આજ્ઞા પ્રમાણે ખૂબજ ઉત્સાહથી વાડીમાં ખેતી કામ કરતા. પરંતુ દરેક કામકાજની સાથે શ્રીહરિનું સ્મરણ, ચિંતન અથવા લીલાચરિત્રોનું મનન અને મૂર્તિના માહાત્મ્યગુણોવાળાં કીર્તનોનું ગાન એમના મુખમાં અખંડ ચાલુ રહેતું. છતાં પ્રભુભક્તિના આનંદમાં તથા કીર્તનો ગાવાની ખુમારીમાં તેઓ બીજા કરતાં અધિક કામ કરતા એ એમનામાં ખાસ વિશિષ્ટતા હતી. આવી ટેવ કેળવવી એ સર્વને માટે અતિ આવશ્યક અને મહાલાભદાયી છે.

મોટા ભાગના લોકોનો સમય વ્યર્થ વાતો કરવામાંજ વીતતો હોય છે. સાચાં ખોટાં ગપ્પાં મારવામાં કે વાયડાઈભરી વાતો કરવામાં લોકો એટલા બધા પાવરધા હોય છે કે, તેમને મન એકબે કલાકનો સમય તો કંઈ ગણતરીમાં પણ હોતો નથી. અને કેટલાક તો એટલા બધા રસિયા હોય છે કે, સવાર, સાંજ અગર રાત્રિ–દિવસ જ્યારે જુઓ ત્યારે અલકમલકની વાતો કરવામાં એમનું મોઢું મશીનની પેઠે ચાલુ જ હોય. આવી ટેવ–જો ભજનભક્તિ કરવાની ટેવ–આગ્રહથી પાડી દેવાય તો જીવન સાર્થક બની જાય. ખૂબ ખૂબ કાળજી રાખી મૂંઝવણ અગર કંટાળો આવે તોપણ ભજનભક્તિ કરવાનું છોડે નહિ, **દૃઢ ટેક રાખી કડવા ઔષધની પેઠે હમેશાં**

નિયમિત રીતે ધ્યાન-ભજનનો અભ્યાસ રાખે, તો અમુક સમયે આણગમો અવશ્ય દૂર થઈ સ્વાદિષ્ટ મિષ્ટાન્નની માફક તે બાબત જીવનની મુખ્ય બાબત બની જાય છે. ધન મેળવવામાં કેટલી કાળી મજૂરી કરવી પડે છે, વિદ્યા અથવા કલામાં કુશળતા પ્રાપ્ત કરવામાં કેવી કાળજી રાખવી પડે છે, તથા મોટાઇ મેળવવામાં તન, મન અને ધનનો ભોગ આપી કેટલી સહનશક્તિ, ઉદારતા તથા ધીરજ રાખવી પડે છે ? એ જ રીતે **મોક્ષાર્થીઓએ સર્વ બાબતમાં પ્રભુમય જીવન જીવવું જોઈએ. કારણ કે તે વિના મોક્ષ જેવો મહામોટો લાભ મળી શકે જ નહિ.** આ સિદ્ધાંત પ્રમાણે સિદ્ધાનંદસ્વામી સમયનો સદુપયોગ કરી નિષ્કામ ભાવે નિષ્કપટ રીતે સેવા સ્મરણ અને ધ્યાનમાં જ અતિ આસક્ત રહેતા હતા. તેમ મુમુક્ષુઓએ વર્તવું જોઈએ.

સ્મરણથી સમાધિ

એક વખત રાધાવાડીમાં ઘઉ વાવેલા; એ પાક્યા ત્યારે તેને વાઢીને ઢગલા કરેલા, પણ ઘઉંની ડૂંડીઓ વાડીના પડામાં ચારે બાજુ પડી હતી. તે જોઇને સચ્ચિદાનંદસ્વામીએ સિદ્ધાનંદસ્વામીને કહ્યું – "આ ઢગલાના ઘઉ તૈયાર થતાં વાર લાગશે અને તે ઠાકોરજીના કહેવાય એટલે એમાંથી એક દાણો પણ આપણાથી વપરાય નહિ. બધા ઘઉ મંદિરના કોઠારે જમા કરવા જોઇએ. પરંતુ સલો કરીને જે ઘઉ ભેગા કરીએ તે આપણા હક્કની કમાણીના કહેવાય. શીલોંચ્છવૃત્તિથી (ખેતરમાંથી હાથે વીણી ભેગું કરેલું અન્ન) મેળવેલું અનાજ પવિત્ર ગણાય છે. એ નવા અન્નનો થાળ કરી મહારાજને જમાડીએ તો મહારાજ બહુ રાજી થાય."

પછી સિદ્ધાનંદ સ્વામી કાંપો વાળીને સલો કરવા મંડયા અને પોતાના મનમાં ચિંતન કરવા લાગ્યા કે, "આ નવા ઘઉની રોટલી ખૂબ સ્વાદિષ્ટ થશે. તાજા સુગંધીવાળા ઘીમાં બોળેલી ઘઉની ઝીણી રોટલીઓ મારા પ્યારા પ્રભુજી સોનાના બાજોઠ ઉપર બેસીને હમેશાં જમશે. કારણ કે, મિષ્ટાન્ન કરતાં શ્રીજીપ્રભુને સાદું ભોજન બહુ જ પ્રિય છે." આમ મૂર્તિમાં અખંડ મનોવૃત્તિ જોડી મોઢેથી **'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' એ મહામંત્રનું રટન** કરતાં કરતાં સ્વામીને દિવ્ય, શાંત, શીતળ તેજ દેખાયું. અને સમાધિ થઇ ગઇ એટલે તેઓ પૃથ્વી

પર ઢળી પડયા. સૌએ આવીને જોયું તો સિદ્ધાનંદ સ્વામી સમાધિમાં પરબ્રહ્મના
દિવ્ય સુખનો આનંદ લેતા હતા.

પછી સિદ્ધાનંદ સ્વામી સમાધિમાંથી જાગ્યા અને સચ્ચિદાનંદ સ્વામીને વાત કરવા લાગ્યા. "મને ઘઉંની ડુંડીઓ વીણતાં વીણતાં તીવ્ર સંકલ્પ થયો કે, મારે હાથે ઘઉં દળી મહારાજ જલ્દી જમે તેમ કરું; ત્યાં તો મને સમાધિ થઇ ગઇ, તેમાં શ્રીજી મહારાજ સોનાના બાજોઠ ઉપર બેસીને ગરમાગરમ રોટલી જમે છે, એવાં દર્શન થયાં. અહોહો ! પ્રભુ કેટલા દયાળુ અને ભાવનાના ભૂખ્યા છે, આ જીવ, શરીર તથા કુટુંબની સુખસગવડ માટે કેટલો દાખડો કરે છે ? એમને અર્થે અનેક મુશ્કેલીઓ ઉઠાવીને એમની આશાઓની પૂર્તિ કરે છે, છતાં એ બધાં દુ:ખરૂપ નીવડતાં વાર લાગતી નથી. ત્યારે પ્રભુ તો અનંત અપરાધો, દોષો માફ કરીને પણ પોતાને શરણે આવેલાને નિર્ભય સુખ આપે છે."

જિતેંદ્રિયપણું અને રસના પર વિજય

ગઢડાની રાધાવાડીમાં ઋતુ પ્રમાણે દરેક પ્રકારનાં ફળફૂલ, શાકબકાલું, શેરડી, ચણા, ઘઉં, બાજરી, વગેરે પુષ્કળ પ્રમાણમાં થતાં. એ સર્વ સિદ્ધાનંદસ્વામીની જાતમહેનતનું ફળ હતું. બધું એમના જ હાથમાં હતું. છતાં સિદ્ધાનંદ સ્વામી છાશ કે દાળરોટલા સિવાય કાંઇ પણ ખોરાક લેતા નહિ. ચોવીશ કલાકમાં એક વખત જમ્યા પછી કોઇપણ વસ્તુ મોઢામાં મૂકતા નહિ, એવા એ જિતેંદ્રિય મહાપુરુષ હતા. એમના અનેક પ્રસંગોમાંથી અતિ મહત્વનો એક પ્રેરક પ્રસંગ જોઇએ :

એક વખત રાધાવાડીમાં શેલડીનો મોટો વાઢ વાવ્યો હતો. શેલડીની ચારે તરફ એરંડા વાળી, ગલકાં, દૂધી, વાલોળ, વંતાક વગેરે બકાલું પણ કર્યું હતું. ખેતીકામમાં બધા કરતાં શેલડી પકાવવી એ ઘણું અઘરું કામ છે કારણ કે પૂરા બાર માસ સુધી હમેશાં તેનું રખેવાળું કરવું પડે, હરવખત પાણી પાવું જોઇએ. એ બધું સચ્ચિદાનંદ સ્વામીની દેખરેખ નીચે પરમ શ્રદ્ધાળુ સિદ્ધાનંદ વગેરે સાધુ પાળા ખૂબ ખંતથી શ્રીજીમહારાજની આજ્ઞાથી એમની પ્રસન્નતા માટે કરતા હતા.

ફાગણ માસમાં વાવેલી શેલડી માગશર માસમાં બરાબર પાકીને સાકર જેવી

સ્વાદિષ્ટ થાય. નવ મહિના સુધી પાકેલી શેલડી, માગશર, પોષ અને મહા, આ ત્રણ મહિના સુધી ખવાય તો ઘી દૂધથી પણ વિશેષ ફાયદો કરે એમ કાઠિયાવાડી કહેવત છે. એ જૂની માન્યતા પ્રમાણે સિદ્ધાનંદ સ્વામી શેલડીના વાઢમાંથી સારા સારા સાંઠા કાઢી હમેશાં એક ગાડું ભરીને દાદાખાચરના દરબારમાં શ્રીજીમહારાજ આગળ ઢગલો કરતા. મહારાજ એ શેલડી દરેક સાધુ-બ્રહ્મચારી, પાર્ષદને વહેંચી આપતા. એમ ત્રણ મહિના સુધી શ્રીજી અને સર્વ સંતોને પ્રેમથી શેલડી જમાડી પણ **સિદ્ધાનંદ સ્વામીએ પોતે કોઈ દિવસ શેલડી ચાખી પણ નહિ !!**

એક દિવસ મહારાજે કહ્યું કે – "કોઈ શેલડી ખાધા વિનાના હશે ?" ત્યારે કોઈએ કહ્યું – "સચ્ચિદાનંદ સ્વામી તથા સિદ્ધાનંદ સ્વામી એ બે જણ શેલડી જમતા નથી." ત્યારે મહારાજે પૂછ્યું – " સ્વામી ! તમે શેલડી નથી ખાતા ?" ત્યારે સિદ્ધાનંદ સ્વામી બોલ્યા કે, **"મહારાજ, આપની કૃપાથી કાંઈપણ ખાધા-પીધાનો સંકલ્પ થતો નથી !** અનેક પ્રકારનાં વ્રતો, ચાંદ્રાયણો અને આકરી તપશ્ચર્યાઓ કરવા છતાં મુમુક્ષુઓના મનમાંથી પણ પંચ વિષયની આસક્તિ ટળતી નથી, તેમાં પણ જીભને વશ કરવી એ તો ભારે કઠિન કામ છે. પરંતુ આપનાં સેવા-સમાગમ અને દર્શનથી અમારા આંતરિક દોષો, માનસિક ઇચ્છાઓ તથા વાસના નિર્મૂલ થઈ ગઈ છે તેથી કોઈ વસ્તુ – પદાર્થમાં અમારું મન લોભાતું નથી. **અબજો રૂપિયા ખરચતાં ન મળે તેવો મોટો લાભ અમને મળ્યો છે; એમાં શેલડીનો સ્વાદ શા હિસાબમાં છે ?** આ જીવાત્માએ અનેક જન્મમાં અસંખ્ય ચીજ-વસ્તુઓ ખાધીપીધી છે છતાં તેને તૃપ્તિ થઈ નથી. જ્યારે પરમાત્માનો યથાર્થ મહિમા સમજાય છે ત્યારે આ જગતની અત્યંત સ્વાદિષ્ટ વસ્તુ અગર કીમતીમાં કીમતી પદાર્થ તૃણ સમાન તુચ્છ થઈ જાય છે. આપના વચનામૃતનું પાન કરીએ છીએ; એમાંજ અમને બધો સ્વાદ, બધો આનંદ આવે છે. બીજી બધી વસ્તુઓ તો સ્વાદ વિનાની સાવ ફીકી લાગે છે." આ પ્રમાણે સિદ્ધાનંદ સ્વામીનો સિદ્ધાંત સાંભળીને શ્રીજીમહારાજ તેમના ઉપર ઘણા જ પ્રસન્ન થયા. અને પોતાની પ્રસાદીનો થાળ તેમને આપ્યો તથા રાધાવાડીએ સચ્ચિદાનંદસ્વામી અને સિદ્ધાનંદસ્વામીને હમેશાં પ્રસાદીનો થાળ પહોંચે તેવી વ્યવસ્થા કરી આપી.

* * *

૬ : કવિશ્રી મોટા ભૂમાનંદ સ્વામી

સકલસૃષ્ટિના નિયામક, અસંખ્ય કલ્યાણગુણનિધિ, પરબ્રહ્મ પરમાત્મા પોતાની અદ્‌ભુત ગુણરૂપી ઐશ્વર્યશક્તિથી, અખિલ બ્રહ્માંડોના ઇશ્વરો અને સર્વ જીવાત્માઓને સુખશાંતિ અને આનંદ આપી રહ્યા છે. આપણે જાણીએ કે ન જાણીએ પણ પ્રભુના સર્વ ગુણોથી દરેકનું અનેક રીતે હિત થઇ રહ્યું છે. અજ્ઞાની, અપરાધી અને અહંકારી મનુષ્યો ઉપર પણ પરમાત્મા દયા કરીને તેનું ભલું કરે છે.

દયા અને ક્ષમા આ બે પ્રભુના મહાન ગુણો છે. જો જીવોની ભૂલો–અપરાધો અગર દુર્ગુણોને ધ્યાનમાં લઇ જો પ્રભુ ક્ષમા ન રાખે અને દયા ન કરે તો કોઇપણ માણસ કદી આનંદ કે આરામ માણી શકે નહિ. સદા દુ:ખમાં જ ડૂબ્યો રહે. આ હેતુથી પ્રભુએ મનુષ્યને મહાદયા કરીને સુખની અનેક સવગડો તથા સાધનો આપ્યાં છે. આમ છતાં આળસુ, ગાફલ અને ઘમંડી માનવીઓ તેનું કશું પણ મૂલ્ય સમજયા વિના અધ:પતનને માર્ગે જ વિશેષપણે ચાલે છે.

પ્રભુએ આપેલી વિવેકશક્તિનો ત્યાગ કરીને, મનુષ્ય જયારે કેવળ સ્વચ્છંદી બને છે, ત્યારે એ દુનિયાના બોજારૂપ બની જગતરૂપી નવપલ્લવિત પ્રભુના સુંદર બગીચામાં મોટું નુકશાન પહોંચાડે છે. આમ જયારે માનવરાક્ષસોનું ચોતરફ પરિબળ પ્રગટે છે, ત્યારે દયાસાગર પ્રભુ આ લોકમાં પધારે છે. અને પોતાની સાથે પોતા જેવા ક્ષમાવાન દયાની મૂર્તિસમા મુક્તો–સંતસાધુઓને પણ લાવે છે. એ પ્રભુ તથા એમના એકાંતિક મહાપુરુષો સર્વ રીતે સમર્થ હોવા છતાં અજ્ઞાનીઓ અને દુર્જનોના ઉપદ્રવો સહન કરી કેવળ દયાથી સર્વનું હિત કરે છે.

પારસના સ્પર્શથી લોખંડનું જેમ સોનું બને, અમૃતપાનથી જેમ માણસ અમર બને અને ચિંતામણિથી મહાધનવાન બને, તેમ સાચા સંતના સમાગમથી દુરાચારી, દરિદ્ર અને સંસારમાં ગળાડૂબ લુબ્ધ બની મહાદ્દુ:ખથી ઘેરાયેલો માણસ પણ મુક્તાત્મા થાય છે અને તે સદા સુખી થઇ અખંડ આનંદનો ભોક્તા બને છે. આમ અખંડ ભગવન્નિષ્ઠ થયેલા મહાપુરુષો આ સંસારમાં ખરેખર સુખસાગરરૂપ છે.

સુરપુર, નરપુર, નાગપુર એ તિનમેં સુખ નાંહી;
કાં સુખ હરિ કે ચરનમેં કાં સુખ સંતન કે માંહી.

સંતો પાસેથી જ્ઞાનધનરૂપી સાચી મૂડી મેળવી સાધારણ ગણાતા માણસો પણ શાશ્વત સુખશાંતિ પામી ધનવાનો કરતાં પણ જીવનભર શોક, મોહ મમત્વ કે અહંકારવર્જિત સદા મંગળમય અમીરી આનંદ માણે છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ પરમાત્માએ ગુજરાત અને કાઠિયાવાડના ક્રૂર, જુલમી અને દુરાચારી લોકોને સુધારી, ગામેગામ, સદાચારી શિષ્ટ લોકોના સમૂહો તૈયાર કર્યા, એમાં એમના સમર્થ સંતોએ ભગીરથ પ્રયાસો કર્યા હતા. એ વખતના લોકો અનીતિ, અધર્મ તથા દારૂ, માંસ, અફીણ, હોકા, ચોરી વગેરે અનેક વ્યસનોમાં આસક્ત બની પશુપ્રાય જીવન જીવતા હતા. આવા અવનતિની અતિ ઊંડી ખીણમાં પડેલા લોકોને સંતોએ રાત્રિ-દિવસ ઉપદેશ આપી ઉન્નતિને શિખરે પહોંચાડ્યા. એ કાર્ય કોઇ સાધારણ ન હતું. ભગવાન શ્રીસ્વામિનારાયણ પાસે એકથી એક શ્રેષ્ઠ એવા ઘણા સંતો હતા. સંગીતવિદ્યાના શ્રેષ્ઠ જ્ઞાતાઓ, સંસ્કૃતના પ્રખર વિદ્વાનો, અષ્ટાંગયોગના નિષ્ણાતો, અને ઉચ્ચ કોટિના કવિઓ પણ હતા. સંપ્રદાયમાં અષ્ટ કવિઓ મુખ્ય ગણાય છે. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ, ભૂમાનંદ, મંજુકેશાનંદ, અને આધારાનંદ સ્વામી. અહીં આપણે કવિશ્રી ભૂમાનંદ સ્વામીનું જીવન આલેખીશું.

બાલજીવનની વિશેષતાઓ

હાલાર પ્રદેશમાં જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના ભાદરા પાસે કેશિયા ગામે વિ. સં. ૧૮૫૨ ના વૈશાખ સુદ ૭ના રોજ ભૂમાનંદ સ્વામીનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ રામજીભાઇ અને માતુશ્રીનું નામ કુંવરબાઇ હતું. તેઓ ચાર ભાઇઓ હતા. જીવાભાઇ, આંબાભાઇ, રૂપજીભાઇ અને પાંચાભાઇ. તેમાં આપણા ચરિત્રનાયક ત્રીજાભાઇ રૂપજીભાઇ બાળવયથી સાત્ત્વિક વૃત્તિવાળા અને સ્વાભાવિક રીતે ભજનસ્મરણની રુચિવાળા હતા. ધર્મપ્રધાન ભક્તિનિષ્ઠ માતાપિતાના શુભ સંસ્કારો બાળક રૂપજીના નિર્મળ હૃદયમાં ઓતપ્રોત થઇ ગયા હતા.

ખરેખર ઘર એ શાળા છે અને વડીલો એ સાચા શિક્ષકો છે. ઘરમાં સારું કે નરસું જેવું વાતાવરણ પ્રબળ હોય તેવા સંસ્કારો ઘરના બાળકો ઉપર અવશ્ય પડે છે. બાળકો નીતિમાન, વિનયી અને સેવાભાવી બને એવી દરેકની ઇચ્છા હોય છે; પરંતુ તેને માટે વડીલોએ પ્રથમ તેવા આદર્શો પોતાના જીવનમાં સ્વભાવગત કરવા જોઇએ. અનુકરણપ્રિય બાળક જરૂર તે પ્રમાણે વર્તશે.

ઘરના શુભ સંસ્કારોમાં ઊછરેલા રૂપજીભાઇ નાની વયથી યોગીપુરુષના જેવી સ્થિતિવાળા બની ગયા હતા. એમના પિતા શ્રીકૃષ્ણપ્રભુના ચુસ્ત ઉપાસક હતા. એટલે ઘરમાં ઇષ્ટદેવની ચિત્રમૂર્તિ આગળ રોજ સવાર, સાંજ પૂજન, પ્રાર્થના, ધૂનભજન થતાં, તેમાં ઘરના નાનામોટા દરેક માણસ પ્રેમથી ભાગ લેતા. રૂપજીભાઇ મૂર્તિ સામી વૃત્તિ રાખી પ્રભુના નામનો જપ કરતા અને કોઇ કોઇ વખતે ધૂનભજનના અલૌકિક આનંદમાં મસ્ત બની મૂર્તિ સામે જોઇને હસતા–ડોલતા થકા ભજનો ગાઇને બાળકની સ્વાભાવિક ટેવ પ્રમાણે હસવા કૂદવા લાગતા હતા. રાત્રિએ પણ ચુસ્ત ભક્તની પેઠે નિયમસર તેઓ માળા ફેરવી પ્રભુનું સ્મરણચિંતન કરતા સૂઇ જતા. આ રીતે બાળક રૂપજીનો અનહદ પ્રભુપ્રેમ જોઇને એમનાં માતાપિતા ખૂબ જ સંતોષ પામતાં હતાં. પોતાના દશબાર વર્ષના બાળકમાં વડીલોને પણ પ્રેરણા મળે એવી પ્રભુપ્રેમની લગની જોઇને ક્યો સમજુ પિતા આનંદ ન અનુભવે ? બાળક રૂપજીમાં પીઢ માણસના જેવા વિનય, વિવેક, ધૈર્ય, ઉદારતા, સંતોષ વગેરે અનેક સદ્‌ગુણો હતા. અને એ ગુણોથી અધિક એમનામાં ભક્તિભાવના હતી; અને એથી વિશેષ એમનું અતિ આકર્ષક ભવ્ય સૌંદર્ય હતું. આમ તેઓ બાળવયથી જ સોનામાં સુગંધની પેઠે સહુના પ્રીતિપાત્ર અને પ્રેરણારુપ બની રહ્યા હતા.

મહાભારતની કથાનું શ્રવણ અને ધાર્મિક તેજસ્વિતા.

વિશ્વવંદ્ય ભારતની સનાતન વૈદિક સંસ્કૃતિમાં માનવકલ્યાણ અને ઉન્નતિના વિવિધ માર્ગો, ઋષિ–મુનિઓ અને સંતમહાત્માઓએ દીર્ઘકાળ સુધી સ્વયં અનુભવ સિદ્ધ કરી, શાસ્ત્રોદ્વારા જાહેર કર્યા છે. વેદો અને શાસ્ત્રોના જ્ઞાનપ્રધાન સર્વ સિદ્ધાંતોનો સાક્ષાત્કાર કરનારા મહાપુરુષોએ, કર્મકાંડ, જ્ઞાનકાંડ અને ઉપાસનાકાંડ–આ ત્રણ વિભાગમાં સર્વસિદ્ધાંતોનો સમાવેશ કર્યો છે. આર્યસંસ્કૃતિમાં પ્રથમ યજ્ઞોનું ખૂબ જ

મહત્વ હતું. તેનો ચોતરફ પ્રચાર થયો હતો; પરંતુ **ऋते ज्ञानान्न मुक्तिः** જ્ઞાન વિના મોક્ષ નથી એ ઔપનિષદિક પ્રબળ વિચારધારાથી તથા યોગશાસ્ત્રોક્ત યમનિયમાદિ દ્વારા ચિત્તશુદ્ધિપૂર્વક જ્ઞાન-ધ્યાનનું બહુ મહત્વ સમજાયું ત્યારથી સર્વ વિદ્વાનો તથા આચાર્યોએ જ્ઞાનપ્રાપ્તિના ઉપાયો, સાધનો વગેરેનો વ્યાપક પ્રચાર કર્યો. કારણ કે જ્ઞાનથી જ દરેક બાબતનું તલસ્પર્શી વિશેષ જ્ઞાન થાય છે. આવાં ઉચ્ચ ધ્યેયથી જ્ઞાનના નિધિરૂપ શાસ્ત્રોનું અધ્યયન-અધ્યાપન અને કથા-પ્રવચનનો જોરદાર પ્રચાર પ્રાચીન કાળથી ભારતભરમાં ખૂબ જ થયેલો છે. ધર્મનિષ્ઠ, તપસ્વી, મહાપવિત્ર, વિદ્વાન બ્રાહ્મણોએ અધ્યયન-અધ્યાપન તથા લોકભોગ્ય કથાપ્રવચનની શ્રેષ્ઠ પદ્ધતિ દ્વારા હિન્દુ સંસ્કૃતિની જ્ઞાનજયોતિ સદા પ્રજવલિત રાખી છે. એ ભારે મોટું યશસ્વી મહાપરોપકારી સર્વોત્તમ કાર્ય છે. **પવિત્ર અને સંતોષી બ્રાહ્મણ કથાકારો કે પૌરાણિકોએ ઘણા લાંબા સમયથી શુદ્ધ રીતે લોકોને કથામાં રસ લેતા રાખી શાસ્ત્રશ્રવણનો જે રસ જાળવી રાખ્યો છે તે ખરેખર શતશઃ ધન્યવાદને પાત્ર છે.** સંસારવ્યવહારમાં ઘડીભર પણ નવરા નહિ એવા પ્રવૃત્તિશીલ લોકો પણ બધું છોડી અઠવાડિયું પંદર દિવસ અખંડ કથા સાંભળે અને પ્રભુમય બની જાય એ કોઇ સાધારણ વાત નથી. આપણા શાસ્ત્રી, ધર્મનિષ્ઠ પ્રાચીન બ્રાહ્મણોએ રોપેલાં જ્ઞાનબીજનાં એ મિષ્ટ ફળો છે.

હાલના સમયમાં વક્તાઓની અપૂર્ણતાને લીધે કોઇ કોઇ સ્થળે કથામાં કેટલીક ગેરરીતિઓ, અશુદ્ધિઓ અને સ્વાર્થપ્રધાનતા જોવામાં આવે છે, તેથી લોકોને કથા તરફ અણગમો થઇ ખૂબ અસંતોષ થાય છે. માટે દરેક માણસને કથા સાંભળવામાં શ્રદ્ધા જાગે, કાયમ પ્રેમભાવ ટકી રહે એ રીતે સાચા શુદ્ધ ભાવથી સંતોષપૂર્વક વક્તાઓ જો કથા વાંચે તો લાંબે સમયે તેમને સર્વ રીતે અવશ્ય મોટો લાભ થાય છે; કારણ કે ધીરજનાં ફળ મીઠાં હોય છે. સદાચાર, પ્રામાણિકપણું અને કીર્તિની કિંમત ઘણી મોટી હોય છે.

એક સમયે મહાભારતની કથા કરનાર એક વિદ્વાન બ્રાહ્મણ કેશિયા ગામમાં આવ્યા હતા. તેઓ હાસ્યરસનાં દૃષ્ટાંતો આપી ભારે રસદાયી આખ્યાનો કહેતા, આથી ગામના બધા લોકો કથા સાંભળવા ભેગા થઇ જતા. રામજીભાઇ જ્ઞાતિના

પટેલ અને ગામમાં આબરૂદાર માણસ ગણાતા હતા, એટલે કથા સાંભળવા તેમને સૌ હમેશાં બોલાવતા. ગામના દરેક માણસ વારંવાર પ્રશંસા કરી કહેતા હતા કે, 'ભટ્ટજી કથા બહુ સરસ કહે છે. આવી કથા કદી સાંભળી નહોતી.' બાળક રૂપજીને ઇચ્છા થઈ કે, "જો કથા સરસ થતી હોય તો આપણે પણ સાંભળવા જઈએ. કારણ કે પ્રભુનાં ગુણગાન સાંભળવાથી હૃદય પવિત્ર થાય છે અને જીવાત્માને સાચી શાંતિ મળે છે." એમના પિતા તથા ગામના લોકો પણ રૂપજીને કથાશ્રવણ કરવાનો આગ્રહ કરવા લાગ્યા. પછી રૂપજી પોતાના પિતા સાથે કથા સાંભળવા ગયા.

સભાસ્થાનમાં ચોતરફ ખૂબ ભીડ હતી પણ રામજીભાઈ પ્રતિષ્ઠિત ને આગેવાન વ્યક્તિ હતા, તેથી એમને આવતા જોઈને લોકોએ થોડા આઘાપાછા ખસી સભા વચ્ચે એમને બેસવાની જગ્યા કરી આપી, પરંતુ તેથી કથા–શ્રવણમાં વિઘ્ન થયું તથા પ્રથમથી બેઠેલા કેટલાક વૃદ્ધો, વડીલો અને આદરણીય ભગવત્ભક્તોને જે ખસવું પડ્યું તે વિવેકી રૂપજીને જરાય ગમ્યું નહિ, કેમકે પાછળથી કથામાં આવનાર માણસે કોઈ રીતે કથાશ્રવણમાં અગવડ ન થાય તેમ કંઈ પણ બોલ્યા વિના જ્યાં જગ્યા હોય ત્યાં જ બેસી જવું જોઈએ. પણ સભામાં આમ તેમ ઘુમાઘુમ ન કરવું એમ રૂપજીભાઈ માનતા હતા. કથામાં સ્ત્રી–પુરુષો અવ્યવસ્થિત રીતે સેળભેળ બેઠાં હતાં તે પણ રૂપજીને ગમ્યું નહિ. કથામાં પ્રથમથી તે અંત સુધી હાસ્યરસનાં વિવિધ દૃષ્ટાંતો સાંભળીને લોકો વારંવાર હસાહસ કરી રહ્યાં હતાં. ઘડીભર પણ કોઈ સ્થિર ન હતું. શ્રોતા કે વક્તા કોઈના મુખમાંથી પ્રભુનું નામ કે ધર્મજ્ઞાનસંબંધી કોઈ વાત સાંભળવામાં આવતી નહોતી. કેવળ હાસ્યરસના હલકા આનંદમાં સૌ કોઈ લહેર માણી રહ્યાં હતાં. મન પવિત્ર બને કે પ્રભુમાં પ્રેમ થાય તેવું કથાનું વાતાવરણ નહોતું.

આ બધું કથાનું દૃશ્ય બુદ્ધિમાન તેજસ્વી બાલક રૂપજીને રુચિકર ન થયું. પછી કથા સાંભળી ઘેર આવ્યા ત્યારે રૂપજીભાઈએ કહ્યું: "પિતાજી ! આવી કથા સાંભળીને તેમાંથી તમે શું લાભ મેળવ્યો ? આપણા મનની મલીનતા આવી કથાથી દૂર થાય ખરી ? હવે પછીનું જીવન સદા પવિત્ર રહે અને હૃદયમાં કાયમ સુખશાંતિ રહે તે માટે કથામાંથી તમે શું ગ્રહણ કર્યું તે મને સમજાવો. જ્યાં ફક્ત હસાહસ થતી હોય અને સ્ત્રી–પુરુષોનો પરસ્પર વિશેષ પ્રસંગ રહેતો હોય, એમાં

માણસનું ભલું શી રીતે થાય ? આવી કથાથી તો ઘેર બેઠાં ભજનભક્તિ કરીએ તે સારું. કથા હસવા માટે સાંભળીએ તો મળેલા ચિંતામણિનો ઉપયોગ કાગડા ઉડાડવામાં કરે તેવું થાય. અમૂલ્ય સમય, અમૂલ્ય માનવ દેહ અને અમૂલ્ય કથામૃત એ ત્રણેયનો બરાબર મહિમા સમજી એથી આત્મકલ્યાણ સાધી લેવું એ કથાનો હેતુ છે."

પોતાના વહાલા પુત્ર રૂપજીના સદ્‌વિચારો સાંભળી રામજીભાઈ ઘણા જ રાજી થઈને બોલ્યા – "રૂપજી ! તું નાનો છે પણ તારી સમજણ મોટી છે. હાલમાં એક 'સ્વામિનારાયણ' નામનો નવો ધર્મ ચોતરફ ફેલાયો છે. તે તારા વિચારને મળતો આવે છે. તેની રીતભાત સર્વોત્તમ છે અને તેમના સાધુ-સંતો પણ ભારે વિદ્વાન ને દર્શન-સમાગમ કરવા જેવા છે. તેમના ગૃહસ્થ શિષ્યો પાસેથી મેં ઘણી વાતો જાણી છે. સૌને તરતજ ગમી જાય અને સહુનું કલ્યાણ કરે એવો એ બહુ જ સારો ઊજળો ધર્મ છે."

'સ્વામિનારાયણ' શબ્દ સાંભળતાંની સાથે જ જેમ મેઘની ઘટામાં વિજળીનો ચમકારો થાય અને દશેય દિશાઓ તેજોમય બની જાય, તેમ રૂપજીભાઈના અંતરમાં અલૌકિક આનંદ સાથે જ્ઞાનજ્યોતિનો પ્રકાશ વ્યાપી ગયો. તેથી એમને સ્વામિનારાયણ કોણ છે ને કેવા પ્રતાપી છે તે જાણવાની તાલાવેલી જાગી. એટલે તરત જ પિતાને પૂછ્યું : 'એ સ્વામિનારાયણ કોણ છે ? અને તેઓ ક્યાં રહે છે ?' આવા કેટલાક પ્રશ્નો પૂછ્યા. રામજીભાઈએ પુત્રનું મન શાંત કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ સંબંધી કેટલોક ટૂંક પરિચય કરાવ્યો.

પિતાનો અક્ષરવાસ

પિતા પાસેથી 'સ્વામિનારાયણ' પ્રભુની આશ્ચર્યકારક વાતો સાંભળી રૂપજીભાઈને સ્વામિનારાયણ પ્રભુમાં ઘણોજ પ્રેમભાવ થયો. તેઓ જ્યારે જ્યારે પોતાના પિતાને નવરા દેખતા ત્યારે સ્વામિનારાયણ પ્રભુનાં ચરિત્રસંબંધી પ્રશ્નો પૂછતા. એક દિવસ રૂપજીએ કહ્યું: "પિતાજી ! ચાલો આપણે સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા જઈએ." રામજીભાઈએ કહ્યું: 'નવરાશ મળશે એટલે તરત

જ આપણે દર્શન કરવા જઇશું. પરંતુ થોડા જ સમયમાં રામજીભાઇને તીવ્ર તાવ લાગુ પડ્યો. આ તાવ કાલજ્વર સમાન હતો. આમ અચાનક માંદગી આવી તેથી દર્શન કરવા જઇ શકાયું નહિ.

ચારેય ભાઇઓમાં પિતાને રૂપજી ઉપર વિશેષ હેત હતું. પિતાની સેવામાં પણ તેઓ અહોનિશ હાજર રહેતા. અને માંદગીમાં પણ રૂપજી પોતાના પિતાને સ્વામિનારાયણ પ્રભુનાં ચરિત્રસંબંધી હકીકતો પૂછ્યા કરતા. શ્રદ્ધાળુ પિતા પણ ખૂબ ઉત્સાહથી પુત્રને પ્રભુનાં ચરિત્રો કહેતા. આથી મોટો લાભ એ થયો કે, એમના પિતાને જાણેઅજાણે પ્રભુનું અખંડ સ્મરણચિંતન થયું. પિતા–પુત્ર બંનેય ધર્મ અને પ્રભુના મહિમાની ચર્ચાવિચારણામાં એવા તલ્લીન બની જતા કે, એમને મળવા આવનાર માણસો પણ એમની પાસે વ્યવહારસંબંધી કંઇપણ વાતો કરી શકતા નહિ. તેમજ પ્રભુસ્મરણ વિના વ્યર્થ સમય જતો નહિ.

આનું મંગળ પરિણામ એ આવ્યું કે, રામજીભાઇના ભૌતિક દેહનો અંત સમય થયો, તે વખતે શ્રી સ્વામિનારાયણ પરમાત્માએ તેમને પ્રત્યક્ષ દર્શન દીધાં અને કહ્યું – " રામજીભાઇ ! અમારા અક્ષરધામમાં આવવું છે ને ? આ શરીરની આયુષ્ય હવે પૂરી થઇ ગઇ છે, માટે અમે તમને તેડવા આવ્યા છીએ, ચાલો, અમારા ધામમાં !" રામજીભાઇ પ્રભુદર્શનના આનંદમાં હર્ષઘેલા બની ગદ્ગદ્કંઠ થઇ ગયા, કંઇપણ બોલી શક્યા નહિ. બે હાથ જોડી સ્થિર થઇ દર્શન કરવામાં એકાગ્ર બની ગયા. થોડીવાર પછી પ્યારા પુત્ર રૂપજીનું નામ લઇને કહ્યું – "રૂપજી ! તું મને સ્વામિનારાયણ ભગવાનસંબંધી લીલાચરિત્રો વારંવાર પૂછતો હતો, તે પ્રભુ મહાદયા કરીને મને દર્શન દેવા પધાર્યા છે. આ મારી પાસે ઊભા; કર દર્શન." રૂપજીભાઇને શ્રીજીનાં દર્શન થયાં અને તરત જ સમાધિ થઇ ગઇ. સમાધિમાં તેમણે સર્વોપરિ પ્રકાશમય અક્ષરધામમાં મુક્તમંડળથી વીંટાએલા ભવ્ય સિંહાસન પર બિરાજમાન થયેલા શ્રીસ્વામિનારાયણ પ્રભુનાં દર્શન કર્યાં. સમાધિમાંથી જાગ્રત થયા પછી એમનું હૃદય પ્રભુપ્રેમમાં તરબોળ બની ગયું.

રામજીભાઇએ મહારાજને પૂછ્યું: "હે ભગવન ! મેં જીવનમાં ક્યારેય આપનું

ભજન-સ્મરણ કર્યું નથી. મને કંઇ સમજ પડતી નથી કે, ક્યા પુણ્યે મને આ દેહાંત-સમયે આપે દર્શન દેવાની કૃપા કરી ?" પ્રભુ મંદહાસ્ય કરીને બોલ્યા - "રામજી ! તમારા પુત્ર રૂપજીએ ખૂબ જિજ્ઞાસુ થઇને તમારી પાસે અમારાં ચરિત્રો કહેવરાવ્યાં, તેમાં અમારું જ સ્મરણ થયું. વળી રૂપજી મહામુક્ત છે. તેમની સાથે તમારે ગાઢ સ્નેહ છે તેથી તમને અમારા ધામમાં તેડી જવા અમે અહીં આવ્યા છીએ. **પ્રભુનાં ચરિત્રોનું સતત સ્મરણ અને મુક્તપુરુષોનો સંબંધ એ ભવસાગરમાંથી પામર પ્રાણીઓને પણ તારે છે.**

રૂપજીભાઇ સમાધિમાંથી જ્યારે જાગ્રત થયા ત્યારે પોતાના પિતા પાસે તેમને ફરીથી શ્રીજીપ્રભુનાં દર્શન થયાં. પિતા હવે પ્રભુના ધામમાં પ્રભુ સાથે જશે એમ જાણી તેમણે મહારાજને દંડવત પ્રણામ કરી બે હાથ જોડી અત્યંત પ્રેમથી પ્રાર્થના કરી. પછી 'સ્વામિનારાયણ' એ નામની ધૂન મચાવી બધાં સગાં-સ્નેહીઓને પણ પ્રભુના નામનું સ્મરણ કરાવ્યું અને એ ધૂનના મંગળમય વાતાવરણમાં રામજીભાઇ દેહત્યાગ કરી અક્ષરવાસી થયા. આ રીતે પિતાને પ્રભુ પોતાના ધામમાં તેડી ગયા. રૂપજીભાઇ વગેરે કુટુંબીજનોએ પ્રભુનો એ દિવ્ય ચમત્કાર નજરે નિહાળ્યો. એમનાં માતુશ્રી તો તે પહેલાં જ ગુજરી ગયાં હતાં.

રૂપજીની અગ્નિપરીક્ષા અને તેનું નિષ્ઠાબળ

પિતાના અક્ષરવાસ પછી ચારેય ભાઇઓ કેશિયા ગામનો ત્યાગ કરી કામધંધા માટે જીરાગઢ ગામે રહેવા ગયા. એ વખતે રૂપજીની ઉમ્મર લગભગ ૧૪ વર્ષની હતી. તેઓ પોતાના ત્રણ ભાઇઓથી જુદા તરઘરી ગામમાં એક વાણિયાને ત્યાં નોકરી કરવા રહ્યા. પ્રમાણિક રીતે નિમકહલાલીથી રૂપજીભાઇ કામકાજ કરતા અને સાથે પ્રભુનું ભજન-સ્મરણ કરવાની પણ ખૂબ કાળજી રાખતા. ભોળા દિલના અને સરલ સ્વભાવના રૂપજી ઉપર શેઠ અને સૌ કોઇ માણસો ઘણા રાજી રહેતા. પ્રભુકૃપાથી રૂપજીના આવ્યા પછી વાણિયાની સ્થિતિ દિનપ્રતિદિન સારી થતી ગઇ. સારા પૈસા કમાયો પણ તેનો સ્વભાવ બહુ જ કંજુસ હતો. લોભી અને કપટી વાણિયાએ મીઠી મીઠી વાતો કરી રૂપજીને બાળક સમજી, ઓછા બોલા ને શાંત

પ્રકૃતિના જાણી કામકાજનો બધો બોજો રૂપજી ઉપર નાખી દીધો. ધણીનું એટલે શેઠનું હિત થાય એ રીતે પ્રમાણિકપણે રૂપજીએ ત્રણ વર્ષ સુધી કામ કર્યું, છતાં પગાર માગ્યો નહોતો. ત્રણ વર્ષ પૂરાં થયાં ત્યારે શેઠ પાસે પગાર માગ્યો. વાણિયાએ કંઇ ચોક્કસ ન સમજાય તેવો ઉડાઉ જવાબ આપ્યો. છતાં રૂપજીએ ગંભીરતાપૂર્વક પૈસા આપી દેવા ફરીથી કહ્યું. ત્યારે કપટી અને કૃતઘ્ની વાણિયાએ રોષથી જવાબ દીધો કે, "તને તારા પૈસા પૂરેપૂરા આપી દીધા છે છતાં હવે શેના માગે છે ?" તેના આ શબ્દોથી વાણિયાની કપટજાળનો ખરો ખ્યાલ આવ્યો. રૂપજીભાઇએ બહુ જ નમ્રતાથી વાણિયાને પૈસા ચૂકવી આપવા કહ્યું અને બીજા પાસે પણ કહેવરાવ્યું, છતાં તે વાણિયો એકનો બે ન થયો. આ વાત જયારે બીજાના જાણવામાં આવી ત્યારે કેટલાક લોકો વાણિયાનો દોષ કાઢવા લાગ્યા અને કેટલાક રૂપજીની અનાવડત તથા તેના સરલ સ્વભાવ માટે હસવા લાગ્યા. ત્યારે કેટલાક રૂપજીની માગણી શેઠની આબરૂ ઉપર મિથ્યા આરોપ મૂકવાની છે એમ પણ કહેવા લાગ્યા.

વાણિયો ધનવાન અને પ્રતિષ્ઠિત હોવાથી ગામલોકોને તેનું હરવખત કામ પડે એટલે ગામના પટેલ તથા કેટલાક આગેવાન લોકો શેઠની આબરૂ જાળવી રાખવા તેની મહોબતમાં ખેંચાયા અને બધાએ મળી એવો નિર્ણય કર્યો કે, "લોખંડની સાંકળી અગ્નિમાં તપાવી લાલચોળ થાય તે રૂપજી પોતે પોતાના ગળામાં પહેરી લે તો રૂપજીનું કહેવું સાચું માનવું નહિતર શેઠ માથે મિથ્યા આરોપ મૂકવા બદલ તેનો દંડ કરવો."

વાણિયો ખૂબ ખુશ થયો કે, 'આવી આકરી પરીક્ષા રૂપજી આપી શકશે નહિ.' પછી ગામલોકોએ રૂપજીને આ વાત જણાવી. રૂપજીએ તરત જ તે વાતનો સ્વીકાર કર્યો. પછી એક દિવસ અને સમય નક્કી કરવામાં આવ્યા, તે પ્રમાણે આખા ગામનાં માણસો ભેગાં થયાં. વાણિયો પણ ત્યાં હાજર થયો. જોવા આવેલા કેટલાક લોકો વાણિયાનો પક્ષ લઇને, ત્યારે કેટલાક સરલ સ્વભાવના બાળક રૂપજી ઉપર દયા લાવી અનેક પ્રકારની વાતો કરી રહ્યા હતા. લોખંડની જાડી સાંકળ અગ્નિમાં તપીને લાલચોળ થઇ ત્યારે રૂપજીને પડકાર્યા – "સત્યવાદીના દીકરા ! આવી જા મેદાનમાં, તારું કહેવું સત્ય હોય તો આ સાંકળ તારી કોટમાં પહેરી દે."

રૂપજીભાઇ તરત જ લોકોની મેદની વચ્ચે નીડરપણે આવીને ઊભા રહ્યા. અને

સમાધિમાં પોતાને જે પ્રભુનાં દર્શન થયાં હતાં તેમને સંભાર્યા, ત્યાં અભયદાન આપતો પ્રભુનો વરદ હસ્ત પોતાના મસ્તક ઉપર વિરાજતો દેખાયો, તેથી રૂપજીની શ્રદ્ધા અને હિંમતમાં પ્રભુકૃપાનું અજબ બળ આવ્યું એટલે સર્વ લોકો જોઇ રહે તેમ ઊંચા અવાજથી 'સ્વામિનારાયણ' નામની ગંભીર ગર્જના કરી ધગધગતી લાલઘૂમ થયેલી સાંકળ પોતાના હાથથી ઉઠાવી એકદમ પોતાના ગળામાં નાખી સ્થિર ઊભા રહી આંખો મીંચી કોઇ મોટા યોગીની પેઠે પ્રભુનું ધ્યાન કરવા લાગ્યા.

આખા ગામના સઘળા લોકો અત્યંત આશ્ચર્ય પામી રૂપજીની શ્રદ્ધા, નિષ્ઠા અને પ્રભુકૃપાની વારંવાર વાહ વાહ બોલવા લાગ્યા અને અનેક માણસો રૂપજી પાસે આવી દ્રવિત હૃદયથી રૂપજીને સાંકળ ત્યાગ કરવા માટે વીનવવા લાગ્યા. રૂપજીએ ફરીથી પ્રથમની પેઠે 'જય સ્વામિનારાયણ' એ નામની ગર્જના કરી સાંકળ ગળામાંથી કાઢી નીચે મૂકી દીધી. અને પોતાની આવી અતિ કઠિન પરીક્ષામાં રક્ષા કરવા બદલ પ્રભુનો ઉપકાર માની સ્તુતિ–પ્રાર્થના કરવા લાગ્યા. ગામલોકોએ રૂપજીના પૈસા તરત જ આપી દેવાની વાણિયાને ફરજ પાડી અને રૂપજીને પ્રહલાદજી જેવો સર્વોત્તમ ભક્ત માનવા લાગ્યા. પછી વાણિયાએ, ગભરાતાં શરમાતાં, રૂપજીના પૈસા સૌની રૂબરૂમાં આપી દીધા. એ વખતે રૂપજીની અવસ્થા ફક્ત ૧૭ વર્ષની હતી.

ઉપરના બનાવ પછી તરઘરી ગામનો ત્યાગ કરી રૂપજીભાઇ ખાસ ઓળખાણથી કચ્છભૂજ જેટલે દૂર કામધંધાની અનુકૂળતા મળવાથી ગયા ને ત્યાં છ વર્ષ સુધી રહ્યા. એ વખતે કચ્છમાં સ્વામિનારાયણ સંપ્રદાયની કીર્તિ ખૂબ જ ફેલાઇ ગઇ હતી. સત્સંગનો પ્રચાર ઘણો જ થયેલો હતો. ધીરે ધીરે તેમને સારા સારા ઘણા સત્સંગીઓનો યોગ થયો. ભૂજના અગ્રેસર સત્સંગી ગંગારામ જેઠી (મલ્લ) નો તેમને ઘણો સમાગમ થયો; તેથી રૂપજીને શ્રીજી મહારાજનો ભારે મહિમા સમજાયો અને અસાધારણ ભક્તિભાવ પ્રગટ્યો તથા સંસારવ્યવહારમાં અણગમો થયો અને વૈરાગ્યની ઉત્તમ સ્થિતિવાળા બની ગયા.

કચ્છભૂજમાં રહ્યા એ વખતે રૂપજીની ૨૨ વર્ષની ભરયુવાની હતી એટલે લગ્ન કરવા માટે સગાં–સ્નેહીઓ તરફથી ઘણા જ આગ્રહથી કહેવામાં આવ્યું. ત્રણેય ભાઈઓએ પણ લગ્ન માટે અત્યંત આગ્રહ કર્યો હતો. પરંતુ એમનો ભગવાનનો

મહિમા અને સંસારનું અસારપણું એટલું બધું દૃઢ થઇ ગયું હતું કે, જેથી લગ્નબંધનથી સંસારના બંધનમાં બંધાઈને જીવન પરાધીન કરવાનું તેમને યોગ્ય ન લાગ્યું. તેથી જીવનભર નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવાનો નિશ્ચય કર્યો. સગાં-સ્નેહીઓ ઉપર તેમના દૃઢ નિશ્ચયની અપ્રતિમ છાપ પડી. બ્રહ્માનંદનું ગૌરવ સમજનાર મહાપુરુષ વિષયાનંદમાં શી રીતે જોડાઇ શકે ? જે ઈશ્વરી આનંદથી સદા તૃપ્ત હોય તેને કોઇની આવશ્યક્તા હોતી નથી. જીવાત્મા જયાં સુધી માયિક વસ્તુ, પદાર્થો સાથે જોડાય છે ત્યાં સુધી તે અપૂર્ણ કે અતૃપ્ત જ રહે છે. સર્વ રીતે પૂર્ણ તો એક પરમેશ્વર જ છે. જે પ્રભુ સાથે સંલગ્ન બને છે તે પૂર્ણ થાય છે. પછી તેને બધું તૃણ સમાન તુચ્છ લાગે છે. ચક્રવર્તી સમ્રાટ જેવો સર્વોત્તમ પદનો ત્યાગ કરવો એ પણ તેમને આનંદદાયી નીવડે છે. **पूर्णस्य पूर्णमादाय, तस्मिन् द्रष्टे परावरे, रसो वै सः, रसं लब्ध्वा आनन्दीभवति. अमृतस्य एष सेतुः** ઇત્યાદિ ઉપનિષદની શ્રુતિઓનું એ જ તાત્પર્ય છે.

કચ્છ ભૂજમાં છ વર્ષ રહી રૂપજીભાઇ રાજકોટ આવ્યા. ત્યાં પોતાના ભાઈઓ રહેવા આવ્યા હતા તેમની સાથે રહ્યા (રાજકોટમાં તેમની કુટુંબપરંપરામાં અત્યાર સુધી સત્સંગ છે.) રાજકોટથી રૂપજીભાઇ સગાં-સ્નેહીઓને મળવા માટે વાંકાનેર, મૂળી થઈને વઢવાણ (સુરેન્દ્રનગર) પાસે ખારવા ગામમાં આવ્યા. એ વખતે એમને તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયેલો હતો અને પ્રભુદર્શનની ઝંખના લાગી હતી. સૂતાં બેઠાં, નાતાંધોતાં, હાલતાંચાલતાં, એમ રાત્રિદિવસ સર્વ ક્રિયામાં પ્રભુનું ભજન-સ્મરણ કરવું અને ગામ બહાર સીમમાં ફરવું તથા કોઇ ઝાડ નીચે એકાંતમાં બેસી પ્રભુસંબંધી નવાનવા દુહા, સવૈયા, જોડકણાં વગેરે બનાવી તેને મધુર સ્વરે પ્રેમથી ગાયા કરતા હતા.

ખારવા ગામમાં રાબા અટકના એક ધના રાબા નામના ચારણ રહેતા હતા. તેઓ ચુસ્ત સત્સંગી હતા. તે ધના રાબા પણ તળાવના કિનારા ઉપર ફરવા આવેલ. રૂપજી ત્યાં મધુર કંઠે કવિતા ગાઇ રહ્યા હતાં. એમણે જાણ્યું કે, આ કોઇ ભગવાનના પરમ ભક્ત જણાય છે. પછી એકબીજાનો પરિચય થયો એટલે કેટલીક જ્ઞાનગોષ્ઠિ થઇ. તેમાં મનુષ્યદેહથી જો મોક્ષ ન મેળવી શકાય તો બધું નકામું છે-આ બાબતની વિશેષ ચર્ચા-વિચારણા થઇ ત્યારે ધના રાબાએ કહ્યું: "અત્યારનો સમય એવો છે કે

પ્રગટ ભગવાનના આશ્રય વિના કલ્યાણ થવું દુર્લભ છે. ત્યારે રૂપજીભાઇ તરત જ બોલી ઊઠયા: "અત્યારે પૃથ્વી ઉપર વિચરણ કરી રહેલા ભગવાન શ્રીસ્વામિનારાયણ એ સર્વોપરિ પ્રત્યક્ષ પરમાત્મા છે. એમની કૃપાથી આત્યંતિક કલ્યાણ અવશ્ય મળે એવો મારો દૃઢ નિશ્ચય છે. હજુ સુધી મેં એ પ્રગટ પ્રભુનાં દર્શન કર્યાં નથી. એમનાં દર્શન કરવાની તીવ્ર ઈચ્છા છે." ધના રાબો રૂપજીભાઇની બળભરી વાણી સાંભળીને ઘણા જ રાજી થયા. પછી તો બંનેયને પરસ્પર ખૂબ પ્રેમભાવ થયો. પછી શ્રીજી મહારાજનાં દર્શન કરવા બંનેય સાથે ગઢડા ગયા.

પગે ચાલી બીજે દિવસે બંને ગઢડા પહોંચ્યા. એ વખતે ભારે ભારે વસ્ત્રો અને આભૂષણો પહેરી રોઝે ઘોડે સ્વાર થઇ અનેક સંતો, પાર્ષદો અને સત્સંગીઓના સમૂહ સાથે દાદા ખાચરના દરબારમાંથી નીસરી લક્ષ્મીવાડીએ જતાં શ્રીજીમહારાજ એમને બજારમાં સામા મળ્યા. કોઇ મહારાજા સુશોભિત વિજયસ્વારી સાથે નીકળે અને જેમ હજારો લોકો ચોતરફથી જોવા દોડી આવે, તેમ ગઢપુરની બજારમાં હજારો ભક્તજનોથી ઘેરાયેલી શ્રીજી મહારાજની સ્વારીની અત્યંત આકર્ષક શોભા નિહાળીને રૂપજીભાઇની મનોવૃત્તિ શ્રીજી મહારાજની મૂર્તિમાં તલ્લીન બની ગઇ, શ્રીજીપ્રભુ આગળ ચાલતા સત્સંગીઓ અને સંતો ધૂનકીર્તનની રમઝટ બોલાવી રહ્યા હતા. આ અલૌકિક મનમોહક દૃશ્ય જોઇને રૂપજીભાઇ પણ પોતે તત્કાળ બનાવેલું કીર્તન પહાડી સ્વરથી ગાવા લાગ્યા. હજારો જનસમુદાય વચ્ચે પણ એમના પ્રેમથી ભરેલા શબ્દો શ્રીજીમહારાજને કાને પહોંચ્યા. મહારાજે દૃષ્ટિ ફેરવી જોયું. ત્યાં ધના રાબા સાથે રૂપજીભાઇને "સર્વે સખી જીવન જોવાને ચાલો રે" એ કીર્તન ગાતા જોઇ હાકલ કરી હાથની સાનથી પાસે બોલાવ્યા. જનસમુદાયે તરત જ માર્ગ કરી આપ્યો, રૂપજીભાઇએ પાસે જઇ બજાર વચ્ચે અતિશય હર્ષથી સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી શ્રીજી મહારાજનાં ચરણ સ્પર્શ કરી પ્રેમનાં આંસુ વહાવ્યાં. પછી સહુની સાથે લક્ષ્મીવાડીએ પહોંચ્યા. લક્ષ્મીવાડીમાં મહારાજે આંબા નીચે સભા કરી રૂપજીભાઇને પાસે બેસાડી – 'સર્વે સખી જીવન જોવાને ચાલો રે" એ કીર્તન બોલાવ્યું. અને ખૂબ ખૂબ રાજી થઇને રૂપજીના મસ્તક ઉપર બે હાથ મૂક્યા. પછી સભામાં સૌ સાંભળે તેમ કહ્યું: "આ રૂપજી અમારા પરમ એકાંતિક ભક્તરાજ છે. મયૂર મેઘની રાહ જુએ તેમ તેઓ ઘણા સમયથી અમારાં દર્શનની રાહ જોતા હતા. કેમ રૂપજી ! હવે ક્યાં સુધી અમારાથી દૂર સંસારમાં ભટકવું છે ?" રૂપજીએ કહ્યું "મહારાજ !

આપનાં દર્શનની રાહ જોઈ રહ્યો હતો. હવે ઘેર પાછું જવું નથી. આપની સેવાનો લાભ આપવા કૃપા કરો. અસંખ્ય જન્મથી સંસારચક્રમાં કૂટાતો પીટાતો ક્યો બુદ્ધિશાળી જીવાત્મા પરબ્રહ્મનાં ચરણારવિંદની પ્રાપ્તિ થવા છતાં તેનો ત્યાગ કરી ભવાબ્ધિમાં ભટકવાનું પસંદ કરે ?" આ પ્રમાણે રૂપજીભાઈની વિનયભરી વાણી સાંભળી શ્રીજીમહારાજ ખૂબ પ્રસન્ન થયા. પછી લક્ષ્મીવાડીની એ સભામાં એજ સ્થળે તત્કાળ રૂપજીભાઈને સાધુદીક્ષા આપીને પ્રથમ 'ભુદરાનંદ' એવું નામ પાડ્યું. એમનું કીર્તન 'સર્વે સખી જીવન જોવાને ચાલો રે' એ મહારાજને એટલું બધું પ્રિય હતું કે, તે સ્વામી પાસે હરવખત ગવરાવતા. એક વખત તેમના બનાવેલાં બીજાં કીર્તનો સાંભળી છેલ્લા પદના અંતમાં આવતું ભુદરાનંદ નામ બોલવામાં સરલ ન લાગવાથી મહારાજે એ નામ ફેરવી **ભૂમાનંદ** એ નામ પાડ્યું.

અગત્યની સૂચના :

શ્રીજીદીક્ષિત નંદસંતોમાં એક નામના બબે ચારચાર સંતો હતા. તેથી કેટલીક બાબતો ભૂલથી સેળભેળ થઇ ગયેલી છે, તે તલસ્પર્શી ઊંડા સંશોધન વિના જાણવી ઘણી જ મુશ્કેલ છે. ભૂમાનંદ નામના બે સંતો હતા.

ભૂમાનંદ પુરાણી હોય, કરે ભક્તિ હરિની સોય, ૨૨.
(મંજુકેશાનંદકૃત પરમહંસનામમાલા)

મોટા ભૂમાનંદ સ્વામી કવિ અને પુરાણી હતા અને મૂળી તથા અમદાવાદ બંનેય મંદિરોમાં રહેતા. અમદાવાદ દેશના પેથાપુર–માણસા ગામમાં સં. ૧૯૨૪ મહા વદ ૮ ના રોજ અક્ષરવાસી થયેલા, તેમના શિષ્ય પુરાણી બાલકૃષ્ણદાસ, તેમના ભગવાત્સ્વરૂપદાસ, તેના પુ. ભગવાનદાસ અમદાવાદમાં હતા. નાના ભૂમાનંદ સ્વામી વડતાલમાં રહેતા. હરિલીલામૃતગ્રંથમાં ભૂમાનંદ મુનિ અને વાઘજીભાઈનો સંવાદ છે. તે નાના ભૂમાનંદનો છે. તેઓ સં. ૧૯૩૮ ચૈત્ર સુદ બીજના અક્ષરવાસી થયેલા. વડતાલમાં તેમના શિષ્ય પદ્મનાભદાસ, પુ. રૂકમણિરમણદાસ વગેરે હતા. તેમના શિષ્ય પુ. ભૂધરચરણદાસ, પુ. મુરારિચરણદાસ વગેરે હતા.

* * *

૭ : સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી

ઝાલાવાડ પ્રદેશમાં વઢવાણ (સુરેન્દ્રનગર) પાસે મેમકા ગામના મૂળજી શેઠ ઘણા જ સેવાભાવી એકાન્તિક ભક્ત હતા. તેથી શ્રીજી મહારાજ ત્યાં ઘણી વખત પધાર્યા હતા. વિ. સં. ૧૮૬૦ની સાલમાં મૂળજી શેઠ કારિયાણીથી શ્રીજી મહારાજને મુક્તાનંદ સ્વામી વગેરે સંતો સહિત પહેલી વાર મેમકા તેડી લાવ્યા હતા. એ વખતે મહારાજે ઘણા ચમત્કારો જણાવીને તથા કેટલાક મુમુક્ષુઓને સમાધિ કરાવીને કેટલાંક ગામડાંઓમાં સત્સંગ કરાવ્યો હતો.

ત્યાર પછી મૂળીની ચારે બાજુ ઝાલાવાડ પ્રદેશમાં મુક્તાનંદ સ્વામી વગેરે સંતો સહિત શ્રીજી મહારાજ ખૂબ ફરેલા. તેથી તે તરફ ઝાલા, જાડેજા, પરમાર વગેરે ગરાસદાર ક્ષત્રિયોમાં તથા બ્રાહ્મણ, વાણિયા અને પાટીદાર આદિ જ્ઞાતિઓમાં સત્સંગનો ઘણો સારો પ્રચાર થયો. એટલે નિયમ-નિશ્ચયની ટેકવાળા, માથા સાટે સત્સંગ રાખે તેવા, ભારે શૂરવીર સત્સંગીઓ થયા. કચ્છ, કાનમની પેઠે ઝાલાવાડનો સત્સંગ પણ ઉત્તમ કોટિનો ગણાય છે. એ બાજુના ગામોના નંદ સંતો પણ ઘણા થયા હતા.

પૂ. આધારાનંદ સ્વામીની માફક ઝાલાવાડમાંથી અનેક સંતો થયા છે જેમાં મેથાણ ગામના (અજા પટેલ) પૂર્ણાનંદ સ્વામી, કેવલાત્માનંદ વગેરે ઘણા નંદ સંતો થએલા. નરનારાયણાનંદ, યોગાનંદ, કૃષ્ણાનંદ એ ત્રણ રામગ્રિ ગામના હતા. કવિ પૂર્ણાનંદ હેબતપુરના. અદ્‌ભુતાનંદ સ્વામી, નાના ચૈતન્યાનંદ તથા નિષ્કામાનંદ, એ કડુ ગામના હતા. ભૂજવાળા વૈષ્ણવાનંદ સ્વામી ધનાળાના. શ્રીજીના બાર ગુરુભાઈ સંતો માંહેના પરમચૈતન્યાનંદ સ્વામી તથા અખંડાનંદ બ્રહ્મચારી (શિવરામ ભટ્ટ) એ શિયાણી ગામના હતા. અને આધારાનંદ ઉર્ફે સિદ્ધાનંદ સ્વામી ખોલાડીઆદ ગામના હતા. આ બધી હકીકત મૂળી તથા અમદાવાદ વગેરેના અનેક વૃદ્ધ સંત હરિભક્તોને રૂબરૂ મળી, ઘણાં વર્ષોની શોધખોળને અંતે ખૂબ જ ચોક્કસ કરીને લખી છે. આધારાનંદ નામના બે સંતો હતા. છોટા આધારાનંદ સ્વામી એવું ચરણાવિંદમાં લખેલું છે તે ઉત્તર પ્રદેશના હતા.

આધારાનંદ બેઉનાં નામ, તેમાં એક શિલ્પવેત્તા ગુણધામ.
(નંદનામમાળા)

હવે આધારાનંદ સ્વામીનું જીવનચરિત્ર જાણવા માટે થોડો ઈતિહાસ તપાસીએ. વિ. સં. ૧૮૬૦ની સાલમાં મૂળજી શેઠના આગ્રહથી શ્રીજી મહારાજ મેમકા પધારેલા, ત્યારે ત્યાં થોડા દિવસ ભક્તજનોને સેવા–સમાગમનું અલૌકિક સુખ આપી, ત્યાંથી ચાલ્યા ત્યારે મૂળજી શેઠ, હંસરાજ સુતાર, પટેલ શામાભાઈ ક્રણસાગરા તથા પટેલ શામાભાઈ અગોલા એ ચારેય સત્સંગીઓ ઘણે દૂર સુધી શ્રીજી મહારાજને વળાવવા ગયા. ત્યારે માર્ગમાં મહારાજે એ ચારે જણને પૂછ્યું કે "તમે અમારી આજ્ઞા માનશો ?" ત્યારે તેમણે કહ્યું, "તમે જેમ આજ્ઞા કરશો તે પ્રમાણે અમે વર્તશું." ત્યારે મહારાજે કહ્યું: "વીસ દિવસની અંદર તમે વઢવાણ પરગણું (તાલુકો) છોડી દઇ બધી ઘરવખરી લઈને બીજા તાલુકામાં રહેવા જતા રહેજો. કારણ કે થોડા દિવસમાં બાબા સાહેબનું લશ્કર આવશે તેને વઢવાણના રાજા સાથે લડાઇ થશે એટલે વઢવાણ ઉજ્જડ થઇ જશે અને આ મેમકા ગામને બાળી દેશે. માટે તમે બધા કોઇ સારા ગામમાં રહેવા જતા રહેજો." આ પ્રમાણે આજ્ઞા કરી મહારાજ બીજા ગામ તરફ ગયા. પછી તરત જ શેઠ મૂળજીભાઈ લિમલી રહેવા ગયા. બંનેય શામા પટેલ ચાણપર ગયા. અને હંસરાજ સુતાર ખોલડિયાદ ગામ રહેવા ગયા. (નિર્ગુણદાસ સ્વામીની વાતોને આધારે) ગુર્જર સુતાર હંસરાજભાઈ તથા એમનાં ધર્મપત્ની ચુસ્ત સત્સંગી હતાં. એમને શ્રીજી અને સંતોને વિષે અસાધારણ પ્રેમભાવ હતો. તથા સત્સંગનું ખૂબ જ મમત્વ હતું. એટલે એમણે ખોલડિયાદ ગામમાં જઈને તરત જ પોતાના મકાનના એક ભાગમાં મંદિર બનાવ્યું અને સવાર સાંજ ધૂનકીર્તન તથા કથાવાર્તા ચાલુ કર્યાં. આથી ધીરે ધીરે ઘણા લોકો સત્સંગી થયા. **ખરા ભક્ત ખોલડિયાદ ગામ, જન સુતાર હંસરાજ નામ.** (ભક્તચિં. ૧૧૭). હંસરાજભાઈનાં ધર્મપત્ની બહુ જ ધર્મનિષ્ટાવાળાં હતાં તેથી એમણે પોતાના ઘરમાં, કુટુંબમાં અને ગામનાં બૈરીઓમાં ધર્મના સંસ્કારો રેડી સત્સંગની બળવાન પ્રવૃત્તિ કરેલી. **માતા–પિતાના સંસ્કારો, ભાવના અને એમના શુભ વર્તનની છાપ બાળકો ઉપર અવશ્ય પડે છે,** તેમાં વળી આગ્રહી અને હમેશની કાળજીવાળાં માતા–પિતાની પ્રજા, ધર્મનિષ્ઠ બને એ સ્વાભાવિક બીના છે. આ ન્યાયે હંસરાજભાઈના ત્રણેય પુત્રો પિતાથી વધે તેવા

ધર્મનિષ્ઠ હતા. એમના મોટા પુત્ર વીરજીભાઇ (મૂળીના વયોવૃદ્ધ પુરાણી ધર્મકિશોરદાસજી પાસેથી નામ જાણેલું) તો બાળપણથી જ સત્સંગપરાયણ બની ગયા હતા. ધ્યાનભજન કરવું અને કીર્તનો ગાવાં એ એમનું મુખ્ય અંગ હતું. પિતા-પુત્ર જ્યારે કીર્તનો ગાતા હોય ત્યારે સાંભળનારા સત્સંગીઓને પણ પ્રભુના પ્રેમનો અલૌકિક આનંદ આવતો. આવી એમની ઉચ્ચ કોટિની ભક્તિભાવના હતી તથા સેવા-સમાગમ અને જપ-તપ કરવામાં તેઓ ખૂબ જ શ્રદ્ધાવાળા હતા.

હંસરાજભાઇ અને તેમના પુત્ર વીરજી એ બંનેયના મનમાંથી સંસારની આસક્તિ ટળી ગઇ હતી, એટલે એમણે પોતપોતાના મનમાં સંકલ્પ કરેલ કે, "આપણે સાધુદીક્ષા લઇ શાંતિથી ભજન કરી લેવું." પ્રથમ વીરજીભાઇએ પોતાનાં માતુશ્રીને કહ્યું: "જો તમે રાજી થઇને રજા આપો તો મારે સાધુ થઇ જવું છે. એમનાં માતુશ્રી પુત્રની રુચિ અને પ્રભુમય સ્થિતિનાં પૂરાં જાણકાર હતાં. એટલે વિચાર કર્યો કે, "આને હું ના પાડીશ તોપણ અંતે મારે હા પાડવી જ પડશે, કારણ કે બાળપણથી મેં જ એનું જીવન પ્રભુપરાયણ બનાવ્યું છે. જેની પ્રભુના દિવ્ય સુખમાં દૃષ્ટિ પહોંચી ગઇ હોય એ આ લોકના રાજવૈભવમાં પણ લોભાય નહિ. આવો ગુણીઅલ પુત્ર સાધુ થશે તો એ બીજા અનેક જીવાત્માઓનાં કલ્યાણ કરશે." આમ ચોક્કસ કરી વીરજીની માતુશ્રીએ સાધુ થવાની હા પાડી, તેથી વીરજીભાઇ ઘણા રાજી થયા અને માતાનાં ચરણનો સ્પર્શ કરી એમનો અત્યંત ઉપકાર માન્યો.

થોડા દિવસ પછી હંસરાજભાઇએ પોતાનાં પત્નીને વાત કરી કે, "શ્રીજી કૃપાથી આપણા પુત્ર ધર્મવાળા, આપણી આજ્ઞા પ્રમાણે વર્તનારા અને કામધંધામાં ખૂબ કુશળ તથા લોકવ્યવહારમાં પણ ઘણા હોંશિયાર છે. આપણે કોઇ પ્રકારની ચિંતા કરવી પડતી નથી. શાંતિથી ભજન-સ્મરણ થાય છે. પરંતુ મારો વિચાર તો એવો છે કે, હવે બાકીની જિંદગી શ્રીજી મહારાજની સેવામાં સમર્પણ કરી દેવી; સંસારનો ત્યાગ કરી સાધુ થઇ જઇએ તો એકાગ્ર મનથી શ્રીજીનું ભજન અને હમેશાં સેવા થાય. માટે મારી તો કાલે જ સાધુ થવા ગઢડા જવા ઇચ્છા છે."

હંસરાજભાઇની વાત સાંભળી એમનાં પત્ની બોલ્યાં – "તમોએ ઘણો સારો વિચાર કર્યો છે. તમારા વિચારમાં મારે સંમત થવું એ મારો ધર્મ છે. પરંતુ તમારા

કરતાં દશ ગણી અધિક શ્રીજીસેવા કરી શકે એવા આપણા પુત્ર વીરજીએ પણ સાધુ થઇ જવાની પૂરી તૈયારી કરી લીધી છે. માટે તમો બંનેયમાંથી સુખદુ:ખ સહન કરી જે વધારે સેવા કરી શકે તે ત્યાગી થાય. હવે શું કરવું તેનો નિર્ણય તમારે જ કરવાનો છે."

પત્નીની વાત સાંભળી હંસરાજભાઇ ઘણા વિચારમાં પડી ગયા, કારણ કે ગુણિયલ યુવાન અને વિવાહિત પુત્ર ત્યાગી થઇ જાય એ લોકવ્યવહારમાં ઠીક દેખાશે નહિ. આમ ધારી એમણે વીરજીને યુક્તિપ્રયુક્તિથી ઘરમાં રહી પ્રભુભજન કરવાનું ખૂબ ખૂબ વારંવાર સમજાવ્યું પણ વીરજીનું મન મનાવી શકયા નહિ. પછી પિતા-પુત્ર બંને સમૈયા ઉપર ગઢપુર ગયા. ત્યાં હંસરાજભાઇએ બધી હકીકત મુક્તાનંદ સ્વામીને કહી બતાવી. સ્વામીએ એકાંતમાં બોલાવી બંનેયની પૂરી હકીક્ત જાણી. પછી જે રીતે સમજાવવા ઘટે તેમ સમજાવ્યા, પણ વીરજીનો તીવ્ર વૈરાગ્ય અને શ્રેષ્ઠ સમજણ જોઇને સ્વામીએ તેને સાધુ થવાની હા પાડી, અને હંસરાજભાઇને કહ્યું: "તમે ત્યાગી થવા કરતાં ઘેર રહીને સત્સંગની વધારે સેવા કરી શકશો. માટે તમે ઘેર રહો અને વીરજી ભલે સાધુ થઇ જાય."

આ રીતે મુક્તાનંદ સ્વામીએ પિતાપુત્રને સુંદર રીતે સમજાવી પરસ્પર સદા પ્રેમભાવ રહે તેવું મનનું સુખદ સમાધાન કર્યું. પછી હંસરાજભાઇ તથા તેમના પુત્ર વીરજી એ બંનેયને મુક્તાનંદ સ્વામી શ્રીજી મહારાજ પાસે લઇ ગયા. અને મહારાજને પુત્રની રસપ્રદ સંપૂર્ણ હકીક્ત કહી સંભળાવી. તે સાંભળીને શ્રીજી મહારાજ બંનેયને બાથમાં લઇ ખૂબ પ્રેમથી ભેટયા, અને અત્યંત પ્રસન્ન થયા. પછી મહારાજે વીરજીને સાધુદીક્ષા આપી અને **આધારાનંદ** એવું નામ પાડયું.

મોટાભાઇ (સચ્ચિદાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ) ઘરનો ત્યાગ કરીને સાધુ થવા ચાલ્યા તે ગામ ખોલડિયાદ હંસરાજને ત્યાં રાત રહ્યા. તે દિવસે તેમનાં ઘરનાં માણસે ઘરમાં સર્વ મનુષ્ય સારુ રસોઇ કરી હતી તે પોતે એકલા જમી ગયા. ત્રણ દિવસ સુધી એમણે એમ કર્યું. તેથી આધારાનંદ સ્વામીની માએ આધારાનંદ સ્વામીના બાપને કહ્યું જે, "મોટાભાઇ તો આપણે ત્યાં નહિ પલવાય."

(અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો ૩૬).

આ પ્રામાણિક દાખલાથી નિશ્ચિત થાય છે કે આધારાનંદ સ્વામી ખોલડિયાદ ગામના હંસરાજ સુતારના પુત્ર હતા.

આધારાનંદ સ્વામી પૂર્વાશ્રમમાંથી જ બધી કલાકારીગીરીમાં ઘણાં કુશળ હતા. અને એમનો સ્વભાવ અત્યંત સરળ ને સેવાભાવી હતો. એથી એમને જે કામ સોંપવામાં આવે તે તેઓ પૂરી કાળજી રાખી સુંદર રીતે કરતા. તેઓ એક સારામાં સારા ચિત્રકાર પણ હતા. તેથી નાની મોટી, સાદી કે સોનેરી રંગની શ્રીજી મહારાજની ભવ્ય મૂર્તિઓ તેઓ બનાવતા. આધારાનંદ સ્વામીએ પોતે બનાવેલી પૂજામાં રાખવા લાયક અને ખાત્રીપૂર્વક ગુરુપરંપરાથી મળેલી મૂર્તિઓ આજે પણ કેટલાક સંતો પાસે જોવા મળે છે. આથી સ્વામીશ્રી શ્રેષ્ઠ ચિત્રકાર હતા એ ચોક્કસ થાય છે. અને આ વાત હરિની જન્મપત્રીના અંતિમ શ્લોકથી સિદ્ધ થાય છે.

संवद्वेदेभवस्विन्दुपरिमितसमायां शुभाषाढमासे
शुक्ले पक्षे दशम्यां सबुधदिनतिथौ शास्त्रसन्ङविलोक्य ।
लाधारामेति नाम्ना गणितविधिविदा लिखितेयं द्विजेन
चाधारानन्दनाम्ना गुणिजनगुरुणा चित्रिता जन्मपत्री ॥

(सं. १८८४)

તેમજ સત્સંગિજીવનના ચોથા પ્રકરણના ૨૮મા અધ્યાયમાં લખ્યું છે કે, "જૂનાગઢથી નારાયણજી સુતારને બોલાવી શ્રીજી મહારાજે ત્રણ મૂર્તિઓની છાપો તેની પાસે બનાવરાવી અને આધારાનંદ સ્વામી પાસે એ છાપોથી કાગળ ઉપર હજારો મૂર્તિઓ છપાવી. પછી તે મૂર્તિઓ દરેક ભક્તજનોને પૂજવા આપી."

आधारानन्दमुनिना, ततस्ताभिरचित्रयत् ।
मुद्राभिः काकुदेष्वेव प्रतिमाः स सहस्त्रशः ॥

આધારાનંદને છાપો આપી, કહ્યું કાગળમાં દેજો છાપી,
મુનિએ મૂર્તિઓ છાપી દીધી, પ્રેમે પૂજવા સૌ જને લીધી.

(હરિલીલામૃત ૮-૩૬-૪૦)

આ વાતની પૂર્તિ તેમના પોતાના જ ગ્રંથ 'હરિચરિત્રામૃતસાગર' માંથી મળે છે. તેના પુર ૨૦ તરંગ ૫૮માં લખ્યું છે કે,

જન્માષ્ટમી કે દિન જબહિ, આવત ભયે શ્રીહરિ તબહિ,
નરનારાયન તાકિ જીતના, છાપકિ મૂર્તિ રહાયે તિતના ૩૨
નિષ્કુલ મુનિ પાસ મગાયે, સિદ્ધમુનિ છાપે રહે તાયે.
છાપકિ મૂર્તિ શ્રીહરિ જોઇ, પ્રસન્ન ભયે અપાર હિ સોઇ ૩૩
નારાયનજી તાકું બોલાઇ, મેરામનિ કરેઉ હરિ તાઇ,
નિષ્કુલમુનિ સિદ્ધમુનિ તાકું, ફુલકે હાર દિયે હરિ વાકુ ૩૪

એટલે કે જૂનાગઢથી દર્શન માટે નારાયણજી સુતાર આવ્યા. તેમની પાસે નરનારાયણની છાપની મૂર્તિ કરાવી. તે છાપ જોઇને શ્રીહરિ બહુ રાજી થયા. જન્માષ્ટમીને દિન ગઢપુરમાં સંતહરિજન આવ્યા. શ્રીહરિએ નિષ્કુળમુનિ પાસે આ છાપો મંગાવીને સિદ્ધમુનિએ છાપવા માંડી. પછી નારાયણજીને બોલાવી શ્રીહરિએ પહેરામણી આપી તથા નિષ્કુળમુનિ અને સિદ્ધમુનિને ફૂલના હાર અને છાતીમાં ચરણ આપ્યાં. છાપો છાપવાને માટે શ્રીહરિએ સિદ્ધમુનિને પોતાની પાસે રાખ્યા.

(સંક્ષિપ્ત ગુર્જરાનુવાદ)

વળી એક વખત શ્રીજી અમદાવાદમાં પધારેલા ત્યારે આધારાનંદ સ્વામી હાજર હતા. શ્રીહરિએ સલાટને હનુમાનજીની મૂર્તિ તૈયાર કરવા કહ્યું. સલાટે કહ્યું કે "મને ચિતરતાં આવડતું નથી, જેથી ચિતરીને નમૂનો આપો તો તે પ્રમાણે મૂર્તિ બનાવું." શ્રીહરિએ આધારાનંદ સ્વામીને બોલાવ્યા ને કહ્યું કે, "હું પાટ ઉપર જે રીતે બેઠો છું તે રીતે ખહરો કરો." આધારાનંદ સ્વામીએ તે મુજબ ચિત્ર દોરીને સલાટને આપ્યું ને તે મુજબ તેણે હનુમાનજીની મૂર્તિ તૈયાર કરી.

"કાગદમેં મૂર્તિ કરાયે જીમિ, કરહિ જોઇકે હમ હિ તિમિ. ૮
આધારાનંદ મૂર્તિ હિ તિનકું, બોલાઇ સબ કહેઉ ઇનકું" ૯

(હરિચરિત્રામૃતસાગર, પુર ૨૮, ત. ૧૮)

એક વખત શ્રીહરિ સુરત પધાર્યા હતા. ત્યાંના એક ચિતારાએ શ્રીહરિને સામા બેસાડી ચિત્ર દોર્યું. આધારાનંદ સ્વામીએ પોતે દોરેલ ચિત્ર–વાસુદેવનારાયણ, બાજુમાં નરનારાયણ–એવું મોટા કદનું હતું તે નડિયાદમાં શ્રીહરિએ બિશપ હેબરને બતાવેલું ત્યારે પણ સ્વામી પોતે હાજર હતા. આ ચિત્ર આધારાનંદ સ્વામી પાસે એક વર્ષ રહ્યું. "એસે પટ જો જેહ, આધારાનંદ મુનિ યહ, પાસ રખાયે તેહ, શ્રીહરિ એક જો વર્ષ લગ. ૨૮" (હરિચરિત્રામૃતસાગર પુર ૨૮ ત. ૧૮)

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાધુઓ તથા બ્રહ્મચારીઓમાં ઘણા કવિઓ થઇ ગયા છે. તેઓએ પોતપોતાની રુચિ, શક્તિ અને અવકાશ પ્રમાણે શ્રીજીનાં ઐશ્વર્ય પ્રતાપ, મહિમા–મોટપ, અને લીલાચરિત્રોના નાનામોટા કેટલાય ગ્રંથો તથા સુંદર કીર્તનો કર્યા છે. અષ્ટ કવિઓ મુખ્ય ગણાય છે, તેમાં આધારાનંદ સ્વામીની કવિ તરીકે ગણના કરવામાં આવી છે. પરંતુ આધારાનંદ સ્વામીએ કવિતામાં પોતાનું નામ સિદ્ધાનંદ રાખ્યું છે. કવિતા–કાવ્યમાં આધારાનંદ નામ બંધ બેસારવું અઘરું પડે છે અને સિદ્ધાનંદ એ નામ સરલતાથી બંધ બેસી જાય છે. માટે એ નામથી કાવ્ય કીર્તનો કર્યાં છે. આપણે આ બાબતને બરાબર ચોક્કસ કરવા સદ્. પ્રસાદાનંદ સ્વામીકૃત શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃત, વિશ્રામ ૩૮નો આધાર લઇએ.

"એક ચારણ ભાવનગર ગયો હતો ને રાજા વજેસંગનું કવિત બનાવ્યું તેથી તેને ઘોડો આપ્યો. પછી ઘોડું લઇને તે ગઢડે આવ્યો ને દરબારમાં ઊતર્યો ને પછી મહારાજ પાસે આવ્યો ને પોતાનું કરેલું કવિત મહારાજને સંભળાવ્યું ને એમ બોલ્યો જે, હે મહારાજ, તમારી પાસે મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામી ને પ્રેમાનંદ સ્વામી આદિ મહાકવિ કહેવાય છે, તેમને મારે જોવા છે, ને તેમાં આવું કવિત કોઇ કરી શકે છે. ? ત્યારે મહારાજ બોલ્યા જે, કરીમભાઇ ! જાઓ, આપણા સાધુમાં કોઇ કવિ હોય તો બોલાવો. ત્યારે કરીમભાઇ કહે, આધારાનંદ સ્વામી માંદા જેવા છે તે આંહી છે, ને બીજા સંત નથી. પછી તેમને બોલાવ્યા. તે મહારાજ પાસે આવ્યા ને પગે લાગ્યા. તારે મહારાજ બોલ્યા જે, જુઓ, આ ગઢવી કવિત કરી લાવ્યા છે, તેવું તમે પણ કરી લાવો. પછી આધારાનંદ સ્વામીએ કવિત કરીને તે કાગળ મહારાજને આપ્યો.

છપય કવિત

શ્રીહરિકો સદન મદન કહું કોટિ લજાવે, શારદ નારદ શેષ મહેશ કોઉ પાર ન પાવે;
અક્ષર રૂપ અનુપ ઓરડી અજબ અનોખી, પાવે દર્શન દાસ હરિજન સંત સંતોષી;
સિદ્ધાનંદ સત્ય કહત હય, જયાં નહિ માયા આડ હય.
શ્રીહરિકે સદન પર ઝુકયો જાંબુકો ઝાડ હય.

પછી મહારાજે તે ગઢવીના હાથમાં કાગળ આપ્યો ને કહ્યું જે, તમે તપાસ કરો જે કિયું કવિત સારું થયું છે ? પછે તે ગઢવીનો ગર્વ ઊતરી ગયો. પછી મહારાજે તેને હાર આપી વિદાય કર્યો. આ સચોટ દાખલાથી આધારાનંદ સ્વામી સિદ્ધાનંદ એ નામથી કવિતા કરતા અને પોતે શીઘ્ર કવિ હતા એ સિદ્ધ થાય છે.

શ્રીજી મહારાજની હયાતીમાં આધારાનંદ સ્વામી એક સારા લહિયા તરીકે ઘણી સેવા કરતા, અને કાવ્યકવિતા પણ બનાવતા. તથા પૂજામાં પૂજવાની સુંદર મૂર્તિઓ તો કર્યા જ કરતા. અને એ વખતે સત્સંગમાં ચારે બાજુ શિખરબંધ નવાં મંદિરો તથા ઠેર ઠેર હરિમંદિરો મોટે પાયે બંધાઇ રહ્યાં હતાં. તેમાં જ્યાં જેવી જરૂરિયાત હોય તે પ્રમાણે આધારાનંદ સ્વામીએ ભારે પરિશ્રમ લઈને ખૂબ જાતમહેનત કરેલી. કરકસર અને કલાકારીગરીની દૃષ્ટિએ પણ કારખાનાનું બાંધકામ જાતદેખરેખથી કરાવ્યા કરતા. કામથી કંટાળ્યા વિના હસતે મોઢે એક પછી એક કામ કરવાની અતૂટ શ્રદ્ધા જોઈને શ્રીજી મહારાજ તથા મુક્તાનંદ સ્વામી, આધારાનંદ સ્વામી ઉપર ઘણીવાર પ્રસન્ન થયા હતા. આ અંગેના કેટલાક દાખલાઓ :–

શ્રીહરિ જયારે વડનગર પધાર્યા અને હાટકેશ્વર મહાદેવમાં સભા કરી ત્યારે ત્યાંના ગવૈયાએ એકઠા થઇ ગાન કર્યું. શ્રીહરિના પોતાના ગવૈયાઓએ પણ વાજિંત્ર વગાડી ગાન કર્યું અને તેમાં શહેરના ગવૈયા હાર્યા. તે વખતે દેવાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને સાથે આધારાનંદ સ્વામીએ સિતાર બજાવ્યાની વાત શાસ્ત્રી લક્ષ્મીરામ દેરાસરીએ પોતે તે સભામાં હાજર હતા તેમણે પોતાના 'લીલાચિંતામણિ'માં લખી છે.

શ્રીહરિએ બે વાર સંતનું મંડળ બાંધ્યું ને અમદાવાદ જવાની આજ્ઞા આપી. તેમાંના બાર સંતોમાં દસ સંતો ગવૈયા હતા અને એ દસમાં એક આધારાનંદ સ્વામી પોતે હતા.

ગવૈયા મુનિ રહાયે જે તે, પ્રેમાનંદ દેવાનંદ તે તે,
ભગવદાનંદ જોગાનંદ, રાઘવાનંદ ધ્યાનાનંદા ૧૦
સુખાનંદ આધારાનંદ પૂર્ણાનંદ મુકુંદાનંદા,
બારમે ભુધરાનંદ જેહા, સંતકે મંડલ બાંધે તેહા ૧૧
અચિંત્યાનંદ ભુધરાનંદા ગવૈયે એ દોનું ન રહંદા
દો વિન દશ ગવૈયે કહાતે, ચલે તબ શ્રીહરિ ભેટે રહાતે. ૧૨

(હરિચરિત્રામૃતસાગર પુર ૧૯ ત. ૧૭)

સંવત ૧૮૭૬ના માગશર સુદ ચોથના દિવસે ચોકમાં પલંગ ઉપર શ્રીહરિ પોઢી ગયા છે. દોઢ પહોર રાત્રી ગઇ એટલે મુક્તમુનિએ સરોદો લઇ બિહાગમાં કીર્તન ગાવા માંડયાં. શ્રીહરિની સમીપે દશબાર પાળા હતા તેમને શ્રીહરિએ કહ્યું, 'કોણ ગાય છે ? જોઇ આવો. મુક્તાનંદ ગાન કરે છે ?' પાળા કહે, 'આવો ઊંચો સ્વર તેમનો નથી. બ્રહ્માનંદ સ્વામી ગાય છે.' પછી મહારાજે પછમ ગામના દેવજી ભક્તને મોકલ્યા. તેમણે આવીને કહ્યું, 'બ્રહ્માનંદ સ્વામી ગાય છે.' પછી મહારાજ કહે, 'બ્રહ્મમુનિ નથી ગાતા; ચાલો, નક્કી કરવા જઇએ, કોની વાત સાચી છે.' ગાનનું નિમિત્ત કરીને મુક્ત મુનિને દર્શન દેવા સારુ શ્રીહરિ ત્યાં ગયા. તે વખતે સર્વે મુનિઓ સૂઇ ગયેલા, એકલા મુક્તાનંદ સ્વામી ગાતા હતા. આધારાનંદ સ્વામી કહે કે એકલો હું તેમની સાથે ગાતો હતો.

મુક્તમુનિ તાકે સંગ, તબ મેં એક ગાત રહે,
અતિ પરમ જો ઉમંગ, વિશ વર્ષ તબહિ ભયેઉ ૩

(હરિચરિત્રામૃતસાગર પુર ૨૧ ત. ૨)

આ પ્રમાણે પોતે ચિત્રકાર અને કવિ તથા કારીગર ઉપરાંત સાચા ગવૈયા પણ હતા.

એક વખત ગઢડામાં ઉત્તમ રાજાના દરબારમાં ચોકમાં લીંબતરુ નીચે પશ્ચિમની વેદિકા ઉપર ગાદીતકિયા ઉપર શ્રીહરિ બિરાજેલા. સંત-વર્ણી હરિજનની સભા થઇ હતી. આરતી ધૂન્ય થઇ રહી પછી પ્રાગજી દવેએ શ્રીહરિને વિનંતિ કરી કે, 'આ સિદ્ધાનંદમુનિ છે તે મુક્તમુનિ પાસે રહ્યા છે. તેમની પાસે મુક્તાનંદ મુનિ જે જે ગ્રંથ કરે છે, તે લખાવે છે. તેઓ જેમ બોલે છે, તેમ લખી લે છે. મુક્તમુનિ તેમને

પોતાના હાથ માને છે ને કૃપા રાખે છે. શ્રીહરિની આગળ તેમજ સંતોની આગળ જે જે હરિજનો આવે છે ને મેવા, મીઠાઇ, ફળ, ફૂલ, ઉત્તમ પકવાન જે મૂકે છે તેને હરિભક્તને પ્રસન્ન કરવા મુક્તમુનિ થોડું મુખમાં મૂકે છે ને ઘટિત હરિજનોને આપે છે. પછી પ્રસાદી સિદ્ધમુનિને પોતાના માની આપી દે છે. જેમ તમારી પાસે શુકમુનિ છે તેમ મુક્તમુનિ પાસે સિદ્ધમુનિ છે.' એમ કહીને સિદ્ધમુનિએ રચેલ "નારાયણ અંગચિંતામણિ" જે તેમણે સં. ૧૮૭૮ના આસો સુદ ૧ ને ગુરુવારે રચેલી તે વાંચી. તેથી શ્રીહરિએ રાજી થઇ સિદ્ધમુનિને પાસે બોલાવી છાતીમાં ને પછી મસ્તક ઉપર ચરણ આપ્યાં. પછી મુક્તમુનિને કહેવા લાગ્યા કે, આમની કાવ્યમાં ગતિ નિશ્ચે રહેશે; અત્યારથી જ તે દેખાય છે.

(હરિચરિત્રામૃતસાગર, પુ. ૨૦, ત. ૨૩-૨૫ આધારે)

મુક્તમુનિએ 'વેદરહસ્ય' ગ્રંથ રચ્યો ત્યારે શ્રીહરિ જે રીતે કહે તે રીતે મુક્તમુનિ શ્રીહરિની સમીપે બેસીને બોલતા; ને દોહા, ચોપાઇ, સોરઠા, છંદ તે સિદ્ધમુનિ લખતા.

(હરિચરિત્રામૃતસાગર, પુ. ૨૦, ત. ૫૩ આધારે)

આ રીતે તેઓ લેખક ને લહિયા પણ હતા.

સ્વામીનું સૌથી મોટું મહાકાર્ય

આ રીતે સ્વામીએ જીવનભર વિશિષ્ટરૂપે અનેક પ્રકારની ઉત્તમ સેવાઓ કરી, એક આદર્શ સેવાભાવી સંત તરીકેનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. શ્રીજી મહારાજ સ્વધામ પધાર્યા પછી સ્વામીને એક દિવસ સંકલ્પ થયો કે "વ્યાસજીએ જેમ સૌથી મોટો એક લાખ શ્લોકનો મહાભારત ગ્રંથ બનાવ્યો છે, તેમ આપણે પણ શ્રીજી મહારાજનાં ઐશ્વર્યપ્રતાપ, લીલાચરિત્રો અને જ્ઞાનોપદેશથી ભરપૂર એવો એક મોટો ગ્રંથ બનાવીએ." આ સંકલ્પ એમણે જ્યારે મોટા મોટા સંતો તથા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ આગળ કહી બતાવ્યો ત્યારે સર્વ સંતો તથા આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ ખૂબ રાજી થયા અને જલદી ગ્રંથ રચવાની આજ્ઞા કરી તથા જોઇતી સગવડ કરાવી આપી. પછી સ્વામીશ્રીએ **શ્રીહરિચરિત્રામૃતસાગર** – એ નામનો મહાગ્રંથ રામાયણના જેવો દોહા, ચોપાઇ, સોરઠા, ઇત્યાદિ છંદમય સાવ સરલ હિન્દી ભાષામાં બનાવ્યો. મુક્તાનંદ સ્વામીને પોતે ગુરુ માનતા હતા તેથી

એમના નામનો ગ્રંથમાં ઉલ્લેખ કર્યો છે.

तातै मम गुरु परम दयाला, मुक्तानन्द मुनि हि कृपाला ।
मोय कहे हरिचरित्र हि जैसे, ताकी कृपासे लिखत हि
तेसे ॥ (१-१६)

આધારાનંદ સ્વામીએ જ પોતાનું બીજું નામ સિદ્ધાનંદમુનિ રાખી **શ્રીહરિચરિત્રામૃતસાગર** એ નામના મહાગ્રંથને બનાવવાનો આરંભ કરેલો. તેની શરૂઆત સંવત ૧૯૧૪ના વૈશાખ સુદી ૭ ને દિવસે કરી હતી. તે વખતે સ્વામીની ઉંમર ૫૮ વર્ષની હતી. પોતે આઠમા પુરમાં લખે છે કે :–

"अठावन हि वर्ष में, ग्रंथ आरंभ हि किन
संवत १९१४ में ज वैशाख सुदी सप्तमी दिन ॥"

કેટલાક પુરમાં તે શરૂ કર્યાની તો કેટલાક પુરમાં તે પૂરો કર્યાની અથવા સ્થળની માહિતી આપી છે; જેમકે ૧૧ મું પુર સં. ૧૯૧૭ના ભાદરવા સુદી ૧ ના રોજ પુરું કર્યું, એટલે કે ત્રણ વર્ષમાં ૧૧ પુર=૧ પુર ત્રણ માસમાં ! આ પ્રમાણે ઘણા સમય સુધી ગ્રંથ રચવાનું કાર્ય ચાલેલું. ગ્રંથમાં ૯૭૩૮૯ દોહા–ચોપાઇઓ, ૨૩૦૯ તરંગો અને ૨૮ પુર છે. તેમાં પાંચમા અને છઠ્ઠા પુર જે ખોવાઇ ગયાં છે તેના દોહા ચોપાઇ ઉમેરીએ તો એક લાખ ઉપર કડીઓ થાય. ઉપરાંત ૨૯ મા પુરનો ચોથો તરંગ અર્ધો લખાયો ત્યાં સ્વામી અક્ષરધામમાં ચાલ્યા ગયા તેથી આ મહાગ્રંથ અપૂર્ણ રહી ગયો. એ મહાગ્રંથની અભ્યાસપૂર્ણ મનનીય સમાલોચના કોઇ યોગ્ય વિદ્વાન અવશ્ય કરશે. અહી સંક્ષેપમાં તે બની શકે નહિ; પરંતુ ટૂંકમાં ખાસ વિશિષ્ટ એ બાબતનો નિર્દેશ કરું છું. શ્રીજી મહારાજ કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતમાં જે જે વખતે જ્યાં જ્યાં ફરેલા તે તે રસ્તામાં આવતાં નાનાં મોટાં દરેક ગામનાં નામ તથા દરેક સત્સંગીઓનાં નામ સ્વામી લખતાં ભૂલ્યા નથી. ગામડાંનાં નામો અને ભાઇબાઇના નામની આટલી વિગત સંપ્રદાયના કોઇપણ ગ્રંથમાં નથી. સૌ કોઇની જાણ માટે આનું એક તારણ, કોષ્ટક કે નકશો કરવા જેવું છે. એ જ રીતે જુદે સ્થળે શ્રીજીએ જે ઉપદેશો આપેલા તે પણ સ્વામીએ સેંકડો સ્થળે લખ્યા છે. તે ઉપદેશના દોહા અને ચોપાઇઓનો સંગ્રહ કરીએ તો એક ઉપયોગી સુંદર ગ્રંથ બને.

આ ગ્રંથ વર્ષવાર છે પણ પછીની તવારીખ અનુક્રમ પ્રમાણે જળવાઇ નથી. ચરિત્ર અને વાર્તા-વચનામૃત સુદ્ધાં જે ક્રમમાં બન્યાં તેમ વર્ણવ્યાં છે. આ પ્રમાણે સં. ૧૮૮૨ સુધીનાં ચરિત્રો આવે છે. સ્વામી પોતે જાણતા હતા કે ગ્રંથ અધૂરો રહેવાનો સંભવ છે, શ્રીજીની અંતર્ધાનલીલા પોતાનાથી લખી શકાશે નહિ, તેમ જાણી અંતર્ધાનનો પ્રસંગ સંક્ષેપમાં જ પ્રથમ પુર, તરંગ ૨ માં ઉલ્લેખ્યો છે, તેમાં શ્રીજીનો છેલ્લો ઉપદેશ સ્વામીએ હરિગીતમાં નીચે મુજબ સુંદર રીતે લખ્યો છે.

मेरो स्वरूप है शिक्षापत्री, सो अचल सत्य मानीयो;
धर्मवंशी, संत हि हरिजन, द्रढ करिके जानियो
अव जो शिक्षापत्री कहे तेहि, तैसे चलना प्रीतसु
और आचार्य धर्मवंशी, कहे त्युं चलना सुरीतसु ॥१९॥
मेरे हि अक्षरधाममे सो, आवहि नहि संदेह हि
धर्मवंशी द्वारमें रहे, वचन ग्रहो मेरो तेह हि
और मूर्ति द्वारमें रहे, मंदिर मोरे जाई हैं;
एक रुप तिनरुप धरे, सब जन सुखदाई हैं ॥२०॥

સ્વામી શ્રીહરિ સાથે ફરતા. એક સમયે શ્રીહરિએ તેમને વડોદરા મોકલ્યા. ત્યારે શ્રીહરિ અમદાવાદમાં હતા. વડોદરાના નાથભક્તની ઘેબરની રસોઇ હતી. શ્રીહરિ સંતની પંક્તિમાં પીરસતા હતા. પીરસતાં પીરસતાં આધારાનંદ સ્વામીને યાદ કરી શ્રીહરિએ અત્યંત હેતથી તેમના માટે બે ઘેબર નિષ્કુળાનંદ મુનિને આપ્યાં. आधारानंद ताके हिता घेवर दिने करि के प्रीता । (२८।१०३) શ્રીહરિ દરેક સંતને બે ઘેબર પીરસતાં, અને નિષ્કુલાનંદ મુનિને ચાર ઘેબર આપ્યાં તેનું હાર્દ નહિ જાણતા હોવાથી એક સંતે વિરોધ કર્યો. શ્રીહરિ કહે, "આધારાનંદ સ્વામીને અમે વડોદરા મોકલ્યા છે. પરિશ્રમ વેઠીને તે ત્યાં જશે ને પાછા આવશે. રસ્તામાં તેમને ખાવાપીવાનું ઠેકાણું રહેશે નહિ. અને તમે તો અહી રોજ રસોઇ જમો છો. આથી તે સ્વામીને યાદ કરી તેમને માટે બે ઘેબર વધુ આપ્યાં તેમાં ઈર્ષા કેમ કરો છો ?" આવા તેઓ શ્રીહરિના કૃપાપાત્ર હતા.

અમદાવાદમાં ફૂલડોળના ઉત્સવપ્રસંગે પણ સ્વામી હાજર હતા. તેમણે સોનાની પીચકારી શ્રીહરિના હસ્તકમળમાં આપી, आधारानंदमुनि हि जेहा । पिचकारी एक ले कर तेहा ॥८॥ श्रीहरि ताके

करमें दीने, भाव सहित लेत भये प्रविने (२८।१६) પણ તેમાં રંગ થોડો આવતો હોવાથી તે પાછી આપી.

અમદાવાદમાં શ્રીહરિએ ચોરાશી કરી તે દિવસે સાંજે શ્રીહરિ વિપ્રની પાંચ પ્રદક્ષિણા કરીને ચાલ્યા ત્યારે

शुकमुनि, अरू लैयेउ, निष्कुलमुनि आधारमुनि
इतना आवे तेउ, गढपुर हि जो रहे तिहां ॥ (२२।९८)

શુકમુનિ, નિષ્કુળાનંદમુનિ, આધારાનંદમુનિ એટલા ગઢપુર આવે તેમ કહેલું.

સ્વામી પોતે જ લખે છે કે શ્રીહરિએ મને દયાએ કરીને કેટલાં વર્ષ પાસે રાખ્યો. તે પહેલાં પાંચ વર્ષ દર્શન દીધાં. તે પહેલાં પાંચ વર્ષ શ્રીહરિનું જ્ઞાન થયું. ગીરનારની સમીપ શ્રીહરિએ પ્રથમ સમૈયો કર્યો તે દિવસથી વરસ વરસ પ્રતિ તેની સ્મૃતિ રહી તે તેમની મરજીથી લખું છું. (૨૦ । ૨૩)

आधाराननसंज्ञः विशुध्दानन्दसंज्ञकः ।
समज्यायां विशुध्दात्मा नंदसंज्ञो ह्युपाविशत् ॥
हरिलीलाकल्पतरु, (१२–७–१५)

વિ.સં ૧૯૧૯ની સાલમાં રઘુવીરજી મહારાજે ભગવત્પ્રસાદજી મહારાજને ગાદીએ બેસાડવા માટે આગેવાન સંતોને બોલાવ્યા ત્યારે તે સભામાં આધારાનંદ સ્વામી આવીને બેઠા. આ ઉપરથી સં ૧૯૧૯ની સાલ સુધી સ્વામી હયાત હતા એ સાબિત થાય છે.

* * *

૮ : સદ્ગુરુ ચૈતન્યાનંદ સ્વામી

વિમર્ષ

સર્વ જડચેતનતત્ત્વાંતર્યામિ, સર્વનિયંતા, સકલ દિવ્યગુણશક્તિસામર્થ્યપરિપૂર્ણ, સર્વસૃષ્ટિકર્તા, સર્વાવતારાવતારિ, પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુને રામાનંદ સ્વામીએ વિ. સં ૧૮૫૮ની સાલમાં જેતપુરમાં ગાદીએ બેસાર્યા. ત્યાર પછી તત્કાળ તેઓએ પોતાના ભારે અદ્ભુત ઐશ્વર્યના પ્રભાવથી હજારો લોકોને પોતાના આશ્રિતો કર્યા અને સેંકડો મુમુક્ષુઓ તથા વિદ્વાન પુરુષોને ત્યાગાશ્રમની ભાગવતી દીક્ષા આપી **ફક્ત પાંચ જ વર્ષમાં પાંચસો સાધુઓ કર્યા હતા.**

૧૮૫૮માં ગાદીએ બેઠા પછી શ્રીજી મહારાજે પાંચ વર્ષમાં જે પાંચસો સાધુઓ કર્યા હતા તેમને જ ૧૮૬૩ની સાલમાં ચોતરફ થઇ રહેલી દ્વેષી લોકોની અસહ્ય ઉપાધિની શાંતિ માટે કાળવાણી ગામમાં ફરીથી પરમહંસની દીક્ષા આપી હતી. ત્યાર પછી તે સાધુઓ 'પાંચસો પરમહંસો' એવા નામથી સંપ્રદાયમાં કહેવાયા. આ વાત ભક્તચિંતામણિ વગેરે સંપ્રદાયના પ્રમાણિક ગ્રંથોમાં લખાયેલી છે.

૧૮૫૮માં જેમની સાથે ફક્ત બાર ગુરુભાઈ સાધુઓ હતા, તે શ્રીજી મહારાજે ૧૮૮૫ની સાલ સુધીમાં એક હજાર ઉપરાંત સાધુઓ તથા બ્રહ્મચારીપાર્ષદો બધા મળી બારસો જેટલા ત્યાગી મહાપુરુષો તૈયાર કર્યા હતા. તેમાં કેટલાક એક જ નામવાળા બબે ચારચાર સંતો હતા. દા.ત. ગોપાળાનંદ બે, અદ્ભુતાનંદ બે, શિવાનંદ પાંચ, યોગાનંદ બે, દેવાનંદ બે, પરમચૈતન્યાનંદ ત્રણ, અને ચૈતન્યાનંદ બે. આ પ્રમાણે એક સરખા નામવાળા નંદ સંતોની કેટલીક વાતો લખવા–બોલવામાં સેળભેળ થઇ ગઇ છે તે ખૂબ ઊંડા અભ્યાસ વિના કે શોધખોળ સિવાય ચોક્કસ થઇ શકે તેમ નથી.

સ. પુ. હરિદાસજી સ્વામીએ ૨૫ નંદ સંતોનાં દર્શન કરેલાં. તેઓએ ૧૯૨૩માં દીક્ષા લીધેલી. તેઓ ૨૦૦૬માં અક્ષરવાસી થયા. તેમણે ચૈતન્યાનંદ સ્વામીનાં દર્શન કરેલાં. અમે તેમની પાસેથી પ્રમાણરૂપ જે હકીકતો જાણેલી છે તે પ્રમાણે અમે લખીએ છીએ. ચૈતન્યાનંદ બે હતા, તેમાં એક શામળિયા ચૈતન્યાનંદ, અને

બીજા આદ્રજ ગામમાં શ્રીજીએ ચાર સદ્‌ગુરૂ બનાવ્યા તે પૈકીના સદ્‌ગુરૂ ચૈતન્યાનંદ સ્વામી. કોઇ કોઇ સ્થળે સદ્‌ગુરુ શામળિયા ચૈતન્યાનંદ સ્વામી એમ લખાયું છે તે બરાબર નથી. અહીયા સદ્‌ગુરુ ચૈતન્યાનંદ સ્વામીનું જીવન આલેખવામાં આવ્યું છે.

સદ્‌ગુરુ ચૈતન્યાનંદ સ્વામી ઉત્તર પ્રદેશમાં અવધ રાજ્યના નિવાસી વિદ્વાન બ્રાહ્મણ હતા. એક સમય તેઓ બે બીજા બ્રાહ્મણોને સાથે લઇ પગે ચાલીને દ્વારકાની યાત્રા કરવા માટે ઘેરથી નીકળ્યા. માર્ગમાં તીર્થોનાં દર્શન કરતા કરતા તેઓ ગુજરાતમાં ખેડા જિલ્લામાં ડાકોર તીર્થમાં આવ્યા. ડાકોરમાં શ્રી રણછોડરાય ભગવાનનાં દર્શન તથા ગોમતીસ્નાન કરી થોડા દિવસ ત્યાં રોકાયા.

ડાકોરમાં રણછોડજીનાં દર્શન કરવા જતા અનેક ગામલોકો પાસેથી પેલા તીર્થવાસી બ્રાહ્મણોએ પણ સાંભળ્યું કે, “ગુજરાત, કાઠિયાવાડમાં સ્વામિનારાયણ નામે એક મહાપુરુષ છે, તેમને હજારો લોકો ભગવાન માની પૂજે છે. તેઓ સાવ અબુધ લોકોને પણ ફક્ત પોતાની દૃષ્ટિમાત્રથી સમાધિ કરાવી સૌ સૌના ઇષ્ટદેવનાં પ્રત્યક્ષ દર્શન કરાવે છે. કેટલાય પાપી, પતિત અને પામર પ્રાણીઓને પણ પાવન કરી એમણે ઉત્તમ કોટિના ભક્તો બનાવ્યા છે તથા પાંચસો તો સાધુ–બ્રહ્મચારીઓ એમની સાથે ફરે છે.”

આ રીતે ડાકોરમાં વિશ્રાંતિ લઇ રહેલા યાત્રાળુ બ્રાહ્મણોએ ઘણીઘણી અદ્‌ભુત વાતો સાંભળી; તેથી તેમને ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કરવાની તીવ્ર ઇચ્છા થઇ. પછી તેઓ ડાકોરથી દ્વારિકા જવા માટે ત્યાંથી ચાલતા થયા. સૌરાષ્ટ્રમાં ચાલતાં ચાલતાં તેઓ ભાદર નદીને કિનારે આવ્યા. અને નદીમાં સ્નાન કરી પ્રાત:કાળની સંધ્યા કરવા લાગ્યા. તેઓ જયારે સંધ્યા કરી રહ્યા હતા, એ જ સમયે ભગવાન સ્વામિનારાયણ લગભગ સોએક જેટલા સંત–પાર્ષદો અને કાઠી દરબારો સાથે જૂનાગઢની આસપાસમાં વિચરણ કરી ગઢડા તરફ જઇ રહ્યા હતા, તે ત્યાં આવ્યા. પ્રાત:કાળનો સમય હોવાથી નદીમાં સ્નાન કરી બધા સંતપાર્ષદો પૂજા–પાઠ કરવા નદીના કિનારા ઉપર બેસી ગયા. પછી શાંતિથી પૂજા કરીને પરવારેલા સર્વ સંત–હરિભક્તો શ્રીજી મહારાજને દંડવત પ્રણામ કરી સંમુખ બેઠા. એટલે મહારાજ સૌને જ્ઞાન–ધ્યાનની વાતો કરવા લાગ્યા.

થોડે દૂર સંધ્યાવિધિ કરવા બેઠેલા બ્રાહ્મણોએ કોઈને પૂછીને જાણી લીધું કે, આ પોતે જ સ્વામિનારાયણ પ્રભુ છે. અણધાર્યા અચાનક તેમને પ્રભુનાં દર્શન થયાં તેથી ઘણો જ આનંદ પામી અત્યંત શ્રદ્ધાથી તે લોકો શ્રીહરિનાં દર્શન કરવા માટે પાસે આવ્યા. મહાપ્રભુએ તેમને યોગ્ય સન્માન આપી ઉચિત આસન ઉપર બેસાર્યા તથા લાંબા સમય સુધી જ્ઞાનોપદેશ આપ્યો. સભા વિસર્જન પછી સર્વ ભક્તજન ચાલવાની તૈયારી કરવા લાગ્યા. એ વખતે શ્રીહરિની આગળ કેવળ ત્રણ બ્રાહ્મણો જ બેઠા હતા. એ સમયે શ્રીહરિએ તેમને સમાધિ કરાવી શ્રીરામચંદ્રજી રૂપે પોતાનાં દિવ્ય દર્શન કરાવ્યાં. જ્ઞાનોપદેશ તથા સમાધિમાં અલૌકિક દિવ્ય દર્શનથી શ્રીહરિને સાક્ષાત્ ભગવાન માની એ બ્રાહ્મણોએ શ્રીહરિની સ્તુતિ પ્રાર્થના કરી. પછી ત્રણમાંથી એક મોક્ષભાગી બ્રાહ્મણ હતો. તેમણે પોતાના મનમાં દૃઢ નિર્ણય કરી લીધો કે "હવે આપણે આ પ્રગટ પ્રભુને છોડી ક્યાંઇ જવું નથી." આ વાત તેમણે પોતાના સાથીદારોને કરી. "મારે દ્વારિકા જવું નથી અને ઘેર પણ આવવું નથી, મારી યાત્રા સફળ થઇ ગઇ. માટે તમે મારી કાંઇ પણ ચિંતા કર્યા વિના દ્વારિકા જાઓ." પછી બંનેય બ્રાહ્મણોએ તેમને દ્વારિકાનાથનાં દર્શન કરવાનો વારંવાર ઘણો આગ્રહ કર્યો. છતાં તેણે માન્યું નહિ. પછી તે બંનેય બ્રાહ્મણો દ્વારિકા તરફ ગયા. અને જે એક મુમુક્ષુ બ્રાહ્મણ હતો તે શ્રીહરિનો આશ્રિત થયો અને સંતો સાથે ગઢડા આવ્યો. ત્યાં એમણે સાધુદીક્ષા આપવાની વિનયપૂર્વક પ્રાર્થના કરી; ત્યારે સ્વામિનારાયણ પ્રભુએ તેમની ઉત્તમ સ્થિતિ જોઇને ભાગવતી દીક્ષા આપી **ચૈતન્યાનંદ સ્વામી** એવું નામ રાખ્યું.

ચૈતન્યાનંદ સ્વામી પ્રથમથી સંસ્કૃત ભણેલા અને શાસ્ત્ર–પુરાણના ઊંડા અભ્યાસી હતા. તથા ધર્મનિયમ પાળવાપળાવવાના આગ્રહવાળા, વ્યવહારકુશળ અને કથા–પ્રવચન કરવામાં ખૂબ જ શ્રદ્ધાવાળા હતા. તેથી શ્રીજી મહારાજે તેમને પોતાનાં દર્શન કરવા આવતા સત્સંગીઓને કથાવાર્તા કરવા નિમેલા સંતોમાં મુખ્ય રાખ્યા હતા. "નિરંજનાનંદ, વ્યાપકાનંદ, સુખાનંદ, પરમચૈતન્યાનંદ, ગોવિંદાનંદ, કૃપાનંદ અને ચૈતન્યાનંદ, આ સાત ભક્તિનિષ્ઠાવાળા, આત્મદર્શી અને કથાવાર્તામાં કુશળ સાધુઓ, દેશદેશાંતરથી શ્રીહરિનાં દર્શન કરવા આવતા સત્સંગીઓ આગળ કથાવાર્તા કરવા રૂપ સેવા કરતા હતા." (સત્સંગી જીવન ૩–૨)

ચૈતન્ય સ્વામીમાં ઘણા વિશિષ્ટ સદ્‌ગુણો હતા, તેથી તેઓ પાંચસો

પરમહંસોમાં એક મહાન પ્રભાવશાલી સંત તરીકેનું અગ્રસ્થાન પામ્યા હતા. અવસ્થાએ વૃદ્ધ, સ્વભાવથી શાંત અને હમેશાં સૌને સંતસમાગમનું સુખ પામવાના સ્થાનરૂપ હોવાથી સર્વ સત્સંગીઓ ચૈતન્યાનંદ સ્વામીનો સમાગમ કરતા અને વિશેષપણે તેમાણે માનતા, પૂજતા હતા. કથાવાર્તા કરવાની એમની શૈલી અત્યંત આકર્ષક અને ઘણી જ માનનીય હતી; તેથી શ્રીજી મહારાજે ગુજરાતમાં દંઢાવ્ય પ્રદેશના આદરજ ગામમાં વિ. સં. ૧૮૭૨ ની સાલમાં જ્યારે અન્નકૂટનો મોટો સમૈયો કર્યો ત્યારે મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને ચૈતન્યાનંદ સ્વામી આ ચાર સંતોને સૌથી પહેલાં સદ્‌ગુરુ બનાવ્યા હતા અને અખિલ સત્સંગની બધી જવાબદારી એમને સોંપી ત્યાગીગૃહી સર્વને એમની આજ્ઞા પ્રમાણે વર્તવાની શ્રીજીએ આજ્ઞા કરી હતી. સત્સંગના સ્થંભ સમા મુક્તાનંદ સ્વામી વગેરે સંતોની સાથે ચૈતન્યાનંદ સ્વામીને પણ શ્રીજી મહારાજે સદ્‌ગુરુ પદવી આપી. એથી આપણે સૌ કોઇ સમજી શકીએ કે, ચૈતન્યાનંદ સ્વામી કેટલી ઉત્તમ કોટિની યોગ્યતા ધરાવતા હશે, કે મહાન જવાબદારીવાળી સદ્‌ગુરુ પદવી એમને આપવામાં આવી. આ પ્રસંગ આપણે હરિલીલામૃતગ્રંથમાં જોઇએ.

પછી સભા સાંજે ભરી, મુખ્ય ચાર સ્થાપ્યા મુનિચંદ,
મુક્ત મુનિ ને બ્રહ્મમુનિ, ચૈતન્યાનંદ નિત્યાનંદ. ૩૫
પાટ ઉપર ચાર ગાદિયો, ધરી ત્યાં તે બેસાર્યા સંત,
પૂજા કરી મહાપ્રભુજીયે, કરી આરતી હરખી અત્યંત. ૩૬
કૃષ્ણ કહે સહુ સાંભળો, મારા આશ્રિત છો જન જેહ,
આ ચાર સદ્‌ગુરુ જે કહે, તમે માનજો તરત જ તેહ. ૩૭
પ્રેમથી જે એને પૂજશે, ભલો રાખીને મનમાં ભાવ,
માનીશ પૂજા મહારી, એ છે ભવસાગરનાં નાવ. ૩૮
સૌએ તે સદ્‌ગુરુ ચારની પછી પૂજા કરી ધરી પ્રેમ,
આનંદની એલી થઇ, થાય દુકાળમાં ઘન જેમ. ૪૧
પ્રથમ તો મહાપ્રભુજીએ, એજ સ્થાપિયા સદ્‌ગુરુ ચાર,
થંભ કહું તો સંભવે, સતસંગ તણા આધાર. ૪૨

(હરિલીલામૃત ૭-૭૪)

આ રીતે ચૈતન્યાનંદ સ્વામી સંપ્રદાયમાં અગ્રગણ્ય સુયોગ્ય સંત હતા. એમની

સ્મરણશક્તિ ઘણી ઉત્તમ હતી. ગીતા, ભાગવત વગેરે પુરાણો અને ધર્મશાસ્ત્રોનો એમનો અભ્યાસ નોંધપાત્ર હતો. તેથી કોઈને કંઈ પણ વાત જાણવી હોય કે, કોઈ શ્લોકની જરૂર હોય અથવા કોઈ શ્લોકનો ગહન અર્થ કે રહસ્ય જાણવું હોય તો ચૈતન્યાનંદ સ્વામીને પૂછતા. સ્વામી સૌ કોઈને આદરભાવપૂર્વક સંતોષ થાય તેવો ઉત્તર આપતા. સભામાં અને પોતાને આસને પણ સ્વામી મુમુક્ષુઓને ઉપદેશ આપવામાં તથા ભગવદીય જનોને માહાત્મ્ય જ્ઞાનની વાતો કરવામાં કદી થાકતા જ નહિ તેથી શ્રીજી મહારાજ તેમના ઉપર વારંવાર પ્રસન્ન થતા હતા. જે સંત કથાવાર્તા કરવામાં કુશળ હોય અને આળસપ્રમાદ રાખ્યા વિના હમેશાં પ્રેમપૂર્વક સૌને કથાવાર્તા સંભળાવે, તેમના ઉપર શ્રીજી મહારાજ બહુ જ પ્રસન્ન થતા. કારણ કે **"નિત્ય સત્સંગ કરવો અને કરાવવો તથા હમેશાં કથાવાર્તા કરવી અને સાંભળવી"** એ શ્રીજીમહારાજનો ખાસ મુખ્ય સિદ્ધાંત છે.

ભગવાન સ્વામિનારાયણે આલોકમાંથી જયારે સ્વધામ જવાનો સંકલ્પ કર્યો ત્યારે સર્વ ત્યાગીગૃહી અને આચાર્યોને પણ સદ્‌ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તવાની સૌને ખાસ ભલામણ કરી હતી. એ હેતુથી સ્વામીએ સંપ્રદાયમાં સંપ અને ધર્મમર્યાદા બરાબર સચવાઇ રહે અને સૌ પરસ્પર વિનયવિવેકથી એક બીજાની ખોટ ખામી દૂર કરતા રહે, તો સંપ્રદાયનું શ્રેષ્ઠપણું જળવાઇ રહી સતત શુદ્ધિ વૃદ્ધિ થતી રહે, એ માટે ઘણા ઉપાયો યોજયા હતા. તથા હમેશાંની પાંચ વખતની કથાવાર્તા ઉપરાંત વડતાલમાં ગોપાળાનંદ સ્વામીને આસને રાત્રિએ કથાવાર્તા થતી. તેમાં સ્વામી શ્રીજી મહારાજના સિદ્ધાંતની ભારે મનનીય વાતો કરતા. ઘણા સાધુઓ ગોપાળાનંદ સ્વામીની વાતો સાંભળવા રાત્રિએ એમને આસને જતા, તેમાં ચૈતન્યાનંદ સ્વામીના શિષ્ય બાલમુકુંદાનંદ સ્વામી પણ હમેશાં વાતો સાંભળવા જતા હતા.

એક દિવસ ચૈતન્યાનંદ સ્વામીએ બાલમુકુંદાનંદ સ્વામીને પૂછ્યું કે, 'તમે રાત્રિએ હમેશાં મોડા આવો છો, તે કયાં જાઓ છો ?' ત્યારે તેમણે કહ્યું, 'સ્વામી ! હું ગોપાલાનંદ સ્વામીને આસને વાતો સાંભળવા જાઉં છું.' ત્યારે ચૈતન્યાનંદ સ્વામી કહે, 'ત્યાં વળી કેવી વાતો થાય છે ?' ત્યારે બાલમુકુંદાનંદ સ્વામીએ કહ્યું, "સ્વામી ! ત્યાં તો મોટા મોટા સદ્‌ગુરુઓ વાતો સાંભળવા આવે છે.

તમે પણ જો એક વખત ગોપાલાનંદ સ્વામીની વાતો સાંભળો તો નિરંતર ત્યાં આવવાનું મન થાય." પછી કેટલાક દિવસો વિત્યા બાદ એક દિવસ ચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું કે, 'ચાલો, આજ તો હું પણ સ્વામીની વાતો સાંભળવા આવું.' પછી સ્વામી વૃદ્ધ હોવાથી પોતાના શિષ્યનું કાંડું ઝાલીને ગોપાલાનંદ સ્વામીને આસને ગયા. સ્વામીએ તરત જ ગાદીતકિયો પાથરી આપી ચૈતન્યાનંદ સ્વામીને તે ઉપર બેસાર્યા. પછી ગોપાલાનંદ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણના મહિમાસંબંધી સર્વોપરિપણાની વાતો તથા અવતારઅવતારિના ભેદની કેટલીક વાતો શાસ્ત્રોનાં પ્રબળ પ્રમાણો આપી; લૌકિક દાખલા દલીલો સાથે કરી. તે સાંભળીને ચૈતન્યાનંદ સ્વામી ઘણા પ્રસન્ન થયા. પછી આસને આવી પોતાના શિષ્યને કહ્યું કે, 'હવે હું હમેશાં સ્વામીની વાતો સાંભળવા આવીશ.'

ગોપાલાનંદ સ્વામી કેટલીક વાતોના પ્રસંગમાં ચૈતન્યાનંદ સ્વામીને ખૂબ આદરભાવ બતાવતા અને કોઇ કોઇ વાર તો ગોપાલાનંદ સ્વામી પોતે સંસ્કૃત પુસ્તક લઇને ચૈતન્યાનંદ સ્વામીને આસને પૂછવા જતા. અને કહેતા કે, 'સ્વામી ! શ્રીજી મહારાજે આ શું કહ્યું છે તે આપના મુખથી સમજાવો.' આ રીતે કેટલોક સમય ગોપાલાનંદ સ્વામીની વાર્તા સાંભળી ચૈતન્યાનંદ સ્વામીની સમજણમાં ઘણો મોટો ફેરફાર થઇ ગયો. પછી પોતે અતિશય નિર્માની થઇ બેહાથ જોડી ગોપાલાનંદ સ્વામીને કહ્યું કે, "સ્વામી ! જો મેં તમારો સમાગમ ન કર્યો હોત તો મારી સમજણમાં ઘણી ખોટ–ખામી રહી જાત. **"ઇષ્ટદેવનો સર્વોપરિ મહિમા અને સાધુતાના ગુણો આપના જેવા મહાપુરુષના સમાગમ વિના પ્રાપ્ત થતા નથી."**

ચૈતન્યાનંદ સ્વામીને શ્રીજી મહારાજે છેલ્લી વૃદ્ધ અવસ્થામાં બધી આજ્ઞા આપી હતી. એટલે તેઓ ઢોલિયે સૂતા અને પોતા માટે રસોઇ પણ જુદી બનતી પણ ગોપાલાનંદ સ્વામીના સમાગમથી બધું અભિમાન છોડી પરમ આદરભાવથી સાધુતા ગ્રહણ કરી અને સૂવાનો ઢોલિયો તથા નોખી રસોઇ કરવી વગેરેનો ત્યાગ કરી સૌની સાથે ભોંયપથારી કરી તથા પંક્તિમાં જમવાનું રાખ્યું. અને સૌની સાથે ખૂબ નિર્માનીપણે વર્તવા લાગ્યા. અને સ. ગોપાલાનંદ સ્વામીનો ખૂબ જ મહિમા સમજીને સ્વામીની વાતો ચૈતન્યાનંદ સ્વામી લખવા મંડયા. હાલ સત્સંગમાં

ગોપાલાનંદ સ્વામીની વાતો પ્રચલિત છે તેનાં ત્રણ કારણ છે. તેમાં પહેલું પ્રકરણ ચૈતન્યાનંદ સ્વામીનું લખેલું છે. સ. ગોપાલાનંદ સ્વામી અક્ષરવાસી થયા પછી ચૈતન્યાનંદ સ્વામી સ. ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવતા અને સ્વામીનો મહિમા સારી રીતે સમજતા. સ્વામી સંસ્કૃતના સારા વિદ્વાન હતા. તેથી તેમણે સ. ગુણાતીતાનંદ સ્વામી અને ગોંડલના મહારાજા સંગ્રામજી બાપુનો સંવાદ લખી **જ્ઞાનવિલાસ** નામનો ગ્રંથ બનાવ્યો છે.

"ચૈતન્યાનંદ સ્વામીએ જેમ, રચ્યો જ્ઞાનવિલાસ છે તેમ" (હરિલીલા. ૧/૨/૫૪) વચનામૃતમાં ચૈતન્યાનંદ સ્વામીના પ્રશ્નો છે. સા. ૮, લોયા ૧૦-૧૨, કા. ૧. સ્વામીના બધા પ્રશ્નો સર્વોપયોગી અને સરલ છે. આ રીતે મોક્ષભાગી આત્માઓએ આવા સંત પુરુષોના આદર્શ જીવનથી પોતાનું જીવન સંપૂર્ણ નિર્દોષ બનાવી સ્વપરના મોક્ષમાં ઉપયોગી બની શકાય એ રીતે સમય અને સંપત્તિનો બરાબર સદુપયોગ થાય તેમ ખૂબ જ સાવધાનપણે વર્તવું જોઇએ.

* * *

જો સંતની મોટાઇ જાણી હોય તો તે સંત ગમે તેવો તિરસ્કાર કરે તોપણ ધોખો થાય નહિ અને જેટલો લે એટલો પોતાનો અવગુણ લે પણ સંતનો અવગુણ તો કોઇ રીતે લે જ નહિ. માટે જેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજાણું છે, તો પાયો સત્સંગમાં અચળ છે.

– વચનામૃત. લોયા – ૧૭

૯ : સદ્દગુરુ દયાનંદ સ્વામી

જેને જન્મ આપીને કુળ, ગામ અને ધરતી માતા પણ ધન્ય બની જાય એવા પણ કેટલાક સંતપુરુષો હોય છે. સૂર્ય અને ચંદ્ર જેમ અંધકારને વિદારી પ્રકાશ ફેલાવે છે તેમ સંતો જગતમાં જ્ઞાનના પ્રકાશને ફેલાવે છે. સંત વિના અજ્ઞાન રૂપી અંધકાર કોઈથી દૂર થઇ શકે તેમ નથી. સંતોએ સંસારસાગરમાં ડૂબકાં ખાતા અગણિત આત્માઓનો ઉદ્ધાર કરી શાશ્વત સુખશાન્તિનો શ્રેષ્ઠ માર્ગ બતાવ્યો છે. **દુનિયાના ભલા માટે જ દયાળુ પ્રભુની દયાથી બ્રહ્મનિષ્ઠ સંતો વિશ્વમાં વિચરતા હોય છે.**

વિદ્વદ્વર્ય સદ્દગુરૂ શ્રીદયાનંદ સ્વામી એવા એક બ્રહ્મનિષ્ઠ સંત હતા. ગુજરાત રાજયના નળકાંઠા જિલ્લાના **રેથળ** ગામમાં લગભગ વિ. સં. ૧૮૪૫ની સાલમાં એમનો જન્મ લુહાણા જ્ઞાતિમાં થયો હતો. એમનું પૂર્વાશ્રમનું નામ લાલજી હતું. એમના પિતાનું નામ સુંદરજી અને માતાનું નામ અમૃતબાઇ હતું. માતા-પિતા સંસ્કારી, સેવાભાવી અને ભક્તિમય હૃદયવાળાં હોવાથી લાલજીમાં પણ બાળપણથી પ્રભુભક્તિનાં બીજ રોપાયાં હતાં. એથી એમની વૃત્તિ ભક્તિભાવ તરફ વળવા માંડી અને લાલજીમાં અનેકગણા ઉચ્ચ સંસ્કારો વિકાસ પામ્યા. **જ્યાં ઘરનું વાતાવરણ હમેશાં પવિત્ર, શાંત અને ધર્મપ્રધાન નીતિમય હોય છે, ત્યાં સર્વનું હિત કરે તેવા રત્નરૂપ મહાપુરુષો પેદા થાય છે.** આ ન્યાયે લાલજીનું જીવન વિદ્યાભ્યાસની સાથે નીતિમત્તા, પરોપકાર અને ભક્તિભાવને રંગે રંગાઇ ગયું હતું. એટલે ઉંમરલાયક થતાં પહેલાં જ એમનાં પ્રત્યેક કાર્યમાં દૈવી ગુણોની તેજસ્વી બુદ્ધિથી તેઓ દરેક બાબતને શુદ્ધ સ્વરૂપે જોવા, જાણવા અને સમજવામાં શક્તિમાન થયા.

જ્યારે સત્યઅસત્યનો વિવેક ઉદય થાય છે, ત્યારે જ માણસમાં સાચી સમજશક્તિ આવે છે. દરેક માણસ બધી બાબત જુએ અને જાણે છે, છતાં સમજશક્તિના અભાવે તેનાં અહંમમત્વ અને આસક્તિ ટળતાં નથી. સંત પુરુષો કે ભક્તો પ્રત્યેક વસ્તુનું સ્વરૂપ જોઇ, જાણી અને સમજીને તેનો સ્વીકાર કે ત્યાગ કરે છે. ત્યારે બીજા લોકો માયિક વસ્તુપદાર્થોમાં દુઃખ, દોષ અને નાશવંતપણું હર વખત

પ્રત્યક્ષ જુએ, જાણે અને અનુભવે છે. છતાં તેનો ત્યાગ કરી શકતા નથી. એ જ સંત પુરુષો અને બીજા સામાન્ય લોકોમાં મોટો તફાવત છે.

લાલજી ભક્તનું હૃદય આવી ઉચ્ચકોટિની સમજથી, ઉંડા તત્ત્વજ્ઞાનથી બળવાન બની ગયું હતું એટલે એમને માતાપિતાનો પ્રગાઢ પ્રેમ તથા સંસારનું કોઈપણ પ્રલોભન લોભાવી શકતું ન હતું. હીરાનો પારખુ ઝવેરી જેમ રૂપિયાપૈસામાં જરાય લલચાય નહિ, તેમ પ્રભુના સાક્ષાત્કારની સાધનામાં જેમની દૃષ્ટિ પહોંચી ગઈ હતી એવા લાલજી ભક્ત એકાંતમાં બેસી જપ, તપ અને ધ્યાન પરાયણ બની ગયા હતા. માતાપિતા અગર કોઈ સ્નેહી સંબંધી અતિ આગ્રહથી જમવા બોલાવે ત્યારે ધ્યાનમાંથી જાગ્રત થતા. નહિતર બબ્બે ચારચાર દિવસ સુધી અખંડ ધ્યાનમાં જ તલ્લીન રહેતા. આવું એમનું મન પ્રભુમાં આસક્ત થઈ ગયું હતું. એટલે વ્યવહાર – માર્ગના કોઈ કાર્યમાં તેઓ જોડાયા ન હતા. યુવાન, સદ્‌ગુણી અને મહાન સ્વરૂપવાન પુત્રમાં માતાપિતાને અતિશય સ્નેહ તથા વિવાહિત કરવાની પ્રબળ ઇચ્છા હોય એ સ્વાભાવિક છે. પરંતુ લાલજીએ તો અવિવાહિત રહી પ્રભુનો સાક્ષાત્કાર કરી લેવો – આ દેહે પ્રગટ પ્રભુનાં દર્શન કરવાં આવો નિર્ણય પોતાના મનમાં ચોક્કસ કરી રાખ્યો હતો. દૈવઇચ્છાથી બન્યું પણ એવું કે ટૂંક સમયમાં એમનાં માતાપિતાનું અવસાન થયું. તેથી એમની સ્નેહસંબંધી કેટલીક કઠિન અડચણો હતી તે દૂર થઈ. પછી તો ભારે સાધનાપ્રધાન જીવન ગાળવા લાગ્યા. અને કોઈ સિદ્ધ સંતમહાત્મા મળે તેની શોધમાં ઘણે સ્થળે ફર્યા પણ મનને સર્વ રીતે સંતોષ આપી શકે તેવા સમર્થ સંત કોઈ સ્થળે મળ્યા નહિ.

પવિત્ર તીર્થો અને પ્રભુપરાયણ મહાપુરુષોના સેવાસમાગમ તથા એકાંતવાસી મુમુક્ષુ આત્માઓ મોક્ષની સિદ્ધિ મેળવતા આવ્યા છે. આ પ્રાચીન ઈતિહાસના જાણકાર લાલજી ભક્ત અનેક વિચારોને અંતે ફરતા ફરતા ગોધનેશ્વર મહાદેવના મંદિરમાં ગયા. ધોળકાથી ચાર ગાઉ દૂર ગોધનેશ્વર મહાદેવનું દેવાલય ઘાટા જંગલમાં આવેલું છે. ત્યાં મંદિરની પાસે સુંદર તળાવ તથા પુષ્કળ વૃક્ષો છે. પાંડવો જ્યારે વિરાટ (ધોળકા) નગરીમાં એક વર્ષ ગુપ્ત રહ્યા હતા. ત્યારે સહદેવજીએ ગોધન એટલે ગાયો ચારવાનો ઉદ્યમ કરેલો. ત્યારે તેમણે શંકરની સ્થાપના કરી હતી. તે અત્યારે **ગોધનેશ્વર મહાદેવ** કહેવાય છે. અત્યારે પણ

ત્યાં હમેશાં ગાયો ચરતી જોવામાં આવે છે. આવા પવિત્ર એકાંત સ્થળમાં રહી લાલજી ભક્ત પ્રભુના સાક્ષાત્કાર માટે કઠિન તપશ્ચર્યા કરવા લાગ્યા. એક જ વખત અલ્પ આહાર કરવો, બબે ચારચાર દિવસ સુધી એક સાથે ઉપવાસો કરવા, દિવસમાં એક જ વખત દૂધ કે કોઇ ફલાહાર કરવો, કેવળ વૃક્ષોનાં પાંદડાં પાણી સાથે જમવાનાં આ રીતે અનેક પ્રકારનાં વ્રત ચાંદ્રાયણો કરી શરીર, ઇન્દ્રિયો અને અંતઃકરણને બરાબર વશમાં રાખી લાલજી ભક્ત અખંડ પ્રભુના ધ્યાનભજનમાં તલ્લીન રહેતા હતા. આથી એમનાં મલ, વિક્ષેપ તથા આવરણો નષ્ટ થઇ તેમને વિશુદ્ધ સ્થિતિ પ્રાપ્ત થઇ ગઇ.

લાંબા સમયની તીવ્ર તપશ્ચર્યા તથા પ્રભુમાં ગયેલો ગાઢ પ્રેમભાવ જોઇને એક દિવસ ગોધનેશ્વર મહાદેવજીએ પ્રસન્ન થઇ લાલજી ભક્તને પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને તેમને કહ્યું કે, “તમો પ્રગટ પ્રભુનાં દર્શન કરવાની ઇચ્છાથી તપ કરો છો, તો અત્યારે સ્વામિનારાયણ એ નામથી પ્રસિદ્ધ થયેલા પ્રત્યક્ષ પ્રભુ થોડા દિવસમાં તમારા ગામની પાસેના મછિયાવ ગામમાં પધારશે. માટે તમે ત્યાં જઇને તેમના દર્શન કરજો. તમારા સર્વ સંકલ્પો સિદ્ધ થશે.”

આ રીતે શંકરની અમૃતવાણી સાંભળી લાલજી ભક્ત પોતાને ઘેર ગયા. થોડો સમય રાહ જોઇ, ત્યાં શ્રીજી મહારાજ સંતપાર્ષદો સાથે મછિયાવ પધાર્યા. ત્યાં દરબાર બાપુભાઇના રાજમહેલમાં ઊતર્યા અને ફઇબાની અનન્ય ભક્તિભાવનાથી ત્યાં રોકાયા. આ સમાચાર સાંભળી તરત લાલજી ભક્ત ત્યાં આવ્યા. અને શ્રીજી મહારાજનાં દર્શન કરી અતિશય આનંદ પામ્યા. શ્રીહરિએ તેમને પરમ આદરથી બોલાવી પાસે બેસાર્યા અને ગોધનેશ્વર મહાદેવજીએ તમને અમારાં દર્શન કરવા મોકલ્યા છે એ વાત કહી સંભળાવી ત્યારે તેઓ અત્યંત સંતોષ પામી શ્રીહરિને દંડવત પ્રણામ કરવા લાગ્યા. પછી શ્રીજી મહારાજ ઊભા થઇ લાલજી ભક્તને બાથમાં લઇ ખૂબ ભેટ્યા અને બોલ્યા કે, ‘તમને મળવાથી ઉત્તમ આનંદ થાય છે.’ પછી તેમને પોતાની પાસે રાખ્યા અને થોડા સમય બાદ સાધુદીક્ષા આપી **ઉત્તમાનંદ** નામ પાડી પોતાની સેવામાં રાખ્યા.

ઉત્તમાનંદ સ્વામી લગભગ વિ.સં. ૧૮૬૫ની સાલમાં ૨૧ વર્ષની ભરયુવાન

અવસ્થાએ સાધુ થયેલા. ગુજરાતી ભાષાનો સારો અભ્યાસ કર્યો હતો. પોતે ગુણિયલ, વ્યવહારકુશળ અને ખૂબજ બુદ્ધિશાળી હતા. છતાં નિરભિમાની, સેવાભાવી તથા વિશેષ રૂપે સાધુતાપૂર્ણ સદ્વર્તનવાળા હતા. જે સાધુઓમાં આવા વિશિષ્ટ સદ્ગુણો હોય તેમને શ્રીજી મહારાજ સંસ્કૃતવિદ્યાનો સારો અભ્યાસ કરાવતા. નંદોલ ગામના પ્રખર વિદ્વાન પુરુષોત્તમ વ્યાસને પૂરતો પગાર આપી ગઢપુરમાં રાખી સાધુઓને સંસ્કૃતવિદ્યાનો અભ્યાસ કરાવતા. **જેતલપુરનો મહેલ તથા અમદાવાદનો દરીઆખાનનો ઘુંમટ** એ બંનેય સ્થળે નિત્યાનંદ સ્વામી શ્રીજીઆજ્ઞાથી સાધુઓને સંસ્કૃત ભણાવતા.

શ્રીજી મહારાજ દર સાલ હર વખત જુદે જુદે સ્થળે મોટા ઉત્સવ–સમૈયા (સંમેલન) કરતા, ત્યાં ચોતરફથી સર્વ સંતહરિભક્તો મોટા પ્રમાણમાં આવતા. આવે પ્રસંગે પણ ભણવાનું અખંડ ચાલુ રહે, કોઇ વિઘ્ન ન આવે, સારો અભ્યાસ થાય એ માટે શ્રીજી મહારાજ પોતે ભણનારા સંતો, અને પુસ્તકો લખનારા લહિયા સંતો આ ત્રણેય માટે સૌથી અલગ જુદા મકાનમાં ઉતારા રખાવી, સત્સંગહિતનાં એ કાર્યો સતત ચાલુ જ રખાવતા. આવો શ્રીજી મહારાજને વિદ્યા તરફ પૂર્ણ પ્રેમભાવ હતો. આ બાબતમાં શ્રીજી સાથે રહેલા પ્રસાદાનંદ સ્વામી વગેરે નંદસંતોના હસ્તલિખિત ગ્રંથોમાં પ્રબળ પ્રમાણો છે.

ઉત્તમાનંદ સ્વામી શ્રીજીઆજ્ઞાથી સંસ્કૃતવિદ્યા ભણ્યા અને શ્રેષ્ઠ વિદ્વાન થયા. તથા મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોની સાથે રહેવાથી તેઓ ઉત્તમ કવિ પણ બન્યા હતા. કવિતા, કીર્તનો વગેરેનાં પદોમાં ઉત્તમાનંદ એ પોતાનું નામ બરાબર બંધ બેસતું નહિ થવાથી એમણે શ્રીજી આજ્ઞાથી **દયાનંદ સ્વામી** એ નામ રાખેલ હતું. આ નામથી જ તેઓ સત્સંગમાં પ્રસિદ્ધ થયા હતા. સ્વામીમાં કવિત્વ શક્તિ ઘણી જ ઉત્તમ હતી. એમણે ઘણાં કીર્તનો કર્યાં છે.

"સપનું સમજો રે આ સંસારને"
"દુસરો કુન સુખદાય શ્યામ બીના"
"જગ બંધનની જેલ"
"રૂડી રાંધી મેં રસિયાજી ખાંતે ખીચડી"

વગેરે સ્વામીના અજોડ ભવ્ય કીર્તનો સત્સંગમાં ખૂબ જ પ્રસિદ્ધ છે. શ્રીજી મહારાજનાં લીલાચરિત્રો સૌ કોઇ પ્રેમથી ગાઇ શકે એવા જુદા જુદા કીર્તનોના રાગમાં દયાનંદ સ્વામીએ **હરિચરિત્રચિંતામણી** એ નામનો શ્રેષ્ઠ ગ્રંથ બનાવ્યો છે. (હાલમાં છપાયો છે – મૂળી મંદિરમાં મળે છે.) તથા બીજો ગ્રંથ સંસ્કૃતમાં બનાવ્યો છે. તેનું નામ છે **प्रश्नोत्तरप्रदीपक**. આ ગ્રંથમાં ગુરુશિષ્યનો સંવાદ રાખી ખાસ ઉપયોગી પ્રશ્નો પૂછી તેના ઉત્તરો આપ્યા છે. સ્વામીને શાસ્ત્રોનું કેટલું વિશાળ જ્ઞાન હતું અને એમની કેટલી ગંભીર વિદ્વત્તા હતી તે એ પુસ્તકથી જાણી શકાશે. વિ. સં. ૧૯૪૯ની સાલમાં એ ગ્રંથ છપાયો હતો. ફરીથી છપાય તો સૌ વાંચી શકે.

એક વખત દયાનંદ સ્વામી પોતાના મંડળના સાધુઓ સાથે લઇ **સોરઠની પંચતીર્થીનાં** દર્શન કરવા નીકળ્યા હતા; ત્યારે લોજ, માંગરોળ, પંચાળા, માણાવદર, પીપલાણા થઇને હાલાર પ્રદેશમાં ભાદરા, શેખપાટ, અલૈયા, મોડા થઇ જામનગર પધાર્યા. પહેલાંના સમયમાં **જામનગર 'છોટી કાશી' કહેવાતું.** ત્યાં અનેક શ્રેષ્ઠ વિદ્વાનો રહેતા હતા. એ જામનગરમાં શહેર પાસે તળાવને કિનારે સ્વરૂપાનંદ સ્વામીએ પચાસ સાધુઓ સાથે એક મોટા વડના વૃક્ષ નીચે રહી શહેરમાં સત્સંગ કરાવેલો. એ વડનાં દર્શન કરવા દયાનંદ સ્વામી ગયા ત્યારે ત્યાં તળાવકિનારે વડ પાસે જ દસ–બાર પ્રતિષ્ઠિત વિદ્વાન બ્રાહ્મણો કોઇ ખાસ પ્રસંગે ગયેલા તે હવા ખાવા માટે બેઠા હતા. તેઓ સાધુઓને જોઇ પરસ્પર એકબીજા સંસ્કૃતમાં વાતો કરવા લાગ્યા. તેમાં સંપ્રદાય તરફ અણગમો અને સાધુઓ સાવ અભણ હોય છે આવો ભાવ જણાઇ આવતો હતો. આ બધું દયાનંદ સ્વામીએ બરાબર પોતાને કાને સાંભળ્યું. પોતે સારા વિદ્વાન હતા. કોઇથી દબાય નહિ તેવા પ્રભાવશાળી હતા અને સંસ્કૃતમાં ખૂબ સરસ રીતે બોલી શકે તેવા સંસ્કૃતભાષાના ઊંડા અભ્યાસી હતા. એટલે તરત જ વિદ્વાનો પાસે જઇ વિનયપૂર્વક ગંભીરતાથી સંસ્કૃતમાં બોલવા લાગ્યા. વિદ્વાનો સ્વામીની સંસ્કૃતમાં બોલવાની કુશળતા તથા હર્ષપૂર્વક વાતચીત કરવાની આવડત જોઇને ખુશ થઇ ગયા. પરંતુ એમણે એમ ધાર્યું કે, હમેશાં બોલવાનો અભ્યાસ હોય તો સારું બોલી શકાય, પણ શાસ્ત્રોનું તલસ્પર્શી જ્ઞાન નહિ હોય; એમ અનુમાન કરી જે પ્રૌઢ વિદ્વાનો હતા તેઓએ સ્વામીને પોતાની વિદ્વત્તા બતાવવા માટે એક સાથે દશ–પંદર શાસ્ત્રીય ગહન પ્રશ્નો પૂછી નાખ્યા. સ્વામીએ અનેક શાસ્ત્રોનું અવલોકન કર્યું હતું. વેદોની અનેક શ્રુતિઓ તથા શાસ્ત્રોના હજારો શ્લોકો કંઠસ્થ હતા

એટલે શાસ્ત્રોનાં પ્રમાણો આપી થોડી જ વારમાં બધા પ્રશ્નોના ઉત્તરો સંતોષ થાય એ રીતે આપી દીધા. આ રીતે સ્વામીની સંસ્કૃતમાં બોલવાની અજબ છટા, શાસ્ત્રીય જ્ઞાન અને સ્મરણશક્તિ જોઈને વિદ્વાનો અત્યંત આશ્ચર્ય પામ્યા અને સ્વામીની અતિશય પ્રશંસા કરી ધન્યવાદ આપી બોલ્યા કે, "આપના જેવા ભગવત્પરાયણ સંત પુરુષો હોય એ જ સાચા અર્થમાં વિદ્વાનો છે. જે આત્માનું અજ્ઞાન ટાળે અને સૌનું ભલું કરે તે જ ખરેખર સાચો કે મોટામાં મોટો વિદ્વાન કહેવાય. પ્રભુની ભક્તિ વિનાના કેવળ લુખા જ્ઞાનની કશી કિંમત નથી. આપનાં દર્શન કરીને આજે અમે કૃતાર્થ થયા છીએ." આ રીતે પોતાના શાસ્ત્રીય જ્ઞાનથી પ્રખર વિદ્વાનો પણ વિસ્મય પામે એવી તત્ત્વજ્ઞાનની ચર્ચા–વિચારણા કરી સ્વામીએ સંપ્રદાયની પ્રખ્યાતિમાં વિશિષ્ટતા પ્રાપ્ત કરી શિષ્ટ સમાજમાં સાધુઓનું ગૌરવ વધાર્યું હતું.

દયાનંદ સ્વામી જેમ શ્રેષ્ઠ વિદ્વાન હતા તેમ એથી પણ વિશેષ તેઓ ક્ષમાવાળા, પરોપકારી, સેવાભાવી અને સત્સંગપ્રચારની અત્યંત ધગશવાળા હતા. ગુજરાતનાં ગામડાંઓમાં ચોતરફ ફરી પોતાની વિદ્વત્તાપૂર્ણ કથાવાર્તાને લોકભોગ્ય પદ્ધતિથી સંભળાવી હજારો લોકોને સત્સંગી કર્યા હતા. ઢંઢાવ્ય પ્રદેશનાં ઘણાં ગામોનો જોરદાર સત્સંગ સ્વામીશ્રીએ કરાવેલો છે. તથા પોતાના મંડળના સાધુઓ પણ બહુ જ શ્રદ્ધાવાળા હતા તેથી ગામોગામ નવાં મંદિરો કરવાની પ્રવૃત્તિ ભારે આગ્રહથી ચલાવી હતી. **કરજીસણ, ડાંગરવા, લાંઘણોજ, વિજાપુર, વિસનગર, વડનગર** વગેરે ગામોમાં ભવ્ય વિશાળ મંદિરો સ્વામીએ બંધાવેલાં છે.

* * *

ભગવાનને વિષે તો મનુષ્યભાવ ન જ પરઠવો. અને ભગવાનના ભક્તને વિષે પણ મનુષ્યભાવ ન પરઠવો.

– વચનામૃત – લોયા – ૧૮

૧૦ : શાન્તાનન્દ સ્વામી

વિક્રમ સંવતના ઓગણીશમા સૈકામાં આ ભારતભૂમિ ઉપર ચોતરફ અધર્મ, અનીતિ, લૂંટ, ખૂન અને અનેક પ્રકારનાં વ્યસનોમાં પ્રજાનો મોટો ભાગ સપડાયેલ હતો. તથા લોકોનું અમૂલ્ય જીવન કામણ-ટૂમણ, વીર-પીર, અને ભૂવા-ભારાડીનાં વહેમમાં વેડફાઇ રહ્યું હતું, એવા અતિ કપરા સમયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના અડીખમ યોદ્ધા સમાન બ્રહ્મનિષ્ઠ સંતો, માનવકલ્યાણની નિર્મળ ભાવનાથી અનેક આપત્તિઓ મૂંગે મોઢે સહન કરી લઇને દેશદેશાંતરમાં ચોમેર પગપાળા ફરી, જ્ઞાનગંગાનો પ્રબળ પ્રવાહ વહાવી સત્સંગનો જોરદાર પ્રચાર કરી રહ્યા હતા. મહાપ્રભુ શ્રીસહજાનંદ સ્વામીની આજ્ઞામાં જેમણે પોતાનાં જીવન સમર્પણ કર્યાં હતાં. એવા એ મહાતપસ્વી, દૃઢ ટેકધારી, દર્શનમાત્રથી પણ કલ્યાણ કરે એવા મહાસમર્થ સંતોએ તુચ્છ જીવનાં તિરસ્કારો, અપમાનો તથા અનેક અસહ્ય ઉપાધિઓ અને ભૂખ-તરસ, ટાઢ-તડકો વગેરનાં કઠિન કષ્ટો લાંબા સમય સુધી હર્ષપૂર્વક સહન કરી; શહેરો, ગામડાંઓ તથા ખેતર-વાડી અને વગડામાં પણ લોકોની પાછળ પાછળ અજાણ્યા પ્રદેશોમાં ફરી હજારો લોકોને ફેલ-ફીતુરો છોડાવી ધર્મનિષ્ઠ આદર્શ નાગરિકો બનાવ્યા હતા.

ભગવાન શ્રીસ્વામિનારાયણના સમકાલીન એ પરમ પૂજ્ય સંતોએ અનેક ચોર-ડાકુ, પાપી, પામર, પતિત અને અધમ લોકોને ઉદ્ધાર કરી જગતમાં સ્વામિનારાયણ ભગવાનનો ધર્મધ્વજ ગામડે ગામડે ફરકાવ્યો. તથા ભારે ભક્તિભાવપૂર્ણ પ્રભાવશાળી કીર્તનો અને શ્રેષ્ઠ ગ્રંથો રચ્યાં તથા ખૂબ જાતમહેનતથી સેવાઓ કરી મોક્ષનાં ધામરૂપ શિખરબંધ મહામંદિરો અને ઠેર ઠેર હરિમંદિરો બંધાવ્યાં.

અખંડ ધ્યાન-ભજન અને નિષ્કામ સેવાપરાયણ તથા અનાસક્ત ભાવથી સર્વનું હિત કરવામાં તત્પર, મહાદયાળુ એ મોટા નંદસંતોએ શરીરની પણ બિલકુલ પરવા કર્યા વિના ભગીરથ પ્રયાસથી સંપ્રદાયનું સર્વગ્રાહ્ય અને સર્વોત્તમ બંધારણ ઘડી, લાખો નર-નારીઓને મોક્ષના અધિકારી બનાવ્યા. અને અનંતકાળ સુધી મુમુક્ષુઓ સહેલાઇથી ભગવત્સાક્ષાત્કાર કરી શકે તેવો સર્વશ્રેષ્ઠ આત્યંતિક કલ્યાણનો મોક્ષમાર્ગ ચાલુ રાખ્યો છે. શૂન્યમાંથી સર્જન કરે તેમ સાવ નીચલા થરના લોકોનું

પણ જીવન પરિવર્તન કરી એ સંતોએ બ્રહ્મસ્થિતિવાળા પુરુષોનો એક મોટો સમૂહ તૈયાર કર્યો હતો એ કોઇ નાનીસુની વાત નથી.

ગુજરાતમાં ઢંઢાવ (દંઢાવ્ય) પ્રદેશનો સત્સંગ શ્રીજી મહારાજના સમયથી જ ઘણો સારો ગણાય છે. દરેક ગામના સત્સંગીઓ અતિશય પ્રેમથી સંતો અને શ્રીજીની સેવા કરતા, તેથી તે તરફના પ્રેમી ભક્તોના ભાવથી શ્રીજી મહારાજ વારંવાર તે તરફ પધારતા અને ઉત્સવસમૈયા કરતા. કરજીસણ ગામના વિપ્ર નાનાભાઇ ઉપર શ્રીજી મહારાજ હરવખત કાગળો લખતા અને ઉત્સવ–સમૈયા વગેરેમાં એમને આગેવાન રાખી સલાહ લેતા. મયારામ ભટ્ટની પેઠે નાનાભાઇ પણ બહુ જ ધર્મનિષ્ઠ અને સેવાભાવી હતા.

દ્વિજભક્ત મોટા નાનોભાઇ, જેની કહી ન જાય મોટાઇ (ભક્ત. ચિં. ૧૧૯)

ડાંગરવા, કરજીસણ, વડુ, લાંઘણજ, માણસા, મેઉ, કડી, પેથાપર, આદરજ, ઉનાવા, ઉઝા, સિદ્ધપુર, વડનગર, વિસનગર, મોટેરા વગેરે ખાસ પ્રસાદીનાં ગામો છે. સોરઠની પંચતીર્થીની પેઠે ઢંઢાવની પણ પંચતીર્થ પ્રસિદ્ધ છે.

એ દંઢાવ્ય પ્રદેશમાં કડી–કલોલ પાસે માથાસુર નામનું ગામ છે. ત્યાં પાટીદારોનો સત્સંગ હતો. બધા જ પ્રેમી અને ખૂબ મહિમાવાળા હતા. તેથી હરવખત તેઓ ઉત્સવ–સમૈયામાં શ્રીજી મહારાજનાં દર્શન કરવા જતા અને પ્રાર્થના કરતા કે, "પ્રભુ અમારે ગામ ક્યારે પધારશો ?" ત્યારે તેમનો અત્યંત પ્રેમભાવ જોઇને શ્રીજી મહારાજે કહેલું 'અમે કોઇવાર તમારે ગામ જરૂર આવશું.' આ વચન પ્રમાણે શ્રીજી મહારાજ એક વખત માથાસુર ગામ પધાર્યા. પ્રેમી ભક્તોએ ભારે પ્રેમથી શ્રીજી મહારાજનું સન્માન કર્યું. એક અત્યંત પ્રેમી પાટીદાર ભક્ત હતા. તેમણે પવિત્ર બ્રાહ્મણ પાસે મહારાજ માટે રસોઇ તૈયાર કરાવી. જૂના વખતમાં કંસાર બનાવી ઉપરથી ઘીસાકર પીરસાય એ ભોજન બહુ ઉત્તમ ગણાવાતું. પેલા પ્રેમી ભક્તે પોતાને મનગમતી એ જ રસોઇ કરાવી. શ્રીજી મહારાજને ખૂબ ભાવથી વારંવાર ઘી પીરસાવી તાણ કરીને જમાડ્યા. પ્રભુપ્રેમમાં એ ભક્ત એવા તો આનંદિત થઇને મસ્ત બની ગયા કે દેહનું પણ ભાન ભૂલી ગયા. મહારાજ જમી

રહ્યા અને ચળુ કરવાનો સમય થયો એટલે તે ભક્તે પાણીને બદલે ઘીનું બોઘરું મહારાજ પાસે મૂકીને કહ્યું 'લો મહારાજ ચળુ કરો.' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા કે "આવા સંસારના ભાન વિનાના તે શીદ ઘરમાં રહેતા હશે ?"

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા ત્યારે ગામના સત્સંગીઓ વળાવવા આવેલા તેમનાં સૌનાં નામ લઈને શ્રીજી મહારાજે બધાને પાછા વાળ્યા પણ પેલા પ્રેમી ભક્તને કંઈપણ કહ્યું નહિ કે, તમે પાછા વળો અગર સાથે ચાલો; પરંતુ તે ભક્ત તો મહારાજની શું રુચિ છે તે પોતાના મનમાં સમજી ગયા, તેથી સૌની સાથે પાછા ન વળ્યા પણ મહારાજની પાછળ ચાલી નીકળ્યા અને મહારાજ સાથે વડતાલ આવ્યા. વડતાલમાં જયારે મહારાજ સભામાં વિરાજમાન થયા ત્યારે તે ભક્તે દંડવત પ્રણામ કરીને પ્રાર્થના કરી "કૃપાનાથ ! મને સાધુની દીક્ષા આપો." મહારાજની રુચિ જાણી લઈને કહ્યા વિના સાધુ થવાની પ્રાર્થના કરી એથી શ્રીજી મહારાજ તેમના ઉપર અતિશય રાજી થયા અને બાથમાં લઈને એમને ભેટયા તથા તે ભક્તના મસ્તક ઉપર બે હાથ મૂકી શ્રીજી મહારાજ થોડીવાર સુધી તેમના મુખ સામું જોઈ રહ્યા. પછી તુર્તજ સાધુદીક્ષા આપી **શાંતાનંદ સ્વામી** નામ પાડયું. પછી તેમને મુક્તાનંદ સ્વામીને સોંપ્યા.

"આવા સંસારના ભાન વિનાના તે શીદ ઘરમાં રહેતા હશે ?" શાંતાનંદ સ્વામી શ્રીજી મહારાજનું આ એક જ વાક્ય સાંભળી, તેનું ઊંડું રહસ્ય શું છે તેનો મર્મ સમજી, પ્રભુની શું રુચિ છે તે પારખી લઈને તુર્તજ સંસારનો ત્યાગ કરી સાધુ થયા. તેથી તેમના ઉપર શ્રીજી મહારાજની અતિશય પ્રસન્નતા થઈ ગઈ. એથી તેમને કોઈ પ્રકારના યોગાભ્યાસ વિના કૃપાસાધ્ય સહજ સમાધિ થવા લાગી. પછી તો શાંતાનંદ સ્વામી પાંચ, દસ કે પંદર પંદર દિવસ સુધી સમાધિમાં ચાલ્યા જતા. તેથી તેમના શરીરને સાચવવાની ચિંતા બીજા સંતોને હરવખત રાખવી પડતી. મુક્તાનંદ સ્વામી બહુ જ ધીરજવાળા હતા તેથી તેઓ જાતે તેમની સંભાળ રાખતા. પરંતુ એ વખતે સત્સંગપ્રચાર અર્થે ગામડાઓમાં વિશેષ ફરવાનું હતું. શાંતાનંદ સ્વામી સમાધિમાં ભગવત્સુખે સુખિયા થઈ દસ કે પંદર દિવસ સુધી સમાધિમાંથી જાગ્રત થતા નહિ. સદ્. મુક્તાનંદ સ્વામીને ગામડાં ફરવા જવાનું હોય એટલે હરવખત મુશ્કેલી પડતી.

સર્વ સંતોમાં સદ્ગુરુ ગોપાલાનંદ સ્વામી મહાસમર્થ યોગી પુરુષ હતા.

અષ્ટાંગયોગની સર્વપ્રકારની પ્રક્રિયાનું તેઓને સંપૂર્ણ જ્ઞાન હતું. એટલું જ નહિ પરંતુ બીજાને પણ સમાધિ કરાવી શકતા તેથી સ. મુક્તાનંદ સ્વામીએ સ. ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે, "શાંતાનંદ સ્વામી અચાનક આ પ્રમાણે સમાધિમાં ચાલ્યા જાય છે. અમારે બહાર ગામડે ફરવા જવું હોય અગર એક ગામથી બીજે ગામ જવું હોય પણ એમને મૂકીને શી રીતે જવું ? આને માટે શું ઉપાય લેવો ?" ત્યારે સ. ગોપાલાનંદ સ્વામીએ પૂછ્યું: "એમને આ લોકનાં પદાર્થોમાં કે કોઇપણ બાબતમાં થોડી પ્રીતિ છે ?" ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું: "એમને કોઇ પ્રકારની આસક્તિ કે પ્રીતિ બિલકુલ જણાતી નથી. બહુ જ ઉચ્ચ કોટિની સ્થિતિ છે, પણ ખૂબ ઊંડો વિચાર કરતાં એમ જણાય છે કે રસાસ્વાદમાં થોડી રુચિ હશે" ત્યારે સ.ગોપાલાનંદ સ્વામીએ કહ્યું: "શાંતાનંદજી જયારે જયારે સમાધિમાંથી જાગે ત્યારે ત્યારે એમને સારાં સ્વાદિષ્ટ ઉત્તમ ભોજનો જમાડવા માંડો. જેમ જેમ સ્વાદિષ્ટ વસ્તુઓ ખાશે તેમ તેમ આસક્તિ વધશે અને સમાધિ ઓછી થતી જશે." પછી તે ઉપાય લેવા માંડયો તેથી ધીરેધીરે સમાધિ ઓછી થવા લાગી. અને છેવટે ફક્ત એક કે બે દિવસની સમાધિ રહી. જયારે જયારે સમાધિમાં જાય ત્યારે એક કે બે દિવસમાં પાછા જાગ્રત અવસ્થામાં આવી જતા.

જગતમાં કોઇપણ વસ્તુ–પદાર્થમાં પ્રીતિ કે આસક્તિ હોય તો તે ગમે તેવી ઉત્તમ સ્થિતિવાળો હોય અથવા સર્વશાસ્ત્રનું ગમે તેવું શ્રેષ્ઠ જ્ઞાન મેળવ્યું હોય; છતાં પણ તેને પોતાની સ્થિતિમાંથી વિચલિત થવાનો પૂરેપૂરો ભય રહે જ છે. તો પછી હું જગતમાં મોટો કહેવાઉ અગર લોકો મને માને–પૂજે આવો પ્રસિદ્ધિનો મોહ હોય. અથવા અમે મોટા મહાત્મા, પંડિત કે યોગીપુરુષ છીએ એવી લોકૈષણાઓ હોય એવા પુરુષો, મુમુક્ષુઓના દોષો ટાળી શી રીતે બીજાને બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરાવી શકે ? રાગ, દ્વેષ, મોહ–મમત્વ અને જગતનાં પ્રલોભનોમાં ગૂંચવાઇ ગયેલા પુરુષો સંસારમાં ભલે મહાન ગણાતા હોય, પણ એથી મોક્ષમાર્ગની કોઇપણ સિદ્ધિ પ્રાપ્ત થઇ શકતી નથી. એ મુમુક્ષુઓએ અવશ્ય જાણવું જોઇએ.

આ રીતે શાંતાનંદ સ્વામી જયારે જાગ્રત અવસ્થામાં વિશેષ રહેવા લાગ્યા ત્યારે સ. ગોપાલાનંદ સ્વામીએ તેમને સમજાવ્યું કે, "તમે સમાધિમાં રહો કે બહાર જાગ્રત અવસ્થામાં રહો, તે બંનેય તમારે સમાન છે. કારણ કે તમે મૂર્તિનાં અખંડ

દર્શન કરી શકો છો. માટે હવે એ અલૌકિક ભગવત્સુખનો અનુભવ બીજા સંતોને પણ તમે કરાવો. ધ્યાન-ભજન, તપત્યાગનું મહત્વ, તેનાથી થતા મહાન લાભો તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિમાં સંપૂર્ણ સિદ્ધિ કઇ રીતે પ્રાપ્ત થઇ શકે એવી વાતો નાના-મોટા સૌ સંતોને બોલાવી પાસે બેસાડીને હેત-પ્રીતથી કર્યા જ કરો. એ એક મોટામાં મોટી સેવા છે. જ્ઞાનનું દાન કરવાથી મનુષ્યનું અનેક રીતે હિત થાય છે. વિનય-વિવેક, ધીરજ, ઉદારતા, નિર્માનીપણું, ઈત્યાદિ સદ્‌ગુણો જ્ઞાની મનુષ્યમાં જ કાયમ ટકી શકે છે. અને એથી એ મનુષ્ય જીવનભર સુખ-શાંતિથી રહી શકે છે. માટે તમારે સદુપદેશ રૂપી જ્ઞાનનું સદાવ્રત અખંડ ચાલુ રાખવું. પહેલાં પોતે ધર્મનિષ્ઠ બની બીજાને ધર્મનિષ્ઠ કરવા એ સૌથી મોટો પરોપકાર છે."

સ. ગોપાલાનંદ સ્વામીની આ આજ્ઞા પ્રમાણે શાંતાનંદ સ્વામી નાના નાના સંતોને પ્રેમથી પાસે બેસાડી પ્રથમ જ્ઞાન-ધ્યાનની વાતો કરતા, પછી કોઇ ગ્રંથ વંચાવે અગર કીર્તન શીખડાવતા. તેની સાથે પાંચ વખત ધ્યાન કરવું. માનસીપૂજા કરવી એ ખૂબ જ આગ્રહથી કરાવતા. તથા આપણા મનમાં કેવા સંકલ્પો-વિચારો થાય છે. તે ઊંડા ઊતરીને વારંવાર તપાસવું. ભગવાન અને ભગવાનના ભક્તનાં મહીમા-મોટપ સમજી વિચારી, ભજનના બળથી અશુભ ઘાટ-સંકલ્પોને ટાળી નાખી, ઈષ્ટદેવ પ્રભુનાં લીલા-ચરિત્રોમાં મનને એવું ઘૂંચવી દેવું કે જેથી એ બીજા સંકલ્પો કે ક્રિયા કરવા નવરું જ ન થાય. પૂજા, પાઠ, કથાવાર્તા, ધૂન્ય, કીર્તન, ધ્યાન-ભજન, દંડવત વગેરેનો નિયમિત એવો ક્રમ ગોઠવી રાખવો કે જેથી મન નવરું જ ન રહે. નવરું મન માણસને મારે છે. અને સત્કર્મનિષ્ઠ મન તારે છે. માટે શુભ વિચારો અને સત્કર્મથી મનને પવિત્ર રાખવું. શાંતાનંદ સ્વામીની આ પ્રકારની આગ્રહભરી વાતોથી ઘણા સંતો ધ્યાન-ભજન, અને તપત્યાગપરાયણ રહેતા. અને મોટા ભાગના સંતો ધ્યાનનું મહત્વ જાણી ધ્યાનના અખંડ અભ્યાસી બની ગયા હતા. આ રીતે એક સાચા સંત અનેકને સંત બનાવે છે.

કણબી ભક્ત મોરાર જોયતો, જન નારાયણ વસતો;
હરિભક્ત છે ગલાલ બાઇ, એહ ભક્ત છે માથાસુલ માંઇ.

(ભક્તચિંતામણિ પ્ર. ૧૧૯)

* * *

૧૧ : રામાનુજાનંદ સ્વામી

જે સમયે ભગવાન સ્વામિનારાયણના બ્રહ્મનિષ્ઠ સાધુઓ કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાત પ્રદેશનાં ગામડાંઓમાં પગપાળા વિચરી સદાચાર અને પ્રભુભક્તિનો પ્રચાર કરી રહ્યા હતા, જ્યારે ભગવાન સ્વામિનારાયણ પોતે ઠેરઠેર મોટા મોટા યજ્ઞો, ચોરાસીઓ અને ઉત્સવસમૈયા દ્વારા હજારો લોકોને ભેગા કરી અન્નદાન સાથે જ્ઞાનદાન આપી તેઓનો ઉદ્ધાર કરી રહ્યા હતા, તથા જાહેર રીતે સમાધિનું પ્રકરણ ચલાવી ઘણા લાંબા સમય સુધી અષ્ટાંગયોગનો અતિ કઠિન અભ્યાસ કરવા છતાં પણ કોઈક મુમુક્ષુને જ, જે સમાધિ થતી હતી તે મહાદુર્લભ સમાધિ શ્રીજી મહારાજ પોતાનાં દર્શન કરવા જે કોઈ આવે તેમને તત્કાળ કરાવી અલૌકિક ઐશ્વર્ય પ્રતાપ દેખાડી, લોકોને સન્માર્ગે વાળતા હતા, ત્યારે શ્રીજી મહારાજના આ અદ્‌ભુત પ્રતાપની વાતો ચોતરફ ગવાતી હતી, તેથી મોક્ષભાગી આત્માઓ શ્રીજી મહારાજના આશ્રિતો થઈ રહ્યા હતા.

એ સમયે કાનમ (વડોદરા અને ભરૂચ) પ્રદેશના **કેળોદ ગામમાં** એક પાટીદાર મુમુક્ષુ રામાયણ અને ભક્તમાળ વગેરે ગ્રંથોના અભ્યાસથી પ્રભુભક્તિમાં પૂર્ણ શ્રદ્ધા વિશ્વાસ રાખી રામચંદ્રજી પ્રભુનું સ્મરણ કરતા હતા. જીવનનિર્વાહ માટે તેઓ ખેતીકામ કરતા અને સાથે થોડો ધીરધારનો ધંધો પણ કરતા. જોકે પોતા પાસે મૂડી થોડી હતી, છતાં ગરીબ લોકોને નાણાંની લેવડદેવડ કરી, ખરે વખતે તેમનું કામ કરી આપવામાં બહુ પુણ્ય છે આમ સમજીને તે મુમુક્ષુ પાટીદાર વ્યાજનો ઝાઝો લોભ રાખ્યા સિવાય પરોપકારી બુદ્ધિથી એ પવિત્ર ધંધો કરતા હતા. ખોટી રીતે પૈસા કમાઈ લેવા એવી એમની જરાપણ રુચિ ન હતી. પ્રામાણિકપણે સાચી રીતે હમેશાં જેટલું બીજાનું ભલું થાય તેટલું કરવું, એવો જ એમનો ઈરાદો હતો.

એક વખત એ પાટીદાર ભક્ત પોતાના દેણદાર પાસેથી પાંચસો રૂપિયા ઉઘરાવીને પોતાના ગામ તરફ જઈ રહ્યા હતા. માર્ગમાં ઝાડી–જંગલવાળો વિકટ પ્રદેશ આવ્યો; તેમાં ચોર લોકો રસ્તા પાસે એક ઢુબામાં સંતાઈને બેઠેલા. તેણે પેલા પાટીદારને એકલો આવતો જોયો; એટલે તરત જ ચોર લોકો ઊભા થઈ હાથમાં

ભાલાં લઈને રસ્તાની નજીક આવવા લાગ્યા. પેલો પાટીદાર પણ સમજી ગયો કે નક્કી આ લોકો ચોર જ છે. તેથી તે ખૂબ જ ઝડપથી દોડી આગળ નીકળી ગયા. "શરીરે મજબૂત અને ચાલવામાં કુશળ વટેમાર્ગુ બહુ જ સાવચેતીથી આગળ જતો રહ્યો માટે નક્કી તેની પાસે કાંઇ સારી રકમ હશે " એમ ધારી ચોર લોકો પણ લપાતા છુપાતા તેની પાછળ પડી ગયા. ચોરના ભયથી પાટીદાર ઘણી જ ઝડપથી દૂર પહોંચી ગયો. પરંતુ આગળ જતાં તેને એક નદી આડી આવી. તેમાં ઉતરી ન શકાય તેવું જોરદાર પૂર આવ્યું હતું. દોડી દોડીને ક્રોધે ભરાયેલા ચોર લોકો પણ પૂર જોશથી આવી રહ્યા હતા.

આ રીતે કોઇ પ્રકારે બચી ન શકાય તેવું જીવલેણ ભયંકર સંકટ આવેલું જોઇને પેલો પાટીદાર પોતાના મનમાં આર્તસ્વરે પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યો "હે પ્રભુ ! અત્યારે આપના સિવાય મને કોઇ બચાવી શકે તેમ નથી. ગુસ્સે થયેલા ચોર લોકો થોડી જ વારમાં મને ભાલાથી વીંધી નાખશે. આમાંથી બચવાનો માર્ગ આપના વિના બીજા કાઢી શકે તેમ નથી. તમે મહાદયાળુ છો. દુઃખિયાના બેલી છો તેથી અનેકની રક્ષા કરતા જ રહો છો. માટે દયા લાવી મારી રક્ષા કરો. ઝાડ ઉપર બેઠેલાં હોલા–હોલીને મારવા માટે ઉપરથી બાજ તાકીને બેઠો; નીચે પારધિ બાણ તાકીને ઊભો રહ્યો. જો ઉડે તો બાજ પકડી લે અને બેસી રહે તો પારધિ બાણથી મારી નાખે, આવા સંકટમાં તમે પારધિના પગમાં સર્પ કરડાવ્યો તેથી તે નાશ પામ્યો. અને તેનું બાણ છૂટ્યું તેથી બાજપક્ષી વીંધાઇને મૃત્યુ પામ્યો. આમ આપનું સ્મરણ કર્યું એટલામાં તો હોલા–હોલીની રક્ષા કરી એ જ પ્રમાણે મારી રક્ષા કરો."

કૌરવ–પાંડવોની લડાઇ વખતે બંને તરફની ભયંકર સેનાઓ હજારો ઊંટ, હાથી, ઘોડા અને પાયદળ સાથે કુરુક્ષેત્રના રણમેદાનમાં સામસામી આવી રહી હતી. એ જોઇને થોડા સમય પહેલાં જન્મેલા, પૃથ્વી ઉપર રહેલાં પોતાનાં બચ્ચાંનું રક્ષણ કરી રહેલી ટિટોડી ટિટોડાને કહેવા લાગી કે, 'આ લશ્કર આપણાં બચ્ચાંને દળી નાખશે.' ત્યારે ટિટોડે કહ્યું 'તું પ્રભુનો ભરોસો રાખ. એ આપણું જરૂર રક્ષણ કરશે' આમ વિશ્વાસ રાખી બંને બચ્ચાં પાસે બેસી રહ્યાં. ત્યાં ભીમસેને દુર્યોધનના હાથીને બાણ માર્યું તેથી તેના હાથીની ડોકે બાંધેલો ઘંટ તૂટી પડ્યો. તેનાથી બચ્ચાં સહિત

ટિટોડી ઢંકાઇ ગઇ. તેને તો એક સુંદર ઘર જેવું થઇ ગયું. સાત દિવસ સુધી સેનાએ મોટો કચ્ચરઘાણ વાળી દીધો પણ તેને કંઇ હરકત ન આવી." આ રીતે તે મુમુક્ષુ પાટીદાર ભક્તમાળનાં આખ્યાનો યાદ કરી ભગવાનનું ભજન કરવા લાગ્યા. રામ, શ્રીકૃષ્ણ, શંકર અને ઘણા દેવદેવીઓનાં નામ લઇને પ્રાર્થના કરી. એવામાં એ પાટીદારને યાદ આવ્યું કે "અત્યારે લોકો સ્વામિનારાયણને ભગવાન કહે છે અને બહુ પ્રેમથી માની પૂજીને એમના પ્રતાપની ઘણી ઘણી વાતો કરે છે. જો એ ભગવાન હોય તો મારી રક્ષા કરો." આમ તે સંકલ્પ કરતો હતો ત્યાં ચોરો તેની પાસે પહોંચી ગયા. અને પૈસા લૂંટી લીધા. જ્યાં મારવા માટે ભાલું ઉગામ્યું ત્યાં અચાનક ભગવાન સ્વામિનારાયણ માણકી ઘોડી ઉપર બેસી એક હાથમાં મોટું ભાલું લઇ દશપંદર કાઠી ઘોડેસ્વારો સાથે પાટીદાર ભક્ત પાસે આવી પહોંચ્યા અને જોરથી હાકોટો મારી ચોરોને પકડી લીધા. પછી તેણે જે જે પૈસા લૂંટી લીધા હતા તે પાછા અપાવ્યા.પછી કાઠી ઘોડેસ્વારો ચોર લોકોને બાંધી ઢસડવા લાગ્યા. ત્યારે સ્વામિનારાયણ ભગવાને કહ્યું "એને છોડી મૂકો. જાઓ, ભાગી જાઓ. હવે ક્યારેય કોઇ ભક્તને દુઃખ દેશો નહિ."

પછી પાટીદાર ભક્તે પૂછ્યું – 'તમે કોણ છો ? મને તો ફોજદાર જેવા લાગો છો.' ત્યારે ભગવાન સ્વામિનારાયણે કહ્યું "તમે જેને યાદ કર્યા હતા એ જ અમે પોતે સ્વામિનારાયણ છીએ. અનંત જીવાત્માઓનો ઉદ્ધાર કરવા માટે હાલમાં અમે પૃથ્વી ઉપર પ્રગટ થયા છીએ. તમારે અમારાં દર્શન કરવા હોય તો વડતાલ આવજો. ત્યાં અમે તમને રૂબરૂ મળીશું." ત્યારે તે ભક્તે કહ્યું, 'હું આપની સાથે આવું?' મહારાજે કહ્યું, "તમે અમારી સાથે ચાલી શકશો નહિ." એમ બોલીને મહારાજ અદૃશ્ય થઇ ગયા. પછી તે ભક્ત અતિશય આશ્ચર્ય પામી વિચાર કરવા લાગ્યા. "અહોહો ! પ્રભુ કેવા મહાન દયાળુ છે. જો આવી રક્ષા ન કરી હોત તો આ મારો મનુષ્ય અવતાર વ્યર્થ જાત અને મરણ પછી પણ જીવની દુર્ગતિ થાત. તેથી હજારો વર્ષ સુધી અસહ્ય દુઃખો ભોગવી ભોગવીને હેરાન હેરાન થઇ જાત. પરમાત્માનો પાડ કદી ભૂલી શકાય તેવો નથી. હવે આપણે ઘેર જવું જ નથી. જ્યારે પ્રગટ પરમાત્મા આપણને પ્રત્યક્ષ મળ્યા ત્યારે હવે શા માટે ઘેર જવું જોઇએ?" આ રીતે મનની ખૂબ દૃઢતા કેળવીને તે પાટીદાર ભક્ત પોતાને ઘેર નહિ જતાં બારોબાર વડતાલ જવા માટે ચાલતા થયા. વડતાલ આવી તેમણે શ્રીજી મહારાજનાં દર્શન કર્યાં અને

પોતા પાસે જે પાંચસો રૂપિયા હતા તે મહારાજના ચરણમાં અર્પણ કરી દીધા. પછી પ્રતિજ્ઞાપૂર્વક ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી હમેશાંને માટે શ્રીજી મહારાજની સેવામાં રહ્યા ત્યારે મહારાજે તે પાટીદાર મુમુક્ષુ ભક્તને ભાગવતી સાધુદીક્ષા આપીને **રામાનુજાનંદ સ્વામી** એવું નામ રાખ્યું.

રામાનુજાનંદ સ્વામી અખંડ ધ્યાનપરાયણ રહેતા. દિવસરાત્રિ કોઇના બોલાવ્યા કાંઇપણ બોલવું નહિ તથા કોઇની સાથે કંઇ પણ વાત કરવી કે સાંભળવી જ નહિ એવું એમનું ખાસ મહત્વનું વિશિષ્ટ અંગ હતું. મંદિરની કોઇ સેવા કરવાની હોય અથવા ઠાકોરજી માટે સીધા–સામગ્રીની સફાઇ કે રસોઇ વગેરે કોઇપણ કામસેવા હોય તો તે સૌથી પહેલાં ચાલીને જરાપણ આળસ રાખ્યા વગર મહિમાપૂર્વક ઉત્સાહથી કરતા; છતાં પણ સર્વ ક્રિયામાં હમેશાં મૌન રહી મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખીને પોતાના મનમાં સતત ભજનસ્મરણ કર્યા જ કરતા. વિક્રમ સં. ૧૮૮૪ની સાલમાં જૂનાગઢમાં શિખરબંધ મંદિર તૈયાર થયું ત્યારે શ્રીજી મહારાજે સ્વહસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા કરી. પછી પોતે જૂનાગઢ મંદિરનો ખૂબ જ મહિમા કહ્યો અને "જે સાધુઓ આ મંદિરમાં જીવનપર્યંત રહેશે તેમના ઉપર હું ખરેખર અતિશય પ્રસન્ન થઇશ. માટે આ જૂનાગઢ મંદિરમાં દેહના અંત સુધી રહેવા જેમનો નિશ્ચય હોય તેમણે મારા ચરણનો સ્પર્શ કરી પ્રતિજ્ઞા કરવી." શ્રી હરિનું આવું વચન સાંભળીને કેટલાક સાધુઓએ તત્કાળ શ્રીહરિનાં ચરણોનો સ્પર્શ કરીને કહ્યું કે 'અમે દેહાંતપર્યંત આ મંદિરમાં જ રહીશું." આ પ્રમાણે શ્રીજી મહારાજની ઇચ્છાથી એ સમયે ૨૪ નંદ સંતોએ જીવનપર્યંત જૂનાગઢ મંદિરમાં રહેવાની પ્રતિજ્ઞા કરી હતી. તેમાં રામાનુજાનંદ સ્વામીનું પણ નામ આવી જાય છે. એ ૨૪ નંદ સંતનાં નામ બરાબર પ્રામાણિક રીતે ક્રમ પ્રમાણે લખાયેલી **અક્ષરવાસપોથીમાં** લખેલાં મોજુદ છે તે જે કોઇ જાણવા ધારે તે જાણી શકે છે.

રામાનુજાનંદ સ્વામી જૂનાગઢમાં સાધુની ધર્મશાળામાં ઠાકોરજીના સિંહાસન સામે થાંભલાને ઓઠિંગણે બેસીને હમેશાં ધ્યાન કરતા અને માળા ફેરવ્યા કરતા. કોઇ સાધુ કે સત્સંગી પગે લાગીને એમની પાસે બેસે તો પોતે ટૂંકો ને સચોટ એટલો ઉપદેશ આપતા કે, "હું તમને કાંઇ ઝાઝું નથી કહેતો બે વાત કહું છું – **સહજાનંદ પ્રભુનું ધ્યાન ધરો અને મૂર્તિને દયમાં ધારીને માળા ફેરવો.** એટલે

તમારા હૃદયમાં શાંતિ થઇ જશે અને અંતે અક્ષરધામનું અખંડ સુખ મળશે." એમ પોતાની છાતી ઉપર હાથ મૂકીને કહેતા કે, "જુઓ, મારા હૃદયમાં કેવું ટાઢું છે. એવું તમારા હૃદયમાં થઇ જશે, માટે ટાઢું (શાન્તિ) કરવું હોય તો પ્રભુને હૃદયમાં રાખો, ત્યારે સુખશાન્તિ મળશે."

શ્રીજી મહારાજના કૃપાપાત્ર સુપ્રસિદ્ધ શેઠ શ્રીભગા દોશીના સુપુત્ર શેઠશ્રી શિવલાલભાઇ પરમ એકાંતિક સત્સંગી હતા. તેઓ જૂનાગઢમાં દર સાલ સ. ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા આવતા. શિવલાલભાઇ હમેશાં સવારમાં સ્નાન કરી ખૂબ જ પ્રેમભાવ સાથે વિધિપૂર્વક પૂજા કરતા. તેઓ ધ્યાન કરીને પૂજામાં મૂર્તિઓ પધરાવે ત્યારે રામાનુજાનંદ સ્વામી સિંહાસન પાસે માળા ફેરવતા ત્યાંથી ઊઠીને હમેશાં શિવલાલભાઇ પૂજા કરતા હોય ત્યાં જઇને બેસતા. એક દિવસ શિવલાલભાઇ પૂજા કરતા હતા ત્યાં તેમના નોકરે આવીને કાંઇક વ્યવહારસંબંધી વાત પૂછી, તેનો ઉત્તર શિવલાલભાઇએ પૂજા કરતા કરતા વચ્ચેથી આપ્યો. એટલે રામાનુજાનંદ સ્વામી ત્યાંથી તરત જ ઊઠીને પાછા સિંહાસન પાસે બેસીને માળા ફેરવવા મંડયા. પછી શિવલાલભાઇ પૂજા–પાઠ કરીને સ્વામીને પગે લાગવા ગયા ત્યારે પૂછ્યું – "સ્વામી ! તમે હમેશાં હું પૂજા કરી લઉ ત્યાં સુધી મારી પાસે બેસીને માળા ફેરવો છો તે આજે કેમ વચ્ચેથી ઊઠી ગયા ?" ત્યારે રામાનુજાનંદ સ્વામીએ કહ્યું – "ભાઇ, તમે બહુ પૈસાવાળા મોટા શેઠ છો એટલે હું કાંઇ તમારી પાસે નહોતો બેસતો. પણ તમે પૂજામાં મૂર્તિ પધરાવો ત્યારે શ્રીજી મહારાજ પ્રત્યક્ષ આવીને તમારી પૂજા પૂરી થાય ત્યાં સુધી બેસતા. આજે તમે પૂજા વચ્ચે વાતો કરી તેથી શ્રીજી મહારાજ ઊઠીને ચાલ્યા ગયા એટલે હું પણ ઊઠી ગયો." પછી શિવલાલભાઇએ સ્વામીનો મહિમા સમજી પશ્ચાત્તાપપૂર્વક સ્વામીની માફી માગી અને ફરીથી આવી ભૂલ કદી નહિ કરું એવી પ્રતિજ્ઞા લીધી.

* * *

૧૨ : મોટા વ્રજાનંદ સ્વામી

જૂનાગઢમાં વિ. સં. ૧૮૮૨ ની સાલમાં શિખરબંધ મંદિરનું બાંધકામ શરૂ થયેલું અને ૧૮૮૪ ના વૈશાખ વદ ૨ ના રોજ શ્રીજી મહારાજે સ્વહસ્તે મૂર્તિપ્રતિષ્ઠા કરી સ. ગુણાતીતાનંદ સ્વામીને મંદિરના મહંત તરીકે કાયમ જૂનાગઢમાં રાખ્યા. તે સમયથી રાધારમણદેવના દેશમાં ચાર મોટા સંતો મંડળધારી તરીકે બધો દેશ ફરતા હતા. નાઘેર પ્રદેશમાં વ્રજાનંદ સ્વામી, બાબરિયાવાડ પ્રદેશમાં રાઘવાનંદ સ્વામી, હાલાર પ્રદેશમાં કેવલાત્માનંદ સ્વામી અને સોરઠ–ઘેડ પ્રદેશમાં રામદાસ સ્વામી ફરતા. ત્યાર પછી સ. ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના બસો શિષ્યસાધુઓમાંથી દશ મુખ્ય શિષ્યોનાં દશ મંડળ બાંધી આપ્યાં. હાલ જૂનાગઢમાં સર્વ સંતો ગુણાતીતાનંદ સ્વામીનાં દશ મંડળની પરંપરાના છે.

જૂનાગઢ મંદિરમાં શ્રીજીદીક્ષિત **પચીસ નંદ સંતો રહેતા હતા,** તેમાં **વ્રજાનંદ સ્વામી સૌથી જૂના** અને રામાનંદ સ્વામીના સમયમાં સંપ્રદાયમાં આવ્યા હતા. વ્રજાનંદ સ્વામી ઘણા શક્તિશાળી, શૂરવીર અને તર્ક બુદ્ધિવાળા હતા. એમણે ખૂબ ખૂબ મમત્વથી સત્સંગનો પ્રચાર કર્યો હતો. સંપ્રદાયના પ્રારંભકાળની અનેક મુશ્કેલીઓમાં પણ માર્ગ કાઢી એમણે અસંખ્ય આત્માઓને શ્રીજીના અનન્ય આશ્રિત બનાવ્યા હતા. સૌરાષ્ટ્ર પ્રદેશમાં જૂનાગઢ સિવાય કોઇ ગામમાં પાકું કે કાચું મંદિર હતું નહિ. તેમજ કોઇ સ્થળે કંઇપણ સગવડ હતી નહિ. ચોતરફ નવા ધર્મના સાધુઓનો તિરસ્કાર તથા અપમાન થતું હતું. છતાં દયાળુ સંતો નદીકિનારે અગર વન–વગડામાં વૃક્ષો નીચે નિવાસ કરી, લોકોને સદાચારનું શિક્ષણ આપી; વ્યસન, વહેમ અને સંસારવ્યવહારમાં ડૂબેલા માણસોને માનવતાનું સાચું ભાન કરાવતા હતા. અને સાથોસાથ ધર્મનું ગહન તત્ત્વ સહેલાઈથી સમજાવી **દેશની આધ્યાત્મિક ઉન્નતિ સાધી રહ્યા હતા.** વ્રજાનંદ સ્વામીએ ભારે પરિશ્રમ લઇ સત્સંગ-પ્રચારની નોંધપાત્ર શ્રેષ્ઠ સેવા ખંત ને ઉત્સાહથી કરેલી. આપણે એમના અનુકરણીય જીવનનો ટૂંક પરિચય મેળવીએ.

ઉત્તર પ્રદેશમાં ગોરખપુર જિલ્લાના એક ગામના મુમુક્ષુએ અખિલ ભારતની સંપૂર્ણ તીર્થયાત્રા કરવા માટે કોઇ યોગ્ય ગુરુ પાસે સાધુદીક્ષા લઇ 'મોહનદાસ' એવું નામ ધારણ કર્યું. અને તીર્થોમાં વિચરી સંતમહાત્મા પુરુષોના સેવા–સમાગમનો

લાભ લઇ તપશ્ચર્યાપ્રધાન મોક્ષની વિવિધ સાધના કરવા લાગ્યા. આ રીતે મોક્ષભાગી મોહનદાસ જયારે એક પછી એક તીર્થની યાત્રા કરી રહ્યા હતા, એ જ સમયમાં ભગવાન સ્વામિનારાયણ પણ અનેક સિદ્ધપુરુષો, યોગીઓ તથા મુમુક્ષુઓને દર્શન દેવા ગૃહત્યાગ કરી બ્રહ્મચારીના વેશમાં નીલકંઠ વર્ણી એવું નામ ધારણ કરી, તીર્થોને પાવન કરતા થકા તીર્થાટન કરી રહ્યા હતા. એક દિવસ ઝાડપહાડવાળા જંગલી તીર્થમાં મોહનદાસ અને નીલકંઠ વર્ણીનો અચાનક ભેટો થયો. નીલકંઠ વર્ણીનાં દર્શન તથા એમની વાત સાંભળીને મોહનદાસના મનમાં અજબ શાંતિ થઇ ગઇ એટલે તેઓ વર્ણીની સેવાસુશ્રુષા કરવા લાગ્યા. એકબે દિવસ ત્યાં રહી વર્ણી બીજા તીર્થ તરફ ચાલ્યા ત્યારે મોહનદાસ પણ સાથે ચાલ્યા. અને વર્ણી માટે ફળફૂલ લાવી આપવાં, જળ ભરી લાવવું વગેરે સેવા કહ્યા વિના કરવા લાગ્યા. પરંતુ વર્ણીને કોઇની સંગ-સોબતમાં રહેવું ગમતું નહિ તથા એકાકી તીર્થાટન કરવું અને પોતાનું નાનું મોટું બધું જ કામ જાતે જ કરી લેવું એવી એમની ટેવ ને રુચિ હતી. તેથી મોહનદાસને કહ્યા સિવાય નીલકંઠ વર્ણી એકલા ચાલી નીકળ્યા. સ્વામી માધવદાસજી પોતાના ગ્રંથમાં લખે છે કે :-

સ્વામી ભેળા ભેળા ચાલ્યા આવે, સ્વામી સારું રસોઇ બનાવે;
ક્યારેક સ્વામી જમવા રહે છે, ક્યારેક મેલી ચાલી નીકળે છે.
ક્યારેક તેને જમાડે છે નાથ, બીજે દાડે પુગે માંડ સાથ
એમ કરતાં ઘણા દન ગયા, રામાનંદનાં દર્શન થયાં.

મોહનદાસ અને વર્ણી આમ થોડા દિવસ સાથે રહ્યા તે અરસામાં કઇ રીતે તીર્થોમાં ફરવું છે તે વાતો થયેલી. એ આધારે પોતાને છોડીને ચાલ્યા ગયેલા નીલકંઠ વર્ણીને પાંચપંદર દિવસે કે બેપાંચ મહિને પાછળ પાછળ ફરીને મોહનદાસ ખોળી કાઢતા. આ રીતે ઘણી ઘણી મુશ્કેલી વેઠીને પણ તીર્થયાત્રામાં મોહનદાસ વર્ણીને કેટલીકવાર મળ્યા હતા.

જયારે મોહનદાસ સૌરાષ્ટ્ર પ્રદેશમાં આવ્યા ત્યારે એમ સાંભળ્યું કે "આ તરફ એક રામાનંદ સ્વામી નામના સમર્થ મહાત્મા પુરુષ ખાસ દર્શન કરવા જેવા છે." પછી શોધ કરતાં માંગરોળમાં મોહનદાસને રામાનંદ સ્વામીનાં દર્શન થયાં. નીલકંઠ

વર્ણી પણ ત્યાં મળ્યા તેથી તેઓ ઘણો જ સંતોષ પામ્યા. રામાનંદ સ્વામીનું શિષ્યમંડળ, તેમની પ્રતિષ્ઠા તથા પ્રભાવ જોઈને મોહનદાસને કેટલીક દિવ્યતાનો અનુભવ થયો તેથી રામાનંદ સ્વામી પાસે રહેવાની મોહનદાસને ઈચ્છા થઈ. વર્ણી સાથે પૂર્ણપ્રેમ હતો તેમાં આવા પ્રતિષ્ઠિત મહાપુરુષ મળ્યા તેથી એ ઈચ્છા તીવ્ર બની પરંતુ તેમને દ્વારિકાની યાત્રા બાકી હતી એટલે તેઓ દ્વારિકા ગયા.

મોહનદાસ દ્વારિકાની યાત્રા કરીને પાછા આવ્યા ત્યાં રામાનંદ સ્વામી અક્ષરવાસી થઈ ગયા હતા. તેથી એમનાં દર્શન થયાં નહિ એટલે તેઓ બોલ્યા કે **'बहुत दुःखकी बात है कि मुझे स्वामीजीके फिरसें दर्शन नहि हुए'** ત્યારે શ્રીજી મહારાજે કહ્યું 'તમે અહી આ સંતો સાથે રહો અને સ્વામીનું ભજન કરો, તમને સ્વામીનાં દર્શન થશે.' શ્રીજી મહારાજે વર્ણી વેશે મોહનદાસને કંઈ ઐશ્વર્ય બતાવ્યું ન હતું તેથી એ શ્રીજીને એક સારા સાધુ જાણતા હતા. અને રામાનંદ સ્વામીને ભગવાન માનવા લાગ્યા હતા એટલે રામાનંદ સ્વામીનું ભજન કરવા લાગ્યા. થોડા જ સમયમાં રામાનંદ સ્વામીએ દિવ્ય દર્શન દઈને મોહનદાસને કહ્યું કે "તમે તીર્થોમાં જેની ભેગા ફરતા એ સહજાનંદ સ્વામી પોતે ભગવાન છે. અમે એમના દાસ છીએ અને એમનું ભજન કરીએ છીએ. તમે પણ સ્વામિનારાયણ પ્રભુનું ભજન કરજો." આ રીતે ચમત્કાર જોઈને મોહનદાસ શ્રીજી મહારાજને ભગવાન માની પાસે રહ્યા. પછી શ્રીજીએ તેમને સાધુદીક્ષા આપી **વ્રજાનંદ સ્વામી** એવું નામ રાખ્યું. આ પ્રસંગ આપણે શ્રીજીદીક્ષિત સંત માધવદાસ સ્વામીકૃત શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર નામના કાવ્યગ્રંથનાં થોડા અમૃત બિંદુઓનું પાન કરીને અનુભવીએ.

એમ કરતાં ઘણા દન ગયા, ત્યારે સ્વામી સહજાનંદે કયા;
મોહનદાસજી કૈયે છીએ અમે, કેનાં ભજન કરો છો તમે.
મોહનદાસ કહે સ્વામી મેરા, ભજન કરતા હે કપટી તેરા;
હમકું વહેલા તુમે ક્યું ન કિયા, હમકું ભરમાવી ભૂલાવી દિયા. ૩૨
હસી મહારાજે તો કહ્યું એહ, મોહનદાસ સુણો તમે તેહ;
હમે કહ્યું હોત તમને આગે, પણ સંશે તમારો ન ભાંગે. ૩૩
જ્યારે રામાનંદે આવી કહ્યું, ત્યારે ઠીક બંધ બેસી ગયું;
એમ કહ્યું સહજાનંદ સ્વામી, ત્યારે જાણ્યા તે અંતરજામી ૩૪

જેનું નામ મોહનદાસ એહ, તેતો વ્રજાનંદ સ્વામી તેહ;
સમજીને સંત ભેળા રહ્યા, તેતો મોટા વ્રજાનંદ કહ્યા. ૮-૩૫

સ્વામિનારાયણ પરમાત્માએ વિ.સં. ૧૮૫૮ થી ૧૮૬૩ની સાલ સુધી ફક્ત પાંચ વર્ષમાં પાંચસો સાધુઓ કર્યા હતા, તેમને જ કાલવાણી ગામમાં ફરીથી પરમહંસ દીક્ષા આપી, ત્યારથી તે પાંચસો પરમહંસો કહેવાયા; પરંતુ શ્રીજીએ ૧૮૮૫ની સાલ સુધીમાં એક હજાર સાધુઓ કર્યા હતા તેમાં કેટલાક એક જ નામવાળા બબે ચારચાર નંદ સંતો હતા. સ. મંજુકેશાનંદ સ્વામી સૌથી ઉત્તમ સંતોનો પરિચય આપતાં લખે છે કે,

વ્રજાનંદ નામે ત્રણ કયા રે, તેમાં એક ગવૈયા થયા રે;
બીજા જિરણગઢના નિવાસી રે, ત્રીજા વરતે જગથી ઉદાસી રે.

વિ.સં. ૧૮૫૬માં શ્રીજી મહારાજ લોજ ગામે પધાર્યા ત્યારથી આરંભીને ૧૮૭૬ સુધી એટલે વીસ વર્ષ સુધી શ્રીજી અને સમર્થ સંતોએ મળી ભગીરથ પ્રયાસથી જીવનનો મોટો ભોગ આપી સત્સંગ રૂપી મહામજબૂત વિશાળ ઈમારત તૈયાર કરી. તેમાં મુખ્યપણે પાંચસો પરમહંસોએ માન-અપમાન, સુખદુ:ખ વગેરે અનેક મુશ્કેલીઓ તથા ઉપાધિઓમાં ખૂબ જ ધીરજ, ક્ષમા અને અતિશય દયાળુપણું રાખી કેવળ નિષ્કામ ભાવથી રાત્રિદિવસ દેહની પણ દરકાર કર્યા વિના – શરીરની સમગ્ર શક્તિ, બુદ્ધિનું સંપૂર્ણ બળ અને આત્માનું અલૌકિક ઓજસ્ અસંખ્ય જીવાત્માઓના કલ્યાણ માટે ખરચી નાખ્યું હતું. તેમાં મોટા નંદ સંતોની સાથે જ રહી વ્રજાનંદ સ્વામીએ કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતનાં ગામેગામ ફરી ભારે ઉત્સાહથી **ધર્મપ્રચાર એટલે સંસ્કારદાન** આપી ભારત દેશની સર્વશ્રેષ્ઠ સેવા બજાવી હતી. **સંપ્રદાયનો એ ૨૦ વર્ષનો ઈતિહાસ સમગ્ર વિશ્વને આદર્શ પૂરો પાડે તેવો અનુકરણીય અને અજોડ છે.** કોઈ શક્તિશાળી વિદ્વાન તેનું આલેખન કરી સમગ્ર વિશ્વને આશ્ચર્યમુગ્ધ કરી શકે એવી ભવ્ય સામગ્રી તેમાં ભરપૂર ભરેલી પડી છે.

સ્વામીના મળી આવેલા થોડા ખાસ પ્રસંગો

વ્રજાનંદ સ્વામી પોતાના સાધુઓ સહિત વિશેષપણે નાઘેર પ્રદેશમાં ફરતા.

નાઘેરનો બધો સત્સંગ તેમણે કરાવેલો છે. ઊના પાસે **કાંધી** નામનું ગામ છે. ત્યાં સ્વામી ફરવા ગયા. સીમમાં વૃક્ષો નીચે ઉતારો કરી ખેતરવાડીઓમાં કામ કરતા લોકોને વાતો કરે અને એક વખત ગામમાં ભિક્ષા માગી લાવે. એમ કરતાં ગામ લોકોને સ્વામી તરફ ભાવના થઇ એટલે રાત્રિએ લોકો નવરા થઇ ડેલીએ બેસી ગપ્પાં મારતા હોય ત્યાં કોઇ કોઇ વાર સ્વામી ભિક્ષા નિમિત્તે જવા લાગ્યા. સ્વામીને જોઇ લોકો પરસ્પર વાતો કરતા કે, "સાધુઓ ભારે સુપાત્ર અને સેવાસમાગમ કરવા જેવા છે. પધારો પધારો ! મહારાજ !" આમ પ્રેમથી આવકાર આપી સ્વામીની ઝોળી ભિક્ષાથી ભરી દેતા. ત્યારે સ્વામી સમય જોઇ ડેલીના ખૂણામાં લોકો સાથે બેસી મધુર કંઠથી સુંદર કીર્તનો બોલી દૃષ્ટાંતો સાથે ધર્મજ્ઞાનની વાતો કરતા. એથી આજુબાજુના માણસો ભેગા થઇ ખૂબ પ્રેમથી સ્વામીનો ઉપદેશ સાંભળતા. આ રીતે રાત્રિના ભિક્ષા નિમિત્તે સ્વામી ગામમાં જવા લાગ્યા, અને જુદે જુદે સ્થળે ડેલીએ બેઠેલા ડાયરાને સદુપદેશ આપી ઘણા લોકોને હોકાબીડીનાં વ્યસનો તજાવ્યાં, તથા પરસ્પર કજિયા-કંકાસ અને વેરઝેરથી માણસોને કેટલું મોટું નુકસાન થાય છે, તથા સંઘસ્નેહ અને ધર્મની સૌને કેટલી જરૂર છે, તથા ધર્મ-નીતિથી માણસોને જિંદગીભર કેટલા મોટા પ્રમાણમાં યશ આબરૂ સાથે કાયમી સુખશાંતિ પ્રાપ્ત થાય છે, આ રીતનો લાભદાયી ઉપદેશ સાંભળી કેટલાક મુમુક્ષુઓ સ્વામીના શિષ્ય થયા.

એક દિવસ કાંધી ગામના ચોરામાં પંજાબી મોટા ખખડધજ જટાધારી ધોળી દાઢીવાળા એક વૃદ્ધ બાવાજી આવ્યા. ગામલોકો બાવાજીનું પંજાબી સ્થૂળ શરીર અને ભારે જબરી જટા જોઇને નવાઇ પામતા હતા. સાંજે ચોરામાં લોકો દર્શન કરવા આવે ત્યારે બાવાજી કૃષ્ણાવતાર તથા રામચંદ્રજીના સમયની કદી સાંભળી પણ ન હોય તેવી તદ્દન બનાવટી ગપ્પ વાતો હાંકે રાખે. ભોળા, ભલા અને શ્રદ્ધાળુ ગામ લોકો તો 'બાવાજી બહુ જ પુરાતન મૂર્તિ બડા મહાત્મા છે,' એમ સમજી ગાંજા-ભાંગ અને ખાવાપીવાની વસ્તુઓના ઢગલા કરવા લાગ્યા. બાવાજી પણ ઘેઢદોઢ વેંતની દશબાર ચલમો મંગાવી જે આવે તેને **આવ બચ્ચા** એમ કહી ચલમ પાય અને પોતે તો રાત્રિ-દિવસ મોટી ચલમ હાથમાં રાખી પીધા જ કરે. ચોરામાં જાણે નિમાડો સળગ્યો હોય તેવો દેખાવ લાગે.

રાત્રિના બધા લોકો ચોરામાં બાવાજી પાસે બેસવા લાગ્યા ત્યારે વ્રજાનંદ

સ્વામીએ વિચાર કર્યો કે, આપણે પણ ચોરામાં બાવાજી પાસે ઉતારો કરીએ, જેથી 'એક પંથ દો કાજ.' જેવું કામ થશે. પછી સ્વામી સંધ્યા આરતી પછી પોતાના ત્રણચાર સાધુઓ સાથે ચોરામાં આવ્યા. બાવાજીએ આવકાર આપી કહ્યું **लीजिये महात्माजी! चीलम पीजिये.** સ્વામીએ કહ્યું – મહાત્માજી ! અમે ચલમ પીતા નથી. ત્યારે તેણ કહ્યું – **अच्छा ठीक है, तुम अभि कच्चे महात्मा हो । इससे चीलमका आनंद क्या जानो ।** ચોરામાં એક સાથે બે મહાત્મા આવ્યા તેથી ચોરો માણસોથી ભરાઇ ગયો. ઝાઝા માણસો જોઇ બાવાજી ખૂબ ખુશ થયા.

બાવાજીને કોઇએ પૂછ્યું – "મહાત્માજી ! આપને કેટલાં વર્ષ થયાં હશે ? " ત્યારે બાવાજી ભારે સિદ્ધાઇ દેખાડવા માટે બોલ્યા :- **वर्ष कि तो कुछ गिनती नहि है लेकिन भैया ! मेरा खयाल है कि रामचंद्रजीका जब विवाह हुवा था तब हम उनकी बारातमें गय थे ।** બાવાજીના આ શબ્દો સાંભળી તર્કબુદ્ધિવાળા વ્રજાનંદ સ્વામી તરત જ ઊંચા અવાજથી બોલ્યા કે, "અરે ! બાવાજી ! આટલું બધું જૂઠું શા માટે બોલો છો ? **રામચંદ્રજીના જ્યારે વિવાહ થયા ત્યારે માંડવે તો હું હતો. મેં તમને ક્યાંઇ જોયા ન હતા.** માંડવામાં, જમવામાં કે સુવાબેસવામાં, જાનમાં હોય એ જણાયા વિના રહે જ નહિ." સ્વામીના સમયોચિત જોરદાર શબ્દો સાંભળી બાવાજી તો મૌન જ બની ગયા. સમજદાર હતા તે સ્વામીનો કહેવાનો હેતુ સમજી લઇને હસવા લાગ્યા.

પછી સ્વામી સૌને શાંત કરી મધુર કંઠથી રામાયણની ચોપાઇઓ બોલી ધર્મજ્ઞાન સંબંધી વાતો કરવા લાગ્યા. લોકોને સ્વામીની વાતોમાં ખૂબ જ રસ પડ્યો., એટલે રાત્રિના બાર વાગી ગયા છતાં ત્યાંથી કોઇ આઘા-પાછા થયા વિના શાંતિથી વાતો સાંભળી રહ્યા હતા. સ્વામી હમેશાં ગામલોકોને હોકા, બીડી તમાકુ, ડુંગળી-લસણ વગેરે વ્યસનોથી ધન તથા શરીરનું મોટું નુકશાન થાય છે એ સરસ રીતે સમજાવી વ્યસનો છોડાવતા હતા, તેથી સ્વામીની હાજરીમાં ચોરામાં પણ કોઇએ ચલમ કે બીડી પીધી નહિ. બાવાજી સ્વામીનો એ પ્રભાવ જોઇ સવારે વહેલા ઊઠી બીજે ગામ ચાલ્યા ગયા.

સ્વામી કાંધીમાં થોડા દિવસ રહ્યા અને ભગવતકથાવાર્તા કરી તેથી ગામમાં ઘણો સારો સત્સંગ થયો. મુખ્ય સત્સંગીઓ ખેડવાયા કુંભાર લોકો હતા. હરસુર ભગત, જુઠા ભગત આદિ કેટલાક એકાંતિક સત્સંગીઓ થયા. કેટલાક ત્યાગી થઈને જૂનાગઢમાં પાર્ષદ તરીકે રહ્યા. કાંધીનો બધો સત્સંગ ખૂબ સેવાભાવી હતો તેથી સમૈયા-ઉત્સવમાં તેઓ અગાઉથી આવી દરેક પ્રકારની સેવા કરતા. નાઘેરમાં સૌથી પહેલાં વ્રજાનંદ સ્વામીએ કાંધીમાં પાકું મંદિર કર્યું. ત્યાર પછી વાવરડા, વડવિયાળા, તડ અને જેતપુર તથા ભાવાવદર વગેરે કેટલાંક ગામોમાં સ્વામીએ ઘણો પરિશ્રમ લઈ મંદિરો કર્યાં હતાં.

ઊનાના સુપ્રસિદ્ધ નગરશેઠ ગણેશ શેઠ સત્સંગી થયા

ઊનામાં પ્રથમ ગામથી દૂર મસુંદરી નદીને કિનારે નીચેના ભાગમાં એકાંત સ્થાનમાં વ્રજાનંદ સ્વામી પોતાના દશ-બાર સાધુઓ સાથે રહેતા. ત્યાં કેટલોક સમય જપ-તપ તથા ધ્યાન-ભજન કર્યા કરતા. ગામમાંથી એક વખત ભિક્ષા માગી લાવી જે કોઈ મુમુક્ષુ મળે તેને બોધ આપતા. એમ શાંતપણે ધર્મ અને સદાચારનો પ્રચાર કરતા હતા. ધારીથી જ્યારે હંસરાજ ગાંધી ઊના રહેવા આવ્યા ત્યારે તેઓ સત્સંગી હતા એટલે સ્વામી એમને ઘેર વડલાયામાં ઊતરતા. સ્વામીના કહેવાથી હંસરાજ ગાંધી ગામના શેઠિયાઓને કથાવાર્તા સાંભળવા તેડી લાવતા.

સાધુઓ ભિક્ષા નિમિત્તે ગામમાં જાય ત્યારે નીચી દૃષ્ટિ રાખી ભજન કરતા કરતા ચાલ્યા જાય, જે હરિઇચ્છાથી મળે તે લઈ લે પણ કોઈ પાસે કાંઈ પણ માગે નહિ. તથા કોઈ પ્રકારનું વ્યસન નહિ અને રાત્રિદિવસ ધ્યાન-ભજનપરાયણ રહેવું અને કથા-કીર્તન તથા લોકોને હિતોપદેશ આપતાં થાકવું જ નહિ. આવું સાધુઓનું ઉત્તમ વર્તન જોઈને ઊના શહેરના શેઠિયા વગેરે લોકો ઘણા પ્રભાવિત થયા.

એક દિવસ હંસરાજ ગાંધી ઊના શહેરના નગરશેઠ શ્રી ગણેશ શેઠને સ્વામીની વાતો સાંભળવા માટે પોતાને ઘેર તેડી લાવ્યા. એક જ દિવસ વાતો સાંભળી ત્યાં શેઠને સ્વામીનો બહુ જ ગુણ આવ્યો; એટલે શેઠ હમેશાં સગાસ્નેહીઓ સાથે સ્વામીનો સમાગમ કરવા આવવા લાગ્યા. એક દિવસ શેઠે પૂછ્યું કે, "સાધુઓ અમારે ઘેર જમવા આવી શકે કે નહિ ?" ત્યારે હંસરાજ ગાંધીએ કહ્યું – "અમારા સાધુઓ

કોઇનું રાંધેલું જમતા નથી. હાથે રસોઇ કરી ઠાકોરજીને જમાડીને જમે છે. જ્યાં બૈરાંઓનો પ્રસંગ ન હોય તેવે સ્થળે જાય છે.”

પછી બીજે દિવસ શેઠના આગ્રહથી સ્વામી તેમને ઘેર ગયા. એક તરફ જુદા મકાનમાં ઠાકોરજી પધરાવી સૌ સાધુઓ થોડીવાર પ્રથમ સુંદર કીર્તનો બોલ્યા. પછી સ્થળ તથા વાસણો વગેરેની શુદ્ધિ કરી, દરેક વસ્તુ–પદાર્થો જોઇ ગાળી–ચાળી રસોઇ બનાવી ઠાકોરજીને જમાડીને સંતો જમ્યા. સાધુઓની ઉત્તમ રીતભાત જોઇને તથા કીર્તનો સાંભળી શેઠનાં બધાં સગાં–સ્નેહીઓ ખૂબ સંતોષ પામ્યા. સૌ સંતો જમી રહ્યા ત્યારે સ્વામીએ શેઠને કહ્યું કે, “અમારે એવો નિયમ છે કે, હમેશાં જમ્યા પછી થોડીવાર ભગવાનની કથા વંચાય અને સૌ સંતો માળા ફેરવે. જો આપને અનુકૂળતા હોય તો એ અમારા નિયમ અમે અહીં કરીએ; નહિતર ઉતારે જઇને કરીશું.” શેઠે કહ્યું ‘ભલે મહારાજ, આપ ખુશીથી આપના નિયમ અહીં જ કરો.’ પછી કથા શરૂ થઇ, સૌ સાધુઓ મૌન બેસી માળા ફેરવવા લાગ્યા. સ્વામી કથામાં પ્રસંગોપાત વચ્ચે થોડી થોડી વાતો કરતા હતા; એટલે ધીરે ધીરે એક પછી એક શેઠિયાઓ આવીને સ્વામી પાસે બેસવા લાગ્યા. એમ કરતાં થોડીવારમાં તો મોટી સભા ભરાઇ ગઇ ! સૌને સ્વામીની વાતો સાંભળવામાં બહુ રસ પડયો એથી કોઇ ઊઠયા નહિ. સ્વામી પણ સૌનો પ્રેમભાવ જોઇને દૃષ્ટાંત દાખલા આપી છંદ, સવૈયા ને કીર્તનો ભારે હલકથી બોલીને ઉત્સાહથી વાતો કરવા લાગ્યા; તે બપોરના બારથી ચાર વાગ્યા સુધી એકધારી મનનીય વાતો કરી. આથી બધા શેઠિયાઓ અતિશય રાજી થયા; પછી ગણેશ શેઠ વગેરે કેટલાક શેઠિયાઓ સત્સંગના નિયમધર્મ સ્વીકારી વ્રજાનંદ સ્વામીના શિષ્યો થયા. અને ભગવાન સ્વામિનારાયણનું ભજન–સમરણ કરવા લાગ્યા.

શ્રી ગણેશ શેઠ વણિક જ્ઞાતિ અને રાજયમાં પણ ઘણા જ પ્રખ્યાત મહાજન હતા. પ્રથમની રાજયવ્યવસ્થા પ્રમાણે જૂનાગઢ રાજયમાં ઊના સૌથી મોટો મહાલ ગણાતો. ઊના મહાલમાં રેવન્યુ ખાતાનો વહીવટ સરકાર તરફથી તેઓ કરતા. દરેક ગામની મહેસુલ વિઘોટી શેઠની તીજોરીમાં ભરાતી, પછી શેઠ રાજયને સોંપતા. નગરશેઠ ગણેશ શેઠના માન ખાતર ને તેમના રક્ષણ માટે ચાર આરબની ખડી ચોકી રાજ્ય તરફથી એમના ઘર આગળ કાયમ રહેતી. આ રીતે એમની જાહોજલાલી

એક રજવાડાના જેવી હતી. ગણેશ શેઠે પોતાની લાખો રૂપિયાની સંપત્તિ દેવને અર્પણ કરી દીધી હતી અને પોતે એકાંતિક ભક્ત થયા હતા. બોટાદના નગરશેઠ ભગા દોશી જેમ ભાવનગર રાજ્યમાં મુખ્ય અને શ્રીજીના કૃપાપાત્ર હતા, એ જ રીતે ઉનાનાં નગરશેઠ, શ્રી ગણેશ શેઠ પણ જૂનાગઢ રાજ્યમાં મુખ્ય અને શ્રીજીના કૃપાપાત્ર હતા. બંનેય નગરશેઠની પરંપરામાં અત્યાર સુધી ખાનદાનપણું અને સત્સંગ બરાબર જળવાઈ રહેલ છે, એ એમના વડીલોની સત્સંગસેવાનું ફળ છે. વ્રજાનંદ સ્વામી અને ધ્યાનાનંદ (બોટાદમાં સત્સંગ કરાવનાર) સ્વામી જેવા બ્રહ્મનિષ્ઠ સંતની કૃપાથી રજવાડા જેવા ધનાઢ્ય કુટુંબમાં **વલ્લભજી શેઠ અને શિવલાલભાઈ** જેવા ભગવત્પરાયણ એકાંતિક ભક્તો થયા. **ગર્ભશ્રીમંતનાં કુટુંબો પણ વ્યવહારમાં જળકમળન્યાયથી રહી પ્રભુમય જીવન જીવે એ જ સંતસમાગમનો સાચો પ્રભાવ છે.** શ્રીજીદીક્ષિત સંતોએ રાજકુમાર જેવા વિષયાનંદી વૈભવી મનુષ્યોને પણ બ્રહ્મરસનો અનુભવ કરાવી બ્રહ્માનંદી બનાવ્યા હતા. એ એમના બ્રહ્મનિષ્ઠપણાનો પ્રૌઢ પ્રભાવ હતો તથા સતત નિષ્કામ કર્મયોગીપણાની અતિ ઉચ્ચ કોટિની દૃઢ નિષ્ઠા હતી એમ આપણે નિશ્ચયપૂર્વક કહી શકીએ. **શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં બ્રહ્મનિષ્ઠ સંતોએ જીવાત્માઓ ઉપર મહા દયા કરી અતિશય પ્રયત્નપૂર્વક પ્રભાવશાળી કથાવાર્તાથી આદર્શ જીવનઘડતર કરી કળીયુગમાં જે જનક અને અંબરીષ રાજા જેવા ભગવન્નિષ્ઠ ભક્તો બનાવ્યા એ એમના મહાકાર્યની અજોડ સિદ્ધિ છે.**

ઘોઘલા ગામના લક્ષ્મીચંદ વણિકનો પરચો

વ્રજાનંદ સ્વામી દશ–બાર સાધુઓ સાથે એક વખત દીવ બંદર પાસે ઘોઘલા ગામને ગોંદરે વૃક્ષો નીચે ઊતરેલા. હરિઈચ્છાથી ભિક્ષામાં કાચું–પાકું જે કંઈ અન્ન અગર ફળફૂલ મળે તેનાથી આનંદપૂર્વક નિર્વાહ કરતા. એવા નિ:સ્વાદી, નિર્માની અને નિર્વ્યસની સાધુઓનાં દર્શનસમાગમથી ગામના લોકો બહુ જ શાંતિ અનુભવતા હતા. સાધુઓના પરિચયમાં આવનાર લોકો વાતો કરવા લાગ્યા કે, “ગામમાં જો બેચાર બાવા આવ્યા હોય તો ‘ગાંજા લાવ, તમાકુ લાવ, કાલી રોટી ઔર ધોલી દાલ ચાહિયે.’ એમ બોલી ગામમાં અશાંતિ કરી મૂકે. લોકો ન આપે તો કૈંક ઢોંગ ને ત્રાગાં

કરે અને અપશબ્દો બોલી ધમાલ મચાવી મૂકે; ત્યારે સ્વામિનારાયણના સાધુ કેટલા શાંત ને સંતોષી છે ! ભિક્ષામાં પ્રભુઇચ્છાથી જે મળે છે તે એક વખત જમી આખો દહાડો ધ્યાનભજન કરે છે. લોકોના હૃદય ઉપર એમના ઉપદેશની કેટલી સુંદર છાપ પડે છે ! આવા સત્પુરુષના સમાગમથી જરૂર આપણો મોક્ષ થાય."

એક દિવસ સાંજના પાંચ વાગ્યાના સુમારે સઘળા સંતો રોજના ક્રમ પ્રમાણે સ્નાન કરી ભગવાનની માનસી પૂજા કરતા હતા. પ્રભુપ્રેમમાં તલ્લીન થયેલા એ સંતોમાંથી કોઇ અતિ ભાવથી ભગવાનને કેસરકસ્તુરીયુક્ત ચંદન ચર્ચતા હતા, તો કોઇ મોગરા ડોલર, ગુલાબ વગેરે પુષ્પોના હાર ધરાવી મૂર્તિનું સુખ અંતરમાં લેતા હતા. કોઇ ઉત્તમ પ્રકારનું અત્તર મૂર્તિને ચર્ચી દર્શનનો આનંદ અનુભવતા હતા, તો કોઇ દ્રાક્ષ, દાડમ, કેરી આદિ સ્વાદિષ્ટ મેવા પ્રભુને પ્રેમથી પીરસી પ્રત્યક્ષની પેઠે જ આનંદ માણતા હતા.

આ રીતે સૌ સંતો હૃદયની વિશુદ્ધ ભાવનાથી પોતપોતાની રુચિ પ્રમાણે પ્રભુ ભક્તિનો અલૌકિક આનંદ ધ્યાનાવસ્થામાં માણી રહ્યા હતા, તે વખતે લક્ષ્મીચંદ નામનો એક વાણિક ત્યાંથી નીકળ્યો, તેમને ઉત્તમ પ્રકારનાં અત્તર, ચંદન અને વિવિધ પુષ્પોની મીઠી સુગંધ આવી તેથી તે આમ તેમ જોઇ વિચાર કરવા લાગ્યા, 'આવી ઉત્તમ સુગંધ ક્યાંથી આવતી હશે ? આ બેઠા તે તો સાધુ લોકો છે, તેની પાસે આવી ઉત્તમ વસ્તુ હોય જ નહિ, પણ આ સાધુઓ એક સાથે આંખો મીચી સ્થિર થઈને કેમ બેસી ગયા છે ?' આમ વિચાર કરી તે જેમ જેમ સાધુઓની સમીપે આવે છે તેમ તેમ અધિક સુગંધ આવી. નજીક જતાં કેરી વગેરે મેવાની પણ શ્રેષ્ઠ સુગંધ આવી. કંઇ નહિ દેખાવા છતાં પ્રભુનું ધ્યાન કરી રહેલા આ સાધુઓ પાસેથી જ આ બધી આશ્ચર્યકારક સુગંધ આવે છે, એમ ચોક્કસ થતાં તેનાં મનમાં ઘણું જ આશ્ચર્ય થયું. સાધુઓ ધ્યાનમાંથી જાગૃત થયા, એટલે લક્ષ્મીચંદ પગે લાગી સાધુઓ પાસે બેઠા; અને પોતાને જે સુગંધ આવી રહી હતી તે સંબંધમાં જિજ્ઞાસાવૃત્તિથી પૂછ્યું; ત્યારે વ્રજાનંદ સ્વામીએ કહ્યું કે, "શેઠ ! પ્રભુપરાયણ થયેલા અનન્યભક્તો જ્યારે પ્રભુભક્તિમાં મસ્ત બની, દેહનું પણ ભાન ભૂલી અત્યંત પ્રેમાતુર થઇ પ્રબળ વિશુદ્ધ સદ્‌ભાવનાથી ભગવાનને ધ્યાનાવસ્થામાં જે જે વસ્તુઓ સંકલ્પ કરી અર્પણ કરે છે તે વસ્તુ ભક્તની અતિ ઉત્કૃષ્ટ ભાવનાથી ભગવાન પોતે પ્રત્યક્ષની માફક સ્વીકારે છે, તેનો અનુભવ કોઇ વખત પ્રભુ ઇચ્છાથી આપના જેવા

મુમુક્ષુને થાય છે.'

"શેઠ ! અત્યારે પૃથ્વી ઉપર ભગવાન સ્વામિનારાયણ અનંત જીવોનું કલ્યાણ કરવા કૃપા કરીને પધારેલા છે. તેમની દયાથી આવા ઘણા ચમત્કારો જણાય છે, જેથી દૈવી જીવાત્માઓ સન્માર્ગે ચાલી પ્રભુની ભક્તિ કરે છે. અમે એ સ્વામિનારાયણ પ્રભુના સાધુઓ છીએ. ભાઇ ! મનુષ્યની આધ્યાત્મિક ઉન્નતિ જ્યાં સુધી ન થઇ શકી હોય, ત્યાં સુધી તે બીજી કોઇ પણ બાબતમાં ઉન્નતિને શિખરે પહોંચ્યો હોય, હું પૂર્ણ સુખી છું એમ અનુભવ થતો હોય, છતાં પણ જીવનમાં અનેકવાર નિરાશા અને અશાંતિથી દિલમાં દુ:ખી થાય છે; માટે આ લોકનાં **સઘળાં સંકટો તથા આંતરિક ક્લેશોમાં પણ જ્ઞાનથી સુખી રહી શાશ્વત શાંતિ મેળવવા દરેક માણસે સદ્ધર્મનું પાલન, સંતસમાગમ અને સત્શાસ્ત્રોનું શ્રવણ-મનન હમેશાં કરવું જોઈએ."** આ રીતનો સ્વામીનો ઉપદેશ સાંભળી પેલા વણિકના મનમાં ઘણી સદ્ભાવના જાગ્રત થઇ. તેનું હૃદય સત્સંગથી રંગાઇ ગયું એટલે સત્સંગનાં વર્તમાન ધારણ કરી શ્રીજીના આશ્રિત થયા.

વ્યવહારની કેટલીક મુશ્કેલીઓને લીધે લક્ષ્મીચંદભાઇએ આફ્રિકા જવાની તૈયારી કરેલી એટલે બીજે દિવસે વહાણમાં બેસવા જતી વેળાએ 'સાધુઓનાં દર્શન કરી એમના આશીર્વાદ લઇ પરદેશ જઇએ તો આપણે સુખી થઈશું,' આવા વિચારથી સંતો પાસે આવી પગે લાગી કહ્યું: 'હું આજે પરદેશ જાઉં છું.' ત્યારે વ્રજાનંદ સ્વામીએ કહ્યું: 'ભલે ! સુખેથી જાવ પણ વ્યવહારમાં નીતિથી વર્તી દરેક કાર્યમાં પ્રભુની આજ્ઞા યાદ રાખી ચાલજો અને નોકરી કે ધંધો જે કરો તેમાં પ્રમાણિકપણે રહેવું, બધું કામ ઘરધણીની પેઠે પોતાનું માનીને કરવું, દગા-પ્રપંચથી દૂર રહેવું અને હમેશાં સ્વામિનારાયણ પ્રભુનું ભજન-સ્મરણ કરવું તથા કોઇ દુ:ખનો પ્રસંગ આવે તોપણ દારૂ-માંસ વગેરે અભક્ષ્ય વસ્તુ ખાવી પીવી નહિ. મુશ્કેલીમાં પ્રભુની પ્રાર્થના સાચા દિલથી કરવી. પ્રભુ તમારું રક્ષણ કરશે. ધનની બહુ તૃષ્ણા ન રાખવી. લો, આ માળા, હમેશાં પાંચ માળા સ્વામિનારાયણના નામની ફેરવજો. આપણે જો પ્રભુને ન ભૂલીએ તો પ્રભુ આપણને ક્યારેય ભૂલે તેવા નથી." આ રીતે સ્વામીએ આપેલો ઉપદેશ નમ્ર ભાવે ગ્રહણ કરી પોતાનું અહોભાગ્ય સમજી તેઓ આફ્રિકા ગયા. ત્યાં

એક મોટા શેઠની પેઢીમાં રહ્યા. ગુરુકૃપા અને પ્રમાણિકતાથી તે થોડા જ સમયમાં શેઠના મુખ્ય મુનીમ બની ગયા.

એક વખત લક્ષ્મીચંદ ભક્ત બીમાર થઇ ગયા. ખોરાક પચે નહિ. પેટમાં દુખાવો ને શરીરમાં અશક્તિ એકદમ વધી ગઇ છતાં શેઠને જણાવા દીધું નહિ, જ્યારે ન ચાલી શકે તેમ થયું ત્યારે દુકાને ગયા નહિ. સાંજે શેઠ દુકાને આવ્યા ત્યારે પૂછ્યું "મહેતાજી કેમ દેખાતા નથી ?" ત્યારે બીજા મહેતાઓએ કહ્યું "એ આજ પંદર દહાડાથી બીમાર છે, છતાં દુકાનનું કામ જાતે કરે છે. આજે ચાલી શક્યા નહિ હોય તેથી આવ્યા નથી." વાત સાંભળી શેઠ તો તરત જ દવા લઇ નોકરો સાથે બીમાર લક્ષ્મીચંદ ભક્તને ઘેર ગયા.... 'અરે ભલા માણસ ! તમે આટલા દિવસથી બીમાર છો તે વાત પણ ન કરી ? રોગથી ઘેરાઇ ગયા ત્યાં સુધી દવા ન કરી, એ કેટલી ભૂલ કહેવાય ! લો, આ દવા બહુ કીમતી છે. આમાં ઊંચા પ્રકારનો દારૂ મેળવવામાં આવે છે, તેથી તત્કાળ શક્તિ આપી ભૂખ લગાડશે માટે દવા પીતા જાઓ." શેઠે ખૂબ પ્રશંસા કરી દવા પીવાનો અતિ આગ્રહ કર્યો; પરંતુ ધર્મનિષ્ઠ એ વણિક ભક્તે શરમાયા સિવાય ચોખ્ખા શબ્દોમાં કહ્યું 'શેઠ, એ દવા મારાથી નહિ પી શકાય.' ત્યારે શેઠ સ્નેહથી કહેવા લાગ્યા, "ભાઇ ! દેહના રક્ષણ ખાતર દવા તરીકે દારૂવાળી દવા પીવામાં કાંઇ વાંધો નથી. કદાચ તમને બહુ શંકા રહેતી હોય તો પછીથી દોષનિવારણ માટે પ્રાયશ્ચિત કરી નાખજો, પણ અત્યારે તો મારા માનખાતર પણ દવા પી જાઓ. જલદી આરામ થઇ જશે. ભાઇ ! આ તો રામબાણ દવા છે." "શેઠ સાહેબ ! અત્યારે નહિ, સવારે વિચાર કરીશું." આ રીતની તેની રુચિ જાણી 'સવારે વૈદ લઇને હું આવીશ' એમ કહી શેઠ ઘેર ગયા.

પછી બીમારીથી ઘેરાઇને ખાટલામાં સૂતેલા વણિક ભક્ત વિચાર કરે છે. "આપણાથી એવી ભ્રષ્ટ દવા ગમે તેટલો ફાયદો કરતી હોય તોપણ પીવાય નહિ, દેહ અત્યારે પડી જાય તો ભલે પણ દવા પીવી નથી. **ધર્મનો ત્યાગ કરી જીવવું એથી મરવું એ શ્રેષ્ઠ છે.** અત્યાર સુધી સંતકૃપાથી સર્વ રીતે અનુકૂળતા મળી છે અને એમની જ કૃપાથી ઘેર પહોંચીશ. સંકટવખતે શુદ્ધ મનથી પ્રભુપ્રાર્થના કરવાથી બધાં દુ:ખ દૂર થશે." એમ સાધુઓએ કહ્યુ હતું માટે હવે એ જ કરું, એમ વિચારી પૂર્ણ વિશ્વાસ ને આર્ત હૃદયથી અત્યંત ભાવપૂર્વક પ્રભુપ્રાર્થના કરવા લાગ્યા.

નિર્દોષ અને શ્રદ્ધાળુ ભક્તોની પ્રભુ જરૂર રક્ષા કરે છે. વણિક ભક્ત રોમાંચિત

ગાત્ર ને ગદ્‌ગદ્‌ કંઠે એકધારી પ્રાર્થના ને સ્મરણ કરતા હતા. ત્યાં બહારથી કોઇ બોલાવતું હોય તેવો અવાજ આવ્યો અને સાંકળ ખખડાવી. વણિક ભક્તને ભય લાગ્યો કે, શેઠ વૈદ્યને લઇ દવા પાવા આવ્યા હશે, એટલે કમાડ ઉઘાડવામાં જરા વિલંબ કર્યો, ત્યાં તો શ્રીજી મહારાજ ઓરડાની અંદર પધાર્યા ! ચોતરફ શીતલ શાંત તેજ છવાઇ ગયું ! વણિક ભક્ત બે હાથ જોડી નમસ્કાર કરી પૂછે છે: 'આપ કોણ છો ?' શ્રી હરિ કહે છે: "ભક્ત ! તમે જેનું ભજન કરો છો એ જ અમે સ્વામિનારાયણ છીએ. આ લોક દુ:ખરૂપ છે, તેથી દુ:ખમાં ધીરજ રાખી ભજન કરવું પણ મુંઝાવું નહિ." આટલું બોલી મીઠું ને તુલસીનાં પાન તે ભક્તનાં હાથમાં આપી કહ્યું: 'આ ખાઇ જાઓ, સારું થઇ જશે; કંઇ ચિંતા કરશો નહિ. દેશમાં આવો ત્યારે ગઢડા અમારાં દર્શન કરવા આવજો." આટલું બોલી શ્રીજી અંતર્ધાન થઇ ગયા. આ રીતે શ્રીજી મહારાજનાં દિવ્ય દર્શનથી તેના મનમાં ખૂબ શાંતિ થઇ ગઇ અને અલ્પ સમયમાં જાણે બીમારી હતી જ નહિ તેવો અલૌકિક સુખનો તેને અનુભવ થયો. પછી તે વણિક ભક્ત ટૂંક સમયમાં આફ્રિકાથી ઘેર આવ્યા અને ગઢડા જઇ શ્રીજી તથા સંતોનાં દર્શન કરી પોતાની કમાણીનો દશમો ભાગ શ્રીજીસેવામાં અર્પણ કર્યો.

વ્રજાનંદ સ્વામી ઊનામાં હતા. ત્યાં વાવરડા ગામના સત્સંગી ખીમાભાઇ ખાંટ દર્શન કરવા આવ્યા, ત્યારે સ્વામીએ કહ્યું, 'તમે મંદિર લીપીને તૈયાર રાખજો. અમે ત્યાં આવશું.' પછી સ્વામીએ પૂછ્યું, "તમે કાંઇ હથિયાર કેમ નથી રાખતા ?" ત્યારે તેમણે કહ્યું, "સ્વામી ! હું સત્સંગી થયો ત્યારથી હથિયાર નથી રાખતો." સ્વામીએ કહ્યું, "હવેથી તમારે કાયમ હથિયાર પાસે જ રાખવું. આજથી નિયમ લો કે, "હું કાયમ હથિયાર પાસે જ રાખીશ, થોડીવાર પણ હથિયાર છોડીશ નહિ." પછી સ્વામીના કહેવા પ્રમાણે ખીમાભાઇ ખાંટ કાયમ હથિયાર ધારણ કરવાનો નિયમ લઇ વાવરડા આવ્યા. પછી તરત જ મંદિર લીપી તૈયાર કર્યું. હજુ મંદિરમાં ગાર સુકાણી પણ ન હતી ત્યાં તો સ્વામી ત્યાં પધાર્યા. ખીમાભાઇએ કહ્યું, "સ્વામી, બહુ જ ચીવટ રાખી ! તત્કાળ પધાર્યા, હવે ક્યાં ઊતરશો ?" ત્યારે સ્વામીએ કહ્યું., "મંદિરના મેડા ઉપર ઊતરશું." પછી સ્વામીએ મંદિરના મેડા ઉપર ઉતારો કર્યો.

થોડીવાર થઇ ત્યાં ભાચા ગામના બે વાણિયા પોતાને ગામથી કોઇ મોટી આપત્તિને લીધે છૂપી રીતે ભાગી છૂટીને વાવરડા ગામમાં પેસી ગયા. બંને વણિક

યુવકોએ વિચાર કર્યો કે, "આવે ખરે વખતે કોઈને ઘેર જઈશું તો ઘરધણી અને આપણે બહુ મુશ્કેલીમાં મુકાઈ જઈશું. સ્વામિનારાયણના મંદિરમાં જઈએ, એમાં કોઈને કાંઈ હરકત નહિ. વળી પ્રભુને શરણે ગયા કહેવાઈએ. ત્યાં કોઈ સંત–મહાત્મા મળી જાય તો એમની કૃપાથી આપણું કામ થઈ જાય." આમ ચોક્કસ કરી બંને જણ મંદિરમાં આવ્યા. અત્યંત ભયભીત થયેલા અને જેના મુખમાંથી ધમણની પેઠે શ્વાસ નીકળી રહ્યો હતો તેવા હાંફળા ફાંફળા થયેલા બંનેય મંદિરમાં આવ્યા. સ્વામી તેમને પ્રેમથી આવકાર આપી મેડા ઉપર લઈ ગયા.

સ્વામીનાં દર્શન અને પ્રેમભર્યા આવકારથી બંનેય જણ પરમ શાંતિ પામ્યા. પછી તેમણે નિખાલસ દિલથી પોતાની બધી વાત કહી બતાવી રક્ષણ માગ્યું. સ્વામીએ તરત જ તેમને સાધુના આસન ઉપર સુવડાવી ઉપર ભગવાં કપડાં ઓઢાડી દીધાં. પરંતુ મૃત્યુ જેને નજરે તરવરતું હતું એવા એ બંનેય જણ પથારીમાં પડયા પડયા પણ ધ્રૂજતા હતા. સ્વામીએ તેમને ખૂબ ધીરજ આપી કહ્યું, 'પ્રભુ તમારું રક્ષણ કરશે. માટે જરાય ચિંતા કરશો નહિ, ગભરાશો નહિ.' થોડીવાર થઈ ત્યાં બોકાના વાળેલા હથિયારબંધ પહાડી શરીરવાળા ખાંટના બે જણ આવી પહોંચ્યા. સ્વામીએ પ્રથમથી જ ખીમાભાઈ ખાંટને બંદૂકતલવાર લઈ દાદરમાં બેસાર્યા હતા. પેલા ક્રૂર લોકોએ તેમને કહ્યું, "અલ્યા વાણિયા ભાગીને અહિયાં સંતાયા હોય એમ અમને લાગે છે." ત્યારે ખીમાભાઈએ કહ્યું, 'અહિયાં તો અમારા સાધુઓ છે.' ત્યારે તેણે કહ્યું 'અમને તપાસ કરવા દો.' ખીમાભાઈએ ઊભા થઈ શૂરવીરતાથી કહ્યું, 'એ વાત કોઈ રીતે નહિ બની શકે.' તેમણે કહ્યું, "તું અમારો જ્ઞાતિભાઈ થઈને અમારા કામમાં આડો આવે છે ? એ ઠીક નથી." ખીમાભાઈએ હથિયાર ઉપર હાથ ફેરવતાં કડક શબ્દોમાં કહ્યું, "આ વખતે તમે ચાલ્યા જાઓ, નહિતર આનું ફળ સારું નથી." પછી તે લોકો ચાલ્યા ગયા.

ભાચા ગામના એ બે વાણિયા ધીરધારનો ધંધો કરતા હતા. એથી પેલા ખાંટ લોકોને અમુક રૂપિયા આપેલા. બેચાર વાર પૈસાની ઉઘરાણી કરેલી પણ એ લોકોએ પૈસા પાછા આપ્યા નહિ. પછી તેમણે કડક શબ્દો બોલી આકરી ઉઘરાણી કરેલી. આથી ક્રોધે ભરાયેલા એ ખાંટ લોકોએ વિચાર કરેલો કે, "લાગ આવે તો આ વાણિયાને ઠેકાણે કરવા જોઈએ." વાણિયાને ધીરધારનો ધંધો હતો એટલે મોસમ વખતે બહારગામ ફરે તો જ પૈસા પાછા મળે. એક દિવસ બંનેય

વાણિયાને બહાર ગામથી આવતાં રસ્તામાં પેલા ખાંટ લોકોએ જોયા એટલે ખાંટ લોકો પાછળ પડી ગયેલા; તે વ્રજાનંદ સ્વામીની આ રીતની દિવ્ય દૃષ્ટિમય પરમ કૃપાથી જીવતા રહી ગયા. પછી સ્વામીની આજ્ઞાથી એ બંનેય વાણિયાને ખીમાભાઈ ભાચા મૂકી આવ્યા. આ વાતની તેના પિતા ઘેલા શેઠને જ્યારે ખબર પડી ત્યારે સ્વામીને પોતાને ગામ તેડી લાવી સમાગમ કર્યો અને ઘેલા શેઠ કુટુંબે સહિત સત્સંગી થયા, તથા વ્રજાનંદ સ્વામી પાસે મંદિર કરાવી ગામ પવિત્ર કર્યું. "ભાચે ભક્ત ઘેલો શેઠ સારો, કાપી પાસ જે નિસર્યો બારો' (ભક્તચિં. ૧૧૪)

બાબરિયાવાડ પ્રદેશમાં આદસંગ પાસે થોરડી નામે ગામ છે. ત્યાં વ્રજાનંદ સ્વામી એક વખત પધારેલા. બે દિવસ રહી સ્વામીએ ખૂબ સારી પેઠે કથાવાર્તા કરી તેથી સૌ રાજી થઇ સ્વામીની પ્રશંસા કરવા લાગ્યા. ગામમાં સત્સંગનો દ્વેષી મેઘો કરીને એક કણબી હતો. તે જેમ તેમ બોલી સ્વામીની નિંદા કરવા લાગ્યો. વાતના પ્રસંગમાં ગામલોકો સ્વામીની પ્રશંસા કરે ત્યારે મેઘો બોલી ઊઠતો કે, "ભાળ્યો તારો વ્રજાનંદ-ગ્રજાનંદ, એવા બાવા તો ગામોગામ ઘણાય રખડે છે." એક વખત તે મેઘો પટેલ રાત્રે વાળુ કરવા બેઠો ત્યાં દીવો ઠરી ગયો. અંધારામાં બિલાડી આવી તે કોઇ મરેલ ઝેરી જંતુ બાજોઠ ઉપર મૂકી અર્ધો રોટલો લઈને ભાગી ગઇ. મેઘો અંધારામાં રોટલા સાથે પેલી ઝેરી જંતુને પણ ચાવી ગયો. પછી તો ઝેરના પ્રભાવથી તેને ઉલટીઝાડા થયા. ઝેર શરીરમાં વ્યાપી ગયું, તેથી ઘણું દુઃખ થયું. ઘણી ઘણી દવા કરી પણ આરામ ન થયો. ગામ લોકો કહેવા લાગ્યા કે, 'વિના કારણ સાધુનો અપરાધ કર્યો તેનું આ ફળ છે. મેઘો બધા ઉપાયો કરી હાર્યો ત્યારે પશ્ચાત્તાપ કરી વલોપાત કરવા લાગ્યો કે "અરે ! મારા જેવો કોણ અભાગિયો હોય ! કે આવા પવિત્ર સાધુને કુરાજી કરે ?" ચારપાંચ મહિના પછી સ્વામીએ વાત જાણી ત્યારે પોતે દયા લાવી બોલ્યા, "અરર ! બીચારો દુઃખી થઇ ગયો. હે પ્રભુ, એનું ભલું કરજો." આ પ્રમાણે વ્રજાનંદ સ્વામીના સંકલ્પ માત્રથી જ તે મેઘા પટેલને સાવ સારું થયું હતું. આ રીતે જીવનભર મહા પરિશ્રમ લઇ નિષ્કામ ભાવે અગણિત આત્માઓનું કલ્યાણ કરનાર સ. વ્રજાનંદ સ્વામી વિ.સં. ૧૯૧૯ નીસાલમાં અક્ષરવાસી થયા હતા.

* * *

૧૩ : સદ્‌ગુરુ મંજુકેશાનંદ સ્વામી

સર્વનિયંતા ભગવાન શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુએ આ ભારતભૂમિમાં જન્મધારણ કરી, જનસમાજના આત્યંતિક કલ્યાણ માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આ મંગળચતુષ્ટયરૂપ એકાંતિક ધર્મની સ્થાપના કરી છે. એ એકાંતિક ધર્મનું હમેશાં પોષણ થતું રહે અને એ દ્વારા સર્વપ્રકારના જીવાત્માઓનો મોક્ષ થાય એવા અતિ ઉચ્ચ ધ્યેયથી મૂર્તિમાન ધર્મસમાન તપત્યાગપરાયણ એવા અનેક આદર્શ સાધુઓ બનાવ્યા હતા.

શ્રીજીદીક્ષિત એ સંતોમાં કેટલાક સંતો શ્રેષ્ઠ વિદ્વાનો હતા, કેટલાક સંગીતમાં નિષ્ણાત, કલામાં કુશલ તથા અષ્ટાંગયોગના પારને પામેલા હતા. અને કાવ્યકુશળ કવિઓ તો ઘણા સંતો હતા; તેમાં અષ્ટ કવિઓની સંપ્રદાયમાં ખાસ પ્રસિદ્ધિ છે. **મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ, પ્રેમાનંદ, નિષ્કુલાનંદ, દેવાનંદ, ભૂમાનંદ આધારાનંદ (સિદ્ધાનંદ) અને મંજુકેશાનંદ સ્વામી,** આ અષ્ટકવિઓ ગણાય છે. આ **અષ્ટ કવિઓની** સમાન દયાનંદ, વૈષ્ણવાનંદ, પૂર્ણાનંદ વગેરે બીજા પણ ઉત્તમ કાવ્યકર્તા સાધુઓ હતા; એ એમનાં ગ્રંથો, કીર્તનો આદિથી જાણી શકાય છે. અહીં આપણે સત્સંગના અષ્ટકવિઓ માંહેના સદ્‌ગુરુ મંજુકેશાનંદ સ્વામીના જીવનચરિત્રનું અવલોકન કરીએ.

સૌરાષ્ટ્ર પ્રદેશના **માણાવદર** ગામનો સત્સંગ પ્રથમથી જ ઘણો બળવાન અને સેવાભાવી ગણાય છે, વંશવિસ્તાર થતાં માણાવદરના સત્સંગીઓ જે જે ગામ રહેવા ગયા તથા એમની બહેનો–દીકરીઓ જયાં જયાં વિવાહિત થઇ, તે દરેક ગામમાં ખૂબ જોરદાર રીતે સત્સંગનો પ્રચાર થયો. એ બધો ઈતિહાસ ખાસ જાણવા જેવો છે. શ્રીજી મહારાજ હરવખત માણાવદર પધારતા અને મયારામ ભટ્ટ, ભીમભાઇ, પર્વતભાઇ વગેર એકાંતિક ભક્તોની પ્રેમભાવનાથી ત્યાં ઉત્સવ--સમૈયા કરતા. એટલે માણાવદરના દરેક સત્સંગી શ્રીજી અને મોટા સંતોના સેવાસમાગમથી તથા કથાવાર્તાના યોગથી ઘણી ઉચ્ચ સ્થિતિને પામેલા હતા. મહામુનિ નિષ્કુલાનંદ સ્વામી ભક્તચિંતામણિમાં ૧૧૩ ના પ્રકરણમાં સૌથી પહેલાં માણાવદરના સત્સંગીઓનાં નામનો પ્રભાવશાલી શબ્દોમાં ઉલ્લેખ કરતાં લખે છે કે :–

બાલજોબન વૃદ્ધ સમિષ્ઠ સરવે જન સમાધિનિષ્ઠ,
ભાવીભક્ત વાલો જેતબાઈ, જિયાં ભક્ત થયા ભીમભાઈ.
તે તો મોટા મુક્ત મહામતિ, સદા સુખિયા અંતરે અતિ;
જેની કથામાં નાવે મોટાઈ, એવા ભક્ત કહીએ ભીમભાઈ

ભીમભાઈનાં મોટાં બહેન **જેતબાઈ** હતાં. તેમનાં લગ્ન માણાવદરમાં જ થયેલાં. મયારામ ભટ્ટનાં માતુશ્રી **હરિબાઈના** સમાગમથી જેતબાઈ ચુસ્ત સત્સંગી થયાં હતાં. હરિબાઈ અત્યંત ગરીબ સ્વભાવનાં હતાં. અને અખંડ ધ્યાનભજન પરાયણ રહેતાં. તેમને શ્રીજી મહારાજને વિશે અતિશય પ્રેમભાવ હતો. તેઓ જ્યારે વિરહાતુર બની ગદ્‌ગદ્ કંઠ થઈને શ્રીજીપ્રાર્થના કરતાં, ત્યારે તેમની આંખોમાંથી પ્રેમાશ્રુનાં બિંદુઓ ટપકવા લાગતાં અને તેઓ શરીરનું પણ ભાન ભૂલી જતાં; ત્યારે તત્કાળ શ્રીજી મહારાજ તેમને દર્શન દઈ ધીરજ આપી શાંતિ પમાડતા. આવી બ્રહ્મસ્થિતિવાળાં હતાં.

सोई मयाराम भट उदारा, हरिकी भक्ति करत करी प्यारा;
तिनकी माता हरिबाई नामा, सोइ भजत है श्री धनश्यामाः

(મંજુકેશાનંદ સ્વામીકૃત ઐશ્વર્ય પ્રકાશ ૪-૧૨)

જેતબાઈનાં પુત્રો તથા પુત્રીઓને હરિબાઈનો વિશ્વાસપૂર્વકનો હમેશાં સહવાસ હતો, એટલે જેતબાઈનું આખું કટુંબ ભગવત્પરાયણ બની ગયું હતું. તેમાં પણ એમના મોટા પુત્ર તો સત્સંગના રંગથી વિશેષપણે રંગાઈ ગયા હતા. સંસારવ્યવહારમાં એમને જરાપણ આસક્તિ ન હતી. શ્રીજી અને સંતોમાં ખૂબ જ પ્રેમભાવ હતો. એમની એવી ઉત્તમ વૈરાગ્યવાળી સ્થિતિ જોઈને હરિબાઈ તથા પોતાનાં માતુશ્રી જેતબાઈને હરવખત વિચાર આવતો કે, – “આ પુત્ર તો સાધુ થાય એવા શાંત સ્વભાવવાળા અને ભજની છે.” પછી તો બંનેય માતાઓ પુત્રને વૈરાગ્ય દૃઢ થાય એ હેતુથી સંસારનું મિથ્યાપણું અને પ્રભુના મહિમા-મોટપની ખૂબ વાતો કરતાં. આથી બુદ્ધિશાળી વિવેકી પુત્ર પોતાના મનમાં સમજી ગયા કે, ‘મારી માતુશ્રીની ઈચ્છા આવા પ્રકારની છે.’

માતા-પિતા અને ગુરુ કે વડીલોની ઈચ્છાને આધીન થવું અથવા એમની

આજ્ઞાનું પાલન કરવું એ ઘણું જ કઠિન છે. પરંતુ ખાનદાન કુટુંબના સંસ્કારી–વિવેકી બાળકો, પૂજ્ય પુરુષોની આજ્ઞામાં રહેવું તેમાં જ પોતાનું ગૌરવ તથા ઉન્નતિ સમાયેલા છે, એમ માનતા હોય છે. આ ન્યાય પ્રમાણે જેતબાઇના મોટા પુત્રે પોતાના મનમાં સંકલ્પ કર્યો કે, "આપણે અવશ્ય સાધુ થઇ જવું છે."

એક દિવસ જેતબાઇએ વૈરાગ્યવાળા પોતાના મોટા પુત્રને પ્રેમથી પાસે બેસારીને કહ્યું: "તું સાધુદીક્ષા લઇ શ્રીજી મહારાજ તથા મોટા સંતોની સેવા કર તો હું બહુ જ રાજી થાઉં." આ પ્રમાણે પોતાની માતાનું પ્રિય વચન સાંભળી તેઓ ઘણા જ પ્રસન્ન થયા અને માતાને કહ્યું: "તમારી ઇચ્છા પ્રમાણે હું અવશ્ય સાધુ થઇશ."

પોતાની પ્રજાને સંસારના બંધનમાંથી છોડાવી પ્રભુમાં જોડે એવી માતાઓને અનેક વાર ધન્ય છે. શાસ્ત્રોમાં માતૃ શબ્દનો પ્રયોગ તેના મહત્ત્વપૂર્ણ અર્થ પ્રમાણે થયેલો છે. વેદો આજ્ઞા કરે છે. **मातृदेवो भव** માતાને દેવની સમાન માનો. **मान्यते पूज्यते इति माता** અર્થાત પૂજવા યોગ્ય હોય તે માતા કહેવાય. બીજી સ્ત્રીઓ તો **જનની** એટલે ફક્ત જન્મ આપનારી ગણાય.

પહેલાંના સમયની માતા કર્તવ્યનિષ્ઠ અને ધર્મપરાયણ હતી તેથી તે પોતાની પ્રજાનું સાચું હિત થાય, એટલે તેને પ્રભુના અવિનાશી પદની પ્રાપ્તિ થાય તેવી કાળજી રાખી શુભ સંસ્કારો આપવામાં જરા પણ આળસ–પ્રમાદ રાખતી નહિ. એવી પવિત્ર માતાઓ સાચા અર્થમાં માતા કહેવા યોગ્ય ગણાય. તેવી આદર્શ માતાઓ દ્વારા બાળપણથી વાત્સલ્યપૂર્વક આગ્રહથી અપાયેલા શુભ સંસ્કારો વડે ધ્રુવ, પ્રહલાદ, અંબરીષ, જનક અને રંતિદેવ જેવા સેંકડો રાજાઓ ભારતવર્ષમાં થયા કે, જેમણે પ્રજાનાં સર્વ પ્રકારનાં દુઃખો દૂર કરી દેશ અને ધર્મ એ બંનેયના રક્ષણપોષણ માટે પોતાના રાજસી જીવનનો ત્યાગ કરી તપ–ત્યાગ અને પરોપકાર–પરાયણ જીવન જીવ્યા એ પૂજ્ય માતાઓનો પ્રભાવ હતો.

ઉપર્યુક્ત રીતે જેતબાઇના મોટા પુત્રે પોતાની માતાની ઇચ્છા પ્રમાણે સાધુ દીક્ષા લેવાનો દૃઢ નિશ્ચય કર્યો. એ અરસામાં સદ્‌ગુરુ સ્વયંપ્રકાશાનંદ સ્વામી સોરઠમાં ફરતા ફરતા પોતાના શિષ્યોએ સહિત માણાવદર ગામે પધાર્યા. ત્યારે મયારામ ભટ્ટનાં માતુશ્રી હરિબાઇએ સત્સંગીઓ સાથે સ્વયંપ્રકાશાનંદ સ્વામીને કહેવરાવ્યું કે, "અહીના

સત્સંગી જેતબાઈના મોટા પુત્ર ખૂબ જ વૈરાગ્યવાળા છે. તેમને સાધુ થવાની ઈચ્છા છે. માટે તમો તેમને સાથે તેડી જઈને શ્રીજી મહારાજ પાસે સાધુદીક્ષા અપાવજો." પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામી જયારે માણાવદરથી ચાલ્યા ત્યારે તેમને સાથે લીધા અને ગઢપુર આવી શ્રીજી મહારાજ પાસે ભાગવતી સાધુદીક્ષા અપાવી **મંજુકેશાનંદ** સ્વામી નામ રાખ્યું.

વિદ્યાભ્યાસ અને ગ્રંથરચના

મંજુકેશાનંદ સ્વામીએ બાળપણમાં ગુજરાતી ભાષાનું શિક્ષણ લીધેલું એટલે એમને ગુજરાતી ભાષાનું જ્ઞાન ઘણું સારું હતું. કીર્તનો બોલવાં, વાંચવું-ભણવું, તથા માંદા કે વૃદ્ધ સંતોની સેવા કરવી તેમાં સ્વામીને ખૂબ જ શ્રદ્ધા હતી. અને પ્રેમભાવથી હરવખત દરેકની સેવા કરતા. તેથી સૌ સંતો તેમના ઉપર પ્રસન્ન થતા અને કહેતા કે, "હજુ તમારી યુવા અવસ્થા છે, માટે તમે સંસ્કૃતવિદ્યાનો અભ્યાસ કરો." આ રીતે સૌ સંતોના આગ્રહથી મંજુકેશાનંદ સ્વામીએ સ. નિત્યાનંદ સ્વામી પાસે ભણવાનું શરુ કર્યું. વિનય, વિવેક, વિદ્યાભ્યાસમાં સતત કાળજી અને પોતાની બુદ્ધિમત્તાથી સંસ્કૃતવિદ્યાનો ઊંડો અભ્યાસ કરી સ્વામી સંસ્કૃતના સારા વિદ્વાન થયા; એટલું જ નહિ પણ સંસ્કૃત જેવી કઠિન ભાષાના કુશળ કવિ થયા. અને વિવિધ વ્રતોના કેટલાય ઉત્તમ સ્તોત્રો-અષ્ટકો તથા મનોહર અષ્ટપદીઓ સંસ્કૃતમાં બનાવી છે. વિ. સં. ૧૯૬૩ ની સાલમાં લક્ષ્મીપ્રસાદજી મહારાજના સમયમાં 'સ્તોત્રરત્નસિંધુ' નામનું એક પુસ્તક છપાયેલું છે. તેમાં મંજુકેશાનંદ સ્વામીનાં અષ્ટકો છપાયેલાં છે. હજુ પણ સ્વામીનાં નહિ છપાયેલાં એવાં સ્વામીનાં કેટલાંક અષ્ટકો છે.

મંજુકેશાનંદ સ્વામી સંસ્કૃતના વિદ્વાન અને કવિ હતા, તેમજ ગુજરાતી ભાષાના પણ શ્રેષ્ઠ કવિ હતા. **"તારી મૂરતી લાગે છે મને પ્યારી રે, શ્રીઘનશ્યામહરિ" "તમારે ચરણે શીષ નમાવું સહજાનંદજી રે"** ઈત્યાદિ સ્વામીનાં કેટલાંક કીર્તનો સંપ્રદાયમાં ગવાતાં પ્રસિદ્ધ છે. **(૧) એકાદશીમાહાત્મ્ય (૨) ધર્મપ્રકાશ (૩) ઐશ્વર્યપ્રકાશ (૪) કીર્તનપ્રકાશ (૫) સ્તોત્રપ્રકાશ (૬) નંદનામમાલા (૭) હરિગીતાદોહાચોપાઈ (૮) વિદુરનીતિ-સંસ્કૃતટીકા (૯)** આ આઠ ગ્રંથો સ્વામીએ કરેલા મળી આવે છે.

આ ઉપરથી સ્વામીની સંસ્કૃત તથા પ્રાકૃત કાવ્યકર્તાઓમાં સારી ગણના થવા પામી છે. સ્વામીની સંસ્કૃત–પ્રાકૃત બધી કાવ્યરચના ઉત્તમ કોટિની છે, તેથી તેઓ સારા વિદ્વાન હતા એ સિદ્ધ થાય છે. સ્વામીએ **નંદનામમાલા** નામના ગ્રંથમાં ટૂંક પરિચય સાથે શ્રીજીદીક્ષિત દરેક ત્યાગીનાં નામ લખ્યાં છે; એ અતિશય ઉપયોગી કાર્ય કર્યું છે. નંદસંતોની આટલી ટૂંકી માહિતી કોઇ પણ ગ્રંથમાં લખી નથી. વિસ્તાર ભયથી અહિયાં સ્વામીના ગ્રંથોની સમાલોચના કરી નથી, પરંતુ જિજ્ઞાસુ જનો એ ગ્રંથોનું સ્વયં મનન–ચિંતન કરી સ્વામીની કૃપાના પાત્ર થશે જ.

વિવિધ ભાષાનું જ્ઞાન અને કથાવાર્તામાં રુચિ

મંજુકેશાનંદ સ્વામી પ્રકૃતિના ઘણા જ શાંત સ્વભાવવાળા ઉદાર વૃત્તિના અને અનેક બાબતોનું જ્ઞાન મેળવવામાં અતિ આગ્રહવાળા હતા. ગુજરાતી, હિંદી, મરાઠી અને સંસ્કૃત, આ ચારેય ભાષામાં તેઓ માતૃભાષાની પેઠે સુંદર રીતે કથા–પ્રવચન કરી શકતા. એવું એમનું વિશિષ્ટ જ્ઞાન હતું. સ્વામીને જ્ઞાન મેળવવામાં જેવાં કાળજી, ઉત્સાહ અને આગ્રહ હતાં એથી પણ વિશેષ કથા–વાર્તા કરવામાં શ્રદ્ધા હતી. કારણ કે, ઘણા પ્રયાસથી મેળવેલા જ્ઞાનનો જો સતત સદુપયોગ ન થાય તો એ જ્ઞાન બોજારૂપ બની વ્યર્થ બને છે. માટે જીવનભર રાત્રિ–દિવસ ઉત્સાહ અને આગ્રહથી જ્ઞાનોપદેશ આપી લોકોને સદાચારપ્રધાન ભક્તિનિષ્ઠાવાળા બનાવવા એ જ્ઞાનનું ઉત્તમ ફળ છે એમ સંતપુરુષો માનતા હોય છે. આ રીતે કીર્તનો ગાવાં તથા ભગવાનના મહિમા–મોટપ સંબંધી લીલાચરિત્રોનું ગાન કરવું અને ધર્મજ્ઞાનની વાતો કરવી એમાં સ્વામી એટલા બધા તલ્લીન થઇ જતા કે, જેથી કેટલો સમય વીતી ગયો તેનો પણ એમને ખ્યાલ રહેતો નહિ. સ્વામીની ભક્તિભાવપૂર્ણ અસરકારક રસદાયી વાતો સાંભળીને લોકો પણ ભગવત્પરાયણ થઇ જતા અને સત્સંગના ધર્મનિયમ ધારણ કરી શ્રીજીના આશ્રિતો થતા હતા.

આવી પ્રભાવશાલી કથાવાર્તાની પદ્ધતિથી તથા અત્યંત મહિમાપૂર્વક કીર્તનો ગાવાની શ્રદ્ધાથી શ્રીજી મહારાજ સ્વામી ઉપર ખૂબ પ્રસન્ન થતા અને સ્વામીને પ્રેમથી ભેટી પુષ્પના હાર, ચરણાવિંદ, તથા પ્રસાદીની વસ્તુઓ ઘણીવાર આપતા. તથા કાનમ, વાકળ, ખાનદેશ વગેરે દૂર પ્રદેશોમાં સત્સંગ કરાવવાની આજ્ઞા કરી

સ્વામીને ત્યાં મોકલતા. શ્રીજીઆજ્ઞા શિરેમાન્ય કરી સ્વામીએ ઘણાં ઘણાં કઠિન કષ્ટો તથા લોકોનાં અપમાનો સહન કરી કાનમ, કોંકણ, વાકળ અને ખાનદેશમાં ઘણો સત્સંગ કરાવ્યો અને કેટલાંક ગામોમાં મંદિરો પણ બંધાવ્યાં છે.

શ્રીજી મહારાજે સ્વામી દ્વારા બતાવેલું ઐશ્વર્ય

એક વખત મંજુકેશાનંદ સ્વામી પૂર્વ ખાનદેશમાં **યાવલ** તાલુકાના નાવી, સાતોદ, હિંગોણા, ભાલોલ, કોરૂવડ, બામણોદ વગેરે ગામોમાં પોતે સત્સંગ કરાવેલો એટલે તે તરફ ફરી, પોતાના મંડળના સંતોએ સહિત યાવલ ગામમાં આવ્યા. સત્સંગીઓના પ્રેમભાવથી સ્વામી ત્યાં રોકાયા. ધૂન–કીર્તન અને કથાવાર્તાથી ગામલોકો તથા સત્સંગીઓને સ્વામીએ ખૂબ સંતુષ્ટ કર્યા.

એક દિવસ એકાદશી હતી એટલે સાંજે આરતી–ધૂન પછી સ્વામીના સાધુઓએ પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે નંદ સંતોનાં ભારે ભારે કીર્તનો ખૂબ પ્રેમથી ગાયાં. પછી સ્વામીએ અંતરના ઊંડા ભક્તિભાવથી મહિમાપૂર્વક શ્રીજી મહારાજના ઐશ્વર્યપ્રતાપની પ્રભાવશાળી વાતો કરી તેથી સર્વ સત્સંગીઓ અત્યંત રાજી થયા.

કથાવાર્તા થઇ રહ્યા પછી એકાદશીનું જાગરણ કરવાની ઇચ્છાથી સત્સંગીઓ ગરબી ગાવા લાગ્યા. પ્રભુના દિવ્ય પ્રેમમાં મસ્ત બનેલા યુવક સત્સંગીઓ મનોહર–મધુર કંઠથી ઊંચા અવાજે કીર્તનો ગાઈને રાસ રમી રહ્યા હતા. મંજુકેશાનંદ સ્વામી બાજુ પર ખુરશી ઉપર બેસી નાનામોટા સર્વ સત્સંગીઓ તરફ પ્રસન્ન મુખે અમીદૃષ્ટિથી જોઇ સૌના આનંદ અને ઉત્સાહમાં વૃદ્ધિ કરી રહ્યા હતા. રાત્રિનો શાંતિમય આનંદદાયક સમય હતો. અને પ્રેમી ભક્તો શરીરનું પણ ભાન ભૂલીને જાણે આકાશમાં ઊડતા હોય, એ રીતે આગવી ઢબથી વિવિધ પ્રકારે આકર્ષક અંગમરોડ કરી સ્વામીની પ્રસન્નતતા માટે ભારે હલકથી કીર્તનો ગાતા હતા. તેનો ઉદ્‌ઘોષ આખા ગામમાં પ્રસરી ગયો. તેથી રાસમંડળની ચારે બાજુ જોનાર લોકોની ભારે ભીડ જામી પડી. અને સૌ લોકો પરસ્પર રાસ રમનારાઓની પ્રશંસા કરવા લાગ્યા.

ગામના કેટલાક બ્રાહ્મણો તથા સરકારી અધિકારીઓ આ રાસની વાત સાંભળીને જોવા માટે ત્યાં આવ્યા. પરંતુ એ લોકોએ પ્રથમથી જ એવો વિચાર કરેલો કે, "આપણે ત્યાં જવું પણ સ્વામિનારાયણના સાધુઓને પગે લાગવું નહિ. એ તો નવો ધર્મ છે. એના સાધુઓ શું કરતા હોય, કંઇ જ્ઞાતિના હોય એ કઇ આપણે જાણતા નથી, માટે આપણે કોઇએ એમને નમસ્કાર પણ કરવા નહિ. એવા સાધુ–બાવા તો ઘણાય રખડતા હોય છે." આ રીતે નક્કી કરી તે અધિકારીઓ વગેરે ગામ લોકો, કોઇને નમસ્કાર કર્યા વિના એક તરફ બેસી રાસ જોવા લાગ્યા. પ્રભુસંબંધી પ્રેમામૃતમાં પુલકિત થયેલ સત્સંગીઓ અતિ ઉલ્લાસથી ગરબીઓ ગાઇ રહ્યા હતા. એ વખતે ગાનારા અને જોનારા એ સૌ કોઇ પ્રભુના દિવ્ય આનંદમાં તલ્લીન બની ગયા હતા.

એ પરમ મંગળમય પ્રસંગે શ્રીજી મહારાજની કૃપાથી એક અદ્‌ભુત આશ્ચર્ય થયું. મંજુકેશાનંદ સ્વામી જે ખુરશી ઉપર બેઠા હતા તે સ્થળે સ્વામીને બદલે ચતુર્ભુજ રૂપે નારાયણ ભગવાનનાં દર્શન પેલા અધિકારીઓને થયાં. જ્યારે ખુરશી ઉપર સ્વામી દેખાયા નહિ અને નારાયણ પ્રભુનાં દર્શન થવા લાગ્યાં, ત્યારે જેણે નક્કી કર્યું હતું કે, 'આપણે સાધુઓને પગે લાગવું નહિ' તે જ અધિકારીઓ સૌથી પહેલા દોડીને પગે લાગ્યા. સૌના મનમાં આનંદ આનંદ થઇ ગયો. દરેકના હૃદયમાંથી ઈર્ષ્યાભાવ તથા વૈરવૃત્તિ દૂર થઇ ગઇ. અને સાંધુસત્સંગીઓ તરફ સહુને પૂજ્ય ભાવ પેદા થયો. બધા લોકો ખુરશી આગળ બેસી ચતુર્ભુજરૂપે નારાયણ ભગવાનનાં દર્શન કરી થોડીવાર બેઠા, ત્યાં સ્વામી જે રીતે ખુરશી ઉપર બેઠા હતા તે પ્રમાણે ફરીથી સૌને સ્વામીનાં દર્શન થયાં. રાસ બંધ હતો. બધા સ્વામીની ખુરશી આગળ મૌન બનીને બેસી ગયા હતા. આ ભવ્ય તક જોઇને સ્વામી શ્રીજીનાં અલૌકિક ઐશ્વર્ય પ્રતાપની વાતો કરવા લાગ્યા. મનનો મેલ દૂર થાય તેવી સ્વામીની વાતો સાંભળીને પોતાની ગેરસમજથી થયેલા અપરાધની સ્વામી પાસે માફી માગી કેટલાક મુમુક્ષુઓ તરત જ સત્સંગના નિયમ ધર્મ સ્વીકારી આશ્રિતો થયા. આ રીતે સ્વામીની સત્સંગપ્રચારની અતિ ઉત્કટ પ્રબળ ભાવનાથી શ્રીજી મહારાજે સ્વામી દ્વારા લોકોને દિવ્ય દર્શન આપી અનેકનું આત્મકલ્યાણ કર્યું.

વૈદકશાસ્ત્રનું જ્ઞાન અને નિ:સ્વાર્થ સેવાભાવના

સ્વામી જેમ અનેક બાબતમાં કુશળ હતા તેમજ આયુર્વેદના પણ ઉત્તમ

જ્ઞાતા હતા. વૈદકશાસ્ત્રની પદ્ધતિ પ્રમાણે અસરકારક દવાઓ બનાવતા અને ગામડાના દરેક લોકોને મફત દવાઓ આપી ભયંકર અને અસાધ્ય રોગો મટાડતા. ત્યાગી કે ગૃહી કોઇ પણ બીમાર હોય તે સાંભળીને સ્વામી વગર બોલાવ્યે દર્દી પાસે જઇ દવા વગેરેથી તેની પૂરી સારવાર કરતા. એવા તેઓ અતિશય દયાળુ હતા.

કોઇ એકલિયા સાધુ હોય અગર કોઇ વૃદ્ધ કે બીમાર સંત હોય તેની નિ:સ્વાર્થ ભાવેથી અંતરની લાગણીથી સેવા કરવી એવું સ્વામીનું ખાસ અંગ હતું. પોતે વૈદ્ય અને સેવાભાવી એટલે સંતોની સેવા કરીને તથા દવા આપીને ઘણા સંતોને પ્રસન્ન કરેલા; દવા અથવા સેવાથી રાજી થયેલા કેટલાક સંતો સ્વામીને શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓ–ચરણારવિંદ વગેરે આગ્રહથી આપતા. પરંતુ સ્વામી અતિશય ઉદાર અને દયાળુ પ્રકૃતિના હતા તેથી તેઓ પારકું – પોતાનું એવો ભેદ રાખ્યા વિના પ્રસાદીની વસ્તુઓ મહિમાવાળા સંતહરિભક્તોને આપી દેતા. અને ચરણારવિંદ મોટાં મંદિરમાં તથા ગામડાંનાં મંદિરમાં પધરાવી દેતા. ગામડાંનાં ઘણાં મંદિરોમાં મંજુકેશાનંદ સ્વામી અથવા એમના શિષ્ય સ્વામી સાધુચરણદાસનું નામ ચરણારવિંદે લખેલું આજે પણ જોવા મળે છે. આ ઉપરથી સ્વામીને સત્સંગનો મહિમા, મમત્વ, ઉદારતા અને સર્વના તરફ કેટલી બધી શ્રેષ્ઠ સદ્‌ભાવના હતી તે સિદ્ધ થાય છે.

પોતે પરિશ્રમ કરીને મેળવેલી સંપત્તિ, વિદ્યા અને સદ્‌ગુણો એ જો બીજાના ઉપયોગમાં ન આવે, એથી જો પરોપકાર ન કરી શકાય, તો એ બધાનું શુભ પરિણામ આવતું નથી. **સંપત્તિનો કેફ, વિદ્યાનો ગર્વ અને સદ્‌ગુણોનું અભિમાન એ મનુષ્યનું અનિષ્ટ કરી તેને અનાદરને પાત્ર બનાવે છે.** આ ન્યાયે સ્વામી નિષ્કપટ હૃદયથી જેને જે શીખવું હોય તે પ્રેમથી શીખવતા.

પૂર્વ ખાનદેશમાં યાવલ તાલુકાના પાડળસા ગામના પટેલ નાથુભાઈને સ્વામીએ સંગ્રહણી, પાંડુ, પત વગેરે કઠિન રોગોની અકસીર દવાઓ શીખવેલી. એમણે સ્વામીની મદદથી ઘણા લોકોનાં જીવલેણ દર્દો મટાડી સારા વૈદ્ય તરીકેની ખ્યાતિ મેળવી હતી. એ નથુભાઈની પરંપરામાં નારાયણ, પાંડુરંગ વગેરે સારા વૈદ્યો થયા. છેલ્લે એમની પરંપરામાં મહારૂભાઇ પ્રખ્યાત વૈદ્ય તરીકે કામ કરી રહ્યા હતા. આ પ્રમાણે સ્વામીએ કોઇ પ્રકારનું કપટ રાખ્યા વિના ઘણા સંતહરિભક્તોને અકસીર

દવાઓ શીખવેલી. આ રીતે સ્વામીમાં શ્રેષ્ઠ વિદ્વત્તા, આદર્શ સાધુતા, પરોપકાર વૃત્તિ, સત્સંગપ્રચારની પ્રબળ ધગશ, અને સર્વે કાર્યોમાં નિ:સ્વાર્થપણાની ભાવના ઇત્યાદિક અનંત સદ્ગુણો હતા. તેથી સ્વામી નંદનામમાલામાં પોતે પોતાનો પરિચય આપવાનું ગૌરવ લઇ શક્યા છે.

મંજુકેશાનંદ તે પંડિત, રૂડા ગુણે કરી મંડિત;
જેણે કીધા છે ભાષાના ગ્રંથ, કીધો કીર્ત્તન મોક્ષનો પંથ.

મંજુકેશાનંદ સ્વામીએ કેટલી અવસ્થાએ સાધુદીક્ષા લીધી અને ક્યારે અક્ષરવાસી થયા તેની શોધ–ખોળ કરવા છતાં કોઇ ચોક્કસ સાલ કે તિથિ ક્યાંયથી અમને મળી નથી. પરંતુ તેઓ ભરયુવાનીમાં લગભગ વીશેક વર્ષની અવસ્થાએ સાધુ થયેલા અને ત્યાર પછી તરત જ સંસ્કૃત ભણવાનો આરંભ કરેલો. સ્વામીએ **એકાદશી માહાત્મ્ય** નામનો ગ્રંથ કરેલો છે, તેના પહેલા કડવામાં તેઓ લખે છે.

સંવત અઢાર ઇઠ્યોતેર રે, શ્રાવણ સુદી બારશ દિનવર રે;
તે દિ પ્રાતસકાર મોઝાર રે, સ્વામી સહજાનંદ સુખકાર રે.

સંવત અઢારસો અઠયોતેરના શ્રાવણ સુદ ૧૨ ના રોજ સવારમાં દાદાખાચરના દરબારમાં શ્રીજી મહારાજે સભામાં એકાદશીનું માહાત્મ્ય કહ્યું તે આધારે હું આ ગ્રંથ લખું છું. એટલે સ્વામી સં. ૧૮૭૦ની સાલમાં સાધુ થયા હોય અને આઠેક વર્ષ વિદ્યાભ્યાસ કર્યા પછી એ ગ્રંથ બનાવ્યો હશે એમ અનુમાન થઇ શકે છે. અમારા ગુરુના ગુરુ સ. પુ. હરિદાસજી સ્વામી સં. ૧૯૨૮ની સાલમાં બ્રહ્મચારી અચિંત્યાનંદજી પાસે સંસ્કૃત ભણવા વડ્તાલ ગયેલા. તે વખતે તેમણે મંજુકેશાનંદ સ્વામીનાં દર્શન કરેલાં. એટલે સ્વામી ૧૯૨૮ની સાલ સુધી વિદ્યમાન હતા. ત્યાર પછી એકાદ બે વર્ષમાં તેઓ અક્ષરવાસી થયેલા. લગભગ પંચાસી વર્ષની અવસ્થાએ સ્વામી ધામમાં ગયેલા એમ નિશ્ચિત થાય છે. સ્વામીના મુખ્ય ચાર શિષ્યો હતા. પુ. કૃષ્ણચરણદાસજી, સાધુચરણદાસજી, સત્સ્વરૂપદાસજી અને ઘનશ્યામજીવનદાસજી. તેમાં સ્વામી સાધુચરણદાસજીના પુ. માધવપ્રસાદદાસજી, તેમના શિષ્ય પ. ભ. હીરા ભક્ત ઉત્તમ પ્રકારે દેવસેવા કરી રહ્યા છે.

* * *

૧૪ : શ્રી ગુરુચ્ચરણરતાનંદ સ્વામી

મહેસાણા જિલ્લાના કલોલ તાલુકામાં **ધમાસણા** નામે એક ગામ છે. ત્યાં શ્રીજી મહારાજ ચાર વખત પધાર્યા હતા. સુથાર, વાણિયા, બ્રાહ્મણ અને પાટીદાર વગેરે જ્ઞાતિઓનો સારો સત્સંગ હતો. પુરુષોત્તમ સુથારને ઘેર શ્રીજી મહારાજ સંત પાર્ષદો સહિત ઊતરતા. (જુઓ સત્સંગભૂષણ ૪-૨૧) ધમાસાણામાં બાઈઓનો સત્સંગ વિશેષપણે સારો હતો. તેથી ત્યાંના સત્સંગીઓ બાઈભાઈનો સંઘ લઈને સમૈયાઉત્સવમાં શ્રીજી મહારાજનાં દર્શન કરવા ઘણીવાર જતા. તેમાં એક પાટીદારના ડોસીમાને, એ ભવ્ય સમૈયાના ભગવતપરાયણ દિવ્ય વાતાવરણથી શ્રીજીના સ્વરૂપની અનન્ય ભક્તિનિષ્ઠા થઈ અને સત્સંગમાં ખૂબ જ આત્મબુદ્ધિ થઈ, તેથી એ ડોસીમા પ્રભુની નવધા ભક્તિમાં બધો સમય વિતાવતાં તથા ઘરમાં, કુટુંબમાં અને ગામમાં પણ સત્સંગના શુભ સંસ્કારો ફેલાય તથા ધર્મબળ વૃદ્ધિ પામે એવો હમેશાં દૃઢ આગ્રહ રાખી પોતાના શ્રેષ્ઠ વર્તનથી અને વિવેકપૂર્ણ પ્રેમાળ સ્વભાવ તથા નાનામોટા સૌના હરવખત સત્સંગની વાતો કરવાનો ઉત્સાહ વગેરે સદ્‌ગુણોથી ડોસીમા સત્સંગનું પોષણ કરી રહ્યા હતાં.

એ ડોસીમાને એક દીકરો હતો, પણ દીકરાને ઘેર ચાર પુત્રો હતા. ઘરમાં દરેક બાળકને બાળપણથી સારી ટેવો પાડી, દાદીમાએ સત્સંગના સંસ્કારો જીવનમાં ઉતાર્યા હતા. હમેશાં સવાર-સાંજ દાદીમાની હાજરીમાં ઘરનું વાતાવરણ મંદિર જેવું પવિત્ર બની જતું. ઘરમાં નાનાંમોટાં સર્વ મનુષ્યો પ્રભુનાં ધ્યાન, ભજન, પૂજાપાઠ, ધૂન-કીર્તન અને સ્તુતિ-પ્રાર્થનામાં તલ્લીન બની જઈને દિવ્યસુખનો આનંદ માણતાં. દાદીમાના પુત્રને ચાર પુત્રો હતા, એ ચારેયમાં મોટા પુત્રે દાદીમાના સત્સંગનો વારસો બરાબર શૂરવીરતાથી સંભાળ્યો હતો. દાદીમાની ઇચ્છા અને આજ્ઞા પ્રમાણે એમણે પોતાનું જીવન સત્સંગ અર્થે અર્પણ કરી દીધું હતું. ડાહ્યા દીકરાનો મોહ, મમત્વ છોડી દાદીમાએ એ દીકરામાં ઉત્તમ વૈરાગ્યના એવા બળવાન સંસ્કારોને ભરી દીધા કે જેથી તેના દિલમાંથી સંસારની વાસના નિર્મૂલ થઈ ગઈ. એટલે 'સાધુદીક્ષા લઈને શ્રીજી મહારાજની સેવામાં રહેવું' આવો એમણે ચોક્કસ નિર્ણય કરી લીધો. જેમણે સાધુ થવાનો નિર્ણય કર્યો એ જ આપણા પૂજ્ય સંત સ્વામી **શ્રી ગુરુચ્ચરણરતાનંદ સ્વામી** થયા.

તેઓ પૂર્વાશ્રમમાં ઘેર હતા ત્યારે શ્રીજી મહારાજનાં દર્શન કરવા પગે ચાલીને વારંવાર જતા. શ્રીજી અને સંતો ઉપર તેમને અતિશય પ્રેમભાવ હતો. તેથી જ્યારે દર્શન કરવા જતા ત્યારે મોટા મોટા સંતો પાસે બેસીને તેઓ આખો દિવસ કથા-વાર્તા સાંભળ્યા કરતા અને સમૈયાઉત્સવમાં આવેલા સંતહરિભક્તો રાત્રિના બાર વાગ્યા સુધી નવીન નવીન કીર્તનો બોલતા હોય તે સાંભળે. વહેલી સવારે પણ પ્રેમીભક્તો પ્રભાતિયાં, પ્રકરણ વગેરે ગાય તે પણ શ્રદ્ધાપૂર્વક સાંભળે. આ રીતે એમનું ચિત્ત શ્રીજી મહારાજમાં આસક્ત રહેતું તેથી જ તેઓ જ્યારે સાધુ થયા ત્યારે એમનું નામ શ્રીજી મહારાજે **ગુરુચરણરતાનંદ** એવું પાડ્યું તે બરાબર સાર્થક થયું.

એક વખત તેઓ ઘેર હતા ત્યારે વડતાલ શ્રીજી મહારાજનાં દર્શન કરવા ગયેલા. ત્યારે પ્રથમ ગોમતીમાં સ્નાન કર્યું પછી પોતે વિચાર કર્યો કે, "આપણે ટીમણ કરીને પછી દર્શન કરવા જઈશું, એટલે વચ્ચે કાંઈ ઉપાધિ આડી ન આવે." આ રીતે નિર્ણય કરી ગોમતીજીને કિનારે ટીમણ કરવા બેઠા. ત્યાં શ્રીજી મહારાજ હરિભક્તોની સંભાળ લેવા નીકળ્યા હતા તે ત્યાં આવ્યા અને પૂછ્યું કે, "ભક્તો ! તમો શું જમો છો ? " ત્યારે તેમણે કહ્યું, 'મહુડાનો ઘસિયો જમીએ છીએ.' ત્યારે મહારાજે કહ્યું, "અમને એ ઘસિયો આપશો ?" ત્યારે તે કહે, 'હા નાથ ! તમો પણ જમો.' પછી ડબામાં જે ચોખ્ખો ઘસિયો હતો તેમાંથી મહારાજ ઘસિયો અનન્ય ભાવનાથી જમ્યા. શ્રીજી મહારાજે એમની પાસે જઈ પ્રેમથી દર્શન દીધાં, સ્નેહથી થોડી વાતો કરી અને મહુડાના ઘસિયા જેવી સાવ ગામઠી ચીજ એમની પાસેથી માગી લઈને જમ્યા; એથી એ ભક્ત પોતાના હૃદયમાં અતિશય સંતોષ અને આનંદ પામ્યા અને પોતાને મહાન ભાગ્યશાળી માની કૃતાર્થપણું અનુભવવા લાગ્યા: "અહો ! પ્રભુ કેવા દયાળુ છે, અહીયા વગર બોલાવ્યે મારી પાસે આવી મને દર્શન દીધાં અને આ ઉત્સવમાં આવેલા ઉત્તમોત્તમ સુરતી મેવા-મીઠાઈઓની પહેલાં મારું ગરીબનું નીરસ ભોજન પ્રેમથી માગી લઈને અંગીકાર કર્યું, ગરીબ ભક્તો તરફ શ્રીજી મહાપ્રભુને કેટલો બધો વાત્સલ્યભાવ છે. **જે ગરીબની પહેલાં સંભાળ લે અને તેના દુ:ખમાં ભાગીદાર બને એ જ મોટા કહેવા યોગ્ય ગણાય."** આ રીતે શ્રીજીના મહિમાનું સ્મરણ કરતાં કરતાં જલદીથી ટીમણ (નાસ્તો) કરી લઈ તેઓએ સભામાં જઈ શ્રીજીનાં દર્શન-પૂજન અને કથાશ્રવણ

વગેરે શ્રદ્ધા-વિશ્વાસથી કર્યાં અને બેપાંચ દિવસ રહી પોતાની રુચિ પ્રમાણે સંતસમાગમ કર્યો, પછી ઘેર ગયા.

એક વખત સ્વામી પૂર્વાશ્રમમાં હતા ત્યારે પાંચદશ સત્સંગીઓને લઇ મહારાજનાં દર્શન કરવા ગઢડા જઇ રહ્યા હતા. બધાએ પોતાનાં કપાળમાં ભવ્ય તિલક-ચાંદલા કરેલા. તેમાં કોઇ હાથમાં માળા રાખી ભજન-સ્મરણ કરતા કરતા ચાલ્યા જતા હતા, તો કોઇ પ્રભુપ્રેમમાં મસ્ત બની મધુર સ્વરે મૂર્તિનાં કીર્તનો બોલી ચોતરફના વાતાવરણને મંગળમય બનાવી રહ્યા હતા. આ પ્રમાણે રસ્તે ચાલતાં વ્યર્થ રીતે વેડફાઇ જતા સમયનો સદુપયોગ કરી સત્સંગીઓ અમૂલ્ય કમાણી કરી રહ્યા હતા.

આ રીતે માર્ગમાં ચાલ્યા આવતા સત્સંગીઓના મુખમાંથી સ્વામિનારાયણ પ્રભુના નામનો મંગળધ્વનિ દૂરથી સાંભળી સૌને ખ્યાલ આવતો કે આ લોકો સત્સંગીઓ છે અને તે ગઢડા જતા હશે. આમ ધારી સ્વાભાવિક રીતે સૌની હાંસી-મશ્કરી કે ટિખળ કરવા ટેવાયેલા કાઠી કોમના બેપાંચ યુવાનો રસ્તાકાંઠે એક ઝાડ નીચે બેઠા હતા; તેણે વિચાર કર્યો કે "આપણે એક ગપ્પું મારી આ લોકોને અહીંથી પાછા વાળીએ." ત્યારે તેમાં એક સત્સંગના અનુભવવાળો હતો તે બોલ્યો: "ભાઈઓ, એ તમારા વાળ્યા પાછા નહિ વળે. એ લોકો ખૂબ સમજદાર અને વિવેકી હોય છે. એમને કાંઇ કહેવું રહેવા દો." પેલા કાઠી યુવાનોએ તેની વાત લક્ષમાં લીધી નહિ. સત્સંગીઓ નજીક આવ્યા એટલે ચારેય જણ ઊભા થયા અને જોરથી 'જય સ્વામિનારાયણ' એમ બોલી પૂછ્યું, "તમે ક્યાં જાઓ છો ?" ત્યારે આગેવાને કહ્યું: "અમે સ્વામિનારાયણ પ્રભુનાં દર્શન કરવા ગઢડા જઇએ છીએ." ત્યારે કાઠી લોકોએ કહ્યું, "તમે નવીન વાત સાંભળી છે ?" ત્યારે તે કહે "ના મેં કાંઇ જાણ્યું નથી !" પેલા કાઠીઓ કહે, " અમે કાલે ગઢડા ગયા હતા. સ્વામિનારાયણ ત્યાં નથી. એ તો ત્રણ કાઠિયાણીઓ લઈને ક્યાંક નાશી ગયા છે. " ત્યારે સ્વામી કે જે પૂર્વાશ્રમમાં હતા તેમણે કહ્યું "ભાઈઓ ! તમે ઘણી મોટી ભૂલ કરી રહ્યા છો. તમે જે વાત કરો છો તે ગુજરાત, કાઠિયાવાડનો કોઇપણ માણસ માની લે તેવી પાયાદાર નથી. સ્વામિનારાયણ એ પોતે ભગવાન છે. એમનાં આચરણો, ઐશ્વર્ય-પ્રતાપો અને શુભ કાર્યોથી આજે કોઇ અજાણ્યું નથી. એમના ત્યાગી-ગૃહી હજારો શિષ્યોને

સૌ કોઇ માનની દૃષ્ટિએ જુએ છે. એમનાં દર્શન કે ઉપદેશ સાંભળવા માત્રથી સેંકડો સ્ત્રીઓ પરણ્યાધણીનો પણ ત્યાગ કરી બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે. એ પ્રભુના સહવાસથી અનેક અધર્મી, પાપી અને દુરાચારી લોકો પણ સુધરી ગયા છે. કથીરમાંથી કંચન બને તેમ સ્વામિનારાયણ મહાપ્રભુએ રાત્રિદિવસ મહેનત લઇ ગામડે ફરી અજ્ઞાત અને અભણ ગામલોકોને પણ જે સંસ્કારી, સમજુ અને માનવતા શ્રેષ્ઠ ભાનવાળા બનાવ્યા છે એ કોઇ સાધારણ વાત નથી. જે પ્રભુના સમાગમથી આજે અનેક ખાનદાન કુટુંબના યુવાનો, અઢળક સુખસંપત્તિવાળા ઘરનો ત્યાગ કરી સાધુદીક્ષા લઈને સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં કઠિન તપશ્ચર્યાઓ કરી રહ્યા છે એ તમારા ધ્યાનમાં આવશે ત્યારે તમે પણ આવી અડબંગાઇ છોડી દઇ પવિત્ર બની જશો." આ રીતે હૃદય રંગાયેલા ભક્તોની બળવાન વાણી સાંભળીને કાઠી યુવાનો ખૂબ જ શરમાયા અને હાથ જોડી સૌને નમસ્કાર કર્યા પછી પરસ્પર જય 'શ્રી સ્વામિનારાયણ' કહી ગઢપુર તરફ ચાલતા થયા.

ગઢપુર આવી બેપાંચ દિવસ શ્રીજી અને સંતોના દર્શન તથા સેવા-સમાગમ કરી સૌ સત્સંગીઓ ઘેર જવા તૈયાર થયા એટલે દાદીમાના દૃઢ સંસ્કાર પામેલા યુવાને કહ્યું, "મારે થોડો સમય અહીં સેવા કરવા રહેવું છે. માટે તમો સૌ ઘેર જાઓ." પછી સૌ સત્સંગીઓ ઘેર ગયા અને યુવાન શ્રીજીસેવામાં રોકાયા. થોડા દિવસ સેવા કરી પછી એક દિવસ તક જોઇને શ્રીજી મહારાજને પ્રાર્થના કરી કે "મારે સાધુદીક્ષા લઇને કાયમ આપની સેવામાં રહેવું છે." ત્યારે મહારાજે તેમની દરેક રીતે પરીક્ષા કરી યોગ્યતા જોઇને ત્યાગાશ્રમની ભાગવતી સાધુદીક્ષા આપી **શ્રી ગુરુચરણરતાનંદ સ્વામી** આવું સાર્થક નામ રાખ્યું. તેઓ સ્વરૂપવાન અને સ્વભાવે આનંદી હતા. તથા કથા-વાર્તા કરવામાં તેઓ ઘણા જ કુશળ હતા. તેથી શ્રીજી મહારાજ તેમને દૂર દૂર પ્રદેશોમાં સત્સંગ કરાવવા મોકલતા. સ્વામીની ભવ્ય મુખાકૃતિ જોઇ એમની ગંભીર વાણી સાંભળીને ભલભલા વિદ્વાનો કે રાજા-મહારાજાઓ પણ પ્રભાવિત થઇ નતમસ્તક બની જતા. સ્વામીમાં અનેક સદ્‌ગુણો હતા, પણ તેમનામાં એક મહાન વિશિષ્ટ ગુણ એ હતો કે તેઓ બારેય માસ ગામડાંઓમાં ચોતરફ પગપાળા ફર્યા જ કરતા. ગામડાંનાં અભણ અને બીનસંસ્કારી લોકોને સન્માર્ગે વાળવા એ એમના જીવનનું મુખ્ય ધ્યેય હતું. તેથી સ્વામીશ્રી

ઉત્સવસમૈયા કે શ્રીજી મહારાજનાં દર્શનનો પણ વધારે લોભ રાખતા નહિ. શ્રીજી મહારાજનની ઈચ્છા, આજ્ઞા અને સિદ્ધાન્ત ઉપર સ્વામી બરાબર ધ્યાન આપતા.

એક વખત શ્રી ગુરુચરણરતાનંદ સ્વામી ગામડાંઓમાં ફરતા હતા ત્યાંથી સમૈયા પછી, શ્રીજી મહારાજનાં દર્શન કરવા ગઢડા જતા હતા. રસ્તામાં સમૈયો કરીને સત્સંગીઓ ચાલ્યા આવતા હતા તે મળ્યા; એટલે સૌ સ્વામીને પગે લાગ્યા. સ્વામીએ સમૈયાના સમાચાર પૂછ્યા. ત્યારે સત્સંગીઓ અત્યંત હર્ષથી સમૈયાની વિવિધ વાતો કરવા લાગ્યા. "નિત્યાનંદ સ્વામીની કથા, મુક્તાનંદ સ્વામીનાં કીર્તનો ગોપાળાનંદ સ્વામીનાં દર્શન અને ગુણાતીતાનંદ સ્વામીની વાતો સાંભળીને સત્સંગીઓ રાજી રાજી થઈ ગયા. બ્રહ્માનંદ સ્વામીના છંદો અને પ્રેમાનંદ સ્વામીનું સંગીત સાંભળીને આખી સભા મુગ્ધ થઈ ગઈ હતી. શ્રીજી મહારાજે તો આ વખતે અપાર કૃપા કરીને કેટલાયનો બેડો પાર કરી દીધો. અનેક ભક્તોના મનનાં સંકલ્પ-વિકલ્પો તથા મનની આંતરિક સ્થિતિની અંતર્યામીપણે વાતો કરીને હજારો નરનારીઓનાં હૃદયમાંથી સંસારની વાસના ટાળી નાખી. સમૈયાની એ બ્રહ્મસભાનાં દર્શન કલ્યાણકારી, અલૌકિક, જીવનભર સાંભરે તેવા પ્રભાવશાળી હતાં." આ રીતે સત્સંગીઓએ ટૂંકમાં ઘણી વિશિષ્ટ વાતો કરી. પછી કહ્યું કે, "સ્વામી ! શ્રીજી મહારાજ વાત કરતા હતા કે, અમારે ઈડરના રાજાને સત્સંગ કરાવવા માટે શ્રી ગુરુચરણરતાનંદ સ્વામીને ઈડર મોકલવા છે." આ વાત સાંભળી ઈષ્ટદેવ મહાપ્રભુની રુચિ કે ઈચ્છા પ્રમાણે જ વર્તવામાં પોતાનો મોક્ષ માનનારા સ્વામીએ વિચાર કર્યો કે 'જ્યારે શ્રીજીની ઈચ્છા એવી છે તો તેઓ કહે ત્યાર પછી જવું તે કરતાં, કહ્યા વિના શ્રીજીની ઈચ્છા પ્રમાણે કામ કરવું તે વધારે ઉત્તમ કહેવાય.' આમ ધારી તરત જ સ્વામી ત્યાંથી પાછા ફર્યા અને ઈડર તરફ ચાલી નીકળ્યા.

અમદાવાદથી ખેડબ્રહ્મા જતી રેલ્વેલાઈનમાં ઈડર શહેરનું સ્ટેશન આવે છે. અત્યારની રાજકીય રીતે સાબરકાંઠા જિલ્લામાં ઈડર તાલુકો આવેલો છે, પરંતુ પહેલાં તો એ ઈડર શહેર ઈડર રાજ્યની રાજધાનીનું મુખ્ય શહેર હતું. એ ઈડરના મહારાજા ગંભીરસિંહજીને દ્વેષી લોકોની સંગ-સોબતથી સંપ્રદાય તરફ ઘણો અણગમો હતો. એટલે પોતાના રાજ્યમાં સ્વામિનારાયણના સાધુઓને પેસવા દેતા નહિ. જો કોઈ સાધુ તેના રાજ્યના ગામમાં જાય તો તેને અપમાન

કરીને કાઢી મૂકતા. એટલે તે તરફ કોઇ સાધુ જઇ શકતા નહિ. આથી શ્રીજી મહારાજે ત્યાં સત્સંગ કરાવવા માટે 'અમારે શ્રી ગુરુચરણરતાનંદ સ્વામીને મોકલવા છે' એવી વાત કરેલી.

શ્રી ગુરુચરણરતાનંદ સ્વામીએ વિચાર કર્યો કે, 'જો હું સીધો ઇડર જઇશ તો અનેક વિઘ્નો આવશે અને ઘણો વિલંબ થશે, છતાં કાર્ય સિદ્ધ થાય કે ન થાય એ કાંઇ કહી શકાય નહિ.' પછી ઇડર રાજાસાહેબના કાકા અમરનગરમાં (અત્યારે હિંમતનગર છે તે) રહેતા હતા ત્યાં ગયા. અને કોઇને પૂછ્યા વિના સીધા બન્ને સંતો તેમના દરબારગઢમાં ચાલ્યા ગયા. સ્વામી અજાણ્યા હોવા છતાં નીડરપણે, દરબારશ્રી કેસરીસિંહજી પાંચ-દશ માણસો સાથે બેઠકમાં બેઠા હતા ત્યાં જઇ 'જય સ્વામિનારાયણ' કહીને ઊભા રહ્યા. અને તરત જ પોતાના હાથથી દરબારનો જમણો હાથ પકડી કમંડળમાંથી જળ લઇ "લો પ્રભુનો પ્રસાદ" એમ બોલી દરબારના હાથમાં પ્રસાદીનું જળ આપ્યું. તે દરબારે માથે ચડાવ્યું અને સ્વામીને નમસ્કાર કર્યા.

પછી સ્વામી તરત જ દરબાર પાસે બેસી ધર્મસંબંધી વાતો કરવા લાગ્યા, તેમાં મનુષ્યદેહની દુર્લભતા, ક્ષત્રિયોનું કર્તવ્ય અને નીતિધર્મની રહસ્યમય ઘણી જ ઉત્તમ વાતો કરી; તે સાંભળીને દરબારને સ્વામીનો ખૂબ જ ગુણ આવ્યો. એટલે તેમણે સ્વામીને કહ્યું "આપ કૃપા કરી થોડા દિવસ અહીં રોકાઓ." પછી પોતાના શિષ્ય ગોવિંદાનંદ સ્વામીએ સહિત સ્વામીએ ત્યાં એકાંત સ્થાનમાં ઉતારો કર્યો. પછી સ્વામીએ હમેશાં સવાર-સાંજ કથા-વાર્તા કરી રાજાને સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ નિશ્ચય કરાવી ચુસ્ત સત્સંગી બનાવ્યા. એક દિવસ તેમણે પૂછ્યું કે, 'મારા જેવી કાંઇ કામ-સેવા હોય તે બતાવજો.' ત્યારે સ્વામીએ કહ્યું, "ઇડરના રાજાને સત્સંગ કરાવવો છે, માટે તમે અમારી સાથે ત્યાં ચાલો. કારણ કે તેઓ સાધુઓ તરફ દ્વેષભાવ રાખે છે અને સ્વામિનારાયણના સાધુઓને રાજ્યમાં પેસવા દેતા નથી."

આ રીતે સ્વામી પાસેથી વાત સાંભળીને તે હિંમતનગરના રાજા કેસરીસિંહજીએ સ્વામીને એક માફાવાળી ગાડીમાં બેસાર્યા અને હથિયારબંધ પાંચ ઘોડેસ્વારો લઇ પોતે આગળ ચાલ્યા. ઇડર શહેરની પાસે ગયા ત્યારે પોતે બંદૂકનો

અવાજ કર્યો અને સ્વારોને આગળ મોકલ્યા. પોતે સ્વામીની ગાડીની આગળ ચાલ્યા. બંદૂકનો અવાજ સાંભળી રાજાએ તપાસ કરાવી કે કોણ આવે છે ? ત્યારે આગળ ગયેલા સ્વારોએ કહ્યું – ‘કાકાસાહેબ આવે છે. “થોડીવારમાં પડદાવાળી બંધ ગાડી અગળ આવતાં કાકાસાહેબને જોયા. એટલે રાજાએ પોતાના મુખ્ય કારભારીને સામા મોકલીને પૂછાવ્યું કે, “ગાડીમાં કોણ છે ?” ત્યારે કાકાસાહેબ કહ્યું – ‘અમારા ગુરુજી પધાર્યા છે ત્યારે તેમણે કહ્યું – ‘ભલે ખુશીથી પધારો, તમારા ગુરુજી તે અમારા પણ ગુરુ કહેવાય.” પછી સ્વામીને મર્યાદા પ્રમાણે એકબાજુ એકાંત સ્થાનમાં ઉતારો આપ્યો. પછી મહારાજા ગંભીરસિંહજીએ પોતાના બંગલામાં સ્વામીને પધરાવી રાજકુટુંબે સહિત મર્યાદા પ્રમાણે સ્વામીનાં દર્શન કરી કથાવાર્તા સાંભળી. સ્વામીએ ચાર દિવસ સુધી સત્સંગનો મહિમા અને સ્વામિનારાયણ ભગવાનના જન્મથી આરંભીને લીલાચરિત્ર સાથે અલૌકિક ઐશ્વર્ય–પ્રતાપની ભારે બળવાન વાતો કરી; તે સાંભળીને રાજાના મનમાં જે કાંઇ ખોટા વહેમ અને શંકાઓ હતી તે બધી દૂર થઇ ગઇ અને પાકા સત્સંગી થયા.

‘આપણા રાજાસાહેબ સત્સંગી થયા છે’ એ વાત જાણીને ઇડર ગામના દ્વેષવૃત્તિવાળા કેટલાક બ્રાહ્મણો અને કેટલાક તેવા જ કારભારીઓએ રાજાને બહુ બહુ ભરમાવ્યા, શરમાવ્યા અને વિનવ્યા છતાં પણ તેઓએ કોઇનું કાંઇપણ માન્યું નહિ–ખૂબ જ મક્કમ રહ્યા. પછી બ્રાહ્મણોએ પરસ્પર મળીને વિચાર કર્યો કે, “સાધુઓ અભણ હોય છે માટે આપણે એક ચર્ચાસભા રાખીએ અને તેમાં એ સાધુઓને શાસ્ત્રીય પ્રશ્નો પૂછીને હરાવીએ.” પછી એમણે એક દિવસ મોટી સભા કરી, તેમાં સ્વામીને બોલાવ્યા. એટલે સ્વામી પોતાના શિષ્યની સાથે તે સભામાં નિર્ભય થકા ગયા. સ્વામી સંસ્કૃતવિદ્યા ભણ્યા ન હતા એટલે શાસ્ત્રોનાં ઊંડા રહસ્યો અને તેના વિતંડાવાદના શુષ્ક તર્ક–વિતર્કોથી અજાણ્યા હતા; પરંતુ સર્વશાસ્ત્રોનો તત્ત્વસાર સિદ્ધાંત પોતાના જીવનમાં સંપૂર્ણ રીતે પાલન કરનાર અને પરમાત્માના સાક્ષાત્કારને પામેલા બ્રહ્મનિષ્ઠ મહાસમર્થ એ સ્વામી મહાસાગરની પેઠે ગંભીર, નીડર અને નિશ્ચિત હતા. સંતને કોઇનો ડર કે કંઇ ચિંતા હોય જ નહિ. સ્વાર્થ અને વિષયરૂપી કાદવમાં ફસાયેલા દયાપાત્ર જીવોથી સંતને શું ડરવાનું હોય ?

સ્વામી સભામાં બેઠા પછી સર્વ વિદ્વાનો શાન્ત થઇ બેસી રહ્યા. કોઇએ પ્રશ્ન

પૂછવાની શરૂઆત કરી નહિ. સૌ થોડીવાર મૌન બેસી રહ્યા. આ તક જોઈને સ્વામીના શિષ્ય ગોવિંદાનંદ સ્વામી બોલ્યા:. "ભૂદેવો ! આપ સર્વ વંદનીય અને પૂજનીય છો; કારણ કે વેદશાસ્ત્રનું જ્ઞાન અને ધર્મ એ તમારે આધારે આ જગતમાં ટકી રહેલ છે. તમો બધા વિદ્વાનો અને ધર્મને જાણનારા છો એટલે અમારે વિશેષ કહેવાનું હોય નહિ; પરંતુ તમોએ અમારા ગુરુજીને સભામાં બોલાવ્યા છે તો જે કાંઈ પ્રશ્નો પૂછવા હોય તે ખુશીથી પૂછો. ગુરુજી તો એક સમર્થ સંત પુરુષ છે. એમનાથી કાંઈ અજાણ્યું નથી. ખરેખર જે ભણવા જેવું છે તે બધું જ તેઓ બરાબર જાણે છે, સમજે છે અને બીજાને સમજાવે છે. હું આપની આગળ એક સાવ સાધારણ પ્રશ્ન રજૂ કરું છું. તેનો ઉકેલ આપ સૌ કરો. પછી ગુરુજી પોતાની અમૃતવાણી સંભળાવશે."

આ રીતે સ્પષ્ટીકરણ કરી સ્વામીએ કહ્યું –"પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પંચભૂત એકબીજાથી દશદશ ગણા અધિક છે એમ શાસ્ત્રો કહે છે. તો હવે પ્રશ્ન એ છે કે, એકબીજાથી દશદશ ગણા અધિક એવા એ પંચભૂતો એક બ્રહ્માંડના ગોળામાં એક સાથે કઈ રીતે રહે છે ? એકબીજા સાથે રહેવા છતાં એકબીજાની અંદર લીન કેમ નથી પામતાં ? પૃથ્વી અને જળ એ બંનેયથી તેજ એટલે અગ્નિ ઘણો વધારે છે છતાં તે અગ્નિ, પૃથ્વી અને જળને બાળી કેમ શકતો નથી ? આ એક પ્રશ્નની વિચારણા પૂરી કરી. પછી આગળ ચલાવશું." સ્વામીનો પ્રશ્ન સાંભળીને બધા ખૂબ જ વિચારમાં પડી ગયા. અંદરો અંદર ઘણી ચર્ચા કરી પણ સ્પષ્ટ રીતે કોઈ કાંઈ કહી શક્યું નહિ. એટલે ફરીથી સૌ મૌન બની ગયા.

આ પ્રમાણે સૌને મૌન થયેલા જોઈને ગોવિંદાનંદ સ્વામીએ કહ્યું કે, "સમય વ્યર્થ રીતે વીતી જાય છે માટે અમારા ગુરુજીને કાંઈ પ્રશ્ન પૂછવો હોય તે પૂછો." કોઈ કાંઈપણ બોલ્યા નહિ ત્યારે શ્રી ગુરુચરણરતાનંદ સ્વામીએ સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વજીવહિતાવહ સિદ્ધાંતોની ઘણી સુંદર વાતો કરી. તે સાંભળી સૌ વિદ્વાનો ખૂબ સંતોષ પામ્યા. પછી સ્વામિનારાયણ ભગવાનની જય બોલાવીને સભા વિસર્જન કરવામાં આવી.

આ પ્રમાણે ઈડરના મહારાજા ગંભીરસિંહજી તથા તેમના પાટવી કુમારશ્રી

જુવાનસિંહજીને ચુસ્ત સત્સંગી બનાવી, સ્વામિનારાયણ ભગવાનનો વિજયધ્વજ ફરકાવી સ્વામી ગઢપુર આવ્યા. આ બધું વૃત્તાન્ત જાણીને શ્રીજી મહારાજ સ્વામી ઉપર અતિશય પ્રસન્ન થયા.

ઇડરના રાજા ગંભીરસિંહજીના પુત્ર જુવાનસિંહજી ઘણા જ ભાવિક સત્સંગી હતા. સત્સંગના ધર્મનિયમો બરાબર પાલન કરી શિરસાટે સત્સંગ રાખ્યો હતો. અને સદ્‌ગુરુશ્રી મહાનુભાવાનંદ સ્વામીનાં સલાહસૂચન પ્રમાણે એ જુવાનસિંહજીએ રાજ્યના ખર્ચે **શિખરબંધ મંદિર** બંધાવી વિ.સં. ૧૯૦૨ ના જેઠ સુદ ૧૧ ના રોજ ધ. ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા કરાવી હતી. રાજા–રાણી વગેરે રાજકુટુંબ પોતાના રાજમહેલમાંથી દેવનાં દર્શન કરી શકે એ પ્રમાણે વ્યવસ્થિત રીતે ઘણું ભવ્ય મંદિર બંધાવ્યું છે. અમદાવાદ મંદિરના સંતો ત્યાં કાયમ રહીને દેવસેવા કરે છે.

એક વખત શ્રીજી મહારાજે મારવાડ (રાજસ્થાન) પ્રદેશ તરફ સત્સંગપ્રચાર માટે શ્રી ગુરુચરણરતાનંદ સ્વામીને મોકલ્યા. સ્વામી આબુ પહાડ તરફનાં ગામડાં ફરતા ફરતા **શિરોહી** શહેરમાં ગયા અને ત્યાં સત્સંગ કરાવ્યો. એક દિવસ પોતાના શિષ્ય ગોવિદાનંદ સ્વામી પાસે એક હસ્તલિખિત પુસ્તક લેવરાવી, પોતાના હાથમાં જળથી ભરેલું કમંડળુ લઇ સ્વામી શિરોહીના રાજાના દરબારગઢમાં દરવાણીને પૂછ્યા વિના ગયા. સિપાઇઓએ અટકાવ્યા ત્યારે કહ્યું – 'અમને રાજાસાહેબે બોલાવ્યા છે.' એમ કહીને બંગલાની અંદર ગયા. અને રાજાસાહેબ પલંગ ઉપર બેઠા હતા. ત્યાં જઇને તેમના જમણા હાથમાં કમંડળમાંથી જળ આપી સત્સંગનાં વર્તમાન ધરાવ્યાં. પછી ત્યાં રાજા પાસે આસન ઉપર બેસી એક બાજોઠ ઉપર પુસ્તક મૂકી ઉપદેશની વાતો કરવા લાગ્યા. રાજાસાહેબ સ્વામીની પ્રગલ્ભતા, હિંમત અને સાધુતા જોઇને પ્રભાવિત થયા; એટલે ઘણીવાર સુધી સ્વામીની અમૃતવાણી સાંભળી.

બરાબર એ જ વખતે ગામના પ્રતિષ્ઠિત અને વિદ્વાન બ્રાહ્મણો કોઇ ખાસ કામ માટે રાજા પાસે આવ્યા અને શ્લોકો બોલી આશીર્વાદ આપી ત્યાં બેઠા. રાજાને સ્વામી ઉપદેશ આપી રહ્યા હતા તે જોઇ મોટા ભાગના બ્રાહ્મણો સ્વામી તરફ ક્રૂર દૃષ્ટિથી જોઇ પોતાનો અતિશય અણગમો બતાવવા લાગ્યા. ત્યાં એક બ્રાહ્મણ અશુદ્ધ

શ્લોક બોલ્યો, તે તક જોઇ પોતાનો પ્રભાવ બતાવવા માટે સ્વામીએ કહ્યું: ‘શ્લોક અશુદ્ધ બોલાયો છે.’ ત્યારે કેટલાક બ્રાહ્મણો ક્રોધના વેગથી કટાક્ષભર્યાં મર્મવચનો બોલવા લાગ્યા. એટલે સ્વામીએ મેઘગર્જનાની સમાન ગંભીર વાણીથી કહ્યું –"તમે વિચાર કર્યા વિનાનું કાંઇપણ બોલશો નહિ. આ પોથી છૂટશે તો બધાનાં મોઢાં બંધ થઇ જશે. આ પોથી કોઇ સાધારણ પુસ્તક નથી. એમાં ચાર વેદ, છ શાસ્ત્ર અને અઢાર પુરાણનો સાર છે. ગાગરમાં સાગર ભર્યો છે."

આ પ્રમાણે સ્વામીની બળવાન વાણી સાંભળીને બધા વિદ્વાનો દબાઇ ગયા. પછી સ્વામીએ બે કલાક સુધી નવધા ભક્તિ સંબંધી ભારે ભારે આખ્યાનો કહીને મનનીય વાતો કરી. તે સાંભળી સર્વને સ્વામી ઉપર પૂજ્ય ભાવના થઇ. પછી બધા પગે લાગી ઘેર ગયા. સ્વામી રાજાના આગ્રહથી એકાંત સ્થાનમાં ત્યાં પાંચ દિવસ રોકાયા અને રાજાને સ્વામિનારાયણ ભગવાનના ઐશ્વર્ય–પ્રતાપની વાતો કરી પરમેશ્વરપણાનો નિશ્ચય કરાવ્યો. પછી રાજાની રજા લઇ સ્વામી ફરતા ફરતા ગઢપુર આવ્યા. શ્રીજી મહારાજનાં દર્શન કરી શિરોહીના રાજાને સત્સંગ કરાવ્યો તે બધી વાત વિસ્તારપૂર્વક કરી ત્યારે મહારાજ બહુ રાજી થયા.

શિરોહીમાં શ્રીજીના સમયથી મંદિર છે. સત્સંગ પણ સારો છે. શ્રી ગુરુચરણરતાનંદ સ્વામીએ રાજાને સત્સંગ કરાવ્યો હતો તે બાબતમાં એવું બન્યું કે, શ્રીજીના દીક્ષિત સંત નિર્વિકલ્પાનંદ સ્વામી ઉત્તમ કોટિના વિદ્વાન હતા. પણ તેઓ વિદ્વત્તાના અભિમાનમાં મુક્તાનંદ સ્વામી અને આત્માનંદ સ્વામી જેવા શ્રીજીમાન્ય સંતોની અવગણના કરવા લાગ્યા, તેથી શ્રીજીએ તેમને સત્સંગમાંથી વિમુખ કર્યા. પછી તેમણે જ્યાં સત્સંગ કરાવ્યો હતો અને પોતાના વિશ્વાસપાત્ર શિષ્યો હતા ત્યાં ગયા. તેમણે પણ તેમને આશરો આપ્યો નહિ. ઊલટો ઠપકો આપ્યો તેથી શિરોહી જેવા દૂર પ્રદેશમાં ગયા અને ત્યાંના રાજાને શિષ્ય બનાવ્યો. રાજાએ તેમને એક સારું મંદિર કરાવી આપ્યું. અત્યારે પણ નિર્વિકલ્પાનંદ સ્વામીની પરંપરાના શિષ્યો ત્યાં રહે છે.

* * *

૧૫ : બ્રહ્મનિષ્ઠ સ. સ્વામી શ્રીબાલમુકુંદદાસજી

સદ્‌ગુરુ શ્રી બાલમુકુંદદાસજી સ્વામીનો જન્મ વિ. સં. ૧૮૮૭ (ઇ. સ. ૧૮૩૧) ના ચૈત્ર સુદ ત્રીજ મત્સ્યજયંતીના રોજ થયો હતો. પૂર્વાશ્રમના તેમના પિતાશ્રીનું નામ 'જીવણભાઈ' અને માતુશ્રીનું નામ 'મીઠીબાઈ' હતું. તેમનું પૂર્વાશ્રમનું નામ 'ગોવરધનભાઈ' હતું. તેમની જન્મભૂમિ પવિત્ર સોરઠ પ્રદેશના 'પંચાળા' ગામની નજીક આવેલ **'કાળેજ'** ગામ છે. આ સોરઠ–સૌરાષ્ટ્ર પ્રદેશની ભૂમિ પ્રાચીન કાળથી ભગવાન કૃષ્ણચંદ્રનાં ચરણકમળથી અંકિત થયેલી હોવાથી પવિત્ર ગણાય છે. મધ્યયુગમાં સુપ્રસિદ્ધ ભક્તરાજ નરસિંહ મહેતા પણ આ જ પવિત્ર ભૂમિમાં થઈ ગયા ને વિશ્વવિખ્યાત ભજન–"વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે" ગાઈ અમર થઈ ગયા. આજ ભૂમિમાં બસો વર્ષ પૂર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણના દીક્ષાગુરુ ઉદ્ધવાવતાર શ્રી રામાનંદ સ્વામીએ ભાગવતધર્મરૂપ ભક્તિમાર્ગનો પુનરુદ્ધાર કરવાની પ્રવૃત્તિ આદરી હતી ને પોતાના મુક્તાનંદ સ્વામી આદિ કેટલાક ચુનંદા ત્યાગી સંતો તથા પર્વતભાઈ (અગત્રાઈ ગામના વૈશ્ય કોમના ભક્તરાજ), મયારામ ભટ્ટ (માણાવદરના બ્રાહ્મણ ભક્ત) વગેરે ગૃહસ્થભક્તોનું એક મંડળ ઊભું કરી માંગરોળ બંદર નજીક **લોજ** ગામમાં એક આશ્રમ સ્થાપી યાત્રાળુઓને સદાવ્રત (અન્નદાન) આપવાની સાથે જ્ઞાનદાન આપતા અને પોતાના પવિત્ર ચારિત્ર્યથી જનસમાજ ઉપર ઊંડી છાપ પાડતા. તે વખતના ધાર્મિક સમાજનું કેટલું અધ:પતન થયેલું હતું તે વાત તો ઇતિહાસપ્રસિદ્ધ છે. આવા અંધકારયુગમાં આવાવર્તનશાળી સંતોની મંડળી લોકોને આકર્ષણપાત્ર અને આવકારપાત્ર થઈ પડે એ તદ્દન સ્વાભાવિક છે; ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ પોતાનું સાત વર્ષનું મહાન તપશ્ચર્યાત્મક તીર્થાટન (વનવિચરણ) પૂરું કરી ઐતિહાસિક 'લોજની વાવે' પ્રથમ વિસામો લીધો; અને આ સંતમંડળથી સંતોષ અનુભવી થોડા સમય પછી રામાનંદ સ્વામી થકી ભાગવતી દીક્ષા લઈ ધર્મધુરા ધારણ કરી, પોતાની અધમોદ્ધારણની પુનિત પ્રવૃત્તિના શ્રીગણેશ પણ આ સોરઠ ભૂમિમાં માંડ્યા; અને લોજ, માંગરોળ, માણાવદર, આખા, પીપલાણા, કાળવાણી, મેઘપુર, પંચાળા, જેતપુર, જૂનાગઢ વગેરે સ્થળોને વારંવાર પાવન કરી ઉપદેશ આપ્યો તથા અનેક આશ્ચર્યો બતાવ્યાં ને સંત હરિભક્તો સાથે ખૂબ વિચર્યા તેથી આ સ્થળો તીર્થરૂપ બન્યાં માટે સંપ્રદાયમાં તે **'પંચતીર્થી'** ના નામથી જાણીતાં છે. આવી પવિત્ર પંચતીર્થીની ભૂમિમાં આપણા ચરિત્રનાયક સ્વામીશ્રીની જન્મભૂમિનું **કાળેજ** ગામ આવેલું છે.

ગૃહત્યાગ : ગોવરધનભાઇ બાળપણથી જ રમતગમતમાં ઉદાસીન હોઇ, સ્વાભાવિકપણે પ્રભુપરાયણ હતા. કિશોર અવસ્થામાં પણ દેવમંદિરે દર્શન કરવા જવું, કથા–વાર્તા કરવીસાંભળવી, સંતસમાગમ કરવો વગેરે ભક્તજીવનના અંકુરો તેમના જીવનમાં ફૂટતા હતા. યુવાવસ્થામાં દાખલ થતાં આ ભક્તપણા રૂપી બીજ વિકાસ પામી વટવૃક્ષની જેમ તેમના જીવનને અને અન્ય મુમુક્ષુઓનાં જીવનને શીતળ કરવા લાગ્યું. થોડાં વર્ષો પછી કાળેજ ગામથી શ્રીજીની પ્રસાદીભૂત **'પંચાળા'** ગામમાં રહેવા આવ્યા. થોડો સમય પસાર થતાં આ ગામમાં સ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પધાર્યા ત્યારે આપણા આ ગોવરધનભાઈને સ્વામીશ્રીનાં પહેલી વાર દર્શન થયાં. સ્વામીશ્રીના ઉપદેશની વાતો સાંભળી સ્વાભાવિક રીતે જ તેમના મનનું ખેંચાણ સ્વામીશ્રી તરફ થયું. પોતાના હૃદયમાં દૃઢ વૈરાગ્ય ઉદય થયો એથી જ્યારે સ્વામી શ્રી જૂનાગઢ પધાર્યા ત્યારે ગોવરધનભાઇ પણ તેમની સાથે જૂનાગઢ આવેલા, પણ પોતાના વડીલોને તેમનો આ સંસારત્યાગ ન રુચવાથી તેમને ઘેર તેડી ગયા.

થોડા સમય પછી સ. ગુણાતીતાનંદ સ્વામી, સ. ગોપાળાનંદ સ્વામી તથા સ. નિત્યાનંદ સ્વામી એ ત્રણ મહાન સદ્‌ગુરુઓ 'સોરઠની પંચતીર્થી'ની યાત્રા કરવા નીકળ્યા હતા; ત્યારે ગોવરધનભાઈને આ સદ્‌ગુરુઓનાં દર્શન થયેલાં. સદ્‌ગુરુઓનાં દર્શન થયા પછી થોડા સમયમાં જ વિ. સં ૧૯૦૫ની સાલમાં ગોવરધનભાઈ ઘરનો ત્યાગ કરી જૂનાગઢ મંદિરમાં ત્યાગી થવાની ઈચ્છાથી આવ્યા. આ વખતે પણ સ. શ્રી. ગોપાળાનંદ સ્વામી વડતાલથી જૂનાગઢ પધારેલા હતા. આ વખતે જૂનાગઢ મંદિરનું સેવાનું કામ ચાલતું હતું. આ સેવામાં ગોવરધનભાઈએ ચુનાનાં તગારાં આપવાં વગેરે પ્રકારની દૈહિક સેવા ખૂબ ભાવપૂર્વક કરી હતી. આ વખતે તેમનાં માતુશ્રીનું અવસાન થતાં તેમના ભાઈઓ દુરાગ્રહથી ગોવરધનભાઈને ઘેર તેડી ગયા.

વિ. સં. ૧૯૦૭ની સાલમાં ગોવરધનભાઇ વડતાલ દેવદીવાળીના સમૈયા ઉપર ગયા. ત્યાં સ. ગોપાળાનંદ સ્વામી તથા સ. નિત્યાનંદ સ્વામીનાં તેમને દર્શન થયાં હતાં. આ વખતે અમદાવાદથી સ્વામી નિર્ગુણદાસજી પણ વડતાલ પધારેલા. સ્વામી નિર્ગુણદાસજી તથા ગોવરધનભાઇ એક દિવસ સ. ગોપાળાનંદ સ્વામીનાં દર્શન કરવા ગયા. તે વખતે યોગીરાજ ગોપાળાનંદ સ્વામી માંદા હોવાથી ઢોલિયા ઉપર સૂતા હતા. બંને દંડવત પ્રણામ કરવા લાગ્યા એટલે સ્વામીએ ખાટલાની ઈસ ઉપર બેસી

બંને પગ નીચે રાખી પગ વડે નીચે પડેલી લાકડી લઈ સ્વામી નિર્ગુણદાસજી તથા ગોવરધનભાઈની ડોક ઉપર મૂકીને બોલ્યા–"શ્રીજી મહારાજે આ સત્સંગ અમને સોંપ્યો હતો; પણ હવે અમારે ધામમાં જવું છે. તો હવે આપ બન્ને સત્સંગ સાચવશો. અમદાવાદ દેશનો સત્સંગ આ સ્વામી નિર્ગુણદાસજી સાચવશે, અને આને (ગોવરધનભાઈને) ગુણાતીતાનંદ સ્વામી દીક્ષા અપાવી સાધુ કરશે–તે વડતાલ દેશનો સત્સંગ સાચવશે." એમ કહી સ્વામીએ ઘણી જ પ્રસન્નતા બતાવી. ત્યારબાદ ગોવરધનભાઈ ઘેર ગયા. શ્રીજીપ્રતાપ અને મોટા સંતોની દયાથી પોતાને ત્યાગી થવામાં વિઘ્ન રૂપ સર્વ ઉપાધિ હતી તે આપોઆપ શાંત થઈ ગઈ; એટલે પોતે જૂનાગઢ મંદિરમાં આવી સ. શ્રી. ગુણાતીતાનંદ સ્વામીની સેવામાં રહ્યા. સ્વામીએ પોતાના શિષ્ય સાધુ રામદાસજીને તેમની ભલામણ કરી કહ્યું કે–"આની અવસ્થા નાની છે તેથી તમે તેને તમારી સાથે રાખી સંભાળ રાખજો અને વિદ્યાભ્યાસ તથા ધ્યાનાભ્યાસ શીખવજો." આ પ્રમાણે સ્વામીશ્રીની આજ્ઞાથી ધોળે કપડે સાધુ રામદાસજી પાસે વિદ્યાભ્યાસ તથા ધ્યાનાભ્યાસ શીખવા માટે તેમના ભેગા થોડો વખત રહ્યા.

એક વખત જૂનાગઢમાં સ. ગુણાતીતાનંદ સ્વામીને બાલમુકુંદદાસજી સ્વામી સ્નાન કરાવતા હતા ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું કે–"તમે અમારી પાસે રહો." ત્યારે બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું કે–'મારે રામદાસજી સ્વામી સાથે બહુ હેત બંધાયું છે." ત્યારે સ્વામીશ્રી બોલ્યા કે–"અમારી સેવા કરવા માંડશો એટલે અમારામાં પણ હેત થશે." તે વખતે પાસે બાંધેલી મંદિરની ઘોડી હણહણી. સ્વામીશ્રીએ તેની પૂછપરછ કરી, ત્યારે બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું કે – "એ તો નાની કામળિયાની ઘોડી સાથે બાંધી હતી તે આજે ઘેર ગઈ એટલે આ ઘોડી હણહણે છે." એટલે સ્વામીશ્રીએ કહ્યું, "જુઓ બે દિવસમાં કેવો હેડો લાગી ગયો ! તમે પણ અમારી થાળીમાં દાળ ઠારતા જજો. એમ સેવા કરશો એટલે અમારી ઉપર હેત થશે." પછી બાલમુકુંદદાસજી સ્વામી સ. ગુણાતીતાનંદ સ્વામીની માહાત્મ્યપૂર્વક સેવા કરવા લાગ્યા. તેથી તેમને સ્વામીશ્રી ઉપર ઘણું હેત થયું.

સ્વામીની કસોટી : સ. ગુણાતીતાનંદ સ્વામી પોતે યોગેશ્વરદાસજી સ્વામી તથા બાલમુકુંદદાસજી સ્વામી એ બંનેયને ભંડારમાં સાથે મોકલતા ને કહેતા જે "રોટલા કરો, લોટ બાંધો, ચૂલો સળગાવો વગેરે જે ક્રિયા કરો તે સર્વે મહારાજની

મૂર્તિ સંભારીને જ કરવી.' બંને સંતો સ્વામીશ્રીની આજ્ઞા-પ્રમાણે શ્રીજીની સ્મૃતિ સાથે બધી ક્રિયા કરતા. ભંડારમાંથી પરવારી અગિયાર વાગે આવતા ત્યારે સ્વામીશ્રી બંને સંતોને ખળીમાં ચૈત્ર વૈશાખના તડકે ધ્યાનમાં બેસાડતા, તે બાર વાગ્યા સુધી બેસારે. બાર વાગે તોપ પડે ત્યારે પાછા બોલાવી હરે (બપોરનું ભોજન) કરતા. આ પ્રમાણે એક મહિના સુધી બંને સંતોને રોજ તડકે ધ્યાન કરવા બેસાર્યા; પણ તેમના મનમાં 'સ્વામી આ પ્રમાણે તડકામાં કેમ બેસાડે છે ?' એવો સંકલ્પ પણ થયો નહિ. કારણ કે તેમણે નિશ્ચય કર્યો હતો કે – 'સ્વામીશ્રી કહે તેમ નિઃસંશયપણે કરવું છે,' આથી સ્વામીશ્રી તેઓના ઉપર ઘણા પ્રસન્ન થયા અને કારણ સમજાવ્યું કે, – 'તમારાં શરીર જરા વધારે રૂપાળાં દેખાય છે તે કાંઈક કાળાં પડે તો ઠીક, એમ ધારી તમને તડકે બેસારીએ છીએ. વળી દુઃખ સહન કરવાની શક્તિ તમારામાં આવે, શરીર નીરોગી બને તથા શ્રદ્ધા, વિશ્વાસ ને નિઃસંશયપણું ઇત્યાદિમાં પરિપક્વ થવાય. ઈન્દ્રિયોઅંતઃકરણની ક્રિયાને દાબીને વર્તવું. પોતે અખંડ પ્રભુપરાયણ રહી બીજા અનેક જીવોને પ્રભુમાં જોડે એવા બ્રહ્મનિષ્ઠ ગુરુની રુચિ પ્રમાણે નિઃસંશય થઈને સેવા કરવી એ જ મોટું તપ છે. એ જ મોક્ષનું ઉત્તમ સાધન છે. આ જીવ પોતાની મરજી પ્રમાણે તો બહુ જ દાખડો કરે છે, પણ મોટા કહે તેમ કરવું એ કઠણ છે. જે મનનું ધાર્યું મુકાવી દે તથા સ્વભાવ-પ્રકૃતિ, વાસના ટાળે ને પ્રભુમાં જોડે એવા સત્પુરુષની સાથે પોતાના જીવને જોડી દેવો તો જરૂર બેડો પાર થઇ જાય."

સંસ્કૃત અભ્યાસ :– આ સંપ્રદાયમાં કેવળ વિદ્વત્તા અને પંડિતાઇ કરતાં "સેવા અને ચારિત્ર્ય" ઉપર પહેલેથી જ શ્રીજીએ અને મોટા સદ્‌ગુરુઓએ વિશેષ ભાર મૂક્યો છે. વિદ્વત્તા સાથે ચારિત્ર્ય હોય, તો તો સોનામાં સુગંધ ભળ્યા જેવું પ્રશંસનીય કહેવાય; પણ ચારિત્ર્ય અને સેવાવૃત્તિનો પાયો પ્રથમ-મજબૂત જોઈએ તો જ કલ્યાણના માર્ગમાં ટકી શકાય છે. આ રીતે સત્સંગની પ્રણાલિકા પ્રમાણે સ્વામી બાલમુકુંદદાસજીએ પોતાના ગુરુની અનન્ય ભાવથી સેવા કરી તેમની પ્રસન્નતા મેળવી; ચારિત્ર્ય દૃઢ કરવાની સાધના મુખ્યપણે રાખી. તેમાં વિઘ્ન ન આવે તેવી રીતે સ્વામીશ્રીની ઇચ્છા પ્રમાણે સેવા ને ભજન કરતા હતા. એક દિવસ સ. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે-'તમે સંસ્કૃત અભ્યાસ પૂરો કરો.' ત્યારે બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું: કે,-"સ્વામી ! હું જો સંસ્કૃત ભણીશ તો આપની સેવા નહિ થઇ શકે ને તમારાથી નોખું પડવું પડશે." તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા

કે–અમારાથી નોખું ન પડાય એમ ભણાવીશું." ત્યારે બાલમુકુંદદાસજી સ્વામી કહે, " જો એમ થઇ શક્તું હોત તો હું ભણું." પછી સ્વામીશ્રીએ મહાસમર્થ વિદ્વાન અચિંત્યાનંદ બ્રહ્મચારીને કહ્યું કે–"આ બાલમુકુંદદાસજીને તમે ભણાવજો." પછી બ્રહ્મચારી મહારાજ પાસે સંસ્કૃત ભાષાનો જરૂરી અભ્યાસ કર્યો. ટૂંક સમયમાં પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી સારસ્વતવ્યાકરણ સંપૂર્ણ અને બેત્રણ કાવ્યનો અભ્યાસ કરી ત્યાગીઓની સભામાં સ્વામીશ્રી રૂબરૂ વાસુદેવમાહાત્મ્યની કથા કરી. કથાની સમાપ્તિ થઇ ત્યારે સ્વામી બોલ્યા: "હવે અમારો સંકલ્પ પૂરો થયો. ત્યારે ગુરુનાં અભિપ્રાય અને રુચિને બરાબર જાણનાર સ્વામી બાલમુકુંદદાસજી તુર્તજ સ્વામીશ્રીને કહેવાનું રહસ્ય સમજીને બોલ્યા: "મારો પણ સંકલ્પ પૂરો થઇ રહ્યો. તેથી હવે ભણવાનું બંધ રાખવું છે. આગળ વધારે ભણવું નથી." આ રીતે વધુ શાસ્ત્રીય અભ્યાસ કરવાનું બંધ રાખી સ્વામીશ્રીનાં અખંડ સેવા અને સમાગમ અનન્ય ભાવથી કરવા લાગ્યા. અને આ પ્રકારની જે સાચી બ્રહ્મવિદ્યા, તેના અભ્યાસથી સ્વામીશ્રીની પૂર્ણ કૃપા પ્રાપ્ત કરી, સાધુતાના દિવ્ય ગુણો મેળવ્યા. તેથી આખા સત્સંગમાં તેમની પ્રતિષ્ઠા દિનપ્રતિદિન વધતી ગઇ. શ્રીજીની દૃઢ સર્વોપરી 'ઉપાસના' અને દૃઢ 'આજ્ઞાપાલન' એ બે તેમના જીવનના મુખ્ય આધારસ્થંભો હતા. અને તે બે બાબતનું પ્રવર્તન પણ પોતે સ. ગુણાતીતાનંદ સ્વામી ધામમાં ગયા પછી ખૂબ કર્યું.

સ્વામીશ્રીની સાધના : નિદ્રાપર વિજય

સ્વામી બાલમુકુંદદાસજી કદી પણ દિવસના સૂતા નહિ. સવારે ચાર વાગે વહેલા ઊઠવાનો અને રાત્રે અગિયાર–બાર પછી સુવાનો નિયમ હતો. તેઓ હમેશાં સ્વામીશ્રી પાસે જ રાત્રે સૂતા, વાંચતા અને સેવા કરતા. દિવસે મંદિરની સેવાના કામકાજમાંથી અવકાશ મળે એટલે તુર્તજ સ્વામીશ્રી પાસે બેસી 'વચનામૃત' વાંચતા અને તેનું રહસ્ય તથા 'ગોપાલાનંદ સ્વામીની વાતો' ના સાંકેતક દૃષ્ટાંતોનું રહસ્ય સ્વામીશ્રી પાસેથી સમજતા. આખો દિવસ ભજન, વાચન અને જરાપણ આરામ લીધા વિના દાખડાવાળી સેવા કરે, તેથી કોઇ કોઇ વખત થાકથી સાંજે સંધ્યા અને શયન આરતી વચ્ચેની સભામાં તેમને ઝોકાં આવતાં. આથી પોતાને બહુ ખેદ થતો ને ઝોકાં ન આવે તેને માટે પ્રયાસ કરતા. પણ જોઇએ તેવી સફળતા

ન મળી. આને માટે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમે સૌની પહેલા સભામાં આવીને શાંતપણે બેસી જાઓ છો એટલે ઝોકાં આવે છે, માટે તમારે આ વખતે મંદિર ઉપર જેને જાગવાનો વારો હોય તેને કહેવા જવું." સ્વામીશ્રીની આજ્ઞાથી શ્રદ્ધાપૂર્વક આ સેવા કરવાથી ઝોકાં આવતાં બંધ થઇ ગયાં, તેથી ભજન-સ્મરણ, કીર્તન અને કથાવાર્તાનું વિશેષ સુખ લેવા લાગ્યા.

મહાપુરુષોનું ચિત્ત હમેશાં રાત્રિદિવસ પ્રભુના ધ્યાનભજનમાં તલ્લીન થયેલું હોય છે. છતાં એથી એ કદી તૃપ્તિ પામતા નથી. પ્રભુના વિશેષ સુખ માટે એમનો પ્રયાસ સતત ચાલુ જ હોય છે. આ રીતે સ્વામી બાલમુકુંદદાસજીને વિચાર થયો : કે 'રાત્રિની નિદ્રામાં કેટલો બધો સમય વ્યર્થ ચાલ્યો જાય છે ! એ સમયનો ઉપયોગ પ્રભુભજનમાં થાય તો ભારે કામ થઇ જાય.' આમ નિદ્રાપર સંપૂર્ણ વિજય મેળવવાની ઇચ્છાથી તેમણે એક વખત ચાતુર્માસના વિશેષ નિયમ તરીકે સ્વામીશ્રીની સાક્ષીમાં એવો વિશેષ નિયમ લીધો કે "ચોમાસાના સાડા ચાર માસ રાત્રે બીલકુલ નિદ્રા ન લેવી અને ભજન કરી ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી" સ્વામીશ્રીએ તેમના આ આકરા-કડક નિયમપાલનની બહુ પ્રશંસા કરી અને સ્વામીશ્રીએ પોતે પણ જાહેરમાં વિશેષ નિયમ લીધો: "અમે પણ સાડા ચાર માસ નિત્ય નવી ભગવદ્‌વાર્તા કરીશું." આ નિયમનું પાલન ગુરુશિષ્ય બન્નેએ બહુ જ સાવધાનતાપૂર્વક કર્યું અને પ્રબોધિની એકાદશીના સમૈયા ઉપર બન્ને વડતાલ ગયા, ત્યારે ઉપરના નિયમોની પૂર્ણાહુતિ કરી. આ નિયમ પ્રમાણે સ. ગુણાતીતાનંદ સ્વામીશ્રીએ બહુ બળમાં આવી શ્રીજીનું સર્વોપરિપણું તથા લીલાચરિત્રની વગેરેની ભારે ભારે **નિત્ય નવી** વાતો કરેલી. આથી સત્સંગમાં ઘણો જ સમાસ થયો અને કેટલાક સાધુ સત્સંગીઓને શ્રીજીના સર્વોપરિપણાનો દૃઢ નિશ્ચય થયો.

સ્વામી બાલમુકુંદદાસજીએ સાડા ચાર માસ સુધી નિદ્રા ન લેવી એવો નિયમ લીધો ને તે પ્રમાણે તેમણે નિદ્રા પર વિજય મેળવીને ભજન કર્યું. આ વાત સાંભળી કોઇને સ્વાભાવિક રીતે મનમાં શંકા થાય કે-નિદ્રા લીધા વિના કેમ ચાલે ? થોડા દિવસ નિદ્રા ન આવે ત્યાં માણસ અકળાઇ જાય ને ઝાઝું લાંબું થાય તો ગાંડો પણ થઇ જાય. તો સાડા ચાર માસ સુધી નિદ્રા ન લેવી એ શી રીતે બની શકે ? ઉપલક દૃષ્ટિએ જોતાં આવી શંકા થાય તે બરાબર છે. પરંતુ પ્રથમ એક વાત એ

ખાસ સમજી લેવા જેવી છે કે સામાન્ય મનુષ્ય અને ઉચ્ચ કોટિના મહાપુરુષોની સ્થિતિ તથા ક્રિયામાં ઘણો ફેર હોય છે. એવી સમાનતા બીજા સાથે કદી પણ થઇ શકે નહિ. કારણ કે, એમની અતિ ઉચ્ચ સ્થિતિ અને અલૌકિક ક્રિયા તેનું માપ માયિક દૃષ્ટિવાળાથી થઇ શકે નહિ. 'દેહદર્શી દેખે પોતા જેવા સંસારી.'

માણસને કોઇ દર્દથી અસહ્ય પીડા થતી હોય, અગર કોઇ પ્રકારની મૂંઝવણ કે અકળામણથી અશાંતિ થઇ ગઇ હોય તે સારી નિદ્રા આવવાથી તત્કાળ મટી જાય છે; અને એક ઉત્તમ પ્રકારનો આનંદ તથા મગજને તાજગી મળે છે. આમ શાથી બને છે ? આનું કારણ શું ? અને નિદ્રા એટલે શું ? આ બાબતનો આપણે શાસ્ત્રીય રીતે વિચાર કરીએ.

આપણાં સનાતન શાસ્ત્રો કહે છે કે દેહમાં રહેલો જીવ જયારે સુષુપ્તિ અવસ્થામાં સુષુમ્ણા નાડીમાં જાય છે ત્યારે એ જગતના સર્વ ભાવો ભૂલી સ્થિર થઇ જાય છે; ત્યારે તેને દેહાદિકની કંઇ પણ ખબર રહેતી નથી. આને નિદ્રા કહે છે. એ નિદ્રાની અજ્ઞાન દશામાં જીવને ભગવાનનો સંબંધ થાય છે તેથી સુખ શાંતિ થાય છે. એ જ રીતે સમર્થ યોગી પુરુષો અખંડ ભગવત્સ્મરણ–ચિંતન, ધ્યાન દ્વારા જાગ્રત અવસ્થામાં જગતના સર્વ વિકારો રહિત થઇ પ્રભુમાં તલ્લીન બની જાય છે. આ રીતે અખંડ પ્રભુસ્મરણ અગર દર્શન કરનાર યોગીને એક દર્શન કરવામાં જ પંચવિષયનું સુખ પ્રાપ્ત થાય છે. "એક વિષયમાં સુખ ભેળું ન આવે; અને ભગવાનનું જે સ્વરૂપ છે તેમાં તો સર્વ સુખ ભેળાં રહ્યાં છે તે એક દર્શન કરે તોપણ તે ભક્ત પૂર્ણકામ થઇ જાય છે." (વચ. મ. ૧) આ પ્રકારે પ્રભુકૃપાથી કે મહાપુરુષની કૃપાથી અતિ ઉચ્ચ સ્થિતિએ પહોંચેલા મહાપુરુષને અખંડ સ્મૃતિ કે ધ્યાન દ્વારા ભગવાનમાં તલ્લીન થવું એ જ નિદ્રા છે. તેને યોગનિદ્રા કહે છે. આવી સ્થિતિ પ્રાપ્ત કરવી એ છેલ્લામાં છેલ્લી અધ્યાત્મમાર્ગની સર્વોત્કૃષ્ટ સ્થિતિ છે. એ સ્વામી બાલમુકુંદદાસજીએ પોતાના પ્રબળ પુરુષાર્થ અને ગુરુની પૂર્ણ કૃપાથી સિદ્ધ કરી હતી. આ બાબતનો શાસ્ત્રીય સૂક્ષ્મ વિચાર ઘણો થઇ શકે તેમ છે, પણ તે સર્વોપયોગી ન હોવાથી અહીં આવશ્યક થોડી ચર્ચા જ કરી છે.

મંડળધારી થયા

સ્વામીશ્રી ગુણાતીતાનંદજીએ ધામમાં જવાનો સંકલ્પ કર્યો. તે વખતે પોતાના

શિષ્ય સ્વામી બાલમુકુંદદાસજીનું 'મંડળ' બાંધી આપવા વિચાર્યું. સં. ૧૯૨૩ની સાલમાં પોતાનો આ સંકલ્પ સ્વામીશ્રીએ સ્વામી બાલમુકુંદદાસજી આગળ કહ્યો કે– "અમે હવે વૃદ્ધ થયા છીએ, અને ધામમાં જવાની તૈયારી કરીએ છીએ, તેથી તમારું મંડળ બાંધતા જઈએ." ત્યારે પોતે નમ્રતાપૂર્વક જવાબ આપ્યો કે, "મારાથી મંડળની જવાબદારી અદા થઇ શકશે નહિ, આપની ઓથ જતાં અને સત્સંગમાં પક્ષાપક્ષીને કારણે મારું નવું મંડળ કદાચ નિર્વિઘ્નપણે ન પણ ચાલે, માટે મારે તો કેવળ સેવા અને ભજન કરવાં છે. પણ મંડળની જવાબદારી લેવી નથી." સ્વામીશ્રીએ ઘણી હિંમત આપી તેમને મંડળની જવાબદારી લેવા માટે સમજાવ્યા અને અંતઃકરણપૂર્વક રાજીપાથી આશીર્વાદ આપ્યા કે–"કોઇ તમને વિઘ્ન કરી શકશે નહિ. તમારું મંડળ સર્વોપરિ થશે. મંદિરમાંના સારા સારા સાધુ તમારા મંડળમાં જોડાશે. અને સત્સંગમાં આચાર્યશ્રી સુધી તમારા ચારિત્ર્યનું વજન પડશે. અને તમારી સલાહ આચાર્યશ્રી પણ લેશે. ટૂંકમાં તમારું સત્સંગમાં સન્માન થશે ને સહુ તમારું વચન માનશે. તમે દીર્ઘાયુ થશો અને સત્સંગની સેવાનાં મોટાં મોટાં કાર્યો કરી નામના મેળવશો. અંતકાળે મહારાજ સાથે અમે તમને તેડવા આવીશું.' આ પ્રમાણે સ્વામીશ્રીએ બળનાં આશિષ વચનો કહી મંડળ બાંધી આપ્યું અને પ્રથમ 'કુંકાવાવ' પ્રદેશમાં ફરવા મોકલ્યા.

આ પ્રમાણે સં. ૧૯૦૯ ની સાલમાં ત્યાગાશ્રમની દીક્ષા લીધા પછી ૧૫ વર્ષ પોતાના ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામીની સેવામાં અખંડ રહ્યા. ગુરુ વિષે દૃઢનિષ્ઠા કેળવી ગુરુની આજ્ઞા અને અનુવૃત્તિ સાચવી, ગુરુ જેવા દિવ્ય ગુણો સંપાદન કરી, ગુરુના સિદ્ધાંતો શ્રીજીની સર્વોપરી દૃઢ ઉપાસના, દૃઢ આજ્ઞાપાલન એ બંને બાબત પ્રથમ પોતાના જીવનમાં ઉતાર્યા અને પાછળથી સત્સંગમાં એ સિદ્ધાંતોનો કુશળતા–પૂર્વક પ્રચાર કર્યો; અને સત્સંગમાં ઐક્ય તથા સંગઠન જાળવી રાખ્યા. અક્ષરમૂર્તિ સ. ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના ત્યાગી શિષ્યનાં ૧૦ મંડળો બાંધી આપ્યાં. તેમાં છેવટ સ્વામી યોગેશ્વરદાસજી, સ્વામી કૃષ્ણસેવાદાસજી અને સ્વામી બાલમુકુંદદાસજી ઇત્યાદિ સમર્થ સંતોને સત્સંગપ્રચારનો વારસો સોંપી સ. ગુણાતીતાનંદ સ્વામી સોરઠ દેશમાં ફરતા ફરતા ગોંડળ આવ્યા અને ત્યાં સં. ૧૯૨૩ ના આસો સુદ ૧૨ ને દિવસે સ્વતંત્રપણે ભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં પધાર્યા. સ્વામીશ્રી ધામમાં ગયા પછી સ્વામી બાલમુકુંદદાસજી મિષ્ટાન્ન, સાકર, દૂધ, વગેરે સ્વાદુ ભોજન જમતા નહિ.

હમેશાં એક વખત ભોજન લેતા. પોતાના શિષ્યસાધુઓને પણ ત્યાગના નિયમોનું પાલન બરાબર કરાવતા, 'ધાતુપાત્રમાં કદી અન્નજળ ગ્રહણ કરવું નહિ, કાષ્ટનું પત્તર અને તુંબડાનો જ ઉપયોગ કરવો, કૌપીન સદા પહેરવી, ધનનો સંગ્રહ કરવો નહિ,' વગેરે નાનીમોટી શ્રીજીની આજ્ઞાનું પ્રધાનપણે પોતે પાલન કરતા અને શિષ્યોને શિક્ષાવચન કહી પળાવતા.

ભગવત્સાક્ષાત્કાર

આ લોકમાં એવો સામાન્ય નિયમ છે કે–જે વસ્તુ જેટલી કિંમતવાળી હોય તેના પ્રમાણમાં તેનું રક્ષણ પણ સાવધાનતાથી કરવું પડે છે. દા.ત. ત્રાંબુ, પીત્તળ કે લોખંડનાં ઠામવાસણો ઘરમાં ગમે તે સ્થળે પડયાં હોય છે. પણ જો એ જ વાસણો અગર વસ્તુઓ સોનાચાંદીનાં હોય તો તેને તિજોરી કે પટારામાં મૂકી મજબૂત તાળાં વાસી કાળજીથી સાચવીએ છીએ. એ જ રીતે પોતા પાસે હીરા, માણેક, મોતી વગેરે કિંમતી ઝવેરાત અથવા સોનું, ચાંદી, ગીનીઓ ઈત્યાદિક કોઈ પ્રકારનું પુષ્કળ દ્રવ્ય હોય તે સૌ કોઈ ખાનગી રાખતા હોય છે. અને કદાચ કોઈ પૂછે કે તમારી પાસે કેટલી મૂડી છે ? તો 'મારી પાસે કાંઇ નથી. ભગવાન રોટલા આપે છે ને આનંદ કરીએ છીએ.' એમ બહુધા ઉત્તર મળે છે. એ સર્વના અનુભવની જાણીતી વાત છે. પરંતુ જેની પાસે જે સંપત્તિ હોય તે તેની ક્રિયા અને રીતભાત તથા ખાનપાન ઉપરથી અનુમાન કરી શકાય કે, આની પાસે સારી મૂડી છે, નહિતર આમ ન બની શકે. છતાં ખાનદાન કુળના ધનવાન પુરુષો તો ગંભીરપણે બધું છૂપું રાખી સામાન્ય માણસની પેઠે ઘણી જ સાદાઈથી વર્તતા હોય છે. ગમે તેવી મોટી સત્તા મળે અથવા પુષ્કળ પૈસા પ્રાપ્ત થાય, છતાં સજ્જન કદી પણ ગર્વ કરતા નથી કે, 'હું આવો છું ને મેં આમ કર્યું' બીજાની નિંદા અગર તિરસ્કાર સહન કરીને પણ એ સર્વનું હિત ઈચ્છે એમ સતત પરોપકાર કર્યા જ કરે છે. અને તેનાં ઉત્તમ કાર્યો જોઈને કોઈ તેની પ્રશંસા કરે તો તેઓ ખરેખર ઘણા સંકોચપૂર્વક કહે છે કે, "ભાઈ ! મારામાં કાંઇ નથી હું તમારા જેવો જ એક માણસ છું. તમને જે કંઇ મારા તરફથી સંતોષ મળતો હોય અગર સારુ દેખાતું હોય એ તો બધું પ્રભુનું કાર્ય છે. અલ્પશક્તિવાળા આપણે માનવી શું કરી શકીએ તેમ છીએ ?" આ રીતે જગતમાં પ્રમાણિક ગણાતા ઉત્તમ કોટિના સજ્જનો મોટા અને શક્તિશાળી હોવા છતાં હમેશાં નાના થવાનો પ્રયાસ કરે છે તથા પોતાની સંપત્તિ અથવા શક્તિને છૂપી જ રાખે છે.

ઉપર કહેલી લૌકિક રીત પ્રમાણે મોક્ષમાર્ગની સંપત્તિને તો એથી ઘણી વિશેષ કાળજીથી સાચવવી પડે છે. ગુરુકૃપાથી અથવા તપ, ત્યાગ, ધ્યાન–ભજન આદિ કોઇ સાધનથી ઐશ્વર્ય–પ્રતાપ પ્રાપ્ત થાય, અગર પ્રભુનાં સાક્ષાત્ દર્શન થાય કે નિરાવરણ દૃષ્ટિ થઇ જાય તથા વચનસિદ્ધિ વગેરે કોઇ ઉત્તમ સિદ્ધિ મળે એ બધું બહુ જ કાળજીથી સાચવવું પડે છે. પૂરી પાત્રતા સિવાય ઐશ્વર્ય જીરવાતું નથી. પોતાને પાંચ માણસો માનવા માંડે એટલે ઊંચો ચાલે કે, હું કાંઇક છું અને તુર્ત જ મહાત્મા પુરુષ બની જવાય છે. હૃદયમાં જ્યારે પુજાવાની ભાવના અને પ્રસિદ્ધિની ઇચ્છા પ્રગટ થાય છે ત્યારે પ્રભુના પદથી દૂર થવાનો પ્રારંભ થાય છે. મોટા અને ઝાઝા શિષ્યોથી મહત્તા માની હું કઇ સ્થિતિમાં છું એ વિચાર જો ન રહે તો છેવટ ઘણી નીચી પાયરીમાં ઊતરી જવાય છે, એટલું જ નહિ પરંતુ મહાપુરુષોએ દીર્ઘદૃષ્ટિથી નિશ્ચિત કરેલા સિદ્ધાંતોનો લોપ થવાથી અનેક લોકો અવળે માર્ગે ચડી જાય છે અને મહા મોટો અનર્થ પેદા થાય છે. અને આથી જ શ્રીજી મહારાજ તથા એમના એકાંતિક મહાપુરુષોની પ્રસન્નતા કદી પણ પ્રાપ્ત થતી નથી. અને એમની પ્રસન્નતા વિના અક્ષરધામમાં જઇ શકાય નહિ એ નિર્વિવાદ વાત છે.

સત્સંગમાં શ્રીજી મહારાજ અને મોટા સંતોની કૃપાથી અનેક સ્થળે સમાધિનિષ્ઠ અને નિરાવરણ દૃષ્ટિવાળા ત્યાગી, ગૃહી નરનારીઓ થઇ ગયાં છે. તેઓ બધા મહાસમર્થ ને વચનસિદ્ધ હતા. એથી તેઓ જે ધારે અને કહે તેમ ચોક્કસ થઇ જતું. છતાં તેઓ પોતાનું ઐશ્વર્ય ગુપ્ત જ રાખતા. કોઇ જાતનો ગર્વ કે ખોટો દેખાવ કરતા જ નહિ. પરંતુ કોઇ ભગવદીય ભક્તનું દુઃખ દેખીને તેમના ઉપર દયા કરે તો સામાનું ભયંકર દુઃખ હોય તે પણ નષ્ટ થઇ જતું એ ઉપરથી જાણી શકાતું કે, અમુક સંત કે ભક્ત આવા સમર્થ છે. પણ તેઓ તો એમ જ કહેતા કે શ્રીજીની કૃપાથી એમ થયું હશે. અમારામાં તો કાંઇ નથી. ભજન કરો બીજું કાંઇ બોલશો નહિ. આ રીતે મોટા સાધુઓ કોઇ પોતાની સરસાઇ કે પ્રશંસા કહે તો તુર્ત જ તેને અટકાવતા અને ઠપકો આપતા.

સદ્‌ગુરુ સ્વામી બાળમુકુંદદાસજી નંદ સંતો સમા એક મહાન સમર્થ મહાપુરુષ હતા. તેઓ અક્ષરમૂર્તિ સ. ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી વચનસિદ્ધિ અને શ્રીજી મહારાજના સાક્ષાત્કારને પામેલા હતા. એટલે ઘણી વાર એમને શ્રીજી મહારાજનાં

પ્રત્યક્ષ દર્શન થતાં હતાં. છતાં સ્વામી ક્યારેય પણ તે સંબંધી કોઈને કાંઈ પણ વાત કરતા નહિ. સ્વામીમાં મોટામાં મોટું સામાર્થ્ય એ હતું કે તેઓ મુમુક્ષુઓને પોતાની મરજી પ્રમાણે અક્ષરધામમાં મોકલી દેતા. આનું કારણ તેમને શ્રીહરિનો સાક્ષાત્સંબંધ હતો. કોઈ સાધુ કે સત્સંગી બીમાર પડ્યા હોય એટલે સ્વામી તેમને દર્શન દેવા જતા. ત્યારે સ્વામીનો મહિમા સમજનાર વિશ્વાસુ હોય તે પ્રાર્થના કરતા કે 'સ્વામી ! હવે આ દુ:ખ મટે તેવી દયા કરો.' ત્યારે જો તે સાજા થવાના હોય તો સ્વામી કહે કે, 'તમને પાંચપંદર દહાડામાં જરૂર સારું થઈ જશે.' અને જો તેનું આયુષ્ય ન હોય તો કહેતા કે, 'ભજન કરો, અમુક દિવસે મહારાજ તેડી જશે.' તથા કેટલાક ખાસ મહિમાવાળા શ્રદ્ધાળુ હોય તેને તો પોતે સામેથી પૂછતા કે 'ધામમાં જાવું છે ? તો મોકલી દઈએ.' જો તે હા પાડે તો કહેતા કે, 'મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખી બરાબર ભજન કરજો. અમુક દિવસે મહારાજ તમને તેડી જશે.' સ્વામીએ જે પ્રમાણે કહ્યું હોય તે જ પ્રમાણે શ્રીજી ધામમાં તેડી જતા. કોઈને શ્રીજી તેડવા આવે અને તેને અંત વખતે આ લોકનું કોઈ પદાર્થ સાંભરી આવે અગર વાસના સ્ફુરી આવે તો મહારાજ પાછા ચાલ્યા જતા. તેની સ્વામીને તત્કાળ ખબર પડી જતી એટલે સ્વામી તત્કાળ તેને ઠપકો દઈને કહેતા–"અરે ભલા માણસ ! મહારાજને તમે ધક્કો ખવરાવ્યો ? આ લોકમાં શું માલ છે ?" વગેરે હિતની વાતો કરતા. આ રીતે બન્યું હોય તેવા પણ કેટલાક દાખલા મળી આવે છે, જે 'સ્વામીનું ઐશ્વર્ય' એ પ્રકરણ વાંચવાથી જાણી શકાશે.

સ્વામીના શરીરમાં કોઈ પ્રકારની ખાસ બીમારી ન હતી પણ સં. ૧૯૬૨ની સાલથી દાઢનો દુ:ખાવો હરવખત થઈ આવતો તે છેલ્લે સુધી રહ્યો હતો, કંઈ પણ ખાઈ ન શકાય તથા બોલવું પણ મુશ્કેલ પડે એવો દાઢનો સખત દુ:ખાવો ઘણીવાર થઈ જતો. એક વખત સ્વામીને દાઢના દુ:ખાવા સાથે વાનો પણ ઉપદ્રવ જણાયો. તેથી મોઢા ઉપર સોજો ચડી ગયો ને બોલી શકાય તેમ ન રહ્યું. આ બીમારી વખતે સ્વામી જૂનાગઢમાં રોકાયા હતા અને આચાર્યશ્રીનો જૂનો ઉતારો ધર્મશાળાના દરવાજા ઉપર જે ઓરડો છે તેમાં સૂતા. એક દિવસ રાત્રિના સ્વામીને બહુ જ તકલીફ થવા લાગી એટલે સ્વામી તો મનમાં શ્વાસોચ્છ્વાસે અખંડ ભજન કરવા લાગ્યા. ત્યાં થોડી વારમાં મહારાજનાં મનુષ્યાકારે પ્રત્યક્ષ દર્શન થયાં. મહારાજે સર્વે ધોળાં વસ્ત્ર પહેર્યાં હતાં. પછી મહારાજે સ્વામીને માથે હાથ મૂકી કહ્યું: કેમ છે ?'

ત્યારે સ્વામીએ કહ્યું, "શરીરે વા આવ્યો છે, ને મોઢામાં દુઃખાવો રહે છે. એટલે બોલવાનું બંધ થયું છે તેથી કથાવાર્તા કરવાનું સુખ આવતું નથી માટે હવે ધામમાં તેડી જાઓ તો સારું." ત્યારે મહારાજે કહ્યું: 'ઔષધ કરો.' એટલે સ્વામી બોલ્યા "આપને મટાડવું હોય તો ઔષધનું કામ ન પડે." ત્યારે મહારાજ હસીને અદૃશ્ય થઇ ગયા. તેથી સ્વામીએ જાણ્યું જે આ દુઃખાવો હવે નહિ મટે.

સ્વામીની સેવામાં તે વખતે તેમના શિષ્યો હાજર હતા. તેમાં એક નારણ ભગત હતા તે બહુ જ ભગદીય સેવાભાવી અને સ્વામીના કૃપાપાત્ર હતા. તે સ્વામી પાસે બેસી ભજન કર્યા કરતા અને કીર્તનો, પ્રકરણો પ્રભાતિયાં વગેરે બોલ્યા કરતા. તે નારણ ભગતને એકાંતિક જાણીને સ્વામીએ વાત કહેલી કે, "આજે અમને મહારાજનાં દર્શન થયાં અને આ પહેલાં પણ એક વખત અમે ઉપલેટા હતા ત્યારે દર્શન દીધાં હતાં. તે જેવા અક્ષરધામમાં તેજે સહિત છે તેવા તેજોમય દેખાણા અને ત્યારથી હવે અખંડ દર્શન થાય છે, હવે દેહને ગમે તે થાઓ, કોઇ વાતની ફીકર નથી તમે આ વાત કોઈને કરશો નહિ." સ્વામીની વાત સાંભળી નારણ ભક્તે કહ્યું કે "સ્વામી ! મહારાજે દર્શન દીધાં તો એટલી પ્રાર્થના કરવી હતી કે આ દુઃખ મટાડી દ્યો. બીજાને દુઃખ દર્દ હોય તો તમે મહારાજની પ્રાર્થના કરી મટાડી દો છો તો પછી તમારું દુઃખ મટવામાં ક્યાં વાર છે ?" ત્યારે સ્વામીએ એવો સરસ ઉત્તર આપ્યો કે, "મહારાજ બધું જાણે છે. એમને મટાડવું હોય તો ક્યાં વાર છે ? આપણે પ્રાર્થના કરીએ ત્યારે જ એ જાણે ને દુઃખ મટાડે એમ હોય તો તો આપણે ભગવાનને અંતર્યામી જાણ્યા જ ન કહેવાય. **નિષ્કામ ભક્તો પોતાના દુઃખ માટે ક્યારેય પ્રભુની પ્રાર્થના કરતા જ નથી."**

આ રીતે સ્વામી સાક્ષાત્ ભગવત્સાક્ષાત્કારને પામેલા હતા, છતાં પણ કોઇ પ્રકારનો દેખાવ કરતા જ નહિ. દરેકની સાથે નિર્માનીપણે વર્તી સાચી સાધુતા રાખી શ્રીજીસ્થાપિત સત્સંગની પ્રથા પ્રમાણે સંપ્રદાયની જીવનભર ભારે સેવા કરી હતી. અને સુખદુઃખના પ્રસંગમાં પણ સહનશક્તિ રાખી સર્વનું હિત થાય તેમજ કરતા. શ્રીજી મહારાજ લખે છે કે, "અને ત્યાગી હોય ને તે જેવો પ્રથમ ગરીબ હોય અને જેમ સૌ સંતની ટેલ ચાકરી કરતો હોય તેવી ને તેવી જ પોતામાં ભગવાનનાં જેવાં ઐશ્વર્ય આવે તોપણ કરતો રહે, પણ સાધુ સાથે પિતરાઇ દાવો બાંધે નહિ ને

બરોબરિયાપણું કરે નહિ એવાં જેનાં લક્ષણ હોય તેની ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે." (વચ. મ. ૨૫)

"જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે ને અનંત જીવના ઉદ્ધારને કરે છે અને એવી સામર્થીયે યુક્ત થકો પણ અન્ય જીવના માનઅપમાનને સહન કરે છે. એ પણ મોટી સામર્થી છે, કાં જે સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ."

(વચ. પ્ર. ૨૭)

"જેને ભગવાનને પ્રસન્ન કરવા હોય તેને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા કોઈ શ્રેષ્ઠ ગુણ હોય તેને અભિમાન કરીને અટંટ થવું નહિ, તો એ પુરુષના હૃદયને વિષે પ્રગટ પ્રમાણ એવા જે શ્રી કૃષ્ણનારાયણ તે પ્રસન્ન થઈને નિવાસ કરીને રહે છે.... અને અતિશય પ્રેમલક્ષણા ભક્તિ હોય અને તે ભક્તિએ કરીને ભગવાન તેને વશ વર્તતા હોય અને જો તે ભક્તિનું ભક્તના હૃદયમાં માન આવે તોય પણ એને અતિ ખોટ છે; અને આત્મજ્ઞાનનું માન હોય અથવા વૈરાગ્યનું માન હોય પણ તે અભિમાન તો દેહાત્મબુદ્ધિને જ દૃઢ કરાવે, માટે ભગવાનના ભક્ત હોય તેને કોઈ પ્રકારે અભિમાન રાખવું નહિ. એ જ ભગવાનને રાજી કર્યાનો ઉપાય છે..... જેમ બાળક હોય તે દિવસ કાંઇ માનનો ઘાટ સંકલ્પ હોય નહિ તેમજ સાધુને તો ગમે તેટલી પૂજાપ્રતિષ્ઠા થતી હોય, પણ બાળકની પેઠે માનરહિત વર્તવું."

(વચ. ગ. પ્ર. ૫૬)

ઉપર કહ્યું તેમ સ્વામીને વિષે ભગવાનનાં જેવાં ઐશ્વર્યો હતાં અને તેમને ભગવાન વશ હતા તથા વચનામૃતનું અપાર જ્ઞાન હતું, અને ધર્મ એટલે આજ્ઞા પ્રમાણે જ વર્તવું તથા જગતમાં અનાસક્તિ રૂપ વૈરાગ્ય તો એમની પ્રત્યેક ક્રિયામાં પ્રત્યક્ષ જણાઈ આવતો હતો. આ રીતે પોતામાં અપાર શક્તિ, સામર્થ્ય હોવા છતાં કોઈ પ્રકારનો દેખાવ કર્યા વિના વ્યવહારકુશળતાની સાથે સંપૂર્ણ સાધુતા રાખી જીવનભર એક રેંણીએ વર્તી સ. સ્વામી બાલમુકુંદદાસજીએ અનેક મુમુક્ષુઓને ભગવાનમાં જોડી, સત્સંગની સર્વ પ્રકારે ઉન્નતિ થાય તેવી અપૂર્વ નિષ્કામ સેવા કરી હતી.

સ્વામીશ્રીનું વૃત્તાંત–ચારિત્ર્ય

'વૃત્તાંત' શબ્દ 'ચારિત્ર્ય' માટે વપરાતો સાંપ્રદાયિક પારિભાષિક શબ્દ છે. સ્વામિનારાયણ સંપ્રદાયની એ એક વિશિષ્ટતા છે–તેના અનુયાયી–સત્સંગીઓના ઉમદા 'વૃતાંત' યા તો ચારિત્ર્યની પ્રથમથી જ આ સંપ્રદાયના મૂળ સ્થાપક અને પ્રવર્તકે ચારિત્ર્ય અગર વર્તન .પર ખૂબ જ ભાર મૂક્યો છે. ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ પ્રથમ પોતે સનાતન શાસ્ત્રમર્યાદા પ્રમાણે દૃઢપણે વર્તી પોતાના શિષ્યો–અનુયાયી સંતહરિભક્ત બાઈભાઈને દૃઢપણે નિયમ પ્રમાણે વર્તાવ્યાં. અનુયાયીઓમાં પણ ત્યાગી સાધુઓનું વર્તન તો ઘણું જ આકરું રાખેલું છે. 'ધર્મામૃત' અને 'નિષ્કામ શુદ્ધિ' આ બે ગ્રંથોમાં ત્યાગી સંતોના વર્તનના નિયમો બહુ સ્પષ્ટપણે ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ ત્યાગી શિષ્યો માટે ઉપદેશ્યા છે. અને તે પ્રમાણે સહુ સંતો વર્તે તેવી ઘણી જ તકેદારી પોતે સતત જાગૃતિથી રખાવતા. નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન આ પંચ મહાવર્તમાન (નિયમો) ત્યાગીઓ માટે નિશ્ચિત થએલા છે. ટૂંકામાં અહિંસા, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ ત્રણ વ્રતોનું મન, વચન, કર્મથી ત્યાગી શિષ્યો પાસે શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપૂર્ણપણે પાલન કરાવ્યું હતું. અને સ. મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી વગેરે ત્યાગવૈરાગ્યની મૂર્તિ સમા આદર્શ વર્તનશાળી નંદ સંતો એના નમૂના હતા. સંતવર્ય સ. બાલમુકુંદદાસજી સ્વામી પણ નંદપદવીના સંતોની પંક્તિમાં મૂકી શકાય તેવા વર્તનશાળી હતા. પોતાના ગુરુ સ. ગુણાતીતાનંદ સ્વામીની પેઠે આકરા ધર્મનિયમ પાળતા. 'ધર્મામૃત' અને 'નિષ્કામ શુદ્ધિ' પ્રમાણે પોતાનું વર્તન આખી જિંદગી અણીશુદ્ધ અને નિષ્કલંક તથા સહુને અનુકરણીય રાખ્યું હતું. એથી જ તેઓ મોટેરા કહેવાયા અને પુજાયા. આવા તેમના ઉત્તમ વૃત્તાંતને જરા વિગતવાર આલેખીએ.

કોઈ પણ બાબતની ઊંચામાં ઊંચી સ્થિતિ પ્રાપ્ત કરવી હોય, અગર કોઈ વિષયનું સંપૂર્ણ જ્ઞાન મેળવવું હોય અથવા કોઈ કલામાં નિષ્ણાત થવું હોય તો તે વિષયને લગતી નાનામાં નાની દરેક બાબતને ઝીણવટથી ધ્યાનમાં લઈ આગ્રહપૂર્વક અમલમાં મૂકવી જોઈએ. પરંતુ કોઈ બાબતને નજીવી, નિરુપયોગી કે સાધારણ ગણી જતી કરવી જોઈએ નહિ. સમાજમાં આદર્શ ગણાએલા પુરુષો પણ નાની બાબતોને

જતી કરવાથી અપયશ પામી નીચી કક્ષામાં મુકાયા છે. **નાની બાબતોને જતી કરવી એ અધઃપતનનું મૂળ છે.** માટે જ સુજ્ઞ પુરુષો સૂક્ષ્મ દૃષ્ટિથી બધી બાબતમાં સાવધપણે વર્તતા હોય છે.

આ સિદ્ધાન્ત પ્રમાણે સ. સ્વામી બાલમુકુંદદાસજીએ ત્યાગી થયા ત્યાંથી માંડીને દેહ મૂક્યો ત્યાં સુધી ચોસઠ વર્ષ જેટલા લાંબા સમયમાં શ્રીજીની નાનીમોટી દરેક આજ્ઞાનું કાળજીથી પાલન કર્યું હતું. ગમે તેવો શરીરમાં મંદવાડ હોય, વડતાલ, અમદાવાદ, મુંબઇ સુધી ગમે ત્યાં દૂર દેશાંતરમાં ફરવા ગયા હોય, તોપણ રસ્તામાં જ્યાં જ્યાં જાય, આવે તેના પરિશ્રમને કારણે અથવા રેલવેગાડીએ જવાની ઉતાવળ હોય વગેરે ગમે તેવી પ્રતિકૂળતા હોય તો પણ કૌપીન પહેર્યા વિના કોઇ દિવસ રહ્યા ન હતા. એ જ રીતે સાધુના નિયમ પ્રમાણે તેઓ હમેશાં કાષ્ટના પત્તરમાં જ જમતા અને તુંબડીથી જ પાણી પીતા. પણ કદી ધાતુના ઠામ–વાસણનો ઉપયોગ કરતા નહિ. બહારગામ ગયા હોય ત્યારે સાધુની પંક્તિ સિવાય એકલા જમવાનો પ્રસંગ આવે, અથવા આચાર્ય મહારાજશ્રી પોતાને રસોડે જમાડતા હોય અગર કોઇ મોટા હરિભક્તને ઘેર જમવાનો પ્રસંગ હોય, અથવા આચાર્યશ્રી સાથે દેશમાં ફરતી વેળાએ આચાર્યશ્રીની સાથે બેસીને જમવાનું હોય, અગર કોઈવાર કારણસર કે બીમારી અંગે સવારસાંજ પંક્તિ વિના જમવાનો પ્રસંગ આવે, તોપણ આળસથી કે કોઇ ગૃહસ્થ, ત્યાગી અથવા આચાર્યશ્રીની મહોબત અથવા આગ્રહથી ભૂલે પણ ક્યારેય 'પત્તર' વિના ધાતુના વાસણમાં જમ્યા ન હતા. આના અનુસંધાનમાં એક પ્રસંગ નોંધવા જેવો છે. એક વખત ધ. ધુ. આચાર્યવર્ય શ્રી વિહારીલાલજી મહારાજે પોતાને રસોડે સ્વામીને જમવાનું કહેલું. પછી સ્વામી મહારાજના તંબૂની બાજુમાં જમવા ગયા અને તેમનું પત્તર લાવતાં તેમના સેવકને જરા વાર લાગી એટલે મહારાજના સેવક બ્રહ્મચારી અનંતાનંદજીએ ચાંદીના થાળમાં સ્વામીને જમવાનું પીરસ્યું. સમીપમાં મહારાજશ્રી જમવા બેઠા હતા, તેમને પણ પીરસાઇ ગયું. આચાર્યશ્રીની એવી ઇચ્છા કે, સ્વામી જમવાનું શરૂ કરે પછી પોતે જમવાનું શરૂ કરે. પણ સ્વામીના સેવકને પત્તર લાવતાં જરા વાર થઇ ત્યાં સુધી મહારાજ પણ જમ્યા નહિ; તેથી મહારાજના સેવકે કહ્યું કે, 'સ્વામી ! મહારાજશ્રી ખોટી થાય છે. માટે આજે આપ પત્તર વિના જમો તો શું વાંધો છે ? કોઇક દિવસ આવા વખતે પત્તર વિના જમાય તો વાંધો નહિ.' ત્યારે સ્વામીએ શાંતિથી કહ્યું, "મહારાજશ્રી ભલે જમી લો. સેવક પત્તર લાવશે ત્યારે અમે જમીશુ." પછી પત્તર આવ્યું ત્યારે સ્વામી પત્તરમાં જ જમ્યા

પણ શરમમાં લેવાઈને પોતાના એક નાના સરખા પણ સ્વધર્મના નિયમનો ભંગ આપત્કાળમાં પણ કર્યો નહિ. આ જ પ્રમાણે માંદગીમાં પણ તુંબડી સિવાય પાણી પીતા નહિ. પોતે નિષ્કુળાનંદ સ્વામીનું તથા ગુણાતીનાનંદ સ્વામીનું દૃષ્ટાંત આપી પોતાના ત્યાગી શિષ્યોને કહેતા કે, "નિષ્કુળાનંદ સ્વામી મંદવાડમાં કાચલીએ પાણી પીતા. ગુણાતીતાનંદ સ્વામી દેહપર્યંત બાજરાના રોટલા સિવાય બીજું જમતા નહિ. પંક્તિ વિના એકાંતમાં જમ્યા નથી. તથા ગમે તેવાં મોટાં કારખાનાં ચાલતાં હોય અને તેમાં આખો દિવસ સખત મહેનત મજૂરીનાં કામ કર્યાં હોય તોપણ રાત્રિના કદી પણ જમતા નહિ. બીમારી વખતે પણ ઢોલીએ સૂવું, મચ્છરદાની બાંધવી કે પગ દબાવવા એ કરવા દેતા જ નહિ. "મોટા સંતનાં રૂવાડાં જેવું પણ આપણાથી ન થવાય. આપણે તો એનાથી હજારમાં ભાગનું થોડુંક માંડ પાળીએ છીએ." એમ સ્વશિષ્યોને ઉપદેશ કરતા પણ પોતાનું વૃત્તાંત અણીશુદ્ધ મોટા નંદસંતોના જેવું હતું. રસાસ્વાદ સંબંધી પોતે ઘણો જ ત્યાગ પાળતા. ખાંડ, સાકર ન જમવાનો નિયમ તો દેહપર્યંત રાખેલો. ગોળની રસોઇ પણ રૂપિયે ચાર આની જમતા, તેમાં પણ છેવટમાં દસ વર્ષ સુધી ગોળની રસોઇ પણ મુદ્દલ જમ્યા ન હતા. કોઇ વખતે જરા ગોળ નાખી રાબ કરાવતા. સત્સંગની સેવા અર્થે ઘણાં કારખાનાં કરાવ્યાં, દૈહિક શ્રમ પડે તેવી સેવા પણ ઘણી જ કરી. તોપણ રાત્રિએ કોઇ વાર બીજી વખત જમ્યા ન હતા. સ્વામીના જીવનનાં પાછલાં વર્ષોમાં સંપ્રદાયમાં દેશકાળ બદલાએલા તેથી ત્યાગીઓમાં ધનસંગ્રહની પ્રવૃત્તિ થઇ પણ સ્વામીશ્રીએ તો છેવટ સુધી એક પાઇનો પણ સંગ્રહ કર્યો નહિ. પોતે વર્ષમાં એકબે વખત વડતાલમાં સમૈયા ઉપર દર્શન કરવા જતા ત્યારે રેલવે ટિકિટ માટે હરિભક્તો આગ્રહથી દ્રવ્યસેવા કરતા. તેમાં પણ સ્વામી બહુ વિવેક વાપરી ટિકીટના પૈસા ઉપરાંત એક પાઇ પણ વધારે ગ્રહણ કરતા નહિ. આ સંબંધમાં થોડા દાખલા ટાંકીશું.

એક વખત આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજે વડતાલથી બે પાળા સ્વામીને તેડવા જૂનાગઢ મોકલ્યા. એટલે સ્વામી જૂનાગઢથી રાજકોટ આવ્યા. ત્યાં રાજકોટના સત્સંગીઓએ રેલવે ભાડું આપવા માંડ્યું. ત્યારે સ્વામીએ કહ્યું કે 'ભાડું તો ભગત લાવ્યા છે. તોપણ હરિભક્તોએ આગ્રહથી સેવા કરવા ઈચ્છા જણાવી કહ્યું "અહીંથી વડતાલ સુધીનું ભાડું અમે આપીશું. ભગત પાસે જે છે તે તમો વળતાં વાપરજો." પછી સ્વામીની આજ્ઞા પ્રમાણે સહુ હરિભક્તોએ થોડી થોડી રકમ ભાડા

માટે વડતાલના પાળાના હાથમાં આપી. સ્વામી સાથે જેટલા સંતો હતા તેમના ભાડાના પૈસા આવી ગયા. એટલે સ્વામીએ વધારે પૈસા લેવાની ના કહી. ત્યારે પાળાએ કહ્યું: "સ્વામી ! હરિભક્તો આપે છે ને તમે ના શા માટે પાડો છો ?" સ્વામી કહે: "વધારે રકમ લઈને શું કરવું છે ? જો આપણે આપવાનું કહીએ તો, હરિભક્તો તો હજારો રૂપિયા આપે, પણ ત્યાગીને ભાડા વગેરે માટે જોઈએ, તેથી વધારે રકમ કેમ લેવાય ?" આવા દાખલાઓ તો સ્વામીના જીવનમાં ઘણા બનેલા, પણ પોતે અપરિગ્રહ વ્રતનું દૃઢ પાલન કરતા તેથી દ્રવ્યની બાબતમાં નિશ્ચિંત રહેતા.

પોતે દેશમાં ગામડામાં ફરે ત્યારે પણ હરિભક્તો રસોઈ આપે તેમાં સીધુ સામાન લેવાદેવા, મંગાવવા વાપરવામાં સ્વામી બહુ જ વિવેક રાખતા. પોતાની આજ્ઞા વિના શિષ્યો પાકી રસોઈ કરી શકે નહિ. અને રસોઈ થાય તેમાં પણ ખર્ચ ઘટે તેમ કરકસર કરી ઉત્તમ વસ્તુઓ બનાવી જેની રસોઈ હોય તેને ધાર્યા કરતાં વધારે સરસ પ્રસાદી આપી રાજી રાજી કરી દેતા. રસોઈ કોઈની હોય ને પ્રસાદી બીજાને આપે એમ કદી પણ થવા દેતા નહિ.

ગામડાના સત્સંગીઓના આગ્રહથી મોટા ગામમાં સ્વામી બબ્બે ત્રણત્રણ મહિના રહી કથાવાર્તાની ભારે જમાવટ કરતા. એ વખતે હેતવાળા સાધુઓના બબ્બે ચારચાર મંડળો ભેગાં થઈ જતાં; ત્યારે હરિભક્તો સ્વામીને રાજી કરવા રસોઈ માટે ઘી વગેરે પુષ્કળ સીધુસામાન લાવે, એટલે સાધુઓ જરા મોટું મન રાખી છૂટથી ઘી વગેરે વાપરે. અને જૂના રિવાજ મુજબ મિષ્ટાન્ન સાથે દાળભાતને બદલે ખીચડી હોય તેમાં સાધુઓ ઘી નાખે, તે સ્વામી જમે ત્યારે ખબર પડે. પછી સ્વામી બપોરની કથામાં ગૃહસ્થો ન હોય ત્યારે ત્યાગભાવનાની અને વિવેક તથા કરકસરની અસરકારક શાંતિથી એવી સરસ વાતો કરે કે, સૌ સંતો સમજી જાય ને સમૂહમાં સૌ સાથે રહે ત્યાં સુધી પાકી રસોઈ વખતે ત્યાગીઓ માટે ખીચડીમાં ઘી વાપરે જ નહિ અને ખૂબ સમજથી થોડામાં સારી રસોઈ કરી વધારાનું સીધુ તુર્તજ સૌને પાછું મોકલી આપે. આવી સારી રીતભાતથી બહુ ટૂંકામાં જમવાનો વ્યવહાર પતી જતો. તેથી ગામડાંના ગરીબ સત્સંગીઓને પણ બધાની સેવા કરવાનો લાભ મળે એટલે નાનામોટા સહુ ખૂબ સંતોષ પામતા ને સત્સંગની વૃદ્ધિ થતી. સ્વામી દેશમાં ફર્યા તે

દરમ્યાન હજારો રૂપીઆ ધોતિયાંના આવતા. પણ તેમાંથી પોતે ભાડામાં કે પુસ્તક ખરીદવા વગેરે બીજા કામમાં આડોઅવળો એકે રૂપિયો વાપર્યો નથી. ધોતિયાંના જેટલા પૈસા આવતા તે બધા જૂનાગઢ મંદિરના કોઠારે જ આપી દેતા. મૂર્તિમંત વસ્ત્રો આવે તેમાંથી તે વખતે સાધુઓને ઉપયોગમાં લેવાં હોય તેટલાં ભગવાં રંગવા માટે આપી વધારાનાં જૂનાગઢના કોઠારમાં આપી દેતા, પણ પોતે કે મંડળના સાધુઓ પાસે સંગ્રહ કરવા દેતા નહિ. વડતાલ વગેરે અન્ય સ્થળે ગયા હોય ત્યાં પણ હરિભક્તો વસ્ત્રોની સેવા કરે તે વડતાલના કોઠારમાં આપતા. આચાર્યશ્રી સાથે ફરતા હોય, ત્યારે વસ્ત્રો વગેરે આવે તે તેમને આપી દેતા, પણ આજ્ઞાવિરુદ્ધ કોઇ પણ પ્રકારનો સંગ્રહ કરતા કે કરાવવા દેતા નહિ. પોતે સમર્થ ને મોટા હતા અને પૈસા દેનારા હરવખત હાજર જ હોય, તો પણ થર્ડ કલાસમાં જ મુસાફરી કરતા પરંતુ મોટાઇમાં તણાઇ જઇ ઉપલા વર્ગમાં મુસાફરી કરી ખોટો ખર્ચ કદી કરતા નહિ. ભગવાનની અખંડ સ્મૃતિ રાખી ધૈર્ય અને શાંતિથી બધાં કામ કરતા જેથી સ્વધર્મનું સદૈવ રક્ષણ થતું અને ક્યારેય દેશકાળ નડતો નહિ.

શ્રીજીસ્થાપિત મર્યાદા–ધોરણ પ્રમાણે વર્તવું એ પોતાનો ખાસ સિદ્ધાન્ત હતો એટલે પોતે બરાબર એ પ્રમાણે વર્તતા અને હેતવાળા ત્યાગીગૃહી સહુને તે પ્રમાણે વર્તવાની શિખામણ આપતા. સ્વાર્થ કે મોટાઇને અંગે કોઇને કંઇ કહેવા જેવું હોય તોપણ કલેશ થાય તેમ ધારી ક્યારેય કોઇનાં નિંદા–દ્રોહ કર્યાં ન હતાં. વિપરીત વાતાવરણ વખતે પણ દેવ, આચાર્ય તથા શ્રીજીસ્થાપિત ધોરણ અને મર્યાદાને હમેશાં વફાદાર રહી વર્તતા. અનેક પ્રકારના દેશકાળ આવેલા, તેમાં પણ બુદ્ધિમત્તાથી માર્ગ કાઢતા પરંતુ કોઇ પણ સમયે કોઇ પક્ષમાં તણાઇ રાગદ્વેષને વશ થઇ અહંમમત્વથી આજ્ઞાવિરુદ્ધ વર્ત્યા ન હતા. એ જ રીતે કોઇ ગમે તેવો મોટો હોય ને તે ધોરણ કે આજ્ઞા વિરુદ્ધ વર્તતો હોય તો તેને ઉત્તેજન અગર સહકાર આપતા નહિ. ત્યાગીગૃહી સૌને યોગ્ય શિક્ષણ, દોરવણી આપી શ્રીજીની આજ્ઞામાં વર્તે તે માટે પોતાથી બનતું બધું જ કરવા દરેક મુશ્કેલીના પ્રસંગોએ કર્યા કરતા.

જે જે પક્ષ અમદાવાદવડતાલથી જુદા પડ્યા તે પક્ષની પ્રવૃત્તિને પણ સ્વામીશ્રીએ જરાપણ સાથ કે સમર્થન આપ્યું નથી. પોતાને શ્રીજીની શુદ્ધ સર્વોપરી ઉપાસના હતી અને પોતે પણ શ્રીજીસ્થાપિત મર્યાદામાં રહી સત્સંગમાં

શુદ્ધ આજ્ઞાઉપાસના પ્રવર્તાવ્યાં. તેમાં પણ ધોરણવિરુદ્ધ વર્તી કે કોઈને આડે અવળે રસ્તે દોરી, અગર પુજાવાની ભાવનાથી કોઈને પોતામાં જોડી મૂળ પ્રથામાં કોઈ પ્રકારની ગૌણતા આવવા દીધી ન હતી. આખી જિંદગી પર્યંત એકરહેણીપણું રાખી શ્રીજીકૃતમર્યાદા–પ્રથા, ધોરણ કે રીતભાતમાં જરા પણ ફેર પડે તેમ કર્યું ન હતું. ને તેમ કરતા હોય તેને ક્યારેય સહકાર આપ્યો નથી. માન થાઓ, અપમાન થાઓ કે ગમે તેવું કષ્ટ પડે પણ શ્રીજી મહારાજ અને મોટા નંદ સંતોએ જે મર્યાદા બાંધી છે તેથી બહાર એક પગલું પણ ન ભરાય, એ સ્વામીશ્રીનો ખાસ સિદ્ધાંત હતો.

આ બધા પ્રસંગો વર્ણવ્યા તેમાં કહેવાનો મુદ્દો એ છે કે દેશકાળ વિપરીત થાય ત્યારે ધીરજ આપનાર અને ધીરજ રાખનાર સ્વામી જેવા થોડા જ નીકળે. માન, મોટપ, સ્વાર્થ અગર કોઈ પક્ષમાં તણાઈ જવું નહિ આમાં જ સ્વામીની મહત્તા અને સાચી સાધુતા હતી. બાકી તો જેમ આગ લાગે ત્યારે કેટલાક તો માંહી ખડના પૂળા નાખે તેથી અગ્નિ ઓલાય નહિ, પણ વધારે ભડકો થાય એ તો જો પાણી છાંટે તો જ અગ્નિ ઓલાય એ રીતે સ્વામી ધૈર્ય રાખી જેમ સહુને શાંતિ થાય તેમ સમાધાનકારક વલણ રાખી શ્રીજીઆજ્ઞા મુજબ સ્થાપિત ધોરણે વર્તતા અને હેતવાળા ત્યાગીગૃહીને પણ સાચું માર્ગદર્શન આપી ચેતવી દેતા ને તેના જીવનું સારું થાય, મોક્ષ ન બગડે તેવી સલાહ આપતા. સ્વામીનું વચન જેમણે માન્યું તેઓ પણ સુખશાંતિ મેળવી સત્સંગમાં મોટપ પામ્યા હતા. ટૂંકમાં સ. સ્વામી બાલમુકુંદદાસજી શ્રોત્રીય, બ્રહ્મનિષ્ઠ, પરમ એકાંતિક આદર્શ સંત હતા.

સત્સંગમાં વિચરણ અને કરેલી અમૂલ્ય સેવાઓ

અક્ષરમૂર્તિ સ. ગુણાતીતાનંદ સ્વામી વિ. સં. ૧૯૨૩ની સાલમાં અક્ષરવાસી થયા પછી સ્વામી બાલમુકુંદદાસજી સંપ્રદાયના ધારાધોરણ મુજબ ગામડાંઓમાં ફરવા લાગ્યા. સૌથી પ્રથમ ‘ઊના’ પ્રદેશમાં સ્વામીને ફરવાનો વારો આવ્યો. ગીરનાં વિકટ જંગલો પગપાળા ઉલ્લંઘી ઘણી મુશ્કેલીએ પહેલાં ત્યાં જવાતું અને ત્યાં સત્સંગ પણ મુખ્યત્વે આહિર વગેરે જાડા લોકોનો; તેમ છતાં સ્વામીએ પ્રથમ વિચરણમાં પોતાનાં શુદ્ધ વર્તન, ગુરુનિષ્ઠા તથા સચોટ ઉપદેશ શૈલીથી તે પ્રદેશના આહિર હરિભક્તો તથા અન્ય સહુને ઘણા સંતુષ્ટ કર્યા અને ઉપાસનાની દૃઢતા હરિભક્તોમાં ખૂબ મજબૂત કરી.

સ્વામી બાલમુકુંદદાસજી શ્રીજી મહારાજને વિષે સર્વોપરિપણાની અનન્ય નિષ્ઠાથી પ્રભાવોત્પાદક બળવાન વાતો હમેશાં અથાગપણે કરતા. પરંતુ પોતે સ. ગુણાતીતાનંદ સ્વામીની સેવાથી સિદ્ધિ ને જ્ઞાન પામેલા તથા સ્વામીનાં ઐશ્વર્ય ચમત્કારો પ્રત્યક્ષ જોયેલાં એથી તેમને અક્ષરમૂર્તિ સમજી ઘણો જ મહિમા સમજતા ને બીજાને કહેતા. આથી તે વખતના કેટલાક જૂના સંતોના મનમાં એવો સંશય રહેતો કે, સ્વામી બાલમુકુંદદાસજીને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા ભગવાન કરતાં પણ અધિક છે. આની પરીક્ષા માટે એક વખતે જૂનાગઢ મંદિરમાં સમૈયા પરની મોટી સભામાં મોટેરા સંતોએ સ્વામી બાલમુકુંદદાસજીને પાટ ઉપર બેસી સભામાં વાતો કરવાની આજ્ઞા આપી. સ્વામીએ શ્રીજી ને મોટા સંતોનું સ્મરણ કરી સભામાં દોઢ કલાક સુધી મહારાજના પુરુષોત્તમપણાની તથા ઉપાસનાની શુદ્ધિ સંબંધી સિદ્ધાન્ત પ્રમાણે ઉત્તમ વાતો કરી સહુ સભાસદોનાં મન સ્થિર તથા નિ:સંશય કરી મૂક્યાં. તેથી સભામાં બેઠેલા વડતાલના સ. વિષ્ણુવલ્લભદાસજી સ્વામી તથા કેવલાત્માનંદ સ્વામી, રામાનુજાનંદ સ્વામી વગેરે સંતો સ્વામીને બાથમાં ઘાલી મળ્યા અને ઘણી પ્રશંસા કરીને પોતાની શંકાઓનો ત્યાગ કર્યો અને "ગુણાતીતાનંદ સ્વામીએ દીર્ઘ દૃષ્ટિ વાપરી આપને સંસ્કૃત ભણાવ્યું તે સાર્થક છે." એમ બોલ્યા. આ પ્રમાણે સ્વામીને શ્રીજીની સર્વોપરી ઉપાસના શાસ્ત્રના સિદ્ધાન્ત પ્રમાણે હતી અને ગુરુનિષ્ઠા પણ મર્યાદા મુજબ દૃઢ હતી. તેથી સહુ મુમુક્ષુઓ સહેજે તેમના તરફ આકર્ષાતા.

હવે સ્વામીએ સત્સંગમાં વિચરણ કરતાં કરતાં ગામડાંઓમાં નવાં હરિ મંદિરો બનાવ્યાં તથા પ્રસાદીનાં સ્થાનોનો જીર્ણોદ્ધાર કર્યો; વગેરે જે જે સેવાઓ કરી, સત્સંગની અભિવૃદ્ધિ કરી છે તેનો વિગતવાર ઉલ્લેખ કરીએ.

સ્વામી સં. ૧૯૦૯ની સાલમાં ત્યાગી થયા અને સં. ૧૯૭૨ની સાલમાં દેહત્યાગ કર્યો, એમ ૬૪ વર્ષ સુધી દેહના સુખને ન ગણી સત્સંગમાં આત્મબુદ્ધિ રાખી મન, કર્મ, વચનથી સંપ્રદાયની પુષ્ટિ માટે જેમ ચંદનનું લાકડું ઓરસિયા ઉપર ઘસે તેમ દેહને સત્સંગની સેવામાં ઘસી નાખ્યો. આ બધાની પાછળ માન–મોટપ, મારું – તારું વગેરે કોઈપણ ઉદ્દેશ નહોતો. કેવળ ભગવાન અને મોટા સંતોને પ્રસન્ન કરી અનંત આત્માઓનું ભલું કરવું એ જ એક ધ્યેય હતું. અને જે જે નાનીમોટી

સેવાઓ કરી–કરાવી તેમાં કોઇ હરિભક્તોએ શ્રદ્ધાથી દ્રવ્ય આપ્યું હોય, અગર કોઇ સ્થળે અધિકારીઓની આજ્ઞાથી મંદિરનું દ્રવ્ય વાપર્યું હોય, પણ પોતે "જાતમહેનત" અને 'શ્રમયજ્ઞથી' ખૂબ સેવા કરેલી અને પોતાના ગૃહીત્યાગી શિષ્યો પાસે પણ તેવી જ સેવા કરાવેલી. પ્રથમ સ્વામીએ સોરઠ દેશમાં જે જે નવાં હરિમંદિરો કરાવ્યાં તેનો ઉલ્લેખ કરીએ.

બાબરિયાવાડ પ્રદેશમાં=વાંગધરા, ડેડાણ, આદસંગ, દેતડ વગેરે મંદિરો, હનુમાનજીની દેરીઓ તથા ભંડાર (રસોડું) સ્વામીએ કરાવ્યાં હતાં. **ઊના પ્રદેશમાં** ઊના, સામતેર, શીમર, ગરાળ, ઉમેજ, ભડિયાવદર વગેરે. **અમરેલી પ્રદેશમાં** તરવડા, બાબાપર, વાંકિયા, ચાંદગઢ, દેવરાજિયા, પીઠવાજાળ, તોરી, મોટી કુંકાવાવ; રામપરા, મોટા આંકડિયા, અમરાપર, બરવાળા, ઢોલરા વગેરે. પીપલાણા હાટીના માળિયા ઇત્યાદિ ઘણાં ગામોમાં મંદિરો કર્યાં તથા પ્રસાદીના સ્થળોમાં અનેક રીતે સેવાઓ કરી તેને સારી સ્થિતિમાં મૂક્યાં. આ ઉપરાંત વડતાલમાં પ્રસાદીની વસ્તુઓ માટે 'અક્ષર ભુવન' બંધાતું હતું ત્યારે સ્વામીએ પોરબંદરી પત્થરો મોકલવા વગેરે પ્રકારની સારી સેવા આપી હતી. માણાવદરમાં લાલજી મહારાજનું ચાંદીનું સિંહાસન કર્યું તથા આરસ પથરાવ્યો. ગોંડલ મંદિરમાં સર્વ શ્રેષ્ઠ આરસનું કામ પ્રથમ સ્વામીની પ્રેરણાથી થયું તથા ચાંદીનો હિંડોળો કરાવ્યો. રાજકોટમાં જૂના મંદિરમાં ત્રણ ખંડનું ચાંદીનું સિંહાસન (અત્યારે નવા મંદિરમાં છે) તથા ચાંદીનું પારણું કરાવ્યું. તથા જે સ્થળે ગવર્નર સર માલ્કમ સાહેબ શ્રીજીને મળેલા તે સ્થળે ભવ્ય બેઠક છત્રી લોધીકાદરબારશ્રી અભયસિંહજીભાઇ પાસે કરાવી. જૂનાગઢમાં ઘનશ્યામ મહારાજનું ચાંદીનું સિંહાસન કરાવ્યું. આ રીતે ગામડાં અને શહેરોમાં એમ ઘણાં સ્થળોમાં ક્યાંક ચાંદીનાં, લાકડાંનાં સિંહાસનો, ક્યાંક ઓટાદેરીઓ વગેરે પાર વિનાની સેવાઓ સ્વામીએ કરાવી હતી. તથા વ્યવહારકુશળતાથી અને પોતાના ચારિત્રની છાપ પાડી ઐશ્વર્યપ્રતાપ જણાવીને પણ કેટલેક સ્થળે મંદિર માટે સ્વામીએ જમીન મેળવી હતી. રામાનંદ સ્વામીનું દેહોત્સર્ગ સ્થાન અને જ્યાં પ્રથમ સ્વામિનારાયણ નામનાં ધૂન–ભજન–સ્મરણ શરૂ થયાં તે ગામ ફણેણીમાં મહુધા તથા વસોના સત્સંગીઓ પાસેથી આર્થિક મદદ મેળવી સ. સ્વામી કૃષ્ણચરણદાસજી દ્વારા મંદિર તૈયાર કરાવી તે તીર્થસ્થળને સુંદર રૂપમાં મૂક્યું. તેમાં પોતે અને પોતાના મંડળના સંતોએ ખૂબ જાતમહેનત કરી હતી. આ ઉપરાંત

રામાનંદ સ્વામી અને ભગવાન સહજાનંદ સ્વામીનો જયાં ઐતિહાસિક મિલાપ થયો તે તીર્થસ્થાન પીપલાણામાં ઘણો દાખડો કરી, દેહે ખૂબ મુશ્કેલી વેઠીને મંદિર કર્યું છે. અને જેતપુરની સેવામાં તો જીવનભર પરિશ્રમ કર્યો તે આપણે એક જુદા પ્રકરણમાં જોઇશું. આ રીતે ફણેણી, પીપલાણા અને જેતપુર એ ત્રણ ખાસ ઐતિહાસિક મહાતીર્થ સ્થળોએ ઘણી સારી સેવા આપી છે. કે જયાં ધ. ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજને પોતાના ખર્ચે સ્થાનો તૈયાર કરવાનો તીવ્ર સંકલ્પ હતો તે સ્વામીએ પૂર્ણ કર્યો.

પીપલાણામાં સ્વામી પાકું હરિમંદિર તથા બેઠક કરાવતા હતા તે વખતનો એક પ્રસંગ નોંધપાત્ર છે. જયારે પીપળલાણા મંદિરનું ચણતરકામ ચાલુ હતું તે સમયે સુરતના સુપ્રસિદ્ધ હરિભક્ત પ. ભ. રા. રા. શ્રી મનસુખભાઇ ચોકસી (મુનસફ) તથા તેમના પુત્રોએ જૂનાગઢ તેડાવ્યા, તેથી સ્વામીએ દર્શનનો લાભ આપ્યો. પછી સ્વામીશ્રીના આગ્રહથી ચોકસી સાહેબ પંચતીર્થીનાં દર્શન કરવા સ્વામીની સાથે ગયા. જયારે તેઓ પીપલાણા આવ્યા ત્યારે મંદિરનું ચણતરકામ ચાલુ હતું તેથી બાજુ પર નાના છાપરામાં સાધુઓ રહેતા હતા. આવા નાના છાપરામાં ચોકસી સાહેબ થોડી વાર આરામ કરવા બેઠા. પરંતુ તે સ્થળે મચ્છર, જુઆ વગેરેનો ત્રાસ ઘણો હતો ને ગરમીનો સમય હતો એથી તેમને પુષ્કળ ઘામ થયો તેથી તેઓ અકળાઇ ગયા. સ્વામીશ્રીને વિનંતિ કરી કે "આપ જાતે શ્રમ લઇ આ બધી અંગ–મહેનત કરો છો તે રહેવા દો. હું પૈસા આપું અને મજૂરો મારફતે આપ બધું કામ કરાવો." ત્યારે સ્વામીશ્રીએ તેમને જે ઉત્તર આપ્યો તે બહુ જ મનનીય સિદ્ધાન્ત રૂપે છે. સ્વામીએ કહ્યું કે "અમે પૈસા બચાવવાના લોભે આ જાતમહેનત કરતા નથી પણ આ સ્થળે શ્રીજી મહારાજને રામાનંદ સ્વામીએ મહાદીક્ષા આપી છે. સમગ્ર સત્સંગના અનેક ભગવન્નિષ્ઠ ત્યાગીગૃહી ભક્તજનો આ સ્થળે આવેલા છે. આવી મહા–પ્રસાદીની જગ્યા છે. વળી ધ. ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજને તો પોતાના ખર્ચે ગામમાં બેઠક તથા નદીમાં ઘાટ બંધાવવાનો સંકલ્પ હતો. આમ શ્રીજી અને મોટાની પ્રસન્નતા માટે દેહથી સેવા (સાચો શ્રમયજ્ઞ) કરીએ–કરાવીએ છીએ."

વરજાંગ **'જાળિયા'** જયાં શ્રીજીએ સં. ૧૮૭૦ માં મંદવાડ ગ્રહણ કર્યો ને એક માસ સુધી ઠક્કર હીરાભાઇને ઘેર રહ્યા હતા ને ઘણી લીલાઓ કરી હતી તે

સ્થળે સ્વામીએ પાકો ઓરડો કરાવી ઓરડામાં આરસ પાથરી બેઠક કરાવી છે. આ રીતે સોરઠ દેશના લગભગ મુખ્ય મુખ્ય બધાં પ્રસાદીનાં સ્થળોએ સ. સ્વામી અક્ષર સ્વરૂપદાસજીના સહકારથી બેઠકો, ઓટા, છત્રીઓ કરી ચરણારવિંદ પધરાવ્યાં છે.

ગઢડામાં લક્ષ્મીવાડીમાં જે સ્થળે સ. નિત્યાનંદ સ્વામીએ એક શિખરનું મંદિર કરી શ્રીજીની પાદુકા પધરાવેલી હતી. તે મંદિરમાં સં. ૧૯૪૯ની સાલમાં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે શ્રીજી તથા ઈચ્છારામજી ને રઘુવીરજી મહારાજ આ ત્રણ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી તે નિમિત્તે એક મોટો યજ્ઞ કરાવ્યો હતો, આ મહોત્સવમાં આચાર્યશ્રીએ કેટલીક બાબતોમાં સ્વામીશ્રીને મુખ્ય રાખી સેવા સોંપેલી, તે સ્વામીએ કાર્યદક્ષતાથી કરી યજ્ઞનું કામ નિર્વિઘ્ને પાર પાડેલું. આથી આચાર્યશ્રી ઘણા રાજી થયા હતા.

મુંબઈમાં શિખરબંધ મંદિર કરાવવામાં પણ સ્વામીશ્રીની સેવા નોંધપાત્ર તથા પ્રશંસનીય છે. આ મંદિર કરવા ફાળો (લખણી) કરવા ધ. ધુ. આચાર્યશ્રીએ સ્વામીને મુંબઈ મોકલ્યા હતા. મંદિર કરવા જગ્યા લેવા માટે સ્વામીશ્રીને હસ્તક એક લાખ એકોતેર હજારનો સારો ફાળો થયો હતો. આ પ્રસંગે મુંબઈના ધનિક હરિભક્તોએ સ્વામીને વિનંતિ કરી કે, "આપની ઈચ્છા હોય તો જૂનાગઢ, ગોંડળ અન્ય મંદિરો માટે પણ આપ કહો તેટલી પૈસાની સેવા કરીએ" પણ સ્વામીએ આ પ્રસંગે તેમ કરવા ચોખ્ખી ના પાડીને કહ્યું કે 'તમારે જે સેવા કરવી હોય તે અહીં જ કરો.' સ્વામી મુંબઈ રહ્યા તે દરમિયાન કોઈ હરિભક્ત પાસે કંઈ નાનીમોટી વસ્તુ બજારમાંથી મંગાવી ન હતી તથા મુંબઈમાં ચાર માસ રહ્યા તે સમયમાં જે જે સત્સંગીઓએ વસ્ત્ર ઓઢાડયાં તે બધાં વડતાલકોઠારે મોકલાવ્યાં પણ પોતા માટે અંગત કાંઈ ન રાખ્યું. આ પ્રકારનો ઉચ્ચ કોટિનો અનુકરણીય ત્યાગ (અપરિગ્રહ) સ્વામીશ્રીમાં હતો.

મુંબઈમાં મથુરાપ્રસાદ નામના એક સત્સંગી હતા. તેમણે સ્વામીશ્રીને પ્રાર્થના કરીને વિનંતિ કરી કે, "મને કંઈક સેવા બતાવો ને મારા ઉપર રાજી થાઓ." ત્યારે સ્વામીએ બહુ સુંદર જવાબ આપ્યો તે બહુ જ મનનીય છે. **"તમે અમને શું આપીને રાજી કરો ? તમે જે કાંઈ વસ્તુ આપો તે તો આ લોકની**

નાશવંત વસ્તુ આપો. પણ બીજું શું આપી શકો ? તેની અમારે આવશ્યકતા નથી. તેમાં અમારે પ્રીતિ નથી એટલે એથી અમે રાજી ન થઈએ પણ તમો સારા સત્સંગી થાઓ. સંસારની આસક્તિનો ત્યાગ કરી નિષ્કામ ભાવે સેવા ને ભજનસ્મરણ કરો તો અમે તમારા ઉપર કાયમ બહુ જ રાજી થઈએ." સ્વામીનું વૃત્તાંત બરાબર શ્રીજીની આજ્ઞા પ્રમાણે એટલું બધું ઉત્તમ હતું કે, મુંબઇ જેવા શહેરમાં ચાર માસ રહ્યા છતાં શહેરમાં કોઇ હરિભક્તને ત્યાં જમવા નિમિત્તે પણ ગયા ન હતા, તો પછી બીજે કોઇ સ્થળે ફરવા નિમિત્તે જાય જ ક્યાંથી ? આ પ્રમાણે સ્વામી હરિભક્તોના આગ્રહથી કે આચાર્યશ્રીની આજ્ઞાથી મોટાંમોટાં શહેરોમાં પધારેલા ને કથાવાર્તા કરી નિ:સ્વાર્થ ભાવે દેવસેવા ઘણી કરેલી, પણ કોઇ પણ સ્થળે શ્રીજીની આજ્ઞામાં ગૌણતા આવે તેમ શરમ કે મહોબતમાં લેવાઈને આજ્ઞાવિરુદ્ધ એક પણ ક્રિયા કરી ન હતી. તેઓ કડકપણે વર્તી નાનીમોટી બધી આજ્ઞાઓ સાવધાનતાથી પાળતા-પળાવતા. સ્વામીના આવા ઉચ્ચ વૃત્તાંતથી સર્વે સત્સંગીઓ રાજી રાજી થઇ જતા. ત્યાગવૈરાગ્ય, મોટા નંદ સંતોના જેવો હતો, છતાં વ્યવહારકુશળ પણ એવા હતા કે જેથી અનેક સેવાકાર્યો કોઇ જાતના કલેશ-કંકાસ વિના સરલતાથી કર્યા કરતા.

ઊના મંદિરની સેવા

ઊના ગામ સોરઠ જિલ્લામાં ઊના મહાલનું વડું મથક છે. આ પ્રદેશ ઘણો રસાળ તથા ફળદ્રુપ હોઇ માલધારીઓ પુષ્કળ ઘીદૂધ આપે એવી ભેંસો પાળેપોષે છે. ઊનામાં અત્યારે આપણું શિખરબંધ મંદિર છે તેમાં શ્રીજીના આપેલા પ્રસાદીના લાલજી વિરાજે છે અને સ્વામીશ્રીના સમર્થ શિષ્ય સ. સ્વામી નારાયણદાસજીએ શિખરબંધ મંદિર કરાવી તે વખતના ધ. ધુ. આચાર્યશ્રી શ્રી પતિપ્રસાદજી મહારાજને હસ્તે મધ્ય ખંડમાં લક્ષ્મીનારાયણ દેવ અને હરિકૃષ્ણ મહારાજની મૂર્તિઓ પધરાવી ભારે ધામધૂમથી પ્રતિષ્ઠોત્સવ કર્યો હતો અને શિખરોનું કામ તથા કળશનું કામ બાકી હતું તે સ. સ્વામી નારાયણદાસજીના ધામમાં ગયા પછી સ. શાસ્ત્રી ધર્મજીવનદાસજી (સ્વામિનારાયણ ગુરુકુલના સ્થાપક) એ સં. ૧૯૯૦ ની સાલમાં સંપૂર્ણ કરી મોટી ધામધૂમથી આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજના હસ્તે કળશ તથા ધ્વજ ચડાવવાનો સુંદર સમારંભ કરેલો.

આ ઊના મંદિરનો જૂનો ઈતિહાસ એવો છે કે, શ્રીજી મહારાજના સમયમાં ઊનામાં નગરશેઠ **'ગણેશશેઠ'** ધનાઢ્ય વણિક સત્સંગી હતા. તેમની જાહોજલાલી અને પ્રતિષ્ઠા ઘણાં હતાં પણ સંતાન કંઈપણ ન હતું. એક વખત તેઓ શ્રીજીના દર્શનાર્થે ગઢપુર ગયેલા ત્યારે તેમના અંતરનો સંકલ્પ જાણીને શ્રીજી મહારાજે તેમને દીકરાને બદલે પોતાની પૂજામાંથી લાલજી આપી કહ્યું –"આ તમારા દીકરા. તમારી બધી મિલકત લાલજીને અર્પણ કરી તેના વતી તમે વ્યવહાર કરજો.' શેઠ લાલજી લઈ ઊના આવ્યા ને મંદિર કરી લાલજીની સ્થાપના કરી. પછી પૂજારી રાખી સેવા, પૂજા ને ઉત્સવો ભારે ધામધૂમથી કરવા લાગ્યા. ગણેશશેઠ ધામમાં ગયા પછી તેમના વંશજો સ્વતંત્રપણે મંદિરનો વહીવટ કરતા. આમ સં. ૧૯૪૦ ની સાલ સુધી ચાલ્યું. ત્યાં સારા વહીવટને અભાવે મંદિરની આર્થિક સ્થિતિ ઘણી જ વિચારણીય થઈ પડી. મંદિર ઉપર થોડું કરજ પણ થઈ ગયું. મંદિરની આ સ્થિતિ સારા સત્સંગીઓ અને ખુદ આચાર્યશ્રીને પણ સાલતી; પણ કોઈ તે સ્થિતિ સુધારી શકતું નહિ, છેવટે ઊનાના શેઠીઆએ આચાર્યશ્રીને વિનંતિ કરી કે ઊના મંદિરનો વ્યવહાર સુધારવા સ. સ્વામી બાલમુકુંદદાસજીને મોકલો. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે તત્કાળ સ્વામીને ઊના જવા આજ્ઞા કરી. ત્યારે સ્વામીએ કહ્યું કે "આપ કેવળ આજ્ઞા આપો તોપણ અમારાથી ત્યાં વારા સિવાય ન જવાય. આપ જો અમને બે વરસનો વારો તે પ્રદેશનો લેખિત આપો તો ત્યાં જઈ શકાય." પછી આચાર્યશ્રીએ સ્વામીનો જામનગર વારો આવતો હતો તે બદલી ઊનાનો વારો લેખિત આપી રાજીખુશીથી ત્યાં મોકલ્યા. સ્વામીએ પોતાની સાધુતા અને વ્યવહારદક્ષતાથી મંદિરનો વ્યવહાર એવી રીતે કરવા માંડ્યો કે ત્યાંના વહીવટકર્તા શેઠીઆઓ પણ નારાજ ન થાય અને મંદિરની આર્થિક સ્થિતિ સુધરે. પ્રથમ તો જે થોડું કરજ હતું તે ચૂકવી દીધું. સાધુસંતોના હંમેશના જમવાના ખર્ચ માટે એવી યોજના કરી કે, સહુ હરિભક્તોએ મંદિરે દર્શને આવે ત્યારે 'મુઠડી'માં દાણા નહિ લાવતાં થોડાં થોડાં લોટદાળ લાવવાં અને દર અમાસ, પુનમ અને બારસે જેને જેટલી શ્રદ્ધા હોય તે પ્રમાણે દાળચોખા લોટઘી વગેરે વસ્તુઓ મૂકી એક જણ જમે તેટલું સીધું લાવવું. આ યોજના બધાને ગમી. એથી સહુ તે પ્રમાણે કરવા લાગ્યા. આથી બાઈભાઈની નિત્યની મુઠડીમાંથી સાધુઓનો હમેશનો ખર્ચ બારોબાર નીકળી રહેતો. આ પ્રમાણે બે વર્ષ પૂરાં થયાં ત્યારે સ્વામીએ વિદાય માગી, પણ શેઠીઆઓએ વધારે બે વર્ષ ત્યાં રહેવા વિનંતિ કરી ત્યારે સ્વામીએ કહ્યું, "હવે આચાર્યશ્રી ને કોઠારીની આજ્ઞા વિના અમારાથી

વધારે રહેવાય નહિ." પછી શેઠીઆઓ જૂનાગઢ જઇ ત્યાંના કોઠારી મારફતે વડતાલથી આચાર્યશ્રીની આજ્ઞા મગાવી સ્વામીને બીજાં બે વર્ષ ત્યાં રોક્યા. સ્વામીએ કથાવાર્તાથી સત્સંગ ખૂબ બળવાન બનાવ્યો અને મંદિરની આર્થિક સ્થિતિ સારા રૂપમાં લાવી કાયમને માટે વહીવટ વ્યવસ્થિત રહે તે માટે સાધુસત્સંગીઓ મળીને મંદિરનો તમામ વહીવટ કરે તેવી સુંદર ગોઠવણ કરી આપી. મંદિરનો વહીવટ એકલા સત્સંગીઓ કરે અગર એકલા સાધુઓ કરે તેમાં ગેરવહીવટ થવાનો પૂરો સંભવ રહે છે. માટે પ્રમાણિક ખાનદાન કુટુંબના મમત્વવાળા પાંચ સત્સંગીઓ અને સાધુઓએ મળી સંપથી દરેક વ્યવહાર કરવો જેથી ક્યારેય કલેશ કે ગેરવહીવટ ન થાય. આ વસ્તુ સ્વામીએ શેઠીઆઓને સારી પેઠે સમજાવી. ચાર વર્ષના વહીવટ બાદ સારી સિલક સોંપી સ્વામીએ વિદાય લીધી. પછી દિનપ્રતિદિન ઉત્તરોત્તર ઊના મંદિર સમૃદ્ધ થયું અને સ્વામીના શિષ્ય સ. નારાયણદાસજી સ્વામીએ શિખરબંધ મંદિર કર્યું. અત્યારે દેવની મિલકત તથા આજીવિકા ઘણી જ સારી છે. શેઠીઆઓ વગેરે સહુ સત્સંગીઓ સારી સેવા કરતા રહે છે તથા હાલ મુંબઇનિવાસી ગાંધીબંધુઓએ છૂટે હાથે ઘણી સેવા પૂજ્ય સદગુરુ શાસ્ત્રી શ્રી ધર્મજીવનદાસજી સ્વામીની આજ્ઞાથી ઊના મંદિરમાં કરી છે.

ગોંડલ મંદિરની સેવા

ગોંડલનરેશના રાજકુટુંબમાં શ્રીજી મહારાજના સમયથી સત્સંગ થયેલો. તેમાં મહારાજા સંગ્રામ બાપુના કુમારશ્રી અમરસિંહજી યુવાન વયે ગુજરી જતાં તેઓ અત્યંત ઉદાસ રહેતા. એ વખતે સ. ગુણાતીતાનંદ સ્વામીએ તેમને ઘણો ઉત્તમ ઉપદેશ આપી શોક દૂર કર્યો અને આશીર્વાદ આપ્યો કે, "તમારી ઉંમર વધારે થઇ છે છતાં ભગવાન તમને મહાન યશસ્વી પુત્ર આપશે, માટે કોઇ પ્રકારની ચિંતા ન કરો." વચન પ્રમાણે પુત્ર થયો ને સ્વામીએ જ 'ભગવતસિંહજી' નામ પાડ્યું. પછી એ મહારાજા ભગવતસિંહજીનાં માતુશ્રી મોંઘીબાએ રાજ્યના ખર્ચથી શિખરબંધ મંદિર કરાવી સં. ૧૯૨૮ની સાલમાં આચાર્યશ્રી ભગવતપ્રસાદજી મહારાજને હસ્તે મૂર્તિઓ સ્થાપી મહોત્સવ કર્યો. એ સમયે આચાર્યશ્રી ૧૦ દિવસ રોકાયેલા ને સાથે ૨૫ તો નંદ સંતો હતા. સત્સંગના ઇતિહાસમાં આ મહોત્સવ બહુ ઉત્તમ કોટિનો અને ગણનાપાત્ર ભવ્ય પ્રસંગ ગણાયો છે.

આ ગોંડલ મંદિરના બાંધકામની પ્રથમથી છેલ્લે સુધી તનતોડ સેવા કરનાર સમર્થ સ. સ્વામી કૃષ્ણસેવાદાસજી હતા. તેમને આચાર્યશ્રીએ કોઇના કહેવાથી પ્રતિષ્ઠા પૂરી થઇ એ જ દિવસે બદલીને વડતાલના સંતોને ત્યાં મૂક્યા. આથી મંદિરનું કેટલુંક અધૂરું કામ બાકી રહી ગયું અને કોઇ પ્રકારની આજીવિકા થઇ શકી નહિ. પરદેશી અજાણ્યા સંતોને હાથ વહીવટ જતાં ચોતરફના સત્સંગમાં અસંતોષ થયો તેથી કોઇ પ્રકારે મંદિરની ઉન્નતિ થઇ નહિ. ઘણાં વર્ષો સુધી એમ ચાલ્યું. આ પરિસ્થિતિનો ખરો ખ્યાલ સત્સંગના અત્યંત મમત્વવાળા આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજને આવતાં તેમને તે ચિંતા રહ્યા કરતી. ગઢપુરમાં લક્ષ્મીવાડીમાં મૂર્તિપ્રતિષ્ઠા કર્યા પછી એક દિવસ આચાર્યશ્રીએ સ્વામી બાલમુકુંદદાસજીને બોલાવી ઊના મંદિરની પેઠે ગોંડલ મંદિર સંભાળી વહીવટ સુધારવા માટે કહ્યું. ત્યારે સ્વામીએ કહ્યું કે "અમે વ્યવહારમાં બહુ ન સમજીએ અને અમારા ગુરુ સ. ગુણાતીતાનંદ સ્વામીએ પણ મોટા મંદિરોની મહંતાઇ ન લેવી તેમ કહ્યું છે. માટે બીજા કોઇને સોંપો." ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે 'જેવું તમે સમજો છો એવું બીજું કોઇ નથી સમજતા એમ અમે માનીએ છીએ. તમે જ ધારો તે કરી શકો તેમ છો માટે કોઇ પણ હિસાબે એ તમારે જ સંભાળવાનું છે.' આમ તેઓશ્રીનો અતિ આગ્રહ જોઇ સ્વામીએ કહ્યું, "જો તમારે મારા દ્વારા જ સુધારવું હોય તો, એમ લખી આપો કે, "અમે જેને ત્યાં રાખીએ તે ત્યાં રહે ને રજા આપીએ તે ન રહે." પછી આચાર્યશ્રીએ તે પ્રમાણે જ મહોરછાપ લખી આપી એટલે સ્વામી ગોંડલ ગયા ને જે ત્યાગીઓ હતા, તેમાંથી જેને રાખવા ઘટે તેને રાખ્યા અને બીજાને વડતાલ મોકલી દીધા. પછી મોટા આંકડિયાના પીતાંબરભાઇ ત્રવાડીને બોલાવી તેમની પાસે નામાના ચોપડા તપાસાવી બધો જરૂરી સુધારો કર્યો. છ માસ સુધી સ્વામી ત્યાં સતત રહ્યા પછી સર્વ રીતે યોગ્ય વ્યવહારકુશળ અને ચારિત્ર્યશીલ વિદ્વાન સંત શાસ્ત્રીશ્રી ધર્મતનયદાસજી ને સં. ૧૯૪૯ શ્રાવણ માસમાં ગોંડલ મંદિર સોંપી પોતે અધિકારથી અલગ રહ્યા; અને ત્રવાડી પીતાંબરભાઇને વર્ષો વર્ષ ગોંડલ આવી નામું તપાસવાની ભલામણ કરી, આ રીતે યોગ્ય માણસ મૂકી વ્યવહાર વ્યવસ્થિત કર્યો અને પોતે પણ અવારનવાર તેની ખબર રાખતા ને હરિભક્તોને પ્રેરણા કરી શાસ્ત્રીજી દ્વારા ગોંડલ મંદિરની ઘણી સેવા કરાવી હતી. શાસ્ત્રીજીએ પણ એક રહેણીમાં રહી ભારે પરિશ્રમ લઇને સ્વામી બાલમુકુંદદાસજીને પ્રસન્ન કરવા માટે મન, વચન ને દેહથી વીશ વર્ષ સુધી ખૂબ સેવા કરી સં. ૧૯૬૯ ના આસો વદ ૧૧ની રાત્રિએ ગોંડલમાં જ અક્ષરવાસી થયા.

રાજકોટનો યજ્ઞમહોત્સવ

રાજકોટમાં કડિયા જ્ઞાતિનો બહોળો સત્સંગ છે. તેમાં સ. ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી મીસ્ત્રી માવજી ડોસાભાઇ ગરીબ સ્થિતિમાંથી મોટા ધનવાન બન્યા હતા. તેમણે પોતાના પુત્રો લક્ષ્મણદાસ, કરમસીદાસ, કરસનદાસ અને રામજીદાસે બધાએ મળી વિચાર કર્યો કે, "આપણને શ્રીજી અને સ્વામીની કૃપાથી પુષ્કળ ધન મળ્યું છે. માટે બંને દેશના આચાર્યોને આમંત્રી યજ્ઞ અને સપ્તાહ-પારાયણનો મહોત્સવ કરીએ. પરંતુ આ કાર્ય ઘણું મોટું હોવાથી કોઇ સારા વ્યવહાર-કુશળ ચારિત્ર્યશીલ મોટા સંતની સહાય વિના બની શકે નહિ. અત્યારે સર્વ રીતે સમર્થ એવા મોટા પ્રતિષ્ઠિત સંત જૂનાગઢમાં સ. બાલમુકુંદદાસજી સ્વામી છે." આમ નક્કી કરી તેઓ જૂનાગઢ ગયા પણ સ્વામી મુંબઇ ગયા હતા એટલે કરસનદાસ કામ પ્રસંગે મુંબઇ ગયેલા તેમની સાથે સ્વામી વડતાલ આવ્યા અને રાજકોટથી લક્ષ્મણદાસ વડતાલ ગયા. પછી બધી વાત સ્વામીને કરી. ત્યારે સ્વામીએ આચાર્યશ્રીને રાજકોટ પધારવાનું આમંત્રણ આપ્યું. પછી રાજકોટ આવી સ્વામીએ પૂછ્યું : 'લક્ષ્મણદાસ શેઠ ! બોલો, કેટલા પૈસા ખર્ચવાની ઇચ્છા છે ?" ત્યારે તેમણે સહર્ષ કહ્યું : "દસ હજાર રૂપિયા સુધી ખર્ચ થાય તોપણ રાજી છીએ." સ્વામીએ કહ્યું કે "દસ હજારથી શું થાય ? યજ્ઞના કામમાં તો એથી પણ અણધાર્યું વધુ ખર્ચ થાય." ત્યારે માવજી ભક્તે કહ્યું – "સ્વામી ! પહેલાં મારી સ્થિતિ સારી ન હતી. આ તો સંતોની કૃપાથી ધન મળ્યું છે. પહેલાં હું અને મારો સાથીદાર મેમણ મુસો એ બંને જણ સાથે પાણા કાપવા દરરોજ ખાણે જતા અને સવા કોરી રોજી મળતી. મારું નામ પણ માવા મુસા કહેવાતું. આમ મારા પ્રારબ્ધમાં તો સવા કોરી જ હતી અને આજે ધન મળ્યું છે. ને શેઠિયા કહેવાઇએ છીએ તે તો ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદનો પ્રતાપ છે. માટે સ્વામી ! **મારા ઘરમાં કુહાડો, ટાંકણાં ને હથોડો રહે,** ત્યાં સુધી આ મહોત્સવમાં આપની ઇચ્છા પ્રમાણે ખર્ચ કરવું. માટે આપને યોગ્ય લાગે એ રીતે બધી તૈયારી વિના સંકોચ કરાવો." તેમનું આવું હિંમતવાળું વચન સાંભળી વિશ્વાસનું અંગ જોઇને સ્વામી રાજી થયા અને પોતે થોડો સમય રાજકોટમાં રહી બધી તૈયારી કરી. મહા માસમાં મુહૂર્ત નક્કી કર્યું. પછી વડતાલથી સંત, પાર્ષદો, આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ અને અમદાવાદથી આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજ,

તેમના લાલજી શ્રી પુરુષોત્તમપ્રસાદજી તથા સંતપાર્ષદો ને મોટી ધામધૂમથી રાજકોટ પધરાવ્યા: યજ્ઞમાં ૧૦૦ બ્રાહ્મણોને વરણીમાં વરી વેદવિધિથી યજ્ઞ શરૂ થયો. શાસ્ત્રીશ્રી ધર્મતનયદાસજી, બ્રહ્મચારી શાંતાનંદજી અને પુ. શ્રી ગોપીનાથદાસજી એ વિદ્વાન સંતોની કથા–સપ્તાહ પારાયણનો પણ પ્રારંભ થયો. નિત્ય નવાં ભજનો અને સંતોની કથાવાર્તાનો ભારે રંગ જામતો. હજારો માણસોની હકડેઠઠ સભા ભરાતી. અને ધૂનકીર્તનોની રમઝટ બોલતી. આમ આઠ દિવસ સુધી ભારે ઉત્સાહપૂર્વક મહોત્સવનું કાર્ય ઉજવાયું. બંને આચાર્યોનો પૂજાવિધિ પણ ઘણો સરસ થયો. પછી કેશવપ્રસાદજી મહારાજ અમદાવાદ પધાર્યા. ત્યાર બાદ વિહારીલાલજી મહારાજ ૨૨ દિવસ સુધી રાજકોટમાં રહ્યા અને આખા શહેરમાં સત્સંગીઓને ઘેર ભારે ધામધૂમથી પધરામણીઓ થઇ. આથી સત્સંગમાં સંપ, ધર્મબળ, અને ભક્તિભાવ ખૂબ જ વૃદ્ધિ પામ્યાં. આ મહોત્સવમાં સ્વામીના હસ્તક રૂા. ૪૨ હજાર વપરાયા હતા. આ રીતે સત્સંગનો ઉત્કર્ષ ઘણો જ થયો.

જેતપુર મંદિરની સેવા

અત્યાર સુધી આપણે સ્વામીશ્રીની સેવાઓનો જે જે ઉલ્લેખ કર્યો તે બધામાં કળશ ચડાવે તેવી સ્વામીશ્રીની "જેતપુર મંદિરની સેવા" છે. સ્વામીશ્રીના જીવનનું જો કોઇ પ્રધાન કાર્ય હોય તો તે જેતપુર મંદિર છે. જેતપુરનો ટૂંકો ઈતિહાસ અત્રે આલેખી સ્વામીએ જેતપુરમાં કેવી રીતે ઐશ્વર્ય વાપરી શિખરબંધ મંદિર કરાવ્યું તે બધી હકીકત જરા વિગતવાર અહી આલેખીશું.

જેતપુરમાં જે સ્થળે રામાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને ધર્મધુરા સોંપેલી તે સ્થળે હરિભક્ત કાપડિયા કણબીનાં ઘર હતાં. પટ્ટાભિષેક થયા પછી શ્રીજી સત્સંગ પ્રચારાર્થે દેશાંતર વિચરણ કરવા લાગ્યા. લાંબા સમય સુધી એ સ્થળે કંઇ પણ સ્મારક થયું નહિ. જેતપુર મુસલમાનનું ગામ અને કોઇ ધનિક સત્સંગીઓનો સમૂહ પણ નહિ, તેથી મંદિર વગેરેની કોઇ પ્રવૃત્તિ થયેલી નહિ. શ્રીજી ગઢપુરમાં વિશેષ રહેવા લાગ્યા. ત્યાર પછી એક વખત કાઠીના સ્વારો સાથે જેતપુર પધારેલા. એ વખતે નાજા જોગિયા સાથે હતા. જેઓ પાછળથી ત્યાગી થએલા અને ઘનશ્યામદાસજી નામથી ઓળખાતા. તેઓ સાધુ થયા પછી જૂનાગઢમાં સ. ગુણાતીતાનંદ સ્વામી પાસે રહેતા હતા. તેમણે શ્રીજીએ જેતપુર પધારેલા ત્યારે જે

વાત કરેલી તથા જે લીલા કરેલી તે બધી યાદ રાખી હતી. તે ગુણાતીતાનંદ સ્વામી સાથે જયારે જેતપુર આવેલા ત્યારે પ્રસાદીની જગ્યા બતાવી કહ્યું કે, "અમે પાર્ષદે શ્રીજી મહારાજ સાથે ઘોડા લઈ અહીં આવ્યા હતા. આ જગ્યાએ કણબીના પાંચ ઘર એક ફળીમાં હતાં. તેમાં ત્રણ ઉત્તરાદા બારનાં હતાં. તેમાં ઉગમણા બારના ઓરડામાં શ્રીજી મહારાજ તે વખતે થાળ જમ્યા હતા. ને તે ઘરની પછવાડે વાડો હતો, તેમાં શ્રીજી મહારાજે સ્નાન કરેલું. ઓરડામાંથી વાડામાં જવાની નાની બારી હતી, ત્યાં શ્રીજી પોઢ્યા. ગામમાં દરબાર મૂળુવાળા તથા દેવાવાળાની ઉપાધિ હતી તેથી શ્રીજીએ અમને તે વખતે ઘોડાંની લગામ હાથમાં રખાવી, પીપળા નીચે ઊભા ઊભા રોટલા ખવરાવ્યા હતા. તે વખતે મહારાજે અમને કહ્યું કે 'આ ઉત્તરાદા બારના ઓરડા છે તેમાં રામાનંદ સ્વામીએ અમને સત્સંગની ધર્મધુરા સોંપી ગાદીએ બેસાર્યા હતા અને અમે સ્વામી પાસે આ સ્થળે વર માગેલા." આ પ્રમાણે શ્રીજીએ કહેલી વાત નાજા જોગિયાએ (ઘનશ્યામદાસજી) ગુણાતીતાનંદ સ્વામીને કહેલી અને સ્વામી પાસેથી સ્વામી બાલમુકુંદદાસજીએ ઘણીવાર સાંભળેલી.

આવી મહાપ્રસાદીની જગા ખરીદવાની ઈચ્છા સ્વામી બાલમુકુંદદાસજીને ઘણા વર્ષોથી હતી. તેમાં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે સ્વામીને કહ્યું કે, "તે જગા કોઈ પણ ભોગે ખરીદી લો. હું તેમાં મંદિર કરવા દશ હજાર રૂપિયા આપીશ." પરંતુ એ પ્રસાદીની જમીન એક વાણીઆની હતી ને તેમાં પણ ઘણી તકરાર હતી. દરબારોમાં ભાઈએ ભાગ પાડેલા અને ખેડૂતે વાણીઆને ગીરો આપેલી. એની કેટલીયે તકરાર હતી જેને 'સાત–સહિયારી' કહે છે તેવી એ જમીન હતી. અને વાણીઓ ભારે મક્કમ, તેથી કોઈ રીતે કામ પતતું ન હતું. સ્વામીના કૃપાપાત્ર શિષ્ય પરમ શ્રદ્ધાળુ આંકડિયાના પીતાંબર ત્રવાડી સ્વામીની આજ્ઞાથી હરવખત જમીન માટે વિષ્ટિ કરતા. લગભગ ૧૫ થી ૨૦ વર્ષ સુધી ધક્કા ખાઈને તેમણે કોશિશ કરી પણ જમીન મળી નહિ. પછી દરબારો, અધિકારીઓ, વાણીઓ અને ખેડૂત વગેરેને મળી સ્વામીએ ઐશ્વર્ય વાપરી પોતાની વ્યવહારકુશળતાથી બધી તકરારનું સમાધાન કરાવી સં. ૧૯૬૭ ની સાલમાં સંપૂર્ણ કબજાહક્ક મેળવી જમીન ખરીદી લીધી. તેમાં પૈસાનું ખર્ચ ઘણું થયું હતું, તે હરિભક્તોએ સ્વામીની પ્રસન્નતા માટે વિના કહે આપ્યું હતું. તે ઉપરાંત રૂપિયા પચીસ હજારની સેવા મંદિર બનાવવા માટે તત્કાળ થઈ હતી. તે પણ હરિભક્તોએ સ્વેચ્છાથી સ્વામીના કહ્યા વિના કરી હતી. આ રીતે

સ્વામીના શુભ સંકલ્પથી અને દૃઢ આગ્રહથી એક શિખરનું મંદિર તૈયાર થયું. તેમાં સં. ૧૯૭૧ ના મહા વદ છઠ ને દિવસે ધ. ધુ. આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજને આમંત્રણ આપી તેમના હસ્તે સ્વામિનારાયણ ભગવાનની ચિત્રપ્રતિમાનો પ્રતિષ્ઠાવિધિ કરાવ્યો હતો. આખા શહેરના બ્રાહ્મણોની ચોરાસી પણ કરી હતી. બહુ સરસ રીતે મહોત્સવ થયેલો. દેવસેવા વિધિથી થાય અને સાધુસંતો રહે તેને માટે પણ સ્વામીએ બધી આજીવિકાની ઘટિત વ્યવસ્થા કરી હતી. આ પ્રમાણે જેતપુર મંદિરનું કામ સંપૂર્ણ કરી સ્વામી કૃતસંકલ્પ થયા. અને પોતે જાહેરમાં કહ્યું કે, "અમારા સેવાના બધા સંકલ્પો શ્રીજી અને સ્વામીની કૃપાથી પૂરા થયા. હવે અમે વૃદ્ધ થયા છીએ, જેથી અમારો દેહ જોઈએ તો કાલ પડે ને શ્રીજી ઇચ્છા હોય તો આયુષ્ય હોય ત્યાં સુધી રહે, પણ કોઈ સંકલ્પ બાકી નથી."

સંપ્રદાયમાં પાંચ તીર્થસ્થાનોનો મહિમા અદ્વિતીય ગણાય છે. જન્મસ્થાન છપૈયા, દીક્ષાસ્થાન પીપલાણા, ધર્મધુરાપટ્ટાભિષેક સ્થાન જેતપુર, શિક્ષાપત્રીલેખન, આચાર્યપદ સ્થાપન અને સ્વહસ્તક સ્વમૂર્તિ સ્થાપનસ્થાનં વૃત્તાલય, તિરોધાન લીલાસ્થાન દુર્ગપુર. તેમાં જેતપુર સ્થાનની એક ખાસ વિશિષ્ટતા છે કે, ત્યાં ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ સર્વજીવહિતાવહ જનકલ્યાણકારી શુભ સંકલ્પ કરી, પોતાના ગુરુ રામાનંદ સ્વામી પાસે નિવેદન કરી બે વર માગ્યાં કે – "તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુ:ખ થવાનું હોય તો તે મને એક એક રુંવાડે કોટિ કોટિ વીંછીનું દુ:ખ થાઓ, પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ. અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન વસ્ત્રે કરીને દુ:ખી ન થાય." (વચ. પ્ર. ૭૦) સત્સંગીઓનાં સર્વ દુ:ખ દૂર થાય અને તેઓ અન્ન–વસ્ત્રથી સદા સુખી રહે. આવું અભયવચન જ્યાં કૃપાપૂર્વક આપવામાં આવ્યું એ સ્થાનનો અપાર મહિમા સમજી આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે મંદિર કરવાનો સંકલ્પ કર્યો. તેનો તેઓ અમલ કરે તે પહેલાં તેઓ ધામમાં પધારી ગયા. પરંતુ તેઓશ્રીની ભલામણ પ્રમાણે સ્વામી બાલમુકુન્દદાસજીએ એ મહાતીર્થ સ્થાનમાં મંદિર કર્યું અને ત્યારબાદ સ્વામીની શિષ્યપરંપરાએ તેનું ભારે ગૌરવ વધારી અત્યારે સાત શિખરનું અતિ રમણીય વિશાળ મંદિર બનાવ્યું છે. કે, જે સર્વસાધુગુણસંપન્ન મહાપરિશ્રમી પૂજ્ય સદ્‌ગુરુ કોઠારીશ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીની નિષ્કામ સેવાનું આદર્શ ફળ છે.

આ પ્રમાણે સ્વામીશ્રીએ જીવનભર 'પ્રવૃત્તિમાં' 'નિવૃત્તિ'નો પરમ ભાગવત આદર્શ સ્વજીવનમાં જીવી બતાવ્યો અને શ્રીજી તથા મોટા સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો. આ ઉપરાંત ઘણાં ગામોમાં સ્વામીના હસ્તક મૂર્તિપ્રતિષ્ઠાના મહોત્સવો, હનુમાન–ગણપતિની સ્થાપનાઓ અને યજ્ઞો, કથા, પારાયણો ઇત્યાદિ અનેક શુભ કાર્યો થયાં છે. તેમાંથી એક બે મુખ્ય પ્રસંગો જોઇએ.

જૂનાગઢમાં સપ્તાહ પરાયણ

રાજકોટમાં પોતાને ઘેર યજ્ઞ મહોત્સવ કર્યા પછી બીજે વર્ષે સં. ૧૯૪૬ની સાલમાં લક્ષ્મણદાસ શેઠ વગેરેને એવી ઇચ્છા થઇ કે, "જૂનાગઢ મોટું તીર્થધામ છે. વળી શ્રીજી મહારાજે સ્વહસ્તે ત્યાં મૂર્તિઓ પધરાવી છે. આવા પવિત્ર ગુણાતીત સ્થાનમાં દેવની સન્નિધિમાં ભીમએકાદશીના સમૈયા ઉપર ધર્મશાસ્ત્ર શ્રીમદ્ સત્સંગી જીવનનું સપ્તાહપારાયણ આચાર્યશ્રીને તેડાવી સ્વામી હસ્તક કરાવીએ." આ શુભ સંકલ્પ તેમણે સ્વામીને જણાવ્યો અને ઉદારતાપૂર્વક સેવા કરવાની ઇચ્છા દર્શાવી કહ્યું કે, "આ કાર્ય પણ આપના હસ્તક અમારે સરસ રીતે કરાવવું છે." પછી સ્વામીશ્રીએ વડતાલ આચાર્યશ્રીને આમંત્રણ આપી, ભીમ એકાદશીના સમૈયા ઉપર જૂનાગઢ પધાર્યા અને વડતાલ, અમદાવાદ, ગઢપુર વગેરે સ્થળેથી સંતોને તેડાવી બહુ ઉત્તમ પ્રકારે સપ્તાહપારાયણનો પ્રારંભ કર્યો. ત્યાગીગૃહી સૌ શાન્તિથી કથાશ્રવણ કરી શકે તે માટે યોગ્ય માણસો રાખી ઘણી સંભાળપૂર્વક ઉત્તમ વ્યવસ્થા રાખવામાં આવી હતી. રસોડાનું બધું કામ સારા રસોઇયાઓ મારફતે ખંતથી થતું એટલે સાધુઓને જરાપણ ઉપાધિ રહેતી નહિ. કથાના વક્તા સ. પુ. ગોપીનાથદાસજી તથા શાંતાનંદ બ્રહ્મચારી હતા. તેઓ બંને સર્વશ્રેષ્ઠ રીતે કથાવાર્તા કરતા. આ ભીમએકાદશીનો સમૈયો ઘણા મોટા રૂપમાં ભરાયો હતો અને કથાવાર્તા તથા દરેક પ્રકારની ઉત્તમ વ્યવસ્થાથી બધા લોકો ઘણો જ સંતોષ પામ્યા હતા. એ મહોત્સવમાં રૂપિયા ૧૦ હજાર વાપર્યા હતા. લક્ષ્મણદાસ શેઠ જેવા પૈસા વાપરનારા, સ્વામી બાલમુકુંદદાસજી જેવા વ્યવસ્થા કરનારા અને પુ. ગોપીનાથદાસજી તથા શાંતાનંદ બ્રહ્મચારી જેવા શ્રેષ્ઠ કથાવાર્તા કરનારા તથા ત્યાગીગૃહી સૌનો પરસ્પર મમત્વ સાથેનો નિખાલસ પ્રેમભાવ ! આવા અત્યંત સુંદર સુમેળથી એ કથાપ્રસંગની સહુના હ્રદય પર અટલ છાપ પડી હતી. જેણે જેણે એ પ્રસંગ પ્રત્યક્ષ જોયો હતો તેઓ

તેની ફક્ત સ્મૃતિમાત્રથી જ જીવનભર અપૂર્વ સુખનો અનુભવ કરતા. પૈસા વાપરનારા શ્રદ્ધાળુ યજમાનો તો હોય છે, પણ સ્વામી જેવા પ્રતાપી મહાપુરુષના સાથ સિવાય આવાં મોટાં શુભ કાર્યો નિર્વિઘ્નપણે ને શ્રેષ્ઠ રીતે પાર પડતાં નથી. ભગવત્પરાયણ નિ:સ્વાર્થ પુરુષો જે ધારે તે તત્કાળ સિદ્ધ થાય છે. સ્વામીએ આ રીતે ઘણી ઘણી સેવાઓ કરી–કરાવી સંપ્રદાયની મહાન પુષ્ટિ કરી હતી.

સ્વામીની સાહિત્યસેવા

સ્વામીશ્રીએ સત્સંગના સાહિત્યપ્રકાશન માટે પણ ઘણી સારી સેવા કરી છે. રાજકોટમાં ભક્તરાજ માવજીભાઇ પાસે યજ્ઞ મહોત્સવ કરાવતી વખતે સ્વામી ત્યાં રહેલા. તે વખતે જ વચનામૃતના ચોપડાઓનું સંશોધન કરાવી મોટા અક્ષરોવાળા ચોપડા છપાવી પ્રસિદ્ધ કર્યા ને તેમાં વચનામૃતોની વિષયોવાર તારવણી, અનુક્રમણિકા વગેરે બનાવી સહુ સહેલાઇથી વાંચી શકે તેવી રીતે **'વચનામૃત'** ગ્રંથનું સંપાદન કર્યું, જે ગ્રંથ યદ્યાપિપર્યંત સત્સંગમાં વંચાય છે. આ ઉપરાંત ભક્તચિંતામણિ, શિક્ષાપત્રી વગેરે કેટલાક ગ્રંથો નાનીમોટી સુંદર સાઇઝમાં છપાવી પ્રસિદ્ધ કર્યા તથા સ. ગુણાતીતાનંદ સ્વામીની વાતો પોતે સંગ્રહ કરી શોધીને છપાવી. રાજકોટના દામોદર પ્રેસના માલિક શ્રી દામોદરભાઇ વગેરે સત્સંગીઓએ સ્વામીની પ્રેરણાથી આ સાહિત્યસેવામાં ઘણી સારી સેવા કરી હતી.

સ્વામીની આચાર્ય તરફ પૂજ્ય બુદ્ધિ અને આચાર્યોની સ્વામી પર પૂર્ણ કૃપા

સંપ્રદાયમાં પ્રથમથી જ સંતો અને આચાર્યો પરસ્પર એક બીજાનો અંત:કરણ પૂર્વક મહિમા સમજી પૂજ્ય બુદ્ધિ રાખતા આવ્યા છે. આથી સત્સંગનો વિકાસ થઇ અનેક આત્માઓ ભગવતસન્મુખ થયા. સંપ અને ધર્મ એ બે વસ્તુનો જ્યાં સુમેળ હોય ત્યાં સુકીર્તિ, સંપત્તિ અને શાંતિ સહેજે આવે છે. આ ન્યાયે સંત આચાર્યના ધાર્મિક–સુમેળથી એક દિવસ જગતમાં સત્સંગનું સ્થાન અનેરું હતું. સંતો શ્રીજીઆજ્ઞાનું સતત અનુસંધાન રાખી, 'આચાર્યો ભગવાનના પુત્ર છે' આવી પૂજ્ય બુદ્ધિ રાખી વર્તતા. ત્યારે આચાર્યો એમ સમજતા કે, 'આપણે ગૃહસ્થ છીએ પણ ભગવાનની ગાદીએ બેઠા માટે પુજાઇએ છીએ પરંતુ સંતો તો બધું છોડી પ્રભુ

પ્રીત્યર્થે સેવા અને પ્રભુસ્મરણ કરી કેવળ નિષ્કામ ભાવે અનંત જીવોનું ભલું થાય એવો મોક્ષનો ધુંધુંબાજ માર્ગ ચલાવી રહ્યા છે. એટલે એ પરમ આદરણીય ને પૂજ્ય છે. આમ એક બીજાના હાર્દિક પૂજ્ય ભાવથી સત્સંગમાં ઉત્સાહ અને પ્રેમનું નિર્મળ વાતાવરણ પ્રસરેલું રહેતું, તેથી સંપ્રદાયની દિનપ્રતિદિન વૃદ્ધિ થયા કરતી હતી. તથા દેવ, આચાર્ય, સંત, શાસ્ત્ર, મંદિર અને સત્સંગી આ ષડંગસત્સંગનું શ્રીજીઆજ્ઞા પ્રમાણે યથાર્થ પોષણ થતું.

સ. સ્વામી બાલમુકુંદદાસજી સં ૧૯૦૯ ની સાલમાં સાધુ થયા ત્યારથી જ આજ્ઞાકારી અને ખૂબ સેવાભાવી હતા એટલે ગુણાતીતાનંદ સ્વામી વગેરે મોટા સંતોની અને આચાર્યોની હર વખત યોગ્ય સેવા કરતા. આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વડતાલથી ફક્ત બેપાંચ સેવકો લઈને સ. ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા આવતા, ત્યારે તો ખૂબ જ સાદાઈથી વર્તી એક જ વખત બહુધા ખીચડી હાથે રાંધીને જમી લેતા. કદાચ કોઈ વિશેષ આગ્રહ કરે કે, શાક, બાટી અગર રોટલો કોઈક દિવસ તો બનાવો, ત્યારે જે શાક હોય તે મોટું સુધારી ખીચડી ભેળું જ ઓરી દે અને જરા મીઠું નાખી કઠણ લોટની એકાદ બાટી બનાવી તે પણ ખીચડી ભેળી જ મૂકી દે. સવારમાં પૂજાપાઠ પછી આ પ્રમાણે થોડા અગ્નિપર ખીચડી મૂકી સ્વામીની વાતો સાંભળવા બેસી જાય, તે બેઅઢી કલાક રોજ વાતો સાંભળે. પછી ઉતારે આવે, ત્યાં પેલી ખીચડી કાચી પાકી જેવી હોય તેવી જમી લે. "રાંધવામાં ને ખાવામાં સમય ગુમાવીએ તે કરતાં સમાગમ કે ભજન–ભક્તિ ન કરીએ ?" એમ તેઓ હૃદયથી માનતા.

એક વખત ગણોદ દરબારશ્રી અભયસિંહજીભાઈના આગ્રહથી સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામી વગેરે થોડા સંતો સાથે રઘુવીરજી મહારાજ ગણોદ પધાર્યા. દરબારી બગીચામાં ઉતારો હતો. મહારાજશ્રી માટે જોઈએ તે સીધું મોકલ્યું હતું પણ મહારાજશ્રીએ તો બે છાણાં સળગાવી રસોઈ કરે છે તેવો દેખાવ કર્યો અને ચીભડાં આવેલાં, તેનાં એક પડીઓ કુણાં બી દાંત નહિ હોવાથી જમી લીધાં. સેવકને આ બધું ગુપ્ત રાખવા સૂચવેલું પરંતુ ગુણાતીતાનંદ સ્વામી પોતે જ અચાનક ગયા. તેમણે આ બધું નજરે જોયું. આ રીતે રઘુવીરજી મહારાજે મહા બળવાન એવી રસના ઈન્દ્રિયને પણ જીતી લીધી હતી. તથા રાત્રિએ સૂવે ત્યારે એક ઓસીકું લઈ

ખાલી શેતરંજી ઉપર સૂઇ રહેતા. સં. ૧૯૧૧ ની સાલમાં શ્રી રઘુવીરજી મહારાજે વડતાલમાં છ મહિનાની છાવણી (છ માસ કથાપ્રસંગ) કરી ત્યારે આખા સત્સંગના દરેક ત્યાગી–ગૃહીને કથાપ્રસંગનો લાભ લેવાનું આમંત્રણ આપેલું. તે વખતે સ. ગુણાતીતાનંદ સ્વામીની સાથે બાલમુકુંદદાસજી વડતાલ ગયા હતા. એ વખતે એક દિવસ મહારાજશ્રી સાથે નજીકના કોઇ ગામડે પધરામણી માટે ગયેલા. ત્યારે રસ્તે ચાલતાં મહારાજશ્રી શીગરામમાંથી લઘુ કરવા માટે નીચે ઊતર્યા. પછી પોતાની મોજડીઓ નીચે ઉતારી શીગરામમાં બેઠા. મહારાજશ્રીના સેવક પાણી પીવા ગયેલા એટલે સ્વામી બાલમુકુંદદાસજીએ મહારાજશ્રીની મોજડીઓ લઈને ઠેકાણે મૂકી. ત્યારે રઘુવીરજી મહારાજે મનમાં દિલગીરી બતાવીને કહ્યું કે, "કોઇ સાધુએ મારી મોજડીઓ લેવી નહિ મને અપરાધ લાગે. ભગવું કપડું જેના શરીર પર હોય તે બધા પૂજનીય, દર્શનીય અને વંદનીય છે." રઘુવીરજી મહારાજ અને ભગવતપ્રસાદજી મહારાજ કદી ભૂલથી પણ ભગવાં કપડાં ઉપર પગ મૂકતા નહિ. આવો સાધુઓનો તેઓશ્રી મહિમા સમજતા. આ રીતે સ્વામી બાલમુકુંદદાસજી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના પ્રસંગમાં અનેકવાર આવેલા અને પોતાની સેવાવૃત્તિ તથા સાધુતાથી પ્રસન્નતા મેળવી હતી.

આચાર્યશ્રી ભગવતપ્રસાદજી મહારાજનો સમય એ સત્સંગમાં સર્વશ્રેષ્ઠ સમય હતો. સંપ, ધર્મ, સંપત્તિ, પ્રતિષ્ઠા, સત્સંગની ધગશ, અને સમૈયાઉત્સવોની જાહોજલાલી કોઇ અપૂર્વ હતી. જયાં જુઓ ત્યાં સુખ–શાંતિમય દિવ્ય વાતાવરણ હતું. ધ્યાન–ભજન, તપત્યાગ અને કથાવાર્તાના પ્રભાવશાલી અખંડ અખાડા ચાલતા. શ્રીજીના સિદ્ધાન્ત પ્રમાણે સત્સંગનો સંપૂર્ણ વિકાસ એ વખતે થયો હતો. એવી ધગશ અને ધર્મનિષ્ઠપણું જો કાયમ રહ્યાં હોત તો જરૂર સત્સંગ વિશ્વવ્યાપી બન્યો હોત ! આચાર્યશ્રી ભગવતપ્રસાદજી મહારાજ એક ભવ્ય મૂર્તિ દર્શનીય મહાપુરુષ હતા. જેમનાં ફક્ત દર્શનમાત્રથી જ શાન્તિ થાય એવા એ અતિ ઉચ્ચ સ્થિતિવાળા ભગવન્નિષ્ઠ આચાર્ય હતા. તેઓશ્રી પણ સ્વામીને દરેક પ્રસંગે બોલાવતા અને સ્વામીની સલાહ લેતા અને એમ કહેતા કે, "આવા સાધુઓ એ જ સત્સંગનું સાચું ધન છે."

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજને સ. સ્વામી બાલમુકુંદદાસજી ઉપર બહુ

જ હેત ને વિશ્વાસ હતાં. હરવખત સ્વામીને સાથે રાખી દેશમાં ફરતા તથા કોઇ કાર્ય સ્વામીની સલાહ લીધા વિના કરતા નહિ. આવું હેત થવાનું મુખ્ય કારણ એ હતું કે, દરેક પ્રતિષ્ઠિત સત્સંગીઓ સ્વામીને અત્યંત ભાવપૂર્વક માનતાપૂજતા. એથી મહારાજશ્રી સ્વામીના પરિચયમાં આવ્યા અને કથાવાર્તા સાંભળી તથા ઐશ્વર્યો જોઇને સમાગમ કરવા જેવા સમર્થ મહાપુરુષ છે એમ માનવા લાગ્યા. ઠાસરાના પ. ભ. દેસાઇ માધવલાલભાઇ કે જેઓ વડતાલના કોઠારી ગોરધનદાસના બનેવી થતા, તેઓ ઘણા જ પ્રતિષ્ઠિત અને ચુસ્ત સત્સંગી હતા. કચ્છ–ભૂજ રાજયની કમિટીના પ્રમુખ અને મુખ્ય કારભારી હતા. તેમના સુપુત્ર શ્રી ગોપાળલાલભાઇ થયા કે, જેમણે બંનેય દેશમાં ઘણી જ કિંમતી સેવાઓ કરેલી. તેઓ પ્રથમ વડોદરા રાજયમાં કડી પ્રાંતના સુબા થયેલા અને પછી અમરેલી પ્રાંતના સુબા નિમાયા હતા. ભગવતપ્રસાદજી મહારાજના વીલના તથા વિહારીલાલજી મહારાજના વીલના પણ તેઓ ટ્રસ્ટી હતા. શ્રી ગોપાળલાલભાઇ પરમવિશ્વાસી અત્યંત શ્રદ્ધામહાત્મ્યવાળા અને પરમ એકાંતિકની ઉચ્ચ સ્થિતિએ પહોંચેલા આદર્શ સત્સંગી હતા. તેઓ હરવખત સ્વામીનો સમાગમ કરવા અને વચનામૃતનું રહસ્ય સમજવા સ્વામી પાસે આવતા. ઠાસરાના શાહ પ્રેમચંદભાઇ કરશનદાસ, કો. ગોરધનદાસના સગા ભત્રીજા થતા. તેઓ સારા સરકારી વકીલ હતા. સં. ૧૯૬૪ની સાલમાં આપણે અને શારદાપીઠના શંકરાચાર્યશ્રી માધવતીર્થ વચ્ચે સંપ્રદાય અવૈદિક કે વૈદિક છે ? તે સંબંધી મોટો કોલાહલ થયેલો. એથી અનેક વાદવિવાદોને અંતે આપણે કાશીની વિદ્વત્સભામાં જઇને વિજય મેળવ્યો હતો કે, સંપ્રદાય સર્વથા વૈદિક છે. એ કાર્યમાં વકીલ શ્રી પ્રેમજીભાઇએ પ્રથમથી છેવટ સુધી ભારે સેવા કરેલી. તેઓ સત્સંગની અમૂલ્ય સેવાથી મોટા સંતોના આશીર્વાદ પામી વાડાસિનોર રાજયના દીવાન થયા હતા અને ત્યાં રાજાપ્રજાના અનેક હિતો કરી સુકીર્તિ સાથે એક ગામ બક્ષિસમાં મેળવ્યું હતું. નવાબ ગુજરી ગયા પછી પણ સરકારે તેઓને વાડાસિનોર સ્ટેટના એડમીનીસ્ટ્રેટર નીમ્યા હતા. વાડાસિનોર સ્ટેટને જૂનાગઢના નવાબ સાથે સારો સંબંધ હતો તેથી શ્રી પ્રેમચંદભાઇ ઘણીવાર જૂનાગઢ આવેલા. અને સ્વામીના સમાગમથી વચનામૃત વાંચવાનું નિયમ લઇ શ્રીજીના સ્વરૂપની વિશેષ નિષ્ઠા કેળવેલી. નડિયાદના સુપ્રખ્યાત સત્સંગી રાવબહાદુર ઝવેરલાલ લલ્લુભાઇ અને સુરતના પ. ભ. ન્યાયાધીશ મંછુભાઇ ચોકસી વગેરે અનેક એકાંતિક સત્સંગીઓ સ્વામીનાં દર્શન, સેવા–સમાગમથી અત્યંત સંતોષ વ્યક્ત કરતા. આચાર્ય વિહારીલાલજી મહારાજ પણ સ્વામી સાથે હાર્દિક સ્નેહ સંબંધ રાખતા.

એક વખત વિહારીલાલજી મહારાજ વડતાલથી સૌરાષ્ટ્ર દેશમાં પધારતા હતા એટલે સ્વામી રાજકોટથી વઢવાણ સુધી સામા લેવા ગયેલા, પછી વઢવાણથી સેકંડ ક્લાસમાં બેસવાનો મહારાજશ્રીએ સ્વામીને ઘણો આગ્રહ કર્યો પરંતુ સ્વામીએ હા પાડી નહિ. ઊલટું સ્વામીએ મહારાજને કહ્યું કે – "તમે બે પાળા સાથે એકલા સેકંડ ક્લાસમાં બેસશો તેથી તો થર્ડ ક્લાસમાં સૌ સાધુ ભેગા બેસી જોઇ, જુઓ કાંઇ હરકત આવે છે ? બે ગોદડાં નાખીએ એટલે બધેય સેકંડ ક્લાસ !" મહારાજશ્રીને સ્વામીને વિષે પૂરો પ્રેમભાવ હતો એથી થર્ડ ક્લાસની ટિકિટ લઇને સૌ સાધુઓ સાથે બેઠા. સહુ સંતો અને સ્વામીએ કથાવાર્તા, કીર્તનની એવી સરસ જમાવટ કરી કે જે સાંભળી ડબામાં બેઠેલા બધા લોકો પણ ખુશ થઇ ગયા. પછી એક હરિભક્તે કહ્યું – "સ્વામી ! મહારાજશ્રીએ તમારું માન્યું તે ઠીક થયું, કેમકે સેકંડ ક્લાસમાં તો એક યુરોપિયન અધિકારી કુટુંબ સાથે બેસવા આવ્યા છે. જો મહારાજ ત્યાં બેઠા હોત તો પૂરી મુશ્કેલીમાં મુકાઇ જાત." ત્યારે મહારાજશ્રીએ કહ્યું – "સ્વામીનું માન્યું તો સુખ થયું, નહિતર ઉપવાસ કરવો પડત અગર બીજા ડબામાં જવું પડત. તે કરતાં સ્વામીનું વચન માન્યું તો સર્વ પ્રકારે સાનુકૂળ પડયું." આ દાખલો લખવાનો હેતુ એ જ છે કે, સ્વામી કેવા મક્કમ હતા કે આચાર્યશ્રીએ આગ્રહ કર્યો તોપણ તેમાં શરમાયા કે લોભાયા નહિ. ત્યારે આચાર્યશ્રી પણ કેટલા બધા સરલ અને મહિમાવાળા હતા કે તુર્તજ સાધુ સાથે થર્ડક્લાસમાં બેસી ભજન કર્યું ! **આનું નામ તે ધાર્મિક સુમેળ.**

એક વખત વડતાલમાં પ્લેગનો ઉપદ્રવ મોટા પ્રમાણમાં ફેલાયો હતો તેથી વિહારીલાલજી મહારાજ ત્યાગીની સાથે ઉમરેઠ પધારેલા અને સ્વામી બાલમુકુંદદાસજીને ખાસ તેડાવ્યા હતા. તેથી સ્વામી આંકડિયાથી ભાવનગરી બળદ ગાડીમાં પગરસ્તે વડતાલ થઇ ઉમરેઠ આવ્યા હતા. પછી જયારે રામનવમી નજીક આવી ત્યારે મહારાજશ્રી થોડા માણસો લઇ રેલવે રસ્તે વડતાલ પધાર્યા અને બાકીના તમામ ત્યાગીઓને ઉમરેઠ રાખ્યા. કારણ કે તે વખતે પ્લેગનો ભય વિશેષ હોવાથી સરકાર તરફથી વડતાલમાં રામનવમીનો સમૈયો બંધ રખાયો હતો. પણ દેશ પરદેશના કેટલાક નિયમધારી સત્સંગીઓ દર્શન કરવા આવે માટે મહારાજશ્રી થોડા માણસો લઇ વડતાલ આવ્યા અને સ્વામી બાલમુકુંદદાસજીને આજ્ઞા કરી એટલે તેઓશ્રી બળદગાડીમાં પગરસ્તે વડતાલ આવ્યા. સમૈયા પછી સ્વામી ઉમરેઠ જવા

તૈયાર થયા ત્યારે મહારાજશ્રીએ પાળા સાથે કહેવરાવ્યું કે, "અમે પણ તમારી ગાડીમાં ઉમરેઠ આવીશું." ત્યારે સ્વામીએ કહેવરાવ્યું કે, "મહારાજશ્રી અમારી ગાડીમાં બેસે તે શોભે નહિ. માટે જેમ રેલવે માર્ગે આવ્યા હતા તેમજ પાછા તે પ્રમાણે જાય એ ઠીક ગણાશે." ત્યારે મહારાજશ્રીએ આગ્રહપૂર્વક કહ્યું–'અમારે તો સ્વામીની ગાડીમાં જ ઉમરેઠ જવું છે. જેટલો સ્વામીનો સંગ કરીએ તેટલું ભગવાનમાં વધારે હેત થાય. આજ સહેજ લાભ મળે તેમ છે તો શા માટે તક જવા દેવી ?" પછી સંધ્યા આરતી કરી વડતાલથી સ્વામીની છાંયાવાળી બળદગાડીમાં સ્વામી અને મહારાજશ્રી એ બે જ જણ બેઠા. બીજા જે પાળા તથા સાધુઓ હતા તે ચાલ્યા આવ્યા રસ્તામાં કોઈ પૂછે કે, "ગાડી કોની છે ?" ત્યારે સૌ કહે જે "સાધુની ગાડી છે." આ રીતે વિહારીલાલજી મહારાજ સ્વામી સાથે જ્ઞાનગોષ્ઠિ કરતા કરતા વહેલી સવારે શાન્તિથી ઉમરેઠ પહોંચ્યા. પછી મહારાજે કહ્યું "સ્વામી, શીગરામ જોડાવ્યો હોત તો રસ્તામાં બે જણ તો શીગરામની સંભાળ રાખનારા જોત અને તમારી ગાડીમાં બેસી ઉપાધિ વિના સુખેથી અહી આવી ગયા." ત્યારે સ્વામીએ કહ્યું કે, "મહારાજશ્રી ! તમો તમારી જાણે સાંખ્ય કરો છો પણ બીજો કોઈ એમ કહે ફાવે નહિ, પણ **સાદાઈ, સરલતા અને સાંખ્યજ્ઞાનમાં જ ખરું સુખ રહેલું છે.** અમે પણ શીગરામ નહિ રાખતાં આ દેશી સાદી બળદગાડી રાખી છે તે રસ્તામાં ઝાલવી પડે નહિ ને ક્યાંઇ ઊંધી પડે નહિ અને જ્યાં હોય ત્યાં છોડી શકાય." આ રીતે પ્રસંગોપાત સ્વામી અને વિહારીલાલજી મહારાજ ઉમરેઠમાં કેટલોક સમય સાથે રહ્યા અને કથાવાર્તાથી વર્તનપૂર્વકનું સ્વરૂપનિષ્ઠાનું દૃઢ બળ પ્રાપ્ત થાય તેવો જ્ઞાનયજ્ઞ કર્યો. એ વખતે સંપ્રદાયના સાચા ખપવાળા ઉમરેઠવાસી વિદ્વાન બ્રાહ્મણોએ ખૂબ મહિમાપૂર્વક સેવા–સમાગમનો લાભ લીધેલો. તેમાં અક્ષરનિવાસી **પરમ ભગવન્નિષ્ઠ શ્રી નાથજીભાઈએ** વિશેષપણે સેવા–સમાગમ કરી સ્વામીના હાર્દિક શુભાશીર્વાદ મેળવ્યા હતા, એટલું જ નહિ પરંતુ સત્સંગપ્રચારની ચેતનવંતી પ્રેરણા મેળવી નિષ્ક્રીય જીવન નહિ ગાળતાં જીવનભર અથાગ પરિશ્રમ ઉઠાવીને આદર્શ સત્સંગીઓ તૈયાર કર્યા, જે સત્સંગમાં સુવિદિત છે.

આ પ્રમાણે ધ. ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજને સ્વામી સાથે ઘણું જ હેત હતું. સ્વામી પણ તેઓ તરફ પૂજ્ય બુદ્ધિથી વર્તી હરવખત આજ્ઞા પ્રમાણે સત્સંગની પ્રગતિનાં કાર્યો કરતા. શાસ્ત્રી બલરામદાસજીની મોટી ઉપાધિ વખતે

સ્વામીએ મહારાજશ્રીનો હિંમતથી પક્ષ રાખેલો અને ગુજરાત–કાઠિયાવાડના પ્રતિષ્ઠિત સર્વ સત્સંગીઓને આચાર્ય તરફ વાળેલા. આ કામ ઘણું મોટું અઘરું અને આંટીઘૂંટીવાળું હતું, છતાં સ્વામીની સહાયથી મહારાજશ્રીને સફળતા મળી હતી.

આચાર્યશ્રી વિહારીલાલજી સં. ૧૯૫૫ માં અક્ષરવાસી થયા બાદ ધર્મકુળમાં ઈચ્છારામભાઈનો વંશ ન હોવાથી અયોધ્યાપ્રસાદજી મહારાજના ભાઇ ઠાકોરરામના પુત્ર નારાયણદત્ત હતા. તેમના પુત્ર લક્ષ્મીપ્રસાદને તેજસ્વી જોઈને સર્વની સંમતિથી તેમની આચાર્ય તરીકે સ્થાપના થઇ. તેઓ ૧૦ વર્ષ આચાર્યપદે રહ્યા તે દરમિયાન તેઓની સગીર વય અંગે સંગદોષથી ગેરવર્તણૂક થતાં સર્વ ત્યાગીગૃહીઓએ ભેગા મળી તેમને પદભ્રષ્ટ કર્યા. ત્યાર પછી સં. ૧૯૬૫માં અયોધ્યાપ્રસાદજી મહારાજના મોટાભાઇ નંદરામના વંશજ શ્રીપતિપ્રસાદજી મહારાજ આચાર્યપદે બિરાજ્યા. હાલમાં અમદાવાદ અને વડતાલ એ બંને ગાદીએ રામપ્રતાપભાઈના પુત્ર નંદરામ મહારાજનો એક જ વંશ છે. લક્ષ્મીપ્રસાદને પદભ્રષ્ટ કર્યા પછી ગાદીએ કોને બેસાડવા ? એ બાબત સમગ્ર સત્સંગમાં ઘણો મોટો ઉહાપોહ અને મતભેદ થયેલાં. તેમાં શ્રીપતિપ્રસાદજી મહારાજને છપૈયાથી તાત્કાલિક બોલાવી લાવેલા. બીજા પણ એક બે હક્દારો તૈયાર હતા. છેવટ સત્સંગના પ્રતિષ્ઠિત ત્યાગીગૃહીઓ રૂબરૂ મળી ચોક્કસ નિર્ણય કરવા માટે સં. ૧૯૬૫ના વૈસાખ માસમાં વડતાલ મુકામે ભેગા થયા. રાવબહાદુર શેઠ કરમશી દામજી મુંબઇ, જજ મંચ્છુભાઇ નરસીદાસ ચોકસી તથા મંછારામ ઘેલાભાઇ સુરત, મહાશંકર ક્રિપાશંકર ભરૂચ, દવે કૃષ્ણારામ ક્રિપાશંકર આણંદ, રાવબહાદુર ઝવેરલાલ લલ્લુભાઇ, દોલતરામ ક્રિપારામ અને હરિલાલ લલ્લુભાઈ બારોટ–નડિયાદ, શાહ પ્રેમચંદભાઇ કરશનદાસ ઠાસરા (વાડાસિનોરના દીવાન) વગેરે સુપ્રતિષ્ઠિત સત્સંગીઓ અને ગઢડાના મુનીશ્વરાનંદ શાસ્ત્રી, જૂનાગઢના સ. સ્વામી બાલમુકુંદદાસજી તથા પુ. ગોપીનાથદાસજી અને વડતાલના સ. સ્વામી યોગેશ્વરદાસજી, સ. પુ. રૂગનાથચરણદાસજી તથા સ. પુ. હરિસ્વરૂપદાસજી ઈત્યાદિ અગ્રગણ્ય મહાપુરુષોએ ઘણી ચર્ચા – વિચારણાને અંતે સર્વનો એક મત નહિ થતાં બ્રહ્મનિષ્ઠ પૂજ્ય મહાપુરુષ તરીકે સ. સ્વામી બાલમુકુંદદાસજીને મધ્યસ્થ માની તેઓ કહે તે સહુએ માન્ય રાખવું એ રીતે ખાનગીમાં નક્કી કર્યું. સ્વામી હમેશાં શ્રીપતિપ્રસાદજી મહારાજને પોતા પાસે બેસારી સત્સંગની રીતભાત સંબંધી વાતો કરી સંપ્રદાયની શાસ્ત્રીય પ્રાચીન પ્રથાનું ખૂબ મહત્ત્વ સમજાવતા અને હજુ કોઇ વાત

નિશ્ચિત થઇ ન હતી છતાં સ્વામીએ આગલે દિવસ શ્રીપતિપ્રસાદજી મહારાજને કહ્યું કે, 'તમે આજે મુંડન કરાવી નાખો અને કાલે ઉપવાસ કરજો.' બીજે દિવસ સવારમાં સભામંડપમાં મોટી સભા થઇ તેમાં એ પ્રશ્ન ખુલ્લી રીતે ચર્ચાયો કે, ગાદીએ કોને બેસારવા ? કેટલીક ચર્ચાને અંતે એ નિશ્ચિત થયું કે, "સ્વામી બાલમુકુંદદાસજી જેમ કહે તેમ આપણે સહુએ કરવું." પછી સ્વામીને પૂછ્યું એટલે સ્વામીએ શ્રીપતિપ્રસાદજી મહારાજનું નામ આપ્યું. તે સર્વેએ કબૂલ-મંજૂર રાખ્યું. અને તુર્તજ વેદવિધિથી સહુની હાજરીમાં શ્રીપતિપ્રસાદજી મહારાજને ગાદીએ બેસાર્યા. આ રીતે શ્રીપતિપ્રસાદજી મહારાજને સ્વામી સાથે પ્રથમથી જ ઘનિષ્ઠ સંબંધ હતો. એથી તેઓશ્રી દરેક રીતે સ્વામીનું બહુ જ માન સન્માન રાખતા અને સ્વામી જયારે છેવટ બીમાર થયા અને દેશપ્રદેશના સત્સંગીઓ ચોતરફથી સ્વામીનાં દર્શન કરવા આવવા લાગ્યા ત્યારે આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજ પણ પોતાને સ્વામીને વિષે અત્યંત સ્નેહભાવ હોવાથી પ્રથમથી તારથી પુછાવીને જૂનાગઢ પધાર્યા હતા. દિવસમાં ત્રણ વખત સ્વામીની તબિયત જોવા આવતા અને સ્વામી પાસે બેસી મહારાજશ્રી વાતો સાંભળતા. સ્વામી જરા પણ બીમાર ન હોય તેમ વાતો કરતા અને ઘડીવારમાં એવી ઉપશમ સ્થિતિમાં ચાલ્યા જતા જાણે કે આ ઘડીએ ધામમાં ચાલ્યા જશે. મહારાજશ્રી જૂનાગઢમાં જ હતા અને સ્વામી અક્ષરવાસી થયા. આ રીતે સ્વામીએ દરેક આચાર્યોની સાથે પૂજય બુદ્ધિ રાખીને સત્સંગની મમત્વપૂર્વક સેવા કરી હતી.

સ્વામીનું ઐશ્વર્ય

નિ:સ્વાર્થભાવે જનકલ્યાણની ભાવનાથી સતત પ્રયત્ન કરી રહેલા ભગવન્નિષ્ઠ મહાપુરુષો કોઇ પ્રકારની મોટાઇ કે ઐશ્વર્યને ઇચ્છતા નથી તેમજ ચમત્કાર બતાવી શિષ્ય-શાખા વધારવાનો પ્રયાસ પણ કરતા નથી. લોકોનું ભલું થાય, એમનાં દુ:ખદારિદ્ર ઓછાં થાય અને એ બધા ન્યાયનીતિને માર્ગે ચાલી સદાચાર પાળી સુખી થાય, તથા જગતથી જુદા પડી એટલે કે આસક્તિ ટાળતા રહી પ્રભુપરાયણ બને, આ એક જ સત્પુરુષનું ધ્યેય હોય છે. એ ધ્યેય સિદ્ધ કરવા માટે મહાપુરુષો સ્વાર્થને તિલાંજલિ આપી અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠીને પણ સર્વનું હિત થાય તેમ નિરંતર કરતા રહે છે, સાધુપુરુષોની જીવાત્માઓ પર આવી નિ:સ્વાર્થ અપાર દયાથી પ્રભુ પોતે પ્રસન્ન થઇને એમના સંકલ્પ પ્રમાણે અગણિત આત્માઓનું શ્રેય કરે છે અને ક્વચિત્

ચમત્કાર જણાવીને પણ ઘણા મુમુક્ષુઓનું સત્પુરુષો દ્વારા ભગવાન પોતે હિત કરે છે. પરંતુ સત્પુરુષો તો સિદ્ધિઓ કે પરચા–ચમત્કારોને મોક્ષ માર્ગમાં વિઘ્નરૂપ માને છે. આથી જ તેઓ પ્રભુકૃપાને મુખ્ય રાખી 'અમે કાંઇ જાણતા નથી, અમારામાં કંઇ નથી,' એમ હૃદયપૂર્વક કહી પોતાનું ખોટું મહત્ત્વ વધી ન જાય એ તેઓ હમેશાં જોતા રહે છે. **પુજાવાની ભાવના અને પ્રસિદ્ધિની ઈચ્છાઓને સત્પુરુષો પતનનાં મોટામાં મોટાં કારણો માનતા હોય છે. પોતામાં અપાર શક્તિ–સામર્થ્ય હોવા છતાં જેઓ તેને છુપાવી રાખી હમેશાં નાના થવાનો પ્રયાસ કરતા હોય છે તે જ સાચા મહાપુરુષો છે.** સ. સ્વામી બાલમુકુંદદાસજી વચનસિદ્ધ મહાપુરુષ હતા. તેમનામાં ઘણું સામર્થ્ય હતું. એમના આશીર્વાદથી અનેક લોકોનાં દુઃખ–દારિદ્ર નષ્ટ થઇ સુખ–શાન્તિ પ્રાપ્ત થતી. સ્વામીની કૃપાદૃષ્ટિથી કઠિનમાં કઠિન કષ્ટો પણ તત્કાળ વિનાશ થતાં. ભગવાનના ધામની પ્રાપ્તિ થવી એ સર્વથી અતિ દુર્લભ વસ્તુ છે, પરંતુ સ્વામી બાલમુકુંદદાસજી તો કોઇ મુમુક્ષુ બિમાર હોય તો તેને સામેથી પૂછતા કે 'તમારે ધામમાં જવું છે ?' જો હા પાડે તો કહેતા કે 'કરો ભજન, ક્યાંય વાસના રાખશો નહિ. આજ સાંજે, અગર કાલ સવારે અથવા અમુક દિવસે શ્રીજી મહારાજ તમને તેડી જશે.' સ્વામીએ જે પ્રમાણે કહ્યું હોય તે જ પ્રમાણે શ્રીજી મહારાજ તેડવા પધારતા. આવું મહાન સામર્થ્ય સ્વામીમાં હતું, છતાં 'મારામાં કંઇ છે જ નહિ' એમ તદ્દન ગર્વરહિત બની ગરીબ સાધુની પેઠે નિર્માનીપણે વર્તતા. અને સ્વામીના આશ્ચર્યકારક પરચા–ચમત્કારની ઘણી વાતો છે. તેમાંથી આપણે થોડી જોઇએ :–

અક્ષરધામ–પ્રાપ્તિ સંબંધી વાતો

સં. ૧૯૬૪ ના આસો સુદ ૧૦ ના રોજ **કમી કેરાળા** ગામે હનુમાન, ગણપતિની મૂર્તિપ્રતિષ્ઠા હતી, તે ઉપર સ. સ્વામી બાલમુકુંદદાસજી પધાર્યા હતા. ત્યાંથી હરિભક્તોના આગ્રહથી સ્વામી ગામડાંઓ ફરતા ફરતા **મોટા ગોખરવાળા** પધાર્યા. ત્યાં કણબી રણછોડ દેવાણી સારા સત્સંગી હતા. તેના શરીરમાં બિમારી લાગુ થયેલી; પાંડુ રોગથી શરીર બહુ જ અશક્ત થઇ ગયું હતું, પોતે એકલા હતા, વ્યવહારે પણ દુર્બળ સ્થિતિ હતી. તેને ગરીબ અને મુમુક્ષુ જાણી સ્વામીએ દયા

લાવી કહ્યું કે – 'રણછોડ ! અમે વડતાલ દેવ દિવાળીના સમૈયા ઉપર જઈએ છીએ; તારે આવવું છે ?' ત્યારે તે કહે, "સ્વામી ! હું બિમાર માણસ ત્યાં શી રીતે આવી શકું ? રોજ ગરમ પાણી જોઈએ અને જમવામાં બાજરાના રોટલા સિવાય કાંઈ પણ સદ્દતું નથી." ત્યારે સ્વામી કહે, "અમે ભેગા છીએ, માટે એવી કાંઈ ફિકર કરવી નહિ; અમે રોજ ગરમ પાણીથી નાહીએ છીએ તે બે લોટા તારા માટે વધારે કરાવશું; અને જમવા વગેરેમાં કાંઈ હરકત નહિ આવે." પછી સ્વામી ગોખરવાળાથી ચાલ્યા ત્યારે રણછોડને પણ સાથે લીધો. સ્વામી ગાડામાં બેસે પછી તુર્તજ રણછોડને બેસાડી દે. હમેશાં સવારે સ્વામી નાહવા જાય, ત્યારે રણછોડને પણ સાથે રાખી પોતે નાહ્યા પહેલાં બે લોટા ગરમ પાણી રણછોડને માથે પોતાને જ હાથે નાખી તેને નવડાવીને પછી સ્વામી સ્નાન કરતા. જમવામાં પણ તેને માટે રોજ બાજરાનો રોટલો અને શાક તથા દૂધ વગેરે આગળ પાછળ ધ્યાન રાખી હાજર કરતા. આ રીતે ગામડાંઓમાં ફરી વડતાલમાં પ્રબોધિનીનો સમૈયો કરી અઢી મહિને સ્વામી પાછા દેશમાં ફરતા ફરતા મોટા આંકડિયા પધાર્યા, ત્યારે રણછોડે કહ્યું 'સ્વામી ! હું ઘેર જાઉં ?' આજ સુધી સાધુઓ પાસે સેવા કરાવી, પણ હવે ઘર નજીક છે માટે ત્યાં જાઉં." સ્વામી કહે, 'ધામમાં જાવું છે કે ઘેર ? ઘેર શું છે ? ત્યાં કોઈ સેવા કરે તેમ નથી." એટલે રણછોડ કહે, "દયાળુ ! જો આપ ધામમાં મોકલી દો, તો ઘેર નથી જવું ?' સ્વામી કહે, 'ત્યારે કરો ભજન, કાલે એકાદશી છે. સવારે મહારાજ તેડી જશે. પણ કાંઈ સંકલ્પ કરીશ નહિ." પછી તે રાત્રિમાં તેને તાવ આવ્યો, સવારમાં તેને સગડી કરી દીધી. તે તાપતો હતો, ત્યારે સવારના પાંચ વાગે તેને મહારાજે દર્શન આપ્યાં; પણ સગાંસંબંધી સાંભર્યાં એટલે શ્રીજી મહારાજ તેને મૂકી ચાલ્યા ગયા પછી સ્વામીએ રણછોડને કહ્યું : કે – 'અરે ભલા માણસ ! શ્રીજી મહારાજ તેડવા પધાર્યા અને તું કેમ ન ગયો ?' ત્યારે રણછોડ દિલગીર થઈ, આંસુ લાવી પશ્ચાત્તાપ કરીને કહેવા લાગ્યો. "સ્વામી ! તમે અને શ્રીજી મહારાજે તો મારા ઉપર બહુ કૃપા કરી, પણ મારાં દુર્ભાગ્ય તેથી મારો ભાઈ ડાહ્યો અને દીકરી એ બેના ભેગું થાવું હતું પણ ન થવાણું, એમ સંકલ્પ થયો એટલે શ્રીજી મહારાજ મને વાસનિક જાણીને પાછા ચાલ્યા ગયા." સ્વામીએ પૂછ્યું: 'દીકરી ભેગું થઈને શું કરવું છે ?' ત્યારે તેણે કહ્યું : 'એક પેટીમાં નવ ગોદડાં છે અને એક બે વર્ષની પાડી છે તે દીકરીને આપવું હતું.' સ્વામીએ કહ્યું "રણછોડ ! આવી નાની સરખી વાસના પણ અનંત જન્મ ધરાવે. તેં આ બહુ મોટી ભૂલ કરી છે. જો ઘેર જઈશ તો આ

અમૂલ્ય તક ગુમાવી બેસીશ, માટે અહી બેઠાં તારા સંકલ્પ મુજબ વ્યવસ્થા કરી આપીએ." પછી પીતાંબરભાઈને કહી ગામમાંથી બે પ્રતિષ્ઠિત માણસોને બોલાવી સાક્ષીએ સહિત લેખ કરી દીકરીને જે આપવાનું હતું તે ચોક્કસ કર્યું, પછી તેના ભાઇ ડાહ્યાને તેડવા માટે ઠાકરશી સાગરને ગોખરવાળા મોકલ્યો. પછી સ્વામીએ રણછોડને કહ્યું : "હવે તું ક્યાંય વાસના રાખીશ નહિ, બરાબર એકાગ્ર વૃત્તિ કરી ભજન કરજે; આજે રાત્રે શ્રીજી મહારાજ તને ધામમાં તેડી જશે." ઓછા મહિમાવાળા વાતો કરવા લાગ્યા કે – 'ભલે ને કહે, પણ મહારાજ તુર્તમાં જ તેડવા નહિ આવે.' સ્વામી કહે, "ભગવાન તો દયાળુ છે, તે આપણી પૂરી તૈયારી હોય તો એ તો તૈયાર જ છે." રાત્રીએ કથાવાર્તા સમાપ્ત થયા પછી સ્વામીએ પીતાંબરભાઈને કહ્યું : કે – 'સાધુઓને ઉપવાસ છે. માટે ખીચડી તમારે ઘેર કરાવજો, રણછોડ બિમાર છે તે સવારે ધામમાં જશે, તેથી મંદિરમાં કાંઇ થઇ શકશે નહિ.' સવારે ચાર વાગે સ્વામી રણછોડ પાસે ગયા, ત્યારે તેણે પાણી માગ્યું એટલે સ્વામીએ પોતાને હાથે તેને પાણી પાયું. ત્યાં તેની આંખ ફરી એને દેહ મૂકવાનાં ચિહ્ન જણાયાં. એટલે સ. સ્વામી કૃષ્ણચરણદાસજી અને થોરડી ગામના ભગત ત્યાં હાજર હતા તેણે તેને ભોંય લીધો. અને તત્કાળ દર્શન દઇ શ્રીજી મહારાજ તેને ધામમાં તેડી ગયા ! આ નિરાધાર, ગરીબ અને બિમાર માણસને મુસાફરી જેવા મુશ્કેલીના સમયમાં પણ સાથે રાખી દરેક પ્રકારે જાતે સંભાળ રાખી સેવા કરાવી અને અંતે વાસના નિર્મૂળ કરાવીને રણછોડને પોતાની ઇચ્છા પ્રમાણે તેને ધામમાં મોકલી સદા સુખિયો કરી દીધો, સ્વામીની આવી અપાર કૃપા તથા મહાન સામર્થ્ય જોઈને ત્યાગીગૃહી સહુ અતિ આશ્ચર્ય પામ્યા.

સ્વામીના એક સાધુ ધર્મનંદનદાસજી ઘણા પવિત્ર સાધુ હતા. તેમને સ્વામીને વિષે બહુ જ હેત હતું. ઘડીવાર પણ સ્વામી વિના તે રહી શકતા નહિ. એક વખત સ્વામીને વડતાલના સમૈયા ઉપર જવું હતું અને તે સાધુ રાજકોટમાં માંદા થયા, સખત તાવ આવે અને હરવખત ઊલટી થાય. તેથી સ્વામીએ તેમને કહ્યું કે, "તમો અહી રહો." ત્યારે તેણે કહ્યું; "સ્વામી ! હું તો જરૂર તમારી સાથે આવીશ." સ્વામી કહે: "ગાડીમાં તાવ આવે અને ઊલટી થાય એ કેમ પોસાય ? મુસાફરીમાં તો બિમારી વધે. માટે અહી રહો; તમારી સેવામાં એક સાધુ રહેશે." આમ ઘણું સમજાવ્યા પણ માન્યા નહિ, ત્યારે સ્વામીએ કહ્યું, "ધર્મનંદનદાસજી ! તમારે ધામમાં

જાવું છે ?' ત્યારે તેણે અત્યંત રાજી થઈને કહ્યું : "ઓહોહો દયાળુ ! તો તો ભારે કામ થાય. મને ધામમાં મોકલીને પછી તમે ખુશીથી વડતાલ જાઓ." ત્યારે સ્વામીએ કહ્યું :– "કરો ભજન, શ્રીજી મહારાજ તેડી જશે." પછી તે ભજન કરવા લાગ્યા. ખરા ભાવથી એકાગ્ર થઈને તેમણે બે કલાક ભજન કર્યું, ત્યાં શ્રીજી મહારાજ દર્શન આપી ધામમાં તેડી ગયા.

એક વાર સ્વામી ભાયાણી **બગસરા** પધાર્યા હતા. તે વખતે પોતાના શિષ્ય સાધુ નિર્મળદાસજી હતા, તેના પેટમાં બરલ હતી તેથી શરીર ઠીક રહેતું નહિ. એટલે તેણે સ્વામીને કહ્યું: "ગામમાં કોઇ સારો વૈદ્ય હોય તો દવા કરાવીએ." ત્યારે સ્વામીએ કહ્યું: "સાજું થવું હોય તો વૈદ્ય બોલાવીએ; અને ધામમાં જવું હોય તો અમે વૈદ્ય છીએ." ત્યારે એ સાધુએ હાથ જોડીને કહ્યું : "સ્વામી ! જો દયા કરી ધામમાં મોકલો તો મારે વૈદું કરાવવું નથી." પછી સ્વામીએ તે સાધુને કહ્યું કે, "આજ સાંજે મહારાજ તમને તેડવા આવશે. માટે અંતર્વૃત્તિ કરીને ભજન કરવા માંડો." પછી મંદિરમાં શામજી ભગત હતા, તેને સ્વામીએ કહ્યું કે "તમે બજારેથી રૂપિયાનાં લાકડાં લઈ આવો." શામજી ભગત કહે; "સ્વામી ! આ સાધુ સાવ સાજાતાજા છે અને એમ અચાનક ધામમાં જશે ?" ત્યારે સ્વામીએ કહ્યું – "ધામમાં નહિ જાય તો લાકડાં સાધુને રસોઈ કરવામાં કામ આવશે." પછી શામજી ભગત બજારેથી લાકડાં લઈ આવ્યા. થોડીવારમાં એ સાધુને તાવ આવ્યો, તેથી તેનો ખાટલો ભંડારની ઓસરીમાં રાખ્યો અને એક સાધુને તેની સેવામાં બેસારી ભલામણ કરી કે– "તમે મહારાજની અખંડ સ્મૃતિ કરાવતા રહેજો. તે જ દિવસે સંધ્યા આરતી વખતે સાધુ નિર્મળદાસજીને શ્રીજી મહારાજનાં દર્શન થયાં એટલે ખાટલામાંથી એકદમ બેઠા થઈ ગયા ! તેથી તેની સેવામાં જે સંત હતા, તે તુર્તજ સ્વામી પાસે આવ્યા અને કહ્યું : "સ્વામી ! માંદા સ્વામીને કાંઈક થઈ ગયું છે." સ્વામી તત્કાળ આવ્યા, એટલે તે સાધુએ હાથ જોડી કહ્યું: "શ્રીજી મહારાજ પધાર્યા છે; ને હું ધામમાં જાઉં છું." એમ કહી 'જયશ્રી સ્વામિનારાયણ' કહી દેહત્યાગ કર્યો !

સં. ૧૯૪૫ની સાલમાં મિસ્ત્રી માવજી ડોસાભાઈને યજ્ઞ કરાવવો હતો. તેના પરિયાણ માટે પાંચ મંડળ ભેળાં થયાં હતાં. એ વખતે સ્વામીના મંડળના એક સાધુ પુરુષોત્તમવલ્લભદાસજી હતા, તે માંદા થયા. તેમણે પ્રથમ વડતાલના

સમૈયામાં ગયેલા ત્યારે સ્વામી પાસે માગણી કરેલી કે – 'સ્વામી ! મને ધામમાં મોકલી દો, ત્યારે સ્વામીએ કહેલું : "હમણાં નહિ, આપણે રાજકોટ જેવા મોટા ગામમાં જઈએ ત્યારે વાત." અને પછી રાજકોટ આવ્યા, અને તે માંદા પણ પડયા; એથી તેમણે સ્વામીને કહ્યું: "તમે મને વર દીધો તે સમય આવ્યો છે, માટે હવે મને ધામમાં મોકલો." એ વખતે તે સાધુનો દેહ છૂટી જાય એવી કોઈ બિમારી ન હતી. ફક્ત તાવ આવ્યો હતો. પણ સાચા ભાવથી ધામમાં જવાની પ્રાર્થના કરી. તેથી સ્વામીએ કહ્યું : "કાલે મહારાજ તમને તેડી જશે." પછી સ્વામીએ હરિભક્તો આગળ વાત કરી : "બાઈઓને મંદિરે કહો કે સૌ પોતપોતાને ઘેરથી એક સૂંડલો છાણાં આપી જાય. સાધુ માંદા છે તે કામ લાગે.." ત્યારે એક સાધુ કહે, "સ્વામી ! એમ એક જ દિવસના મંદવાડમાં દેહ પડે ?" સ્વામી કહે, "નહિ પડે, તો છાણાં આવશે તે સાધુને રસોઈ કરવા થશે, તમે ફિકર કરો મા." પછી ગામમાંથી કહ્યા પ્રમાણે છાણાં આવ્યાં. અને બીજે દિવસે સવારે તે સાધુએ બોલતાં ચાલતાં દેહ મૂક્યો. આમ સ્વામીના વચનથી શ્રીજી મહારાજ તે સાધુને દેહ મુકાવી ધામમાં તેડી ગયા.

એક વખત સ્વામી **કાલસારી** હતા, ત્યાં પોતાના સાધુ શ્રીકૃષ્ણદાસજી બહુ બિમાર થઈ ગયા. હરવખત ઝાડે જવું પડે એટલે તેમણે ફળીમાં એક બાજુ ખાડો કરી આપ્યો હતો. સ્વામી ગામડાંઓમાં ફરતા ફરતા કાલસારી આવ્યા હતા અને ત્યાંથી વડતાલ સમૈયા ઉપર જવું હતું તેથી માંદા સાધુને કહ્યું : "તમારી સેવામાં બે સાધુ રહેશે, માટે તમારે અહીં રહેવું હોય તોય ભલે, ને કહો તો તરવડામાં આપણા હેતવાળા હરિભક્ત છે, ત્યાં તમને મૂકી જાય. હવે અમારા ભેગા તમે માંદા છો તેથી રહી શકો તેમ નથી; અને જો ધામમાં જવું હોય તો ધામમાં મોકલી દઈએ" ત્યારે તે સાધુ વૃદ્ધ ને ભગવદીય હતા, એટલે બોલ્યા : "જો તમે ધામમાં મોકલી દેતા હો, તો મારે બધી ઉપાધિ ટળી જાય. મારે ક્યાંય જવું નથી." પછી સ્વામીએ કહ્યું, "કાલે સવારે શ્રીજી મહારાજ તેડી જશે, માટે મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખી ભજન કરો." પછી સ્વામીએ સાધુને કહ્યું કે, "ખાડો પૂરી દો." ત્યારે સાધુ કહે, "અરે, સ્વામી ! દિવસમાં દસબાર વખત તેને ઝાડે જાવું પડે છે ને ખાડો પૂરી દઈએ તો તે ક્યાં જશે ?" સ્વામી કહે : "હવે તમે ચિંતા કરો મા, એ સાધુની અરજી શ્રીજી મહારાજના ચરણમાં પહોંચી ગઈ, એટલે હવે કાંઈ નહિ થાય". સાધુએ ખાડો પૂરી દીધો. સ્વામીના કહેવા પ્રમાણે તેમને એક પણ વખત ઝાડે જવું

પડ્યું નહિ અને તેમણે સવારે દેહત્યાગ કર્યો ! ત્યાર બાદ સ્વામી વડતાલ સમૈયા ઉપર ગયા.

એક વખત સ્વામી **રાજકોટ** પધાર્યા હતા, તે સમયે રાજકોટના હરિભક્ત બ્રાહ્મણ દેવકૃષ્ણ વ્યાસ હતા, તેમણે સ્વામીને પ્રાર્થના કરી કહ્યું કે : "મારી વાસના નિર્મૂળ થાય અને મને મહારાજ જલદી ધામમાં તેડી જાય એવી દયા કરો." સ્વામી કહે: "મહારાજ તો તૈયાર જ છે. આપણે નિર્વાસનિક થઈએ એટલી જ વાર છે, અમે કહીએ તેમ તમારાથી બનશે ?" ત્યારે તે કહે: "સ્વામી ! તમે જેમ કહો તેમ કરું." ત્યારે સ્વામીએ કહ્યું : "તમારે હમેશાં નિયમિતપણે મંદિર વાળવું અને બને તો ફળી પણ વાળવું. છ મહિના એ પ્રમાણે કરશો, એટલે શ્રીજી મહારાજ ધામમાં તેડી જશે, પછી તે સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી પોતે બ્રાહ્મણ હતા તોપણ મંદિર વાળી ફળી પણ વાળતા ને ફળીમાં કડિયા વગેરેના જોડા પડ્યા હોય તેને હાથેથી ખસેડી મહિમાથી રોજ ફળી વાળતા; એમ સેવા કરતાં છ મહિના થયા, ત્યાં તે વખતે રાજકોટમાં મિસ્ત્રી વાલભાઈને શ્રીજી મહારાજ તેડવા પધારેલા પણ તેને કારણસર મૂકી ગયા ને દેવકૃષ્ણ વ્યાસ ને દર્શન દઈને ધામમાં તેડી ગયા.

એક વખત સ્વામી **ચાડિયા** ગામે પધાર્યા હતા. ત્યાં દરબાર લખમણવાળા સ્વામીનાં દર્શન કરવા મંદિરમાં આવ્યા, પોતે સત્સંગી ન હતા પણ મુમુક્ષુ જીવ અને સત્સંગનો ગુણભાવ બહુ સારો હતો, એટલે સ્વામીને મોટા પુરુષ જાણી સમાગમ કરવા આવેલા. સ્વામીએ બેચાર દહાડા વાતો કરી, પછી એક દિવસ કહ્યું: "દરબાર, તમે સત્સંગી થાવ." ત્યારે તેમણે કહ્યું: "અમે ઘણે ઠેકાણેથી સાંભળીએ છીએ કે, અંતકાળના સમયે સ્વામિનારાયણ ભગવાન તેના ભક્તને દર્શન આપીને ધામમાં તેડી જાય છે. આવો અદ્‌ભુત ચમત્કાર બીજે સ્થળે બહુ જ ઓછો જોવામાં આવે છે. તો તમે મને વર આપો કે અંત વખતે તમે મને ધામમાં તેડી જાશો તો હું હરિભક્ત થાઉં." પછી સ્વામીએ શ્રીજી મહારાજને હૃદયમાં ખૂબ સંભારીને કહ્યું : "દરબાર, અમે તમને વચન આપીએ છીએ કે-જાઓ, "ચોક્કસ અમારે તમને ધામમાં લઈ જવા." પછી દરબાર નિયમધારી સત્સંગી થયા. ત્યાર બાદ જયારે દરબારનો અંતસમય આવ્યો ત્યારે શ્રીજી મહારાજ, સ્વામી બાલમુકુંદદાસજી સાથે દરબારને તેડવા પધાર્યા. પછી દરબારે સૌને કહ્યું : "મારા ગુરુ બાલમુકુંદદાસજી મને તેડવા આવ્યા છે, ને હું ભગવાનના ધામમાં જાઉં છું." આમ સૌને કહીને ધામમાં ગયા.

જામનગરમાં કડિયા લાલાભાઈ બહુ સારા સત્સંગી હતા તેણે ગઢડાનો દરવાજો કરેલો. એ લાલાભાઈને ચાર દીકરા હતા. પોતા પાસે જે કાંઇ પૈસોટકો હતો તે એમણે છોકરાઓને વહેંચી દીધો હતો. પછી છોકરા નોખા થઇ ગયા ને પરદેશમાં કમાવા ગયા. લાલાભાઈને કોઇ ખોરાકી પણ આપે નહિ. ત્રણ છોકરા પરદેશમાં હતા ને એક છોકરો ઘેર હતો. તે કહે, "બીજા ભાઈઓ રોટલા ન આપે તો હું પણ નહિ આપું. મારા ભાગ પ્રમાણે રોટલા આપું પણ વધારે ન આપું." આ પ્રમાણે લાલાભાઈને વૃદ્ધ–અવસ્થામાં ઘણું દુઃખ હતું. તે એમણે સ્વામી બાલમુકુંદદાસજીને કહ્યું અને દિલગીર થઈને પ્રાર્થના કરી કે, "મને ધામમાં મોકલી દો." ત્યારે સ્વામીએ કહ્યું: "તમને મહારાજ આજથી છ મહિના પછી ધામમાં તેડી જશે." ત્યારે લાલાભાઈએ કહ્યું: "એટલો બધો છેટો વાયદો ન કરો." ત્યારે સ્વામીએ કહ્યુ: "ત્રણ મહિને મહારાજ તમને તેડી જશે, ઠીક ને ?" પછી લાલાભાઈએ કહ્યું : "ત્રણ મહિના નહિ." ત્યારે સ્વામીએ કહ્યું : "હવે એક મહિનામાં જરૂર તેડી જાય તો ઠીક ને ?" ત્યારે તે કહે "હા ઠીક" પછી એક મહિનામાં એક દિવસ ઓછો હતો. ત્યાં મહારાજ તેમને ધામમાં તેડી ગયા.

ઊના પાસે **કાંધી** ગામમાં કુંભાર દેવજી ભગત સારા સત્સંગી હતા. તેમને વૃદ્ધ અવસ્થામાં એક વખત આઠ દિવસ સખત તાવ આવ્યો અને પછી સારું થઇ ગયું. એ અરસામાં સ્વામી ત્યાં પધાર્યા એટલે તેમણે સ્વામીને કહ્યું "હમણાં મંદવાડ ઘણો ગયો પણ મહારાજ તેડવા પધાર્યા નહિ. દેહ જીર્ણ થયું એટલે રહેવામાં માલ નહિ. પણ જેમ મહારાજની મરજી હોય તેમ થાય છે." ત્યારે સ્વામી કહે કે – "ધામમાં જાવું છે ?" ત્યારે તે કહે, "હા સ્વામી." ત્યારે સ્વામી કહે, "આ લોકની વાસના ન હોય અને ખરેખર ધામમાં જવાનું નક્કી હોય તો ઊઠો અને કરો મહારાજને દંડવત. પછી તેણે તુર્તજ દંડવત કર્યા અને સ્વામીને પગે લાગ્યા. ત્યારે સ્વામીએ કહ્યું : "આજથી આઠ દિવસની અંદર મહારાજ તમને ધામમાં તેડી જશે." પછી સ્વામી બીજે દિવસે ગામ વાવરડે ગયા. અને છઠ્ઠે દિવસે શ્રીજી મહારાજ દેવજી ભગતને ધામમાં તેડી ગયા.

જામનગરમાં મિસ્ત્રી જીવાભાઇ સારા સત્સંગી હતા. તે અવસ્થાએ વૃદ્ધ થયા હતા, પણ શરીરમાં કોઇ પ્રકારનો રોગ કે મંદવાડ ન હતો. વ્યવહારે સુખી હતા,

એટલે ખાવાપીવાની સારી અનુકૂળતા હતી. ક્યાગરા ચાર દીકરા હતા. તે સૌ ખૂબ તેમની સેવા કરતા. એક દિવસ મિસ્ત્રી જીવાભાઈએ સ્વામી બાલમુકુંદદાસજીની પધરામણી પોતાને ઘેર કરાવી, સ્વામીની પૂજા કરી, ધોતિયાં ઓઢાડી, પગે લાગી, સ્વામી પાસે બેસી તે કહેવા લાગ્યા કે, ‘સ્વામી, ભગવાન અને મોટા સાધુ ક્યાં ગયા ?” ત્યારે સ્વામીએ કહ્યું કે “મહારાજ અને મોટા સાધુ ક્યાંય ગયા નથી. તૈયાર છે. તમારે શું કામ છે ?” ત્યારે જીવાભાઈ બોલ્યા કે “મને ધામમાં કેમ તેડી જતા નથી ?” ત્યારે સ્વામી કહે કે “જેમ માખણમાંથી મુવાળો કાઢીએ તેમ લઈ જાશે. જરાપણ વાર લાગવા દેશે નહિ. પણ હમણાં તો તમારે ચાર દીકરા છે. તે ઢોલિયો ઢાળી મોટું ગાદલું પાથરી દીધું છે. ને આનંદથી રોટલા જમો ને ભજન કરો.” ત્યારે જીવાભાઈએ કહ્યું : “સ્વામી, શરીર સારું છે અને ખાઈએ તે પચે છે ને પરાધીનપણું નથી આવ્યું, તે પહેલાં ધામમાં મોકલી દો.” સ્વામી કહે, “નક્કી ધામમાં જવું છે ?” તેમણે કહ્યું : “હા.” પછી સ્વામી કહે, “બહુ સારું; કરો ભજન; મહારાજ આઠમે દિવસે તેડી જશે.” સ્વામીના કહ્યા પ્રમાણે આઠમે દિવસે તેને મહારાજ ધામમાં તેડી ગયા.

આખા સત્સંગમાં પ્રથમ એ રિવાજ હતો કે મોટા સદ્‌ગુરુઓ, મહંતો કોઠારીઓ વગેરે સવારમાં પૂજાપાઠ ને કથાવાર્તા કર્યા પછી પરસ્પર એકબીજાને પગે લાગવા જતા અને માંદા સાધુઓ હોય, કોઈ અતિવૃદ્ધ હોય તે બધા ઈસ્પીતાલમાં રહેતા, ત્યાં પણ સૌની સંભાળ લેવા જતા. એક વખત સ્વામી જૂનાગઢમાં હતા ત્યારે પાળા લખમણ ભગત તથા પાળા જેસંગ ભગત માંદા હતા. તેને દર્શન દેવા ઈસ્પીતાલમાં પધાર્યા. સ્વામીએ લખમણ ભગતને કહ્યું કે “તમને આજથી આઠમે દિવસે શ્રીજી મહારાજ ધામમાં તેડી જશે.” અને જેસંગ ભગતને કહે “તમારી પાસે હજુ સેવા કરાવવી છે. તમને શ્રીજી મહારાજ સાજા કરશે. માટે ભજન કરજો.” પછી પ્રમાણે આઠમે દિવસે લખમણ ભગતને શ્રીજી મહારાજ ધામમાં તેડી ગયા.

જૂનાગઢમાં પુરાણી અક્ષરપ્રિયદાસજી હતા ને ગુણાતીતાનંદ સ્વામીને મળેલા હતા અને તેમણે નાનપણમાં સ્વામીની આજ્ઞા પ્રમાણે બહુ સેવા કરેલી તેથી તેમના ઉપર ગુણાતીતાનંદ સ્વામી બહુ રાજી થયા હતા. તે પુરાણી માંદા હતા અને સ્વામીને વડતાલ સમૈયા ઉપર જવું હતું એટલે ચાલતી વખતે સ્વામી પુરાણી પાસે

ગયા અને કહ્યું : "અમે વડતાલ જઇએ છીએ. તમે ભજન કરજો. ગુણાતીતાનંદ સ્વામી વગેરે મોટા સંતોને સંભાળજો અને ધીરજ રાખજો. શ્રીજી મહારાજ થોડા દિવસમાં સારું કરી દેશે. અમે સાધુને ભલામણ કરી છે. માટે તમારી સેવા પ્રેમથી કરશે." પછી પુરાણી અક્ષરપ્રિયદાસજીએ બે હાથ જોડી સ્વામીને કહ્યું કે "સ્વામી, તમે મહારાજ તથા સ્વામીને કહો તો ધામમાં તેડી જાય." ત્યારે સ્વામીએ કહ્યું : "ધામમાં જાવું હોય તો તૈયાર થાઓ. મહારાજ તો તૈયાર છે. આજથી ત્રીજે દિવસે બપોરે શ્રીજી મહારાજ તમને ધામમાં તેડી જશે. મહારાજ તથા સ્વામીને અમારા જય શ્રી સ્વામિનારાયણ કહેજો. હવે આપણે ભેગા નહિ થઇએ." આ રીતે વાત કરી 'જય સ્વામિનારાયણ' કહી વડતાલ જવા રવાના થયા. પછી સ્વામીના કહેવા પ્રમાણે ત્રીજે દિવસે બપોરે પુરાણીએ દેહ મૂક્યો.

સ્વામીનું ઐશ્વર્ય દુઃખ-દારિદ્રવિનાશક પ્રસંગો

એક વખત સ્વામી ગામ **ઢોલરવા** પધાર્યા ને ત્યાં પંદરેક દિવસ રોકાયા. સૌ કથાવાર્તાનો લાભ લેતા અને વારાફરતી દરેક સત્સંગી સંતોને રસોઇ આપી પ્રેમથી જમાડતા હતા. ગામમાં આણંદજી કરીને એક લોહાણા સત્સંગી હતા. તે વ્યવહારે બહુ દુર્બળ હતા એટલે ઇચ્છા હોવા છતાં રસોઇ આપી શકેલ નહિ. સ્વામીએ તેમને એક દિવસ કહ્યું કે, "બાર મહિનામાં એક્વાર સાધુને રસોઇ દેવી. "ત્યારે તેણે કહ્યું કે, "શું રસોઇ આપીએ ? ઘરમાં ખાણની ખોરી જારના રોટલા ખાઇએ એ આપને કેમ અપાય ?" ત્યારે સ્વામીએ કહ્યું : "ઘરમાં જે ખાતા હોઇએ તે સાધુને જમાડીએ. માટે જારનો લોટ લઇ આવો." પછી તે નવી જાર ઉછીની માગી લાવી, તેનો લોટ લાવ્યા. સ્વામીને ખબર પડી એટલે એ લોટ પાછો મોકલી ખોરી જારનો લોટ મંગાવી તેના રોટલા કરાવ્યા. ગામમાં ઠક્કર ભવાનભાઇ ઘણા સેવાભાવી સત્સંગી હતા. તેને ખબર પડી એટલે તે ઘઉંનો લોટ લાવ્યા ને સાધુને કહ્યું : "ઠાકોરજી માટે આની થોડી રોટલી કરજો." સ્વામીએ તુર્ત જ લોટ પટારામાં મૂકી દીધો અને ભવાનભાઇને કહ્યું કે "આજ આણંદજીનું દારિદ્ર કાઢવું છે' માટે ઠાકોરજી અને સૌ સંતો જારના રોટલા જમશે." પછી સ્વામી તથા સૌ સાધુઓ ખોરી જારના રોટલા જમ્યા અને આણંદજીને આશીર્વાદ આપ્યો કે, "હે શ્રીજી મહારાજ ! આ આણંદજીનું દુઃખદારિદ્ર નાશ કરજો." સ્વામીએ આણંદજીને પૂછ્યું: "તમે શું કામ કામ કરો

છે ?" ત્યારે તેણે કહ્યું : "સ્વામી હું ગામનો અવાડો ભરું છું ને તેની નીચે થોડી જમીન છે, તેમાંથી ગુજરાન ચલાવું છું." સ્વામી કહે, "લુહાણા તો વ્યાપારી કહેવાય. તે વેપાર કરો, ભગવાન તેમાં લાભ આપશે." આણંદજીએ કહ્યું : સ્વામી, પૈસા વિના વ્યાપાર શી રીતે કરવો ?" પછી સ્વામીએ કોઇ હરિભક્તને કહીને તેને ઉછીના રૂપિયા અપાવ્યા. પછી તેણે વ્યાપાર શરૂ કર્યો. તેમાં સ્વામીના આશીર્વાદથી દરેક પ્રકારે અનેક ગણો લાભ રહેવા માંડ્યો. તે થોડા સમયમાં મોટા વ્યાપારી બની ગયા. આખા અમરેલી પ્રાંતમાં મોટા શેઠ કહેવાયા અને મોટા પ્રમાણમાં કપાસ, તલ વગેરેનો વ્યાપાર કરતા. જે એક દિવસ આણંદજી આદો અવેડીયો કહેવાતો તે આમ સ્વામીની દયાથી આણંદજીભાઇ શેઠ કહેવાયા.

એક વખત સ્વામી **ઓઢાના સમઢિયાળા** પધાર્યા. ત્યાં વીરા શેલડિયાના દીકરા પટેલ રામભાઈ સારા સત્સંગી હતા, પણ વ્યવહારે ઘણા જ દુર્બળ ! તેથી સ્વામીએ કહ્યું "જારબાજરીનો લોટ સાધુ સારુ લાવજો." પણ પોતાને એમ થયું કે સ્વામી જેવા મોટા સંત પધાર્યા છે તેને જારના રોટલા જમાડીએ એ તો ઠીક નહિ એમ ધારી ઘરમાં એક ત્રાંબાની ગોળીને નવું બુંગણ હતું તે લઈને વ્યાપારીની દુકાને ગયા ને કહ્યું કે, "આ બે વસ્તુ રાખો ને ઘી, ઘઉ, ચોખા ઈત્યાદિ સામાન આપો." પણ કોઈએ વસ્તુના બદલામાં સામાન આપ્યો નહિ. આ વાત તેમણે મંદિરે આવી સ્વામીને કરી. સ્વામીએ કહ્યું કે, "અમે તમને પ્રથમથી જ કહ્યું હતું કે જે ઘરમાં જમતા હો તે જ લોટદાળ લાવો." પછી તે જારનો લોટ અને અડદની દાળ લાવ્યા તે સંતો ઠાકોરજીને જમાડીને જમ્યા. પછી સ્વામીએ સૌ સંતોને કહ્યું કે "શ્રીજી મહારાજને પ્રાર્થના કરો અને માળા ફેરવો તે રામભાઈને મહારાજ સુખી કરે." આ પ્રમાણે સ્વામીના આશીર્વાદથી સારી પેઠે સુખી થયા. અત્યાર સુધી તેની પરંપરામાં સૌ પૈસેટકે સારી પેઠે સુખી છે, તે સત્સંગ પણ સારો રાખે છે.

ગામ **તરવડામાં** જાગો પટેલ હતા. તેને પ્રથમ સત્સંગ ન હતો અને કેટલાંક વ્યસનો તથા ઘણી કુટેવો અને કેટલાંક અપલક્ષણો હતાં. પરંતુ તેના ઘરનાં સ્ત્રી વાંક્યિાવાળા રાણા ઠુમરની દીકરી હતાં. તે બાઇ બહુ બળિયા સત્સંગી હતાં. તે બાઇ નાની ઉમરમાં બિમાર થયાં અને તેને એમ ભાસ થયો કે, મારો દેહ હવે નહિ રહે. તેથી પોતાના બાપને બોલાવીને કહ્યું: "તમે મારા ખાટલા પાસે રહેજો.

મને શુદ્ધિ ન હોય ત્યારે કોઇ જેવીતેવી દવા પાઇ ન દે તે તમારે ધ્યાન રાખવું મારે શ્રીજી મહારાજનો દૃઢ આશરો અને એનું બળ છે. એટલે બીજો કાંઇ વાંધો નથી. આપણે તો ભગવાનના ધામમાં જવું છે." પછી અંતકાળે શ્રીજી મહારાજ તે બાઈને તેડવા પધાર્યા. ત્યારે તેણે કહ્યું : "મને સ્વામિનારાયણ ભગવાન તેડવા પધાર્યા છે ને હું અક્ષરધામમાં જાઉં છું ને તમારે સુખી થાવું હોય તો સત્સંગી થાજયો." આમ કહી બાઈએ દેહત્યાગ કર્યો. એ જોઇને સર્વ લોકો ઘણું આશ્ચર્ય પામ્યા.

પછી જાગા પટેલે વિચાર કર્યો કે, "આવો ચમત્કાર બીજે કોઇ ઠેકાણે દેખાતો નથી. આવા કળિકાળમાં સ્વામિનારાયણ ભગવાન અંતકાળે પોતે તેડવા પધારે છે. આ તો ભારે અદ્‌ભુત વાત છે. સ્વામિનારાયણના આશ્રિત થાય તે જીવતાં સુખી અને મર્યા પછીય પણ સુખી. મારી જિંદગી તો ફેલફીતુરી ને ખોટા ઝેળમાં ગઇ. માટે હવે સાચા ગુરુને શરણે જઈએ." આમ નક્કી કરી જાગો પટેલ તથા તેમના પુત્ર એ બંને સ્વામી વાંકિયા હતા ત્યાં આવ્યા. સ્વામીને વાત કરી કે "અમારે સત્સંગી થાવું છે." સ્વામી કહે–'તમારાથી અમારા નિયમો પળાશે નહિ. ફેલફીતુરો છોડવાં બહુ કઠિન છે.' ત્યારે તેમણે કહ્યું–'તમે જે નિયમ આપશો તે પાળીશું. પણ અમારે સત્સંગી તો જરૂર થાવું છે.' પછી સ્વામીએ નિયમ ધરાવી તેમને કંઠી બાંધી સત્સંગી કર્યા અને સ્વામી પોતે તરવડા પધાર્યા ને ત્યાં પટેલને ખૂબ વાતો કરી અને બીજા પણ ઘણા લોકોને સત્સંગી કર્યા. જાગા પટેલ વ્યવહારે બહુ દુર્બળ હતા. તે સ્વામીના આશીર્વાદથી સુખી થયા. પછી તેમણે સ્વામીને ત્યાં રોકી પાકું મંદિર કરાવ્યું. પટેલને સ્વામીને વિષે એવી આત્મબુદ્ધિ થઇ ગઇ કે, સ્વામી જેમ કહે તેમ દીનઆધીન થઈને કરતા. બે હાથ જોડી સ્વામીને કહેતા કે, "દયાળુ ! અન્નદાતા ! મને ઠેઠ અક્ષરધામમાં પહોંચાડજો. વચ્ચે ક્યાંય રહેવા દેશો નહિ." આ રીતે અતિ નિર્માની થઈને પટેલ સ્વામીની અનુવૃત્તિ પ્રમાણે રહેતા. સ્વામી પણ તેમના ઉપર ઘણા પ્રસન્ન થયા હતા. છેવટે જયારે જાગો પટેલ માંદા થયા ત્યારે સ્વામી ત્યાં જ રોકાયા અને દિવસમાં બે વખત તેમને ઘેર દર્શન દેવા જાતા. પટેલને ધામમાં મોકલી પછી સ્વામી ત્યાંથી બીજે ગામ ગયા. આમ પટેલને સત્સંગી કરી, કથાવાર્તાથી તેમને શુદ્ધ કરી, વ્યવહારે પણ સુખી બનાવી, અંત વખતે પાસે રહીને અક્ષરધામમાં મોકલી દીધા.

રાજકોટમાં પોપટ વેલજી મોટા ધનાઢ્ય સદ્‌ગૃહસ્થ વાણિયા સારા સત્સંગી હતા. તેઓ સત્સંગનો પક્ષ માથા સાટે રાખતા. તેણે ધ્રાંગધ્રા, વાંકાનેર અને જામનગર એમ ત્રણ રાજયની દીવાનગીરી કરી હતી. તેમના ભાઇ સોમચંદભાઇ હતા. તે પણ સારા સત્સંગી હતા એ પણ બેત્રણ રાજયના દીવાન થયા હતા. પોપટભાઇને સ. બ્રહ્મચારીશ્રી અચિંત્યાનંદ સ્વામીની સાથે હેત હતું. અને સ. સ્વામી બાળમુકુંદદાસજી સાથે વિશેષ હેત હતું. આથી સ્વામીની આજ્ઞા પ્રમાણે તેઓ ખરે વખતે સત્સંગનો પક્ષ બહુ જ રાખતા અને સેવા કરતા. એક વખત પોપટભાઇના એક પગમાં બહુ જ દુખાવો થયો. આખો પગ બહુ જ સોજી ગયો. તેની અસહ્ય વેદના થવા લાગી. ખાટલામાં પણ હરીફરી શકે નહિ. આવી પીડા થતી હતી. તેથી વૈદ્યડૉકટરોના ઘણા ઉપાયો કર્યા, પણ શાંતિ થઇ નહિ. એવામાં સ્વામી રાજકોટ પધાર્યા તે સમાચાર દીવાન પોપટભાઇને મળ્યા એટલે તેમણે તરત જ ઘોડાગાડી મોકલી સ્વામીની પધરામણી પોતાને ઘેર કરાવી. પછી સ્વામીએ ઘણી વાર સુધી વાતો કરી તેમને શાંતિ આપી કહ્યું કે, "અમદાવાદમાં ધ. ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજને જનોઇ આપે છે, તે ઉપર અમને ત્યાં તેડાવ્યા છે. તે અમે જઇએ છીએ. તમે સાથે આવો તો સારું." ત્યારે પોપટભાઇએ કહ્યું – "સ્વામી ! આપ કહો અને હું ન આવું એમ બને નહિ. પણ મારે પગે સખત દુખાવો છે, તેથી આવી શકું તેમ નથી. આપ દયા કરીને દુખાવો મટાડી દો તો આપની સાથે આવું." ત્યારે સ્વામીએ કહ્યું – "તમારો પગ આજ રાતમાં મહારાજ સારો કરી દેશે." એટલે પોપટભાઇ કહે, "તો તો આપની સાથે આવું." સ્વામીનાં વચનથી શ્રીજી મહારાજે એવી કૃપા કરી કે એ જ રાત્રિમાં પગનો સોજો સાવ ઉતરી ગયો અને ઘણી જ શાંતિ થઇ ગઇ એટલે પોપટભાઇ સવારે ચાલીને દર્શન કરવા આવ્યા અને સાંજે સ્વામીની સાથે અમદાવાદ ગયા. આ રીતે સ્વામી જે વચન કહેતા તે શ્રીજી મહારાજ જાણે પ્રત્યક્ષ સાંભળતા હોય તેમ સત્ય કરતા. અખંડ ભગવાનને ધારી રહેલા સત્પુરુષો નિઃસ્વાર્થભાવે કેવળ જીવાત્માઓને ભગવાનમાં જોડવાના હેતુથી જે જે શુભ સંકલ્પો કરે તે ભગવાન સત્ય કરે છે. જયાં દંભ, કપટ, સ્વાર્થ ને ખોટો ડોળ હોય ત્યાંથી ભગવાન દૂર રહે છે.

ગામ **પીપલાણામાં** કડિયાકુંભાર રાઘવભાઇ હતા. તેને આઠ માસથી શરીરમાં બિમારી હતી. આખો દિવસ હરવખત ઝાડા થયા કરે, તેથી શરીર સાવ

પીળું ને અશક્ત થઇ ગયેલું. ઘણી દવા કરી પણ સારું થાય નહિ. એવામાં સ્વામી ત્યાં પધાર્યા. એટલે એમનાં સંબંધીઓ તેને ઉપાડીને સ્વામી પાસે લાવ્યા. પછી સ્વામીને પ્રાર્થના કરી કે, "સ્વામી ! કાંતો આને સુવાણ થાય તેમ કરો ને કાંતો ધામમાં મોકલી દો. આઠ મહિનાથી હેરાન થાય છે. માટે આપ દયા કરો તો દુઃખ મટે." પછી સ્વામીએ કહ્યું – "શ્રીજી મહારાજ સારું કરશે પણ આપણે માનતા કરીએ." ત્યારે તેના ભાઇએ કહ્યું – "સ્વામી ! તમે કહો તો સારંગપુરના હનુમાનજીની માનતા કરીએ અને કહો તો જૂનાગઢના હનુમાનજીની માનતા કરીએ." ત્યારે સ્વામીએ કહ્યું કે, "પૈસાની માનતા નહિ, એને ભગવાન સારું કરે તો એક મહિનો આ મંદિરમાં બેઠક વગેરે કરાવવું છે. તેમાં દેહથી સેવા કરે." પછી તેણે તે સેવા કરવાનું કબૂલ કર્યું એટલે સ્વામીએ કહ્યું – "આને ઠાકોરજીને પગે લગાડો અને બીલાનો ગરભ દહીમાં રોજ ખવરાવજો." પછી તે પ્રમાણે કર્યું ત્યાં તો, સાત દિવસમાં જાણે શરીરમાં બિમારી જ ન હતી એટલું સારું થઇ ગયું.

ભૂતપ્રેતથી રક્ષા કરેલી તે સંબંધી વાતો

ઓઢાના સમઢિયાળાના પટેલ ભગવાનભાઇ આગેવાન સત્સંગી હતા. તેમને કોઇ કારણસર ભૂત વળગેલું, તેથી સારંગપુરના હનુમાનજીની માનતા કરી સવા પાંચ રૂપિયા નથુ શેઠની દુકાને મૂકી દીધા, એટલે સારું થઇ ગયું. ગામમાં વીર વિદ્યાવાળો એક કોળી રહેતો હતો. તેને પોતાની આજીવિકાના સ્વાર્થ ખાતર ઈર્ષા આવી કે "મને બોલાવ્યો નહિ અને પટેલે પોતાની મેળે સારંગપુરની માનતા કરીને કામ પતાવી લીધું પણ હવે જોઇ લે કે તેની શી દશા થાય છે." પછી તે કોળીએ પણ પટેલને વીર નાખ્યા તેથી પટેલને ખૂબ દુઃખ થવા લાગ્યું. કોળી ગામલોકો પાસે કહેવા લાગ્યો કે "મને બોલાવે તો પહેલો વળગાડ કાઢું. મને નહિ બોલાવે તો તેનો વળગાડ જાશે નહિ. જુઓ ને સારંગપુરની માનતા કરી તોય ભૂત પાછું આવ્યું." આમ અહંકારે કરીને તે કોળી સારંગપુરના હનુમાનજીની ન્યૂનતા દેખાડી, નિંદા કરવા લાગ્યો. પરંતુ પટેલ તો સારા સત્સંગી હતા તેથી કોળીને બોલાવ્યો નહિ. તેમ તેને કંઇપણ પૂછ્યું નહિ. પટેલને શરીરમાં વિશેષ દુઃખ થવા લાગ્યું. એટલે તેમણે કહ્યું, "સ્વામી બાળમુકુંદદાસજીને જ્યાં હોય ત્યાંથી તેડી લાવો." પછી પટેલના ભાઇ સ્વામી ખારાપાટમાં કેરિયા ગામે હતા ત્યાંથી ગાડુ લઈને તેડી આવ્યા પછી

સ્વામીએ ભગવાનભાઈને ઠાકોરજી પાસે બેસારી જનમંગળ અને હનુમાનજીના સ્તોત્ર તથા શિક્ષાપત્રીના પાઠ કરાવ્યા. પછી ધૂન કરી તેથી ભૂત 'જાઉં છું' એમ કહીને ચાલ્યું ગયું. પછી સ્વામી ત્યાંથી ખોડી ગામ પધાર્યા. ત્યારે સ્વામીને વળાવીને સૌ પાછા આવ્યા ત્યારે કોળી બોલવા લાગ્યો કે, "એના સાધુ વળગાડ કાઢીને જાય છે પણ હું પાછા વળગાડીશ." પછી તેણે ફરીથી પટેલને વીર નાખ્યા. તેથી પટેલને જેવું દુ:ખ હતું તેવું પાછું થઇ ગયું. એટલે પેલો કોળી કહેવા લાગ્યો કે "હનુમાનજી અને એના સાધુ ભૂત કાઢી શકયા નહિ." પછી ખોડીથી તરત જ સ્વામીને પાછા તેડી લાવ્યા. સ્વામીએ પટેલને ઠાકોરજી આગળ બેસારી હનુમાનજીના સ્તોત્રનો પાઠ અને સ્વામિનારાયણ નામની ધૂન ઘણીવાર સુધી કરી. ત્યારે પટેલ ધૂણવા લાગ્યા એટલે સ્વામીએ પૂછ્યું, "તું કોણ છે ?" તો પણ તેણે કંઇ જવાબ દીધો નહિ. પછી સ્વામીએ 'સ્વામિનારાયણ' એમ કહી પોતાની લાકડી અડાડી કહ્યું: "બોલ, કોણ છે ?" એટલે તેણે એકદમ ડરી જઇને જવાબ દીધો કે "અમે કોળીના વીર છીએ. અમને કોળીએ મૂકયા છે. તેથી આવ્યા છીએ." પછી સ્વામીએ કહ્યું, "હવે જતા રહો" ત્યારે તે વીર કહે, "અમે જઇએ તો ખરા પણ સારંગપુરના હનુમાનજી આડા ઊભા છે. તે જવા દેતા નથી. અને કહે છે કે કોળીએ મારું અપમાન કર્યું છે માટે હવે હું કોળીની ખરી ખબર લઇશ." પછી સ્વામીએ કહ્યું 'સારંગપુરના હનુમાનજી આવો ને આ વીરને પ્રથમની પેઠે મારો.' એટલે સારંગપુરના હનુમાનજી આવ્યા ને વીરને મારવા માંડયા તેથી પટેલના દેહમાં રહી ધૂણે અને રાડોરાડ પાડે ને કહે કે "માબાપ ! હવે મારો માં. અમને જવા દો." તોપણ હનુમાનજી ભૂતને જવા દે નહિ અને મારે. પછી સ્વામીએ કહ્યું કે, "હવે બીજા જૂનાગઢના હનુમાનજી આવો ને મારો." પછી તે પણ આવ્યા અને ભૂતને મારવા માંડયા. ભૂત કહે, "બે હનુમાનનો માર ખમાતો નથી." વળી સ્વામીએ કહ્યું, "ગોંડળના હનુમાનજી આવો." એટલે એ પણ આવ્યા ને ભૂતને મારવા લાગ્યા. પછી સ્વામી કહે, "ખોડી તથા અહીના હનુમાનજી પણ આવો" એટલે તે પણ આવ્યા. પછી પાંચ હનુમાનજી ભેગા થઈને ભૂતને માર મારવા લાગ્યા. અને ભૂત રાડોરાડ પાડી ધૂણવા લાગ્યા. ને કહે, "હવે જવા દો. "ત્યારે સ્વામી કહે "તમે કોણ છો ?" ત્યારે તે કહે, "કોળીના વીર છીએ." સ્વામી કહે, "કોળી ક્યાં છે ?" ત્યારે તે કહે "એ તો સીમમાં વાડીએ છે." પછી સ્વામી બોલ્યા કે, "સારંગપુરના હનુમાનજી તમે અદૃશ્યપણે રહી કોળીને ચોટલી ઝાલીને અહીં લઇ આવો." પછી

સારંગપુરના હનુમાનજી સીમમાંથી ધક્કે મારી તે કોળીને ગામના પાદર સુધી લાવ્યા કોળી કંઇ દેખે નહિ પણ તેને એમ જણાય કે, મને કોઇક ધક્કો મારે છે. પછી તે કોળી પાદરથી પોતાને ઘેર ગયો, એટલે મંદિરમાં વીર બોલ્યા કે, "હનુમાનજી કોળીને ધક્કો મારીને લાવ્યા છે. પણ તે કોળી ઘેર ગયો છે." પછી ગામના પટેલ ભવાનભાઈએ સિપાઇ મોકલી તેને મંદિરે બોલાવ્યો એટલે તે મંદિરે આવી ઝાઝા માણસોની ઓથે થાંભલા આડો ધ્રૂજતો ધ્રૂજતો આવીને બેસી ગયો.પછી સ્વામીએ તેને પૂછ્યું, આ તારા વીર છે ." ત્યારે તેણે કહ્યું કે "માબાપ ! મારા વીર નથી." એટલે જેમાં વીર હતા તે ભગવાન પટેલમાં ધૂણીને બોલ્યા "ખોટું કેમ બોલે છે ? અમે તારા જ વીર છીએ અને તારા મૂક્યા જ આવ્યા છીએ.." ત્યારે કોળી કહે, "મારા હો તો મારામાં આવો." ત્યારે વીર કહે, "હનુમાનજી આડા ઊભા છે. તે ક્યાંઇ જવા દેતા નથી." પછી સ્વામીએ તે કોળીને કહ્યું : "તું સમ ખા કે હવે કોઇ દિવસ આવું નહિ કરું." ત્યારે તેણે પોતાની દેવીના સમ ખાધા ને કહ્યું : "જો હવે આમ કરું તો મારું હનુમાનજી કાંધ ભાંગે." પછી સ્વામીએ હનુમાનજીને કહ્યું – "હવે ભૂતને જવા દો. એટલે ભૂત ચાલ્યાં ગયા અને કોળી પોતાને ઘેર ગયો. પછી થોડી વાર થઇ ત્યાં તે ભવાન પટેલ પાછા ઠાકોરજી આગળ ઊભા થઈને એક પગ ફણાભર જરા ઊંચો રાખી એક હાથની આંગળી ઊંચી કરી ધૂણવા લાગ્યા, ત્યારે સહુને એમ થયું કે "વળી પાછું આ શું થયું.?" ત્યારે સ્વામીએ કહ્યું," એ ભૂત નથી, પણ હનુમાનજી છે." પછી ધૂણતા ધૂણતા હનુમાનજી બોલ્યા કે, "હું સારંગપુરનો હનુમાનજી છું. તે હું એકલો નથી પણ પાંચ હનુમાનજી છીએ." પછી સ્વામીએ દરેક હનુમાનજીની માનતા તેલ, નાળિયેર અને પૈસા મોકલી આપવાનું કહ્યું એટલે હનુમાનજી ચાલ્યા ગયા. આ રીતે સ્વામીએ અદ્ભુત સામર્થ્ય જણાવીને ભૂતનો વળગાડ કાઢ્યો. તે જોઈને અન્ય લોકો પણ બહુ જ આશ્ચર્ય પામ્યા. હવે અહીં એવી શંકા થવા સંભવ છે. કે હનુમાનજી તો એક જ છે. અને આખી દુનિયામાં એ એક જ હનુમાનજી સર્વ સ્થળે સ્થાપન કરેલા છે તો પછી પાંચ હનુમાનજી આવ્યા એ કેમ કહી શકાય ? તો હનુમાનજી એ દેવ છે. અને જે દેવ હોય તે જયાં જેવી જરૂરિયાત હોય ત્યાં તેવી રીતે પોતે એક હોવા છતાં અનેક રૂપો ધરી કાર્ય કરે છે.

ગામ **કેરિયા**માં લાલજી સોનીનો દિકરો કોઇક ગામ ગયેલો તે રસ્તામાં ચાલતાં એક બાવાની ઘોડી રસ્તાકાંઠે ચરતી હતી તેને બે લાકડી તથા સરકના

સરપટાં માર્યાં તે ઘોડીના માલિક બાવાએ નજરે ભાળ્યું. બાવો વીર વિદ્યાવાળો હતો તેથી છોકરાને જીવતો વળગ્યો ને ઘણા દિવસ દુઃખ દીધું. પછી તે લાલજી સોની પોતાના દીકરાને તેડીને સ્વામી પાસે ગોખરવાળા આવ્યા. પછી સ્વામીએ પાઠ કરાવી ધૂન કરી તેને ધુણાવ્યો. ત્યારે તે બોલ્યો : "હું ફલાણો બાવો છું." સ્વામીએ પૂછ્યું : "તું શા માટે વળગ્યો ?" ત્યારે તેણે કહ્યું : "મારી ઘોડીને વગર વાંકે શા માટે મારી ?" સ્વામીએ કહ્યું – "બસ એટલો જ વાંક છે ને ? હવે તું આને બે સરપટા મારી લે." એટલે તે કહે : "ના, એમ નહિ. હવે તો એનો જીવ લેવો છે." "ત્યારે તારો શો ભાર છે તે જીવ લઇ શકે ?" એમ કહી ધૂન કરાવી અને સારંગપુરના હનુમાનજીને કહ્યું : "તમો આવો." એટલે તે તરત જ આવ્યા ને ખૂબ ધમકાવ્યો એટલે તે કહેવા લાગ્યો : "હું જાઉં છું. જો હું પાછો આવું તો મારા કાંધ કેડે હનુમાનજી !" એમ સમ ખાઇને તે ગયો.

કેરિયા ગામમાં એક ભાયો ભગત કહેવાતો હતો. તેને તેની ભોજાઇએ અડદ મંત્રાવીને છાના ખવરાવ્યા, તેથી ભૂત વળગ્યું. તે કાંઇ ખાવાપીવા દીએ નહિ. તેથી તેનું શરીર એકદમ સુકાઇ ગયું. ને મરે તેવી સ્થિતિ થઇ ગઇ. પછી તેને ગાડામાં નાખી મોટા વાંક્યિા સ્વામી હતા ત્યાં લાવ્યા. પણ સ્વામી તે વખતે બીજે ગામ ગયા હતા. પછી સ્વામીના સાધુઓ હતા તેમણે ધૂનભજન ખૂબ કર્યાં પણ ભૂત બહુ મેલું તે કાંઇપણ જવાબ આપે નહિ. દસ દિવસ સુધી સાધુઓએ પાઠ ને ધૂન વગેરે કર્યાં પણ ભૂત ગયું નહિ. પછી સ્વામી આવ્યા ત્યારે સાધુઓએ કહ્યું : "અમે દસ દિવસથી દાખડો કરીએ છીએ પણ ભૂત જતું નથી. બહુ મેલું છે." પછી સ્વામીએ તેને ઠાકોરજી આગળ બેસારી ધૂન કરી એટલે તે ધૂણીને બોલ્યો : "હું તો મામો છું ને અમુક ઠેકાણે ખીજડામાં રહું છું. ને આનો જીવ લેવા એની ભોજાઇએ મને મોકલ્યો છે." ત્યારે સ્વામી કહે: "તારો શો ભાર છે કે તું એનો જીવ લઇ શકે ?" "આવો સારંગપુરના હનુમાનજી !" સ્વામીએ આમ કહ્યું એટલે તે રાડો પાડી ધૂણવા લાગ્યો ને કહે: "મને હનુમાનજી મારે છે. હવે મને જવા દો. પછી તેને પાછો કોઇ દિવસ નહિ આવું" આવા સમ ખવરાવી જવા દીધો. પછી તે ભાયો ભગત મરણતુલ્ય સ્થિતિમાંથી સાજો થયો ને ઘણા વર્ષ જીવ્યો.

અમરાપર ગામમાં કાળો નામે એક કણબી રહેતો હતો. તે પોતાની

વાડીએ રહેતો. ત્યાં વાડી પાસે ખેતરમાં એક મોટો પાણો પડેલો. તે પાણામાં માથા વિનાનો ખવીસ રહેતો હતો. તેની કોઈને ખબર નહિ. તે કાળો હરવખત તે પાણા પાસે પેશાબ કરે તેથી એ ખવીસ તેને વળગ્યો. ને બહુ જ દુઃખ આપે. રાત્રિદિવસ નિદ્રા આવે નહિ. ખાવાપીવા પણ દીએ નહિ. આથી તેનું શરીર સુકાઈને લાકડી જેવું થઈ ગયું. છેવટ તો તેની એવી સ્થિતિ થઇ ગઇ કે જાણે હમણાં જ મરી જશે. પછી તેને ગાડામાં નાખી મોટી કુંકાવાવ લાવ્યા. સ્વામી તોરી ગામે ગયા હતા. એટલે સાધુઓએ ત્રણ દિવસ સુધી ભૂત કાઢવા માટે ઘણો દાખડો કર્યો, પણ ભૂત નીકળ્યું નહિ. ત્રીજે દિવસે આરતી ટાણે સ્વામી આવ્યા, ત્યારે તે ભૂતવાળો શરીરની અશક્તિને લીધે ઠાકોરજી પાસે આડેપડખે પડ્યો હતો. તેના ઉપર સ્વામીની દૃષ્ટિ પડી એટલે તે ધૂણવા લાગ્યો. એટલે સ્વામીએ તેની છાતી ઉપર પગ મૂક્યો આથી તે કાળી ચીસો પાડી કહેવા લાગ્યો "હું ખવીસ છું." ત્યારે સ્વામીએ પૂછ્યું : "તું શા કારણથી આને વળગ્યો ?" ત્યારે તેણે કહ્યું – "રોજ મારી પાસે આ પેશાબ કરતો એટલે એક દિવસ લાગ જોઈને હું તેનામાં પેસી ગયો છું. હવે તો જીવ લીધા વિના જવાનો નથી." પછી સ્વામી બોલ્યાઃ "સારંગપુરના હનુમાનજી આવો." એમ કહી સૌ ધૂન કરવા લાગ્યા. એટલે ધૂણીને તે કહેવા લાગ્યોઃ "હનુમાનજી મને બહુ મારે છે." આમ બોલી તે રાડો પાડવા લાગ્યો. આમ ઘણીવાર સુધી તેને હનુમાનજીએ માર માર્યો. પછી સ્વામીએ પૂછ્યું – "કેમ હવે જવું છે ?" ત્યારે તે કહેઃ 'આનો જીવ લઈને જવું છે.' સ્વામી કહે : "અરે, તારો શો ભાર છે તે તું જીવ લઈશ ?" સ્વામીએ તેને આ પ્રમાણે કહીને કહ્યું : "હનુમાનજી આવો અને તમારામાં જેટલું બળ હોય તેટલું અજમાવો." પછી ધૂન કરવા લાગ્યા. એટલે ભૂત રાડો પાડી કહેવા લાગ્યું કે "હવે હું જાઉં છું." પછી સ્વામીએ તેને સોગન ખવરાવી "પાછો ક્યારેય નહિ આવું" આમ નક્કી કરાવી જવા દીધો.

ઊના પાસે **કાંધી** ગામમાં એક કુંભારનો ડોસો હતો. તેને ચાર દીકરા ને વ્યવહારે સુખી હતો. પણ છોકરા નવાં ઘર ચણતા હતા તેથી ડોસો પોતાને ખેતર સાંતી હાંકવા ગયો. પોતે વૃદ્ધ અને ઉનાળાની ગરમી હતી. તેમાં ડોસાને તરસ લાગી. પણ આજુબાજુ ક્યાંય પાણી હતું નહિ, તેથી તેને સખત તરસ લાગી હતી છતાં સાંતી ચલાવતો રહ્યો. એવામાં તેને ચક્કર આવ્યા. એટલે સાંતી વચ્ચે પડી ગયો. ઊઠવાની શક્તિ રહી ન હતી. તે બળદો જોરદાર હતા તેથી તે ડોસો સાંતી

વચ્ચે ઢસડાય ઢસડાયને મરણ પામ્યો. આમ તેનું અપમૃત્યુ થયું. તેથી વાસના રહી એટલે મરીને તે ભૂત થયો. પછી તે ભૂત થયેલો ડોસો પોતાના દીકરાના દીકરાને વળગ્યો. તે ધૂણ્યા કરે ને છોકરાને દુ:ખ આપે ને પોતે કાંઇ બોલે નહિ કે હું અમુક છું. એક વખત ઊનાથી સ્વામી કાંધી પધાર્યા ત્યારે તે ભૂતવાળા છોકરાને સ્વામી પાસે મંદિરમાં લાવ્યા. સ્વામીએ ધૂન કરી એટલે તે ધૂણવા લાગ્યો. સ્વામી એ પૂછ્યું કે 'તું કોણ છે ?' ત્યારે તેણે ઉપરની બધી વાત કરીને કહ્યું : "હવે મારો ઉદ્ધાર કરો. મને તરસ બહુ જ લાગી છે. પણ પાણી પી શકાતું નથી. કારણ કે અમને વરુણદેવ ચોખ્ખું પાણી પીવા દેતા નથી." પછી સ્વામીએ તેને પ્રસાદીનું પાણી એક લોટો પાયું, તોય કહે 'હજુ તરસ્યો છું.' પછી બે લોટા પાણી પાયું તે પણ પી ગયો. પછી સ્વામીએ તેને શાંતિ પમાડી બદરિકાશ્રમમાં મોકલી દીધો.

પુત્રપ્રાપ્તિ સંબંધી વાતો

ઊનાના નગરશેઠ જાદવરાય મોતીચંદભાઈને ત્યાં દિકરાનો જન્મ થતો, પણ જીવતા રહેતા નહિ. આગલા ઘરની એક દિકરી હતી. તેના વિવાહ ખૂબ ધામધૂમથી કર્યા. પરંતુ પંદર દિવસમાં તે બાઈનો ધણી દેહ મૂકી ગયો. તેનું દુ:ખ શેઠને પારાવાર થયું. મંદિરે આવી તે સ્વામી પાસે બહુ જ દિલગીર થઈ ગયા. શેઠ જાદવરાય મંદિરનો પક્ષ માથા સાટે રાખતા અને સાધુઓમાં પણ તેમને બહુ હેત હતું. શેઠ ઉપર દયા આવી સ્વામીએ શેઠને કહ્યું – "તમારી દિકરી રાંડી તેનું દુ:ખ થયું છે, પણ શ્રીજી મહારાજ એ દુ:ખ બીજી રીતે મટાડશે. તમારા દિકરા જીવતા રહેતા નથી તે હવે મહારાજ દિકરો આપશે ને તે જીવતો રહેશે." એમ સ્વામીએ વચન આપ્યું. પછી દિકરાનો જન્મ થયો ને જીવતો રહ્યો ને તેમનું નામ **હરકિશનદાસ (બાબુભાઈ)** પાડ્યું.

રાજકોટમાં કડિયા મિસ્ત્રી હરિ ગંગદાસ બહુ સારા સત્સંગી હતા. ભજન સ્મરણ કર્યા કરતા ને વચનામૃતનો પણ ઘણો સારો અભ્યાસ હતો. તન, મન ને ધનથી સત્સંગની સેવા હરવખત ઉદાર દિલથી કરતા. તેમણે જેતપુરની પ્રસાદીની જગ્યા લેવા માટે સ્વામીને વચને બે હજાર રૂપિયાની સેવા કરી હતી, તે મિસ્ત્રી

હરિભાઈને દિકરો ન હતો એક વખત તેમણે સ્વામીને કહ્યું "સ્વામી ! મારે દિકરો ન થાય એનો કાંઈ હર્ષશોક નથી. પણ મારી મહેનતનું કમાયેલું ધન છે તે જો દિકરો ન થવાનો હોય તો મારે હાથે તેની વ્યવસ્થા એવી કરું કે એ ધન ઠાકોરજી અને સંતની સેવામાં કામ આવે. સંસારીને પુત્રની ઈચ્છા તો હોય, પણ જેમ ભગવાન અને મોટા સંતોની મરજી હોય તેમ થાય" આ પ્રમાણે મિસ્ત્રી હરિભાઈનો અભિપ્રાય જાણી તેમને સારા સત્સંગી જોઈને સ્વામીએ કહ્યું "મિસ્ત્રી: શ્રીજી મહારાજ તમને જરૂર દિકરો આપશે, માટે થોડો સમય ધીરજ રાખો." પછી સ્વામીના આશીર્વાદથી તેમને પુત્ર થયો. મિસ્ત્રી હરિ ગંગદાસ બહુ ઉદાર દિલના હતા અને સત્સંગની સેવા પ્રેમથી હરવખત કરતા. જૂનાગઢ મંદિરની પ્રદક્ષિણામાં સ. સ્વામી નારાયણદાસજીની આજ્ઞાથી રૂપિયા સાત હજાર આપી આરસ પથરાવ્યો છે. આવી સેવા તેમણે ઘણી કરી છે.

જેતપુરમાં લુહાર નારણ ગોવાભાઈ સારા સત્સંગી હતા. તેના પિતા એ ચાર ભાઈઓ હતા તેમાં કોઈને પુત્ર ન હતો. ચાર ભાઈઓ વચ્ચે એક નારણભાઈ પુત્ર હતા. એ નારણભાઈને પણ પુત્ર ન થયો એટલે તેમના કાકા ને કાકીઓ વગેરે સંબંધીઓએ વિચાર કર્યો કે તે બીજી સ્ત્રી કરે. ભગવાનની મરજી હશે તો દિકરો થશે જો એમ ઈચ્છા ન હોય તો આપણી સમૃદ્ધિનું વીલ કરીએ અને જેતુપર શ્રીજી મહારાજની ગાદીનું સ્થાન છે. તેમાં કંઈક અર્પણ કરીએ. ત્યારે નારણભાઈએ કહ્યું : "આપણે સ્વામીને પૂછીએ ને તેઓ કહે તેમ કરીએ." પછી તે સૌ મંદિરમાં આવ્યા અને સ્વામીને પોતાનો વિચાર દર્શાવ્યો. પછી સ્વામીએ તેને કહ્યું કે "તમારે બે દુકાનો છે. તેમાંથી એક દુકાન ઠાકોરજીને અર્પણ કરો. શ્રીજી મહારાજ તમારો સંકલ્પ પૂરો કરશે. પછી નારણભાઈને ઘેર સ્વામીના આશીર્વાદથી પુત્રનો જન્મ થયો. એટલે તેમણે દુકાનના બદલામાં એક હજાર રૂપિયા મંદિરમાં અર્પણ કર્યા. આમ સ્વામીના વચનથી બીજી સ્ત્રી કર્યા વિના પુત્ર થયો. તેથી કુટુંબમાં સર્વ પ્રકારે સંપ ને શાંતિ રહ્યાં.

ગોંડલમાં કડિયા ધરમશી વાલા તેમને બે સ્ત્રીઓ હતી, પણ દિકરો ન હતો. પોતે બહુ નિષ્ઠાવાળા હતા. એક વખત પોતે બહુ જ બિમાર થઈ ગયા. દેહ ન રહે એવો મંદવાડ થઈ ગયો. એવામાં સ્વામી ગોંડલ પધાર્યા તે સમાચાર સાંભળી

તેમણે સ્વામી તથા શાસ્ત્રી ધર્મતનયદાસજી વગેરે સાધુની પધરામણી પોતાને ઘેર કરી અને ધરમશીભાઇએ દરેક સંતોની પૂજા કરાવી, ધોતિયાં ઓઢાડયાં. પછી સ્વામીને પ્રાર્થના કરીને ક્હ્યું કે "સ્વામી ! હવે મારો દેહ રહે તેમ નથી. મારે કાંઇ પ્રજા નથી. તો મારી મિલકત મંદિરમાં ઠાકોરજીને અર્પણ કરી દઉં. બેઉ ઘરના માણસ પાસે તેનું ગુજરાન ચાલે તેટલું ધન છે." સ્વામી ક્હે: "હજુ તમારી પાસે સત્સંગની સેવા કરાવવી છે. માટે શ્રીજી મહારાજ થોડા દિવસમાં સારું કરી દેશે. અને શ્રીજી મહારાજ અને મોટા સંતની કૃપાથી તમારે ઘેર દિકરાનો જન્મ પણ થશે દિકરાનો જન્મ થયા પછી તમારા બાપના બાપને શ્રીજી મહારાજે જે પાઘ આપી છે તે ગોંડલ મંદિરમાં સજયામાં પધરાવજો. પછી તેઓ મરણપથારીમાંથી સાજા થયા ને દિકરાનો પણ જન્મ થયો. એટલે તેમણે પ્રસાદીની પાઘ હતી તે સજયામાં પધરાવી. આ પ્રમાણે મરણપથારીએ પડેલા માણસને ચોક્કસપણે ક્હેવું એ કાંઇ સાધારણ વાત નથી. અખંડભગવાનને ધારી રહેલા મહાપુરુષોની અમીદૃષ્ટિથી સંસારના જીવાત્માઓ સુખસમૃદ્ધિ પામી ખુદ દુનિયાની માયામાં નહિ ફસાતાં ભગવત્પરાયણ બને એ જ એક તેમનો શુભ હેતુ હોય છે. સ્વામીએ પોતાનું અદ્‌ભુત ઐશ્વર્ય વાપરી હજારો જીવોને આ રીતે લૌકિક લાભ આપીને પણ ભગવત્પરાયણ બનાવ્યા હતા.

સ્વામીનો અક્ષરવાસ

સ. સ્વામી બાલમુકુંદદાસજીએ સાધુદીક્ષા લીધી ત્યારથી જીવનભર સતત એકધારી સત્સંગની અનેકવિધ સેવાઓ ઘણી મુશ્કેલીઓ વેઠીને કરી હતી. તેમાં ખાસ વિશેષતા એ હતી કે, દરેક કામ શાન્તિપૂર્વક સમાધાન બુદ્ધિથી સુમેળ સાધીને કરતા; એ સ્વામીની ઉત્તમ સાધુતા સાથે શ્રેષ્ઠ વ્યવહાર – કુશળતા હતી. પરંતુ આ લોકમાં શુભ અને અશુભ એ બંને કાર્યો બંધન–કર્તા છે, એટલે છેવટ તો શુભ સંકલ્પો પણ છોડી દઇ કેવળ અખંડ ધ્યાનભજનપરાયણ બની જવું જોઇએ. એ સિદ્ધાન્ત મુજબ સ્વામીશ્રીએ અતિ પરિશ્રમ લઇ જેતપુરમાં મંદિર તૈયાર કર્યું અને તેમાં સં. ૧૯૭૧ના મહા વદ છઠના રોજ મૂર્તિપ્રતિષ્ઠા કરી. તે વખતે છઠની રાત્રિએ જ ઉગમણા બારના પ્રસાદીના ઓરડામાં સ્વામી બેઠા હતા. પાસે લોધીકા દરબાર શ્રી દાનસિંહજીભાઇ તથા સ. સ્વામી કૃષ્ણચરણદાસજી

તથા રાજકોટના મિસ્ત્રી પીતાંબર સવા અને પોતાના શિષ્ય સાધુ પુરુષોત્તમ-વલ્લભદાસજી હતા. આટલાની રૂબરૂમાં સ્વામી બોલ્યા : "શ્રીજી મહારાજ અને સ્વામીની દયાથી અમારા તમામ સંકલ્પ પૂરા થઇ ગયા. આ જેતપુરમા મંદિર કરી મૂર્તિ પધરાવવાનો છેલ્લો સંકલ્પ હતો, તે પૂરો થઇ રહ્યો. હવે આ દેહ જોઇએ તો શ્રીજીઇચ્છા હોય તો આયુષ્ય હોય ત્યાં સુધી રહો. પણ હવે કોઇ સંકલ્પ નથી. અમે જે જે શુભ સંકલ્પો ધાર્યા તે શ્રીજી મહારાજે અને સ્વામીએ પૂરા કર્યા છે." આ રીતે રાત્રિએ વાત કરી સ્વામીએ પોતાના મનમાં ધામમાં જવાનો સંકલ્પ કરેલો. પછી જેતપુરથી આચાર્યશ્રી ગોંડળ પધાર્યા તેમની સાથે સ્વામી પણ ગોંડળ આવ્યા. ત્યાંથી રાજકોટ પધાર્યા. રાજકોટમાં આચાર્ય મહારાજશ્રી સાથે સ્વામી દશ દિવસ રહ્યા. અને છેલ્લી વારે રાજકોટના સેવાભાવી સત્સંગીઓને કથાવાર્તાનું અત્યંત સુખ આપ્યું. ફાગણ વદ ૩ને દિવસે મહારાજશ્રીને વડતાલ તરફ વળાવી, તે જ દિવસે સ્વામી જેતપુર આવ્યા. ત્યાં પાંચમના રોજ મંદવાડ જણાયો. ધામમાં જવાનો તીવ્ર સંકલ્પ કરેલો, એથી બિમારી વધારે જણાઇ એટલે પોતે જૂનાગઢ જવાનો વિચાર કર્યો. ત્યાં સ્વામીની બિમારીના સમાચાર સાંભળી જૂનાગઢમંદિરના મહંત અને પોતાના અનન્ય શિષ્ય સ. સ્વામી નારાયણદાસજી સ્વામીનાં દર્શન કરવા અને સ્વામીને જૂનાગઢ તેડી જવા સારુ આવ્યાં. પછી અગિયાવ્યારસના રોજ ફર્સ્ટ ક્લાસમાં બેસાડી સ્વામીને જૂનાગઢ લાયાં. જૂનાગઢ સ્ટેશને ઊતર્યા પણ સ્વામીથી ઘોડાગાડીમાં બેસી શકાય તેમ હતું નહિ એટલે પાટીદાર પ્રભુદાસભાઇ મહુધાવાળા સરકારી મિયાંનો લાવ્યા. તેમાં બેસાડી સ્વામીને મંદિર લાવ્યા. એ વખતે સ્વામીના કૃપાપાત્ર શિષ્યમંડળમાં સ.ગુ.શ્રી ગોપીનાથદાસજી તથા સ્વામી કેશવચરણદાસજી આદિક સાધુઓ તો સ્વામીની અંગત અને બીજી બધા પ્રકારની સેવામાં રાત્રિદિવસ ખડે પગે તૈયાર રહેતા હતા અને સર્વ પ્રકારની સંભાળ મહિમા અને ઉત્સાહપૂર્વક લઇ રહ્યા હતા. વળી સ્વામીની બીમારીના સમાચાર જાણી હેતવાળા ઘણા સાધુ સત્સંગીઓ પણ સ્વામીનાં દર્શન કરવા આવ્યા હતા, અને ચોતરફથી હમેશાં વિશેષ પ્રમાણમાં આવી રહ્યા હતા. જે જે સાધુ સત્સંગીઓ સ્વામીનો ખાસ મહિમા સમજતા હતા, સ્વામીને વિષે સંપૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસ હતાં, તેમાંના કેટલાકને સ્વામી યાદ કરતા અને પત્ર લખવાનું પણ કહેતા.

સ. સ્વામી ભક્તિતનયદાસજીનું પ્રથમથી જ સેવાનું અંગ, એટલે મંદિરની અને મોટા સંતોની તેમણે ખૂબ સેવા કરેલી. મોટા સંતોની આજ્ઞા તથા રુચિ પ્રમાણે સેવા કરવામાં તેઓ સર્વ સ્થળે આગેવાન થઈને હરવખત હાજર હોય જ; તેઓ સેવાથી થાકે કે કંટાળે નહિ. આથી દરેક મોટા સદ્‌ગુરુઓ તેમના ઉપર ખૂબ રાજી થએલા. તેમાં પણ સ. સ્વામી બાલમકુંદદાસજીની કૃપાદૃષ્ટિ તેમના ઉપર વિશેષ હતી. સ્વામીની બિમારીના સમાચાર સાંભળી રાજકોટથી સ. પુ. હરિદાસજી તથા સ. સ્વામી કૃષ્ણચરણદાસજી સ્વામીનાં દર્શન કરવા આવ્યા, ત્યારે સ્વામીએ પૂછ્યું – "કેમ, ભક્તિતનયદાસજી આવ્યા છે ને ?" એટલે પુરાણી કહ્યું : "એ તો ધર્માદો લેવા ખોખરી ગયા છે." ત્યારે સ્વામી બોલ્યા: – "ભક્તિતનયદાસજીએ આ મંદિરની બહુ જ સેવા કરી છે. એની પેઠે હરવખત સેવા કરવા તૈયાર રહેવું એ ઘણું કઠણ છે. પુરાણી ! એમને લખજો કે તમને સ્વામી યાદ કરે છે." પછી તેઓના ગુરુ સ. પુ. હરિદાસજીએ તુર્ત જ પત્ર લખ્યો કે 'સ્વામી બિમાર છે અને તમને યાદ કરે છે.' પત્ર વાંચી તત્કાળ સ્વામી ભક્તિતનયદાસજી જૂનાગઢ આવ્યા. સ્વામીનાં દર્શન કરી દંડવત કરી પગે લાગી પાસે બેઠા એટલે સ્વામી બોલ્યા : "ઠીક કર્યું તમે ટાણાસર આવ્યા તે આપણે હેત હતું તો છેલ્લા છેલ્લા ભેગા થઈ ગયા." એમ કહી ખૂબ રાજીપો જણાવીને પોતાની ડોકમાં હાર હતો તે પહેરાવ્યો.. તે હાર સ. સ્વામી ભક્તિતનયદાસજીએ સ્વામીની પ્રસન્નતાની યાદી તરીકે ઘણાં વર્ષો સુધી સાચવી રાખ્યો હતો.

સ્વામીનાં દર્શન કરવા આવેલા સૌ સાધુસત્સંગીઓ અત્યંત ભાવપૂર્વક ખૂબ શ્રદ્ધાથી શ્રીજી મહારાજ પાસે પ્રાર્થના કરતા હતા કે – "હે મહારાજ ! હમણાં સ્વામીને ધામમાં ન લઈ જશો. સત્સંગમાં એમનો ઘણો જ ખપ છે." સ્વામી જેતપુરથી ફાગણ વદ એકાદશીના રોજ જૂનાગઢ આવ્યા અને બીજે જ દિવસ બારશના રોજ ધામમાં જવાનો સંકલ્પ તીવ્ર હતો. ત્યાર પછી અમાસને દિવસ ધામમાં જવાનો સંકલ્પ હતો. પછી રામનવમીને દિવસે ધામમાં જવું એમ સંકલ્પ કર્યો. આ રીતે ત્રણ વખત સ્વામીએ ધામમાં જવા માટે તીવ્ર સંકલ્પો કરેલા તેથી બિમારી વધી જતી. પરંતુ જયારે સ્વામીના શરીરમાં કંઈ વિશેષ બિમારી જણાય, એટલે અનેક હરિભક્તો એકી અવાજે અતિદીન ભાવે પ્રાર્થના કરતા કે "હે કૃપાસિંધુ ! ભક્તવત્સલ મહાપ્રભુ ! સ્વામીને ધામમાં ન લઈ જશો." આ પ્રમાણે અનેક એકાંતિક

સાધુસત્સંગીઓ પ્રાર્થના કરતા. તેમાં કુંકાવાવવાળા ઠક્કર દામોદરભાઇ એકાંતિક મુક્ત હતા અને સ્વામીને વિશે અસાધારણ હેત હતું. તેઓ તો ખાવુંપીવું પણ ભૂલી જઇને રાત્રિદિવસ શ્રીજી મહારાજની અખંડ પ્રાર્થના કરતા હતા. રામનવમીને દિવસે બપોર પછી દામોદરભાઇ ઓસરીમાં બેસી અતિ આર્દ્રભાવે શ્રીજી મહારાજની પ્રાર્થના કરી રહ્યા હતા. તેમાં તેમને શ્રીજી મહારાજનાં દર્શન થયાં તે સ્વામી ઓરડામાં બેઠા હતા ત્યાં જાણી ગયા. એટલે એકદમ આકળા થઈને હાકલ મારી કે "એલા દામોદર ! આ લોકમાં શો માલ છે તે તું અમને રોકે છે ?" દામોદરભાઇ કાંઇ પણ બોલી શક્યા નહિ. આંખમાં આંસુ લાવી હીબકાં ભરવા લાગ્યા. આ પ્રમાણે દામોદરભાઇ વગેરે અનેક એકાંતિક ભક્તોની સાચી પ્રાર્થનાથી શ્રીજી મહારાજ સ્વામીને ધામમાં તેડી ન ગયા. પછી બીજે દિવસે સવારે સ્વામીએ કહ્યું – "ભક્તિતનયદાસજી ! તમે દર્શન કરીને આવો ત્યારે પંજરી લેતા આવજો.." પછી તેઓ પંજરી લાવ્યા એટલે થોડી પંજરી દહીંમાં નાખી સ્વામીએ પારણું કર્યું. પછી સહુને કહ્યું : "તમારી સૌની પ્રાર્થનાથી શ્રીજી મહારાજ અમને ધામમાં તેડી ન ગયા. હવે આ સાલમાં અમારો દેહ નહિ પડે, પોર વાત. તમે સૌ હરિભક્તો હવે ઘેર જાઓ" પછી સહુ પોતપોતાને ઘેર ગયા. તેમાં કાળસારીવાળા ઠક્કર કાળાભાઇને સ્વામીએ પાસે બોલાવી સૌથી પ્રથમ કહ્યું – "તમારા મોટાભાઇ જાદવજીભાઇ બહુ જ બિમાર છે માટે તમે તુર્તજ જાઓ." એમ કહી પોતાની ડોકમાંથી હાર આપ્યો અને કહ્યું કે, – "આ હાર જાદવજીભાઈને પહેરાવજો એટલે મહારાજ સારું કરી દેશે." જે વખતે સ્વામીએ હાર આપ્યો તે જ વખતે કાળસારીમાં જાદવજીભાઈને વિશેષ બિમારી હતી, છતાં ઘણો આરામ જણાયો અને બે દિવસમાં સાવ સારું થઇ ગયું.

આ રીતે સ્વામીએ ધામમાં જવાનો સંકલ્પ કર્યો અને માંદગી સ્વીકારી પણ મોટા મોટા સંતહરિભક્તોએ શ્રીજી મહારાજની અત્યંત પ્રાર્થના કરી, તેથી સં. ૧૯૭૧માં સ્વામીનો દેહ ન પડ્યો ને એક વર્ષ વધુ આયુષ્ય શ્રીજી મહારાજે આપ્યું. જેતપુરમાં રહી જેતપુર મંદિરમાં નીચેનાં છ કાર્યો સ્વામીએ તાત્કાલિક કરાવ્યાં. (૧) મંદિરમાં આરસ પથરાવ્યો (૨) પ્રદક્ષિણામાં લાદી પથરાવી (૩) શિખર છોવરાવ્યું (૪) ઘૂમટમાં રંગકામ કરાવી શ્રીજીનાં જુદાં જુદાં સ્વરૂપોનું ચિત્રકામ કરાવ્યું (૫) જૂનાગઢ મંદિરમાં કબજાનો ડેલો જેતપુરમાં હતો, તે જેતપુર મંદિર ખાતે સાડા ત્રણ હજારમાં વેચાતો લીધો. (૬) સોનાચાંદીનું ઠાકોરજીનું સિંહાસન કરાવ્યું. તે ઉપરાંત

જૂનાગઢમાં ઘનશ્યામ મહારાજનું ચાંદીનું સિંહાસન પણ સાથોસાથ કરાવ્યું. આ રીતે ધામમાં જતાં જતાં સ્વામીએ સેવાનાં કાર્યો કરાવ્યાં; અને પછી જેતુપુરથી આસો વદ ૮ ના રોજ જૂનાગઢ આવ્યા. ત્યાર પછી સ્વામી જેતપુર પધાર્યા ન હતા. જૂનાગઢમાં અન્નકોટ કર્યો અને છેલ્લા ત્રણચાર માસ જૂનાગઢમાં નિવાસ કર્યો. છતાં **વ્યવહારની ચોખવટ દરેકે ખાસ કરવી જ જોઈએ** એ બીજાને જણાવવા માટે અંતિમ દિવસોમાં પણ જેતપુર મંદિરનું નામું ચોખ્ખું–વ્યવસ્થિત પોતાના શિષ્યો પાસે કરાવી, સહુને સમજણ પડે તેમ બધો હિસાબ–કિતાબ વ્યવસ્થિત કરાવ્યો. છેવટે સ્વામીએ ધામમાં જવાના દૃઢ સંકલ્પથી સં. ૧૯૭૨ ના પોષ સુદ ૩ ની રાત્રિએ જૂનાગઢમાં બિમારી સ્વીકારી.

પછી સ્વામી કેશવચરણદાસજી વગેરે પોતાના શિષ્યોને જૂનાગઢ આવવા માટે પત્ર લખ્યા. એથી તેઓ આવ્યા. પોષ સુદ ૪ ના રોજ સ્વામીએ પોતાના મંડળના સાધુઓ પાસે વાત કરી કે "અમે આજ રાત્રિના જાણે અક્ષરધામમાં ગયા ને ત્યાં શ્રીજી મહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામી વગેરે મોટા સંતોનાં દર્શન થયાં અને અમને કહ્યું કે "આ તમારું આસન;" પણ શ્રીજી મહારાજ કે સ્વામી એ કોઈ એમ બોલ્યા નહિ કે તમે અહી રહો. જો ત્યાં રહેવાનું કહ્યું હોત તો પાછું આવવું ન હતું. પણ જો અમે ત્યાં રહી ગયા હોત તો તમારા મનમાં ધોખો થાત કે સ્વામી અમને કહ્યા વિના અચાનક ચાલ્યા ગયા માટે હવે કહીએ છીએ કે, 'અમે ધામમાં જવા તૈયાર થયા છીએ.' એમ કહી સહુ સંતોને છેલ્લા શિખામણના શબ્દો નીચે પ્રમાણે કહ્યા: "અમે અચાનક ઉતાવળા ધામમાં જતા નથી, પણ બધું કામ પરવારી કહી સાંભળીને જઈએ માટે કોઈ જરાય શોક–ચિંતા કરશો નહિ. પૂરી સાધુતા રાખી ભજન કરજો. અને એક બીજા સંપ રાખી સત્સંગની સેવા કરજો. અને સૌ સુખિયા રહેજો." આ પ્રમાણે રોજ ભલામણ કરે અને ઉદાસી જણાવે. અને પોતાને વિશે વિશેષ હેતપ્રીતવાળા હરિભક્તોને પત્રથી ખબર લખાવી છેલ્લાં દર્શન કરી જવા જણાવતા. આથી ઘણા સત્સંગીઓ કામકાજ મૂકી સ્વામીનાં દર્શન કરવા આવી જતા. તેમાં કેટલાક તો બબ્બે ત્રણત્રણ વાર દર્શન કરી ગયા અને પાસે સેવાનો લાભ લેતા. દૂર પ્રદેશમાંથી પણ કેટલાક પ્રતિષ્ઠિત સત્સંગીઓ આવી સ્વામીનાં છેલ્લાં દર્શન, સેવા અને સમાગમનો લાભ લેતા.

સ્વામીનું શરીર માંદગીને લીધે અશક્ત થઈ ગયું અને ચાલી શકે તેમ રહ્યું

નહિ એટલે સાધુને કહ્યું :– "પાલખી કરાવો તો તેમાં બેસી ઠાકોરજીનાં દર્શન કરવા જવાય. પણ પાલખી એવી કરાવજો તે છેવટ સુધી કામ આવે." પછી રાજકોટના શેઠ માધવજી લક્ષ્મણદાસભાઈએ સુતાર પાસે બેસી પલાંઠી વાળીને બેસી શકાય તેવી પહોળી પાલખી તૈયાર કરાવી. પછી બ્રહ્મચારી ઋષિ હરિકૃષ્ણાનંદજી બિમાર હતા તેને દર્શન દેવા પોષ સુદ ૧૫ ના રોજ સ્વામી પાલખીમાં બેસી સાંજના ચાર વાગે ઠાકોરજીનાં દર્શન કરવા જતા. પ્રથમ બ્રહ્મચારી પાસે દર્શન દેવા પધાર્યા અને તેમને પૂછ્યું : "ઋષિ ! કેમ છે ?" બ્રહ્મચારીએ બે હાથ જોડી બહુ દીનભાવે કહ્યું: 'સ્વામી ! મને ધામમાં મોકલી દો.' ત્યારે સ્વામીએ કહ્યું: 'બ્રહ્મચારીજી તમે બહુ ભજનિક અને પવિત્ર છો. માટે મનની વૃત્તિ ક્યાંઇ જવા દેશો નહિ. મૂર્તિ સંભારી અખંડ ભજન કરો. 'આજ સાંજે મહારાજ' તમને ધામમાં તેડી જશે. ધામમાં જઇ મહારાજ અને સ્વામીને અમારા જયશ્રી સ્વામિનારાયણ કહેજો." એમ કહી ઠાકોરજી જાગ્યા એટલે સ્વામી પાલખીમાં બેસી મંદિર ઉપર દર્શન કરવા ગયા. બધી મૂર્તિઓનાં શાન્તિથી દર્શન કરી સ્વામી ઘૂમટ વચ્ચે સૌ સાંભળે તેમ બોલ્યા : "હવે આવતી પૂનમનાં દર્શન કરવાં નથી. હવે તો કાયમ અક્ષરધામમાં દર્શન કરીશું અને અખંડ સુખ લઈશું." પછી સ્વામી આસને પધાર્યા. ત્યાં વડતાલથી એક કાગળ આવેલો તે સમાચાર સ્વામીશ્રીને કહેવા માટે કોઠારી સ. સ્વામી નારાયણદાસજી આવ્યા. તેમણે કહ્યું : "વડતાલના સ. સ્વામી હરિચરણદાસજી અક્ષરવાસી થયા છે, તેની પાછળ ઠાકોરજીને થાળ કરજો, તેમ પત્રમાં લખે છે." આ વાત સાંભળી સ્વામી બાલમુકુંદદાસજીએ પોતાના સર્વ સાધુઓને વાત કરી : " અમારી પાછળ, કોઇ હરિભક્તને કહીને ઠાકોરજીને થાળ અગર રસોઇ કરાવશો નહિ. ત્યાગીની વાંસે હરિભક્તો પાસે માગીને રસોઇ કે થાળ કરાવવો તે હોય જ નહિ. કારણ કે, એમાંથી ત્યાગીના ધર્મને ન ઘટે એવું ઘણું બને. કોઈ હરિભક્ત મહિમા સમજી પોતાની મેળે શક્તિ હોય તે પ્રમાણે થાળ કે રસોઇ વગેરે કરે તેનો વાંધો નહિ. તમે સહુ સાધુઓ અમારી પાછળ એવું કાંઇ પણ કરશો નહિ. કોઈ પ્રકારનો તંત કે ક્લેશ કરવો નહિ. અમારી પાલખી માટે કોઇ પ્રકારે તંત થાવા દેશો નહિ. તથા અમે ધામમાં ગયા પછી બીજાની પેઠે ફૂલ ઘેલામાં નાખવાં નહિ. આ દેહે હજારોવાર ઘેલામાં તથા ગોમતીમાં નાહ્યા છીએ માટે અમારી પાછળ ત્યાગાશ્રમને ન ઘટે એવું કાંઇ પણ થવું ન જોઈએ. " વગેરે ઘણી વાતો આગળથી કહી હતી.

નડિયાદના પ્રખ્યાત સત્સંગી રાવબહાદુર શ્રી ઝવેરીલાલભાઇ લલ્લુભાઇ ઘણીવાર સ્વામીના યોગમાં આવેલા; અને સ્વામીનો સમાગમ કરી વચનામૃત વગેરે ગ્રંથોનું રહસ્ય સ્વામી પાસેથી ખૂબ સમજેલા. એથી એમને સ્વામીને વિષે બહુ જ પૂજ્ય બુદ્ધિ હતી. તેઓ સ્વામીની માંદગીના સમાચાર જાણી તુર્ત જ જૂનાગઢ આવ્યા અને સ્થિર થઇને સ્વામી પાસે ચાહીને રોકાયા હતા તેથી તેમને જ્ઞાતા અને અત્યંત સુપાત્ર જાણી પોતે બિમાર હતા તોપણ જાણે બિમારી ન હોય તેમ નાહવું ધોવું વગેરે દેહની ક્રિયા પોતાની મેળે જલ્દીથી કરી આઠ દિવસ સુધી આખો દિવસ પછવાડાની ઓસરીમાં બેસી વચનામૃત વંચાવતા; અને શ્રીજી મહારાજના સિદ્ધાંતની તથા મોટા સંતોનાં વર્તન, અભિપ્રાય, રુચિ અને નિષ્ઠા સંબંધી બહુ જ સરસ વાતો કરી સર્વને ઘણું જ સુખ આપ્યું. એ વખતે સ્વામીશ્રી શ્રીજી મહારાજના હૃદ્‌ગત અભિપ્રાયની એટલી ઉમદા વાતો કરતા કે, જેનો અલૌકિક આસ્વાદ તો એ ટાણે જે જે સંતહરિભક્તો પાસે હતા તે જાણે છે. શ્રી ઝવેરીલાલભાઇ જેવા વ્યવહારકુશળ વિદ્વાન પણ સ્થિર થઇને આખો દિવસ સ્વામી પાસે બેસી વાતો સાંભળ્યા જ કરતા. એ જ રીતે પીતાંબરભાઇ, દેવાત ડાંગર ઇત્યાદિ અનેક પ્રતિષ્ઠિત સત્સંગીઓ સ્વામીનાં દર્શન, સેવા–સમાગમનો લાભ અત્યંત સદ્‌ભાવપૂર્વક લઇ રહ્યા હતા.

વડતાલના ધ. ધુ. આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજને સ્વામી સાથે બહુ જ હેત હતું. એથી તેઓશ્રી સ્વામીની માંદગીના સમાચાર હરવખત પુછાવતા. સ્વામીને પણ મહારાજશ્રી ઉપર ઘણું હેત હતું. આમ પરસ્પરના પૂજ્યભાવને લીધે સ્વામીનાં અંતિમ દર્શન કરવા તેઓ જૂનાગઢ પધાર્યા હતા. પ્રથમ વડતાલથી આચાર્યશ્રીએ જૂનાગઢ તાર કર્યો કે, "અમે સ્વામીનાં દર્શન માટે પોષ વદ ૮ ના રોજ બપોરે ત્યાં આવશું." પછી રેલવે રસ્તે મહારાજશ્રી વીરમગામ સ્ટેશને આવ્યા, ત્યાં નડિયાદના રાવબહાદુર હરિલાલભાઇના તારથી ખબર મળ્યા કે, – 'ગઢડાના કોઠારી ભીમજીભાઇ છઠ્ઠના રોજ અક્ષરવાસી થયા છે, માટે તેઓ સીધા જૂનાગઢ ન જતાં ગઢડા આવો.' તેથી મહારાજશ્રી વઢવાણથી નિંગાળા થઇને ગઢડા ગયા. ત્યાં બે દિવસ રહીને પોષ વદ ૧૦ ના રોજ જૂનાગઢ પધાર્યા. સાથે વડતાલના સ. પુ. રઘુનાથચરણદાસજી તથા સ. સ્વામી (શાસ્ત્રી) યોગેશ્વરદાસજી, સ. બ્રહ્મચારી ચૈતન્યાનંદજી ઇત્યાદિ સાધુ, બ્રહ્મચારી, પાર્ષદો મળી ૩૦ માણસો હતાં. પોષ વદ ૧૦ થી મહા સુદ ૧ સુધી મહારાજશ્રી જૂનાગઢમાં રોકાયા હતા. અને હમેશાં દિવસમાં

બેત્રણ વખત મહારાજશ્રી સ્વામીની તબિયત જોવાને બહાને દર્શન તથા વાર્તા સાંભળવા આવતા. સ્વામીના શરીરમાં કોઇ પ્રકારની બિમારી જણાઇ નહિ પણ ધામમાં જવું હતું તેથી અત્યંત ઉદાસીનતા જણાય. ઉપલક દૃષ્ટિએ જોનારને શરીર ઉપરથી એમ જણાય કે બિમાર છે. વાતચીત કરવાની ઢબ અને શરીરનું અલૌકિક ઓજસ જોઇને એમ લાગતું કે–આ કોઇ સમર્થ યોગી પુરુષ છે. સ્વામીની પાસે રાત્રિદિવસ અખંડ ભજન, સ્મરણ, ધ્યાન, કથા–વાર્તા, કીર્તન, પ્રકરણ, પ્રભાતિયાં વગેરેથી વાતાવરણ નિરંતર બ્રહ્મભીનું રહેતું. એ જોઇને મુમુક્ષુઓ ખૂબ સંતોષ પામતા. આચાર્ય શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજને સ્વામીએ 'સત્સંગના મહિમા–મમત્વની અને શિક્ષાપત્રી પ્રમાણે વર્તવામાં જ સુખ અને શાન્તિ છે,. તથા દેવ અને સાધુને મુખ્ય રાખજો અને એમની સેવા કરજો. એમાં ફેર પાડશો તો દુ:ખ થશે.' એ રીતની ટૂંકમાં હરવખત ઘણી વાતો કરેલી. આ રીતે સ્વામીએ ધામમાં જતાં જતાં પણ મોટા મોટા ત્યાગીઓ, હરિભક્તો, અને છેવટ આચાર્યશ્રીને પણ વ્યવહાર અને મોક્ષસંબંધી જાણવા જેવી રહસ્યમય ઘણી ઘણી વાતો પાત્ર પ્રમાણે જેમ જેને ઘટે તેમ વિના સંકોચે કહી હતી. આ ઉપરથી એ સ્પષ્ટ સમજાય છે કે – સ્વામીશ્રીને સત્સંગ વિષે આત્મીયતા, જીવો ઉપર દયા અને ઉપદેશ આપવાનો સદાગ્રહ એ કેટલાં મહાન હતાં ! તેની કલ્પના પણ આપણને આશ્ચર્યમુગ્ધ કરે છે.

સં. ૧૯૭૨ ની સાલમાં કાર્તિક, માગશર અને પોષ આ ત્રણ માસ ધામમાં જવાના તીવ્ર સંકલ્પથી સ્વામીએ જૂનાગઢમાં નિવાસ કરી બિમારી સ્વીકારી. એ વખતે હેતવાળા સાધુસત્સંગીઓ સ્વામીનાં દર્શન તથા સેવાનો લાભ મળે એવી ઈચ્છાથી આવતા હતા. અને કેટલાકને સ્વામી યાદ પણ કરતા. સ. સ્વામી કૃષ્ણચરણદાસજી દેશમાંથી સ્વામીનાં દર્શન કરવા આવ્યા. ત્યારે સ્વામીએ કહ્યું :– 'ભક્તિતનયદાસજી ક્યાં છે ?' ત્યારે તેમણે કહ્યું: 'એ તો જામવંથળી ગયા છે.' ત્યારે સ્વામીએ પોતાના શિષ્ય સાધુ પુરુષોત્તમવલ્લભદાસજીને કહ્યું કે, – "ભક્તિતનયદાસજીને કાગળ લખો કે, અમારે શરીર ઠીક છે. સૌ સાધુસત્સંગીઓ દર્શન કરવા આવે છે, પણ હવે સારું છે. માટે કાંઇ ચિંતા કરશો નહિ." આ કાગળમાં કહ્યા પ્રમાણે લખ્યા પછી નીચે પુરુષોત્તમવલ્લભદાસજીએ લખ્યું કે, – 'સ્વામી આ વખતે તૈયાર થઇ ગયા છે, ને સૌ સાધુસત્સંગીઓ દર્શન કરવા આવે છે. સ્વામીએ તમને યાદ કર્યા હતા, માટે જરૂર દર્શન કરી જાઓ તો સારું." બીજી તરફથી સ.

સ્વામી નારાયણદાસજી મંદિરના મહંત હતા. તેમણે સ્વામી ભક્તિતનયદાસજીને લખ્યું કે – 'વડતાલથી આચાર્ય મહારાજ સ્વામીનાં દર્શન કરવા જૂનાગઢ આવે છે, માટે તમે તત્કાળ આવો.' પત્ર વાંચી સ્વામી ભક્તિતનયદાસજી તુર્ત જ જૂનાગઢ આવ્યા, અને સ્વામીની સેવામાં જોડાઇ ગયા. હેતવાળા સાધુસત્સંગીઓને એમ હતું, કે-આપણે છેલ્લે છેલ્લે પણ સ્વામીની સેવાનો લાભ લઇ લઇએ. પરંતુ સેવા કરવી પડે એવી સ્વામીની બિમારી હતી નહિ. હરવખત અત્યંત ઉદાસ થઇ ખૂબ ઉંડા ઊતરી જઇ ધ્યાનસ્થ સ્થિતિમાં રહેતા; અને જાણે કે, હમણાં જ ધામમાં ચાલ્યા જશે એમ બીજાને જણાતું. એટલે સૌ ભેળા થઇ જતા, પણ સ્વામી થોડીવારમાં તો પાછા શુદ્ધિમાં આવી સાજાની પેઠે વાતો કરતા. એ જોઇને સહુ આશ્ચર્ય પામતા. મહા સુદ પડવાની અરધી રાત પછી ધામમાં જવાના સંકલ્પથી સ્વામીએ સૂતાં સૂતાં સ્વસ્તિક આસન વાળી લીધેલું અને શરીરમાં શીત વળી ગયું હતું. સાતઆઠ સાધુઓ તેમની આસપાસ બેઠા હતા. તેને કોઇને ખબર નહિ, પણ તે વખતે સ. પુ. હરિદાસજી ત્યાં આવ્યા. તેમણે જોયું તો સ્વામીનું શરીર ઠંડુંગાર જણાયું અને હાથની નાડી તપાસી તો તે પણ ચાલતી ન જણાઇ ! એટલે તત્કાળ સ. સ્વામી નારાયણદાસજી તથા ત્રવાડી પીતાંબરભાઇ વગેરેને ખબર આપ્યા. એથી ઘણા સાધુ સત્સંગીઓ ભેળા થઇ ગયા. પછી પુ. હરિદાસજીએ કહ્યું કે, "આચાર્યશ્રીને ખબર કરીએ, તો તેઓ આવી જાય." પછી સ્વામીએ પૂછ્યું : "તમારી તબીયત સારી નથી તો આચાર્યશ્રીને ખબર આપીએ ?" ત્યારે સ્વામીએ ના પાડી કે 'અત્યારે નહિ.' એમ પોતે સાવધાનપણે જવાબ આપ્યો ને થોડીવારમાં ઘણો આરામ જણાયો. એટલે સ્વામી નારાયણદાસજીને કહ્યું કે, "આપણને ખબર નહિ પડે તેમ સ્વામી ધામમાં ચાલ્યા જશે. હવે સાડા ત્રણનો સમય થયો છે, માટે થોડીવાર સહુ સૂઇ જાઓ." પછી કોઇ સૂતા અને કોઇ નાહવા ગયા. ચાર વાગે સ્વામીએ કહ્યું કે, "શૌચ જવું છે;" એટલે સેવકોએ બધો શૌચવિધિ કરાવ્યો.. પછી સ્વામીને સુવરાવ્યા. ત્યારબાદ સહુ નાહવાધોવા અને પૂજાપાઠ કરવા ગયા. શણગાર આરતીનાં દર્શન કરી વડતાલના સ. સ્વામી યોગેશ્વરદાસજી વગેરે સંતો સ્વામી પાસે આવીને બેઠા. ત્યાં સાડા આઠ વાગે આચાર્યશ્રી પધાર્યા. થોડીવાર સ્વામી પાસે બેસી રાત્રિની બધી હકીકત જાણી આચાર્યશ્રીએ સ્વામીને પૂછ્યું કે, "સ્વામી કાંઇ કહેવું છે ?" સ્વામી બોલ્યા કે, "જે કહેવું હતું તે આગળથી જ કહી દીધું છે." એમ કહી સૂઇ ગયા. સ્વામીને સારું છે, અને સ્મૃતિમાં કાંઇ ફેર નથી એમ ધારી આચાર્યશ્રી

ઉતારે પધાર્યા. પછી સ્વામી સૂતા સૂતા બે હાથ જોડી એક નજરે થોડીવાર જોઇ રહીને બેઠા થઇ ગયા ! કારણ કે પોતાને શ્રીજી મહારાજનાં દર્શન થયાં હતાં. પછી છેવટ સવારના નવ વાગે સ્વામીએ પાણી માગ્યું, અને ત્રણ કોગળા કરી ત્રણ ઘૂંટડા પાણી પીધું. પછી તકિયાનું ઓઠીગણ દઇને બેઠા. થોડીવાર થઇ ત્યાં વડતાલના સ. સ્વામી યોગેશ્વરદાસજી કે જેઓ ઘણીવારથી સ્વામીની પાસે જ બેઠા હતા, તેણે સ્વામીના મુખ સામું જોઇને કહ્યું કે, "પીતાંબરભાઇ ! સ્વામીનો શ્વાસ થંભી ગયો છે." ત્યારે તેમણે પણ કહ્યું કે, "હા, મને પણ એમ જણાય છે." પછી તુર્ત જ સ્વામીને ઢોલિયા ઉપરથી પોતાના કૃપાપાત્ર શિષ્ય સ. ગુ. પુરાણીશ્રી ગોપીનાથદાસજી તથા સ્વામી ભક્તિતનયદાસજી એ બંનેએ એક પાટલા ઉપર બેસાર્યા પછી સ. ગુ. પુરાણી ગોપીનાથદાસજીએ કહ્યું કે, "આચાર્યશ્રીને ખબર આપો. છેલ્લાં દર્શન કરી જાય." પછી મહારાજશ્રીની પાસે હજુ માણસ પહોંચ્યું ન હતું. ત્યાં ફક્ત એક જ મિનિટમાં સ્વામી સ્વધામ ચાલ્યા ગયા.

આ પ્રમાણે સં. ૧૯૭૨ના મહા સુદ ૨ ને શનિવારે સવારના સાડા નવ વાગે છેવટ સુધી બોલતાચાલતા અને ભગવતસ્મરણપૂર્વક સ્વતંત્ર થકા જેમ કોઇ બીજે ગામ જાય તેમ સ્વામી અક્ષરધામમાં પધારી ગયા. દેહ મૂક્વા સમે બગાસું પણ આવ્યું નહિ, તેમજ હેડકી, અગર એકદંડો શ્વાસ વગેરે કોઇ પણ પ્રકારની કંઇપણ ઉપાધિ જણાઇ ન હતી. એ તો જેમ સાજું માણસ બેઠું હોય ને ઝોકું આવી જાય તેમ બેઠા બેઠા શ્વાસ બંધ પડી ગયો ! અને ધામમાં ચાલ્યા ગયા. પછી સ્વામીની અંતિમ ક્રિયા અગ્નિસંસ્કાર કરવા માટે સ્વામીના શરીરને પાલખીમાં પધરાવી, ઘટે તે રીતે વિધિપૂર્વક ભજન કરતા કરતા હજારો સાધુસત્સંગીઓએ સ્મશાનયાત્રામાં ભાગ લીધો હતો. સ્વામીના મૃતદેહની કાંતિ તથા હજારો લોકોની સ્વામી તરફ સદ્‌ભાવના જોઇને જોનારનાં પણ મન આશ્ચર્યચકિત થઇને પીગળી જતાં હતાં.

મહાપુરુષોની દેહ મૂક્વાની રીત અલૌકિક અને દિવ્ય હોય છે તે આપણે સ્વામીશ્રીની અંતિમ માંદગીના પ્રસંગથી સમજી શકીએ છીએ. આ પ્રમાણે સ્વામીશ્રીએ સં. ૧૮૮૭ થી સં. ૧૯૭૨ સુધી ૮૫ વર્ષનું દીર્ઘાયુષ ભોગવી સંપ્રદાયની

અનેકવિધ સેવાઓ કરી સંપ્રદાયનું ગૌરવ વધારી અનેક મુમુક્ષુઓનાં કલ્યાણ કર્યાં અને શ્રીજીની સર્વોપરિ ઉપાસના પ્રવર્તાવી તથા આજ્ઞાના સુદૃઢ પાલનથી આદર્શ સંત તરીકેનું જ્વલંત ઉદાહરણ ત્યાગાશ્રમમાં પ્રત્યક્ષ પુરવાર કર્યું અને પોતાની પાછળ ધર્મનિષ્ઠ સુયોગ્ય સાધુઓનો સમૂહ મૂકી અક્ષરવાસી થયા. સ્વામીનાં દર્શન અને સમાગમ જેમણે કરેલાં તેવા સંતો હરિભક્તો હજુ હયાત છે. તેઓ સ્વામીના ઐશ્વર્યો યાદ કરી સમાગમનું સુખ અંતરમાં સંભારીને "એહોહોહ ! સ્વામી તો ભગવાન જેવા સંત હતા." એમ કહી એ અલૌકિક સુખની સ્મૃતિ તાજી રાખી રહ્યા છે.

* * *

ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. માટે ભગવાનના સંત સાથે તો એવું હેત રાખવું, જેવું હેત સ્ત્રી ઉપર છે, કે પુત્ર ઉપર છે કે માબાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત રાખવું; તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઇ જાય છે.

– વચનામૃત ગઢડા મ. ૫૯

૧૬ : ધ્યાની સ્વામી કૃષ્ણસેવાદાસજી

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞામાં જીવનપર્યંત રહી, કેવળ નિ:સ્વાર્થ ભાવથી અનેક કષ્ટો સહન કરીને, મનુષ્યોના આત્યંતિક મોક્ષ માટે અવિરત જ્ઞાનગંગાનો પ્રવાહ વહાવનાર મુક્તાનંદ સ્વામી, ગોપાલાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી આદિ મહાપુરુષોએ ગુજરાત, કાઠિયાવાડ અને આસપાસના પ્રદેશોમાં વારંવાર પરિભ્રમણ કરી કેટલીક કુપ્રથાઓ અને અનેક દુર્વ્યસનોનો ત્યાગ કરાવી લોકોને સદાચારી અને નીતિમાન બનાવ્યા. આ સંતો આજીવન દૃઢ બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કરી સર્વાવતારિ સ્વામિનારાયણ મહાપ્રભુના શાસ્ત્રીય સિદ્ધાંતનો નીડરપણે વિવેક અને શાંતિથી સર્વત્ર પ્રચાર કરતા હતા. સ્વામિનારાયણ સંપ્રદાયમાં આવા અનેક દર્શનીય પરમ પવિત્ર પ્રાત:સ્મરણીય સાધુ પુરુષો થઇ ગયેલા છે, હવે આપણે અહીં તેવા જ પ્રભાવશાળી એક મહાપુરુષના જીવન તરફ દૃષ્ટિપાત કરીએ.

જૂનાગઢમાં સ. ગુણાતીતાનંદ સ્વામીના શિષ્યોમાં સ્વામીના પૂર્ણ કૃપાપાત્ર **ધ્યાની સ્વામી શ્રી. કૃષ્ણસેવાદાસજી** એક બ્રહ્મનિષ્ઠ સંત હતા. તેમના પૂર્વાશ્રમનું મૂળ નામ ડાહ્યાભાઇ અને પિતાનું નામ ગોવિંદભાઇ હતું. ડાહ્યાભાઇ પ્રથમથી જ વ્યવહારે સુખી અને ખાનદાન કુટુંબના હતા. તેઓ બાળપણથી વૈરાગ્યવાળા અને બુદ્ધિમાન હતા. સંતોની સેવા કરવી, કથા–વાર્તા સાંભળવી, એ એમને બાળપણથી જ અત્યંત પ્રિય હતું. છતાં વ્યાવહારિક સર્વ કાર્યો તેઓ બહુ જ કુશળતાથી કરતાં; તેથી માતા–પિતાને તેમના ઉપર વિશેષ પ્રેમ હતો. માત–પિતાનું ધ્યાન પુત્રને પરણાવીને લહાવો લેવા તરફ વિશેષ હોય છે. એ કારણથી ડાહ્યાભાઇ સંસારથી વિરક્ત રહેવા ઇચ્છતા હતા, તોપણ પિતાના આગ્રહથી દામ્પત્યધર્મનો સ્વીકાર કર્યો.

થોડાં વર્ષો વીત્યાં પછી તેઓ કરાંચી ગયા. ત્યાં સ. મહાનુભાવાનંદ સ્વામીનો યોગ થયો. અને વારંવાર સ્વામીનો ઉપદેશ સાંભળી ડાહ્યાભાઇનું અંતર રંગાઇ ગયું. સાંસારિક જીવન ખારું ઝેર થઇ ગયું અને તીવ્ર વૈરાગ્ય જાગ્રત થયો. ત્યારે સ્વામીને એક દિવસ એકાન્તમાં કહ્યું, “હવે મારે ગૃહસ્થાશ્રમમાં રહેવું નથી, માટે આપ મને સેવામાં રાખો.” ત્યારે સ્વામીએ કહ્યું: “તમે યુવાન છો, પરણેલા છો, વળી હજુ

તાજો વૈરાગ્ય છે, પાંચ દહાડા પણ સ્થિતિ ન રહે તો તમારે અને અમારે મુશ્કેલીમાં પડવું પડે; અને આખી જિંદગી શુદ્ધ ત્યાગી જીવન ગાળવું એ કંઇ સહેલી વાત નથી; માટે તમે ગૃહસ્થાશ્રમમાં રહી ભગવાન ભજો એમાં અમે વધારે રાજી છીએ." એ પ્રમાણે ઘણીવાર અનેક પ્રકારથી સ્વામીએ ડાહ્યાભાઈની પરીક્ષા કરી; અને સ્વામીના મનમાં એક ચોક્કસ થયું કે 'હવે આમાં કોઇ પ્રકારની અપૂર્ણતા નથી, કારણ કે યુવાન અને વળી પરણેલ છે. તથા મોટા શહેરમાં રહે છે, છતાં આ બધી વસ્તુઓ આમને જરા પણ અસર કરી શકી નથી. **निःस्पृहस्य तृणं जगत्** (નિ:સ્પૃહી પુરુષોને સંસાર તૃણની માફક અસાર ભાસે છે.) આ પ્રમાણે સ્વામીએ વિચાર કરી તેમના મનની સર્વોત્તમ સ્થિતિ જોઇ પોતાની સાથે અમદાવાદ લઇ આવ્યા, અને ધ. ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા અપાવી 'ભગવાનદાસ' નામ પાડ્યું. અને તીવ્ર બુદ્ધિ હોવાથી સંસ્કૃતવિદ્યા ભણવાનો પ્રારંભ કરાવ્યો. પરંતુ "સારા કામમાં સો વિઘ્ન" આ લોકોક્તિ પ્રમાણે તેમનાં પત્નીને જ્યારે એવા સમાચાર મળ્યા કે પતિદેવ તો સાધુ થઇ ગયા છે, અને કોઇ પણ પ્રકારથી તેઓ અહીં આવે તેમ નથી; ત્યારે રાજકોટના પોલીટીકલ એજન્ટ લાંક સાહેબ પાસે તેમણે પોતાની સર્વ હકિકત દુ:ખિત હૃદયે રુદનપૂર્વક નિવેદન કરી, ત્યારે લાંક સાહેબે અમદાવાદના સાહેબ ઉપર લખાણ કર્યું. "સ્વામિનારાયણના મંદિરમાં જે અમુક માણસ છે. તેને અહીં મારી પાસે તરત જ મોકલી આપો. આવી રીતે પોતાને અચાનક મોટી ઉપાધિ આવી પડવાથી તેનું સમાધાન કરવા માટે દીક્ષાનો ત્યાગ કરી રાજકોટ આવવું પડ્યું. રાજકોટ આવી ડાહ્યાભાઈએ સાહેબ પાસે જઇને પોતાની તીવ્ર વૈરાગ્ય દશાનું સચોટ શબ્દોમાં નીડરતાથી વર્ણન કર્યું અને " સાધુજીવન એ જ સંસારમાં સર્વોત્તમ છે. " એ બાબત એવી દલીલો રજૂ કરી કે સાહેબ પણ સાંભળીને ઘણા ખુશી થયા અને સાધુ થવાની રજા આપી અને ઘરના માણસે જયારે સાહેબને બહુ જ કહ્યું ત્યારે તેને ચોખ્ખા શબ્દોમાં સંભળાવી દીધું કે 'તુમ ભી ઉસકે સાથ ફકીર હો જાઓ.' આ પ્રમાણે ઉપાધિ શાંત કરી જૂનાગઢમાં સ. ગુણાતીતાનંદ સ્વામી પાસે જઇને રહ્યા. સ. ગુણાતીતાનંદ સ્વામીએ વડતાલમાં આચાર્ય શ્રી. રઘુવીરજી મહારાજ પાસે ફરીથી ભાગવતી દીક્ષા અપાવી " **કૃષ્ણસેવાદાસજી** " નામ ધારણ કરાવ્યું. સ્વામી કૃષ્ણસેવાદાસજીમાં સેવા કરવાનો સ્વાભાવિક ગુણ હતો. અને તેમનું ધ્યાન ઈમારતી કામમાં બહુ જ પડતું તેથી સ. ગુણાતીતાનંદ સ્વામી ઈમારતીકામ તેમને સોંપતા; અને તે કામ સંબંધી હર

વખત સ્વામી તેમની સલાહ લેતા. અને સ્વામી કૃષ્ણસેવાદાસજી પણ જેમ સ્વામીની મરજી હોય તે પ્રમાણે જ કામ કરી આપતા. તેથી સ્વામી તેમના ઉપર હર વખત પ્રસન્ન થતા અને સ. ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીના ધ્યાનના ખાસ અભ્યાસી હતા તે ધ્યાનનો પૂરેપૂરો અભ્યાસ સ્વામી કૃષ્ણસેવાદાસજી અને લોધિકા દરબાર અભયસિંહજીભાઇને કરાવ્યો હતો, અને સ્વામીએ પોતે જ **'ધ્યાની'** એવું કૃષ્ણસેવાદાસજીનું નામ પાડયું હતું.

સ. ગોપાલાનંદ સ્વામી શ્રીજી મહારાજની આજ્ઞાથી પ્રતિ વર્ષ એક મહિનો જૂનાગઢમાં રહેતા. એક વખત ગોપાલાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી મંદિરમાં દર્શન કરતા હતા, તેમાં ગોપાલાનંદ સ્વામીએ કહ્યું કે :-

"એવો કોઇ ડાહ્યો છે કે મંદિરને કાંઇ ઇજા ન થાય ને મંદિરની અંદરથી ઉપર જઇ શકાય તેવો રસ્તો કરી આપે ?" ત્યાં બીજા ઘણા મિસ્ત્રીઓ હતા પણ કોઇએ કાંઇ ઉત્તર આપ્યો નહિ. ત્યારે કૃષ્ણસેવાદાસજીએ કહ્યું કે "આપની દયાથી હું કરી આપુ." તે સાંભળી સ્વામી રાજી થયા અને ડોકમાં ઠાકોરજીની પ્રસાદીનો હાર હતો તે પહેરાવ્યો અને કહ્યું કે, " સ્વામી (ગુણાતીતાનંદજી) આજે આમને ઠાકોરજીના થાળની પ્રસાદી જમાડજો." આ પ્રમાણે બંનેય સદ્‌ગુરુઓની ઇચ્છા પ્રમાણે અલ્પ સમયમાં મંદિરની અંદરથી મંદિર ઉપર જઇ શકાય તેવો સુંદર રસ્તો કરી આપ્યો. બંનેય સદ્‌ગુરુ અત્યંત પ્રસન્ન થયા. આવી જ રીતે જ્યારે ધર્મશાળાનું કામ ચાલતું હતું ત્યારે પણ રાત્રિદિવસ સ્વામીજીની મરજી મુજબ તનતોડ મહેનત કરી ઘણી વાર સ્વામીજીનો રાજીપો મેળવ્યો હતો. તથા વિશુદ્ધાત્માનંદ સ્વામી, રામાનુજાનંદ સ્વામી, કૈવલ્યાનંદ સ્વામી, પ્રભાનંદ સ્વામી, રાઘવાનંદ સ્વામી, પ્રજાનંદ સ્વામી આદિ જૂનાગઢમાં રહેતા નંદ સંતોને પણ સેવાવૃત્તિથી પ્રસન્ન કર્યા હતા.

જૂનાગઢ દેશમાં પ્રથમ દશ મંડળો ફરતાં. તેમાં કોઠારી પુરુષોત્તમદાસજીનું એક મંડળ હતું. તેઓ અક્ષરવાસી થતાં ગુણાતીતાનંદ સ્વામીએ તે મંડળ સ્વામી કૃષ્ણસેવાદાસજીને સોંપ્યું હતું. ત્યારથી સ્વામી દેશમાં ફરી, હિતોપદેશની વાતો કરી, અનેક મનુષ્યોને સુખિયા કરતા અને દુ:ખિયાનાં દુ:ખને ટાળતા હતા, અને પોતે ઇમારતી કામના પૂર્ણ અનુભવી હોવાથી જ્યાં ફરવા ત્યાં દરેક ઠેકાણે મંદિરનો સુધારો,

વધારો કરતાં. એ ઉપરાંત હળિયાદ, ઉપલેટા, જાળિયા, લીલિયા, ઈત્યાદિ ઘણાં ગામોમાં સ્વામીએ પોતે જ નાનાંમોટાં બત્રીસ નવા મંદિરો કરાવ્યાં હતાં, આવી રીતે સ્વામી સતત સેવાપરાયણ જ રહેતા હતા.

ગોંડળનો પ્રસંગ

ગોંડળ ઠાકોર સાહેબ સંગ્રામજી બાપુને સ. ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી પુત્ર થયો. અને સ્વામીએ પોતે જ તેમનું ભગવતસિંહજી એવું નામ પાડ્યું. સ્વામીના આશીર્વાદથી પુત્ર થયો તેથી રાણી મોંઘીબાને એવો સંકલ્પ થયો કે, "આપણે એક સારું શિખરબંધ મંદિર કરાવીએ." આ સંકલ્પ તેમણે સંગ્રામજી બાપુને કહ્યો. તેઓ સાંભળી ઘણા ખુશ થયા. અને સ. ગુણાતીતાનંદ સ્વામીને પત્ર લખ્યો કે, "અમારે અહીં એક મંદિર કરવાનો ખાસ સંકલ્પ થયો છે. માટે આપ અહીં પધારો." ત્યારે સ્વામી વડતાલ જઇ આચાર્યશ્રી ભગવતપ્રસાદજી મહારાજની આજ્ઞા મેળવી જૂનાગઢ આવ્યા અને પોતાને દેહત્યાગ કરવાનો સંકલ્પ થયો એટલે જૂનાગઢ મંદિરની મહંતાઈ પુરાણી રઘુવીરચરણદાસજીને સોંપી ગોંડળ ગયા. ત્યાં મંદિર કરવાનું ચોક્કસ કર્યું. અને તે બધું કામ અચિંત્યાનંદ બ્રહ્મચારી અને કૃષ્ણસેવાદાસજીને સોંપી સં. ૧૯૨૩ ના આસો સુદ ૧૨ ની રાત્રિએ અક્ષરધામમાં પધાર્યા. ત્યારપછી સં. ૧૯૨૪ની સાલમાં ગોંડલ મંદિર કરવાનો આરંભ સ્વામી કૃષ્ણસેવાદાસજીએ કર્યો. સાથે બ્ર. અચિંત્યાનંદ હતા અને સ્વામી કૃષ્ણસેવાદાસજી પૂર્ણ પરિશ્રમ લઇ મંદિરનું સર્વ કાર્ય કરાવતા હતા. સ્વામીએ પોતાની કાર્યકુશળતાથી બહુ જ સુંદર અને નાજુક અને રમણીય નકસીદાર સર્વશ્રેષ્ઠ ભવ્ય મંદિર કરાવ્યું. અને સં. ૧૯૨૮ની સાલમાં માઘ સુદ ૧૩ ને દિવસે આચાર્યશ્રી ભગવતપ્રસાદજી મહારાજ પાસે મૂર્તિપ્રતિષ્ઠા કરાવી, મોટી ધામધૂમથી મહોત્સવ કર્યો. તે સમયમાં સત્સંગની ચઢતી કળા હતી. સર્વેનાં હૃદય શ્રદ્ધા અને ઉત્સાહવાળાં હતાં. સત્સંગનું સર્વને સાચું મમત્વ હતું. એ બધું આ મહાન પ્રસંગમાં પ્રત્યક્ષ અનુભવમાં આવતું હતું. એટલે કે સુધાનો સમુદ્ર ઉલાયો હોય અને દેવતાઓ સુધાપાન કરવા દોડે તેમ અખિલ સત્સંગના સંતો અને સુપ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થો, આ મહોત્સવમાં દર્શનાર્થે પધાર્યા હતા. સત્સંગની તે વખતની ભરજુવાનીમાં આ મૂર્તિપ્રતિષ્ઠોત્સવ એક અપૂર્વ રીતે ઉજવાયેલ ગણાય છે. આ બધું ધ્યાની સ્વામી કૃષ્ણસેવાદાસજીના પરિશ્રમનું ફળ હતું.

આ ગોંડળના મહોત્સવમાં આચાર્ય મહારાજ દશ દિવસ ગોંડળમાં રોકાયા હતા સાથે ૨૫ નંદ સંતો સાધુઓ હતા. તેમાં છેલ્લે દિવસે એવો બનાવ બન્યો કે, સ્વામી કૃષ્ણસેવાદાસજીને પોતાને ઉતારે બોલાવી આચાર્ય મહારાજે કહ્યું કે, "તમારે અમારી સાથે ફરવા આવવાનું છે. અને અહિયાંનું મંદિર બીજા સંતો સંભાળશે." આ પ્રમાણે વાત સાંભળી સ્વામી બહુ ખુશી થયા અને આચાર્ય મહારાજને તરત જ કહ્યું કે, 'આપ આજ્ઞા આપો તો મારી પૂજાની ઝોળી લઇ આવું, નહિતર મારા સાધુ લઇ આવે, મંદિરનાં કામકાજને અંગે શ્રીજીના ધ્યાનભજનમાં અડચણ આવતી હતી તે આપે દયા કરી દૂર કરી, તેથી હું ઘણો જ રાજી થયો છું." આ પ્રમાણે સ્વામીનું વચન સાંભળીને આચાર્ય મહારાજ એકદમ ઊભા થઇ ગયા અને સ્વામીને મળ્યા; અને કહ્યું કે, "સ્વામી, અમારા મનમાં એમ હતું કે, તમને દુઃખ લાગશે. પણ તમે તો ઊલટા રાજી થયા. ધન્ય છે તમારી સાધુતાને; સાધુઓ તો આવા જ નિઃસ્પૃહી જોઇએ." આ પ્રમાણે સ્વામીની નિષ્કામ સેવાવૃત્તિથી આચાર્ય અને સર્વ સંતો અત્યંત પ્રસન્ન થયા. ગ. પ્ર. ના ૫૬ ના વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે કે, "સાધુને તો ગમે તેટલી પૂજા પ્રતિષ્ઠા થાતી હોય તોપણ બાળકની પેઠે માનરહિત વર્તવું." તથા શાસ્ત્રકારો કહે છે કે :–

प्रतिष्ठा सौकरी विष्टा, गौरवं यापि रौरवम् ।
अभिमानं सुरापानं त्रिणी त्यक्तवा सुखी भवेत् ॥

વિરક્ત પુરુષોએ પોતાની પ્રસિદ્ધિને સુકરની વિષ્ટાની માફક ત્યાગ કરવી અને સન્માનને રૌરવ નરક સમાન સમજી ત્યાગ કરવું તથા અભિમાનને દારૂરૂપ સમજીને છોડવું. કારણ કે પ્રસિદ્ધિ, સન્માનની ઇચ્છા તથા અભિમાન આ ત્રણેયનો ત્યાગ થાય ત્યારે જ મનુષ્યને અખંડ ને અવિનાશી સુખ પ્રાપ્ત થઇ શકે છે, આ શાસ્ત્રવચન પ્રમાણે જ સ્વામીએ પોતાનું સ્વભાવસિદ્ધ સ્વાર્થરહિત નિરભિમાન સાધુપણું પ્રદર્શિત કર્યું અને તત્કાળ આચાર્ય મહારાજની સાથે ચાલવા માટે તૈયાર થઇ ગયા. સ્વામીના જીવનમાં આ પ્રસંગ અતિ મહત્ત્વનો ગણાય, કારણ કે આવું મહાન કાર્ય કર્યું હોય તેને અચાનક છોડવું પડે તો મનમાં જરા અસંતોષ જેવું થઇ આવે, પરંતુ આ તો અધિક ઉલટા ઉત્સાહિત થયા. સ્વામીની પાસે તેમના એક નાના સાધુને બેઠેલા જોઇને આચાર્ય મહારાજે કહ્યું કે, "સ્વામી ! આ તમારા સાધુ

છે ?" ત્યારે સ્વામીએ કહ્યું કે, "હા મહારાજ" ત્યારે મહારાજ કહે, "આ તો સંસ્કૃત ભણે એવા છે. માટે આને બ્રહ્મચારી પાસે ભણાવો." એમ કહી સ્વામીના નાના સાધુ હરિદાસજીનું કાંડું ઝાલી બ્રહ્મચારી અચિંત્યાનંદજીને સોંપ્યું અને કહ્યું કે "આને તમે ભણાવજો."

ગણોદ દરબાર શ્રી ભગવતસિંહજીભાઈનો પરચો

એક વખત સ્વામી કૃષ્ણસેવાદાસજી ગામડાં ફરતા ફરતા ગણોદ ગયા, ત્યાં સાંજે દરબારશ્રી અભયસિંહભાઈ દર્શને આવ્યા ત્યારે સ્વામીએ તેમને સુખશાંતિના સમાચાર પૂછ્યા. એટલે દરબારે કહ્યું કે "સ્વામી, આપની દયાથી બીજું બધું તો સાનુકૂળ છે. પરંતુ કુંવર ભગવતસિંહજી આજ એક મહિનાથી બિમાર છે. વૈદ્ય બે-ત્રણ ઘરે રાખ્યા છે. પણ આરામ થતો નથી. અને આજ દશબાર દિવસથી તો સખત બિમાર છે. રાત્રિદિવસ નિંદ્રા નથી આવતી. અને કાળી ચીસો પાડે છે. પેશાબે અગ્નિ લાગ્યો હોય તેવું દુઃખ થાય છે. હવે તો શ્રીજી મહારાજ કરે તે ખરું." એમ કહી સ્વામી આગળ દિલગીર થઈ ગયા. ત્યારે દરબારને સ્વામીએ કહ્યું કે, "દરબાર, તમે જરાય દિલગીર ન થાઓ, શ્રીજી મહારાજ આરામ કરી દેશે. કુંવરને સવારે દર્શન કરવા લઈ આવજો." બીજે દિવસે સવારે દરબાર કુંવરને એક સાંગામાંચીમાં બેસાડી માણસો પાસે ઉપડાવી લાવ્યા અને મંદિરમાં ઠાકોરજી સામે સ્વામી પાસે બેસાર્યા. એટલે સ્વામીએ વાત શરૂ કરી. "કેમ દરબાર, બહુ દુઃખ થાય છે ? જુઓ, આ સિંહાસનમાં શ્રીજી મહારાજની મૂર્તિ છે. તેનાં દર્શન કરો. સુખદુઃખના પ્રેરક ભગવાન છે. જો ભગવાનને રોગ મટાડવો હોય તો ક્યાં વાર છે ? રોગ તો ભગવાન મૂકે છે. ને ભગવાન કાઢે તો જાય. બાકી બીજા કોઈનું ભગવાન આગળ કશું જ ચાલતું નથી. અને શું વૈદ્યે આ દેહમાં જીવ નાખ્યો છે ? તે વૈદ્ય રોગ મટાડે ? તમારે આ ગામ છે. તેને ઝાંપે તમે એક માણસ ઝાંપો બંધ કરીને બેસાર્યો હોય તે ગમે તેવો મોટો હોય તોપણ તેના હુકમથી ઊઠે ખરો ?" ત્યારે દરબાર કહે, " ના સ્વામી," "પણ તમારી ચિઠ્ઠી જાય તો ?" "ત્યારે તો તત્કાળ ઊઠી જાય." ત્યારે સ્વામી કહે, "દરબાર, તેવી જ રીતે દુઃખને દૂર કરનારા એક ભગવાન જ છે. માટે બીજું બધું પડતું મેલી ભગવાનને વળગો. તેની દૃઢ ટેક રાખો એટલે તે તત્કાળ સારું કરી દેશે." એમ વાત કરી સ્વામીએ કુંવરને કહ્યું કે "દરબાર,

આ મંદિર જરા વાળશો ?" ત્યારે દુ:ખના માર્યા કોણ હા ન પાડે ? એટલે કુંવરે સાવરણી લઈને ઠાકોરજી આગળ ત્રણચાર હાથ માંડ માંડ વાળ્યું એટલે સ્વામીએ કહ્યું કે, – બસ, દરબાર રાખો; હવે એ ચરણરજ છે તેને માથે ચડાવો, છાતીએ ભૂંસો એટલે ભગવાન બધું દુ:ખ મટાડી દેશે, અને લો આ ઠાકોરજીની પ્રસાદીનું પાણી છે. તે પીજો." આ પ્રમાણે તે દિવસે દર્શન કરી ઘેર ગયા અને આખો દિવસ શાંતિથી પસાર થયો. રાત્રે બહુ જ શાંતિથી નિંદ્રા આવી ગઈ. અને સવારે તો અર્ધુ દુ:ખ દૂર થઈ ગયું એટલે પોતાની મેળે ઊઠી નાહીધોઈને મંદિરે દર્શન કરવા ચાલીને આવ્યા; અને તે દિવસે આખું મંદિર વાળ્યું, માળા ફેરવી ઘેર ગયા, ત્રીજે દિવસે પણ પ્રાત:કાળમાં નાહીધોહી, પૂજા કરી, દર્શન કરવા આવ્યા ત્યારે સ્વામીએ પૂછ્યું કે "દરબાર, હવે કેમ છે ?" ત્યારે દરબારે કહ્યું, "અરે, સ્વામી ! તમે તો મને જીવતો રાખ્યો. જીવતા જમપુરી જેવું દુ:ખ હતું. તે તમે બે દિવસમાં મટાડી દીધું." ત્યાર પછી દરબાર ભગવતસિંહભાઈ હમેશાં નિયમથી ઠાકોરજી આગળ એક પગે ઊભા રહીને પંચાસ માળા ફેરવતા અને પોતે જાતે સાવરણી લઈને આખું મંદિર વાળતા. આ ટેક તેમણે આખી જિંદગી બરાબર રાખી હતી. સ્વામીની દયાથી અનેક સત્સંગીઓ મહાસુખિયા થયા છે.

સ્વામીનો મહા ચમત્કારી અક્ષરવાસ

જીવનપર્યંત ધ્યાન, ભજન અને સેવા કરતા થકા, સ્વામી કૃષ્ણસેવાદાસજી દેશમાં ફરતા ફરતા સં. ૧૯૩૭ ની સાલમાં અમરેલી દેશમાં આવ્યા, ત્યારે ધર્માદો લેવા માટે જે ગામમાં જાય ત્યાં દરેક ઠેકાણે છ મહિના આગળથી એમ કહેતા કે, "ભાઈ, અમારે ધામમાં જાવું છે. માટે ધર્માદો જલદી આપી દો. હવે અમે ફરીથી ફરવા નહિ આવીએ." આ પ્રમાણે છ મહિના આગળથી બધા ગામોમાં વાત કરી જલદી ધર્માદો લઈ સ્વામી મોટા ગોખરવાળામાં આવ્યાં. ત્યાંથી એક પત્ર જૂનાગઢ કોઠારી મુકુંદચરણદાસજી ઉપર લખ્યો : "આ ક્ષણભંગુર અસાર સંસારનો ત્યાગ કરી મારે અક્ષરધામમાં જાવું છે. માટે અમારા સાધુ પુરાણી હરિદાસજીને આ પત્ર વાંચી તરત જ અહી મોકલો." એટલે કોઠારીએ બ્રહ્મચારી નિર્દોષાનંદજીની સાથે તરત જ પૂ. હરિદાસજીને મોટા ગોખરવાળા મોકલ્યા. પુરાણી સમય પ્રમાણે આવી પહોંચ્યા, તેથી સ્વામી બહુ રાજી થયા અને તેમને સત્સંગની મર્યાદા તથા કેટલીક સત્સંગની

રીતભાતથી માહિતગાર કર્યા. ત્યાર પછી પાંચ દહાડા પહેલાં એકાદશીને દિવસે સાંજે સભામાં સૌ હરિભક્તોને સ્વામીએ વાત કરી કે, "મારે ચૈત્ર વદી અમાસને દિવસે ૧૧ વાગે દેહ મૂકવો છે. કારણ કે આ મંદિરમાં સ. ગુણાતીતાનંદ સ્વામી તથા સ. ગોપાલાનંદ સ્વામી પધારેલા છે. માટે પ્રસાદીનું સ્થળ છે. સૌ હરિભક્તોનો પ્રેમ સારો છે; વળી ઉત્સવિયા પણ સારા છે. એટલે દરેક રીતે અનુકૂળ પડશે." આ પ્રમાણે સ્વામીની વાત સાંભળી સૌ હરિભક્તો અતિ આશ્ચર્ય પામ્યા.

ત્યાર બાદ ચૈત્ર વદી ૧૪ ને દિવસે સવારમાં સ્વામીએ હરજી પટેલ તથા ધરમશી પટેલને તેડાવીને કહ્યું કે, "મારે કાલે ચોક્કસ દેહ મૂકવો છે. માટે સુતારને બોલાવીને પાલખી કરાવો." તેથી અરજણભાઇ સુતારને બોલાવી પાલખી તૈયાર કરાવી; એટલે સ્વામીએ પોતે તે પાલખીમાં બેસી જોયું, ને જે કાંઇ ફેરફાર કરવો ઘટે તે કરાવ્યો. આ પ્રમાણે સ્વામીની મહાન આશ્ચર્યકારક ક્રિયા જોઇને કેટલાક અવિશ્વાસુ સત્સંગીને સંશય થયો ત્યારે સ્વામીએ કહ્યું કે, "મેં આખી જિંદગી શ્રીજીનું ધ્યાન ભજન કરી બરોબર આજ્ઞામાં રહીને મારી જાતમહેનતથી નાનાંમોટાં બત્રીસ નવાં મંદિરો કરાવ્યાં છે. તથા સ. ગુણાતીતાનંદ સ્વામી અને સ. ગોપાલાનંદ સ્વામીને ઘણીવાર રાજી કર્યા છે. સત્સંગની સેવામાં આ દેહને ચંદનના કાષ્ટની પેઠે શરીરને ઘસી નાખેલ છે. માટે મારા વચનમાં વિશ્વાસ રાખો. હું સત્ય વાત કહું છું. જરા પણ ખોટું નથી કહેતો." ત્યાર બાદ બપોર પછી હરજી પટેલ તથા ધરમશી પટેલને સાથે લઇ સ્વામી શેત્રુંજી નદીએ નહાવા ગયા ત્યારે બેઉ પટેલને સ્વામીએ કહ્યું કે "પટેલ, આ અમારી લાકડી લઇને નદીના વહેણથી બે લાકડી વા જમીન ભરો." એટલે પટેલે તે પ્રમાણે કર્યું ત્યારે સ્વામીએ તે ઠેકાણે એક પથ્થર મુકાવી કહ્યું કે, "કાલે આ ઠેકાણે જ મારા દેહને અગ્નિસંસ્કાર કરજો, પણ મારી પાછળ ઓટો ન કરશો." એમ કહી સમ ખવરાવી બંનેય પટેલને પોતાના પગ ઝલાવ્યા કારણ કે તે લોકોને મનમાં એવો સંકલ્પ થયેલો કે, આપણે સ્વામીના અગ્નિદાહની જગ્યાએ એક મોટો ઓટો કરવો તેથી સ્વામીએ નદીના વહેણ પાસે અગ્નિદાહ કરવા આગ્રહપૂર્વક ભલામણ કરી કારણ કે શેત્રુંજી જેવી મોટી નદીના વહેણમાં ઓટો થાય નહિ અને કોઇ કદાચ કરે તો રહે પણ નહિ. ત્યાર પછી સ્વામી નાહી–ધોઇને મંદિરે આવ્યા. ત્યારે પટેલને સ્વામીએ કહ્યું કે "અત્યારે એક માણસ આંબાગામે મોકલી ત્યાંના હરિભક્તો કાલે સવારે અહી આવે તેવા ખબર આપો." એટલે પટેલે તે પ્રમાણે

સમાચાર આપ્યા; અને સાંજે સૌ હરિભક્તોને સ્વામીએ કહ્યું કે, "સવારે સૌ જમી પરવારી અહીં આવજો." અમાસને દિવસે સવારે સાધુઓને શીરાની રસોઇ કરવાની આજ્ઞા આપીને ઉત્સવિયાને બોલાવ્યા. એટલે આંબા અને ગોખરવાળા બંનેય ગામના ઉત્સવિયા આવ્યા ત્યારે રસોઇ તૈયાર થયેલી જોઇ ઉત્સવિયા આદિ સૌ હરિભક્તો અને સાધુઓને જમાડ્યા. અને સેવકના આગ્રહથી પોતે થોડો શીરો જમ્યા. ત્યાર પછી પોતાને હાથે પાઘડીનો રૂમાલ બાંધી બાજુની ખીટીએ ભરાવ્યા અને ઠાકોરજીની પ્રસાદીનો હાર હતો તે પણ સાથે રાખ્યો. ને સૌ સાંભળતાં કહ્યું કે, "આ ફૂલનો હાર મારી ડોકમાં પહેરાવી મસ્તક ઉપર રૂમાલ મૂકજો અને શેત્રુંજી નદીમાં આથમણી બાજુ જયાં હું ધ્યાન કરું છું, ત્યાં જે ઠેકાણે કાલે એંધાણ કર્યું છે. તે જ જગ્યાએ દહનક્રિયા કરજો." એમ કહી ઉત્સવ કરાવ્યો અને થોડી વાર ઉત્સવ જોઇ બહુ રાજી થયા ને કહ્યું કે "આ પ્રમાણે ઉત્સવ કરતા કરતા આગળ ચાલજો." ઉપર પ્રમાણે ભલામણ કરી ઉગમણી બાજુની કોર એક મોટો પાટલો નખાવ્યો ને તે ઉપર પોતે બેઠા અને જમણા પગને ઊભો રાખી તેના ઉપર જમણો હાથ લાંબો કરી માળા ફેરવવા લાગ્યા. અને ૧૧ વાગ્યાનો સમય થયો એટલે સાધુસત્સંગીઓને કહ્યું કે "બોલો, સહજાનંદ સ્વામી મહારાજની જય." આવી રીતે સૌની સાથે જય બોલી ક્ષણભંગૂર દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં પધાર્યા. પછી સ્વસ્તિક આસનવાળી પાલખીમાં પધરાવી હાર પહેરાવ્યો ને મસ્તક ઉપર રૂમાલ મૂક્યો, ને અબીલ, ગુલાલ અને પુષ્પ આદિથી પાલખી શણગારી અને ઉત્સવિયા આગળ ચાલ્યા ને પાલખી લઇ સૌ સંતહરિભક્તો બહાર નીકળ્યા, એટલે ગામના લોકો પૂછવા લાગ્યા કે "સ્વામી ક્યાં પધારે છે ?" ત્યારે કહ્યું કે, "સ્વામીને અગ્નિસંસ્કાર કરવા લઇ જઇએ છીએ." ત્યારે લોકો કહેવા લાગ્યા કે, "કોઇ માંદા ન હતા ને શરીરની કાંતિ તો એવી ને એવી જ છે. જાણે હમણાં જ બોલશે.. ઓ હો હો હો ! આ તો મહાન આશ્ચર્ય કહેવાય !" ત્યાર પછી શેત્રુંજી નદીમાં સ્વામીએ પ્રથમથી બતાવેલી જગ્યાએ વિધિ પ્રમાણે અગ્નિસંસ્કાર કર્યા.

આ પ્રમાણે અલૌકિક પ્રતાપ જણાવી જેમ કોઇ યાત્રા કરવા જાય તેમ ધ્યાની સ્વામીશ્રી કૃષ્ણસેવાદાસજી સં. ૧૯૩૭ ના ચૈત્ર વદી અમાસને દિવસે સ્વતંત્ર થકા અક્ષરધામમાં પધાર્યા.

* * *

૧૭ : ધર્મનિષ્ઠ સ્વામી ધર્મસ્વરૂપદાસજી

અમરેલી તાલુકે ખારાપાટ પ્રદેશમાં **મોટા ગોખરવાળા** નામે એક પ્રસિદ્ધ ગામ છે. ત્યાં શ્રીજી મહારાજના સમયથી જ સત્સંગ છે, તેથી સ. ગોપાલાનંદ સ્વામી વગેરે મોટા નંદ સંતો ઘણી વાર પધારેલા; અને સ. ગુણાતીતાનંદ સ્વામી તો હરવખત ગોખરવાળા પધારતા. ગુણાતીતાનંદ સ્વામીની કથા–વાર્તા સાંભળીને એમની કૃપાદૃષ્ટિથી ગામમાં સત્સંગ ખૂબ વૃદ્ધિ પામ્યો છે. શ્રીજીની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવામાં અડીખમ યોદ્ધા સમા તથા કીર્તન અને અખંડ ભગવદ્‌વાર્તા કરી જીવના કારણશરીરમાંથી વાસના નિર્મૂળ કરનાર સ. ગુણાતીતાનંદ સ્વામીની જોરદાર વાતો સાંભળી અનેક જિજ્ઞાસુઓનાં હૃદય રંગાઈ ગયાં હતાં.

વૈરાગ્ય થવાનાં કારણો

ગોખરવાળામાં પટેલ મેઘાભાઈના સુપુત્ર અરજણભાઈને સ્વામીના સમાગમથી સંસારવ્યવહારમાંથી આસક્તિ ટળી ગઈ હતી; એથી પોતે પરણેલા, વ્યવહારે સુખી અને કામકાજનો બોજો પોતા ઉપર હોવા છતાં પણ સેવા, સમાગમ તથા ભજનસ્મરણ વિશેષ પ્રમાણમાં કરતા. એક વખત ચાતુર્માસમાં સાધુઓ ત્યાં પધારેલા અને એકાદશીનો નકોરડો ઉપવાસ હતો. અરજણભાઈએ મનમાં સંકલ્પ કર્યો કે "આપણે ત્યાં દુઝાણું છે, માટે બારશના પારણામાં સંતોને દહીં જમાડીશું." સવારે વહેલા ઊઠી, સ્નાન કરી, મંદિરે પૂજા કરવા જતી વખતે અરજણભાઈ કોઠલામાંથી દહીંનું દોણું લઈને ચાલ્યા; તે ઘરનાં બૈરાંએ જોયું; એટલે કહે: "આવડું મોટું દોણું લઈને ક્યાં ચાલ્યા ?" અરજણભાઈ કહે: "સાધુઓ ઉપવાસી છે તે પારણા કરાવવાં છે." બાઈ કહે: "એમાંથી થોડું લઈ જાઓ." પરંતુ અરજણભાઈ તો ન સાંભળ્યું હોય તેમ તત્કાળ ચાલતા થયા. એટલે બાઈએ એકદમ દોડી આવીને દોણાનો કાંઠો પકડ્યો; અને બન્ને જણ આમતેમ ખેંચવા માંડ્યાં. બે જણની રકઝક ને ખેંચાતાણમાં માટીનું વાસણ ક્યાં સુધી ઝીક ઝાલે ? બાઈના હાથમાં દોણાનો કાંઠો હતો તે વધારે ખેંચવાથી તૂટી ગયો ! એટલે અરજણભાઈ તુર્તજ દહીં લઈને મંદિર પહોંચી ગયા. સાધુઓએ પૂછ્યું: "ભાઈ, આ દહીંનું દોણું આમ શી રીતે ફૂટી ગયું ?" અરજણભાઈએ ટૂંકમાં હકીકત જણાવી, પણ વિવેકી સંતો બધો મર્મ સમજી ગયા. ભેંસના એ સુંદર દહીં ઉપર જામેલી તર એક બાજુ કરી, અંદરથી થોડું દહીં

ઠાકોરજીને ધરી સાધુઓ જમ્યા અને બાકીનું દહી પાછું આપ્યું; તે અરજાણભાઇ ઘેર લાવ્યા. ઘરનાં મનુષ્યે તે જોયું તો કંઇ વિશેષ વપરાયું ન લાગ્યું, દહી ઉપરની તર બધી આબાદ જોઇ તેને તો નવાઇ લાગી ! પછી તેની છાશ કરી એટલે હમેશાં જેટલું માખણ થતું હતું તેટલું જ થયું. બાઇને એ લોભ હતો, કે જો દહીનું આખું ઘેણું લઇ જશે, તો છોકરાં છાશ વિનાનાં રહેશે ને માખણ પણ નહિ ઊતરે; પરંતુ સાધુઓમાં આ જાતનાં વિવેક તથા ઉદારતા જોઇને તેને બહુ જ ગુણ આવ્યો; અને પોતાની ભૂલ માટે પશ્ચાત્તાપ થયો.

"સંતોની એવી સઘળી ક્રિયાય, કુસંગી દેખી સત્સંગી થાય."

શ્રીજી મહારાજ અને મોટા સંતોએ સત્સંગનું એવું સુંદર બંધારણ બાંધ્યું છે; અને એવી રીતભાત તથા વ્યાવહારિક વિવેક શીખવ્યો છે, કે સંતોની ફક્ત રહેણીકરણી કોઇ જુએ, ત્યાં જ તેને ગુણ આવે અને સદ્ભાવના જાગે; તો પછી ઉપદેશ સાંભળી કે સમાગમ કરીને કેમ ગુણ ન આવે ?

ગૃહત્યાગ અને પિતાનો હઠાગ્રહ

અરજાણભાઇ નાનપણથી જ સાત્ત્વિક વૃત્તિવાળા અને અનાસક્ત ભાવે સંસારમાં રહી ભગવદ્ભક્તિપરાયણ રહેતા હતા, તેમાં ઉપર્યુક્ત પ્રસંગ બન્યો તેથી પોતે સંસારથી ઉદાસ થઇ વિચાર કરવા લાગ્યા: "આપણે જિંદગીભર જાતમહેનત કરી કુટુંબનું પોષણ કરીએ અને એને અર્થે કેટલી મુશ્કેલીઓ સહન કરીએ, છતાં એ આપણને ભગવાન અને ભગવાનના ભક્તોની સેવામાં મદદરૂપ ન થતાં ઊલટાં વિઘ્ન રૂપ બને એ કેમ પોષાય ? આપણી કમાણીનો ઉપયોગ આપણે છૂટથી ધર્મકાર્યમાં ન કરી શકીએ અગર સેવા તથા ભજનસ્મરણ ન કરી શકીએ, ત્યારે સંસારમાં રહેવાનો અર્થ શો ?" આ રીતે મનમાં નક્કી કરી માતાપિતા વગેરેને કહ્યું: "મને ગૃહસ્થાશ્રમમાં રહેવું જરાપણ ગમતું નથી, ત્યાગી થઇ જવું છે; માટે તમે સૌ રાજી થઇને રજા આપો." પરંતુ એમની આ વાતને કોઇએ લક્ષમાં લીધી નહિ. અરજાણ ભાઇએ ફરીથી બેત્રણ વાર ત્યાગી થવાની ઇચ્છા દર્શાવી; પણ કંઇ મેળ આવે એમ જણાયું નહિ. પછી કોઇને પૂછ્યા સિવાય ઘરનો ત્યાગ કરી, જૂનાગઢ મંદિરમાં સ. ગુણાતીતાનંદ સ્વામી પાસે જઇને રહ્યા. એમના પિતાને ખબર પડી કે તુર્ત જ અરજાણને ઘેર તેડી લાવ્યા. પણ એમના મનમાંથી સંસારવ્યવહારનો અભાવ થઇ ગયેલો હતો; એથી બેપાંચ દિવસ ઘેર રહી ફરીથી જૂનાગઢ જતા રહ્યા. એમના

પિતાના મનમાં એમ હતું : "યુવાન અવસ્થા છે તે થોડા દહાડા વેગ ચડી ગયો છે તેથી ભાગી જાય છે; પણ ચટકીનો વૈરાગ્ય ઝાઝા દિવસ ટકશે નહિ; બેચાર વાર તેડી લાવીશું એટલે સ્થિર થઇ જશે." આવા વિચારથી મેઘાભાઇ અરજાણને ચાર વખત જૂનાગઢથી ઘેર તેડી લાવ્યા; અને અનેક પ્રકારે સમજાવ્યા, શરમાવ્યા અને કૈંક પ્રલોભનો બતાવ્યાં; તોપણ જેનું હૃદય સાચા વૈરાગ્યથી રંગાઇ ગયું હતું એવા એ અરજાણભાઇ કોઇ પણ બાબતે લલચાયા નહિ.

એક દિવસ અરજાણભાઇ વહેલા ઊઠી રેણ ઘરની ઓસરીમાં ઉંબર પાસે કોશ–કોદાળી લઇને ખોદવા લાગ્યા. અવાજ સાંભળી ઘરનાં બધાં માણસો જાગી ગયાં અને પૂછ્યું કે "અરજાણ ! તું આ શું કરે છે ?" ત્યારે તે કહે–"મારા જેવો યુવાન દિકરો હોય અને મારી માતુશ્રીને પાણી ભરવા બહાર જવું પડે એ કંઇ ઠીક કહેવાય ? માટે કૂવો ખોદું છું." "અરે ભાઇ, આમ કંઇ ઘરની ઓસરીમાં ઉંબરા પાસે કૂવો ખોદાય ખરો ? તું ગાંડો થઇ ગયો છે કે શું ?" એમ કહી તેમનાં સંબંધીઓએ કોદાળી વગેરે ઓજારો લઇ લીધાં. આ રીતે અરજાણની રીતભાતમાં ઘણો ફેરફાર થયેલો જોઇ સહુ કહેવા લાગ્યાં: "હવે આ કોઇ ઉપાયે ઘરમાં રહેશે નહિ, માટે રાજીખુશીથી ત્યાગી થવાની રજા આપવી જોઇએ."

જ્યારે પાંચમી વાર અરજાણભાઇ ભાગીને ત્યાગી થવા માટે જૂનાગઢ જતા રહ્યા, ત્યારે સૌ સંબંધીઓ કહેવા લાગ્યાં: "હવે ભલે ત્યાગી થઇ જાય. પણ ગુણિયલ પુત્રને વિષે દૃઢ પ્રીતિવાન પિતા એનો કેમ ત્યાગ કરી શકે ? હવે તેડી લાવીશ તો જરૂર તે ઘરમાં રહેશે. આવી આશાથી મેઘાભાઇ તેમને તેડી લાવવા માટે પાંચમી વાર પણ જૂનાગઢ ગયા. અરજાણભાઇ આ વખતે અકળાઇ ગયા હતા, તેથી જરા ગુસ્સે થઇને પિતાને ઘટિત રીતે કહ્યું; છતાં અતિ દુરાગ્રહ કરી ઘેર લઇ જવાની એમણે હઠ છોડી નહિ. આથી અરજાણભાઇએ અત્યંત દિલગીર થઇને સ્વામીને કહ્યું: "હવે હું કંટાળી ગયો છું, ઘેર જવું મને જરાપણ ગમતું નથી, માટે દયા કરી મારા પિતાને સમજાવો તો ઠીક." સ્વામીએ શાંતિથી ઘટિત રીતે મેઘાભાઇને સમજાવ્યા, તેઓ પોતાનો દુરાગ્રહ છોડે એમ જણાયું નહિ; એટલે અરજાણને ધીરજ આપી સ્વામીએ કહ્યું, "તું જરાયે મૂંઝાઇશ નહિ, અમે તારી ભેળા જ છીએ. તારો સંકલ્પ સિદ્ધ થશે; માટે સુખથી તારા બાપની સાથે ઘેર જા." આ રીતે સ્વામીશ્રીના કહેવાથી–તેમને કોટિ ઉપાયે ઘેર જવું ન હતું, તોપણ સ્વામીનો વિશ્વાસ રાખી તુર્તજ તૈયાર થઇને પિતાની સાથે ચાલી નીકળ્યા.

અલૌકિક ચમત્કાર

માર્ગમાં રાણપુર (ભેંસાણ) ગામ આવ્યું. ત્યાં એક દરજી સારા સત્સંગી હતા. તેમણે પોતાને ઘેર મંદિર કર્યું હતું. તેમાં રાત રોકાયા. વૃદ્ધ પિતા ખૂબ થાકી ગયા હતા, તેથી તુર્તજ સૂઇ ગયા, એટલે ગાઢ નિદ્રા આવી ગઇ. અરજણભાઇ પણ સાથોસાથ સૂઇ ગયા. પણ નિદ્રા આવી નહિ; કારણ કે તેનું મન ત્યાગી થઇ જવાની તાલાવેલીમાં ભગવત્પરાયણ બની ગયું હતું; તેથી ખાવું, પીવું કે ઊંઘવું ઇત્યાદિ દેહની આવશ્યક ક્રિયાઓ કરવામાં પણ એમને ઉપેક્ષા થઇ ગઇ હતી. થોડી વાર આમતેમ પથારીમાં આળોટી, પછી પોતાની પૂજામાંથી મૂર્તિ કાઢીને તેમને સરખી રીતે પધરાવી, હાથમાં માળા લઇને પ્રદક્ષિણા કરવા લાગ્યા. રાત્રિના લગભગ નવ વાગ્યાથી સવારના ત્રણેક વાગ્યા સુધી એ રીતે માળા ફેરવી. પછી આરામ લેવા માટે નીચે બેસી માળા ફેરવતા હતા, ત્યાં પોતાને નિદ્રા આવી ગઇ. નિદ્રામાં તુર્તજ શ્રીજી મહારાજ અને સ. ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન થયાં. એટલે પોતે સ્તુતિ–પ્રાર્થના કરવા લાગ્યા. થોડી વારમાં શ્રીજી મહારાજ અદૃશ્ય થઇ ગયા; પણ મહાન ચમત્કાર એ થયો, કે અરજણભાઇની આંખ ખૂલી ત્યાં જૂનાગઢ મંદિરના ઉગમણી તરફના દરવાજાના માઢ ઉપર પોતે હતા. તેથી વિચાર કરવા લાગ્યા, કે "હું ક્યાં હતો તે ક્યાં પહોંચી ગયો ! હું આ ક્યા સ્થળમાં બેઠો છું ? સ્વામીની દયાથી શ્રીજી મહારાજે મને જૂનાગઢ મંદિરના દરવાજા ઉપર મૂકી દીધો જણાય છે ! અહોહો ! શું કંઇ મોટા પુરુષની દયા છે. ! ક્યાં રાણપુર ને ક્યાં જૂનાગઢ ? ત્યાંથી ખબર ન પડે એ રીતે મારા દેહને નિરાવરણ કરીને અહી મૂકી દીધો ! પછી પોતે માથે ઓઢી માળા ફેરવવા લાગ્યા. ત્યાં ચાર વાગ્યાનો સમય થયો, તેથી સ. ગુણાતીતાનંદ સ્વામી જાગીને દરવાણી પાસે આવીને કહે: "ભગત, દરવાજા ઉપર મહેમાન છે ને આ બાર બંધ કેમ કર્યું છે ?" દરવાણી કહે : "સ્વામી કોઇ નથી. મેં સાંજે બરાબર તપાસ કર્યા પછીથી જ બાર બંધ કર્યું છે." સ્વામી કહે, "તમે બાર ખોલો તો ખરા, ઉપર મહેમાન છે." પછી કમાડ ઉઘાડી ઉપર તપાસ કર્યો, ત્યાં તો અંધારામાં કોઇ ભજન કરતું હોય એમ જણાયું. દરવાણી કહે, "સ્વામી ! તમે કહો છો તેમ કોઇ ઉપર છે ખરું !" સ્વામી કહે, "તેને નીચે બોલાવી લાવો." પછી અરજણભાઇ નીચે આવ્યા અને સ્વામીને દંડવત પ્રણામ કરી ઘણા જ પ્રસન્ન થયા.

મેઘાભાઈ સવારે ઊઠીને જુએ, ત્યાં અરજણને જોયો નહિ એથી તેઓ નિરાશ થઈ ગયા. 'આની પાછળ આમ કેટલા દિવસ દોડ્યા કરવું ? હું શરીરે વૃદ્ધ છું તેથી પગપાળા કેટલું ચાલવું ? એ યુવાનને મારાથી પહોંચી શકાશે નહિ; માટે હવે ભલે ત્યાગી થઈ જતો;' આમ વિચારી તેઓ પાછળ નહિ જતાં ઘર તરફ રવાના થઈ ગયા.

પ્રાચીન સત્સંગમાં સેવાનું મહત્ત્વ

આ રીતે ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી સાંસારિક બધી ઉપાધિ દૂર થઈ તેથી અરજણભાઈ અત્યંત સંતોષ પામ્યા. પછી સફેદ કપડે ભગત તરીકે રહી સ્વામીની રુચિ પ્રમાણે મંદિરની દરેક પ્રકારની સેવા ઘણા ઉત્સાહથી કરવા લાગ્યા. પ્રથમના સમયમાં ત્યાગી, ગૃહી સૌને સત્સંગની સેવા કરવાનો બહુ જ મહિમા હતો. ધ્યાનભજન, કથાવાર્તા અને સેવા સિવાય કોઈ ઘડીવાર પણ વ્યર્થ સમય ગુમાવતા નહિ. રાત્રિદિવસ ખૂબ ખંતથી નાનામોટા સૌ સેવા કરતા. કારણ કે સેવાથી પ્રત્યેક વ્યક્તિ સરલતાથી ટૂંક સમયમાં જ નિર્દોષ થઈને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. માટે જ સત્સંગમાં સેવાને સર્વોત્તમ ગણવામાં આવી છે. "જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન, કર્મ, વચને, ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે." (વચ. ગ. મ. ૨૮) 'ભગવાનના ભક્તની સેવા કરવી તે બરાબર કોઈ પુણ્ય નથી.' (વચ. ગ. મ. ૬૩) **"ભગવાનના ભક્તની મને, વચને દેહે કરીને જે સેવા બની આવે ને તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ જીવને સુખ થાય છે તેવું બીજે કોઈ સાધને કરીને નથી થતું."** (વચ. ગ. મ. ૪૦) 'ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે, પણ થોડા પુણ્યવાળાને મળતી નથી, (વચ. ગ. મ. ૫૯) **'જીવને બળ પામવાને અર્થે ભગવાન ને ભગવાનના ભક્તની સેવા બરાબર બીજો કોઈ ઉપાય નથી.'** (વચ. ગ. મ. ૬૩) "જેવું ઉકા ખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે, તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણમાત્ર પણ રહેવાય નહિ, તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે." (વચ. ગ. મ. ૨૫) આ રીતે સેવાથી પ્રાપ્ત થતા મહાફળની અમર આશાથી સત્સંગમાં પ્રત્યેક જિજ્ઞાસુ પુરુષ તન, મન ને ધનથી

શ્રદ્ધાપૂર્વક ઉત્સાહથી સેવા કરતા આવ્યા છે. એ જૂની રીત પ્રમાણે જૂનાગઢ મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં અને ત્યાર પછી પણ લગભગ વિ.સં. ૧૯૯૦ની સાલ સુધી મંદિરનું દરેક કામ ત્યાગીઓ જાતે જ કરતા. ઠાકોરજીની ચાલીશ પચાસ જેટલી ગાયો, ભેંસોનુ પાલનપોષણ કરવું, ચારવા જવું, વાસીદું કરવું, છાણાં થાપવાં તથા ઘાસ વાઢી લાવવું, વાસણો માંજવાં અને મંદિરની અંદર દરેક સ્થળની સાફસૂફી કરવી વગેરે દરેક પ્રકારની ભારેમાં ભારે સેવા પણ ત્યાગીઓ મહિમાપૂર્વક ખંતથી કરતા. બાંધકામ ચાલતું હોય તે માટે હાથે કાંકરીઓ ભાંગી, ઘરની વાડીમાં ચૂનો તૈયાર થતો. તથા કારખાનામાં લગભગ બધું ઘટિત કામકાજ સાધુઓ અને પાર્ષદો મળીને કરતા. મંદિરમાં બાર માસ માટે જેટલાં પડિયાપત્રાવળાં જોઈએ, તેટલાં સાધુઓ જંગલમાંથી ખાખરાનાં પાન લાવી, તેને સૂકવી, પછી હાથોહાથ પડિયાપત્રાવળાં બનાવી લેતા. હાલ સાધુઓની ધર્મશાળા અગ્નિકાંડમાંથી બચી છે તે માટેની વળીઓ સાધુઓ ગિરનારમાંથી હાથે કાપી લાવેલા. દરસાલ ચોમાસામાં સારું ઘાસ થાય એટલે હમેશાં ગિરનારમાંથી લીલું ઘાસ લઈ આવવા માટે ત્રીશચાલીશ જેટલા ભક્તો સવારે ત્રણ વાગે ઊઠી, પૂજાવિધિ કરવા જાય, ત્યારે તુર્તજ આરતી પહેલાં જ તે બધાને દર્શન કરાવી દે. પછી સાંજે બાજરો પલાળી રાખ્યો હોય તે દરેકને ફક્ત એક એક પોશ ભરીને આપે; તે ખાઈને સૂર્યોદય પહેલાં ગિરનારની અંદર બેત્રણ ગાઉ જ્યાં ઘાસ હોય ત્યાં પહોંચી જાય; અને હાથે ઘાસ વાઢી બાર–એક બજે ત્યાં ઘાસના મોટા મોટા ભારા માથે ઉચકી મંદિરમાં આવી જાય. હમેશાં બપોરે અડદની દાળ ને બાજરાના રોટલા જમવા મળે, છતાં સૌ એટલા પ્રેમભાવ તથા ઉત્સાહથી સેવા કરતા કે કોઈ દિવસ અણગમો, થાક અગર બેદરકારી જણાવ્યા સિવાય પૂર્ણ શ્રદ્ધાથી બધી સેવા થતી.

સ. ગુણાતીતાનંદ સ્વામીની પ્રસન્નતા અને ભગતને દીક્ષા

આ ભગવત્સંબંધવાળા સેવાયજ્ઞમાં અરજણ ભક્ત હૃદયના અત્યંત શુદ્ધ ભાવથી મહિમાપૂર્વક ખૂબ ખંતથી સેવા કરતા. પરમ શાંત, ગંભીર ને નિર્માની સ્વભાવ, સતત કથાવાર્તા અને ધ્યાન–ભજનપરાયણ અંગ તથા ઉત્સાહથી સાચા મમત્વપૂર્વક અબોલપણે સેવા કરવાની ધગશ; આવા અરજણ ભક્તના ઉત્તમ સદ્ગુણોથી સ્વામી તેમના ઉપર ઘણા જ પ્રસન્ન થયા હતા. અને સ્વામીએ ધામમાં

જતાં પહેલાં જ સ્વામી બાલમુકુંદદાસજીને એમની ભલામણ કરી હતી, કે 'અરજણ ભક્તને તમે પાસે રાખી સંભાળ રાખજો; અને સાધુ કરાવી સત્સંગની રીતભાત શીખવજો.' આથી સ્વામી ધામમાં ગયા પછી સદ્. સ્વામી બાલમુકુંદદાસજીએ ધ. ધુ. આચાર્ય શ્રી ભગવતપ્રસાદજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા અપાવી **ધર્મસ્વરૂપદાસજી** નામ ધારણ કરાવ્યું; અને શિષ્ય તરીકે કેટલોક સમય પોતાની સાથે રાખી ગામડાંઓમાં ફર્યા; પછી એમની સાધુતા જોઈને અલગ મંડળ બાંધી આપ્યું. ત્યાર બાદ સૌરાષ્ટ્ર પ્રદેશના સત્સંગમાં ઘણો સમય ફરી અનેક જીવાત્માઓને ભગવત્સન્મુખ કર્યા. અને મુમુક્ષુઓને ભગવદ્‌ભક્તિનું અલૌકિક સુખ આપી પરમ સંતોષ પમાડયા.

સ્વામીની સાધુતા

સ્વામી ધર્મસ્વરૂપદાસજીની એટલી ઉચ્ચ કોટિની સાધુતા હતી, કે કોઇ એમનાં ફક્ત દર્શન કરે, ત્યાં એમના તરફ પૂજ્યભાવ પેદા થતો અને અંતરમાં શાંતિ થઇ જતી. સ્વામીના પરિચયમાં આવનાર ત્યાગીગૃહી દરેકને એમના ઉપર સ્નેહાળ વૃત્તિ રહેતી. મોટા મોટા સંતો પણ એમના તરફ બહુ માનની દૃષ્ટિથી જોતા અને એમ કહેતા, કે 'ધર્મસ્વરૂપદાસજી એ તો **ધર્મનો સ્થંભ છે. સાક્ષાત્ ધર્મનો અવતાર છે.'** પોતાના ગુરુ સ. સ્વામી બાલમુકુંદદાસજી પણ કહેતા કે 'ધર્મરાજા (યુધિષ્ઠિર) નાં જેણે દર્શન કર્યાં ન હોય તે ધર્મસ્વરૂપદાસજીનાં દર્શન કરે.' આ રીતે સર્વસાધુગુણસંપન્ન તથા કથાવાર્તા, ધ્યાન, ભજન અને સેવાપરાયણ સ્વામીના સદ્‌વર્તનથી સત્સંગમાં ઘણો સમાસ થયો હતો. કારણ કે સાચા સાધુઓ પોતાના વિશુદ્ધ ચારિત્રબળથી તથા સ્વભાવસિદ્ધ કૃપાળુતાથી નિર્બળ, અજ્ઞાની, વિષયાસક્ત અને દુરાચારમાં ડૂબેલા એવા સામાન્ય કોટિના જીવાત્માઓ તરફ પણ મમત્વપૂર્ણ દયા–દૃષ્ટિથી હરવખત જોઇને એમનું ભલું કરે છે; તથા સાચું બળ, હિંમત, ધૈર્ય અને વિવેક વગેરે અનંત સદ્‌ગુણોનો એમનાં હૃદયમાં આવિર્ભાવ કરી આલોકપરલોકમાં સદા સુખિયા કરે છે.

મુમુક્ષુને શોધે અધિક પરબોધે ધીર ધરી,
હરી લે અજ્ઞાન હૃદય મહી વિજ્ઞાન જ કરી;
હરિજીના ગુણો ગણીગણી મુખે નિત્ય ઉચ્ચરે,
અહો ! એવા સાધુ નીરખી નીરખી અંતર ઠરે.

न प्रहृष्यति सन्माने, नापमाने च कुप्यति ।
न क्रुध्दः परुषं ब्रूयादेतध्दि साधुलक्षणम् ॥

સન્માનમાં જેઓ આનંદ પામતા નથી, તથા અપમાન થવા છતાં જેઓ કુરાજી થતા નથી અને ક્રોધ પામવા છતાં જેઓ ક્યારેય કઠોર વચન બોલતા નથી; એ જ સાધુ પુરુષનું લક્ષણ છે.

तितिक्षवः कारुणिकाः सहृदः सर्वदेहिनाम् ।
अजातशत्रवः शान्ताः साधवः साधुभूषणाः ॥
भा. ३- २६-२१

સુખદુઃખ, માનઅપમાન સહન કરનાર, દયાળુ, અપકાર કરવા છતાં સર્વભૂત-પ્રાણીઓની સાથે મિત્રભાવે વર્તનારા, જેનો કોઇ શત્રુ જ નથી; અને શાંત સ્વભાવવાળા તથા સુશીલપણું એ જેનું ભૂષણ છે એવા સાધુઓ હોય છે. આવાં લક્ષણે યુક્ત સાધુઓ એ જ જગતનું સર્વોત્તમ ધન છે.

ચમત્કારોનું સંક્ષિપ્ત સ્મરણ

નિર્દંભ ને નિષ્કામ ભાવનાપૂર્ણ પોતાની અસાધારણ સાધુતાથી સર્વનું હિત ચાહનાર સ્વામી ધર્મસ્વરૂપદાસજીના શુભાશીર્વાદથી ઘણા દુખિયાનાં દુઃખો નષ્ટ થયાં હતાં; તથા કેટલાય સત્સંગીઓ સ્વામીનાં સેવાસમાગમથી કૃતાર્થ થઇ ગયા હતા. પરંતુ તેની જોઇએ તેટલી માહિતી મેળવી શકાઇ નથી, તેથી એકાદ બે દાખલા આપી વિરમીશું.

એક વખત સ્વામી ધર્મસ્વરૂપદાસજી ઊના પાસે **કાંધી** ગામ છે ત્યાં વિરાજતા હતા. એ ગામમાં પ્રથમથી ખેડવાયા કુંભાર લોકોનો સારો સત્સંગ હતો. તેમાં **રૂખડ** ભગત કરીને એક અગ્રગણ્ય ચુસ્ત સત્સંગી હતા. તેમને સ્વામીએ એક દિવસ કહ્યું: "આજ બપોરે તમે ખેતર ભાત (જમવાનું) દેવા જશો નહિ; કારણ કે આજ તમારો કાળ છે. મંદિરમાં ઠાકોરજી પાસે બેસી માળા ફેરવો એટલે કાળ દૂર

ખસી જશે. રૂખડ ભગતને સ્વામીના વચનમાં પૂર્ણ વિશ્વાસ હતો એટલે ખેતર ન ગયા. સ્વામીની આજ્ઞા પ્રમાણે ઠાકોરજી પાસે માળા ફેરવવા લાગ્યા. અને બીજા કોઈને ખેતર ભાત આપવા મોકલ્યા. ભાત આવ્યું એટલે ખેતરમાં કામ કરતા બધા લોકો ભેગા મળીને જમવા બેઠા. ત્યાં એક મોટો સર્પ આવ્યો અને જે લોકો જમતા હતા તેની આસપાસ ચોતરફ ફરી ફરીને જોવા લાગ્યો; તેથી બધા લોકો એકદમ હાંફળાફાંફળા થઇ ગયા ને બહુ જ ડરવા લાગ્યા. એટલે ભાત લાવનાર કહે: "તમે કોઇ જરાપણ ડરશો નહિ. આ સર્પ તો રૂખડ ભગતનો કાળ છે. તે એમને ખોળે છે. એ બીજાને નહિ કરડે. અને રૂખડ ભગતને તો એમના ગુરુએ પ્રથમથી કહી દીધું છે, કે આજ તમારો કાળ છે માટે ખેતરે જશો નહિ; તેથી એ તો ઠાકોરજી આગળ માળા ફેરવવા બેસી ગયા છે. પછી સર્પ થોડીવાર આમ તેમ જોઇને ચાલ્યો ગયો. આ વાત સાંભળી સહુ લોકો આશ્ચર્ય પામ્યા ! આ રીતે સ્વામીએ અંતર્યામીપણે પ્રથમથી ચોક્કસ સૂચના આપી સ્વામિનારાયણ મહામંત્રના પ્રતાપે રૂખડ ભગતની કાળથી રક્ષા કરી.

સૌરાષ્ટ્રમાં કુંભાજીની **દેરડી** પ્રસિદ્ધ ગામ છે. ત્યાં સ્વામી ધર્મસ્વરૂપદાસજી પધારેલા ત્યાં નવું મંદિર બનાવવાનું હતું તેથી તેના પાયા ખોદવાનું કામ હરિભક્તો ઉત્સાહથી કરતા હતા. સ્વામી વગેરે સંતો દેખરેખ રાખી કામ કરાવતા હતા. તેમાં એક ફૂલચંદ કરીને ગામનો જૈન વાણિયો હતો, તે હરવખત ત્યાં આવી કામ થતું તે જોઇને કહેતો : "આમાં પાયા ખોદવા વગેરેમાં જીવજંતુ મરે એ પાપ કોને માથે ? આવું કામ સાધુઓએ શા માટે કરાવવું જોઇએ ?" આ રીતે કામ કરનારાઓનો ઉત્સાહભંગ કરતો હતો. ધીરે ધીરે સ્વામીએ જાણ્યું, કે પેલો વાણિયો આ રીતે બોલે છે. પરંતુ સ્વામીની પ્રકૃતિ બહુ જ શાંત ને ગંભીર હતી, તેથી ઘડીભર મરનારાને મર એમ કહે તેમ ન હતા; છતાં સાચી સેવામાં ગૌણતા આવતી જોઇને પેલો વાણિયો સાંભળે તેમ કહ્યું: "અનેક લોકો આમાં બેસી ભજન ભક્તિ કરશે; સાક્ષાત્ પ્રભુ આમાં સદા બિરાજશે તથા હમેશાં કથા, વાર્તા, ધૂન, કીર્તન થશે તેથી સૌનું ભલું થયા કરશે. આવા શુભાશયથી અમે મંદિર બનાવીએ છીએ; તેથી અમને અને આમાં સેવા કરનારા દરેકને પુણ્ય જ થશે; અને જાણેઅજાણે જે કાંઇ પાપ થશે તે આમાં વિઘ્ન કે ઈર્ષ્યા કરનારને લાગશે." આ પ્રકારની સ્વામીની વાત દૂરથી સાંભળી ફૂલચંદ ઘેર ભાગી ગયો. પછી સ્વામી કહે: "એ હૈયાફૂટો કોણ છે ?" સત્સંગીઓ

કહે : "સ્વામી ! એ તો રૂપશીભાઈનો (ચુસ્ત સત્સંગી કવિ રૂપશીભાઈનું કાવ્ય છંદ રત્નાવલિમાં છે.) સગો ભત્રીજો છે. તેને ચાર જમ લેવા આવ્યા હતા પણ રૂપશીભાઈએ ભજન કરી બચાવ્યો." સ્વામી કહે, "આને ચાર જમ હોય ? આને તો ચૌદ કરોડ જમ હોય ત્યારે સીધો થાય એવો છે." ફૂલચંદ ઘેર જઈને ઓસરીમાં બેઠો ત્યાં તુર્તજ મહાભયંકર અગણિત યમદૂત દેખાયા તે જોઈને બહુ જ ભય પામી ને બેશુદ્ધ બની ગયો અને ઝાડોપેસાબ પણ છૂટી પડયા ! આ બનાવ પછી ફૂલચંદ સત્સંગીનો દ્વેષ કરવાનું છોડી સરલ બની ગયો.

સંકલ્પ પ્રમાણે થયેલો સ્વામીનો અક્ષરવાસ

ભગવત્સાક્ષાત્કારને પામેલા નિઃસ્પૃહી મહાપુરુષોના મનમાં સાંસારિક કોઈ પણ પ્રકારનાં બંધન કે આસક્તિ હોતાં નથી. જીવનમાં એઓ જે કંઈ ક્રિયા કરતા હોય છે તે કેવળ ભગવત્પ્રસન્નતા માટે જ હોય છે. અને એમના હૃદયમાં સદા મહાઆનંદ વર્ત્યા કરતો હોય છે.

अहं भक्तपराधीनो ह्यस्वतन्त्र इव द्विजः ।
साधुभिर्ग्रस्तहृदयो भक्तैर्भक्तजनप्रियः ॥
मयि निर्बध्दहृदया साधवः समदर्शनाः ।
वशे कुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथा ॥
साधवो हृदयं मह्यं साधूनां हृदयं त्वहम् ।
मदयंते न जानन्ति नाहं तेभ्यो मनागपि ॥
भा. ९-४-६३

વૈકુંઠધામમાં ભગવાન દુર્વાસા ઋષિને કહે છે કે – "હું ભક્તોને આધીન હોવાથી પરતંત્ર જેવો છું, વળી મહાત્મા ભક્તજનોએ મારા હૃદયને વશ કરેલું છે અને મને ભક્તજનો પ્રિય છે. પતિવ્રતા સ્ત્રી જેમ ઉત્તમ પતિને વશ કરે છે, તેમ સમદર્શી તથા મારે વિષે દૃઢપણે જોડાયેલું છે હૃદય જેનું એવા સાધુ પુરુષો ભક્તિથી મને વશ કરે છે. સાધુ પુરુષો મારું હૃદય છે અને હું સાધુ પુરુષનું હૃદય છું. તેઓ મારા વિના બીજું કંઈ પણ જાણતા નથી, તેમ હું પણ તેઓના વિના બીજું કંઈ પણ જાણતો નથી. આ રીતે અખંડ ભગવત્સંબંધવાળા મહાપુરુષો ભગવાનને પણ વશ કરી પોતાના શુભ સંકલ્પ પ્રમાણે ભગવાન પાસે ક્રિયા કરાવે છે.

ઉપર્યુક્ત મુક્ત સ્થિતિને પામેલા બ્રહ્મનિષ્ઠ સ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી જીવનભર ભારે નિષ્ઠાથી ધ્યાનભજનમાં તલ્લીન રહેતા હતા; તેમાં પુરાણી ગોપીનાથદાસજી જેવા સુયોગ્ય વિદ્વાન શિષ્ય તૈયાર થયા. એમણે મંડળનો બધો વ્યવહાર ઉપાડી લીધો; તેથી સ્વામી પોતે નિશ્ચિંત થઈને ધ્યાનભજનપરાયણ બની ગયા હતા. એથી શ્રીજી મહારાજનાં તેઓશ્રીને કેટલીક વાર દર્શન થયેલાં. વૃદ્ધ અવસ્થામાં સ્વામી આ લોકથી બહુ જ ઉદાસી રહેતા અને ધામમાં જવાનો પોતાને ઊંડો સંકલ્પ થયેલો. એમાં એક વખત શ્રીજી મહારાજનાં દર્શન થયાં, પરન્તુ ભગવાન પાસે જો કંઈ માગીએ તો સકામ ભક્ત કહેવાઈએ તેથી કંઈપણ કહી શકયા નહિ; પણ પોતે પરંપરાથી સાંભળેલું કે વચનામૃતના ૧૦૦ (એક સો) પાઠ કરે તો શ્રીજી મહારાજ ધામમાં તેડી જાય. આથી પોતે સંકલ્પ કર્યો કે આપણે શ્રીજીની વાણી–વચનામૃતના સો પાઠ કરવા. પછી કોઈને આ વાત કર્યા વિના પાઠ શરૂ કરી દીધા. એ વખતે સ્વામીને ઊના દેશમાં ફરવાનો વારો હતો. અને સંવત ૧૯૯૦ની સાલ હતી. તે વખતે સ્વામી એકી સાથે ઊનામાં ત્રણ વર્ષ રહ્યા હતા. જો કે એક દેશમાં બે વર્ષ ફરવાનો રિવાજ પ્રથમથી જ હતો; પણ સ્વામી બાલમુકુંદદાસજી, સ્વામી નારાયણદાસજી, શાસ્ત્રી ધર્મતનયદાસજી અને સ્વામી ધર્મસ્વરૂપદાસજી આ ચાર મંડળ એક સાથે હતાં. તેમાં ચિઠ્ઠીઓ નાખીને ફેરફાર થયેલો, તેથી સ્વામીને ઊનામાં ત્રણ વર્ષ રહેવાનું થયું હતું.

સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ ઊનામાં વચનામૃતના ૯૮ પાઠ કર્યા અને બે પાઠ બાકી રહ્યા, ત્યારે એક દિવસ પોતાના સુયોગ્ય શિષ્ય અક્ષરપ્રિયદાસજીને વાત કરી કે 'હવે આપણે ધામમાં જવાનું નજીકમાં આવ્યું છે' કેમકે વચનામૃતના સો પાઠ કરવાનો સંકલ્પ કર્યો હતો. તેમાં હવે બે પાઠ બાકી રહ્યા છે. અક્ષરપ્રિયદાસજી સ્વામીએ તુર્ત જ આ વાત પુરાણી ગોપીનાથદાસજીને કરી. ગુરુએ આમ ધામમાં જવાની અણધારી તૈયાર કરી લીધી છે, એ જાણી બન્ને શિષ્યોના મનમાં ગુરુ પ્રતિ શુભ લાગણી ઉદ્ભવી આવી; અને મનમાં ક્ષોભ થયો. પુરાણીના મનમાં ચોક્કસ થઈ ગયું કે સ્વામી ધામમાં ચાલ્યા જશે; પણ થોડા દિવસ રહે તો સ્વામીનાં દર્શન, સેવા અને સમાગમ થાય. આવા હેતુથી પુરાણીએ સ્વામીને વાચવાની વચનામૃતની પ્રત સંતાડી દીધી. બીજો એક મંડળમાં વાચવાનો ચોપડો હતો, તે પણ સંતાડી દીધો. સ્વામીની અવસ્થા વૃદ્ધ હતી. તેથી આંખે ઓછું દેખાતું એટલે ઝીણા

અક્ષરવાળા બીજા ચોપડા હોય તે ફાવે નહિ, તથા જે પ્રત ઘણા સમયથી વાંચતા તે સિવાય પુસ્તક વાંચવું ગોઠે નહિ; એથી સ્વામીએ બેચાર દિવસ સુધી કોઈને કહ્યા વિના આમ તેમ પ્રત ખોળી, પણ પત્તો લાગ્યો નહિ. પછી પુરાણીને કહ્યું: "આપણી વચનામૃતની પ્રત દેખાતી નથી. તો કોઈએ લીધી હોય તો કહેજો." પુરાણી કહે, " સ્વામી ! તમે હવે વૃદ્ધ થયા ને આંખે ઓછું દેખાય છે, માટે વાંચવું નહિ. માળા ફેરવવી. ઘણા દિવસ વાંચ્યું હવે ધ્યાન–ભજન કરો." પુરાણીની વાતચીતથી સ્વામીને એમ જણાયું, કે પુરાણીએ જ પ્રત સંતાડી હશે. પછી સ્વામીએ અક્ષરપ્રિયદાસજીને કહ્યું: "પુરાણી આવો આગ્રહ શા માટે કરે છે ? મારે પાઠ પૂરા કરીને ધામમાં જાવું છે. મને આ લોક જ ગમતો નથી." સ્વામી અક્ષરપ્રિયદાસજી ગુરુ આમ એકદમ ધામમાં જતા રહે એમાં ખુશી ન હતા, એટલે કહે: "સ્વામી, ઘણા દહાડાથી તમે બહુ જ વાંચો છો તેથી આંખો ખરાબ થઇ જશે; માટે માળા ફેરવો." પુરાણી સત્સંગીઓના આગ્રહથી ઊનાની આજુબાજુના ગામડાઓમાં હરવખત ફરવા જતા, તેથી હરિભક્તો તેડવા આવ્યા; એટલે અક્ષરપ્રિયદાસજી સ્વામીને કહે : "જુઓ, હું ગામડે જાઉં છું. પુસ્તક ઘડીકમાં તો હાથ નહિ આવે, પણ કદાચ કોઈ ઉપાયે આવી જાય અને સ્વામી વાચવા માડે તો મને ખબર આપજો." આટલી ભલામણ કરી પુરાણી ગામડે ગયા. પછી બહારગામના મહેમાનો આવેલા, તેને ગોદડાં આપવા જતાં ગોદડાંના પટારામાં નીચેથી વચનામૃતની પ્રત નીકળી; એટલે સાધુઓ રાજી થયા. સ્વામી કેટલાય દિવસથી ખોળતા હતા, એટલે તુર્ત જ પ્રત સ્વામીને આપી. સાધુઓને ખબર ન હતી કે શા કારણથી કોણે સંતાડી છે. જો ખબર હોત તો આપત નહિ. પછી સ્વામી જલદી પાઠ પૂરા કરી લેવા માટે વિશેષ પ્રમાણમાં વાચવા લાગ્યા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ પુરાણીને સમાચાર લખ્યા: "પ્રત હાથ આવી ગઇ છે, સ્વામી ઉતાવળથી પાઠ કરવા મંડયા છે; માટે તમે વેળાસર આવો તો ઠીક. અત્યારે તમારી અહી હાજરી હોય એ વ્યાજબી કહેવાય. સમાચાર મળ્યા કે તુરત જ પુરાણી ઊના આવ્યા. સ્વામી એક તરફ બેસી પાઠ કરતા હતા ત્યાં જઇ દંડવત પ્રણામ કરી પગે લાગી, જરા ગુસ્સે થઈને પુરાણીએ કહ્યું: "તમે કોઈનું માનતા જ નથી અને વાંચ્યા જ કરો છો તે આંખો ખરાબ થઇ જશે. હવે શાંતિથી ભજન કરો." એમ કહી સ્વામી પાસેથી પુસ્તક લઇ લીધું અને ફરીથી પણ સંતાડી દીધું. આથી સ્વામીને ઠીક ન લાગ્યું. પણ અત્યંત ગરીબ સ્વભાવના અને ઓછું બોલવાની ટેવવાળા હતા. તેથી કંઇ બોલ્યા નહિ. પણ રાત્રીએ સ્વામી

અક્ષરપ્રિયદાસજીને કહ્યું : "પુરાણી હરવખત આમ શા માટે કરે છે ? મને આ લોકમાં રહેવું જરા પણ ગમતું નથી. પાઠ કર્યા સિવાય છૂટકો જ નથી; માટે પુરાણીને કહો કે પુસ્તક આપે." એ અરસામાં પુરાણીને ગરાળવાળા શેઠીઆઓ તેડવા આવ્યા પણ પુરાણી જતા ન હતા. ત્યારે સ્વામી કહે: "તેઓ બધા પરદેશથી આવ્યા છે, માટે જાઓ ને એમને કથાવાર્તાથી રાજી કરો." પુરાણી કહે: "સ્વામી ! હું જાઉં ને તમે પાછળથી અચાનક ધામમાં ચાલ્યા જાઓ તો અમારે પશ્ચાત્તાપનો પાર ન રહે; માટે તમે ચોક્કસ કહો કે 'હું તમારા આવ્યા વિના ધામમાં નહિ જાઉં,' તો હું ગરાળ જાઉં." પછી સ્વામીએ 'હા' કહી; ત્યારબાદ ત્યાં ગયા. અને શેઠિયાઓના આગ્રહથી ગરાળમાં હનુમાન, ગણપતિની પ્રતિષ્ઠા કરી થોડા દિવસ રહી તે લોકોને પુરાણીએ કથા–વાર્તાથી ખૂબ રાજી કર્યા. સ્વામી અક્ષરપ્રિયદાસજીને પણ કંઇ કામપ્રસંગે બે દિવસ ગામડે જવાનું થયું. સ્વામી ચોતરફ પુસ્તક ખોળતા હતા, એથી ધર્મશાળાના પ્રવેશ ઉપર જે ડાકલી હોય તેમાં પુસ્તક સંઘરેલું તે મળી આવ્યું. બે દિવસ બાદ અક્ષરપ્રિયદાસજી આવ્યા ત્યાં તો સ્વામી પાઠ કરતા હતા ! એટલે તુર્તજ પુરાણીને ચિઠ્ઠી મોકલી, કે " સ્વામીને પુસ્તક હાથ આવી ગયું છે ને પાઠ પૂરો થવા આવ્યો છે. માટે જલદી અહીં આવો." પુરાણી તુર્ત જ આવ્યા, પણ સ્વામીની તીવ્ર ઇચ્છા ધામમાં જવાની હતી એટલે કંઇ બોલ્યા નહિ. રાત્રિએ એકાંતમાં પ્રાર્થના કરી કહ્યું: "સ્વામી ! તમે આમ અચાનક ધામમાં ચાલ્યા જાઓ એ અમને કેટલું લાગી આવે ! માટે અમારા ઉપર કૃપા કરી હાલ પાઠ કરવા બંધ રાખો તો ઠીક. ચારછ માસ પછી પાઠ કરજો. તમે પૂરા પાઠ કરશો એટલે તુર્ત જ ધામમાં ચાલ્યા જશો. એટલા માટે હું પુસ્તક સંતાડી દઉં છું. પણ બીજું કંઇ કારણ નથી." સ્વામી કહે: "મને આ લોકમાં રહેવું ગમતું નથી. અને નાના મોટા સૌને એક દિવસ આ લોક છોડીને જવાનું છે, માટે રોકાવાનો આગ્રહ ન કરવો." પછી પાઠ બાકી હતો તે પૂરો કર્યો.

પુરાણીને સંકલ્પ થયો, કે હું છેવટની સ્વામીની પૂજા કરી લઉં. પછી ચંદન ઉતારી પુષ્પનો હાર લઇને સ્વામીની પૂજા કરવા આવ્યા, સ્વામી કહે: "આપણે ભેળા જ છીએ. આપણી સાધુની વળી પૂજા શું ? ઠાકોરજીને ચંદન ચર્ચી હાર ધરવો એટલે આપણી પૂજા થઇ ગઇ કહેવાય." પછી પુરાણીના વિશેષ આગ્રહથી પૂજા કરવા દીધી. પુરાણીએ પૂજા કરી દંડવત પ્રણામ કરીને સ્વામીને પ્રાર્થના કરી

કહ્યું: "મારો કંઇ અપરાધ થયો હોય, સેવા ન થઇ હોય તો માફ કરશો." સ્વામી કહે: "પુરાણી ! તમે અમને ખૂબ રાજી કર્યા છે. તમને જોઇને અમારું અંતર શાન્તિ પામે છે. કથાવાર્તા કરવીસાંભળવી એ સત્સંગમાં મુખ્ય બાબત છે. તે તમે બહુ ઉત્તમ કરો છો એટલે સદા પ્રસન્ન જ છીએ."

સ્વામીના શરીરમાં કોઇ પ્રકારની બિમારી હતી નહિ. છેવટે ધામમાં જતાં પહેલાં એક અઠવાડિયું વાંસામાં ગૂમડું થયું હતું. આવી સાધારણ બિમારીથી કંઇ ધામમાં જતા રહેશે ? એમ કેટલાકના મનમાં હતું; પરન્તુ સ્વામી તો પાઠ સમાપ્ત કર્યા પછી દસબાર દિવસમાં જ ધામમાં પધારી ગયા.

આ રીતે જીવનભર અત્યંત નિર્માનીપણે અખંડ ધ્યાન–ભજનપરાયણ રહી સ. સ્વામી શ્રી ધર્મસ્વરૂપદાસજી પોતાના શુભ સંકલ્પ પ્રમાણે સ્વતંત્ર થકા સં. ૧૯૬૧ના ફાગણ વદ ૩ ના રોજ ઊના મુકામે અક્ષરવાસી થયા. એ સ. સ્વામી શ્રી ધર્મસ્વરૂપદાસજીના સુયોગ્ય શિષ્ય પ્રસિદ્ધ પુરાણી શ્રી ગોપીનાથદાસજી હતા.

* * *

૧૮ : બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ પુરાણી શ્રી ગોપીનાથદાસજી

સૌરાષ્ટ્રમાં અમરેલી તાલુકે ખારપાટ પ્રદેશનાં ગામડાંઓનો સત્સંગ બળવાન અને સમજુ ગણાય છે. તે તરફના હરિભક્તોમાં વિવેક, વિનય, સેવાભાવ, વ્યવહારકુશળતા અને સત્સંગના માહાત્મ્ય, પક્ષ તથા મમત્વ વિશેષપણે જોવામાં આવે છે. લોકમાં અને સત્સંગમાં ખૂબ પ્રતિષ્ઠા પામેલા એવા ઘણા સત્સંગીઓ તે તરફ પરંપરાથી થતા આવ્યા છે. ચાડિયાના રામ ભંડેરી, આંબાના દેવશી લુહાર, દાડમાના નથુ ભટ્ટ, સમઢિયાળાના વીરા શેલડિયા, વાંકિયાના વૈજનાથ મહારાજ, ગોખરવાળાના દુબળી ભટ્ટ (ગઢપુર મંદિર થતી વેળાએ નવ દોકડા આપ્યા ને શ્રીજીએ સભામાં કહ્યું: કે “અમારા મંદિરના કળશ ચડી ગયા” તે રણછોડ મહારાજ) ચાંદગઢના લવજી મહારાજ ઈત્યાદિ ભારે ઉત્તમ કોટિના સત્સંગીઓ હતા. એ જ રીતે તે પ્રદેશમાંથી સાધુઓ પણ અતિશ્રેષ્ઠ સાધુતાવાળા થયા છે. અનાદિ મહામુક્ત સ. મુક્તાનંદ સ્વામી, સ. યોગેશ્વરદાસજી સ્વામી, સ. ધર્મસ્વરૂપદાસજી સ્વામી, સ. નારાયણદાસજી સ્વામી, સ. પુ. ગોપીનાથદાસજી, વગેરે મહાપુરુષો સત્સંગના સ્થંભ સમાન ગણાતા તે બધા એ પ્રદેશના હતા.

અમરેલીથી પાંચેક ગાઉ દૂર એક **વાંકિયા** ગામ આવેલ છે, ત્યાં સ. ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં સત્સંગ થયેલો. તેમાં પટેલ દેવરાજ ઠુંમર તથા પટેલ રાઘવભાઈ માઘળિયા અને વ્યાસ વૈજનાથ મહારાજ એ સત્સંગપ્રચારના બહુ જ આગ્રહી અને અતિ ઉત્તમ સ્વરૂપનિષ્ઠાના બળવાળા ભારે શ્રેષ્ઠ સત્સંગી હતા. સંપ્રદાયની વૃદ્ધિ થાય એવી અનેક રીતે આગ્રહપૂર્વક એમણે તન, મન ને ધનથી સેવા કરેલી; એટલું જ નહિ પરંતુ એમના સુયોગ ને ઉપદેશથી સત્સંગના ભૂષણરૂપ એવા કેટલાય સારા સાધુઓ પણ થયા હતા. ગામમાં મંદિર બનાવેલું અને સવારસાંજ ઉત્સાહથી આરતી, સ્તુતિ, ધૂન, કીર્તન ને કથાવાર્તા થતાં એથી સત્સંગનો રંગ તાજો રહ્યા કરતો હતો. ગામના નાનામોટા સહુ લોકો ઉપર એ મંગલમય દિવ્ય વાતાવરણની સુંદર છાપ પડતી હતી.

જૂનાગઢના સુપ્રતિષ્ઠિત અને કથાવાર્તામાં અજોડ, પ્રતિભાશાળી, પ્રખર વિદ્વાન સ. પુરાણી શ્રી ગોપીનાથદાસજીનું પૂર્વાશ્રમના વતનનું ગામ વાંકિયા હતું. સ. પુ. શ્રી ગોપીનાથદાસજીનું પૂર્વાશ્રમમાં ગોવિંદભાઈ નામ હતું. વિ. સં. ૧૯૨૦ની સાલમાં

એમનો જન્મ થયો હતો. બાળવયથી ગામના છોકરાઓની સાથે આરતી વખતે મંદિરે આવતા; ત્યાં નગારું વગાડવાનું મળે તથા પ્રસાદ વહેંચાય અને નવીન નવીન સુંદર કીર્તનો સંભળાય આથી બાળપણથી જ મંદિર તરફ તેમનું આકર્ષણ થયેલું. પોતે ગમે ત્યાં હોય પણ સાયંકાળે આરતી વખતે તો રોજ મંદિરમાં અચૂક પહોંચી જ ગયા હોય. આ રીતે એક નાના બાળકને નિયમિતપણે મંદિરમાં આવતો જોઈને દેવરાજ ભગત વગેરે સત્સંગીઓની દૃષ્ટિ તેમના ઉપર પડી. રોજના પરિચયથી ગોવિંદભાઈની ચતુરાઈ, મુમુક્ષુતા અને સેવાભાવના બરાબર ધ્યાનમાં આવ્યાં; એટલે સૌ સત્સંગીઓ તેમને પ્રેમથી પાસે બેસાડી સારી સારી વાતો કરી સત્સંગના શુભ સંસ્કારો પાડવા લાગ્યા. ગોવિંદમાં તેજસ્વીતા, નીડરપણું અને બોલવામાં કુશળતા હતાં તેથી દરેકને એમ થયું કે 'આ જો સાધુ થાય તો ભણીગણીને સત્સંગને દીપાવે એવા થાય.' પ્રથમ સૌને એવો આગ્રહ હતો: કે કોઈનામાં મુમુક્ષુતા સાથે તેજસ્વીતા જણાય તો તેને ખાસ મહેનત લઈને સત્સંગ તરફ વાળતા; અને ઘટિત હોય ને ત્યાગી થાય તેમ જણાય તો સંપૂર્ણ સહાય આપી પૂરી કોશિશ કરવી એ દરેકનો સદાગ્રહ રહેતો. આ હેતુથી જયારે સાધુઓ આવે ત્યારે ગોવિંદને સેવાસમાગમ ને કથાવાર્તાનો લાભ સાથે રહી રસ પડે એ પ્રકારે લેવરાવતા. આથી એમનું હૃદય બાળપણથી જ ત્યાગભાવનાવાળું બની ગયું.

ગામડાંનો સત્સંગ તાજો ને બળવાન થઈ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો રહે, એ હેતુથી સંપ્રદાયમાં સર્વત્ર પ્રથા છે કે જયાં સત્સંગ હોય ત્યાં ગામડાઓમાં વર્ષમાં બે વખત ફરી સાધુઓ કથાવાર્તા કરે. આ પ્રાચીન રિવાજ મુજબ જૂનાગઢના સમર્થ સદ્ગુરુ સ્વામી શ્રી બાળમુકુંદદાસજી ગામડાંમાં વિશેષ ફરતા; અને મોટાં મોટાં ગામોમાં, ક્યાંય એક માસ, ક્યાંય બે માસ, તો ક્યાંય ત્રણ માસ; બબ્બે ને ચાર ચાર મંડળો સાથે રહી ભજન, ભક્તિ અને કથાવાર્તા રૂપી જ્ઞાનયજ્ઞ અખંડ કર્યા કરતા. અનેક મુમુક્ષુઓ ભગવત્સુખનો અદભુત આનંદ માણી રહ્યા હતા; અને સત્સંગનો સર્વાંગી સુદૃઢ વિકાસ અપૂર્વ રીતે થતો હતો. સૌરાષ્ટ્રના સત્સંગમાં સ. સ્વામી બાળમુકુંદદાસજીનો સમય એ 'સુવર્ણયુગ' ગણાતો હતો.

ગૃહત્યાગ અને સાધુદીક્ષા

એક વખત સ. સ્વામી બાળમુકુંદદાસજી ત્રણચાર મંડળ સાથે **વાંકિયા**

ગામે પધારેલા અને ત્યાં કેટલાક દિવસ રોકાઈને કથાવાર્તાનું સુખ આપતા હતા. આ અમૂલ્ય તક જોઈને સહુ સત્સંગીઓએ કહ્યું: "ગોવિંદ ! તારાં ભારે સદ્ભાગ્ય છે. ઘેર બેઠા અલભ્ય લાભ લઈ શકાય એવો સુયોગ સહેજે પ્રાપ્ત થયો છે. શિષ્ય થઈ સેવા કરવા જેવા મોટા સંત પધાર્યા છે. આ લોકમાં કંઈ માલ નથી, માટે આ દેહે આવા સાચા સંતની સેવા કરી જન્મ સુફળ કરી લે. આવો સંયોગ મળવો બહુ જ દુર્લભ છે." હરિભક્તોના વાત્સલ્યભાવથી તથા સંતોની સાધુતાભરી પ્રેમાળવૃત્તિ અને ભજનસ્મરણ અને કથાવાર્તાના સતત યોગથી ગોવિંદનું પવિત્ર હૃદય રંગાઈ ગયું હતું; એટલે વિશેષ કહેવું પડે તેમ ન હતું. હવે સ્વામી ત્યાંથી ચાલ્યા, ત્યારે ૧૪ વર્ષની બાળવયે ઘરનો ત્યાગ કરી ગોવિંદભાઈ પણ નીકળ્યા. કેટલોક સમય સ્વામી સાથે ગામડાંઓમાં ફર્યા પછી ગોવિંદને સ્વામી બાળમુકુંદદાસજીએ પોતાના શિષ્ય સ્વામી ધર્મસ્વરૂપદાસજીને સોંપ્યા. સાધુતાની પ્રત્યક્ષ મૂર્તિસમા, પરમ નિર્માની સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ તેમને ત્યાગાશ્રમના ઉત્તમ સંસ્કારો પાડી પોતાના ગુરુની આજ્ઞાથી વિ. સં. ૧૯૩૪ની સાલમાં ધ. ધુ. આચાર્ય શ્રી ભગવતપ્રસાદજી મહારાજ પાસે દીક્ષા અપાવી, **ગોપીનાથદાસજી** નામ ધારણ કરાવ્યું.

સંસ્કૃતવિદ્યાનો અભ્યાસ

દીક્ષા લીધા પછી સાધુ ગોપીનાથદાસજી ટૂંક સમયમાં સંપ્રદાયના પ્રાકૃત ગ્રંથો અને કીર્તનો વગેરે શીખ્યા, એટલું જ નહિ પણ ઉત્તમ ઢબ ને મધુર સ્વરથી તેની કથા કરવા લાગ્યા; આથી તેમના ઉપર સહુ સંતો પ્રસન્ન થયા. સેવા કરવાનું અંગ, કામકાજની આવડત અને બાળવય છતાં જપ, તપ, વ્રતનો ઈશક ઈત્યાદિ શ્રેષ્ઠ ગુણો નાના સાધુ ગોપીનાથદાસજીમાં જોઈને સ્વામી બાળમુકુંદદાસજીએ પોતાના શિષ્ય શાસ્ત્રી ધર્મતનયદાસજીને આજ્ઞા કરી : "તમે ગોપીનાથદાસજીને કાળજીથી સંસ્કૃત ભણાવજો." શાસ્ત્રીજી શ્રેષ્ઠ વિદ્વાન હતા અને ગોપીનાથદાસજી બુદ્ધિશાળી ને ખૂબ આગ્રહી હતા; એથી પંચકાવ્યો અને ગીતા, ભાગવત વગેરેનો ટૂંક સમયમાં સારો અભ્યાસ કરી રિવાજ મુજબ જૂનાગઢ મંદિરમાં એટલી સરસ કથા કરી કે મોટા મોટા સંતો તેમના ઉપર ઘણા રાજી થયા હતા. ત્યાર પછી રાજકોટના સુપ્રસિદ્ધ પ્રખર વિદ્વાન શ્રી જીવણરામ શાસ્ત્રી પાસે એકાદ વર્ષ અભ્યાસ કરી, ન્યાયવેદાન્તનો વિશેષ અભ્યાસ કરવા માટે વડતાલ ગયા. એ સમયે ધ. ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી

મહારાજ ગાદીસ્થાને વિરાજતા હતા. તેઓશ્રીને વિદ્યાપ્રચારની અત્યંત ધગશ હતી. ભણનારા સંતોની જાતે પૂછપરછ કરી દરેક રીતે સંભાળ રાખતા. સંતો શ્રેષ્ઠ વિદ્વાન થાય તેને માટે તેઓશ્રી પૂરતી કાળજી રાખી પુસ્તકો વગેરે તમામ સગવડ મંદિર તરફથી આપતા, એ સમયે પાઠશાળામાં ૬૦ ભણનારા સંતો અભ્યાસ કરતા હતા. તેમાં પુરાણી ગોપીનાથદાસજી પ્રથમ પંક્તિના એક સારા ભણનારા ગણાતા. મુક્તાવલિ, શ્રીભાષ્ય, શ્રુતપ્રકાશિકા અને શાંકરભાષ્ય વગેરે પોતે અભ્યાસ કરેલાં પુસ્તકોનાં પૃષ્ઠો ઉપર સ્વહસ્તે ટિપ્પણ તથા કેટલાક સંગ્રહો–લેખો છે; અને વેદભાષ્યો વગેરે અનેક પુસ્તકોનો મોટો સંગ્રહ કે જે તેમના સુપ્રસિદ્ધ શિષ્ય અ. શાસ્ત્રી ધર્મજીવનદાસજી પાસે હતો. તે જોતાં જણાય છે કે પુરાણીશ્રીએ સંસ્કૃતસાહિત્યનો ઊંડો અભ્યાસ કર્યો હતો. વડતાલમાં એ વખતે શ્રીજી મહારાજને મળેલા કેટલાક મોટા મોટા નંદ સંતો હતા. તથા બીજા પણ ઘણા વયોવૃદ્ધ ભગવન્નિષ્ઠ સંતો હતા; એ સર્વનાં સેવાસમાગમનો લાભ અવકાશના સમયમાં લેતા. અને શ્રીજી મહારાજના પરમ કૃપાપાત્ર મહા સમર્થ સદ્‌ગુરુ શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી કે જેઓ ૧૨૫ વર્ષની અતિવૃદ્ધ અવસ્થાના હતા, તેમને શરીરમાં કળતર ને માથાનો દુખાવો રહેતા; તેથી લગભગ હમેશ પુરાણી ગોપીનાથદાસજી તેમની શારીરિક સેવા કરતા. સ. અદ્‌ભુતાનંદ સ્વામી બહુ જ નિઃસ્પૃહી અને વૈરાગ્યવાળા; એથી સવાસો વર્ષની ઉંમરે પહોંચવા છતાં ધર્મનિયમ બહુ જ કડકપણે પાળતા અને કદી પણ કોઇ પાસે શારીરિક સેવા કરાવવાની ઇચ્છા રાખતા નહિ; પરંતુ તેઓ જયારે શ્રીજી આજ્ઞાથી સત્સંગપ્રચારનું ભગીરથ કાર્ય તનતોડ મહેનત લઇને કરી રહ્યા હતા, તે વખતે કોઇએ દ્વેષબુદ્ધિથી તેમને અનાજમાં અતિ આકરું ઝેર આપ્યું હતું; પણ તેમના નૈષ્ઠિક બ્રહ્મચર્યના પ્રતાપે અને શ્રીજીકૃપાથી કંઇ હરકત આવી નહિ. તત્કાળ મૃત્યુ કરે એવું હળાહળ ઝેર પણ તેઓ પચાવી ગયા હતા. છેલ્લી અવસ્થામાં તે ઝેરની થોડી અસર જણાઇ, એથી શરીરમાં કળતર ને માથાનો દુખાવો થતાં એટલે પુ. ગોપીનાથદાસજીના અતિ પ્રેમભાવને માન આપી થોડીવાર સેવા કરવા દેતા. અને પુરાણી ઉપર ઘણા પ્રસન્ન થઇને અંતરના આશીર્વાદ આપ્યા હતા. આ રીતે પુરાણીશ્રીએ વિદ્યાભ્યાસની સાથોસાથ મોટા એકાંતિક સંતોનાં સેવા–સમાગમ કરી પરંપરાગત સાંપ્રદાયિક જ્ઞાન તથા સાધુતાના સદ્‌ગુણો જીવનમાં ઓતપ્રોત કર્યા હતા. ભલી ધરામાં વાવેલું બીજ અનુકૂળ હવા, પાણી, પ્રકાશ અને સંરક્ષણથી જેમ નવપલ્લવિત થઇ શ્રેષ્ઠ ને સ્વાદુ ફળ આપે એ રીતે સાધુતા, વિદ્વત્તા અને વ્યવહારકુશળતાથી સત્સંગ અને સંસારમાં પણ

સુપ્રતિષ્ઠા પામેલા બારસો જેટલા વડતાલના એ શ્રેષ્ઠ ત્યાગીસમૂહના બ્રહ્મભીના પરમ પવિત્ર વાતાવરણથી પોષાયેલ, અને જૂનાગઢના બ્રહ્મનિષ્ઠ સ. સ્વામી શ્રીબાલમુકુંદદાસજી, શાસ્ત્રી શ્રી ધર્મતનયદાસજી તથા સ્વામી ધર્મસ્વરૂપદાસજી આ ત્રણ સમર્થ મહાપુરુષોની છાયા નીચે સંરક્ષણ પામેલા સ. પુરાણીશ્રી ગોપીનાથદાસજીએ વિદ્યાભ્યાસ કર્યા પછી જીવનભર પોતાની ભારે રસમય કથાવાર્તા વગેરેથી સત્સંગની ઉત્તમ સેવા બજાવી હતી. લગભગ સં. ૧૯૩૯ની સાલથી ૪૪ની સાલ સુધી વડતાલમાં વિદ્યાભ્યાસ કરી જૂનાગઢ આવ્યા. ત્યાર પછી પોતાના ગુરુ સાથે ગામડાંઓમાં ફરવા લાગ્યા.

કથાવાર્તાથી સત્સંગની સેવા

પુરાણીની કથા કરવાની શૈલી ઘણી જ શ્રેષ્ઠ હતી. પહાડી, ગંભીર ને મધુર કંઠથી છટાદાર ભાષામાં થતી એમની કથા સાંભળીને ભલભલાના પણ ગર્વ ગળી જતા. એમનાં કંઠ, શરીર અને શ્રદ્ધા એવાં બળવાન હતાં કે એ કદી થાકતા નહિ. શ્રોતાજનોને જ્ઞાનગંગામાં પવિત્ર કરી તેઓ ભક્તિરસમાં તરબોળ બનાવી દેતા હતા. સમજુ ને શ્રદ્ધાવાળા શ્રોતાજનોનો સમૂહ જયારે વધારે પ્રમાણમાં હોય ત્યારે તો પુરાણીશ્રી લહેરમાં આવી એવા ખીલતા અને વાગ્ધારાનો એવો જોરદાર આકર્ષક પ્રવાહ છૂટતો કે શ્રોતા–વક્તા બંનેને એ ખ્યાલ રહેતો નહિ; કે કેટલો સમય વીત્યો છે ! એ રીતે સૌ તલ્લીન બની જઇ જ્ઞાનામૃતનું પાન કરતા. રાજકોટમાં સં. ૧૯૪૫ની સાલમાં માવા મુસાવાળા શેઠશ્રી માવજીભાઇ તથા તેમના સુપુત્ર લક્ષ્મણદાસ શેઠે વડતાલ, અમદાવાદથી બન્ને આચાર્યો ને સંતોને ભેળા કરી મોટા પાયા ઉપર સપ્તાહપારાયણ ભારે ધામધૂમથી કરાવ્યું હતું. એ વખતે પુરાણીશ્રીએ મુખ્ય વક્તા તરીકે રહી સાધુસત્સંગીઓનાં મન રંજિત કરી બંને આચાર્યો અને મોટા સંતોની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. આથી સમગ્ર સત્સંગમાં પુરાણીશ્રીની સુકીર્તિ ફેલાઇને સારી પ્રતિષ્ઠા થઇ હતી. ચોતરફથી સહુ એમને કથા કરવા બોલાવતા. સ. સ્વામી બાળમુકુંદદાસજી સાથે લગભગ સાતઆઠ વખત મુંબઇમાં કથાવાર્તા કરવા સત્સંગીઓના ખાસ આગ્રહપૂર્વક આમંત્રણથી ગયા હતા. રાજકોટવાળા શેઠ લક્ષ્મણદાસ માવજીભાઇના આગ્રહથી તેઓ મદ્રાસ પાસે પામીડી તથા બોડીનાયકનુર રહેતા; ત્યાં તેડી જઇ ચાર માસ સુધી પુરાણીને રોકી કથાવાર્તા

સાંભળી હતી. કેવળ સત્સંગના ઉત્કર્ષ માટે નિ:સ્વાર્થ ભાવથી પુરાણીશ્રી કથાવાર્તા કરતા; તેથી લક્ષ્મણદાસ શેઠે અતિ આગ્રહપૂર્વક જે જોઈએ તે આપવાનું કહ્યું, છતાં પુરાણીશ્રીએ કંઈપણ લીધું નહિ. શેઠ મદ્રાસથી મુંબઈ સુધી પુરાણી સાથે આવ્યા હતા. તેમણે કહ્યું: "જરૂરને જરૂર કંઇ સેવા બતાવો" ત્યારે પુરાણીશ્રીએ જૂનાગઢના રાધારમણ દેવ માટે સોનાનું છત્ર બનાવી આપવા કહ્યું. પછી મુંબઈમાંથી સોનું લઇ વડોદરાના કોઇ સારા કારીગર પાસે છત્ર તૈયાર કરાવી દેવને અર્પણ કર્યું. એ વખતે કોઇ પણ મોટા મંદિરમાં દેવને સોનાનું છત્ર હતું નહિ. એથી પુરાણીશ્રીની આ સેવા ખૂબ મહત્ત્વની ગણાઇ હતી. તથા સ. નિષ્કુળાનંદ સ્વામીનાં કીર્તનોનો સંગ્રહ કરી પુરાણીશ્રીની પ્રેરણાથી લક્ષ્મણદાસ શેઠે છપાવી સાધુઓને તે પુસ્તક ભેટ આપ્યું હતું.

વિચારનિષ્ઠ તપશ્ચર્યામય જીવન

આ જગતમાં ધન અને સત્તા એ બે વસ્તુ બહુ મહત્ત્વની મનાય છે, પરંતુ સદ્ગુણોની કિંમત એથી પણ અધિક છે. ગમે તેવો સત્તાધીશ કે ધનવાન હોય એ પણ ગુણવાન પુરુષ પાસે સ્વાભાવિક રીતે નતમસ્તક બને છે. જે વસ્તુ જેટલી ઉત્તમ હોય તેના પ્રમાણમાં જે પ્રશંસાપાત્ર બને છે. **અધિક પ્રશંસા, પ્રતિષ્ઠા અને માનસન્માન એ કાચા પારા જેવી દુર્જર વસ્તુઓ છે.** જો માણસમાં પાત્રતા કે યોગ્યતા ન હોય તો એ વસ્તુ કદી પણ પચી શકતી નથી. મહાન અનર્થ પેદા કરે છે. **મોટાઈને માંચડે ચડેલાનું સૌ મહત્ત્વ ગાય** એટલે એ પોતાનાં ખોટ, ખામી, અપૂર્ણતાઓ કે દુર્ગુણો જોઇ શકે નહિ. કારણ કે એમનું દૃષ્ટિબિંદુ એ તરફ રહે એવા સંયોગો તેને બહુ જ ઓછા સાંપડે છે. 'હું પણ કંઈક છું' એ જાતના ઘમંડથી દંભ, કપટ અને મિથ્યાભિમાનને આધીન બની જવાય છે; તેથી આંતર્નિરીક્ષણ થઇ શકતું નથી; એટલે એનું વર્તન દિનપ્રતિદિન અધોગામી બની રહે છે. જે માણસ સમૂહમાં રહી પ્રત્યેક માણસનો ઘસારો સહન ન કરી શકે; જેને કોઇ કંઇપણ કહી શકે નહિ; અગર જે નાનામાં નાની કોઇપણ વાત દિલ દઇને સાંભળે નહિ, એ માણસનું જીવન અતડું બની જાય છે અને એ માણસથી લોકોને ઘણો જ અસંતોષ રહે છે, ને ઉત્સાહશક્તિનો ભંગ થાય છે. **ઉત્સાહ ને પ્રેમ વિનાનાં માણસો કદી કોઈ કાર્યની સંપૂર્ણ સિદ્ધિ મેળવી શકતા**

નથી. એ નિર્વિવાદ વાત છે. પૂરા દિલથી કરેલાં કાર્યો જ સફળ થાય છે. આ ન્યાયે મોટા ગણાતા ધર્માચાર્યો, સંત, સાધુઓ અગર સમાજની કોઈપણ પ્રતિષ્ઠિત ગણાતી વ્યક્તિ તેણે બહુ જ સાવધાન રહેવું જોઈએ. **परोपदेशे पांडित्यम्** ની ઊલટી અસર થાય છે. સમાજની જુદીજુદી ભાવનાવાળી વ્યક્તિઓ અનેક દૃષ્ટિબિંદુથી જીવનનાં પાસાં તપાસે છે, માટે જ મોટેરાનું જીવન દરેક બાબતમાં અત્યંત સાવધ ને સોયે સો ટકા વિશુદ્ધ હોવું જોઈએ. **વિવેકનિષ્ઠ સતત જાગ્રત બુદ્ધિવાળા પુરુષો હોય એ જ સમાજના સાચા સેનાની** છે, અને એમનાથી જ સર્વનો સમુત્કર્ષ થઈ શકે છે.

પુરાણીશ્રીએ શ્રુતિ, સ્મૃતિ, પુરાણો વગેરે અનેક ગ્રંથોનું ઊંડાણથી અધ્યયન કર્યું હતું અને સુંદર છટાદાર વાતો કરી લોકોનાં મનને આકર્ષતા હતા, એટલું જ નહિ પરંતુ પોતાનું વર્તન પણ આદર્શ હતું. બ્રાહ્મણ હોય, કોઈ ગરીબ હોય તો તેને ઉદાર વૃત્તિથી સહાયતા કરતા–કરાવતા. બહુ જ શૂરવીરતાનું અંગ હતું. એથી 'મને આ ન આવડે કે આ મારાથી કેમ બની શકે ?' એમ તેઓ માનતા નહિ. પોતાને જે શુભ વિચારો આવે અને શાસ્ત્રોમાં જે કંઈ વાંચે તે બધું પોતાના જીવનમાં ઉતારવાનો સતત અથાક પરિશ્રમ કરતા. **"તપ જેવું વહાલું છે વાલમને તેવું વહાલું નથી બીજું કાંઈ"** એ નિષ્કુળાનંદ સ્વામીની ઉક્તિ પ્રમાણે પુરાણીએ સત્સંગિજીવનના પાંચમા પ્રકરણમાં જેટલા પ્રકારનાં ચાંદ્રાયણો તથા વ્રતો કહ્યાં છે. તે બધાં વિધિસર કર્યાં હતાં. યવમધ્યચાંદ્રાયણ, પિપીલિકામધ્યચાંદ્રાયણ, અતિચાંદ્રાયણ, સાંતપનકૃચ્છ્ર, પર્ણકૃચ્છ્ર, કૃચ્છ્રાતિકૃચ્છ્ર, પારાકકૃચ્છ્ર, સૌમ્યકૃચ્છ્ર, અગ્નેયકૃચ્છ્ર, સોમાયનવ્રત, બ્રહ્મકૂર્ચવ્રત, ઉદ્દાલકવ્રત ઇત્યાદિ અતિ કઠિન ગણાતાં ચાંદ્રાયણ તથા વ્રત ખંતથી તેમણે કર્યાં હતાં.

શ્રીજી મહારાજ અને સદ્ગુરુઓની કૃપા

તપશ્ચર્યા અને વિદ્વત્તાથી પ્રગટેલી જ્ઞાનજ્યોતમાં જો બ્રહ્મનિષ્ઠ સત્પુરુષના **સમાગમ રૂપી તેલ** પૂરવામાં ન આવે, તો એ જ્યોત માયાના ઝંઝાવાતમાં ચોક્કસ બુઝાઈ જાય છે. માટે જ શ્રીજી મહારાજ શિક્ષાપત્રીમાં લખે છે કે – **कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः** (શિ. શ્લો. ૧૧૪)

ભગવાનની ભક્તિ અને સત્સંગ ન હોય તો વિદ્વાન પણ અધોગતિને પામે. આ શ્રીજીના હેતુને ખાસ ધ્યાનમાં લઈને પુરાણીશ્રી વર્ષમાં બબ્બે ચારચાર મહિના સુધી સ. સ્વામી બાળમુકુંદદાસજી, સ. શાસ્ત્રીશ્રી ધર્મતનયદાસજી વગેરે ભગવન્નિષ્ઠ સંતોની સાથે રહી સમાગમ કરતા અને જ્ઞાનચર્ચા, વચનામૃતોનું રહસ્ય તથા મોટા સંતોનો શું અભિપ્રાયસિદ્ધાન્ત હતો તે ઝીણવટથી સમજવાનો પ્રયત્ન કરતા.

પુરાણીશ્રીના ગુરુ સ્વામી ધર્મસ્વરૂપદાસજી બહુ જ શાન્ત પ્રકૃતિના પરમ એકાંતિક સંત હતા. તેઓએ સદ્. ગુણાતીતાનંદ સ્વામી સાથે રહી કથાવાર્તા, સેવા–સમાગમનું ખૂબ જ સુખ લીધેલું એટલે એમને સ્વામીમાં ઘણું જ હેત હતું. તેથી તેઓ હરવખત સ્વામીની વાતો વાચતા. પરંતુ પુરાણી વડતાલથી ભણીને તાજા આવેલા એટલે કંઇ સમજફેર હતી એથી પોતાના ગુરુ વાતો વાંચે તે પોતાને ગમતું નહિ; એટલે એકબે વખત જરા આકળા થઇ અણગમો બતાવી વાતો વાંચવાની ના પાડેલી. સ્વામી ધર્મસ્વરૂપદાસજી વિવેકી ને ગંભીર સ્વભાવના હતા, તેથી પોતાના વિદ્વાન શિષ્યનું મન રાજી રાખવા તે દેખે તેમ વાતો વાચવી બંધ કરી. એક દિવસ જામનગર પાસે **માટલી** ગામમાં હતા, ત્યારે પટેલના વાડે તેમના આમંત્રણથી શેરડી ખાવા પુરાણી બેત્રણ સાધુઓ સાથે તેમની વાડીએ ગયા. પણ પટેલને કંઇક ખાસ કામ આવી પડયું તેથી તે વાડીએ જઇ શક્યા નહિ. એટલે પુરાણી નાહીને પાછા તુર્ત જ મંદિરે આવ્યા. સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ ધારેલું કે પુરાણી મોડા આવશે માટે વાતો વાંચીએ. એટલે સ્વામી અક્ષરપ્રિયદાસજી વગેરે બે ત્રણ સાધુઓ સાથે મળી વાતો વાંચીને આનંદથી જ્ઞાનચર્ચા કરતા હતા. ત્યાં પુરાણી આવી પહોંચ્યા ને બધું નજરે જોયું. પછી ગુસ્સે થઇને કહ્યું: કે – "હરવખત વાતો વાંચ્યા કરો છો તે એમાં એટલું બધું શું છે ? કહીએ તોય છોડતા જ નથી." સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ કંઇ પણ બોલ્યા વગર વાતો પોટલામાં બાંધીને મૂકી દીધી. રાત્રિના કથાવાર્તા અને નિયમો પત્યા પછી સૌ સાધુઓ સૂઇ ગયા. પણ પુરાણીશ્રી રોજની પોતાની ટેવ મુજબ હમેશાં મોડે સુધી કંઇને કંઇ વાચવા–લખવાનું રાખતા. તે પ્રમાણે તે દિવસે પણ વાચતા હતા; તેમાં પોતાને વિચાર થયો: કે –"હું એક મોટી ભૂલ કરી રહ્યો છું. આવા ભગવદીય ગુરુને સમજ્યા વિના કંઇ કહેવું તે ઠીક નથી. જે વાતો વાંચે છે તે કેવી હશે ? લેને હું જરા વાંચી તો જોઉં." એમ વિચારી

પોટલામાં બાંધેલી વાતોનો ચોપડો કાઢી વાંચવા લાગ્યા. થોડી વાતો વાંચી, તો સારી લાગી, એથી વિશેષ વાચવા લાગ્યા. આળસ-પ્રમાદ ને નિદ્રા આવવા લાગ્યાં તેથી જરા આડે પડખે થઇ છાતી ઉપર ચોપડી રાખી વાચતા હતા, ત્યાં નિદ્રા આવી ગઇ. તેમાં પોતાને એવાં પ્રત્યક્ષ દર્શન થયાં કે – સ્વામી બાળમુકુંદદાસજી તથા શાસ્ત્રી ધર્મતનયદાસજી એ બંને સ. ગુણાતીતાનંદ સ્વામીના હાથ ઝાલીને પધાર્યા ને સ્વામી બાળમુકુંદદાસજીએ પુરાણીનો પગ દબાવીને જગાડ્યા. "ઊઠો શું સૂતા છો ? ધર્મસ્વરૂપદાસજી જેવા ભગવદીય ગુરુની રુચિ શું છે તે જાણતા નથી ? એ જેમ સમજે છે તેમ સમજણ કરજો ને એમની આજ્ઞામાં રહેજો, એ જેવા કોઇ સાધુ નથી." પુરાણી એકદમ જાગી ગયા અને પગમાં પડી માફી માગી, ત્યાં સૌ અદૃશ્ય થઇ ગયા. સાચા જિજ્ઞાસુઓને જેમાં હેત હોય તે રૂપે ભગવાન પોતે દર્શન આપી ભૂલ ઓળખાવે છે. પુરાણીશ્રીએ સવારે સર્વ વાત ગુરુ પાસે નિષ્કપટ મનથી જાહેર કરીને પોતાની ભૂલ બદલ માફી માગી. ત્યાર પછી શાસ્ત્રી ધર્મતનયદાસજી પાસે ગોંડળ જઇ આ વાત કરી. પછી શાસ્ત્રીજી તથા સ્વામી બાળમુકુંદદાસજીનો છ મહિના સુધી સમાગમ કર્યો અને ગુરુપ્રસન્નતા પણ બરાબર અનુવૃત્તિમાં રહીને મેળવી.

શ્રીજી મહારાજનાં પ્રત્યક્ષ દર્શન

સં. ૧૯૫૮ની સાલમાં પુરાણીશ્રી **ઉપલેટા** ગામે ફરવા પધાર્યા હતા. ત્યાં આહીર લોકો અને પટેલિયાઓનો બળવાન સત્સંગ હતો, તેમના આગ્રહથી પુરાણીશ્રી ત્યાં બેત્રણ મહિના રોકાયા હતા; અને ત્યાં કેટલાંક વ્રતઉપવાસો કર્યાં હતાં. ઉપલેટામાં એ વખતે હેડમાસ્તર ભાઇશંકર ગણેશજીભાઇ રહેતા હતા. તેઓ બહુ જ ધર્મનિષ્ઠ ચુસ્ત સત્સંગી હતા. એ પણ વ્રત-ઉપવાસો વગેરેથી તપશ્ચર્યા કર્યા કરતા હતા. તેમણે એક દિવસ પુરાણીશ્રીને પૂછ્યું : "સ્વામી ! ભગવાનનાં દર્શન કેમ કરીએ તો થાય ?" ત્યારે પુરાણીશ્રીએ કહ્યું: "જો ખરા દિલથી રાત્રિદિવસ અખંડ ભજન કરો તો ત્રણ દિવસમાં શ્રીજી મહારાજ દર્શન આપે." માસ્તર બહુ વિશ્વાસી ને શ્રદ્ધાળુ હતા એટલે એ તો તુર્તજ ભજન કરવા બેસી ગયા. અને અત્યંત ઉત્સાહથી પ્રેમપૂર્વક એકાગ્ર વૃત્તિથી બરાબર ભજન કરવા લાગ્યા. રાત્રિના પુરાણીશ્રીને વિચાર થયો: "આપણાં વચનમાં માસ્તરને કેટલી બધી નિષ્ઠા છે. અને

ગૃહસ્થ છે, છતાં એને ભગવાનનો કેટલો બધો ખપ છે ! એવું ભાવથી ભજન કરે છે કે, જરૂર તેને શ્રીજી મહારાજ દર્શન દેશે. અને હું માર્ગ બતાવનારો દર્શન વિનાનો રહી જઇશ.. એ તો ભારે મોટી ખોટ કહેવાય." આ રીતે વિચાર કરી મૌનવ્રત લઇ મંદિરમાં એક તરફને ખૂણે પુરાણીશ્રી પણ ભજન કરવા બેસી ગયા. રાત્રીના ૧૧ થી સવારના ૪ વાગ્યા સુધી એમ ફક્ત પાંચ કલાક ભજન કર્યું ત્યાં શ્રીજી મહારાજનાં પ્રત્યક્ષ દર્શન પુરાણીશ્રીને થયાં; એટલે મનમાં જે સંકલ્પો ધારી રાખ્યા હતા તે પૂછી લીધા. દર્શનનો અલૌકિક આનંદ અનુભવી પુરાણીશ્રીએ પોતાના જીવનને મહાભાગ્યશાળી અને સફળ થયું તેમ માન્યું.

માસ્તર ભાઇશંકરભાઇ તો ભજન કરવા બેસી ગયા. તેમને ત્રીજે દિવસે શ્રીજી મહારાજે દર્શન આપ્યાં; અને મહારાજે કહ્યું :- "માસ્તર ! તમે પુરાણીને કહો કે, શાંતાનંદ બ્રહ્મચારી ભેળા થાવું હોય તો અત્યારે જ ત્યાં જાય. આજે રાત્રિના ૧૨ વાગે અમે બ્રહ્મચારીને ધામમાં તેડી જશું." માસ્તરે એ વાત પુરાણીશ્રીને કહી, તેથી પુરાણી સાધુ દેવપ્રસાદદાસજી સાથે ગોંડળ ગયા અને શાંતાનંદ બ્રહ્મચારી થોડા થોડા માંદા હતા. તેમને એકાંતમાં ઉપરની બધી વાત કહી. બ્રહ્મચારીજી પણ જેવું નામ તેવા ગુણવાળા ભગવન્નિષ્ઠ હતા. તેથી ધામમાં જવાની વાત સાંભળીને ઘણા જ પ્રસન્ન થયા; અને તે તે જ દિવસે સં. ૧૯૫૮ના ચૈત્ર વદી ૪ ની રાત્રિના ૧૨ વાગે અક્ષરવાસી થયા.

સહનશક્તિ

જૂનાગઢ દેશના સત્સંગમાં પુરાણીશ્રીની કથાવાર્તા સાંભળવાની સહુને બહુ જ ઇચ્છા રહેતી; અને પુરાણી પણ સત્સંગીઓ જેમ રાજી થાય તેમ દેહે કષ્ટ સહન કરી સત્સંગમાં ચોતરફ ફરીને ખૂબ વાતો કરતા. અમરેલીની આજુબાજુનાં બધાં ગામોમાં સત્સંગ ઘણો જ સારો એટલે દરેક ગામમાં જઇને પુરાણીએ કથાવાર્તા કરેલી, પણ **વાંકિયા** ગામ પોતાનું વતન હોવાથી ત્યાં નહિ ગયેલા. એક વખત પુરાણીશ્રી અમરેલી પધારેલા. તે સમાચાર સાંભળીને વાંકિયાના સત્સંગીઓ ત્યાં આવ્યા, અને પુરાણીશ્રીને વાંકિયા તેડી જવા માટે અતિ આગ્રહ કર્યો. ત્યારે પુરાણીએ કહ્યું : " તમે જાઓ હું એક દિવસ આવી જઇશ." પછી બીજે દિવસે બે સાધુઓ સાથે

લઇ પુરાણીશ્રી વાંક્યિા જવા માટે પગપાળા ચાલતા થયા. માર્ગે ચાલતાં ગાવડકા ગામ પછી શેત્રુંજી નદી ઊતરી એક ખેતરમાં ચાલતી કેડીએ થઇને ચાલ્યા જતા હતા, ત્યાં તે ખેતરનો માલિક આહીર હતો તે ડાંગ લઇને દોડી આવ્યો અને સાધુઓને માર્યા. તે કહે: "મને પૂછ્યા વિના મારા ખેતર વચ્ચે તમે કેમ ચાલ્યા ? તમે મારું નુકસાન કર્યું છે, માટે સાંજ સુધી ખડ વાઢો.." પુરાણી શરીરે ઘણા બળવાન હતા ને સાથે બે સંતો હતા તે પણ યુવાન હતા; એટલે ત્રણ જણને પેલો આહીર પહોંચી શકે તેમ ન હતો, છતાં તેનો માર અને બિભત્સ શબ્દો સહન કર્યા અને સાંજ સુધી તેના ખેતરમાં ખડ વાઢ્યું ! સાંજે પેલાએ રજા આપી એટલે વાંક્યિા ગયા. ત્યાં એક રાત્રિ રહી, સૌને કથાવાર્તાથી સંતોષ પમાડ્યા. બીજે ગામ ગયા ત્યારે હરિભક્તોને ખબર પડી કે – અમુક માણસે સાધુઓને આ રીતે હેરાન કર્યા. પછી વાંક્યિાના હરિભક્તો પુરાણીનાં દર્શન કરવા તે ગામ ગયા ને કહ્યું કે – "સ્વામી ! તમે અમને વાત પણ ન કરી ?" ત્યારે પુરાણીશ્રીએ કહ્યું:– "શ્રીજી મહારાજ છતાં મોટા સંતોએ માર ખાઇને પણ આ સત્સંગ પ્રવર્તાવ્યો છે. આજ અમે ક્યાં માર ખાઇએ તેવા છીએ, અમારે તો સહેજે શ્રીજીની આજ્ઞાનું પાલન થયું છે. થોડી વાતમાં શું કહેવું ? શ્રીજી તેનું સારું કરે." આ વાત સાંભળી રાઘવભાઇના ભાઇ જીવા પટેલ સાથે હતા તે જરા બોલકા ને મર્માળા હતા, તેણે મર્મ કર્યો: 'સ્વામી ! તેનું શું સારું કરશો ?' ત્યારે કોઇએ કહ્યું : ' તે આહીરને દિકરો નથી.' એટલે પુરાણીશ્રીએ કહ્યું: 'શ્રીજીકૃપાથી તેને ચાર દિકરા થશે..' પછી તેને ચાર દિકરા થયા હતા. તેથી સૌ સત્સંગીઓ આશ્ચર્ય પામ્યા હતા.

મંદિરનિર્માણ અને ચમત્કારો

પુરાણીશ્રીએ ગામડાંઓમાં ફરી બહુ દાખડો કરીને ઘણાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરેલો; તથા કેટલાંક નવાં પાકાં મંદિરો પણ બંધાવ્યાં હતાં. જેતપુરમાં પ્રથમ જે જૂનું મંદિર હતું તે પુરાણીશ્રીએ સ. સ્વામી બાળમુકુંદદાસજીની આજ્ઞાથી કરાવ્યું હતું. જેતપુરમાં પ્રથમથી કાપડિયા કણબીનો સારો સત્સંગ છે. તેમાં મંદિર થતી વેળાએ માંડણભાઇ કાપડિયાએ પ્રેમથી સારી સેવા કરેલ હતી; તેથી પુરાણીશ્રી તેમના ઉપર પ્રસન્ન થયા હતા અને તેમને દિકરો ન હતો તે પુરાણીના આશીર્વાદથી દિકરો થયો તેનું નામ ગોવિંદભાઇ પાડ્યું.

જ્યારે મંદિર તૈયાર થયું અને પ્રતિષ્ઠા કરવાની હતી, ત્યારે પ્રતિષ્ઠાવિધિમાં બેસે એવો કોઇ સત્સંગી પુરાણી પાસે આવેલો નહિ; એટલે પુરાણીશ્રીએ એક ગોરધનભાઇ લુહાર સત્સંગી હતા તેનું કાંડું ઝાલીને કહ્યું: "તું વિધિમાં બેસ." ત્યારે તેણે કહ્યું: "સ્વામી હું વ્યવહારે દુર્બળ છું અને દીકરો પણ નથી તેથી ઉમંગ થતો નથી." ત્યારે પુરાણીશ્રીએ કહ્યું: "દીકરો દીકરો શું કરે છે ? જો તું વિધિમાં બેસીશ તો ત્રણ દીકરા થશે." પછી તે ગોરધનભાઇ લુહાર વિધિમાં બેઠા. ત્યાર બાદ તેમને પણ ત્રણ દીકરા થયા હતા. આમ જીવાત્માઓને કોઇ પણ શુભ હેતુ દ્વારા ભગવત્સેવામાં જોડનારા ભગવન્નિષ્ઠ સંતોનું વચન ભગવાન સત્ય કરે છે.

ઊના પાસે **ભાચા** ગામના શેઠ ભગવાન ગીગાભાઇ, પુરાણી ગોપીનાથદાસજીના ખાસ શિષ્ય હતા. તેઓ વ્યવહારે સુખી ને ઉદાર હતા, તેથી પુરાણીશ્રીને વચને હરવખત સત્સંગની સેવા કરતા. એક વખત ભાચાવાળા મુંબઇનિવાસી શેઠ શ્રી વનમાળી જેઠાભાઇ મુંબઇથી આવેલા. તેમને દીકરો ન હતો., એથી વાવરડા ગામના રામજીમંદિરના મહંત કે જેને શેઠ ગુરુ માનતા હતા, તેમણે આશીર્વાદ આપી કેટલીક માનતા પણ કરાવેલી, છતાં દીકરો થયો નહિ. પણ શેઠને એમ કે મુંબઇથી આવ્યા છીએ માટે એક દિવસ વાવરડા જઇ ગુરુજીનાં દર્શન કરી આવીએ. આ વાત તેમણે શેઠ ભગવાનભાઇને કરી. ત્યારે ભગવાનભાઇએ કહ્યું: "શેઠ ! સમર્થ વિદ્વાન, વચનસિદ્ધ અને દર્શન કરવા જેવા સાધુ વાવરડા સ્વામિનારાયણ મંદિરમાં બિરાજે છે. માટે ચાલો, સાથોસાથ તેમનાં પણ દર્શન કરતા આવીએ. પછી બંને જણ વાવરડા ગયા. મંદિરમાં દર્શન કરી પુરાણીશ્રીને પગે લાગી બેઠા, એટલે પુરાણીશ્રીએ એક કલાક સરસ વાતો કરી. પછી તે સાંભાળીને તેઓ ઘણા રાજી થયા. પછી શેઠ ભગવાનભાઇએ શેઠશ્રી વનમાળી જેઠાભાઇનો પરિચય આપતાં કહ્યું: કે, "સ્વામી ! શેઠ બહુ પરોપકારી છે; દેવમંદિર, ધર્મશાળા વગેરે બંધાવેલ છે. દુકાનેથી પણ કાયમ અન્નદાન આપે છે. સાધુસંતો ને ધર્મમાં પ્રેમભાવ પણ સારો રાખે છે. ખોટ માત્ર એક પુત્રની છે. આપ દયા કરો તો પુત્ર થાય." ત્યારે પુરાણીશ્રીએ ભગવાનને સંભારીને કહ્યું: "તમારો સંકલ્પ સ્વામિનારાયણ ભગવાન પૂરો કરશે. પરંતુ તમારા ગામમાં મંદિર નાનું સરખું ને જીર્ણ થઇ ગયેલ છે, તો નવું સારું મંદિર કરાવો." શેઠે તુર્ત જ હા પાડી. શેઠ સાથે પુરાણીશ્રી ભાચા આવ્યા ને મંદિરનું કામ શરૂ કરાવ્યું. પૈસા ભગવાનભાઇને આપી શેઠ મુંબઇ ગયા, ને

પુરાણી મંદિરનું કામ પોતાના સાધુઓને સોંપી વડતાલથી પત્ર આવ્યો હતો માટે ત્યાં ગયા.

પછી થોડા સમયમાં ભાચાનું મંદિર તૈયાર કરી સ. સ્વામી બાળમુકુંદદાસજી હસ્તક મૂર્તિપ્રતિષ્ઠા કરાવી. આખું ગામ ધુમાડાબંધ જમાડ્યું. તે વખતે મુંબઈથી શેઠશ્રી વનમાળી જેઠાભાઈ આવ્યા હતા, તેમને ઘેર પુત્રનો જન્મ થયો હતો. તેમને સ્વામીને હાથે વર્તમાન ધરાવી કંઠી બાંધી શાંતિલાલ નામ પાડ્યું.

સં. ૧૯૬૪ની સાલમાં શારદાપીઠના શંકરાચાર્ય શ્રીમાધવતીર્થે કેટલાક લોકોની દ્વેષભાવનાથી પ્રેરાઈને સંપ્રદાય સાથે મોટો કલહ કર્યો હતો. "સંપ્રદાય અવૈદિક છે, માટે ઉચ્ચ વર્ણના બ્રાહ્મણાદિક લોકો એ સંપ્રદાયનો આશ્રય ન કરી શકે." આ નિમિત્તે મોટા રૂપમાં પરસ્પર વાદ-વિવાદ ને ઉગ્ર ઉહાપોહ થયો. વડોદરા, ઉમરેઠ, નાંદોલ, ભદામ વગેરે સ્થળે સંપ્રદાયના શાસ્ત્રીપુરાણીઓની સભાઓ થઈ હતી; અને છેવટ કાશી જઈને ૩૦૦ પંડિતોની મોટી સભામાં સ્વામિનારાયણ – સંપ્રદાય વૈદિક છે; એવો વિજય મેળવ્યો હતો. આ કાર્યમાં પુરાણીશ્રી ગોપીનાથદાસજીને ધ. ધુ. આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજે પત્રથી બોલાવ્યા હતા. સત્સંગના બીજા આઠ દસ વિદ્વાન સંતબ્રહ્મચારીઓ સાથે રહી પ્રથમથી તે કાશીની વિદ્વત્સભા સુધી પહોંચીને પુરાણીશ્રીએ પોતાની વિદ્વત્તા ને તર્કબુદ્ધિનો ઉપયોગ કરી ખરે વખતે સંપ્રદાયની ભારે ઉત્તમ સેવા બજાવી હતી.

કાશી વગેરે સ્થળમાં કારતક તથા માગશર બેઅઢી માસ રહી ગામડાંઓમાં ફરી પુરાણી ભાચા ગામે વૈશાખ માસમાં આવ્યા. ત્યાં મંદિર ચણાઈને તૈયાર થઈ ગયું હતું. માળવાનું કામ બાકી હતું. એટલે પુરાણી સ્વામીએ શેઠ ભગવાનભાઈને કહ્યું : "આપણે લાકડાં વગેરે સરસામાન લેવા માટે કાલે જાફરાબાદ જવું છે, માટે ગાડાંનો બંદોબસ્ત કરો ને તમારે પણ સાથે આવવાનું છે." ત્યારે ભગવાનભાઈએ કહ્યું: "સ્વામી મારો પગ સખત દુખે છે, તેથી માંડ માંડ ચલાય છે; માટે તમે મારે બદલે ઊનાવાળા નંદલાલ મેઘજીભાઈ આવ્યા છે, તેને સાથે લઈ જજો." પુરાણીએ કહ્યું: "તમારે બંનેને આવવાનું છે." ત્યારે તે કહે: "પગ બહુ દુખે છે ને હું શી રીતે આવું ? પગ દુખતો મટાડી દો તો આવું." ત્યારે પુરાણીશ્રી કહે : "તમારો ખરો પ્રેમ

હશે તો શ્રીજી મહારાજ એક રાતમાં સારું કરી દેશે. ઝાઝો માલ લેવો છે માટે હિસાબ વગેરેમાં તમારું બંનેનું કામ પડે, માટે ચોક્કસ આવવાનું છે." એમ વાત કરી સૌ છૂટા પડયા.

પાછલી રાત્રિએ ભગવાનભાઇ શેઠને સ્વપ્ન આવ્યું: તેમાં બહુ જ રમણીય બાળસ્વરૂપે શ્રીજી મહારાજનાં દર્શન થયાં, એટલે પોતે જાણે પ્રેમથી ચરણસ્પર્શ કરવા માટે દોડયા તે પાછળ પાછળ બેત્રણ ફેરા ફર્યા પણ મૂર્તિને પકડી શકયા નહિ. મૂર્તિ અંતર્ધાન થઇ ગઇ, ને પોતે જાગી ગયા. જ્યાં તપાસ કરે છે ત્યાં ગુમડું ફૂટી ગયેલું અને પગનો દુખાવો બિલકુલ મટી ગયો ને શાંતિ થઇ ગઇ ! પછી સવારે પુરાણી સાથે જાફરાબાદ માલ લેવા ગયા.

જાફરાબાદથી સરસમાન લઇ પાછા આવતાં જંગલી ડુંગરાળ પ્રદેશમાં ચાલ્યા આવતા હતા, તે વખતે વૈશાખ માસની સખત ગરમીને લીધે શેઠ ભગવાનભાઇને સખત તરસ લાગી; ગળું સુકાવા માંડયું ને માંડ માંડ બોલી શકે તેમ થઇ ગયું. પુરાણીએ પૂછ્યું : " કેમ શેઠ, ઓછું બોલાય છે ?" ત્યારે તેમણે કહ્યું : " ટીમણ કર્યું છે, તેથી તાપને લઇને તરસ બહુ જ લાગી છે. અહી કયાંઇ પાણી મળે તેમ નથી; ભારે કષ્ટ થાય છે." પુરાણીશ્રીએ અંતરમાં શ્રીજી મહારાજની ખૂબ પ્રાર્થના કરી ગાડું ઊભું રાખી કહ્યું: "ભગવાનભાઇ ! નીચે ઊતરી, જુઓ આ ધારના પેટાળ માં થોડે દૂર પક્ષીઓ બોલે છે ત્યાં પાણી છે તે પી આવો." શેઠ ભગવાનભાઇ વચનમાં વિશ્વાસ રાખી, લોટો લઇને તે તરફ ગયા ત્યાં નાના સરખાં નેરામાં પાણીનો વીરડો જોવામાં આવ્યો, એટલે પાણી પીધું ને લોટો ભરી લીધો. પુરાણી સ્વામીને હરિજયંતીનો ઉપવાસ હતો તે ધ્યાન કરવા લાગ્યા. થોડીવાર થઇ એટલે નંદલાલભાઇ નીચે ઊતરી ભગવાનભાઇને બોલાવવા લાગ્યા ને કહ્યું : "અહી સૂકા પ્રદેશમાં આવી સખત ગરમીના સમયમાં પાણી ક્યાંથી હોય ? ખાલી આંટા મારો માં" થોડીવાર થઇ ત્યાં ભગવાનભાઇ પાણીનો લોટો ભરી ચાલ્યા આવતા હતા, તે નંદલાલભાઇનો સાદ સાંભળી કહે : 'અહી પાણી ઘણું છે. ત્યારે નંદલાલભાઇ કહે–"આ રસ્તે હું ઘણીવાર નીકળ્યો છું. અહી કયાંઇ નદી, તળાવ કે કૂવો નથી. સૂકો પ્રદેશ છે ને તમને પાણી કયાંથી મળ્યું ?" ત્યારે ભગવાનભાઇ લોટો ભરી લાવ્યા હતા તે બતાવ્યો, જુઓ આ રહ્યું પાણી ! " આ જોઇને નંદલાલભાઇ આશ્ચર્યચકિત થઇ ગયા ને બોલ્યા:" ચાલો, પાણી બતાવો હું પણ તમારી સાથે

પાણી પીવા આવું. પછી બંને જણ પાણી હતું ત્યાં ગયા. તપાસ કરતાં ક્યાંય પાણી હતું નહિ. એટલામાં પુરાણીશ્રીએ ધ્યાનમાંથી જાગી ઊંચી દૃષ્ટિએ કરી કહ્યું: "ચાલો, કેમ વાર લગાડો છો ? જલ્દી ચાલો. વાણિયા વેવલા બહુ હોય તે વાર બહુ લગાડે." ત્યાં બંને આવી પહોંચ્યા. નંદલાલભાઈએ કહ્યું: સ્વામી ! મારે પણ પાણી પીવું છે." પુરાણી કહે–"અહી પાણી કેવું ? ભગવાનભાઈને તો ભગવાને પાણી પાયું". એમ કહી ગાડામાં સૌ જલ્દી ચાલતા થયા.

ઊના પાસે **ટીંબી** ગામમાં વાણિયાનો સારો સત્સંગ છે. ત્યાં પુરાણી સ્વામી ફરવા પધાર્યા, ત્યારે પ્રસંગોપાત વાત નીકળી : કે સ્વામી મહાપુરુષદાસજીને વચને વચ્છરાજ શેઠે આ મંદિર કરાવ્યું; તેથી તેમના દિકરા આ રતનશી શેઠ (ભુટાશેઠ) થયા. પરંતુ ભુટા શેઠને પણ દિકરો નથી. ત્યારે પુરાણી સ્વામીએ કહ્યું : " અહીના મંદિરમાં હનુમાન, ગણપતિ નથી, તો ભુટા શેઠ એ સેવા કરે તો તેને શ્રીજી મહારાજ બે દિકરા આપે. " ભુટા શેઠ જરા તર્ક બુદ્ધિવાળા હતા એટલે તે બોલ્યા: " કદાચ દિકરો થવાનો હોય ને થાય, પણ આશીર્વાદથી જ થયો છે તેની પાકી ખાતરી શી ?" તેમનું આવું સંશયવાળું વચન સાંભળી પુરાણી સ્વામી એકદમ સાચા રૂપમાં આવી જઈને બોલ્યા: "જો દિકરાનો જન્મ શનિવારે થાય ને તેના શરીરનો વર્ણ શ્યામ હોય તો માનવું કે હનુમાનજીએ આપ્યો અને ચોથને દિવસે જન્મે ને ગૌર વર્ણ હોય તો ગણપતિજીએ આપ્યો છે એમ માનવું." પુરાણી સ્વામીની આવી નિશ્ચયાત્મક બળવાન વાણી સાંભળીને સહુ આશ્ચર્ય પામ્યા. પછી ભુટા શેઠે હનુમાનગણપતિ પધરાવવાનો સંકલ્પ કર્યો. ત્યાં એ જ વર્ષે બરોબર શનિવારે પુત્રનો જન્મ થયો. તેનું મોહનભાઈ નામ પાડ્યું. બીજે વર્ષે ચોથના રોજ ગૌર વર્ણવાળા પુત્રનો જન્મ થયો તેનું હરગોવિંદ નામ પાડયું. બીજે વર્ષે પુરાણી સ્વામી ટીંબી ગયા અને કામ શરૂ કરવાનું નક્કી કર્યું. પછી પુરાણીશ્રી શેઠનું ગાડું લઈને પથ્થરની ખાણે ગયા ને ત્યાંથી મોટો સારો ધોળો પથ્થર કઢાવી ગાડા ઉપર ચડાવતા હતા, ત્યાં તે પથ્થર વચ્ચેથી તૂટી ગયો. આ જોઈને પુરાણી સ્વામી એકદમ ગુસ્સે થઈને બોલ્યા : "નિષ્કામભાવે સારું કામ કરીએ છીએ ને તેમાં વિઘ્ન આવ્યું, માટે આમાં નક્કી ભુટાનું કંઈક કપટ છે. નહિતર આમ કેમ બને ?" એમ કહી બીજો પથ્થર કાઢ વાનું કહીને મંદિરે આવ્યા. બીજે દિવસે ભુટા શેઠનું ગાડું લઈને ખાણે ગયા ને પથ્થર લઈને ગામ પાસે નદીનો તડ ચડતાં ગાડામાં વધારે વજન હોવાથી બળદો જોર કરતાં

પાછા લપસ્યા, તેમાં એક બળદના પગમાં વધારે પડતું વાગી ગયું. પગની ખરીમાં ખૂબ નુકસાન થયું ને ઘણું લોહી નીકળ્યું. આ જઈને દયાળુ પ્રકૃતિવાળા પુરાણી સ્વામીના મનમાં બહુ દુ:ખ થયું. અને તત્કાળ મંદિરે આવી ભુટા શેઠ ઉપર બહુ જ ક્રોધાયમાન થઈ ગયા. "આમાં નક્કી ભુટિયાનું કંઈક કપટ છે. પેટમાં પાપ રાખી અમારી પાસે કામ કરાવવું છે. ચાલો સંતો, આપણે અહીં રહેવું જ નથી." આ રીતે અતિ ગુસ્સે થઈ પુરાણી સ્વામી જવા તૈયાર થઈ ગયા. આ વાત બીજા સત્સંગીઓ પાસેથી સાંભળીને ભુટા શેઠનાં માતુશ્રી ખડકીએ આવીને બહુ પ્રાર્થના કરી રોવા લાગ્યા અને ભુટા શેઠને પુરાણી સ્વામી પાસે મોકલ્યા. ભુટા શેઠ પુરાણીને દંડવત કરવા લાગ્યા એટલે પુરાણી એકદમ ગુસ્સે થઈ દંડો પછાડી બોલ્યા: "બોલ ભુટા ! શું કપટ રાખ્યું છે ? તારા પેટમાં પાપ છે, નહિતર આમ થાય નહિ." આ રીતે તેને સારી પેઠે વઢ્યા. ભુટા શેઠે માફી માગી કહ્યું: "માબાપ ! મારા ચોપડામાં મંદિરના પાંચસો રૂપિયા ખાનગી હતા, તે વાપરવાનો મેં સંકલ્પ કર્યો હતો તેથી આમ થયું હશે." પછી તેમનાં માતુશ્રી ઘેર જઈ તત્કાળ હજાર રૂપિયા લઈ આવ્યાં. તેમનો ખર્ચ કરી હનુમાન, ગણપતિ તથા દેરીઓ તૈયાર કરી. પછી સ. સ્વામી બાળમુકુંદજીને તેડાવી ધામધૂમથી પ્રતિષ્ઠા કર્યા. બધો વિધિ પૂર્ણ થયા પછી એક દિવસ સ્વામી બાળમુકુંદદાસજી આનંદમાં બેઠા હતા ત્યારે પુરાણીશ્રીએ રમૂજ કરી કહ્યું કે, "સ્વામી ! વાણિયાને વ્યાજ બહુ વહાલું હોય તે આ સેવાથી બે પુત્રો થયા ને આનું વ્યાજ તમારી કૃપાથી મળે." પછી ત્રીજા પુત્રનો પણ જન્મ થયો; ને તેનું છગનભાઈ નામ પાડ્યું. આ સૌ ભાઈઓ અત્યારે ઉત્તમ રીતે સત્સંગ રાખી સંતો અને દેવની સેવા કરી રહ્યા છે. **મહાપુરુષમાં ભગવન્નિષ્ઠાનું એવું દૃઢ બળ હોય છે, જેથી પ્રભુ તેમનાં વચનો સત્ય કરી મુમુક્ષુઓને શાંતિ પમાડે છે.**

અમરેલી પાસે **ચાડિયા** ગામમાં પુરાણી સ્વામી મંદિર કરાવતા હતા. તેમાં એક લુહારે દ્વેષથી એવો વિરોધ કર્યો: "હું મંદિરનાં નેવાં મારી તરફ નહિ ઉતારવા દઉં. આ તરફ તમારો હક નથી." રોજ કંઈક ઉપાધિ કરે. એક દિવસ તો ખાસ વિરોધ કરી, પુરાણી સ્વામી સામે વધુ પડતા ગેરશબ્દો બોલી ગયો; એથી સત્સંગીઓ અકળાઈ ગયા. પછી તે લુહાર રાત્રિના સૂતો હતો ત્યારે તેને બે ભયંકર યમદૂત દેખાયા અને એવી શિક્ષા કરી કે તેણે પછી કબૂલ કર્યું કે 'તમે ખુશીથી મંદિરનાં નેવાં મારી તરફ

ઉતારજો. મારે જરાય વાંધો નથી.' આ રીતે ઉપાધિ શાંત થયા પછી મંદિરનું કામ સરખી રીતે ચાલુ થયું. સિલિક બિલકુલ હતી નહિ એટલે પુરાણી સ્વામીએ આજુબાજુથી લાકડાં વગેરે લાવી, જાતે લાકડાં વેરી બહુ પરિશ્રમથી મંદિર કર્યું હતું. આ પ્રમાણે પુરાણીશ્રીએ ખૂબ જાતમહેનત લઈને કેટલાંક મંદિરો કર્યાં હતાં.

તર્કબુદ્ધિની અપૂર્વ સૂઝ

ઊના પાસે **ફાટસર** ગામનો સત્સંગ પ્રથમથી જ ઘણો સેવાભાવી ને શ્રદ્ધાળુ ગણાય છે. ત્યાં એક વખત પુરાણી સ્વામી પધારેલા. તે વખતે ગામનાં એક જૈન વાણિયા મોતીચંદ શેઠ હતા તે ગાંડા થઇ ગયેલા, તેમને પુરાણી સ્વામીની કૃપાથી તત્કાળ સાવ સારું થઇ ગયું હતું. હકીકત એમ બનેલી કે મોતીચંદ શેઠ વેપારની સાથે ખેતી કામ પણ કરાવતા એટલે એક મોટા ખેતરમાં સારી ખેડ કરી ખૂબ ખાતર નાખી તલ વાવેલા. પ્રભુઇચ્છાથી તલ એવા જામ્યા અને એવો ફાલ આવ્યો કે, જોનાર પણ બે ઘડી નવાઇ પામી કહેતા: " આપણી જિંદગીમાં આવા તલ આપણે ક્યાંય જોયા નથી. આ તો શેઠના ખેતરમાં રૂપિયાનાં ઝાડ ઊગ્યાં છે. અહા ! શું કાંઇ તલ છે ! " શેઠ આખા દિવસમાં એક વખત તો જરૂરથી ખેતર આંટો દેવા જતા. અને તલ જોઇને બહુ જ આનંદ પામતા. "આટલા તલ પાકશે ને આવો ભાવ આવશે. ઘરમાં રૂપિયાનો ઢગલો થઇ જશે." એમ રાત્રિદિવસ શેઠના મગજમાં તલની વાત ઘૂમ્યા કરતી હતી. એ વખતે તલના ભાવ પણ હમેશાં વધી રહ્યા હતા એટલે શેઠના હરખનો કોઇપાર ન હતો. તલ પાક ઉપર આવ્યા ત્યારે એક દિવસ શેઠ ચોતરફ તલમાં સારી પેઠે ફર્યા અને ખૂબ રાજી થઈને બોલ્યા કે, "શું કાંઇ તલ છે. **બળઢેપાલી** (પાંચશેરની એક પાલી) **થાય એવા છે."** પછી તો એના એ વિચારમાં વિચારમાં હિસાબ કરવા લાગ્યા. ત્રિરાશિ માંડી. એક ઓળમાં (લાઇન) આટલા છોડ તો આખા ખેતરનાં આટલા બળઢાં (ડીંડવાળા છોડ) અને **બળઢેપાલી તલ.** તે આટલા માણ તલ થયા અને આટલો ભાવ છે એટલે આટલા રૂપિયા આવશે બસ. આમાં ફેર નથી. **બળઢેપાલી"** આ રીતે વિચાર કરતાં કરતાં મોતીચંદ શેઠનું મગજ ચસકી ગયું અને વારંવાર **'બળઢેપાલી' 'બળઢેપાલી'** એમ બોલવા લાગ્યા. પછી એની એ ધૂનમાં ગામમાં આવી ચોતરફ દોડાદોડી કરી **'બળઢેપાલી'**. એ પ્રમાણે જોરજોરથી બકવા લાગ્યા. પછી

તેમના સંબંધીઓએ ઘરમાં પૂરી દીધા. દવા વગેરે કેટલાય ઉપાયો કર્યા પણ સારું થયું નહિ. કોઇ પાસે જાય ને પૂછે કે "કેમ શેઠ ! ઠીક છે ને ?" એટલે તે બોલે: "બસ, બળઢેપાલી. એમાં ફેર નહિ." આમ ચારેક મહિના ગયા. ત્યાં પુરાણી ગોપીનાથદાસજી ત્યાં પધાર્યા. ત્યારે પટેલ ભવાનભાઇ વગેરે સત્સંગીઓએ કહ્યું: "શેઠ બહુ લાયક હતા પણ આ રીતે ગાંડા થઇ ગયા છે." ત્યારે પુરાણી સ્વામી બોલ્યા: "શ્રીજીમહારાજ તેનું સારું કરે. આપણે બપોર પછી નાહવા જતી વેળાએ તેને મળશું." પછી ૪ વાગે ઠાકોરજી જાગ્યા બાદ મંદિર વાળી તે ચરણરજ તથા પ્રસાદીનું પાણી ને થોડો પ્રસાદ લઇ બેપાંચ હરિભક્તો સાથે પુરાણી સ્વામી શેઠને ઘેર ગયા. 'જય સ્વામિનારાયણ' કહી પ્રસાદ આપ્યો. ચરણરજ માથે છાંટી પાણી પાયું. પછી પૂછ્યું: "કેમ, શેઠ ઠીક છે ને ?" ત્યારે કહે, "મહારાજ ! બળઢેપાલી. એમાં ફેર ન મળે. ત્યારે પુરાણી સ્વામીએ કહ્યું: "હા, શેઠ તે બરાબર છે, એમ જ હોય, મહારાજ ખોટું ન કહે. અને તમારા જેવા જૂના માણસને બહુ અનુભવ હોય". આમ તેને ઠીક લાગે તેવી થોડી વાતો કરી, તે એને ઠીક લાગી. કારણ કે સૌ તેને બોલવાની ના પાડતા હતા અને તેની વાત ખોટી ઠરાવતા હતા એટલે એ વધારે બકવાટ કરતા. પુરાણી સ્વામીએ બેત્રણ દિવસ સુધી પ્રસાદ અને ચરણરજ તથા પ્રસાદીનું પાણી મોકલાવ્યું તેથી તેને કંઇક શાંતિ થઇ અને સાધુ તરફ પ્રેમભાવ વધ્યો. પછી ત્રીજે દિવસે પુરાણી સ્વામી ફરીથી શેઠ પાસે ગયા એટલે તે ખુશી થયા." કેમ શેઠ, ઠીક છે ને ?" "હા, મહારાજ ! **બળઢેપાલી** બીજું બધું ખોટું." "હા હા શેઠ, તમે સાવ સાચું કહો છો. તમારી વાત ખરી છે." એમ કહી પુરાણી સ્વામી ઊંચા અવાજથી જોરદાર શબ્દોમાં કહેવા લાગ્યા: "શેઠ બળઢેપાલી. બળઢેપાલી એમ કહો છો તે શું બળઢેપાલી?" ત્યારે તે કહે, "તલ." ત્યારે પુરાણી સ્વામીએ કહ્યું, "શેઠ ! હમણાં મુંબઇથી તાર આવ્યો છે તેની તમને ખબર નહિ હોય." તે કહે, "શું તાર છે ?" ત્યારે પુરાણી સ્વામી કહે, "તલના ભાવ તો સાવ તૂટી ગયા". ત્યારે તે હેબતાઇ જઇને કહે, "હેં મહારાજ ! શું કહો છો ? અરે, હેં શું તલના ભાવ બિલકુલ બેસી ગયા કોઇ મફતેય રાખતું નથી ? " પુરાણી સ્વામીની યુક્તિવાળી ફક્ત આટલી વાત સાંભળી ત્યાં શેઠનું મગજ ઠેકાણે આવી ગયું. તલનો આટલો ફાયદો રહેશે એવ વિચારો ઘૂમ્યા કરતા હતા, તેના ઉપર અંકુશ મુકાઇ ગયો, એથી તુર્ત જ સારું થઇ ગયું.

ઊના પાસે ભગતના સમઢિયાળામાં રાણા વણજરની પરંપરામાં આહીરનો

સત્સંગ ખૂબ જાણીતો હતો. ત્યાં પુરાણી સ્વામી ઘણીવાર પધારેલા અને ભોજા ભગત, માયા ભગત વગેરે સત્સંગીઓ તથા ગામના કેટલાક ભાવિકો લોકોને પણ કથાવાર્તાથી સંતોષ પમાડેલો. એટલે દરેકને પુરાણી સ્વામી તરફ ઘણો સદ્દભાવ હતો. તેથી સંતો તથા દેવની સેવા સૌ પ્રેમથી કરતા. રાણો કરીને એક આહીર હતો. તે ઘણો શ્રદ્ધાળુ ને પ્રેમી હતો. જયારે જયારે પુરાણી સ્વામી આવ્યા હોય, ત્યારે હરવખત તે વાતો સાંભળવા આવતો અને રોજ પોતાની ભેંસનું દૂધ એક લોટો લાવતો. તે ઠાકોરજીને ધરી સંતો સૌના ઉપયોગમાં લેતા. પુરાણી સ્વામીએ તેને કહેલું કે, અમે ન હોઈએ તોપણ તમારે હંમેશાં ઠાકોરજીને દૂધ ધરવું. આ નિયમ તેણે બરાબર રાખેલો.

એક દિવસ તે રાણાભાઇ આહીરની સારી સારી પાંચછ ભેંસો રાત્રિએ ઘેરથી ચોર લોકો લઇ ગયા. આ વખતે રાણો ઓસરીમાં સૂતો હતો. એને એવાં દર્શન થયાં કે તેને પુરાણી સ્વામીએ ઓઢેલું કપડું ખેંચીને જગાડયો: “ઊઠ, સોડ તાણીને શું સૂતો છે ? તારી ભેંસો લઇને ચોર લોકો આ રાઇડી નદીને કાંઠે કાંઠે ચાલ્યા જાય છે.” પછી તે બેત્રણ જણ ડાંગો લઇને ઊપડયા તે ભેસો પાછી લઇ આવ્યા. ત્યાર બાદ તેણે માયા ભગતને જગાડ્યા ને પૂછ્યું: “પુરાણી સ્વામી ક્યારે આવ્યા છે ?” ત્યારે તે કહે, “ના રે ભાઇ, પુરાણી સ્વામી અત્યારે ક્યાંથી ? કોઇ આવ્યું નથી.” રાણો કહે : “મને જગાડયો અને ભેંસો ચોર લઇ ગયા હતા તે આ ઘડીએ પાછી લઇ આવ્યો છું.” પછી મંદિર વગેરે સ્થળે જોયું પણ કોઇ હતું નહિ. ત્યારે ભક્તે કહ્યું : “સંતરૂપે ભગવાને તારી રક્ષા કરી.” આ રીતે પ્રેમી ભક્તોનું રક્ષણ ભગવાન કરે છે. **योगक्षेममवहाम्यहम्** ।

સંસ્કૃતવિદ્યાનું અધ્યયન

પુરાણી સ્વામીએ જેમ સંસ્કૃતવિદ્યાનો ઉત્તમ અભ્યાસ કર્યો હતો, તેમજ તેઓ વિદ્યાપ્રચારના પણ અત્યંત આગ્રહી હતા. **पाठनीयाऽघीतपिद्या** (શિ. ૩૬) પોતે જે વિદ્યા ભણ્યા હોઇએ તે બીજાને ભણાવવી. શ્રીજીની આ આજ્ઞા પ્રમાણે તેઓ હરકોઇને આગ્રહથી ભણાવતા; પોતાનાપારકા, એવો ભેદરાખ્યા વિના ભણનારા સંતો ઉપર બહુ જ પ્રેમ રાખતા, એથી જૂનાગઢ મંદિરના લગભગ બધા સંતો એમની પાસે ભણતા. પુ. પતિતપાવનદાસજી, પુ. હરિનારાયણદાસજી, પુ. શ્યામસુંદરદાસજી,

પુ. લક્ષ્મીપ્રસાદદાસજી, પુ. માધવજીવનદાસજી, પુ. સંતવલ્લભદાસજી, પુ. વ્રજવલ્લભદાસજી વગેરે જૂનાગઢ મંદિરમાં જે પુરાણીઓ હતા તે પુરાણી ગોપીનાથદાસજી પાસે ભણીને તૈયાર થયા હતા. પોતાના નાના સાધુ ધર્મજીવનદાસજીને ધોળે કપડેથી જ સંસ્કૃત ભણવાનું પોતે શરૂ કરાવ્યું હતું. આ કાર્યમાં પુરાણી સ્વામીએ ઘણો પરિશ્રમ લીધો હતો. અધ્યાયનકાર્ય ધારીએ તેટલું સહેલું નથી. આ સિવાય, જૂનાગઢ મંદિરમાં પુસ્તકાલયની સ્થાપના અને સત્સંગસાહિત્યપ્રકાશનની પ્રવૃત્તિ વગેરેમાં પુરાણી સ્વામીની મુખ્ય મદદ અને સારી સહાય–પ્રેરણા હતાં. તથા રાજકોટના દામોદર પ્રેસમાં સ. સ્વામી બાળમુકુંદદાસજીની આજ્ઞા ને પ્રેરણાથી છપાયેલાં વચનામૃતો, ભક્તચિંતામણિ વગેરે કેટલાક ગ્રંથો લખવા શોધવા આદિમાં ઘણી કિમતી સેવા આપેલી. આ કાર્ય પણ એક અત્યંત ઉપયોગી ને ઘણું કઠિન છે. જેને સત્સંગનું સાચું મમત્વ હોય એ જ સાહિત્યસેવા કરી શકે છે. સંસ્કૃત શ્લોકોનો સંગ્રહ અને સત્સંગીજીવનસાર આ બે સંગ્રહગ્રંથો પણ પોતે લખીને તૈયાર કર્યા છે.

ગોંડળ મંદિરની સેવા

સ. શાસ્ત્રી શ્રી ધર્મતનયદાસજીએ સ્વદેહે અતિ દાખડો કરી ગોંડળ મંદિરને સારી સ્થિતિમાં મૂક્યું. એ વખતે પુરાણી સ્વામી શાસ્ત્રીજી પાસે હરવખત જઈને સેવા–સમાગમ કરતા. ૧૯૬૮માં શાસ્ત્રીજી અક્ષરવાસી થયા પછી સહુએ પુરાણીશ્રીને ત્યાં રાખવા આચાર્યશ્રીને કહ્યું. પણ તેમણે ના પાડી. પછી સ્વામી બાળમુકુંદદાસજીએ ખાસ આગ્રહથી કહ્યું, તેથી પોતાના ગુરુભાઈ સાધુ ધર્મવલ્લભદાસજીને ત્યાં મૂક્યા. તેમણે દોઢેક વર્ષ સેવા કરી પછી તેમણે કહ્યું: "હું આ મોટું મંદિર નહિ સંભાળી શકું." ત્યાર બાદ ૧૯૭૦ની સાલમાં પુરાણી સ્વામીએ ગોંડળ મંદિર સંભાળ્યું. તે ૭૪માં ધામમાં ગયા ત્યાં સુધી રહ્યા.

ગોંડળમાં પુરાણી સ્વામીની કથાવાર્તા સાંભળવા માટે રાજ્યના મોટા મોટા અમલદાર–અધિકારીઓ આવતા. તેમાં **સરન્યાયાધીશ શ્રીમાન ગણેશભાઈ** વગેરે મુખ્ય હતા. શ્રી ગણેશભાઈ જ્યારે આવે ત્યારે પુરાણી સ્વામી શાસ્ત્રના સિદ્ધાન્તની તત્ત્વજ્ઞાનપૂર્ણ એવી ઉત્તમ વાતો કરતા, કે તેઓ સમય ન હોય તોપણ બબ્બે કલાક બેસી રહેતા. મહારાજા શ્રી ભગવતસિંહજી પણ દર્શન કરી વાતો

સાંભળવા બેસતા; એટલું નહિ જ પણ કોઇ કોઇ વાર તો ખાસ પોતાને બંગલે પુરાણીને બોલાવી, બબ્બે ક્લાક વાતો સાંભળતા. તથા મેંગણી, લોધિકા, ગણોદ. ખાંભા, કાંકશિયાળી, માખાવડ વગેરે ગામોના દરબારો પુરાણીશ્રીનાં દર્શન–સેવા સમાગમ માટે હરવખત ગોંડળ આવતા અને દેવસેવા સારા પ્રમાણમાં કરતા. મંદિરની આજીવિકા માટે પુરાણીશ્રીએ દેવપુરા વગેરેમાં કેટલાંક મકાનો પણ બંધાવ્યાં હતાં. સ. ગુણાતીતાનંદ સ્વામીને જ્યાં અગ્નિસંસ્કાર કર્યો હતો, તે મંદિરની વાડીમાં પુરાણીશ્રીએ ખાસ પ્રયાસ લઇને મોટો બગીચો કર્યો હતો. દરેક જાતનાં ફળફૂલ બહુ થતાં તે જૂનાગઢ વગેરે મોટા મંદિરમાં દેવને માટે મોક્લાવતા. હેતવાળા હરિભક્તો પાસે દેવસેવા કરાવતા અને કોઇ વાર હરિભક્તોના આગ્રહથી પોતે દેવસેવા માટે તેમને ગામ પણ જતા.

રાજકોટનો છેલ્લો કથાપ્રસંગ

રાજકોટના સત્સંગસમાજ સાથે પુરાણી સ્વામીનો સંબંધ પ્રથમથી જ ગાઢ હતો. કારણ કે જીવણરામ શાસ્ત્રી પાસે પોતે ભણવા રહેલા અને ઘણીવાર મોટી મોટી કથા–પારાયણો કરેલી; લક્ષ્મણદાસ શેઠને તો પુરાણી સાથે બહુ જ હેત હતું. એ જ રીતે પીતાંબર સવા, નારણ સવા, શામજી કાળા, દેવરાજ મૂળ જી, મેઘજી વાલા, પીતાંબર ડેસા, કાનજી ભગત, જટાશંકર માવજી, કામદાર અમૃતલાલભાઇ અને માસ્તર રાજારામ ભાઇ વગેરે સત્સંગીઓનો પ્રેમભાવ પુરાણી સાથે ઘણો હતો; એટલે પુરાણી સ્વામીને અવારનવાર રાજકોટ આવવાનું થતું.

સં. ૧૯૭૩ની સાલમાં અધિક માસ ભાદરવો હતો અને રાજકોટમાં ફરવાનો વારો સ્વામી ધર્મવલ્લભદાસજીનો હતો. તે વખતે સાધુ–સત્સંગીઓના આગ્રહથી પુરાણી સ્વામી કથા કરવા માટે આવ્યા હતા. શ્રીહરિલીલાકલ્પતરુના ૧૧ સ્કંધ વાંચ્યા હતા અને ૧૨ મો સ્કંધ બાકી હતો; ત્યારે એક દિવસ રાત્રિના ૧૧ વાગ્યા સુધી સત્સંગીઓ આગળ વચનામૃતની કથા કરીને સૂતા. પછી રાત્રિના ૩ વાગ્યાના સુમારે પુરાણી સ્વામીને સ્વપ્નમાં બ્રહ્મચારી અચિંત્યાનંદજી તથા સ. ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન થયાં; એટલે તેમની સાથે હનુમાનજી સુધી ગયા, ત્યાં શ્રીજી મહારાજ વિમાન લઇને પધાર્યા હતા. એમણે ક્હ્યું: “ચાલો, ધામમાં. વિમાનમાં બેસી જાઓ.” ત્યારે પુરાણી સ્વામીએ બે હાથ જોડી પ્રાર્થના કરી:

"મહારાજ ! હું અહી હરિલીલાકલ્પતરુ"ની કથા કરું છું, ૧૧ મા સ્કંધના બે ત્રણ અધ્યાય બાકી છે, ને ૧૨ મો સ્કંધ લેવા માટે જૂનાગઢ માણસ ગયેલ છે તે પૂરું કરવું છે." ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! હમણાં ભલે રહ્યા." આ રીતે સ્વપ્નમાં પુરાણીને જે દર્શન થતાં તે બંધ થયાં, ત્યાં એમની નિદ્રા ઊડી ગઇ એટલે પોતે જાગી ગયા. પરંતુ પરસેવાથી શરીર એકદમ રેબઝેબ થઇ ગયેલું ને ગળુ બંધ થઇ ગયું, તેથી પથારીમાંથી ઊઠીને બહાર આવ્યા અને સાધુઓને જગાડયા; એટલે તેમણે પાણી પાઇ થોડીવાર પવન નાખ્યો એટલે ઠીક થયું. સવારે આ વાત તેમણે સાધુસત્સંગીઓ સમક્ષ કરી. પછી ૧૨ મો સ્કંધ પૂરો થયા બાદ ગોંડળ આવ્યા.

રાજકોટમાં હરિલીલાકલ્પતરુની કથા સમાપ્ત કરી ગોંડળ આવી પુરાણી સ્વામીએ મંદિરનું કેટલુંક જરૂરી સેવાકાર્ય ઝડપભેર શરૂ કર્યું હતું. અને કોઇ કોઇ વાર કહેતા કે, "હવે થોડા સમયમાં શ્રીજી ધામમાં તેડી જશે." છેવટે વ્યવહારમાંથી બિલકુલ વૃત્તિ પાછી વાળી અત્યંત શાંત વૃત્તિથી વિશેષ પ્રમાણમાં ધ્યાનભજન કરતા. ફક્ત **પોતાના નાના સાધુ** (શાસ્ત્રી) **ધર્મજીવનદાસજીને સારસ્વતવ્યાકરણ ભણાવતા અને તેમને સત્સંગની જૂની રીતભાત શીખવી ભગવન્નિષ્ઠ સાચા સાધુ બની સત્સંગની સેવામાં જિંદગી સમર્પણ કરી દેવાનું હરવખત સૂચવતા.** પોતા પાસે પ્રસાદીની વસ્તુઓ અને પુસ્તકો વગેરે જે પદાર્થમાંનું હતું તેની વ્યવસ્થા પોતે હયાતીમાં જ કરીને લખ્યું : કે–"શરીરનો અવસાનસમય નજીકમાં છે એમ ભાસ થતાં હું નીચે પ્રમાણે વસ્તુ–પદાર્થોની વ્યવસ્થા કરું છું." સં. ૧૯૭૪ની સાલમાં આખા દેશમાં કડકડિયાના રોગથી હજારો માણસો મરણ પામતાં હતાં અને લોકો ગામ છોડી બહાર કે કોઇ દૂર પ્રદેશમાં આશ્રય શોધતાં. એ વખતે ઉદાર ને દયાળુ પ્રકૃતિના પુરાણી સ્વામીએ ચોતરફનાં ગામડાંઓમાં કડબના ભર લાવી મંદિરની વાડીમાં નાનાં નાનાં ઝૂંપડાં કરાવી સત્સંગીઓને સહાય કરેલી. કોઇ નિરાધાર કે ગરીબ હોય તો તેને સહાયતા અપાવતા. અને પોતે જયારે બિમાર થયા ત્યારે સ. સ્વામી નારાયણદાસજી, સ. સ્વામી કૃષ્ણચરણદાસજી વગેરે સદગુરુઓને બોલાવવા માટે નાના સાધુ ધર્મજીવનદાસજી પાસે પત્ર લખાવ્યો : કે તમો સૌ કૃપા કરી દર્શન આપી જાઓ. મોટા સદગુરુઓ પુરાણી ઉપર બહુ જ પ્રસન્ન હતા. સ. સ્વામી નારાયણદાસજીને પુરાણી ઉપર બહુ જ હેત હતું, એટલે પુરાણીશ્રીની બિમારી સાંભળીને ૪૦ જેટલા

સંતો આવી પહોંચ્યા. સ્વામી કૃષ્ણજીવનદાસજી, કેશવપ્રિયદાસજી વગેરે પંદરેક જેટલા પોતાના સાધુઓ તથા સ્વામી અક્ષરપ્રિયદાસજી વગેરે ગુરુભાઈઓ સૌ ત્યાં જ હાજર હતા. સં ૧૯૭૪ના આસો સુદ ૧૪ ના રોજ સવારમાં સ્વામી અક્ષરપ્રિયદાસજી સાધુની ધર્મશાળા પાછળ ગૌશાળા પાસે છાણાં થાપતા હતા, તેમને મંદિર ઉપર આકાશમાં તેજના સમૂહમાં શ્રીજી મહારાજ વિમાન લઈને પધાર્યા, એવાં દર્શન થયાં; એટલે તેઓ છાણાં થાપવાં એકદમ પડતાં મૂકી, હાથપગ ધોયા વિના છાણવાળા હાથે તત્કાળ દોડીને પુરાણી પાસે આવ્યા અને સૌને કહ્યું: "જલદી કરો. શ્રીજી મહારાજ પુરાણીને વિમાન લઈને તેડવા પધાર્યા છે." પછી પુરાણી સ્વામીને તુર્ત જ ભોંય લીધા અને તત્કાળ ધામમાં ગયા !

પુરાણી ગોપીનાથદાસજી ધામમાં ગયા તે સમાચાર ઊનામાં હટાણું કરવા આવેલ ભાચાવાળા શેઠ ભગવાનજીભાઈએ સાંભળ્યા, એટલે તેઓ બહુ જ દિલગીર થઈ ઉદાસ થઈ ગયા. પછી ઘેર આવી તેમણે પોતાનાં માતુશ્રીને વાત કરી ત્યારે તેઓ પણ ઘણાં દિલગીર થયાં પછી એમનાં માતુશ્રી કહે: "થોડા વખત પહેલાં પુરાણી આ તરફ આવ્યા ત્યારે 'ચોક્કસ એક વખત ભાચા આવીશ' એમ કહેતા હતા તે જાતાં જાતાં પણ સ્વામી ખોટું બોલ્યા !" પછી બંને પુરાણી સ્વામીની કેટલીક વાતો કરી ભજન કરતાં કરતાં સૂઈ ગયાં. રાત્રિના ત્રણ વાગ્યાના સમયે ખડકી બહારથી અવાજ આવ્યો : "ભગવાન ! ખડકી ખોલ" ત્યાં ભગવાનભાઈનાં માતુશ્રી જાગ્યાં; તેમણે ભગવાનને કમાડ ઉઘાડવા મોકલ્યા. કમાડ ઉઘાડી જુએ છે ત્યાં પુરાણી સ્વામીનાં દર્શન થયાં. પછી તેઓ ઓસરીમાં આવ્યા એટલે ભગવાનભાઈ દંડવત કરવા લાગ્યા અને એમનાં માતુશ્રીએ પણ અંદરથી દર્શન કર્યાં. પછી પુરાણી સ્વામીએ કહ્યું: "ભગવાન ! મંદિરની ચાવી લાવો. મંદિર ખોલીએ." ભગવાનભાઈ ચાવી લઈને બહાર આવ્યા ત્યાં કોઈ હતું નહિ. પછી મંદિર જોયું તો ત્યાં પણ કોઈ ન હતું. પછી તેમને યાદ આવ્યું: કે પુરાણી સ્વામી તો કાલે ધામમાં ગયા છે, પણ કાલે આપણે બહુ દિલગીર થયાં ને બહુ સંભાર્યા ને જતાં જતાં સ્વામી ખોટું બોલ્યા એમ કહ્યું, તેથી દર્શન આપી 'ચોક્કસ આવીશ' એ વચન સત્ય કર્યું. **પ્રભુ પોતેજ** પોતાના એકાંતિક સંતોનાં વચન આ રીતે સત્ય કરે છે.

* * *

૧૯ : સદ્‌ગુરુ સ્વામી રૂગનાથચરણદાસજી

ભગવાન સ્વામિનારાયણ અને એમના સમકાલીન સાધુઓ તો એક વિશિષ્ટ પ્રકારના આદર્શ બ્રહ્મનિષ્ઠ સંતપુરુષો હતા. એ સંતોએ જીવનભર ભારે પરિશ્રમ કરી, અસંખ્ય આત્માઓનું આત્યંતિક કલ્યાણ કર્યું. અને એ આત્યંતિક મોક્ષની પરંપરા જળવાઇ રહે, તે માટે એમણે, પોતાના ત્યાગી શિષ્યોમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં એવાં **શક્તિશાળી બીજ રોપ્યાં કે જેથી સંપ્રદાયમાં ઠેર ઠેર દરેક મંદિરમાં શાંતિ પમાડે એવા દર્શનીય સંતો થતા રહ્યા છે.**

જૂનાગઢ મંદિરમાં સ. ગુણાતીતાનંદ સ્વામીના ત્યાગી શિષ્યો ઘણા સાધુઓ હતા; તેમાંથી સાધુતાના સંપૂર્ણ ગુણોવાળા અને સર્વ રીતે યોગ્ય એવા દશ સંતોનાં મંડળો સ્વામીએ પોતે જ બાંધી આપ્યાં હતાં. એ દશ મંડળધારી સંતોમાં મુખ્ય મૂળ **અક્ષરમૂર્તિ** સ. ગોપાળાનંદ સ્વામીના શિષ્ય સ્વામી મહાપુરુષદાસજી પણ હતા અને સમાધિનિષ્ઠ શ્રેષ્ઠ મહાપુરુષ હતા. તેઓ ઘેર હતા ત્યારથી જ સ. ગોપાળાનંદ સ્વામી તથા સ. ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા હરવખત બબે ચારચાર મહિના મંદિરમાં રહેતા. અને સ. ગોપાળાનંદ સ્વામી પાસે વડતાલ, વડોદરા, ભરૂચ વગેરે સ્થળે ઘણો સમય રહીને અષ્ટાંગયોગની બધી ક્રિયાઓ શીખી સ્વામીની કૃપાથી સમાધિનિષ્ઠ થયા હતા. એટલું જ નહિ, બીજાને પણ પોતે સમાધિ કરાવી શકતા, એવું સામર્થ્ય પામ્યા હતા. તથા સ. ગોપાળાનંદ સ્વામી અને સ. ગુણાતીતાનંદ સ્વામી એ બંનેયને વિશે ગુરુભાવ રાખી એમના સમાગમથી શ્રીજી મહારાજના સ્વરૂપની સર્વોપરિ નિષ્ઠાનું મહાબળ પામ્યા હતા. એ સ્વરૂપનિષ્ઠાના બળ થી સ્વામી મહાપુરુષદાસજીએ ઘણાં ઐશ્વર્ય-પ્રતાપો બતાવીને, અનેક સત્સંગીઓના સંશયો દૂર કરી સંપ્રદાયનું ગૌરવ ખૂબ જ વૃદ્ધિ પમાડ્યું હતું. **આવા સમર્થ સંતપુરુષના કૃપાપાત્ર શિષ્ય સ. સ્વામી રૂગનાથચરણદાસજી હતા.** આપણે એમનું જીવન અવલોકી સ્વજીવનને નિર્મલ બનાવીએ.

હાટીના માળિયાનો સત્સંગ

સૌરાષ્ટ્ર પ્રદેશનાં કેટલાંક ગામડાંઓમાં, શ્રીજી મહારાજના સમયથી જ લુહાણા

જ્ઞાતિનો ઘણો સારો સત્સંગ છે. જાળિયાના હીરા ઠક્કરને ઘેર શ્રીજી મહારાજ ખાસ માંદા થઈને રહ્યા અને એમણે રાત્રિદિવસ ખડે પગે રહી **શ્રીજીની રુચિ પ્રમાણે સેવા કરી,** એ સંપ્રદાયમાં સુપ્રસિદ્ધ છે. ધારીના જેઠા ઠક્કર, પંચાળાના મકન ઠક્કર તથા દાદુ ઠક્કર શ્રીજીના એકાંતિક ભક્ત હતા. એ જ રીતે માળિયા (હાટીના) ના નાનજી શેઠ અને અમરશી મેઘાણી વગેરે ઘણા વ્યાપારીઓ શ્રીગુરુચરણરતાનંદ સ્વામીના સમાગમથી ચુસ્ત સત્સંગીઓ થયા હતા.

ત્યાર પછી સ. ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી હાટી દરબારોમાં સારો સત્સંગ થયો. અને એ હાટી દરબારોએ જૂનાગઢ મંદિરને આંબાનો બગીચો અર્પણ કર્યો. એ બગીચો સાચવવા માટે શ્રીજી મહારાજને મળેલા ગુજરાતમાં પીપલગ ગામના સંત સ્વામી ભગવાનદાસજી માળિયાના બગીચામાં રહેતા. તેઓ સમાધિનિષ્ઠ પ્રતાપી સંત હતા. માળિયાથી દર વર્ષે ઘણાં વર્ષો સુધી દશપંદર ગાડાં કેરી જૂનાગઢ મંદિરમાં આવતી. આ કારણથી ગુણાતીતાનંદ સ્વામી હરવખત માળિયા પધારતા તેથી ત્યાંનો સત્સંગ ખૂબ વૃદ્ધિ પામ્યો અને એકથી એક શ્રેષ્ઠ અને કોઈથી દબાય નહિ એવા ભારે શૂરવીર સત્સંગીઓ થયા. ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં સ. બ્રહ્મચારી અચિંત્યાનંદજી તથા પુરાણી રઘુવીરચરણદાસજી શ્રાવણ માસની સંસ્કૃતકથા કરવા દર વર્ષે માળિયા જતા. એવા કથાવાર્તાના પ્યાસી ત્યાંના સત્સંગીઓ હતા.

માળિયામાં શ્રીગુરુચરણરતાનંદ સ્વામીનું આગમન

શ્રીજી મહારાજના સમયમાં સદ્‌ગુરુ **શ્રીગુરુચરણરતાનંદ સ્વામી** ઘણા શક્તિશાળી સંત હતા. તેઓ શ્રીજીઆજ્ઞાથી કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, પંચમહાલ જીલ્લો, મારવાડ અને ખાનદેશ વગેરે દૂર દૂર પ્રદેશોમાં વિચરી ભારે ખંતથી સત્સંગ પ્રચાર કરતા. જ્યાં ખૂબ મુશ્કેલી હોય અને કોઈ રીતે સત્સંગ થઈ શકે તેવું ન હોય, ત્યાં પણ સ્વામી હિંમતથી જઈને સત્સંગ કરાવતા હતા. ઈડરના મહારાજા ગંભીરસિંહજી તથા એમના પુત્ર જુવાનસિંહજી, હિંમતનગરના રાજા કેસરીસિંહજી અને મારવાડમાં શિરોહીના મહારાજા નારણસિંહજી વગેરે મોટા મોટા રાજાઓ પણ સ્વામીની પ્રતિભાશાળી વાણી સાંભળીને સત્સંગીઓ થયા હતા.

એક વખત સ્વામી પોતાના મંડળના સંતોએ સહિત સૌરાષ્ટ્ર પ્રદેશમાં ફરતા ફરતા હાટીના **માળિયા** પધાર્યા. ગામથી આથમણી બાજુ મારવાડી વાડીએ આંબાના ઝાડ નીચે ઊતર્યા. ગામમાં કણબી રતનાભાઈ તથા ગોવિંદભાઈ એ બે ભાઈઓ સત્સંગી હતા. તે સ્વામીની કથાવાર્તા સાંભળતા અને હમેશાં બપોરે સાધુઓ ભિક્ષાવૃત્તિ કરવા આવે ત્યારે તેઓ પૂરતી ભિક્ષા આપતા. તે સાધુઓ વાડીએ લાવીને જમી લેતા.

એક દિવસ સ્વામીએ તેમને કહ્યું : "આ ગામમાં કોઈ ધર્મપ્રેમી શેઠિયા હોય તો તેમને અહી તેડી લાવજો." પછી એમણે નાનજી શેઠની દુકાને આવીને વાત કરી કે "બાપા, અમે સ્વામિનારાયણના સત્સંગી છીએ. હાલમાં અમારા મોટા સાધુ મારવાડી વાડીએ આવીને ત્યાં ઊતર્યા છે. સંત ઘણા પવિત્ર, પ્રતાપી અને ખાસ દર્શન કરવા જેવા છે." પછી નાનજી શેઠ તથા અમરશી મેઘાણી એ બે પ્રતિષ્ઠિત શેઠિયાઓ સ્વામીનાં દર્શન કરવા આવ્યા. સ્વામીનો ઉપદેશ સાંભળી તેઓ ખૂબ પ્રભાવિત થયા અને એમના હૃદયમાં શાંતિ થઈ ગઈ. થોડા દિવસ વાતો સાંભળી સાધુઓનાં શ્રેષ્ઠ વર્તન જોઈ, તેમને સત્સંગી થવાનું મન થયું, એટલે સ્વામીને કહ્યું "અમને આપની કંઠી બાંધી શિષ્ય બનાવો." પછી સ્વામીએ વિધિપૂર્વક મંત્ર બોલી વર્તમાન ધરાવીને કંઠી બાંધી. પછી કહ્યું કે, "પાંચ વર્તમાન બરાબર શૂરવીરતાથી પાળી સ્વામિનારાયણ ભગવાનના નામની પાંચ માળા ફેરવજો. અત્યારે કળિકાળમાં સ્વામિનારાયણ ભગવાનનો ભારે ચમત્કારી અવતાર થયો છે. તેઓ પરચા-ચમત્કાર જણાવી સમાધિઓ કરાવીને અનંત જીવોનાં કલ્યાણ કરે છે. અમારા જેવા એમની પાસે ઘણા સાધુઓ છે." ત્યારે નાનજી શેઠ બોલ્યા કે "આપની સાધુતા, તપ-ત્યાગ અને શ્રેષ્ઠ ચારિત્ર જોતાં તો એ સ્વામિનારાયણ જરૂર ભગવાન હોવા જોઈએ." ત્યારે સ્વામીએ કહ્યું 'તમે ગઢડે દર્શન કરવા આવજો અને જાતે રૂબરૂમાં જ પારખાં લેજો.' ત્યારે તેમણે કહ્યું, "અમે દર્શન કરવા આવીએ ને પારખાં લઈએ પણ કદાચ તે પ્રમાણે ન બને તો તમારી કંઠીઓ પાછી આપીએ." ત્યારે સ્વામીએ ભારે હિંમતથી કહ્યું: "હા, ભલે ખુશીથી તમે કંઠીઓ પાછી આપજો." પછી તેઓ શ્રીજીનાં દર્શન કરવા ગયા અને તેમના સર્વ સંકલ્પો શ્રીજીએ સિદ્ધ કર્યા તેથી તેઓ ચુસ્ત સત્સંગી બનીને ઘેર આવ્યા (શ્રી હરિચરિત્રચિંતામણિ ભાગ પહેલો વાત ૧૪૫નો સાર)

શ્રી ગુરુચરણરતાનંદ સ્વામી જ્યારે બીજી વખત માળિયા પધાર્યા ત્યારે મનજી ઠક્કર સ્વામીનો સમાગમ કરવા લાગ્યા, તેથી તેઓ પ્રથમ સત્સંગી થયા. પછી એમના ભાઈઓ નાનજી, ધનજી અને ડોસાભાઈ તથા એમના પિતા જીવા શેઠ વગેરે ઘણા સત્સંગીઓ થયા. એ ધનજીભાઈના પુત્ર હરજીવનભાઈ થયા. તેમના પુત્ર દયાળભાઈ, ઝીણાભાઈ અને જેઠાભાઈ–આ ત્રણ ભાઈઓ હતા. તેમાં દયાળભાઈ તે સ્વામી રૂગનાથચરણદાસજીના પૂર્વાશ્રમના પિતાશ્રી થાય. આ રીતે શ્રીજી મહારાજના સમયથી જ સ્વામીના પૂર્વાશ્રમના કુટુંબીઓમાં ઘણો સારો સત્સંગ હતો.

મોટા ભક્ત છે માળિયામાંઈ, ઠકર ધનજી નાનજી ભાઈ.
અમરશી કમળશી કેશવ ભક્ત, રામજી રણછોડ દેવ,
મુળજી આદિ લખ્યા લુવાણા, ભક્ત પ્રગટ પ્રભુના કહેવાણા.
(ભક્તચિંતામણિ પ્ર. ૧૧૩)

આમાં જે ધનજી નામ છે તે સ્વામીના પૂર્વાશ્રમના પૂર્વજનું મુખ્ય નામ છે.

ગૃહત્યાગ અને સાધુદીક્ષા

સદ્‌ગુરુ સ્વામીશ્રી રૂગનાથચરણદાસજીનું પૂર્વાશ્રમનું નામ કેશવજી અને ગામ હાટીના માળિયા હતું. પિતાનું નામ દયાળભાઈ અને માતાનું નામ ધનબાઈ હતું. સં. ૧૯૧૯ની સાલમાં એમનો જન્મ થયો હતો. સંસ્કારી કુટુંબમાં જન્મ અને બાળ વયથીજ સત્સંગનો યોગ. તથા હરવખત સાધુ–સંતોની કથાવાર્તા સાંભળવાનો પ્રસંગ વિશેષ પ્રમાણમાં રહેતો, એથી કેશવજીભાઈના હૃદયમાં ભક્તિભાવ અને વૈરાગ્યની વૃદ્ધિ થઈ રહી હતી. જ્યારે સમજણપૂર્વક જ્ઞાનદૃષ્ટિથી એમણે જોયું–જાણ્યું ત્યારે એમને ગૃહસ્થાશ્રમમાં કાંઈ પણ સાર જણાયો નહિ. પછી તેઓ સં. ૧૯૩૯ની સાલના ફાગણ માસમાં ૨૦ વર્ષની ભરયુવાનીમાં વૈરાગ્યથી ઘરનો ત્યાગ કરી સાધુ થવા જૂનાગઢ આવ્યા. એ વખત સ્વામી મહાપુરુષદાસજી ત્યાં હતા. એમના સાધુ રામસુખદાસજીને વાત કરી કે, "મારે સાધુ થવું છે," ત્યારે એમણે સ્વામીને કહ્યું કે 'આ એક મુમુક્ષુ ભગત સાધુ થવા આવ્યા છે.' પછી સ્વામી મહાપુરુષદાસજીએ તે કેશવજીનું કાંડું ઝાલી તેમને એકાંતસ્થાનમાં લઈ જઈને પૂછપરછ કરી તેમના મનની સ્થિતિ જાણી લીધી. પછી એમને પાર્ષદ તરીકે પોતા પાસે રાખ્યા.

થોડા દિવસ પછી સ્વામી પોતાના મંડળના સાધુઓ સાથે તે ભગતને લઈને ગોખરવાળા વગેરે ખારાપાટ પ્રદેશનાં ગામડાંઓમાં ફરવા ગયા. પરંતુ બેત્રણ મહિના થયા ત્યાં એમના પિતા તેડવા આવ્યા. ખૂબ આગ્રહથી કેશવજીને ઘેર તેડી ગયા. ત્રણેક માસ ઘેર રહ્યા પછી કોઈને પૂછ્યા વિના કેશવજી ફરીથી ગઢડા જતા રહ્યા. ત્યાં બેચાર દિવસ શાંતિથી દેવદર્શન કર્યાં. પછી સ્વામી મહાપુરુષદાસજી કુંકાવાવ હતા ત્યાં ગયા, અને સ્વામી સાથે ગામડાંઓમાં ફર્યા. પોતે ઘેરથી જ ગુજરાતી સારું ભણેલા હતા એટલે સ્વામીને કાગળ–પત્રો લખી આપવા, હિસાબ કરવો, વાચવું તથા કીર્તનો બોલવાં વગેરે સેવા કરતા. જ્યાં શરીરથી સેવા કરવાની હોય ત્યાં તેવી સેવા પણ ખૂબ ઉત્સાહથી કરતા એથી સ્વામી તેમના ઉપર ઘણા રાજી થતા.

ખારાપાટ દેશ પછી સ્વામી ગોંડળ દેશમાં ફરતા હતા તે વખતે કેશવજીના નાનાભાઈ હતા તે અક્ષરવાસી થયા. તેથી એમના પિતા દયાળભાઈ તથા ઓધવજીભાઈ એ બંનેય કેશવજીને ઘેર તેડી જવા માટે જૂનાગઢ આવ્યા. ખૂબ ખૂબ મમત્વથી વાતો કરી કેશવજીને ઘેર લઈ જવા માટે અતિ આગ્રહ કર્યો. ત્યારે કેશવજીએ કહ્યું "ઓધવજીભાઈ ! તમે તથા મારા પિતાશ્રી વૃદ્ધ છો. જૂના સત્સંગીઓ છો અને સંસારવ્યવહારમાં કેવા પ્રકારનાં સુખદુ:ખ છે તેના પૂરા અનુભવી છો, તો શા માટે મને ઊંડા કૂવામાં ઉતારો છો ? હું કાંઈ અણસમજુ કે નાનો નથી કે જેથી તમારી રસીલી વાતોથી ભોળવાઈને અગર શરમાઈને ઘેર આવું. આવા સાધુનો સમાગમ અને પ્રગટ પ્રભુની ભક્તિ, એથી અધિક આ સંસારમાં કઈ વસ્તુ શ્રેષ્ઠ અને સુખદાયી છે એ તમે મને કહી બતાવો. પોતાની પ્રજાને મહાસુખમાંથી દુ:ખના ખાડામાં નાખે, આ કઈ જાતની બુદ્ધિ કહેવાય એ તમારે ખૂબ વિચારવું જોઈએ." આ પ્રમાણે કેશવજી ભગતના બળવાન વિચારો સાંભળી એમના પિતા મૌન બની ગયા. પછી કેશવજીની આશા છોડી ઘેર જતા રહ્યા. આ રીતે કેશવજીને બે વર્ષ સુધી કુટુંબીઓ તરફથી ઘણી ઉપાધિ થયેલી તે બધી ટળી ગઈ. ત્યાર પછી સં. ૧૯૪૧ના ભાદરવા સુદ એકાદશીના જળજીલણી સમૈયા ઉપર સ્વામી મહાપુરુષદાસજી ગઢપુર પધાર્યા. ત્યાં આચાર્ય શ્રી વિહારીલાલજી પાસે કેશવજી ભગતને સાધુદીક્ષા અપાવી **રૂગનાથચરણદાસજી** એવું નામ પાડ્યું.

સેવાથી ગુરુની પ્રસન્નતા

ત્યાગી જીવનમાં ત્રણ બાબત ખાસ મહત્ત્વની હોય છે. પ્રથમ તો, ગુરુની

આજ્ઞા પ્રમાણે વર્તી, એમના તપ-ત્યાગના આદેશો ઝીલી, દરેક બાબતમાં એમની રુચિ શું છે, તે બરાબર સમજી-વિચારીને **(૧) ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરવી. (૨) બીજું, મર્યાદા પ્રમાણે દેહથી સત્સંગસેવા કરવી. (૩) ત્રીજું, જીવનભર ધ્યાન-ભજનનો અભ્યાસ કરવો.** જે મુમુક્ષુ પુરુષો આ ત્રણ બાબતો યથાર્થ રીતે લક્ષ્યમાં રાખી, પોતાનું જીવન પ્રભુપરાયણ બનાવે છે; તે પોતાનું અને બીજા અનેકનું આત્યંતિક કલ્યાણ કરી શકે છે. જો એમ ન થઈ શકે, તો ત્યાગી જીવન પણ ઘણું બોજારૂપ નીવડે છે. આ સિદ્ધાંત મુજબ સ્વામી રૂગનાથચરણદાસજી પોતાના વયોવૃદ્ધ ગુરુ સ્વામી મહાપુરુષદાસજીનો, ખૂબ જ મહિમા સમજી એમની આજ્ઞામાં રહી, અતિશય શ્રદ્ધાથી સેવા કરતા હતા. સ્વામી પણ એમની સેવાભાવના જોઈને એમના ઉપર વારંવાર પ્રસન્ન થતા.

પ્રથમના નંદ સંતોની પેઠે નંદોના શિષ્યો અને એમના શિષ્યના શિષ્ય સંતો પણ હમેશાં ગામડાઓમાં ચોતરફ ફરી ઘણી ઘણી મુશ્કેલીઓ વેઠી લોકોને સચોટ ઉપદેશ આપતા અને તેમને ધર્મનિષ્ઠ, પ્રામાણિક અને પ્રભુના અનન્ય ભક્તો બનાવતા હતા. તથા ભારે જાતમહેનતથી ઠેરઠેર મંદિરો બંધાવતા. સ્વામી રૂગનાથચરણદાસજીએ ૧૧ વર્ષ સુધી પોતાના ગુરુની સાથે રહી આ બધી સેવાઓ કરેલી તેથી તેમના ઉપર સ્વામી મહાપુરુષદાસજી ખૂબ રાજી થયા હતા.

સ્વામીની કથાવાર્તા કરવા-સાંભળવામાં શ્રદ્ધા

દીવાથી જેમ દીવો પ્રગટે છે તેમ મહાપુરુષોના મુખથી ભગવત્કથાવાર્તા સાંભળવાથી જ્ઞાન પ્રગટે છે. હૃદયરૂપી ગુહાનો ગાઢ અંધકાર એટલે અજ્ઞાનરૂપી અંધારું, જ્ઞાનદીપ થયા વિના દૂર થતું નથી. આ હેતુથી મોક્ષભાગી આત્માઓ બ્રહ્મનિષ્ઠ મહાપુરુષોનાં દર્શન તથા સેવા-સમાગમની પ્રબલ શુભેચ્છા સેવતા હોય છે. અને એમનાથી જ્ઞાનરૂપી પ્રકાશ પામી સાચી સમજણ મેળવી સ્વજીવનને ધન્ય બનાવે છે. આ રીતે સ્વામી રૂગનાથચરણદાસજીને સાધુ થયા ત્યારથી જૂના જૂના ભગવદીય સંતોની વાતો સાંભળવાની બહુ જ ટેવ હતી. તેઓ કથાવાર્તાથી ક્યારેય કંટાળતા નહિ. એ એમનામાં ખાસ વિશિષ્ટ ગુણ હતો દેશ-પરદેશમાં જયાં જાય ત્યાં કોઈને કોઈ વૃદ્ધ સંતહરિભક્તોને ખોળી કાઢી એમની પાસેથી તેઓ શ્રીજીનાં લીલાચરિત્રો સંબંધી વાતો સાંભળ્યા જ કરતા. સંપ્રદાયમાં

પ્રથમથી તે અત્યાર સુધી જે જે એકાંતિક સંત-હરિભક્તો થયા છે, તે બધા કથાવાર્તાના પ્યાસીઓ હતા. કારણ કે શ્રવણભક્તિ વિના અંતઃકરણની શુદ્ધિ અને આત્મશાંતિ થઇ શક્તી નથી. માટે જ **શ્રીજી મહારાજે સંપ્રદાયની પ્રથા કથાવાર્તાપ્રધાન રાખી છે. સત્સંગમાં શ્રીજી પ્રવર્તિત, સવાર-સાંજ થતી કથાવાર્તાથી અસંખ્ય મુમુક્ષુઓ ભગવતધામના અધિકારી બન્યા છે. એ કોઈ સાધારણ સિદ્ધિ નથી.** ભારે ગૌરવ લેવા જેવી પ્રથા છે.

સ. સ્વામી મહાપુરુષદાસજી સં. ૧૯૫૦ની સાલમાં અક્ષરવાસી થયા પછી સ્વામી રૂગનાથચરણદાસજી મંડળધારી તરીકે ગામડાંઓમાં સ્વતંત્ર રીતે ફરવા લાગ્યા. સ્વામી પોતાના ગુરુ સાથે રહી ખૂબ અનુભવી બન્યા હતા. એટલે કથાવાર્તા કરવાની એમની ઉત્તમ શૈલીથી સત્સંગીઓ એમનાથી ઘણો સંતોષ પામતા. જેવી એમને વાતો સાંભળવાની ટેવ હતી એથી વિશેષ વાતો કરવાની શ્રદ્ધા હતી. દિવસમા હંમેશાં ત્રણ વખત કથાવાર્તા થાય તોપણ બબે ત્રણત્રણ મહિના સુધી સ્વામી હંમેશાં નવીન નવીન સુંદર વાતો કરતા. શ્રીજી મહારાજની લીલાચરિત્રોની વાતોનો તો એમની પાસે અખૂટ ખજાનો હતો. આ બાબતનો આપણે એક દાખલો જોઇએ.

અમરેલી પાસે **આંકડિયા** ગામના વિખ્યાત સત્સંગી પ. ભ. વિપ્ર પીતાંબરભાઇ ત્રિવેદી ભારે બળિયા સત્સંગી હતા. તેઓ જૂનાગઢના સમર્થ સંત, વચનામૃતના પ્રખર અભ્યાસી સ. બાલમુકુંદદાસજી સ્વામીના કૃપાપાત્ર શિષ્ય હતા. એમણે મોટા મોટા સંતોનો સમાગમ કરી કથાવાર્તાનો ઘણો જ લાભ લીધેલો. સ્વામી રૂગનાથચરણદાસજી પોતાના ફરવાના વારામાં આંકડિયા પધાર્યા. સ્વામી સત્સંગની જૂની પ્રથા પ્રમાણે સવાર, બપોર અને સાંજ એ ત્રણેય વખત ખૂબ સરસ વાતો કરતા. પીતાંબરભાઇ કથાવાર્તા સાંભળવાની શ્રદ્ધાવાળા હતા, એટલે ત્રણેય વખત બરાબર હાજરી આપતા. સ્વામી પણ શ્રીજીના ઐશ્વર્ય-પ્રતાપ તથા લીલા-ચરિત્રો સાથે અનેક સંતહરિજનોનાં આખ્યાનોની નિત્ય નવીન વાતો કરતા હતા. પીતાંબરભાઇ એક દિવસ ખૂબ રાજી થઇને બોલ્યા કે, "સ્વામી, આજ વીશ દિવસથી હમેશાં આઠઆઠ કલાક સુધી હું તમારી વાતો સાંભળું છું. તમારી યાદ શક્તિ અને વાતો કરવાની ઢબ બહુ જ સરસ છે. આ વખતે અમને ખૂબ લાભ મળ્યો."

ખેતીપ્રધાન ગામડાંના સત્સંગીઓ દિવસે નવરા ન હોય, એટલે તે બધા રાત્રિએ સાધુઓની કથાવાર્તા સાંભળવા શ્રદ્ધાથી બેસે. સ્વામી પણ એવા આગ્રહી, ઉમંગી અને વાતો કરવામાં કુશળ હતા, તે રાત્રિના બારબાર વાગ્યા સુધી વાતો કરવાથી થાકતા કે કંટાળતા નહિ. બહુ જ ઉત્સાહથી વાતો કરતા. સત્સંગીઓ પણ સ્વામીની મનનીય વાતો એકાગ્ર બનીને ઉમંગથી સાંભળતા. આ રીતે સૌરાષ્ટ્રમાં ઘણાં વર્ષો સુધી ગામડાઓમાં ફરી સ્વામીએ વાતો કરવાની આગવી ઉત્તમ શૈલીથી સત્સંગની અત્યંત પુષ્ટિ કરી હતી, તથા કેટલાય નવા સત્સંગીઓ બનાવ્યા હતા, અને ઘણાં ગામોમાં નવાં મંદિરો કરાવ્યાં હતાં.

સ્વામીએ કરાવેલાં મંદિરો અને શ્રીજી મહારાજે પૂરેલા પરચા

સ્વામીના બોડકા

સૌરાષ્ટ્રમાં પીપલાણા પાસે બોડકા નામનું ગામ છે; એ સ. ગુણાતીતાનંદ સ્વામીએ બેચાર ગામના સત્સંગીઓને ત્યાં તેડી લાવીને વસાવેલું છે, તેથી એ **સ્વામીના બોડકા** એવા નામથી પ્રસિદ્ધ છે. ગુણાતીતાનંદ સ્વામીના સમયથી બોડકામાં કડિયા જ્ઞાતિનો ઘણો સારો સત્સંગ થયેલો. સેવાભાવી અને અતિશય મહિમાવાળા ત્યાંના સત્સંગીઓ સાધુ–સંતોનાં સેવાસમાગમનો વારંવાર ખૂબ લાભ લેતા. જૂનાગઢમાં ઉત્સવ–સમૈયાના પ્રસંગોમાં દરસાલ બોડકાના સત્સંગીઓ પ્રથમથી જૂનાગઢ સેવા કરવા આવતા. નાની મોટી દરેક પ્રકારની ઘણી સેવા કરતા. પત્રાવળાં ઉઠાવવાથી પાયખાનાં સાફ કરવા સુધીની દેહથી સેવા કરવામાં તેઓ જરા પણ સંકોચ કે અણગમો રાખતા નહિ. સમૈયામાં હજારો માણસો આવ્યા હોય, છતાં દરેક ઉતારા, ચોક અને મંદિરમાં કોઈપણ ખૂણે–ખાંચરે કચરો અગર ગંદકી ન થાય એવી કાળજીથી તેઓ સેવા કરતા. કેટલો મહિમા સમજાયો હોય અને શ્રદ્ધા હોય ત્યારે આવી હળવી સેવા થાય ?

માણાવદરના મુસ્લિમ રાજા ગજેફરખાં અને એમના પુત્ર કમાલદીલખાંને સ. ગુણાતીતાનંદ સ્વામીને વિષે બહુ જ સદ્‌ભાવ હતો એટલે એમણે પોતાના ચોવીશ

ગામડાંઓમાં જૂનાગઢ મંદિરને **માણુંમાપું** બાંધી આપ્યું હતું. ચોવીશેય ગામના દરેક ખેડૂત પોતાની ઉપજમાંથી દર સાલ એક માણું (પાંચ કિલો) અનાજ મંદિરને આપે એવો રાજ્ય તરફથી ફરજિયાત હુકમ કરેલો; તેનો અમલ કેટલાંક વર્ષો થયો, પણ તેમાં ઘણી મુશ્કેલી પડતી તેથી તેના બદલામાં બોડકા ગામમાં બસો વીઘા જમીન આપી હતી. તેની ઉપજમાંથી ચોથો ભાગ જૂનાગઢ મંદિરને ઘણાં વર્ષો સુધી મળતો હતો. આ પ્રમાણે અનેક રીતે બોડકાના સત્સંગીઓની સેવા અગ્રસ્થાને રહી છે.

સ્વામી રૂગનાથચરણદાસજી પોતાના ફરવાના વારામાં બોડકા પધાર્યા. પ્રથમથી ધુડિયું મંદિર હતું તેમાં ઊતર્યા. સ્વામી ચોમાસાના સમયમાં ત્યાં ગયા હતા. ગામડાના લોકો શ્રાવણ-ભાદરવા માસમાં સાવ નવરા હોય. સ્વામી પધાર્યા એટલે સૌ સત્સંગીઓ રાજી થયા અને કથાવાર્તાનો ખૂબ લાભ લેવા લાગ્યા. નાનામોટા સૌ કોઇ દિવસમાં ત્રણ વખત સ્વામીની વાતો સાંભળતા. સ્વામી દોઢ માસ રોકાયા હતા. દરેકને સત્સંગનો એવો રંગ ચડી ગયો કે, જેથી 'સ્વામી હસ્તક વિશાળ પાકું મંદિર બોડકામાં આ જ વર્ષમાં કરી નાખવું' એવો નિર્ણય કર્યો. પછી સ્વામીએ ત્યાં રહી ઘણી મહેનત લઇને નવેસરથી પાકું મંદિર કરાવ્યું. મંદિરની સેવામાં દરેક સત્સંગીએ રાત્રિ-દિવસ ખડે પગે રહીને ઘણી સેવા કરેલી. સૌની સેવાભાવના જોઇને સ્વામી બધા ઉપર ઘણા રાજી થયા હતા. સ્વામીના આશીર્વાદથી કેટલાય સત્સંગીઓ વ્યવહારે સુખી થયેલા. અને કેટલાયની કઠિન મુશ્કેલીઓ સ્વામીની કૃપાથી દૂર થયેલી.

ભગાભાઈ પરમારની ઈચ્છા પૂરી થઈ.

બોડકામાં ભગાભાઇ પરમાર એક આગેવાન વૃદ્ધ સત્સંગી હતા. એમણે સ્વામીને કહ્યું કે, "સ્વામી ! તમે મંદિરનું કામ પૂરું કર્યું. ઓસરીમાં પાકો ધાબો પણ આ જ થઇ જશે. મારો સંકલ્પ પૂરો થઇ ગયો. હવે મને ધામમાં મોકલી દો. પણ લોકમાં કહેવત છે કે, રાત્રિએ મરે ને મડદું આખી રાત ઘરમાં રહે એ ઠીક નહિ. માટે મારા ઉપર દયા કરી મને સવારના ચડતા પહોરમાં ધામમાં મોકલી દેજો." ત્યારે સ્વામીએ કહ્યું, "ભગાભાઇ ! તમે શ્રીજી મહારાજના એકાંતિક ભક્ત છો, માટે તમારો સંકલ્પ શ્રીજી જરૂર પૂરો કરશે.હમેશાં મનમાં અખંડ ભજન કરજો. મનની વૃત્તિ મૂર્તિ

સિવાય ક્યાંઇ જવા દેશો નહિ. કાલે સવારે શ્રીજી પ્રભુ તમને ધામમાં તેડી જશે." પછી સ્વામીએ આખી રાત્રિ માળા ફેરવીને પ્રાર્થના કરી કે, "હે ભક્તવત્સલ પ્રભુ ! ભગાભાઇનો સંકલ્પ પૂરો કરજો." બરાબર બીજે દિવસે સવારમાં ભગાભાઇ સૌને 'જય સ્વામિનારાયણ' કહીને ધામમાં ચાલ્યા ગયા. સ્વામીની પ્રાર્થના પ્રત્યક્ષ સાંભળી હોય, તેમ શ્રીજીએ ભક્તની શુભેચ્છા તાત્કાલિક સ્વીકારી. આનું નામ પ્રગટ પુરુષોત્તમ સર્વોપરિ ભગવાન કહેવાય !

હંસરાજભાઈની રક્ષા કરી

સણોસરાના વતની પટેલ હંસરાજભાઇ નાદપરાએ બોડકામાં જમીન રાખી અધવારું કરેલું. તેઓ ધર્મનિયમની દૃઢતાવાળા અને ખૂબ સેવા કરતા, તેથી તેમના ઉપર સ્વામી બહુ રાજી રહેતા. એમણે પપૈયાનો બાગ કરેલો એટલે હમેશાં સાંજે કથાવાર્તા સાંભળ્યા પછી રાત્રિએ વાડીએ જતા. એક દિવસ સ્વામીએ હંસરાજભાઇને કહ્યું, "તમે આજે વાડીએ જાશો નહિ. અહી સૂઇ રહેજો." એટલે હંસરાજભાઇ રોકાયા અને સ્વામીના પગ દબાવવા લાગ્યા. થોડી વાર થઇ ત્યાં સ્વામીને જરા નિદ્રા આવી. એટલે હંસરાજભાઇ તરત જ ઊઠીને વાડીએ જવા રવાના થયા. તેઓ બહાર નીકળી ચાલતા થયા ત્યાં સ્વામી જાગી ગયા અને તરત જ પૂછ્યું: 'હંસરાજભાઇ ક્યાં ?" ત્યારે કોઇએ કહ્યું: "એ તો વાડીએ ગયા." ત્યારે સ્વામી એકદમ ઉતાવળા થઇને બોલ્યા કે, 'જાઓ ! જાઓ ! એમને પાછા બોલાવી લાવો.' પછી એક સત્સંગી તેમને પાછા બોલાવી લાવ્યા. અને તેઓ સ્વામીના કહેવા પ્રમાણે મંદિરમાં સૂઇ રહ્યા.

રાત્રિએ એક સંધીનો ડોસો છૂપી રીતે હંસરાજભાઇને ઘેર આવ્યો અને પૂછ્યું કે, "હંસરાજભાઇ કયાં ગયા છે ?" ત્યારે એમનાં ડોસીમાએ કહ્યું: "એ તો આજ મંદિરે ગયા છે તે પાછા આવ્યા નથી; મંદિરે હશે." ત્યારે સંધીએ કહ્યું: "એ મંદિરે રોકાયા એ ઠીક થયું. આ જ અમારા બેત્રણ જુવાનિયા ડાંગું લઇને હંસરાજભાઇને મારવાના ઈરાદાથી એમની વાડીએ ગયા છે. ઘણી ના પાડી પણ માન્યું નહિ." આમ વાત કરી તે ચાલ્યો ગયો. હંસરાજભાઇને સંધી લોકો સાથે વ્યવહાર બાબતમાં કાંઇ બોલાચાલી થયેલી એટલે રોષે ભરાયેલા બેત્રણ યુવાન સંધી, વાડીએ ગયા પણ હંસરાજભાઇ તો ત્યાં હતા નહિ. પછી એ લોકો વાડીએ થોડું નુકસાન કરીને

ચાલ્યા ગયા. બીજે દિવસે જ્યારે બધી વાત જાણવામાં આવી ત્યારે સૌ સત્સંગીઓ અત્યંત આશ્ચર્ય પામ્યા અને સ્વામીનો મહિમા સમજવા લાગ્યા.

આંબાભાઈ મારુના વંશનો વિસ્તાર થયો

એક વખત સ્વામી બોડકા પધારેલા, તે વખતે આંબાભાઇ મારુના એક દીકરા અને એક દીકરી બંનેય ગુજરી ગયેલાં; તેમને બીજું કાંઇ સંતાન હતું નહિ એટલે એમનાં પત્ની આખો દિવસ રોયા કરે, આંબાભાઇ સત્સંગની ખૂબ દૃઢતાવાળા અતિશય સેવાભાવી એકાંતિક ભક્ત હતા. એમને સ્વામીને વિષે ઘણો જ પૂજ્યભાવ હતો. સ્વામીએ સત્સંગીઓ પાસેથી આંબાભાઇની બધી વાત સાંભળી હતી. સવારમાં વહેલા તેઓ દર્શન કરવા આવ્યા ત્યારે તેમને ઉદાસીન જોઈને સ્વામી બોલ્યા કે, “આંબાભાઇ ! કાંઇ શોક–ચિંતા કરશો નહિ. શ્રીજી મહારાજની કૃપાથી ઘરમાં નહિ માય તેટલા છોકરા થશે. તમે ખૂબ સેવા અને ભજન કરો છો. સેવકનું ઘર સૂનું ન રહે. પ્રભુ અવશ્ય કૃપા કરશે. માટે મનમાં ધીરજ અને શાંતિ રાખજો.” પછી સ્વામીએ પ્રસન્ન થઈને જે પ્રમાણે આશીર્વાદ આપ્યો હતો તે જ પ્રમાણે આંબાભાઇ મારુને સાત છોકરા થયા. આ રીતે સ્વામીની કૃપાથી અત્યંત નિર્માની શાંત સ્વભાવવાળા આંબાભાઇના વંશનો વિસ્તાર થયો. અને એમણે જીવનભર પ્રભુપરાયણ રહી ખૂબજ ભજન–સ્મરણ કર્યું.

ચુડવાનું મંદિર

માણાવદર તરફ સરદારગઢ પાસે **ચુડવા** ગામ છે. ત્યાં પ્રથમથી સત્સંગ ન હતો, પણ ઝાલાવાડનાં ચુસ્ત સત્સંગી ગરાસિયાની બે કુંવરીઓનાં લગ્ન ચુડવાના ક્ષત્રિય દરબાર ઝાલા ગોડજીભાઇ સાથે થયેલાં. બંનેય કુંવરીઓને બાળપણથી જ બાપદાદાનો ભારે જોરદાર સત્સંગ હતો. લગ્ન થયાં પછી ચુડવા આવ્યાં અને કેટલાંક વર્ષો વિત્યાં, તેમાં એમને મુશ્કેલીઓના ઘણા ઘણા કપરા પ્રસંગો આવેલા, છતાં એમણે સત્સંગનું બળ જરા પણ ઓછું થવા દીધું નહિ, માથા સાટે સત્સંગ રાખ્યો હતો. ક્ષત્રિય દરબારોમાં દારુ–માંસના પ્રસંગો ભારે જોરદાર હોય છે; તેમાં એ બંનેય રાણીઓએ વિશુદ્ધ રહી ધર્મનિયમની ટેક શીર સાટે રાખી હતી.

ચુડવાનાં **બા શ્રી મગજીબા તથા બા શ્રી બાઈસાબબા** આ બંનેય રાણીઓએ વિચાર કર્યો કે, 'આપણે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનું વિશાળ પાકું મંદિર કરાવીએ.' પછી એમણે પોતાની પાટીમાં પોતાના ગિરાસની હકની જમીન હતી, તેમાંથી મંદિર કરવા માટે જમીન કાઢી આપી. પછી જ્યારે સાધુઓ ત્યાં ધર્માદો લેવા ગયા ત્યારે એમને એ જમીન બતાવીને બંનેય રાણીઓએ બીજા મારફત કહેવરાવ્યું કે, "જેટલું ખરચ થશે તે અમે આપશું પણ તમે મંદિર કરાવી આપો. સાધુઓ વિના અમારાથી મંદિર થાય નહિ." આ પ્રમાણે બાઈઓએ બેચાર વાર કહેવરાવ્યું, પણ ગામમાં બીજા કોઇ સત્સંગી નહિ, તેથી કોઇ સાધુએ મંદિર કરવાની હા પાડેલ નહિ.

સ્વામી રૂગનાથચરણદાસજીને માણાવદર દેશમાં ફરવાનો વારો આવ્યો. એટલે સ્વામી ચુડવા પધાર્યા; ત્યારે બાઈઓએ કહેવરાવ્યું કે "સ્વામી અહીં રોકાય અને મંદિર કરાવે. અમે બધી સગવડ કરી આપશું." એમનો વિશેષ આગ્રહ જોઈને સ્વામી ત્યાં રોકાયા. પછી ગામના દરબારોને સાંજે બોલાવીને સ્વામી એવી સુંદર વાતો કરવા લાગ્યા કે, જેથી દરબારો તથા ગામના કેટલાક ભાવિક લોકો મંદિર બનાવવામાં મદદ કરવા લાગ્યા. પરંતુ મંદિર માટે ચૂનો જોઈએ તે બહારથી લાવવો કોઇ રીતે પોસાય તેમ હતું નહિ એટલે સ્વામીએ ધોળા પથ્થરની કાંકરીઓ ભંગાવીને તૈયાર કરાવી પણ ચૂનાની મોટી ભઠ્ઠી પક્વી શકાય તેટલું બળતણ જલદી મળી શકે તેમ ન હતું. ચૂનાની તાત્કાલિક જરૂર હતી. સ્વામી વિચારમાં પડ્યા. થોડા વિચારના અંતે સ્વામીને એક સરલ ઉપાય સૂઝી આવ્યો. ગામથી થોડે દૂર ખીજડાનાં ચારપાંચ જૂનાં ઝાડ ઊભાં હતાં એ સ્વામીના ધ્યાનમાં આવ્યાં. "જો આ ખીજડા આપણને કાપવા દે તો આપણું કામ થઇ જાય." પછી સ્વામીએ ગામધણી દરબારને ખીજડા કાપી લેવાની વાત કરી, ત્યારે દરબારે કહ્યું, "જો મંદિરના કામમાં ખીજડા આવતા હોય તો, આપ કાપી લો એમાં અમારે કાંઇ હરક્ત નથી. પરંતુ સ્વામીજી ! એ ખીજડામાં તો ભયંકર ભૂત રહે છે. રાત્રિના તો ત્યાં સૌ દેખે તેવા ભૂતભડકા થાય છે. કોઈની તાકાત નથી કે, ખીજડાની એક તીરખી પણ કાપી શકે. જાણીતા તો ત્યાં કોઇ જતા નથી. કોઇ અજાણ્યા જાય તો એની બૂરી દશા થાય છે. આપ તો મહાત્મા પુરુષ છો માટે જેમ યોગ્ય લાગે તેમ કરો." દરબારની વાત સાંભળી સ્વામીએ કહ્યું: "સ્વામિનારાયણ પ્રભુની કૃપાથી અમને કાંઇ પણ ન થાય. અમે તો

ભૂતનું પણ ભલું કરીએ છીએ." બીજે દિવસે સૌ સાધુઓ હથિયારો લઈને ત્યાં ગયા. પ્રથમ ઠાકોરજીની પ્રસાદીનું જળ સ્વામિનારાયણ પ્રભુનું સ્મરણ કરીને બધા ખીજડાના મૂળમાં છાંટ્યું પછી સંતો બોલ્યા કે "પ્રભુની પ્રસાદીનું જળ અહી છાંટ્યું એટલે હવે આમાં બીજા કોઈને રહેવાનો હક રહેતો નથી. માટે જે કોઇ આમાં રહેતા હોય તે બધા શાંતિથી બીજે સ્થળે જતા રહેજો." પછી કુહાડા અને કરવતીઓથી સંતો ખીજડા કાપવા લાગ્યા. ગામના કેટલાક લોકો દૂર ઊભા રહીને જોતા હતા અને કહેતા હતા કે "અબઘડી એકાદ સાધુને ઊંધે કાંધ નાખી દેશે, એટલે બીજા ભાગીને મંદિરમાં ગરી જશે." અજ્ઞાની લોકોની ધારણા સાવ ખોટી પડી. સંતો બધા ખીજડા કાપી મંદિરે લાવ્યા અને ચૂનાની ભઠ્ઠી પકાવવામાં વાપરી નાખ્યા. એ ચૂનાથી વિશાળ અને ભવ્ય મંદિર તૈયાર થયું તેમાં પ્રભુ અખંડ બિરાજે છે.

અમરાપરનું મંદિર અને સ્વામીની માળા

અમરેલી પાસે **અમરાપર** ગામ છે. એ સ. મુક્તાનંદ સ્વામીની જન્મભૂમિનું ગામ છે. તેઓ અમરાપરના ચોરામાં પૂજા કરતા. એ પ્રસાદીનો જૂનો ચોરો હજુ હયાત છે. પ્રથમ ત્યાં સત્સંગ ન હતો. સ. ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં સત્સંગ થયેલો. લોહાણા અને કણબી પટેલોએ મળી કોળીવાડા પાસે એક નાનું સરખું મંદિર કરેલું. એક વખત વચનસિદ્ધ સમર્થ સંત સ. સ્વામી કૃષ્ણચરણદાસજી ત્યાં પધાર્યા. થોડા દિવસ ત્યાં રહ્યા. દરેક સત્સંગીઓએ સેવા–સમાગમનો લાભ લીધો. એક દિવસ સત્સંગીઓએ વિનંતિ કરીને સ્વામીને કહ્યું કે, "સ્વામી ! આ મુક્તાનંદ સ્વામીની જન્મભૂમિનું ગામ છે. અહિયાં હવેલી, ચોરો અને ઉપાશ્રય ગામ વચ્ચે છે. અને આપણું મંદિર પછવાડે છે." ત્યારે સ્વામી બોલ્યા કે, "આપણું મંદિર સૌથી શ્રેષ્ઠ ગામ વચ્ચે થશે." પછી સ્વામી જયારે ગામમાં પધરામણીએ નીકળ્યા ત્યારે ગામ વચ્ચે ચોરા નજીક બજારમાં આવ્યા ત્યારે એક કણબીનું ઘર હતું ત્યાં થાપો મારીને સ્વામીએ કહ્યું કે "આ ઠેકાણે આપણું મંદિર સૌથી સરસ થશે." એ ઘરનો ધણી કોઈપણ રીતે પોતાની જમીન મંદિરને આપે એવો ન હતો. એટલે સૌને એમ થયું કે, અહિયાં આપણું મંદિર ક્યાંથી થાય ! પરંતુ સ્વામીના વચન પ્રમાણે એ કણબીએ સામે ચાલીને જમીન આપી; તેમાં સ્વામી રૂગનાથચરણદાસજીએ ખૂબ પરિશ્રમ લઈને મંદિર કર્યું અને સ્વામી કૃષ્ણચરણદાસજીના હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા કરાવી.

અમરાપરમાં મંદિરનું કામ ચાલતું તેમાં સૌ સાધુસત્સંગીઓ સેવા કરતા. લાકડાં વેરવા વગેરે સુતારી કામ ચોરા પાસે થતું, તેની દેખરેખ સ્વામી રાખતા. એક દિવસ સ્વામીને વિચાર થયો કે, "આ ચોરામાં મુક્તાનંદ સ્વામીએ ખૂબ જપ-તપ અને દેવસેવા કરી છે. માટે આપણે પણ કાંઈક માળા ભજન કરીએ." પછી સ્વામી હંમેશાં ચોરામાં એક બાજુ બેસી માળા ફેરવવા લાગ્યા સવારથી સાંજ સુધી આખો દિવસ સ્વામી માળા ફેરવતા હતા. બપોરે બાર વાગે એક વખત જમી લઈ પાછા તરત જ સ્વામી માળા ફેરવવા બેસી જતા. આ પ્રમાણે ઘણા દિવસ સ્થિર આસને બેસી આડુઅવળું જોયા સિવાય એકાગ્રવૃત્તિથી સ્વામી આખો દિવસ માળા ફેરવતા હતા, તે નજરે જોઈને ચોરા પાસે એક દુકાનદાર વાણિયા શેઠ હતા, તેમને સ્વામીનો બહુ જ ગુણ આવ્યો. એક દિવસ એમણે પોતાની દુકાનમાં સ્વામીની પધરામણી કરાવીને મૂર્તિમાન ધોતિયાં ઓઢાડ્યાં. કોઈ સત્સંગીએ સ્વામીને ખાનગીમાં વાત કરી કે, શેઠ બહુ સારા માણસ છે, પણ એમને દીકરો નથી. માટે આપ આશીર્વાદ આપો." પછી સંતો કીર્તન બોલી રહ્યા એટલે સ્વામીએ થોડીવાર વાતો કરી. છેવટમાં સ્વામીએ કહ્યું: "શેઠ ! પ્રભુ કૃપાથી તમારે ઘેર દીકરાનો જન્મ થશે, પરંતુ આજથી જો બરાબર દશમા મહિનામાં પુત્રનો જન્મ થાય તો તમારે માનવું કે, સંતકૃપાથી પુત્ર થયો છે." પછી સ્વામીના ક્હેવા પ્રમાણે એ શેઠને દીકરો થયો. પોતે ચુસ્ત જૈન હતા છતાં સાધુઓની સારી સેવા કરતા.

ચાંદગઢના પટેલને પુત્ર થયો

અમરેલી પાસે **ચાંદગઢ** ગામ છે. ત્યાં પ્રથમથી બ્રાહ્મણોનો સત્સંગ છે. લવજી મહારાજ સારા વિદ્વાન હતા. એ પ્રદેશમાં ભાગવતના કથાકારોમાં એમનું પ્રથમ સ્થાન હતું. ગમે તેવા દરબારો, પટેલો અને ચુસ્ત વૈષ્ણવ શેઠિયાઓથી પણ દબાયા સિવાય એ લોકોનો વિરોધ હોવા છતાં પણ પોતાના ભાલમાં મોટો તિલક-ચાંદલો કરીને જ ભાગવતની કથા કરવા જતા. ભારે શૂરવીર સત્સંગી હતા. સત્સંગીઓનો પક્ષ માથા સાટે રાખતા. એમના પુત્ર વીરજી મહારાજ પણ મહિમાવાળા બળિયા સત્સંગી હતા. તેઓ વ્યવહારે પણ ઘણા સુખી હતા.જૂનાગઢ ના સમર્થ સંત સ. સ્વામી નારાયણદાસજીની આજ્ઞા પ્રમાણે વીરજી મહારાજે એકલાએ પોતાના પૈસા ખરચીને ચાંદગઢમાં બે માળનું મોટું મંદિર કર્યું, પરંતુ

મંદિરના ફળીમાં બજારનો થોડો ખાંચો પડતો હતો તે જમીન ઘણા ઉપાયો કરવા છતાં મળી નહિ.

સ્વામી રૂગનાથચરણદાસજી ત્યાં પધાર્યા. એમણે ફળીમાં ખાંચો જોઇને કહ્યું – "આ બજાર તરફની જમીન મળે તો આપણું મંદિરનું ફળી સરખું થાય." ત્યારે સહુએ કહ્યું – "ઘણી કોશિશ કરી પણ એ કામ ન થયું ? "ત્યારે વીરજી મહારાજ બોલ્યા કે, 'સ્વામી ! ગામના પટેલને દીકરો નથી. જો તમારા આશીર્વાદથી એમને દીકરો થાય તો જમીન આપણને મળી જાય." ત્યારે સ્વામી એ કહ્યું. "પટેલને અહિયાં બોલાવો. ભગવાન દીકરો આપશે." પછી વીરજી મહારાજે પ્રસંગોપાત પટેલને વાત કરી કે, "હાલમાં અમારા મોટા સ્વામી પધાર્યા છે. ભારે સરસ વાતો કરે છે, બહુ જ પ્રતાપી સંત છે. જો તેઓ આશીર્વાદ આપે તો જરૂર આપને ઘેર પુત્રનું પારણું બંધાય." પટેલને સાધુ–સંતોમાં ખાસ પ્રેમભાવ ન હતો. વળી મંદિર તરફનું વલણ ન હતું તેથી મંદિરમાં આવે તેવા ન હતા. પણ દીકરાની આશાથી સાંજે પટેલ મંદિરમાં આવ્યા, સ્વામીએ પણ પટેલને ગમે તેવી શ્રીજી અને સંતોના ઐશ્વર્ય–પ્રતાપની ખૂબ વાતો કરી. બીજે દિવસ પણ પટેલ આવ્યા અને ઘણીવાર સુધી વાતો સાંભળી. બીજે દિવસે સ્વામીએ કહ્યું "પટેલ, તમોને પ્રભુએ ગામના મોટેરા કર્યા છે અને ઘણા સુખી રાખ્યા છે. તમારી મીઠી જીભથી કેટલાંક કામ વગર પૈસે થાય. અમારા આ મંદિરમાં થોડો ખાંચો પડે છે. તેટલી જમીન અપાવી દ્યો. તમે મંદિરનું કામ કરશો એટલે ભગવાનની કૃપાથી જરૂર તમારે ઘેર પુત્રનો જન્મ થશે." પછી સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી પટેલે અમલદાર–અધિકારીઓને મળી ગામલોકોને પણ સમજાવી, બજાર તરફની ન મળી શકે તેવી જમીન અપાવી દીધી. પછી ફરીથી વંડી ચણીને એ જમીન મંદિરના ફળી સાથે ભેળવી લીધી. સ્વામીના આશીર્વાદથી પટેલને ઘેર સવા વર્ષ પછી પુત્રનો જન્મ થયો. પટેલને સ્વામીનો બહુ જ ગુણ આવ્યો. અને સાધુસત્સંગીઓ સાથે જે અણગમો હતો તે છોડી દીધો.

શેઠના વડાળામાં મંદિર અને સુતારનો પ્રસંગ

જામનગર તરફ શેઠના **વડાળા**માં પ્રથમથી રાજગર બ્રાહ્મણોનો ઘણો સારો

સત્સંગ છે. કણબી; કડિયા વગેરે બીજા પણ કેટલાક સત્સંગીઓ છે. ત્યાંના સત્સંગીઓમાંથી કેટલાક સાધુઓ પણ થયા હતા. સ્વામી રૂગનાથચરણદાસજીએ વડાળામાં ઘણો ઘણો દાખડો કરીને પાકું સારું મંદિર કરાવ્યું છે. તેમાં એક પ્રસંગ એવો બન્યો કે, મંદિર ચણાઈને તૈયાર થઇ ગયું. પણ મંદિરને માળવાનું કામ બાકી હતું. ગામમાં સુતાર એક જ હતો. એટલે "આજ આવીશ. કાલે આવીશ" એમ કહ્યા કરે. વળી તે ચુસ્ત મરજાદી વૈષ્ણવ હતો તેથી મંદિર તરફ ઝાઝો ભાવ પણ ન હતો. જેઠ માસ નજીક આવી ગયો હતો. એટલે વર્ષાદ થાય તો મંદિરને નુકસાન થાય. સ્વામીને પણ જૂનાગઢ ભીમ એકાદશીના સમૈયા ઉપર જવું હતું. એટલે ઉતાવળ ખૂબ હતી. છતાં સુતાર આવે નહિ.

એક દિવસ એવું બન્યું કે, સુતારની કોઢના બારણા પાસે જ એક કૂતરું બીજેથી આવીને ત્યાં પડી ગયું. થોડી વારમાં કૂતરું મરી જાય તેવાં ચિહ્નો જણાતાં હતાં. સુતાર બહુ જ દયાળુ સ્વભાવનો હતો, તે કૂતરાનું દુઃખ જોઇ શક્તો ન હતો. "અરર ! મારા આંગણામાં આ મરી જશે, મારે અહિયાંથી કેમ ચાલવું. એને કોણ ઉપાડશે ?" પોતે મરજાદી એટલે શુદ્ધિ પણ ખૂબ રાખતો, તેથી એને ઘણી જ સુગ ચડતી હતી. કૂતરાને લાકડીઓ ઠબકારીને ખૂબ બીવરાવ્યું. માથે પાણી નાખ્યું. પણ એ તો ત્યાંને ત્યાં જ પડી રહ્યું. થોડો થોડો શ્વાસ લઇ રહ્યું હતું.

બરાબર એ જ વખતે બપોરના ત્રણ વાગે સ્વામીએ એક આગેવાન સત્સંગીને સુતારને ઘેર કહેવા મોકલ્યા કે, "તમે કાલે જરૂરથી મંદિરનું કામ કરવા આવજો." પેલો સુથાર મિસ્ત્રી તેની વાત સાંભળીને બોલ્યો – "જો આ કૂતરું મારા ઘર આંગણે ન મરે અને બીજે ચાલ્યું જાય તો હું આખું મંદિર મફતમાં માળી આપું. તમે બડાઈની વાતો તો બહુ કરો છો કે, અમારા સ્વામી આવા પ્રતાપી છે. તો આ મારું કામ થાય તો હું માનું કે, સ્વામિનારાયણના સાધુ સાચા સાધુ છે." સત્સંગીએ મંદિરમાં આવી સ્વામીને બધી વાત કરી. ત્યારે સ્વામી બોલ્યા કે, 'ભગવાન સારું કરશે.' પછી નાહવા જવાનો સમય થઇ ગયો હતો એટલે સૌ સંતો અને ચારપાંચ સત્સંગીઓએ સહિત સ્વામી મંદિર બહાર નીકળ્યા અને સુતારના ઘર આગળ ઊભા રહ્યા અને પ્રસાદીનું પાણી સાથે લાવ્યા હતા તે થોડું થોડું બેત્રણ વાર કૂતરા ઉપર છાંટીને બોલ્યા કે, "તું અહિયાથી ચાલ્યું જા. આ અમારા મિસ્ત્રીને મંદિરની સેવાનો

લાભ લેવા દે." કૂતરું સાવ મરણની છેલ્લી અણીએ હતું. છતાં કોઇ અદ્‌ભુત તાકાત આવી ગઇ હોય, તેમ તરત જ ત્યાંથી ઊઠીને ગામની પરવાડે ચાલ્યું ગયું અને ત્યાં થોડી વારમાં જ મરી ગયું. આ રીતે મરણપથારીએ પડેલું કૂતરુ તરત જ ઊઠીને ચાલ્યું ગયું. એ નજરે જોઇને સુતાર મિસ્ત્રી તથા ગામ લોકો આભા જ બની ગયા. પછી સુતાર મિસ્ત્રી તત્કાળ પોતાનાં હથિયારો લઇને મંદિરે આવ્યો અને આખું મંદિર થોડા જ દિવસમાં સાવ મફતમાં માળી આપ્યું અને સ્વામીને રસોઇ આપીને ભાવથી જમાડ્યા તથા પ્રેમથી ધોતિયાં ઓઢાડ્યાં. સ્વામી વડાળામાં મંદિર કરાવતા એ વખતે ગામના વૈષ્ણવ શેઠિયા સ્વામીની કથાવાર્તા સાંભળવા આવતા, તેમાં એક શેઠને સ્વામીના આશીર્વાદથી પુત્ર થયો હતો.

તોરી ગામના દેવજી બાપાનો પ્રસંગ

સૌરાષ્ટ્ર પ્રદેશના સત્સંગમાં મુખ્ય ગણાતાં ગામોમાં કુંકાવાવ પાસે **તોરી** ગામનો સત્સંગ ઘણો જ સુપ્રસિદ્ધ છે., ત્યાં સ. ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદિત અને સ. બાલમુકુંદદાસજી સ્વામીના કૃપાપાત્ર શિષ્ય પટેલ દેવજી બાપા પરમ એકાંતિક ભારે શૂરવીર સત્સંગી હતા. એ ગામમાં શ્રીજીના સમયમાં સત્સંગ ન હતો. સ. ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી રાજગર બ્રાહ્મણ ઘેલા મહારાજ તથા પટેલ દેવજી બાપાવોરા અને પાનસુરિયા કુટુંબમાં સત્સંગ થયેલો. એ વખતે ગામમાં કોટડિયા પટેલનું ભારે જોર હતું. એટલે તે સત્સંગીઓને અનેક રીતે કનડગત કરવા લાગ્યા. છેવટ સત્સંગીઓને નાત બહાર મૂક્યા. ગામલોકોએ સત્સંગીઓ સાથે બધો વ્યવહાર બંધ કર્યો. આ સમાચાર કુંકાવાવના લીબા પટેલને મળ્યા, એટલે તેઓ તોરી આવ્યા, અને સત્સંગીઓને કહ્યું કે, "તમે બધા સત્સંગીઓ કુંકાવાવ આવો, હું દરબારને કહીને જોઇએ તેટલી સારી ખેતીની જમીન અપાવીશ. તમે કાંઇ ચિંતા કરશો નહિ." ગામધણી દરબાર પણ લીબા પટેલને પૂછીને પોતાનો બધો વ્યવહાર કરતા. પટેલ ઘણા જ વ્યવહારકુશળ અને જ્ઞાતિમાં અગ્રેસર હતા.

દેવજી બાપાએ વિચાર કર્યો કે, "આપણે જૂનાગઢ જઇ સ. ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા લઇને પછી કુંકાવાવ રહેવા જઇએ." પછી તેઓ જૂનાગઢ ગયા. સ્વામીને બધી વાત કરી. સ્વામી તરત જ બોલ્યા કે, "તમને સત્સંગીઓને

ગામમાંથી કાઢનાર કોણ છે ? જાઓ, ગામની પટલાઇ તમને મળશે અને ગામમાં તમારું જ ધાર્યું થશે." આ રીતે સ્વામીના આશીર્વાદથી ટૂંક સમયમાં દેવજી બાપાના મોટાભાઇ જીવાભાઇ ગામના પટેલ થયા અને જીવ્યા ત્યાં સુધી પટેલ રહ્યા. પછી એમના પુત્ર મૂળજીભાઇએ પણ આખી જિંદગી ગામની પટલાઇ કરી. આ પ્રમાણે દેવજી બાપા ગામ છોડવા તૈયાર થયા પણ સત્સંગ છોડ્યો નહિ. સ. સ્વામી બાલમુકુંદદાસજી વગેરે મોટા સંતોનો સમાગમ કરી સંસારમાં રહેવા છતાં બ્રહ્મનિષ્ઠ સ્થિતિને પામ્યા હતા. એમના પ્રસંગથી ધર્મનિયમની ટેક્વાળા અનેક નવા સત્સંગી થયા હતા. એમનામાં રહેલું સત્સંગનું બળ, પ્રભુપરાયણ સ્થિતિ અને એમની ધાર્મિક તેજસ્વીતાનો એવો પ્રભાવ પડતો કે, તેઓ મંદિરમાં બેઠા હોય ત્યારે કોઇપણ માણસ વ્યવહારસંબંધી વાત પણ કરી શકતા નહિ.

સ. ૧૯૭૮ની સાલમાં સ્વામી રૂગનાથચરણદાસજીને તોરી દેશમાં ફરવાનો વારો હતો. એ વખતે દેવજી બાપા બિમાર થયા. આ સમાચાર જાણી આંકડિયાના પ્રસિદ્ધ સત્સંગી પ.ભ. શ્રી પીતાંબરભાઇ ત્રિવેદી એમને મળવા તોરી આવ્યા. ત્યારે દેવજી બાપાએ પીતાંબરભાઇને કહ્યું "મારે ધામમાં જાવું છે, પણ સાધુનાં દર્શન કરવાનો સંકલ્પ છે. તો તમે જૂનાગઢથી કોઇ મોટા સંતને તેડી આવો." પીતાંબરભાઇ દેવજી બાપાનો મહિમા સમજતા હતા. એટલે તેઓએ જૂનાગઢ જઇ સ. સ્વામી નારાયણદાસજીને બધી વાત કરી. સ્વામીએ કહ્યુ, "તમારા વારાવાળા સંતને તેડી જાઓ." પછી પીતાંબરભાઇ સ્વામી રૂગનાથચરણદાસજીને એમના મંડળે સહિત તોરી તેડી લાવ્યા. પછી સ્વામી રૂગનાથચરણદાસજી સંતોએ સહિત દેવજી બાપાને દર્શન દેવા એમને ઘેર ગયા. સ્વામીનાં દર્શન કરીને દેવજી બાપા ખૂબ રાજી થયા અને સ્વામીને ધોતિયાં ઓઢાડયાં. પછી દેવજી બાપાએ કહ્યું, "સ્વામી, મારે હવે ધામમાં જાવું છે." ત્યારે સ્વામીએ કહ્યું, "અમારો વારો આવ્યો ને તમે ધામમાં ચાલ્યા જાઓ એ તો ઠીક નહિ. તમે બેઠા હો તો કથાવાર્તાનું ખૂબ સુખ આવે માટે બે વર્ષ પછી ધામમાં જાજ્યો." સ્વામીનો આગ્રહ જોઇ દેવજી બાપા બોલ્યા "ઠીક સ્વામી ! તમે કહો છો તેથી બે વર્ષ તમારી કથાવાર્તા સાંભળીએ." પછી તેઓ સાજા થયા અને બે મહિના સુધી આખો દિવસ સ્વામીનો સમાગમ કર્યો. આ રીતે સ્વામીના બે વર્ષના વારામાં શિયાળો, ઉનાળો અને ચોમાસું એ ત્રણેય ઋતુઓમાં સ્વામી રૂગનાથચરણદાસજી દેવજી બાપાના આગ્રહથી તોરીમાં રોકાયા અને સહુએ કથાવાર્તાનું અલૌકિક સુખ લીધું.

સ્વામીનાં બે વર્ષ પૂરાં થયાં ત્યારે દેવજી બાપા ફરીથી બિમાર થયા. એ વખતે પણ પીતાંબરભાઇ આવેલા. શ્રીજીનાં લીલાચરિત્રોની સ્વામીએ ખૂબ વાતો સંભળાવેલી તેથી તેમને વિષે ઘણો જ પૂજ્યભાવ થયેલો, તેથી સ્વામીને યાદ કર્યા. પીતાંબરભાઇ બીજી વખત પણ સ્વામી રૂગનાથચરણદાસજીને જૂનાગઢથી તેડી લાવ્યા. સ્વામીનાં દર્શન કરી તેઓ ઘણા રાજી થયા. સ્વામીએ કહ્યું "દેવજી બાપા ! તમે ગુણાતીતાનંદ સ્વામી, મહાપુરુષદાસજી સ્વામી અને સ્વામી બાલમુકુંદદાસજી વગેરે મોટા સંતોનાં દર્શન, સેવા-સમાગમ કરી એમની ખૂબ જ પ્રસન્નતા મેળવેલી છે તે યાદ કરજો અને લો, આ અક્ષરધામનો ચાંદલો," એમ કહી તેમને ચાંદલો કરી સ્વામી મંદિર આવ્યા. દેવજી બાપા થોડા દિવસ બિમાર રહ્યા. અંતવખતે તેમને પ્રથમ સાધુઓનાં દર્શન થયાં એટલે તેઓ બેઠા થઈને બે હાથ જોડી બોલ્યા, 'સંતો દર્શન દેવા પધાર્યા છે. શ્રીજી મહારાજની રાહ જોઉં છું.' પછી મહારાજનાં દર્શન થયાં એટલે 'જય સ્વામિનારાયણ' કહીને ધામમાં ચાલ્યા ગયા.

રાજકોટના મિસ્ત્રી દેવરાજભાઈ સોલંકી

રાજકોટ શહેરમાં સત્સંગીઓનો સમુદાય ઘણો મોટો છે. તેમાં કડિયા જ્ઞાતિનો સત્સંગ મુખ્ય છે. રાજકોટના બાહોશ મિસ્ત્રીઓએ દેશ-પરદેશમાં વસી પોતાના કામધંધામાં લાખો રૂપિયાની કમાણી કરેલી. પરંતુ ગમે તેવી મુશ્કેલીઓમાં પણ સત્સંગ મુખ્ય રાખેલો. અને અનેક મંદિરોમાં હજારો રૂપિયાની પ્રેમથી સેવા કરેલી. એ અનુકરણીય પ્રેરક ઈતિહાસ ઘણો જ મહત્વનો છે.

એ રાજકોટમાં મિસ્ત્રી દેવરાજભાઇ સોલંકી એકાંતિક ભક્ત અને સારા કારીગર હતા. હનુમાનજીની મૂર્તિઓ ઘણી જ સુંદર બનાવતા, તેઓ ધર્મનિયમની કડક ટેકવાળા ભારે બળિયા સત્સંગી હતા. હમેશાં વહેલી સવારના ૩ વાગે ઊઠી સ્નાન, પૂજા, પાઠ કરી, ક્યારેય આળસ-પ્રમાદ કર્યા વિના બરાબર સાડાચાર વાગે મંદિર આવી ધ્યાનભજન, પ્રભાતિયાં તથા પુરુષોત્તમપ્રકાશનાં પ્રકરણો બોલવાં વગેરે નિયમિત રીતે કરતા. આ રીતે એમણે જીવનભર તીવ્ર શ્રદ્ધાથી ખૂબ ભજન-ભક્તિમાં સમય સાર્થક કરેલો.

એક વખત સ્વામી રૂગનાથચરણદાસજી રાજકોટ પધાર્યા. એ વખતે શ્રી. દેવરાજભાઇ બિમાર હતા. સ્વામી પધાર્યા છે તે સમાચાર સાંભળી એમણે પોતાના પુત્ર શિવલાલભાઇ સાથે કહેવરાવ્યું કે, "હું બિમાર છું માટે કૃપા કરી મને દર્શન દેવા મારે ઘેર પધારજો." સ્વામી તરત જ પાંચ સંતોએ સહિત એમને દર્શન દેવા ગયા. ત્યારે તેઓ સ્વામીનાં દર્શન કરી બોલ્યા કે, "સ્વામી ! તમે દયા કરીને જેમ દર્શન દીધાં તેમજ હવે વિશેષ દયા કરી મને ધામમાં મોકલી દો. હું તો ખાટલામાં પડયો પડયો કેટલાય દિવસથી મહારાજની પ્રાર્થના કરું છું, પણ તે શ્રીજી સાંભળતા નથી. સંતપુરુષની પ્રાર્થના પ્રભુ જલદી સાંભળે છે. તમે મહાપુરુષદાસજી સ્વામી જેવા પ્રતાપી સંતના સાધુ છો. માટે મને આજને આજ ધામમાં મોકલી દો. હું હવે ખૂબ કંટાળી ગયો છું." આમ કહી તેઓ ઘણા જ દિલગીર થઇ ગયા. ત્યારે સ્વામીએ કહ્યું, "દેવરાજભાઇ ! મહારાજ તો અત્યંત દયાળુ છે, પણ આપણે કાંઇક વાસના હોય તે રોગાદિક દુ:ખ પ્રેરીને ટાળી નાખે છે. હવે મનમાં કાંઇ પણ સંકલ્પ કરશો નહિ. આંખો મીચી મૂર્તિમાં મનોવૃત્તિ રાખી ભજન કરવા માંડો. કાંઇ પણ જોવું, સાંભળવું નહિ તેમજ કાંઇ સંકલ્પો કરવા નહિ." આટલી વાત કરી સ્વામીએ દેવરાજભાઇના કપાળમાં કંકુનો ચાંદલો કરતાં કહ્યું, "દેવરાજભાઇ ! લો આ અક્ષરધામનો ચાંદલો. અમે જઇએ મંદિરે અને તમે જાઓ ધામમાં." પછી સ્વામી મંદિરે આવ્યા. દેવરાજભાઇ ભજનમાં તલ્લીન થઇ ગયા. થોડીવાર થઇ ત્યાં મંદિરે સમાચાર આવ્યા કે દેવરાજભાઇ ધામમાં ચાલ્યા ગયા. આ પ્રમાણે એકાંતિક સંતહરિભક્તોની પ્રાર્થના શ્રીજી મહાપ્રભુ સાંભળે છે.

રાજકોટ દાણાપીઠમાં ઘનશ્યામ મહારાજનું મંદિર

સં. ૧૯૮૦ થી ૮૧ એ બે વર્ષ સ. સ્વામી રૂગનાથચરણદાસજીનો વારો રાજકોટમાં હતો. એ વખતે લોહાણા જ્ઞાતિના ચુસ્ત સત્સંગી નંદુબાઇને સંકલ્પ થયેલો કે "આપણી પાસે મૂડી છે તે ભગવાન અર્થે વાપરી નાખવી. આ શહેરમાં સત્સંગનો સમુદાય ઘણો છે, જો ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવીએ તો સૌને દેવદર્શનનું ખૂબ સુખ આવે." આ સંકલ્પ એમણે બેત્રણ મોટા સંતો પાસે કહેવરાવ્યો હતો પણ કોઇએ મંદિર કરવાની હા પાડી ન હતી. નંદુબાઇને કાંઇ પ્રજા ન હતી, પોતે વૃદ્ધ થયાં હતાં એટલે એમને તીવ્ર વિચાર થયો કે, "આ શરીરનો કાંઇ નિરધાર નહિ માટે મારી

હયાતીમાં જ મારા પૈસાનો વેલાસર સદુપયોગ કરી લઉં." આમ ધારી એમણે ત્યાંના પરમ ભગવદીય સેવાભાવી અગ્રેસર સત્સંગી દેવશી લાધાભાઇ મારફત બધી વાત આગ્રહપૂર્વક સ્વામી રૂગનાથચરણદાસજીને ક્હેવરાવી. સ્વામીએ મંદિર કરવા હા પાડી. ત્યાં બરાબર એ જ વખતે સ. સ્વામી નારાયણદાસજી રાજકોટ પધાર્યા. પછી સ્વામીના હાથે જ ખાતમુહૂર્ત કરાવી કામ ચાલુ કર્યું. સ્વામી રૂગનાથચરણદાસજીએ બહોળા સત્સંગસમુદાયના અનેક સત્સંગીઓનાં મન શાંત રાખી મંદિર તૈયાર કર્યું. અને ઘનશ્યામ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ ભારે ધામધૂમથી થયો અને સ. સ્વામી નારાયણદાસજીએ ઘનશ્યામ મહારાજની આરતી ઉતારી હતી.

રાજકોટ દિવાનપરામાં શ્રીજીપ્રસાદીની વાડીમાં સં. ૨૦૦૮માં શિખરબંધ મંદિર થયું ત્યારે દાણાણીઠના જૂના મંદિરમાં સ્થાપન કરેલી ઘનશ્યામ મહારાજની મૂર્તિ હતી તે શિખરબંધ મંદિરમાં પધરાવવામાં આવી છે.

પ્રભુપરાયણ થયેલાં નંદુબાઈનો અક્ષરવાસ

દાણાપીઠના જૂના મંદિરમાં ઘનશ્યામ મહારાજની સેવામાં નંદુબાઈએ ઘણી સારી આર્થિક સેવા કરી હતી. તથા ગરેડિયા કૂવા પાસેનાં પોતાનાં મકાનો પણ એમણે મંદિરમાં અર્પણ કરી દીધાં. આ સેવાથી એમના મનમાં ઘણો જ સંતોષ થયો. પછી તો તેઓ રાત્રિ–દિવસ બાઈઓનાં મંદિરમાં રહી અખંડ ભજનભક્તિ કરવા લાગ્યાં.

થોડા મહિના પછી સ. સ્વામી રૂગનાથચરણદાસજી જામનગર જતાં રાજકોટ પધાર્યા. નંદુબાઈને સ્વામી પધાર્યાના ખબર પડયા, એટલે એમણે પ. ભ. દેવશી લાધાભાઇ સાથે ક્હેવરાવ્યું કે, "હવે મારી બધી ઇચ્છા પૂરી થઇ ગઇ છે. મનમાં કોઇ પ્રકારની તૃષ્ણા કે વાસના નથી. છેલ્લી એક જ ઇચ્છા છે કે, મારી કોઇને સેવા કરવી ન પડે ને હું ધામમાં ચાલી જાઉં. આટલી પ્રાર્થના સ્વામી મહારાજ પાસે કરે." સ્વામીએ બધી વાત સાંભળીને ક્હેવરાવ્યું કે, "દેવશીભાઇ ! કાલે છે એકાદશી. જો એમને ધામમાં જવાની ખરેખરી ઇચ્છા હોય, તો ક્હેજો કે તૈયાર થઇ જાય. શ્રીજી મહારાજ ધામમાં તેડી જશે." સ્વામીનાં વચનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી નંદુબાઈએ

દાન–પુણ્યની વ્યવસ્થા કરવી હતી તે તરત જ કરી લીધી. પછી જેમ ગામ જવું હોય તેમ તૈયાર થઈને અખંડ ભજન કરવા લાગ્યાં. બરાબર બીજે જ દિવસે એકાદશીના રોજ છેલ્લી ઘડી સુધી ભજન કરતાં કરતાં તે ધામમાં ચાલ્યા ગયાં.

નગરશેઠ શિવલાલભાઈની સમજણમાં પરિવર્તન

રાજકોટમાં શેઠ શિવલાલ કરશનદાસભાઇ વાણિયા ઘણા જ સુપ્રસિદ્ધ સત્સંગી હતા. રાજ્યમાં અને શહેરમાં એમની બહુ જ પ્રતિષ્ઠા હતી. ઘણે સ્થળે તેઓ પ્રમુખ, સભ્ય વગેરે હતા. પ્રજાના માનીતા રાજકોટ ઠાકોર સાહેબશ્રી લાખાજીરાજે એમને નગરશેઠની બહુ માનવંતી પદવી આપી હતી. ગાંધીવાદના પણ તેઓ પૂરા હિમાયતી હતા. મહાત્મા ગાંધીજી સાથે પણ શિવલાલભાઈને સારો સંબંધ હતો. શિવલાલભાઇ પોતે એ શરૂઆતના જમાનામાં પણ બધાં જ ખાદીનાં કપડાં પહેરતા અને રાજકોટ સ્વામિનારાયણ મંદિરના મુખ્ય વહીવટકર્તા હતા. તેથી સાધુઓને પણ પોતાના ખરચે આગ્રહથી ખાદીનાં ધોતિયાં લાવી આપતા. આવો એમનો સ્વદેશપ્રેમ ખૂબ જાણીતો હતો. છતાં સત્સંગનું ગૌરવ જળવાઇ રહે તેવું મંદિરનું મમત્વ, ધર્મનિયમમાં પ્રીતિ અને સાધુ–સત્સંગીઓ સાથે પ્રેમભાવ રાખતા.

સંસારવ્યવહારની મોટાઇ એવી છે કે, માણસ તેમાંથી ઘડીભર પણ નવરો થઇ શકે નહિ કારણ કે અનેક પ્રકારની મુશ્કેલીઓ દૂર કરી, બધાના વિશ્વાસપાત્ર બની સર્વનું ન્યાય પ્રમાણે ભલું કરવું એ અતિ અઘરું કામ છે. આવી ઘણી મોટી જવાબદારીમાં શિવલાલભાઇ સત્સંગની જૂની પ્રથા પ્રમાણે સવાર, સાંજ કથાવાર્તાનો લાભ લઇ શકતા નહિ. કથાવાર્તા અને સંતસમાગમ વિના માણસમાં ઘણી ખોટ–ખામી રહી જાય છે. સાચી સમજણ આવતી નથી "બહુત કાલ કરત સત્સંગા, તબ હોત સંશયકા ભંગા." ઘણા લાંબા સમય સુધી જ્યારે એકાંતિક મહાપુરુષનો સમાગમ કરવામાં આવે, ત્યારે મુમુક્ષુ નિર્દોષ થઇ મોક્ષ મેળવવાને યોગ્ય બને છે. યોગ્યતા વિના એટલે પાત્રતા સિવાય કોઇ કાર્યની સિદ્ધિ થઇ શકતી નથી. લાયકાતવાળા માણસને સૌ ખોળે છે, તેને દરેક ચાહે છે. કારણ કે એ પોતાની પ્રમાણિક્તા, સદાચરણ અને કાર્યકુશળતાથી ધારેલી સફળતા મેળવે છે. પરંતુ એ વ્યાવહારિક બુદ્ધિવાળો મોક્ષમાર્ગની સફળતા મેળવવામાં મોટે ભાગે પાછળ

જ રહી જાય છે. માટે દરેક મનુષ્યે ખુબ ખૂબ સાવધાન બની મોક્ષમાર્ગની યોગ્યતા મેળવવામાં જરા પણ આળસ, પ્રમાદ કે ગાફલ્ય રાખવાં ન જોઈએ.

સ્વામી રૂગનાથચરણજીએ રાજકોટ દાણાપીઠના જૂના મંદિરમાં ઘનશ્યામ મહારાજના મંદિરનું કામ શરૂ કર્યું તે બાબત શેઠ શિવલાલભાઈને પ્રથમ અણગમો થયેલો, તેથી તેઓ દર્શન કરવા ઓછા આવતા. મંદિર ચોમાળ થયું ત્યારે એક દિવસ બપોરના બે વાગે શિવલાલભાઈ મંદિરમાં આવ્યા. બધું કામ જોયું. સાધુઓએ સ્વામી સૂતા હતા ત્યાં જઈને કહ્યું: "શિવલાલભાઈ શેઠ આવ્યા છે, ને મંદિરનું ચણતરકામ જુએ છે." સ્વામીએ કહ્યું: "એમને કહો કે, તમને સ્વામી બોલાવે છે." પછી સાધુ તેમને સ્વામી પાસે બોલાવી લાવ્યા. શિવલાલભાઈ કામ જોઈને ખુશ થયેલા, તેથી બોલ્યા કે, "સ્વામી ! તમે મંદિરનું કામ ઘણું સારું કરો છો. પ્રથમ મને એમ હતું કે, સ્વામી મંદિરની સિલિક વાપરી નાખશે, પણ તમે તો ઊલટો મંદિરને લાભ થાય તેમ કર્યું છે." ત્યારે સ્વામીએ કહ્યું: "શિવલાલભાઈ ! ભગવાનનું કામ છે તે ભગવાનની કૃપાથી જ થાય છે, પણ આપણે પુરુષાર્થ તો જરૂર કરવો જોઈએ. આપણા હાથે સારું કામ થાય, આપણને સેવાનો લાભ મળે એ પ્રભુની મોટી કૃપા છે એમ માનવું. તમે મંદિરનો વ્યવહાર સાચવો છો તે સારું છે. પણ આપણું મુખ્ય કર્તવ્ય તો, આ ને આ જન્મે આપણો અવશ્ય મોક્ષ થઈ જાય, તેવી સ્થિતિ પ્રાપ્ત કરવી એ જ છે. શ્રીજી મહાપ્રભુએ તમોને તીવ્ર બુદ્ધિ, માન–મોટાઈ અને પુષ્કળ સુખ–સંપત્તિ આપી છે.; તે પ્રમાણે તમોએ જીવનભર ઘણાં મોટાં કાર્યો કર્યાં છે. અને ભારે યશ–આબરુ મેળવી છે. તે ઠીક છે પણ એથી મોક્ષ મેળવી શકાશે નહિ. **માટે હવે છેલ્લી જિંદગીમાં બધું છોડી લઈને સંતસમાગમ કરો. તથા હમેશાં વચનામૃત વાંચો, સવારસાંજ ગમે તે વખતે મંદિરમાં આવી, કલાક બે કલાક ભજનભક્તિ અને કથાવાર્તાનો અવશ્ય લાભ લો. પણ નિયમ વિના ધર્મસંબંધી કામ ન થાય, કાંઈને કાંઈ અડચણ આવે અથવા ગાફલાઈ રહે; માટે તમે મંદિરે આવવાનું નિયમ લો."**

આ રીતે સ્વામીએ આગ્રહ કરી શિવલાલભાઈને મંદિરે આવવાનું નિયમ દીધું. પછી એક વચનામૃત વંચાવી સ્વામીએ થોડી જ્ઞાનચર્ચા કરી, પછી તેઓ ઘેર ગયા.

અને હમેશાં સાંજના પાંચ વાગે દર્શન કરવા આવવા લાગ્યા. સ્વામી એમની પાસે મહત્ત્વનાં વચનામૃતો વંચાવી, આજ્ઞા-ઉપાસના, માહાત્મ્ય અને શ્રીજીનાં ઐશ્વર્ય-પ્રતાપની મનનીય વાતો કરતા. શિવલાલભાઇ પણ બધું ધ્યાનપૂર્વક સાંભળી ઘેર જઇ તેનું મનન-ચિંતન કરતા. અને બીજે દિવસે આવી વચનામૃત સંબંધી પ્રશ્નો સ્વામીને પૂછી તેનું સમાધાન મેળવતા. આ પ્રમાણે બરાબર છ મહિના સુધી શિવલાલભાઇએ સ્વામીનો સમાગમ કર્યો. પછી તેઓ બિમાર થયા. લગભગ દોઢબે માસ તેઓ બિમાર રહેલા.

સ્વામીની વાતો સાંભળીને એમનું હૃદય એવું રંગાઇ ગયું કે, બિમાર હોવા છતાં મનમાં ભજનસ્મરણ કર્યા કરતા, પોતાને કાંઇ પ્રજા ન હતી એટલે એક દિવસ સવારમાં પોતાના ભાણેજને કહ્યું: "મંદિરેથી સ્વામીને તેડી લાવો." એમના ભાણેજ મંદિરેથી તરત જ સંતોએ સહિત સ્વામીને ઘેર તેડી લાવ્યા. સ્વામીએ શેઠને 'જય સ્વામિનારાયણ' કહી ઠાકોરની પ્રસાદીનો હાર પહેરાવી પ્રસાદીનું પાણી પાયું. પછી સૌ સંતો કીર્તન બોલ્યા. શેઠે સ્વામીની પૂજા કરવા ધોતિયાં ઓઢાડયાં. પછી શેઠ શિવલાલભાઇ બે હાથ જોડી બોલ્યા કે, "સ્વામી, મંદિરના વ્યવહાર અંગે કોઇ સાધુ-સત્સંગીનો અપરાધ થયો હોય તો માફ કરજો. તમે મને સાચી સમજણ આપી છે. તમારો સમાગમ ન કર્યો હોત તો અત્યારે જે હું અલૌકિક સુખ-શાંતિ અનુભવી રહ્યો છું તે ન થાત, હવે કાંઇ ગમતું નથી. માટે ધામમાં મોકલી દો તો મારે કામ થઇ જાય." સ્વામીએ તરત જ કંકુનો ચાંદલો કરીને કહ્યું. **"લો આ અક્ષરધામનો ચાંદલો, અમે જઇએ મંદિરે અને તમે જાઓ ધામમાં."** પછી સ્વામી મંદિરે પધાર્યા. થોડીવાર પછી મંદિરે સમાચાર આવ્યા કે, શેઠ શિવલાલભાઇ ધામમાં ચાલ્યા ગયા. આ રીતે સ્વામીના સમાગમથી અનેક મુમુક્ષુઓ સાચી સમજણ પ્રાપ્ત કરી અક્ષરધામના અધિકારી બન્યા હતા, જેના અનેક દાખલા છે.

સ્વામીની સર્વોપયોગી સાહિત્યસેવા

સ. સ્વામી રઘુનાથચરણદાસજી સં. ૧૯૪૧ની સાલમાં સાધુ થયા; ત્યારથી જ એમને સત્સંગની જૂની વાતો જાણવા-સાંભળવાનો ખૂબ આગ્રહ હતો. સાંપ્રદાયિક

રીતે બંને દેશના સંતહરિભક્તો પાસેથી, સ્વામીએ જે જે મહત્ત્વની વાતો સાંભળેલી તે તેઓ લખી લેતા. અને બંને દેશના કેટલાક પ્રતિષ્ઠિત સંતહરિભક્તોને મળી એમને વારંવાર પૂછીને શ્રીજીનાં લીલાચરિત્રોની વાતોનો ઘણો મોટો સંગ્રહ કર્યો હતો. ઈષ્ટદેવનાં અદ્‌ભુત ઐશ્વર્ય–પ્રતાપનો મહિમા કહેવો તથા લીલા–ચરિત્રો ગાવાં–સાંભળવાં અને લખવામાં જ સ્વામીનો બધો સમય વ્યતીત થતો. આ રીતે સ્વામીએ પોતાની આખી જિંદગી, લીલાચરિત્રોના સ્મરણ–ચિંતનમાં જ ગાળી હતી. વ્યવહારની કોઈ પણ બાબતમાં કદી પણ રસ લીધા વિના કેવળ ભગવત્સ્વરૂપના ચિંતનમાં અખંડ જોડાયેલા રહેવું, એ ઘણી જ મહત્ત્વની વાત છે.

આવા ભગવત્પરાયણ સંતને શતશઃ ધન્યવાદ છે કે જેમણે જીવનભર મહા મહેનતથી, સંતહરિભક્તોના ઘણા પવિત્ર પ્રસંગો એકત્રિત કરી, સર્વના કલ્યાણ માટે ગ્રંથરૂપે સત્સંગને અર્પણ કર્યા છે. સ્વામીએ પોતાની હયાતીમાં જ ખૂબ ખૂબ પરિશ્રમ લઈને "શ્રીહરિચરિત્રચિંતામણી" નામનો ગ્રંથ ત્રણ ભાગમાં છપાવીને પ્રસિદ્ધ કર્યો કે, જેનું શ્રવણ–મનન કરીને હજારો મુમુક્ષુઓ પરમ શાંતિ મેળવી રહ્યા છે. એ ગ્રંથ કેટલો સરલ, ઉપયોગી અને શાંતિદાયક છે એનું વિવેચન કરવું પડે તેમ નથી. કારણ કે ગામડાંનાં અભણ કે ઓછું ભણેલાં, નાનાંમોટાં સૌ કોઈ સત્સંગી સ્રીપુરુષો શ્રીહરિચરિત્રચિંતામણિ ગ્રંથનો સહેલાઈથી લાભ લઈને ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુના સ્વરૂપનો મહિમા સમજી શકે છે; એથી અધિક શ્રેષ્ઠ કાર્ય અથવા મહામોટો લાભ ક્યો હોઈ શકે ?

માણસને પરમેશ્વરનો ખરેખર મહિમા સમજાવો એ ઘણું જ કઠિન છે. જો આપણને આપણા પૂર્વજોની પેઠે પ્રભુનો સાચો મહિમા સમજાય તો આપણે સંસારની મોટામાં મોટી કોઈ પણ સત્તા, સંપત્તિ કે શક્તિની પાછળ ખેંચાઈએ નહિ. આશા, તૃષ્ણા, ઈર્ષ્યા, દ્વેષ અને ભય વગેરેના પ્રબલ આવેગોમાં, સકલ સંસારના માનવીઓ દયનીય દશા ભોગવી રહ્યા છે, વિદ્વાનો અગર બુદ્ધિશાલી વર્ગના લોકોની પણ એ જ દશા છે. ત્યારે સત્સંગમાં સાવ સાધારણ કોટિના મનુષ્યો, વચનામૃત કે શ્રીહરિચરિત્રચિંતામણિ જેવા સરલ ગ્રંથોથી પ્રભુનો યથાર્થ મહિમા સમજી જગતના દૂષિત વાતાવરણમાં પણ વિશુદ્ધ રહી શકે છે. અને એકાંતિક ભક્તની સ્થિતિ પ્રાપ્ત કરે છે. આ કેટલી મહત્ત્વની વાત છે ! છતાં મહાબુદ્ધિશાલી ગણાતા લોકોની સમજમાં ન આવે તેવી બીના છે. ઝવેરી વિના બીજા લોકો કિંમતી હીરાને પણ

કાચનો ટૂકડો જાણે તેવી આ અધ્યાત્મ માર્ગની અતિ અઘરી વાત છે. સ્વામીએ બીજું પુસ્તક પોતાના ગુરુ સ. સ્વામી મહાપુરુષદાસજીના જીવનચરિત્રનું લખેલ છે. તે કવિરાજ માવદાનજીભાઈએ **'જૂનાગઢના જોગી'** એવા નામથી છપાવેલ છે.

ભગવત્કથાવાર્તામાં સદા તત્પર અત્યંત સરલ, શાંતિ ને નિર્માની સ્વભાવના સમર્થ સંત સ. શ્રી રૂગનાથચરણદાસજી સ્વામી સં. ૧૯૯૪ના અષાઢ વદ ૭ના રોજ રાજકોટમાં અક્ષરવાસી થયા હતા. સ્વામીએ પોતાના પ્રતાપી ગુરુ સ. મહાપુરુષદાસજી સ્વામીની સેવા કરીને ખૂબ પ્રસન્નતા મેળવેલી અને એમને ગુરુને વિષે અતિશય હેત હતું. તેથી સ્વામીની છેલ્લી બિમારીમાં વીશ દિવસ પહેલાં, મહાપુરુષદાસજી સ્વામીએ દર્શન દઈને કહ્યું હતું કે, "વીશ દિવસ પછી તમને ધામમાં લઈ જશું, માટે મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખી મનમાં ભજન કરજો." આ પ્રમાણે બિમારીને લીધે સ્વામી ખાટલામાંથી પોતાની મેળે બેઠા થઈ શકતા નહિ, અને પોતાનું શરીર પણ ઘણું સ્થૂળ હતું. પણ છેલ્લી વખતે એમને શ્રીજી મહારાજનાં દર્શન થયાં એટલે પોતે બહુ જ ઝડપથી બેઠા થઈ ગયા અને બે હાથ જોડી સૌને 'જય સ્વામિનારાયણ' કહીને અક્ષરવાસી થયા. આ રીતે મહાદયાળુ ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના એકાંતિક ભક્તોને અંતિમ વખતે દર્શન દઈને અક્ષરધામમાં તેડી જાય છે. સ્વામીની બિમારી વખતે સ્વામીના મુખ્ય શિષ્ય સ્વામી ભગવાનદાસજી તથા શાસ્ત્રી હરિવલ્લભદાસજી અને સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા સાધુ બાલકૃષ્ણદાસજી વગેરે સંતોએ સ્વામીની ખૂબ સેવા કરી હતી.

* * *

શ્રીજીમહારાજની આજ્ઞા અને પ્રસાદીના કાગળો

પરબ્રહ્મ પરમાત્મા સર્વોપરિ શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતાના **સર્વજીવ-હિતાવહ** સિદ્ધાન્ત પ્રમાણે જુદા જુદા પ્રદેશોમાં **શિખરબંધ મહામંદિરો** કરાવી ભારે મોટી ધામધૂમથી વેદવિધિપૂર્વક નરનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ, રાધારમણ વગેરે દેવપ્રતિમાઓ તથા પોતાની મૂર્તિઓ સ્વહસ્તે પધરાવીને મોક્ષધામો સ્થાપ્યાં છે. સંપ્રદાયમાં મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામી સંસ્થાપિત આત્યંતિક કલ્યાણનાં દ્વાર સમાં એ મોક્ષધામોનો મહિમા અને ગૌરવ અનેરાં છે. એક એક સ્થાનનો મહિમા વિચારીએ અને તેનું ગૌરવ આપણા હૃદયમાં ધારણ કરીએ તો આપણે જીવનની કૃતાર્થતા અવશ્ય અનુભવીએ.

આપણા શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં સોરઠનો સત્સંગ એ શ્રીજીમહારાજને બહુ પ્રિય એવો આદ્ય સત્સંગ ગણાય છે. શ્રીજી સાત વર્ષ સુધી ભારતનાં બધાં તીર્થોમાં ફર્યા પરંતુ કોઈ સ્થળે રોકાયા નહિ. પણ સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિમાં રહ્યા અને અદ્‌ભુત પ્રતાપ દેખાડી સત્સંગપ્રચારનું શુભ કાર્ય પ્રથમ સોરઠમાં શરૂ કર્યું. તથા ગોવર્ધનભાઇ, પર્વતભાઇ, મયારામ ભટ્ટ અને દરબારશ્રી ઝીણાભાઇ વગેરે મહામુક્તોને વશ થઇ વારંવાર સોરઠમાં પધારી મોટા મોટા ઉત્સવ-સમૈયા કર્યા. અને **સુપ્રસિદ્ધ તીર્થસ્થળ જૂનાગઢમાં શિખરબંધ મહામંદિર કરાવી પોતાને હાથે મૂર્તિઓ પધરાવી. તથા અક્ષરમૂર્તિ સ. ગુણાતીતાનંદ સ્વામી જેવા સર્વોપરી ઉપાસનાવાળા સમર્થ મહાપુરુષને એ મંદિરના મહંત બનાવ્યા.** અને શ્રીજી મહારાજે પોતે સ્વમુખે જૂનાગઢ મંદિરનો બહુ જ મહિમા કહ્યો. એટલું જ નહિ પણ સર્વ સંતોને ખાસ આજ્ઞા કરી કે –

વળી સંતને આપી આગન્યા રે, રેવું નહિ આંહી આવ્યા વિના રે
વરષો વરષ એક માસ રે, કરવો આ મંદિરમાં વાસ રે.

પુરુષોત્તમપ્રકાશ – ૩૨

શ્રીજીમહારાજની એ આજ્ઞા શિરેમાન્ય રાખી મોટા મોટા નંદ સંતો હરવખત જૂનાગઢ પધારતા. શ્રીજીએ જેમને આખો સત્સંગ સોંપેલો એ યોગીરાજ **સ. ગોપાળાનંદ સ્વામી** દર વર્ષે જૂનાગઢ પધારતા. અને ગુજરાતમાંથી સારા સારા મુમુક્ષુઓને ત્યાગી થવા જૂનાગઢ મોકલતા. (ગુજરાત તરફના ૪૦ જેટલા ત્યાગીઓ જૂનાગઢમાં હતા. તેવો લેખિત પુરાવો જૂના ચોપડામાં મળે છે.) આવી એમની દયા અને જૂનાગઢ મંદિર પ્રત્યે મમત્વ હતું. **શ્રીજીના પ્રિયસખા કવિરાજ સ. બ્રહ્માનંદ સ્વામીએ** તો મુશ્કેલીઓમાં માર્ગ કરી, મહામહેનતથી જૂનાગઢમાં સૌથી વિશાળ મંદિર કર્યું ને છેવટ સુધી ખૂબ મદદ કરેલી. **સ. પ્રેમાનંદ સ્વામીએ** કેટલોક સમય જૂનાગઢમાં વાસ કરી નાગર ગૃહસ્થોમાંથી ચકુભાઈ (જેશંકર અમરજી) જેવા ભારે નિષ્ણાત ગવૈયા તૈયાર કરી સત્સંગની સુકીર્તિ ફેલાવી હતી. **શ્રીજી મહારાજે પોતાના ખાસ હજુરી પાર્ષદ ભગુજીને જૂનાગઢ સેવા કરવા મોકલ્યા હતા.** (૧૮૮૨ની સાલના મંદિરના ચોપડામાં દોઢ વર્ષ સુધી ભગુજીએ સેવા કરેલી તે નોંધ મળે છે.) સ. નિત્યાનંદ સ્વામીએ પોતાની પૂજામાં **શ્રીજી પ્રસાદીની** પંચધાતુની શ્રીહરિકૃષ્ણ મહારાજની થાળની મૂર્તિ હતી તે જૂનાગઢ મંદિરમાં આપેલી છે. **આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને** સ. ગુણાતીતાનંદસ્વામી સાથે બહુ જ હેત હતું એથી તેઓશ્રી હરવખત જૂનાગઢ પધારતા ને અઠવાડિયું, પંદર દિવસ કે મહિના સુધી પણ જૂનાગઢ મંદિરમાં રહેતા. આ રીતે શ્રીજી મહારાજની કૃપાપૂર્વકની પ્રેરણાથી આચાર્યો અને સર્વે નંદસંતો જૂનાગઢ મંદિરનો ખૂબ મહિમા સમજી સર્વ પ્રકારે સાથ–સહકાર આપી તન, મન અને ધનથી સેવા કરતા, અને બીજા પાસે કરાવતા.

અક્ષરમૂર્તિ સ. ગુણાતીતાનંદ સ્વામીએ ૪૦ વર્ષ સુધી પોતાના દેહની પણ પરવા કર્યા વિના જૂનાગઢ મંદિરની જે સેવા કરી અને હજારો મુમુક્ષુઓને કથાવાર્તાથી જે દિવ્યસુખ આપ્યું તથા નીડરપણે શ્રીજી મહારાજનું સર્વોપરિપણું સમજાવી બ્રહ્મનિષ્ઠ સ્થિતિવાળા ત્યાગીગૃહીજનોનો એક સમૂહ તૈયાર કર્યો, એ આખો ઈતિહાસ તો સત્સંગમાં એક અજોડ કાર્ય તરીકે આગવું સ્થાન ભોગવે છે. અને સ. ગુણાતીતાનંદ સ્વામીની શિષ્યપરંપરામાં પણ સ્વામી યોગેશ્વરદાસજી, સ્વામી મહાપુરુષદાસજી, ધ્યાની સ્વામી કૃષ્ણસેવાદાસજી, કોઠારી મુકુંદચરણદાસજી, સ્વામી બાળમુકુંદદાસજી, સ્વામી અક્ષરસ્વરૂપદાસજી, શાસ્ત્રી ધર્મતનયદાજી, બ્ર. ઈશાનંદજી,

સ્વામી નારાયણદાસજી અને સ્વામી કૃષ્ણચરણદાસજી વગેરે બ્રહ્મનિષ્ઠ સંતોએ ગામડે ગામડે ફરી, ભજનકીર્તન ને કથાવાર્તાથી સૌરાષ્ટ્રના સત્સંગરૂપી બગીચાને નવપલ્લવિત રાખી, શ્રીજી સ્થાપિત મોક્ષધામ જૂનાગઢ મંદિરની દેવસેવામાં પોતાનાં સમગ્રજીવન સર્મપણ કરી દીધાં હતાં. તેમાં પણ નિષ્કુળાનંદ સ્વામીની જેને ઉપમાં આપી શકાય તેવા તપ–ત્યાગ ને સેવાપરાયણ સૌથી છેલ્લા **આદર્શ સદ્‌ગુરૂ સ્વામી નારાયણ દાસજીએ** તો ખરેખર ખડે પગે રહી અથાક જાતમહેનતથી જીંદગીભર જૂનાગઢ મંદિરની જે જે વિશિષ્ટ પ્રકારની સેવાઓ કરી છે, તે બાબત તો એક વિસ્તૃત વર્ણન માગે છે. પરંતુ આપણે તેને ટૂંકમાં લખીએ તો **"જૂનાગઢ મંદિરને સ્વામીએ સોનાને ફૂલડે વધાવ્યું"** એમ કહી શકીએ.

એ જ રીતે શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે બરાબર ધર્મનિયમોનું પાલન કરનારા અને મોટા સંતોનો ખૂબ જ મહિમા સમજી તેમના વચનમાં પૂર્ણશ્રદ્ધા રાખનારા રાધારમણદેવના દેશના સત્સંગીઓ પ્રથમથી જ જૂનાગઢ મંદિરની સર્વપ્રકારે સેવા કરતા રહ્યા છે અને **શિક્ષાપત્રી શ્લોક ૧૪૭ પ્રમાણે દરવર્ષે દશમો–વિશમો ભાગ જૂનાગઢ મંદિરમાં જ આપતા આવ્યા છે ને આપે છે.** આખા સંપ્રદાયમાં શ્રીજી છતાંથી તે અત્યાર સુધી એ જ પ્રથા ચાલુ છે કે, દરવર્ષે ધર્માદાનો દશમો–વિશમો ભાગ જે સૌ સત્સંગીઓ કાઢતા હોય છે, તે બીજા કોઈ સ્થળે આપવો નહિ. પણ **જે દેશમાં જે શ્રીજીસ્થાપિત શિખરબંધ મંદિર** હોય ત્યાં જ આપવો. **આ પ્રથા આપણા મોક્ષદાતા મહાપ્રભુ શ્રીસ્વામિનારાયણ ભગવાને શિખરબંધ મોટાં મંદિરોમાં પોતાને હાથે મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી ત્યારથી જ પોતે ચાલુ કરેલી છે.** માટે સર્વસત્સંગીઓએ અવશ્ય તે પ્રથા પ્રમાણે જ વર્તવું જોઈએ. કોઈપણ સત્સંગી જો ધર્માદાનો દશમો–વિશમો ભાગ શ્રીજીસ્થાપિત શિખરબંધ મોટાં મંદિરો સિવાય બીજા કોઈ સ્થાનો, મંદિરો કે સંસ્થાઓમાં આપે અથવા બીજા કોઈ કામમાં ધર્માદો વાપરી નાખે તો તેથી શ્રીજી મહારાજની આજ્ઞા જળવાતી નથી તે શ્રીજી મહારાજે પોતે લખેલા પ્રસાદીના કાગળો વાંચવાથી બરાબર સમજાશે.

શ્રીજીમહારાજની પ્રસાદીના કાગળો

સ્વસ્તિશ્રી સત્સંગિ સમસ્ત મંડળ સાંખ્યયોગી કર્મયોગી બાઇ ભાઇ સમસ્થ પ્રત્યે શ્રી ગઢડેથિ લિખાવિતં સ્વામિશ્રી, સહજાનંદજી મહારાજના નારાયણ વાંચજો. બીજુ લખવા કારણ એમ છે જે તમે સર્વે તમારી આજીવિકાને અર્થે વેપાર કરીને તથા જે જે ઉદ્યમે કરીને જે પેદાશ કરતા હોય તે મધ્યેથી **દશમો ભાગ ધર્મવિરાનો તમારા કલ્યાણને અર્થે કાઢજો અને જો દશમો ન કઢાય તો વિશમો ભાગ કાઢજો એ બે રીતે ભગવાનને અર્થે વાપરવું.** તે શાસ્ત્રમાં કહ્યું છે અને શ્રી શ્વેતદ્વીપપતિ શ્રી વાસુદેવની મુર્તિયુંનાં તથા શ્રી નરનારાયણનાં **મોટાં મોટાં મંદિર જે જે દેશમાં હોય ત્યાંહાં વરસોવરસ** પોતાની જાણે પહોચાડજો. બીજું એ જે વાસુદેવ ભગવાન તે મુક્તે સહિત શ્વેતદ્વિપને વિષે તમારી અશુભ વાસનાની નિવૃત્તિને અર્થે ને સદ્‌વાસનાની વૃદ્ધિ અર્થે ને આ લોકપરલોકમાં સુખને અર્થે નિરન્નવ્રત લઇને તપને કરે છે. એવા જે વાસુદેવ ભગવાન તે **વર્તમાનકાળે ભક્તિ ધર્મથકી ઉત્પન્ન થઇને તમારી પૂજા ગ્રહણ કરવાને અર્થે આ ગઢડું, વરતાલ ને અમદાવાદ આદિક આ જે મોટાં મોટાં મંદિર તેને વિષે ઠાકોરજી, તે પ્રત્યક્ષ પ્રમાણ રહ્યા છે** તે વાસુદેવ ભગવાનને અર્થે અન્ન દ્રવ્ય આદિક જે જે વસ્તુનું અર્પણ તમે શ્રદ્ધાભક્તિયે કરીને કરશો તે તે વસ્તુનું ગ્રહણ પોતે પોતાને હાથે કરીને કરશે ને તમારે અર્થે પોતાના નિરન્નવ્રતનો ત્યાગ કરીને તે વસ્તુને જમશે ને અતિશે તૃપ્ત થાશે તારે તો ભક્તને તેનું અક્ષય પુણ્ય થાશે. તે પુણ્ય તેને ફલે કરીને વાસુદેવ ભગવાન પોતે પોતાનું દર્શન એ ભક્તને પ્રત્યક્ષ પ્રમાણ દેશે તથા સમાધિમાં પણ દેશે ને તે ભક્તને ઉપર બહુ પ્રસન્ન થાશે ને રાજી થાશે અને જો અન્ન દ્રવ્ય આદિક વસ્તુની પેદાશ કરીને કેવળ પોતાને અર્થે ને પોતાના સંબધિને અર્થે, વાવરસે તે જીવને ભેળું નહિ આવે ને ગરભમાં કોલ દીધો છે તે પણ ભગવાનને અર્થે આવી રીતે વાપરવું ને તે નહિ વાપરે તો તેવા જીવને અશુભ વાસનાની વૃદ્ધિ થાશે ને મરીને નરક ચોરાસીની જાતનાને પામશે. બીજુ **આ કાગળ સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગિ પ્રતિપાદન કરજો ને વિચારજો. સંવત ૧૮૮૧ના પોષ વદિ ૮ બુધવારે સંક્રાતિને દિવસે લખ્યો છે.**

લખિતંગ શુકમુનિના નારાયણ વાંચશો.

લીખાવીતં સ્વામી શ્રી ૭ સહજાનંદ મહારાજ. જત દેશદેશના સત્સંગિ બાઈ ભાઈ સમસ્ત નારાયણ વાંચજો. બીજું લખવા કારણ એમ છે જે શહેર અમદાવાદમાં શ્રી નરનારાયણનું મંદિર છે તથા ગામ વૃતાલયમાં શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર છે તથા અત્રે ગઢડે શ્રી વાસુદેવનું મંદિર છે એ ત્રણે મંદિર છે, એ ત્રણે મંદિરમાંથી જે મંદિરને અર્થે જે જે દેશના સત્સંગી પોતાની શ્રદ્ધા પ્રમાણે દશમે ભાગે અથવા વિશમે ભાગે ધર્મવેરાના દાણા તથા રૂપિયા તે મંદિરમાં પહોંચતા કરવા અને જો છેટું હોય અને દાણા પુગે એમ ન હોય તો તે દાણા વેચીને તેના રૂપિયા કરવા અને તે રૂપિયાના દાણા વળી પાછા લઈને મંદિરમાં નાખવા પણ **જે ધર્મવેરાના દાણા તથા રૂપિયા કાઢયા હોય તે પરમહંસને અર્થે ન વાપરવા તથા બીજા કોઈ ધર્મના કામમાં પણ ન વાપરવા. એ તો મંદિર ખાતે જ વપરાય એમ અમારી આજ્ઞા છે.** અને અમારી આજ્ઞાને નહિ માને ને જે પરમહંસ ધર્મવેરાના દાણા ખાશે તથા રૂપિયા પોતા સારૂ વપરાવશે તે પરમહંસ વચનદ્રોહી ગુરુદ્રોહી છે. તથા જે સત્સંગી ધર્મવરાના દાણાને ને રૂપિયાને વાપરશે તે પણ વચનદ્રોહી ગુરૂદ્રોહી છે. બીજું જે પરમહંસને આપવું હોય તો ધર્મવેરા નિમિત્તે કાઢ્યું તે ટળત. (સિવાય) પોતાની પહોંચ શ્રદ્ધા પ્રમાણે અન્ન વસ્ત્ર જે અપાય તે આપવું. પણ ધર્મવેરામાંથી ન આપવું એમ અમારી આજ્ઞા છે. **સંવત ૧૮૮૩ના જેઠ સુદી ૧૧ એકાદશીને શુક્રવારે લખ્યો છે.**

લખિતંગ શુકમુનિના નારાયણ વાંચજો.

આ રીતે શ્રીજી મહારાજ અને મોટા સંતોની આજ્ઞાથી સમજુ સત્સંગીઓ તો દર વર્ષે પોતાની પુણ્ય કમાણીમાંથી યથાશક્તિ પુષ્કળ ધર્માદો આપે છે, એ જ પ્રમાણે સર્વસત્સંગીઓએ પણ ઉદારતાથી ધર્માદો આપી શ્રીજી મહારાજની આજ્ઞા પાળવાનો આગ્રહ રાખવો જોઈએ. કારણ કે સત્સંગીઓએ આપેલા **ધર્માદાના ધનથી** (શિક્ષાપત્રી શ્લોક ૧૩૦-૧૩૧-૧૩૨ મુજબ) શ્રીજીસ્થાપિત **દેવની સેવા** હંમેશાં વિધિપૂર્વક થઈ રહી છે. તથા બસો જેટલા સાધુ-સંતો કાયમ ધર્માદાનું અન્ન જમી **ભજન-ભક્તિ કરી સત્સંગીઓને આશીર્વાદો આપી રહ્યા છે.**

દેશ પરદેશમાંથી હજારો સત્સંગીઓ જૂનાગઢમાં તીર્થયાત્રા માટે આવે છે. એ તીર્થવાસીઓના સત્કારમાં ધર્માદાના અન્નનો ખૂબ છૂટથી સદુપયોગ થાય છે. તથા ચોતરફથી સેંકડો સત્સંગીઓ જૂનાગઢ માં દવા કરાવવા હરવખત આવે છે તેમને ચા-પાણી, જમવા, રહેવાની સગવડ મંદિરમાં આપવામાં આવે છે એ ઘણો મોટો **પરોપકાર થાય છે.** અને પવિત્ર વિદ્વાન બ્રાહ્મણને સારા પગારથી રાખી એક **સંસ્કૃત વિદ્યાલય** મંદિર તરફથી ચાલે છે. તેમાં ઘણા સાધુઓ **સદ્‌વિદ્યાનો અભ્યાસ કરી** ઉત્તમ વિદ્વાનો બની શ્રીજીપ્રિય કથાવાર્તા કરી **સત્સંગપ્રચારની મહાપુણ્યદાયક શ્રેષ્ઠ સેવા કરી રહ્યા છે.** આમ સત્સંગીઓના ધનથી અનેક શુભકાર્યો થઇ રહ્યાં છે.

લેખક - શાસ્ત્રી ધર્મવલ્લભદાસ

પ્રકાશક : સ્વામી પ્રેમજીવનદાસજી

સર્વ દુઃખની નિવૃત્તિ તથા ત્રિવિધ તાપની શાંતિ અર્થે
સ. ગોપાળાનંદ સ્વામીએ સંપ્રદાયમાં સૌથી પ્રથમ શરૂ કરેલી

જૂનાગઢ મંદિરની મહાપૂજાનો મહિમા

અને સપ્રમાણ ઈતિહાસ

ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાથી યોગીરાજ સ. ગોપાલાનંદ સ્વામી દર વર્ષે જૂનાગઢ પધારતા અને એક મહિનો નિવાસ કરી કથાવાર્તાથી સૌને સંતોષ પમાડતા. આ રીતે સં ૧૯૦૧ની સાલના જેઠ માસમાં સ્વામી જૂનાગઢ પધારેલા ત્યારે કેટલાક સત્સંગીઓએ પોતાના સુખદુઃખની વાતો સ્વામી આગળ કરીને દુઃખ નાશ પામે તેવી પ્રાર્થના કરેલી ત્યારે સ્વામીએ ભીમએકાદશીના સમૈયાની સભામાં વાતો કરતાં વર આપેલો કે, **"કોઈ પણ સત્સંગીને ગમે તેવું દુઃખ આવે અથવા શરીર સંબંધી કે માનસિક કોઈ પીડા હોય અગર અશાંતિ થાય ત્યારે જૂનાગઢ મંદિરમાં મહાપૂજા કરાવવી. કઠિનમાં કઠિન દુઃખ અથવા વિઘ્ન હશે તે પણ મહાપૂજાઓ કરાવવાથી ટળી જશે એવા અમારા આશીર્વાદ છે."**

"મહાપૂજામાં ભગવાનના સર્વ અવતારો તથા મુખ્ય દેવતાઓ અને ગ્રહોનું વેદવિધિથી ષોડશોપચાર પૂજન થાય છે. એટલે એક મહાપૂજા કરાવવાથી સર્વ દેવદેવીઓનું એક સાથે પૂજન થાય છે. પુરાણો અને શાસ્ત્રોમાં મહાપૂજાનો ખૂબ જ મહિમા કહેલો છે. દેવતાઓ ઈશ્વરી સંકેત પ્રમાણે પ્રભુની સૃષ્ટિનું સાવધાનપણે સંચાલન કરી રહ્યા છે. અને તેઓ મહાન દયાળુ હોય છે. દેવતાઓ મનુષ્યો તરફ સુખશાંતિનો પ્રવાહ વહાવી રહ્યા છે. તેનો લાભ સદાચારી અને ધર્મનિષ્ઠ માણસને પ્રાપ્ત થાય છે. અતિશય વિશુદ્ધ વાતાવરણમાં પૂર્ણ શાંતિ સાથે એકાગ્રચિત્તથી દૃઢ શ્રદ્ધા-વિશ્વાસપૂર્વક ભક્તિપૂર્ણ હૃદયથી જ્યાં ષોડશોપચાર વિધિથી **મહાપૂજા થતી હોય ત્યાં સર્વ દેવો અને પ્રભુ પધારે છે એવો બ્રહ્મનિષ્ઠ સંતોનો પ્રત્યક્ષ અનુભવ છે."** આ પ્રમાણે કહીને સ. ગોપાલાનંદ સ્વામીએ પોતાની પૂજામાંથી શાલિગ્રામ તથા

મહાપૂજાનું પથરણું (પલટ) કાઢી આપ્યું. પછી બ્રહ્મચારીશ્રી વાસુદેવાનંદજી પાસે તુરત જ મહાપૂજા કરવાનો આરંભ કરાવ્યો. સ. ગોપાલાનંદ સ્વામીએ આપેલા શ્રીજી પ્રસાદીના તે શાલિગ્રામનું મહાપૂજામાં હમેશાં પૂજન થાય છે. પથરણું પ્રસાદીની વસ્તુઓના સંગ્રહસ્થાનમાં પધરાવેલ છે.

આ રીતે સ. ગોપાલાનંદ સ્વામીના આશીર્વચનથી સૌ સાધુ–સત્સંગીઓ ઘણા રાજી થયા. પછી તે સભામાં અક્ષરમૂર્તિ સ. ગુણાતીતાનંદ સ્વામીએ સર્વે સત્સંગીઓને મહાપૂજાનો મહિમા સમજાવી જૂનાગઢ મંદિરમાં મહાપૂજાઓ કરાવવાની આજ્ઞા કરી; તેથી રાધારમણદેવના દેશના આગેવાન ગણાતા અનેક સત્સંગીઓએ જૂનાગઢ મંદિરમાં મહાપૂજા કરાવવાનું શરૂ કર્યું. સ. ગુણાતીતાનંદ સ્વામી તથા અન્ય સંતોની પ્રેરણાથી જેણે જેણે જૂનાગઢમાં મહાપૂજાઓ કરાવેલી તે બધાનાં દુ:ખો, મુશ્કેલીઓ અને અનેક પ્રકારની પીડાઓ નાશ થયેલી તેના સેંકડો દાખલા છે.

શ્રીજી મહારાજના કૃપાપાત્ર સત્સંગી ઊના ગામના **નગરશેઠ ગણેશશેઠ** હતા. તેમના ભત્રીજા નગરશેઠ વલ્લભજી શેઠ જૂનાગઢ રાજ્યના બહુ જ માનીતા અને પ્રખ્યાત સત્સંગી હતા. ઊના મહાલનો બધો વહીવટ સરકાર વતી તેઓ કરતા. એક વખત શેઠશ્રીને રાજ્ય સાથે વ્યવહાર બાબત મોટો વાંધો પડ્યો. કેટલોક સમય ગયો છતાં તેનો કાંઇ ઉકેલ થયો નહિ. પછી શેઠ જૂનાગઢ આવ્યા સ. ગુણાતીતાનંદ સ્વામીને પોતાની ઇજ્જત–આબરૂ અને ધન–માલની હાનિ બાબત ઘણી વાતો કરી ત્યારે સ્વામીએ કહ્યું, "શેઠ, તમે કોઇ રીતે મુંઝાશો નહિ સ્વામિનારાયણ પ્રભુને સર્વોપરી સમજી ભજન કરો અને ચાર મહિના સુધી જૂનાગઢના મંદિરમાં મહાપૂજાઓ કરાવો. શ્રીજી કૃપાથી બધી હરકત નષ્ટ થઇ જશે." પછી શેઠે તરત જ જૂનાગઢ મંદિરમાં મહાપૂજા કરાવવાનો સંકલ્પ કર્યો; ત્યાં બન્યું પણ એવું કે, એ જ રાત્રિએ જૂનાગઢના નવાબ સાહેબે શેઠને યાદ કર્યા અને સવારે શેઠને માળિયા હતા ત્યાંથી બોલાવીને ઘણા આદર સાથે કેટલાક હક્કો લખી આપ્યા. અને અધિકારીઓ મારફત ઊનામાં શેઠનું ખૂબ સન્માન કર્યું. તેથી તેઓ યશ–આબરૂ સાથે સુખસંપત્તિ મેળવી ખૂબ શાંતિ પામ્યા.

સોરઠ વંથલીના સુપ્રસિદ્ધ પટેલ લક્ષ્મીદાસભાઇને એક વખત મુશ્કેલીના પ્રસંગે

સ. ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢમાં મહાપૂજાઓ કરાવવાનું કહેલું. તેથી તેઓ હરવખત મહાપૂજા કરાવતા. તેમના પુત્ર લાલ પટેલ તથા પૌત્ર પદમશી પટેલ પણ દર સાલ જૂનાગઢ મંદિરમાં ઘણી મહાપૂજાઓ કરાવતા.

પંચાળા દરબાર ઠાકોરશ્રી ઝીણાભાઈના પૌત્ર દ: દાજીભાઈ સ. ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી દરસાલ ચાતુર્માસની મહાપૂજાઓ કરાવતા. દરબાર દાજીભાઈને એક વખત જૂનાગઢ રાજ્ય તરફથી મોટી મુશ્કેલી આવેલી તેથી તેમણે સ. સ્વામી બાળમુકુંદદાસજી પાસે દુ:ખિત હૃદયે વાત કરી. ત્યારે સ્વામીએ કહ્યું "તમે જૂનાગઢ મંદિરમાં છ મહિના સુધી અખંડ મહાપૂજાઓ કરાવો તમારું દુ:ખ ચોક્કસ દૂર થઈ જશે." કારણ કે સ. ગોપાળાનંદ સ્વામીએ સંત હરિભક્તો આગળ અનેક વખત કહેલું કે "સત્સંગીઓનાં ભૂત–પ્રેત સંબંધી દુ:ખ ટાળવા જેમ સારંગપુરમાં હનુમાનજી પધરાવ્યા છે, તેમ અમે જૂનાગઢમાં મહાપૂજા શરૂ કરાવી છે. મહાપૂજાથી સર્વેદુ:ખની નિવૃત્તિ થશે" આવો ગોપાલાનંદ સ્વામીએ આશીર્વાદ આપેલો છે. જ્યાં મોટા પુરુષોના આશીર્વાદ હોય ત્યાં ભયંકર વિઘ્નો આવનારાં હોય તે પણ તત્કાળ નષ્ટ થઈ જાય" પછી દ. દાજીભાઈએ જૂનાગઢ મંદિરમાં છ મહિના સુધી મહાપૂજાઓ કરાવેલી તેથી તેઓની સર્વ મુશ્કેલીઓ દૂર થયેલી.

રાજકોટના પ્રતિષ્ઠિત સત્સંગી મિસ્ત્રી લખમણ ખેંગાર સરકારી બાંધકામ કરતા; રાજકોટમાં રેલનું જંકશન તથા ભીસરીનું મોટું તળાવ તેમના હસ્તક બંધાયું. તેમાં મોટા સાહેબ સાથે વાંધો પડયો તેમને ઘણી જ મુશ્કેલીઓ આવી. એ વખતે સ. સ્વામી બાલમુકુંદદાસજી રાજકોટ પધાર્યા. મિસ્ત્રીએ દુ:ખની વાત કરી ત્યારે સ્વામીએ હિંમત આપીને કહ્યું: " મિસ્ત્રી, તમે કોઈ પ્રકારની ચિંતા કરશો નહિ પણ જૂનાગઢ મંદિરમાં છ મહિના સુધી મહાપૂજાઓ કરાવો." મિસ્ત્રીએ મહાપૂજાઓ શરૂ કરી બે માસ મહાપૂજાઓ થઈ ત્યાં મોટા સાહેબની બદલી થઈ. તેમની જગ્યાએ જે સાહેબ આવ્યા તેમના દિલમાં શ્રીજીએ એવી પ્રેરણા કરી કે, મિસ્ત્રીના જે પૈસા રોક્યા હતા તે આપી દીધા એટલું જ નહિ પણ બીજા નાનાં મોટાં ૧૭ કામ લખમણ ખેંગારને આપ્યા. એક જ વર્ષમાં તેમને ઘણો મોટો લાભ રહ્યો તેથી સત્સંગમાં હજારો રૂપિયાની સેવા કરી.

હાલમાં પણ અનેક સત્સંગીઓના પત્રો આવે છે કે, જૂનાગઢ મંદિરની મહાપૂજા થી અમારી ઘણી મુશ્કેલીઓ દૂર થઇ છે. ત્યારે કેટલાક પોતાની પરિસ્થિતિનો ઉલ્લેખ કરીને જણાવે છે કે, આધિ, વ્યાધિ ઉપાધિ, રોગ, ક્લેશ અને વિઘ્નો નાશ પામી અમોને પરમ સુખ શાંતિ થઇ ગઇ છે. અને કેટલાક શ્રદ્ધાળુ સત્સંગીઓ તો ભારે રાજી થઈને મહાપૂજા બાબતની પરચા-ચમત્કાર જેવી વાતો પણ લખી જણાવે છે. **એક મહાપુજાના પુજન ના ૨-૦૦ બે રૂપિયા આપવાના હોય છે.**

આ પ્રમાણે મોટા સંતોએ જૂનાગઢ મંદિરની મહાપૂજાનું ઘણું જ મહત્ત્વ સમજાવ્યું છે. સ. સ્વામી મહાપુરુષદાસજી સ. સ્વામી નારાયણદાસજી સ. સ્વામી કૃષ્ણચરણદાસજી અને બ્રહ્મચારી ઈશાનંદજી સ્વામી પણ જયારે કોઇ સત્સંગીને દુઃખ અથવા અશાંતિ હોય ત્યારે જૂનાગઢની મહાપૂજા કરાવવાનું ક્હેતા અને સૌને સમજાવતા કે શિવપૂજન વિષ્ણુપૂજન, ગણપતિપૂજન, દેવીપૂજન, ગ્રહશાંતિ તથા મંત્રજાપ, એવાં અનેક પૂજન એક મહાપૂજન કરાવવાથી થઇ જાય છે. જે સ્થાનમાં શ્રીજીસ્થાપિત દેવો બિરાજે છે, અને જયાં સ. ગુણાતીતાનંદ સ્વામીએ ચાલીશ વર્ષ સુધી નીડરપણે શ્રીજી મહારાજનું સર્વોપરિપણું કહીને હજારો જીવાત્માઓને બ્રહ્મનિષ્ઠ સ્થિતિવાળા બનાવ્યા એ મોક્ષધામ જૂનાગઢ મંદિરની સમાન બીજું કોઇ સ્થાન થઇ શકે નહિ. એ મહામંદિરનાં દર્શન કરવાં, એની સેવા કરવી અને ત્યાં દાનપુણ્ય કરવું તે સર્વશ્રેષ્ઠ છે એમ આપણા સૌના પૂજય વડીલો હૃદયના સાચા ભાવથી ક્હેતા અને તેઓ જીવનભર એ પ્રમાણે કરતા રહ્યા હતા.

શ્રીજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદ

વિ. સં. ૧૮૮૪ના વૈશાખ વદ બીજના રોજ શ્રીજી મહારાજે જયારે જૂનાગઢ મંદિરમાં પોતાને હાથે મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી ત્યારે મહારાજે પોતે રાધારમણ આદિ દેવનાં દર્શન અને સેવાનો ખૂબ મહિમા કહીને સર્વ સત્સંગીઓને જૂનાગઢ મંદિરની સેવા કરવાની આજ્ઞા કરી હતી.

एतभूर्त्यग्रतो भक्त्या, करिष्यन्त्यत्र ये जपम्
पुरश्चर्यादिकं सर्व, सहस्त्राधिफलं हि तत् ॥

एकादशीप्रमुखानां, व्रतानां येऽत्र भक्तितः ।
उद्यापनं करिष्यन्ते, ते यास्यन्तीप्सितं फलम् ॥
एतद्द्वारा सदासेवां, स्वीकरिष्यामि सर्वथा.
एतासां सेवनं तस्माद्, भक्त्या कार्यं मदाश्रितै :
वस्त्रभूषाधनान्नाद्यैः सेविष्यिन्तेऽत्र ये जना :
एता यास्यन्ति ते सिद्धिर्चतुर्वर्गस्य निश्चितम्

શ્રીજી મહારાજ કહે છે કે, હે ભક્તજનો–આ જૂનાગઢના મંદિરમાં આ મૂર્તિઓની આગળ જે મનુષ્યો ભક્તિપૂર્વક જપ કરશે તથા વ્રત–તપ, યજ્ઞ, પૂજાપાઠ, કથા પુરશ્ચરણ વગેરે ધાર્મિક કાર્યો કરશે તે સર્વનું હજારગણું ફળ તેમને મળશે. જે મનુષ્યો આ મંદિરમાં એકાદશી, હરિનવમી, પુનમ વગેરે પોતે કરેલાં વાર્ષિક વ્રતોનું ઉદ્યાપન એટલે ઉજવણું કરાવશે તેમને ઇચ્છા પ્રમાણે ફળ મળશે. સર્વ પ્રકારે હમેશાં આ મૂર્તિઓ દ્વારા હું તમારી સેવા સ્વીકાર કરીશ; માટે અમારા આશ્રિતોએ ભક્તિભાવપૂર્વક આ મૂર્તિઓની સેવા કરવી. જે સત્સંગીઓ આ મંદિરમાં વસ્ત્રો, ઘરેણાં, અન્ન તથા ધન વગેરે વસ્તુઓથી આ મૂર્તિઓની સેવા કરશે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પ્રકારની સિદ્ધિને આવશ્ય પામશે.

સિદ્ધેશ્વર મહાદેવની માનતા

જૂનાગઢમાં મૂર્તિપ્રતિષ્ઠા વખતે શ્રીજી મહારાજે સિદ્ધેશ્વર મહાદેવ આગળ ઊભા રહીને કહ્યું હતું કે "હે મહાદેવજી ! તમે દયાળુ દેવ છો. માટે કોઇ સત્સંગીને કોઇ દીર્ઘ રોગ હોય અથવા સંસારસંબંધી કાંઇ દુઃખ, પીડા હોય તે તમે ટાળી નાખજો. અને જે ગૃહસ્થના ઘરમાં પુત્ર વગેરેની કાંઇ ખોટ ખામી હોય તે તમે પૂરી કરજો." આ રીતે શ્રીજીમહારાજની ઇચ્છાથી અને મોટા સંતોની પ્રેરણાથી જૂનાગઢમાં મંદિર થયું ત્યારથી જ સિદ્ધેશ્વર મહાદેવની માનતા ચાલે છે. અને તે પ્રમાણે ઘણા સત્સંગીઓને ઘેર પુત્ર થવાથી આનંદમંગળ સાથે સત્સંગીની વૃદ્ધિ તથા પુષ્ટિ થયેલી છે. જેને કોઇ ભયંકર રોગ કે કર્મપીડા હોય તેમણે દુઃખ ન મટે ત્યાં સુધી સોમવાર રહેવાનો નિયમ લઇને પોતાની શક્તિ અને શ્રદ્ધા પ્રમાણે ૨૫, ૫૧ અગર ૧૨૫ રૂપિયા સિદ્ધેશ્વર મહાદેવની માનતા માનવી અને ઠાકોરજીનો થાળ કરાવવો. .

લેખક : **શાસ્ત્રી ધર્મવલ્લભદાસજી**

પ્રકાશક : સ્વામી પ્રેમજીવનદાસજી

બ્રહ્મનિષ્ઠ સંતોના જીવન પ્રસંગોનું પુસ્તક છપાવવા આવેલ દાતાઓની યાદી

૧	એન્ડોલા (મમ્બીયા)	શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ હ. શ્રી. ચંદુલાલ
૨	વડોદરા	સોની ચંદુભાઈ ઓધવજીભાઈ હ. રંજનબેન
૩	વડોદરા	પોપટભાઈ ઠાકરશીભાઈ પટેલ
૪	વડોદરા	નર્મદા રમણલાલ ચૌહાણ (વઢવાણવાળા)
૫	વડોદરા	વિનોદભાઈ ગોરધનભાઈ પટેલ
૬	વડોદરા	જયંતિભાઈ ચુનીભાઈ પટેલ
૭	વડોદરા	બળવંતભાઈ રામજીભાઈ તલસાણીયા
૮	વડોદરા	પ્રેમચંદભાઈ ઠાકરસીભાઈ એન્ડ સન્સ સોની. હ. સૂર્યકાન્તભાઈ
૯	વડોદરા	અ. નિ. શંકરભાઈ ઠાકરશીભાઈ હ. સોની બાલકૃષ્ણભાઈ તથા નવિનભાઈ
૧૦	વડોદરા	રમેશભાઈ નાથાભાઈ પટેલ
૧૧	વડોદરા	રમેશભાઈ પરસોત્તમભાઈ પટેલ
૧૨	વડોદરા	પ્રભુદાસ શીવરામભાઈ પટેલ
૧૩	વડોદરા	ઘનશ્યામભાઈ અંબાલાલ તંબોળી
૧૪	વડોદરા	રૂડાભાઈ જેઠાભાઈ જેઠવા
૧૫	વડોદરા	શ્રી નગીનભાઈ ભાઈલાલ પટેલ
૧૬	વડોદરા	શ્રી મુળજીભાઈ હીરજીભાઈ પટેલ
૧૭	વડોદરા	કીશોરભાઈ ભગવાનદાસ પટેલ
૧૮	વડોદરા	ચોકસી કાંતિલાલ હરજીવનદાસ
૧૯	વડોદરા	એમ. એન. ભટ્ટી
૨૦	વડોદરા	ભગવતીપ્રસાદ મગનલાલ વૈદ્ય
૨૧	વડોદરા	વિનોદ છનાભાઈ પટેલ
૨૨	વડોદરા	ચુનીભાઈ ગોરધનભાઈ પટેલ
૨૩	વડોદરા	જશુભાઈ કાળીદાસ પટેલ
૨૪	વડોદરા	રશ્મીકાંત ભીખાભાઈ પટેલ
૨૫	વડોદરા	ઠાકોરલાલ જીવણલાલ દેસાઈના સ્મર્ણાર્થ.
૨૬	વડોદરા	પ્રમુખ ઓટો પાર્ટસ રાવપુરા
૨૭	વડોદરા	દિલીપભાઈ પ્રતાપભાઈ ઓઝા

૨૮	વડોદરા	શાહ હર્ષદભાઈ જેઠાભાઈ
૨૯	વડોદરા	મનુભાઈ કરસનભાઈ પટેલ
૩૦	વડોદરા	મનુભાઈ જીવરાજભાઈ પટેલ
૩૧	વડોદરા	શાંતિલાલ ભગવાનદાસ મસાલાવાળા
૩૨	વડોદરા	પ્રવિણચંદ્ર ત્રિકમરામ શુકલ
૩૩	વડોદરા	સોમાભાઈ ઈશ્વરભાઈ પટેલ
૩૪	વડોદરા	ચંદ્રવંદી ત્રિભોવનભાઈ
૩૫	વડોદરા	નટવરલાલ કાશીલાલ શાહ
૩૬	વડોદરા	શામળભાઈ ઈશ્વરભાઈ પટેલ
૩૭	સુરત	દયાળજીભાઈ ભગવાનદાસ
૩૮	ધંધુકા	અ.નિ.ચોકસી પરસોત્તમદાસ કાનજીભાઈ
૩૯	ધંધુકા	શાંતિલાલ કાનજી
૪૦	ધંધુકા	ચોકસી જેન્તીલાલ રતિલાલ
૪૧	ધંધુકા	મેરાઈ કલ્યાણજીભાઈ મોહનભાઈ
૪૨	ધોળકા	ડાહ્યાલાલ પ્રભુદાસ પટેલ
૪૩	ધોળકા	ચોકસી નંદલાલભાઈ
૪૪	ધોળકા	કીરીટભાઈ મુળજીભાઈ
૪૫	ભોળાદ	વાલજીભાઈ ભોળાદવાળા
૪૬	મોરબી	શ્રીજી મોઝેક ઈન્ડસ્ટ્રીઝ
૪૭	કુંભાજીની દેરડી	મધુસુદનભાઈ દેવશીભાઈ
૪૮	રાજકોટ	પટેલ નટબોલ્ટવળા બાબુભાઈ દેવજીભાઈ
૪૯	અમદાવાદ	શ્રી હીરાભાઈ જોતારામભાઈ ઉમા ટ્રાન્સપોર્ટવાળા
૫૦	અમદાવાદ	બળદેવ પ્રસાદ જગન્નાથ ત્રિવેદી
૫૧	જુનાગઢ	ગોહીલ ચંદ્રકાન્ત સુંદરજીભાઈ
૫૨	જુનાગઢ	અમૃતલાલ રવજીભાઈ ઓઝા
૫૩	જુનાગઢ	લીલાબેન ગિરધરલાલ
૫૪	જુનાગઢ	જયાબેન પ્રેમશંકર ત્રિવેદી
૫૫	જુનાગઢ	ધોળકીયા સાહેબ
૫૬	નાંગલપુર	જયંતિલાલ હરીભાઈ
૫૭	નાંગલપુર	અમૃતલાલ રમણીકલાલ ભાઈ
૫૮	તોરી	ધનજીભાઈ મોહનભાઈ
૫૯	પુના	ડાહ્યાભાઈ રવજીભાઈ મકવાણા

૬૦	પુના	ગંગદાસ રવજીભાઈ મકવાણા
૬૧	પુના	નાનજીભાઈ ભાયાભાઈ
૬૨	પુના	લાલજી ચુનીલાલ સોની
૬૩	પુના	જવાહર ભીમજીભાઈ ચૌહાણ
૬૪	મુંબઈ	ઝવેરી રાજેન્દ્રભાઈ ત્રિભોવનભાઈ
૬૫	મુંબઈ	હંસરાજ બીમજી
૬૬	મુંબઈ	ભકિતભાઈ નારાયણભાઈ
૬૭	મુંબઈ	ગોરધન સવજી
૬૮	મુંબઈ	ઉમરશીભાઈ મીઠાઈવાળા
૬૯	મુંબઈ	મોહન ધરમસિંહ
૭૦	મુંબઈ	રામજીભાઈ
૭૧	મુંબઈ	કરસનભાઈ પરષોત્તમભાઈ પંચાળાવાળા
૭૨	કરાડ	જીવરાજ ધરમશી
૭૩	કરાડ	ભવાન ધરમશી
૭૪	કરાડ	સંજય રેડીમેઈડ સ્ટોર્સ
૭૫	કરાડ	કલ્યાણજી ગંગદાસ
૭૬	કરાડ	મનસુખ પ્રેમજી
૭૭	કરાડ	પ્રેમજી ભાણજી
૭૮	કરાડ	કૃષ્ણ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ
૭૯	કરાડ	શામજી ધરમશી
૮૦	કોલ્હાપુર	મગનલાલ ભાણજી
૮૧	કોલ્હાપુર	દેવસી ખીમજી
૮૨	કોલ્હાપુર	હેમંત માધવજ ત્રાંબડીયા
૮૩	કોલ્હાપુર	વિકાસ ટ્રેડીગ કું.
૮૪	કોલ્હાપુર	મોહન જેરામ
૮૫	કોલ્હાપુર	મનુ દેવસી હ. જીવનભાઈ
૮૬	કોલ્હાપુર	ભગવાનજી નારણ
૮૭	કોલ્હાપુર	જેન્તી જીવરાજ
૮૮	કોલ્હાપુર	ગોકળ ગોરધન
૮૯	આંગલી	અમૃતલાલ ચૌહાણ
૯૦	આંગલી	નારાયણ વિશરામભાઈ પટેલ
૯૧	આંગલી	મે. ગોકુળ વિરજી
૯૨	આંગલી	રવજી નરશી ભાલોડીયા